ત્રીજી શ્રેણી)

પુસ્તકઃ ૧૬૪

બુધવાર, તા.૨૯મી ફેબ્રુઆરી ૨૦૧૨
ફાલ્ગુન ૧૦, ૧૯૩૩ શાકે

થી

સોમવાર, તા.૫ મી માર્ચ, ૨૦૧૨
ફાલ્ગુન ૧૫, ૧૯૩૩ શાકે

# ગુજરાત વિધાનસભા
# ચર્ચાઓ

## સત્તારવાર અહેવાલ
## બારમી ગુજરાત વિધાનસભા
## દશમું અધિવેશન

ગુજરાત વિધાનસભા અધિકાર હેઠળ પ્રકાશિત
ગુજરાત વિધાનસભા સચિવાલયચિવાલય
ગાંધીનગર

| વિષય | પાના નંબર | |
|---|---|---|
| **તા.૨૯મી ફેબ્રુઆરી ૨૦૧૨ / ફાલ્ગુન ૧૦, ૧૯૩૩ શાકે** | | |
| તારાંકિત પ્રશ્નો | ૧ | ૯ |
| અતારાંકિત પ્રશ્નો | ૧૦ | ૧૧૯ |
| શોકદર્શક ઉલ્લેખ | ૧૨૦ | ૧૨૦ |
| વિધાનસભાની સમિતિઓના અહેવાલની રજૂઆત | ૧૨૧ | ૧૨૨ |
| પોઇન્ટ ઓફ ઓર્ડર | ૧૨૩ | ૧૨૬ |
| ઔચિત્ય ભંગનો મુદ્દો ઉપસ્થિત કરવા અંગે | ૧૨૭ | ૧૨૯ |
| **તા.૧લી માર્ચ, ૨૦૧૨ / ફાલ્ગુન ૧૧, ૧૯૩૩ શાકે** | | |
| તારાંકિત પ્રશ્નો | ૧૩૦ | ૧૪૪ |
| અતારાંકિત પ્રશ્નો | ૧૪૫ | ૨૫૪ |
| બિન સરકારી વિધેયકો | ૨૫૫ | ૨૭૪ |
| **તા.૨જી માર્ચ, ૨૦૧૨ / ફાલ્ગુન ૧૨, ૧૯૩૩ શાકે** | | |
| તારાંકિત પ્રશ્નો | ૨૭૫ | ૨૮૮ |
| અતારાંકિત પ્રશ્નો | ૨૮૯ | ૩૮૮ |
| તાકીદની જાહેર અગત્યની બાબતપર ધ્યાન દોરવા બાબત (નિયમ - ૧૧૬) | ૩૮૯ | ૩૯૦ |
| સંસદીય બાબતોના મંત્રીશ્રીનો પ્રસ્તાવ | ૩૯૧ | ૩૯૧ |
| વિધાનસભાની સમિતિના અહેવાલની રજૂઆત | ૩૯૨ | ૩૯૨ |
| પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ) | ૩૯૩ | ૩૯૮ |
| પોઇન્ટ ઓફ ઓર્ડર | ૩૯૯ | ૪૦૦ |
| પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ) | ૪૦૧ | ૪૦૪ |
| પોઇન્ટ ઓફ ઓર્ડર | ૪૦૫ | ૪૦૫ |
| પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ) | ૪૦૬ | ૪૦૬ |
| પોઇન્ટ ઓફ ઓર્ડર | ૪૦૭ | ૪૦૭ |
| પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ) | ૪૦૮ | ૪૧૪ |
| પોઇન્ટ ઓફ ઓર્ડર | ૪૧૫ | ૪૧૫ |
| પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ) | ૪૧૬ | ૪૨૪ |

# અ નુ ક્ર મ ણિ કા

તા.૫ મી માર્ચ, ૨૦૧૨ / ફાલ્ગુન ૧૫, ૧૯૩૩ શાકે


| વિષય | પાના નંબર | |
|---|---|---|
| તારાંકિત પ્રશ્નો | ૪૨૫ | ૪૩૮ |
| અતારાંકિત પ્રશ્નો | ૪૩૯ | ૫૩૭ |
| પોઇન્ટ ઓફ ઓર્ડર | ૫૩૮ | ૫૪૧ |
| પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો અને છેલ્લો દિવસ) | ૫૪૨ | ૫૬૩ |
| ગિલોટીન થયેલ પૂરક માગણીઓ | ૫૬૪ | ૫૬૪ |

**ગુજરાત વિધાનસભા**
**બુધવાર, તા.૨૯મી ફેબ્રુઆરી ૨૦૧૨**
**ફાલ્ગુન ૧૦, ૧૯૩૩ શાકે**
**સભાગૃહ બપોરના ૧૨.૦૦ વાગ્યે મળ્યું**
**અધ્યક્ષશ્રી ગણપતભાઇ વસાવા અધ્યક્ષસ્થાને**

# તારાંકિત પ્રશ્નો

## વલસાડ જિલ્લામાં ફળઝાડ વાવેતર લાભાર્થીઓને સહાય

* **૨૪૦૨૮ શ્રી મેઘજીભાઇ ડા. કણઝારીયા** (ખંભાલીઆ) : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

(૧) વર્ષ ૨૦૧૧ માં વલસાડ જિલ્લામાં ફળઝાડ વાવેતર માટે કુલ કેટલા લાભાર્થીઓને સહાય આપવામાં આવી, અને

(૨) આ સહાય પેટે કુલ કેટલી રકમ ચૂકવવામાં આવી ?

**કૃષિ મંત્રીશ્રીઃ**

(૧) ૩૫૪૫ લાભાર્થી.

(૨) ૧૨૦.૫૫ લાખ.

શ્રી મેઘજીભાઇ ડા. કણઝારીયા : માનનીય અધ્યક્ષશ્રી, કેન્દ્ર સરકારની હોર્ટીકલ્ચર મિશન હેઠળ કયા જિલ્લાઓને આવરી લેવામાં આવેલ છે અને કયા જિલ્લાઓ બાકી છે? ગુજરાતમાં હોર્ટીકલ્ચર મિશન યોજના હેઠળ બાકી રહેલા જિલ્લાઓને કેન્દ્રના ધોરણે સહાય કરવાનું શું આયોજન કરેલ છે. સમગ્ર દેશમાં કેન્દ્ર સરકારની નેશનલ હોર્ટીકલ્ચર મિશન યોજના હેઠળ સમગ્ર રાજ્યમાં અમલી હોય તેવા કેટલા રાજ્યો છે?

શ્રી દિલીપભાઇ ન. સંઘાણી : માનનીય અધ્યક્ષશ્રી, કેન્દ્ર સરકારના હોર્ટીકલ્ચર મિશન દ્વારા ગુજરાતમાં શરૂઆતમાં ૧૦ જિલ્લાઓ આવરી લેવાયેલ ૧૧ જિલ્લાઓ થયા. ૨૦૦૫–૦૬માં જિલ્લાઓના વિભાજન થયા પછી તેમાં તાપી જિલ્લાનો વધારો થયો. એ પછી સમગ્ર રાજ્ય હોર્ટીકલ્ચર મિશન લાગુ કરવું જોઇએ એવી માંગ થતાં ૨૦૦૬–૦૭માં બનાસકાંઠા અને કચ્છ જિલ્લાઓને એમાં આવરી લીધા. એનાથી પણ રાજ્ય સરકારને સંતોષ ન થતાં કેન્દ્ર સરકારમાં વારંવાર રજૂઆત કરવાથી ૨૦૦૮–૦૯માં અમદાવાદ, ખેડા અને ભરૂચ જિલ્લાઓને આવરી લીધા. જયારે દેશમાં અન્ય રાજ્યોમાં મહારાષ્ટ્ર, કર્ણાટક, કેરળ, ગોવા અને અન્ય રાજ્યોમાં ૧૦૦ ટકા આખા રાજ્યોને આવરી લીધા છે અને આપણા રાજ્યના ૧૩ જિલ્લાઓને આવરી લીધા છે. આ સંજોગોને ધ્યાનમાં રાખીને ખેડૂતલક્ષી સરકારે આખા રાજ્યને કેન્દ્ર સરકારની હોર્ટીકલ્ચર મિશન યોજના હેઠળ જે લાભ આપવામાં આવે છે એ જ પ્રમાણેના લાભ અને સવલતો આપવાનો રાજ્ય સરકારે ગઇ વખતે નિર્ણય લીધો છે. રાજકોટ, જામનગર, પંચમહાલ, નર્મદા અને બાકી રહેલા તમામ જિલ્લાઓને રાજ્ય સરકારે પોતાના બજેટમાંથી આવરી લીધા છે.

શ્રી નરેશભાઇ મ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, તમામ જિલ્લાઓને કેન્દ્ર સરકારે હોર્ટીકલ્ચર યોજના હેઠળ આવરી લેવા જોઇએ તેમ છતાં આવરી ન લીધા અને રાજ્ય સરકારે દરેક જિલ્લાને આવરી લીધા છે એ બદલ રાજ્ય સરકારને અભિનંદન આપું છું. આપના મારફત મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે, દરેક જિલ્લાઓને આવરી લેવા માટે વખતો વખત કરેલ રજૂઆતની વિગતો શું છે? બીજો પ્રશ્ન – રાજ્યમાં દાહોદ, પંચમહાલ અને ડાંગ જિલ્લામાં કેન્દ્ર સરકારે અને રાજ્ય સરકાર દ્વારા ફળઝાડ વાવેતર યોજના હેઠળ કેટલા લોકોને કેટલી સહાય ચૂકવવામાં આવી છે?

શ્રી દિલીપભાઇ ન. સંઘાણી : માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકારે ૨૦૦૬–૦૭ માં માત્ર ૧૧ જિલ્લાઓનો સમાવેશ કર્યો ત્યારે કેન્દ્ર સરકારે આખા રાજયને આવરી લેવા માટે રજૂઆત કરેલ. ૨૦૦૭–૦૮ અને ૨૦૦૮–૦૯ અને ૨૦૦૯–૧૦માં રાજય સરકારે આખા રાજયની યોજના બનાવીને સહાય આપવાનો નિર્ણય કર્યો. માનનીય સભ્યશ્રીએ જે પ્રશ્ન પૂછયો એ મારા આદિવાસી જિલ્લા દાહોદ, પંચમહાલ અને ડાંગમાં ફળ ઝાડ માટે રાજય સરકારને કેન્દ્ર સરકારની યોજનાનો લાભ મળ્યો નથી. રાજય સરકારે આ યોજના હેઠળ ડાંગ જિલ્લામાં રૂ. ૪૧.૧૫ લાખ અને લાભાર્થીઓની સંખ્યા ૧૬૨૦ કેન્દ્ર સરકારની સહાય– શૂન્ય, લાભાર્થીઓની સંખ્યા– શૂન્ય.દાહોદ જિલ્લામાં રાજય સરકારની યોજનામાંથી ૫.૧૧ લાખ રુપિયા, લાભાર્થીની સંખ્યા ૨૨, કેન્દ્ર સરકારની યોજનામાંથી ૦, લાભાર્થીની સંખ્યા ૦, પંચમહાલ જિલ્લામાંથી રાજય સરકારની યોજનામાંથી ૨૦ લાખ જયારે લાભાર્થીની સંખ્યા ૫૩૬ કેન્દ્ર સરકારની યોજનામાંથી લાભાર્થીની સંખ્યા ૦, રકમની સહાય ૦.

શ્રી શક્તિસિંહ હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, પ્રશ્ન વલસાડ જિલ્લાનો છે. આપે તમામ જિલ્લાઓને આવરી લેવા આને રાજય સ્તરનો પ્રશ્ન લઇ ગયા આપ, કારણ કે આપને અનુકૂળતા હતી. માનનીય અધ્યક્ષશ્રી, હું એ જાણવા માગુ છું કે માનનીય મંત્રીશ્રી એ જણાવશે કે ભૂતકાળમાં આપ કહો છો કે કેન્દ્ર સરકારે આમ કર્યુ, કેન્દ્ર સરકારે આમ કર્યુ જે ના કહી શકાય, તો મારે એ જાણવું છે કે આપના અહીંથી ચૂંટાયેલા વ્યકિત નાયબ વડાપ્રધાન હતા ત્યારે આ યોજનામાં કેટલા પૈસા કેન્દ્રમાંથી મોકલ્યા?.. .અંતરાય .. યોજના જ નહોતી બનાવી તમે.

શ્રી દિલીપભાઇ ન. સંઘાણી : માનનીય અધ્યક્ષશ્રી, પ્રશ્ન નામંજૂર કરવો જોઇએ કારણ કે લાગુ પડતો નથી.

## સાબરકાંઠા જિલ્લામાં ટોરડા–કુશાલપુરા–ભાણમેર રસ્તો રીપેર કરવા બાબત

* **૨૫૦૯૫ ડો. અનિલ જોષીયારા(ભીલોડા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કેઃ–

૧. તાઃ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સાબરકાંઠા જિલ્લાના ભીલોડા તાલુકાના આદિવાસી વિસ્તારનો ટોરડા–કુશાલપુરા–ભાણમેર–ઝાંઝરીનો એમ.ડી.આર. રસ્તો જે બે રાજયોને જોડતો લીંક રસ્તો છે તે રીપેર કરવા ફરીયાદો મળી,
૨. આ રસ્તો ડામર ન કરવાના કારણો શા છે અને
૩. હવે કયાં સુધીમાં રસ્તો રીપેર થશે?

**માર્ગ અને મકાન મંત્રીશ્રી ઃ**

(૧), (૨) અને (૩) હા, જી. જરૂરિયાત મુજબનું સમારકામ કરી રસ્તો વાહન વ્યવહાર યોગ્ય રાખવામાં આવેલ છે તથા નાણાકીય ઉપલબ્ધતા અનુસાર ડામરકામ હાથ ધરવામાં આવશે.

ડો. અનિલ જોષીયારા : માનનીય અધ્યક્ષશ્રી, મારા ભીલોડા તાલુકાનું આ બે રાજયો વચ્ચેનો જોડતો અને ૬ આદિવાસી ગામો વચ્ચે પસાર થતો મુખ્ય મેજર ડીસ્ટ્રીક રસ્તો છે. ગઇ વિધાનસભાથી આ રસ્તાને ડામર કરવા માટે રજૂઆત કરુ છું. હવે એ રસ્તો એની હાલત એટલી બધી ખરાબ થઇ ગઇ છે કે એના ખાડા જ નહીં પરંતુ એની સાઇડો પણ તૂટી ગઇ છે. અઢી મીટર જેટલો રસ્તો પણ રહયો નથી. હવે પરિસ્થિતિ એ થાય છે કે સાહેબ પેલી બાજુ સામેની સાઇડે રાજસ્થાનમાં દસ મીટર પહોળો છે અને આ સાઇડે સાવ તૂટેલો છે. એટલે રાજસ્થાનમાંથી લોકો જયારે ગુજરાતમાં આવે છે ત્યારે કહે કે હવે તો ગુજરાતમાં આવી ગયા એમ ખબર પડે છે કારણ કે હાલત એવી છે. મારે એ જાણવું છે કે મુખ્યમંત્રીશ્રી દર વખત જાહેરાત કરે છે કે આદિવાસી વિસ્તારના ફળિયે ફળિયે પાકા રસ્તાઓ થઇ જશે ત્યારે મારે ગયા વખતના પ્રભારી મંત્રીને પણ મેં રજૂઆત કરી હતી. ગયા વખતના જે પણ અધિકારીઓ છે એ બધાને મેં રજૂઆત કરી છે. છતાં પણ આ રસ્તો ન થવાના કારણો શું છે, આ ફકત આદિવાસી વિસ્તારનો રસ્તો છે એટલે નથી કરતા કે પછી એમને

પૈસા નથી, આદિવાસી વિસ્તારનો રસ્તો કરવા માટે પૈસા નથી કે શું મુશ્કેલી છે મારે એટલું જાણવું છે અને જો કદાચ તમે પૈસા હોય તો ટાઇમ લિમિટ આપવા માગો છો કે કેમ એટલું મારે જાણવું છે.

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતનો વિકાસ સમગ્ર દેશ નહીં પણ દુનિયાએ જોયો છે. તમે કહો છો.. અંતરાય .. તમે કહો છો અમારા આદરણીય મુખ્યમંત્રીશ્રીની વાત અને અમારા આદરણીય મુખ્યમંત્રીશ્રી જે કહે છે એ કરીને બતાવે છે. આદરણીય અધ્યક્ષશ્રી, આ ગુજરાતની અંદર જે રસ્તાઓની પરિસ્થિતિ છે, આજે એમના જિલ્લાની અંદર એમણે આ રસ્તાની વાત કરી છે આ રસ્તા ઉપર વાહન વ્યહવાર થાય એવી પરિસ્થિતિ છે અને આવવા જવામાં કોઇ મુશ્કેલી આ રસ્તા ઉપર પડતી નથી. આદરણીય અધ્યક્ષશ્રી માનનીય સભ્યશ્રીને જો આ રસ્તા માટે એટલી બધી ચિંતા હતી તો એસ.આર.ની અંદર જે ગ્રાન્ટ રાજય સરકાર આપે છે એમાં પ્રાયોરીટીમાં આ રસ્તો કેમ ના આપ્યો? આ તો અમારી રાજય સરકારની પાસે તમામ માહિતીઓ છે અને અમારી માહિતીઓના આધારે અમે આ રસ્તાને પણ દુરસ્ત કર્યો છે અને લગભગ સાડા પાંચ લાખ રુપીયાના ખર્ચે આ રસ્તો ઉપર અવરજવર થાય એવી પરિસ્થિતિ છે.

ડો. અનિલ જોષીયારા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ વાત કરી પણ હું સાહેબ ત્યાં એકસ.સી.એનને પણ લઇ ગયો છું ત્યાં એસ.ઇ પણ આવ્યા છે એમણે સ્થળની પરિસ્થિતિ જોઇ છે અને એમણે કહ્યું છે કે હવે વધારે રીપેરેબલ આ રસ્તો છે જ નહીં. ત્યાં હવે ડામર કરવો પડે એવો છે. કારણ કે ત્યાંની પરિસ્થિતિ એવી છે. આજે ત્યાં ભારે સાધન જઇ શકે નહીં એવી મુશ્કેલી છે. એમને નહીં ખબર હોય સ્થળ ઉપર આવો તો ખબર પડે એવી છે. તમે જે વાત કરો છો પણ રજૂઆત કરવામાં સાહેબ મેં કયાંય કચાશ રાખી નથી. આની રજૂઆત તમે જૂઓ મારી પાસે થોકડો છે, આટલી રજૂઆત મેં કરી છે. પણ છતાં સરકાર કેમ ધ્યાન નથી આપતી એ મને ખબર પડતી નથી. મને તો એમ લાગે છે કે આદિવાસી વિસ્તારનો રસ્તો છે એટલે સરકારને કોઇ રસ નથી એમ મને લાગે છે.

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર : આદરણીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે વાત કરી હું એકસસીએનને સાથે લઇને ગયો પણ સરકારમાંથી પણ સૂચના હતી કે તમે ધારાસભ્યશ્રીને સાથે લઇને જાવ. આ સરકારને ગરીબ વ્યકિતની આદિવાસીની, છેવાડાના વિસ્તારના વિકાસની ચિંતા કરે છે એટલે સરકારે અધિકારીઓને સૂચના આપી અને અમારા અધિક્ષક ઇજનેરશ્રી માનનીય ધારાસભ્યશ્રીને સાથે લઇને આ રસ્તાઓ ઉપર ગયા, આ રસ્તાઓ ઉપર જે પેચવર્ક કરવાના હતા માનનીય ધારાસભ્યશ્રીએ જે વાત કરી એ પ્રમાણે પેચવર્ક કર્યા છે. આંતરિક રસ્તાઓ ડામર કરવા માટે નાણાકીય ઉપલબ્ધતાને ધ્યાનમાં રાખીને આ રસ્તાઓનું જે કરવાનું હશે એ અમારી સરકાર કરશે.

**શ્રી અશ્વિન કોટવાલ** : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે આ સરકાર વનબંધુની વાત ખાલી કાગળ ઉપર કરતી હોય એવું મને લાગે છે. ટ્રાયબલ વિસ્તારમાં જોઇએ અને એમાં પણ રસ્તાઓની પરિસ્થિત જોઇએ ત્યારે ખબર પડે કે કેવા રસ્તાઓ છે. આ રસ્તા માટે ડો.અનિલભાઇ જોષીયારા છેલ્લા ત્રણ−ત્રણ વર્ષથી રજૂઆત કરી રહ્યા છે. ત્રણ વર્ષથી આ રસ્તાને ડામર કામ કરવામાં આવ્યું નથી. એમણે જવાબમાં જણાવ્યું છે કે નાણા ઉપલબ્ધ થશે ત્યારે કામ કરવામાં આવશે. તો વનબંધુ કલ્યાણ યોજનાના તમે ૧૫ હજાર કરોડના પેકેજની વાત કરતા હોય તો કોઇપણ પેકેજની અંદર આ નાણા ઉપલબ્ધ કરવા માગો છો કે કેમ?

**શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર** : આ પ્રશ્ન ફકત એક રસ્તા માટે છે. પણ માનનીય સભ્યશ્રીએ જે વાત કરી, ગરીબ આદિવાસી સમાજની વાત કરી એટલે મારી પાસે જે વિગતો ઉપલબ્ધ છે એના આધારે આ સન્માનનીય ગૃહને માહિતી આપવા માગું છું. જ્યારે આ દેશમાં આદરણીય અટલ બિહારી બાજપાઇજીનું નેતૃત્ત્વ હતું અને અટલ બિહારી બાજપાઇજીનું સ્વપ્ન હતું કે છેવાડાના વ્યકિતને પાકો ડામરનો રસ્તો મળે. (અંતરાય) સાંભળો તો ખરા, આદરણીય અટલ બિહારી બાજપાઇજીનું સ્વપ્ન હતું એને ધ્યાનમાં રાખીને એમણે આ દેશમાં પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજનાની શરૂઆત કરી હતી. એનો લાભ આખા દેશે લીધો છે. હું અને તમે એના સાક્ષી છીએ. આ સન્માનનીય ગૃહના તમામ સભ્યશ્રીઓ એના સાક્ષી છે. મારે દુઃખ સાથે કહેવું પડે છે કે જ્યારે આપણા ગુજરાતની અંદરથી ૫૦૦ની વસતિવાળા રસ્તા, માનનીય સભ્યશ્રીએ ૨૫૦

ની વસતિવાળા રસ્તાની વાત કરી પણ ૫૦૦ ની વસતિવાળા રસ્તાઓ માટે કેન્દ્ર સરકારે પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજનામાં યુ.પી.એ. સરકારે હાથ ઊંચા કરી દીધા અને ગ્રાન્ટ નહીં આપવાની વાત કરી. (અંતરાય) આપણે પ્રશ્ન ઉપસ્થિત કરીએ તો સાંભળવા તૈયારી રાખવી પડે. હું તો વિરોધ પક્ષના નેતાશ્રી ગોહિલને કહું છું કે આ પ્રશ્ન ઉપસ્થિત થયો એટલે કહ્યું છે. જો પ્રશ્ન ઉપસ્થિત ન કર્યો હોત તો ન કહેતો.

**અધ્યક્ષશ્રી** : સભ્ય તરફ ધ્યાન આપ્યા વગર આ તરફ ધ્યાન આપીને કહો.

**શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર** : આદરણીય અટલજીનું સ્વપ્ન હતું તેમ છતાં પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજનામાં આપણી અનેક દરખાસ્તો દિલ્હીમાં પડી છે. જો તમને એટલી બધી ચિંતા હોય તો દિલ્હી જઇને દરખાસ્ત મંજૂર કરાવી આવો તો અમે તરત જ રસ્તાઓ કરવા તૈયાર છીએ. ભલે કેન્દ્ર સરકારે અમારા ગુજરાતને અન્યાય કર્યો પણ અમે ગરીબ આદિવાસી, છેવાડાના વ્યક્તિઓને અમે અન્યાય કરવા માગતા નથી અને એના માટે અમારી રાજ્ય સરકાર...(અંતરાય)

**અધ્યક્ષશ્રી** : જવાબ ઉપર આવી જાઓ. આ પ્રશ્નોત્તરી છે.

**શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર** : આ સભાગૃહના ધ્યાન ઉપર મૂકવા માગું છું કે, પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજનામાં ઓરિસ્સાને ૧૦૨૭૩.૭૧ કરોડ, યુ.પી.ને ૧૦૧૦૬.૩૬ કરોડ, મહારાષ્ટ્રને ૫૪૨૩.૯૩ કરોડ, આંધ્રપ્રદેશને ૪૨૯૩.૨૮ કરોડ અને ગુજરાતને કેટલા આપ્યા? ગુજરાતને માત્ર અને માત્ર ૧૪૨૩ કરોડ રૂપિયા આપ્યા. ગુજરાતની ચિંતા હતી, છેવાડાના વ્યક્તિની ચિંતા હતી તો તમારી કેન્દ્રની સરકારમાં જઇને હજી પણ મંજૂરી લઇ આવો તો અમે કામ કરવા તૈયાર છીએ.

## વલસાડ જિલ્લામાં કિસાનપથ યોજનામાં મંજૂર થયેલા રસ્તા

***૨૪૦૫૩ શ્રી રમણલાલ ના. પાટકર(ઉમરગામ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,–

(૧) તા. ૩૧–૧૨–૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વલસાડ જિલ્લામાં કિસાનપથ યોજના હેઠળ કેટલા રસ્તા, કેટલી રકમના મંજૂર કર્યા, અને

(૨) તે કામો ઉક્ત સ્થિતિએ ક્યા તબક્કે છે?

**માર્ગ અને મકાન મંત્રીશ્રી :**

(૧) ૧૬ રસ્તા, રૂ. ૭૨૭ લાખના મંજૂર કરવામાં આવ્યા.

(૨) તમામ કામો પ્રગતિમાં.

**શ્રી રમણલાલ ના. પાટકર :** માનનીય અધ્યક્ષશ્રી, મારા પ્રશ્નમાં વલસાડ જિલ્લામાં કિસાનપથ યોજના હેઠળ કેટલા રસ્તા, કેટલી રકમના મંજૂર કર્યા એના જવાબમાં ૧૬ રસ્તા બતાવ્યા છે તો એ ૧૬ રસ્તાઓ કયા કયા છે એ હું જાણવા માગું છું.બીજો મારો પ્રશ્ન એ છે કે, જે રસ્તાઓ મંજૂર કરવામાં આવ્યા છે. કિસાનપથ યોજના હેઠળ જિલ્લા પંચાયતના કે સ્ટેટ ગવર્નમેન્ટના કયા રસ્તાને કેટેગરી દ્વારા કિસાનપથ યોજનામાં મૂકવામાં આવેલ છે એ મારે જાણવું છે.

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર : આદરણીય અધ્યક્ષજી, માનનીય સભ્યશ્રીએ જે વાત કરી ૧૬ રસ્તાઓની એ વલસાડ જિલ્લાના કિસાનપથ યોજના હેઠળ મંજૂર કરવામાં આવ્યા છે. સોનવાડા મોરારજીરોડ વલસાડનો, ઘડોઇ સોસાયટી રોડ તાલુકો વલસાડ, કાંજણરણછોડ મુખ્ય રસ્તાથી ભેંકલા ફળિયારોડ તાલુકો વલસાડ, વાઘલધરા વારી અરવાડારોડા તાલુકો વલસાડ, મહે અટાર દિવેદ રોડ તાલુકો વલસાડ, કરંજવેરી કાંગવી લુહારી રોડ તાલુકો ધરમપુર, નાની તંબાડી એહી ફ.જોઈનીંગ ચીભડ કચ્છ રોડ તાલુકો પરડી, ચંડોર ભંડારવાડ રોડ, તાલુકો પારડી, નેવરી ડેહલી રોડ તાલુકો પારડી, અરનાલા સામરપાડા રોડ તાલુકો પારડી, કવાલ એપ્રોચ રોડ જોઈનીંગ મોટાપોંઢા રોડ તાલુકો પારડી, પારડી સુખલાવ રોડ તાલુકો પારડી, પારડી પરીયા કરવડ ચીભડકચ્છ રોડ તાલુકો પારડી, ડુમલાવ વલેજ રોડ તાલુકો પારડી, મેંઘવાળ એપ્રોચ રોડ તાલુકો કપરાડા, ખતલવાડા માંડા રોડ તાલુકો ઉમરગામ આ જે રસ્તાઓ છે એ રસ્તાઓ મંજૂર કરવામાં આવ્યા છે. આદરણીય અધ્યક્ષજી, આ કિસાનપથ યોજના અમલમાં મૂકી છે એમાં

ગ્રામ્ય વિસ્તારને લાભ મળે એને ધ્યાનમાં રાખીને પંચાયતના જે રસ્તાઓ છે એનો કિસાનપથ યોજના હેઠળ સમાવેશ કરવામાં આવેલ છે.

શ્રી નરેશભાઇ મ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રીને મારે એ પૂછવું છે કે કિસાનપથ યોજના રાજ્ય સરકારની યોજના છે એનાથી શું ફાયદા છે? અને વલસાડ જિલ્લાને એનાથી શું ફાયદો થયો?

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર : આદરણીય અધ્યક્ષજી, આદરણીય મુખ્યમંત્રીશ્રીએ રાજ્યના ગ્રામીણ વિસ્તારના છેવાડાના ગરીબ, આદિવાસી વિસ્તારનો સર્વાંગી વિકાસ કરવા, ગ્રામીણ અર્થકારણને ગતિ આપવા નવી દીશા ચીંધેલ છે. આ માટે ગામોને જોડતા એપ્રોચ રોડ તથા ગ્રામીણ વિસ્તારના ખેતપેદાશનું વહન, આરોગ્ય તેમજ શૈક્ષણિક, સામાજિક જરૂરિયાતો અને રસ્તાઓનું માળખું સુદઢ કરવાનું મોટાપાયે આયોજન કરવામાં આવેલ છ. ગ્રામીણ રસ્તાની આધુનિકતા અને વિકાસ માટે કિસાનપથ યોજના અંતર્ગત કામો હાથ ધરવામાં આવેલ છે. આદરણીય અધ્યક્ષજી, વલસાડ જિલ્લાની અંદર આ કિસાનપથ યોજના અમલમાં આવ્યા પછી લગભગ ૭૪ રસ્તાઓની સુધારણા માટે ૩૧૨.૫ કિ.મી. લંબાઇના ૪૦.૫૬ કરોડની રકમના કામો મંજૂર થતા ૧૧૮ ગામોને લાભા થશે. તે પૈકી રસ્તાઓની સુધારણા ૨૬૮. ૨૦ કિ.મી. લંબાઇના રૂ.૨૯.૯૦ કરોડની રકમના કામો પૂર્ણ થતા ૯૫ ગામોને લાભ થશે. જ્યારે બાકી રહેલ ૧૭ કામો હાલ પ્રગતિ હેઠળ છે. કિસાનપથ યોજના હેઠળ વલસાડ જિલ્લામાં છેલ્લા ૩ વર્ષમાં રૂ.૨૪૪૫ લાખની કિંમતના ૧૪૩.૩૦ કિ.મી. લંબાઇના ૪૨ રસ્તાના કામો મંજૂર કરવામાં આવેલ છે જેમાંથી ૧૯૭૩.૫૦ લાખની રકમના ૧૨૦.૮૦ કિ.મી. લંબાઇના ૩૧ રસ્તાના કામો પૂર્ણ કરવામાં આવેલ છે. જ્યારે રૂ.૪૭૨ લાખની રકમના ૨૫.૩૦ કિ.મી. લંબાઇના ૧૧ રસ્તાના કામો  પ્રગતિ હેઠળ છે આ કામોની સમય મર્યાદા જે છે એ સમય મર્યાદામાં બાકીના કામો પૂર્ણ કરવાનું રાજ્ય સરકારનું આયોજન છે.

**ભરૂચ જિલ્લાના જંબુસર તાલુકામાં સ્થળાંતર કરેલ માછીમારો**

*** ૨૪૯૩૫ શ્રી કિરણકુમાર લ. મકવાણા**(જંબુસર) : **માનનીય મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

તા.૩૧–૧–૨૦૧૨ની સ્થિતિએ ભરૂચ જિલ્લાના જંબુસર તાલુકામાં સ્થળાંતર કરી ગયેલ માછીમારોના પુન: વસવાટ માટે સરકારે શા પગલાં લીધાં છે ?

**મત્સ્યોદ્યોગ મંત્રીશ્રીઃ**

કોઈ માછીમાર સ્થળાંતર કરી ગયેલ નહીં હોઈ તેમના પુન: વસવાટ માટે પગલાં લેવાનો પ્રશ્ન રહેતો નથી.

શ્રી કિરણકુમાર લ. મકવાણા : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગુ છું કે, એમણે જે જવાબ આપ્યો છે કોઇ માછીમારભાઇ સ્થળાંતર કરી ગયેલ નથી. માનનીય અધ્યક્ષશ્રી, મારી પાસે ગ્રામપંચાયતના પુરાવા છે. આ સ્થળાંતર ક્યા કારણસર કરેલ છે તેની તપાસ થવી જોઇએ અને ફરીથી પોતાના વતનમાં માછીમારોને વસવાટ કરાવી રોજી માટેની કોઇ તક ઊભી કરવા માગો છો કે નહિ? અને બીજો પ્રશ્ન, જીટીપીએલ ગંદા પાણીની કેનાલ છે એનું પ્રદૂષિત પાણી અને ઝેરી કેમિકલવાળું પાણી છે એ દરિયામાં છોડવામાં આવે છે એટલે એનાથી અસંખ્ય માછલીઓ મૃત થયેલ છે એની અગાઉ પણ મેં જાણ કરેલ છે એની સામે કોઇ તપાસ થઇ છે કે કેમ?

શ્રી દિલીપભાઇ  સંઘાણી : માનનીય અધ્યક્ષશ્રી, મેં આપેલો જવાબ, એક પણ પરિવાર કાયમી સ્થળાંતર કરી ગયું નથી, એ વાજબી છે. જે કોઇ પુરાવા મને ગામના નામ આપશે, હું ફરીવાર ચોક્કસ તપાસ કરાવીશ. જે ગંદા પાણીનો સવાલ છે એ આને લાગુ પડતું નથી એની અલગથી નોટિસ આપવી પડશે. નહીં સ્થળાંતર કરવાના કારણોમાં રાજ્ય સરકાર તરફથી લગભગ આ ૮૨ ગામોમાંથી ૧૪ ગામોને મત્સ્યદ્યોગ માટે રાજ્ય સરકારની વિવિધ યોજનાઓ તળે જે સહાય અને મદદ કરવામાં આવે છે અને રોજગારી પૂરતી મળે છે. રોજગારીનો સમય ચોમાસાના દિવસોમાં જ્યારે ન હોય ત્યારે રોજગારી કમાવવા માટે ટેમ્પરરી કયાંય જતા

હોય તો પોતાના સ્થાન ઉપર પાછા આવી જાય છે. આવી યોજનાઓમાં જંબુસર તાલુકામાં વસતા માછીમારોને ૨૦૦૯, ૨૦૧૧-૧૨માં લગભગ ૧૬૪ અગરિયા માછીમારોને ૬ લાખ,૨૯ હજાર કરતાં વધારે સહાય આપી, ખારલેન્ડની જમીન માટે તાલીમ આપીને ૨૦૧૦-૧૧ અને ૨૦૧૧માં લગભગ ૧૪૩ માછીમારોને તાલીમ આપી અને ૧ કરોડ કરતાં વધારાનું સ્ટાઇપેન્ડ ચૂકવવામાં આવ્યું છે. ભાંભરા પાણી વિસ્તારમાં ઝીંગા ઉછેર માટે રોજગારીની તક મળે એટલે ડોલીયા ગામે લગભગ ૨૦૦૮ માછીમારોને ૪૦ હેકટર, ટંકારી ગામે ૯ માછીમારોને, ૪૫ હેકટર અને ખાનપુર ડેમમાં ૨ માછીમારોને ૯ હેકટર ખારલેન્ડ જમીન આપીને એમને રોજગારી પ્રાપ્ત થાય એ રીતનો રાજય સરકારે પ્રયત્ન કરીને વ્યવસ્થા કરી છે અને આવી અનેક યોજનાઓ સાથે આ રાજય સરકાર રોજગારી પૂરી પાડવાની વ્યવસ્થા છે. મને દુઃખ છે આ બધી જ યોજનાઓમાં કેન્દ્ર સરકારની સહાય એક ઝીરો છે.

શ્રી ઇકબાલ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ધારાસભ્યશ્રીએ પ્રશ્ન જે પૂછેલો છે એ ભરુચ જિલ્લામાં મોટાભાગનો જે દરિયા કિનારો છે, દેવલાથી લઇ દહેજ સુધીનો અને દહેજથી ભાડભૂત થઇ અને ઝનોર સુધીનો એ ફિશીંગ માટેનો વન ઓફ ધ બેસ્ટ કહી શકાય એ પ્રકારનો દરિયા કિનારો છે. અહીંથી જાત જાતની ફિશીંગની આઇટમો એક્ષપોર્ટ થાય છે અને એ એક્ષપોર્ટના કારણે દરિયા કિનારાના માછીમારો જે છે એ માછીમારોનું નિર્વાહ આ દરિયાના ફિશીંગ ઉપર અને નર્મદા નદીના ફિશીંગ ઉપર આધારીત છે. પ્રશ્નનો મહત્વનો આમાં હાર્દ એ છે કે, દરિયા કિનારા ઉપર જે ઉદ્યોગો વિકસેલા છે એ ઉદ્યોગો પ્રદૂષિત પાણી આ દરિયામાં કે નદીમાં છોડે છે અને એના કારણે જે ફિશીંગમાં નાના નાના બચ્ચાઓ હોય છે ત્યાંથી જ આ ફિશીંગનો લગભગ ૯૦ ટકા ધંધો અત્યારે મૃતઃપાય અવસ્થામાં છે. એટલા કારણોસર માછીમારો પાસે બીજો અન્ય વ્યવસાય નથી, તેઓએ શીફટીંગ થવું પડે એવા સંજોગો છે. આ સંજોગોમાં હું માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગુ છું કે, આ અંગેનો કોઇ અહેવાલ આપ તૈયાર કરવા માગો છો કે કેમ? અને જયારે તમે સાગરખેડૂની વાત આટલા મોટા પાયા ઉપર કરતા હોય તો એ સાગરખેડૂનો મૂળ વ્યવસાય જે છે એ મૂળ વ્યવસાય જયારે જોખમમાં આવેલો છે ત્યારે એ વ્યવસાયને બચાવવા માટે આપ પ્રદુષિત પાણી ઉદ્યોગમાં ભલે આવતું હોય પણ ફિશીંગને એની અસર થાય છે એ અટકાવવા માટે આપ કોઇ પગલા ભરવા માગો છો કે કેમ ?

શ્રી દિલીપભાઇ સંઘાણી : માનનીય અધ્યક્ષશ્રી, હું ઇકબાલભાઇનો આભાર માનું છું કે કમ સે કમ સાગરખેડૂ યોજના દ્બારા સાગરખેડૂના વિસ્તારના લોકોનું કલ્યાણ થાય છે એ યોજનાથી એ વાતને એણે સ્વીકારી. (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, એના દ્બારા કાંઇ કરવા માગો છો ત્યારે. માનનીય અધ્યક્ષશ્રી, આ દરિયાકાંઠો માનનીય મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી મુખ્ય મંત્રી બન્યા ત્યારનો નથી, હજ્જારો વર્ષોથી છે. આ રાજય ૧૯૬૦થી બન્યું છે. આમ છતાં પણ આ વિસ્તારમાં રોજગારી હતી નહીં. આ રાજય સરકારે જંબુસર તાલુકામાં આવેલ ભાંભરા પાણીના વિસ્તારમાં માછલી/ઝીંગા ઉછેર દ્બારા રોજગારીની તક વધે એટલે જામવાડી, વલીપુર, સાદોડ, વડેચ અને કારેલી જેવા ગામોમાં જમીનની મોજણી કરીને લગભગ ૪૦૪ હેકટરનું માસ્ટર મેપીંગ કરવામાં આવેલ છે. આ જમીનમાં કાયમ માટે જેમ ઉદ્યોગોમાં રોજગારી આપીએ છીએ તેમ આ મેપીંગની કામગીરી ચાલુ છે અને કાયમી રોજગારી માછીમારોને ઝીંગા અને અન્ય રીતે થાય એનું આયોજન રાજય સરકારે કર્યુ છે અને ઝડપથી આ કામગીરી ચાલી રહી છે. બાકીનો પ્રદુષણનો સવાલ છે એ આમાંથી ઉપસ્થિત થતો નથી. એ અલગથી આપવું પડશે.

પ્રશ્ન ક્રમાંક ૬૨૫૧૮૪ --- માનનીય સભ્યશ્રી ગેરહાજર

## વલસાડ જિલ્લામાં બિસ્માર રસ્તાઓ

* **૨૪૨૭૨ શ્રી જીતુભાઈ ચૌધરી (મોટા પોંઢા)** : **માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૧-૧૨ની સ્થિતિએ વલસાડ જિલ્લામાં તાલુકાવાર કેટલા પંચાયત અને સ્ટેટ હસ્તકના રસ્તાઓ બિસ્માર હાલતમાં છે, અને

(૨) આ રસ્તાઓની મરામત કામગીરી હાથ ધરવા સરકારે શાં પગલાં લીધા ?

**માર્ગ અને મકાન મંત્રીશ્રી**

(૧) અને (૨)

શૂન્ય,

રસ્તાઓને વિવિધ બજેટ જોગવાઇ, ચાલુ મરામત, ખાસ મરામત, વગેરે હેઠળ કામગીરી હાથ ધરીને વાહન વ્યવહાર યોગ્ય રાખવામાં આવેલ છે. આ સતત ચાલતી પ્રક્રિયા છે.

શ્રી જીતુભાઇ ચૌધરી ઃ માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે તા. ૩૧–૧–૨૦૧૨ની સ્થિતિએ વલસાડ જિલ્લામાં તાલુકાવાર કેટલા પંચાયત અને સ્ટેટ હસ્તકના રસ્તા બિસ્માર હતા? એમણે લખ્યું કે શૂન્ય પરંતુ એ વિસ્તારમાં કપરાડા અને ધરમપુર વિસ્તારમાં ફરે તો ખબર પડે કોઇ હેલિકોપ્ટરમાં જાય અને રસ્તા બરાબર છે એમ કહે તો એ મને ખબર નથી પરંતુ મારે માનનીય મંત્રીશ્રી પાસેથી એટલું જાણવું છે કે કપરાડા તાલુકાના મધુવન ડેમ વિસ્થાપિત લોકો છે એ વિસ્તારમાં એક બુરવડ, પીપરોલી અને સાયલી જે દાદરાનગર હવેલીને જોડતો રસ્તો છે એ છેલ્લા લગભગ દસ વર્ષથી સતત હું સરકારને જાણ કરી રહયો છું અને લેટર પણ લખ્યા છે એ રસ્તાને આજ દિન સુધી જોબ નંબર મળ્યા નથી. મારા મિત્ર શ્રી અનિલભાઇને એમ કીધું કે એસ્સારમાં તમારે માગી લેવું જોઇએ પણ એસ્સારમાં ફકત પચાસ થી સાઇઠ લાખ રૂપિયા મળે અને એ બે થી અઢી કિલોમીટર રસ્તો થાય. બે થી અઢી કિલોમીટરનો રસ્તો તો સાત આઠ કિલોમીટરનો રસ્તો હોય તો એસ્સારમાં એ શકય નથી કારણકે અડધો રસ્તો બને અને અડધો ના બને તો એના માટે પણ પ્રશ્ન ઉપસ્થિત થાય એટલે માનનીય મંત્રી સાહેબને એટલી વિનંતી અને ધ્યાન દોરવા માગું છું કે રસ્તાના જોબ નંબર મળે. બીજું એક, ધરમપુરથી વિલ્સન હીલ જે અત્યારે પ્રવાસન નિગમ તરીકે ડેવલપ થઇ રહ્યું છે એ રસ્તો સ્ટેટનો રસ્તો છે અને એની પહોળાઇ ફકત ત્રણ મીટર છે એને સાડા પાંચ મીટર કરવા માગો છો કે કેમ?

**શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર** : આદરણીય અધ્યક્ષશ્રી, શબ્દોની સજાવટ કરીને દ્વિઅર્થી ભાષામાં બોલવાથી ગરીબ, આદિવાસી, છેવાડાના વ્યકિતના હૃદયમાં સ્થાન મેળવી શકાય નહીં. એના માટે દ્રઢ ઇચ્છા શકિત, પ્રબળ મનોબળ જોઇએ. ગરીબ આદિવાસી, છેવાડાના વ્યકિતની વેદના સમજવી પડે અને વિકાસ કરીએ તો છેવાડાના વ્યકિત ગરીબ આદિવાસીના હૃદયમાં સ્થાન મેળવી શકાય અને આ કામ છેવાડાના વ્યકિતનું અમારા આદરણીય મુખ્યમંત્રીશ્રીએ કર્યુ છે એટલે છેવાડાના વ્યકિતના હૃદયમાં આદરણીય મુખ્યમંત્રીશ્રીનું સ્થાન છે. આ તો એમણે પેલી વિમાનની વાત કરી એટલે મારે કહેવું પડે. વિમાનની વાત ન કરી હોત તો અમે ન કહેત. જે રીતે આ જે રસ્તાઓ છે એ રસ્તાઓ મેં અગાઉ પણ વાત કરી વલસાડ જિલ્લાના રસ્તાઓ બિસ્માર હાલતમાં છે એની એમણે વાત કરી. આજે ગુજરાતમાં ૯૯ટકા કનેકટીવીટી છે. ગુજરાતની અંદર કોઇ રસ્તા એવા નથી કે જયાં આગળ વાહન વ્યવહાર ન જઇ શકે. વલસાડ જિલ્લાની અંદર અમે પણ કન્યા કેળવણીના કાર્યક્રમોમાં ગયા છીએ. કપરાડાના છેવાડાના ગામ સુધી અમે ગયા છીએ. અને છેવાડાના ગામ સુધી અમે ગયા ત્યાં આગળ પણ રસ્તાની કામગીરી ચાલુ હતી. વલસાડ જિલ્લાના દરેક રસ્તાઓ જે રીપેર કરવાના છે એ રીપેર કરવાની, સમારકામ કરીને પેચવર્કની કામગીરી કરી આ રસ્તાઓ વાહન વ્યવહારની અવરજવર થઇ શકે તે હાલતમાં હાલમાં છે અને જરૂરિયાત મુજબની મરામતની કામગીરી એ એક ચાલતી પ્રક્રિયા છે અને મરામતની કામગીરી કરીને વલસાડ જિલ્લાના બધા રસ્તાઓને વાહન વ્યવહાર માટે યોગ્ય રાખવામાં આવેલ છે. એમણે જે બે રસ્તાઓની વાત કરી આ જે એમનો પ્રશ્ન છે એ રીપેરીંગ માટેનો બિસ્માર રસ્તાઓનો છે અને બિસ્માર રસ્તાઓ મેં રીપેર કર્યા છે પણ એમણે જે બે રસ્તાઓની વાત કરી એ એમનું સૂચન છે અને એ જે કંઇ મેં અગાઉ વાત કરી નાણાકીય ઉપલબ્ધતા થશે અને રાજય સરકારની જે પોલીસી હશે એ પ્રમાણે રાજય સરકાર આગળની કાર્યવાહી માટે વિચારણા કરશે.

શ્રી રમણભાઇ પાટકર ઃ માનનીય અધ્યક્ષશ્રી, મારા વલસાડ જિલ્લાના પાંચ તાલુકા છે. સરકારે છેલ્લા ત્રણ વર્ષની અંદર વિવિધ યોજના હેઠળ ઉમરગામ તાલુકામાં કેટલા રસ્તા બનાવ્યા છે અને એ પૈકી

કોઇ રસ્તાની મરામત માટે રજૂઆત થયેલી છે કે કેમ?

અધ્યક્ષશ્રી : ઉમરગામ પૂરતું છે.

**શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી જે વાત સભ્યશ્રીએ કરી એમના વિસ્તારમાં છેલ્લાં ૩ વર્ષમાં ૧૬૨.૯૫ કિ.મી.ની લંબાઇના ડામરના કરવામાં આવેલ છે. તેની પાછળ અંદાજિત ખર્ચ ૧૨૦૯૯ લાખ રૂપિયાનો થયેલ છે.

શ્રી દોલતરાય ના. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, ગણ્યે ગણાય નહિ, એટલા રસ્તાઓ આપવામાં આવ્યા છે, પણ મારી વયના કારણે યાદદાસ્ત ઓછી હોવાથી હું પ્રશ્ન પૂછું છું વલસાડ તાલુકામાં ૩ વર્ષમાં કેટલા કિ.મી. રસ્તા ડામરના કરવામાં આવ્યા અને તેની કિંમત કેટલી?

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર : વલસાડ જિલ્લાની અંદર જે રસ્તાઓ ડામરના કરવામાં આવ્યા છે તે બધા રસ્તા જોવા જઇએ તો માનનીય સભ્યશ્રી છનાભાઇ ચૌધરીના વિસ્તારમાં ૨૧૭.૫૬ કિ.મી. લંબાઇના ૭૨૬૦ લાખ રૂપિયાના રસ્તાઓ, જીતુભાઇ ચૌધરી જેમણે આ પ્રશ્ન કર્યો હતો. એમના વિસ્તારમાં ૨૯૦.૯૭ કિ.મી.ની લંબાઇના ૮૬૬૦ લાખ રૂપિયાના રસ્તા મંજૂર કર્યા છે. દોલતભાઇ દેસાઇએ પ્રશ્ન કર્યો ૧૧૯ કિ.મી. લંબાઇના ૨૯૦૮.૧૮ લાખ રૂપિયાના રસ્તા મંજૂર કર્યા છે. ઉષાબેન પટેલના વિસ્તારમાં ૨૧૩.૭૩ કિ.મી.ની લંબાઇના ૬૮૪૪.૭૯ લાખ રૂપિયાના રસ્તા મંજૂર કર્યા છે. રમણભાઇ પાટકરના વિસ્તારમાં ૧૬૨.૯૫ કિ.મી.ની લંબાઇના ૧૨૦૯૯.૩૧ લાખ રૂપિયાના રસ્તા મંજૂર કર્યા છે. આ ૩ વર્ષની ગ્રાન્ટ જે રાજ્યસરકારે આપી છે. અમારા મિત્રો આ સમયગાળાનો સરવાળો કરશો તો ૫૦ વર્ષમાં કેટલા આવ્યા અને આ દશકામાં કેટલા આવ્યા તો ગરીબની ચિંતા કોણે કરે છે તેનો હિસાબ, જવાબ આપો આપ મળી જશે.

## અમદાવાદ જિલ્લામાં કિસાનપથ યોજનામાં મંજૂર રસ્તા

***૨૫૨૯૭ શ્રી પ્રાગજીભાઇ ના. પટેલ(માંડલ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કેઃ

(૧) તા.૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ જિલ્લામાં કિસાનપથ યોજના હેઠળ કેટલા રસ્તા કેટલી રકમના મંજૂર કર્યા, અને

(૨)તે કામો ઉકત સ્થિતિએ ક્યા તબક્કે છે ?

**માર્ગ અને મકાન મંત્રીશ્રીઃ**

(૧)૧૨ રસ્તાના કામો ૧૦૦૦.૭૨ લાખની રકમના મંજૂર કર્યા.

(૨)૨ કામો પૂર્ણ, ૧૦ કામો પ્રગતિ હેઠળ.

શ્રી પ્રાગજીભાઇ ના. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, રાજ્ય સરકારે ખેડૂતો માટે ગામડાના રસ્તા માટે કિસાન પથ યોજના અમલમાં મૂકેલ છે, ત્યારે મારે મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે અમદાવાદ જિલ્લાની અંદર જે ૧૨ રસ્તાઓ મંજૂર કર્યા છે. મારા વિસ્તાર માંડલ, દેત્રોજ અને વીરમગામ તાલુકાના વિકાસપથના કયા રસ્તાઓ મંજૂર કર્યા છે. અને એ કયા સ્ટેજે છે અને કેટલા ખર્ચે થશે?

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, જે કિસાનપથ યોજના હેઠળ ૧૨ રસ્તાઓ મંજૂર કરવામાં આવ્યા છે. એમાં સભ્યશ્રીએ પ્રશ્ન પૂછ્યો માંડલ, દેત્રોજ અને વિરમગામમાં આ ૧૨ રસ્તા પૈકી માંડલમાં સીતાપુર નાયકપુર રોડ જેની લંબાઇ ૪.૫ કિ.મી.ની છે અને અંદાજિત રકમ ૮૨.૯૩ લાખ છે. દેત્રોજ, વાંસના, સિહોર, ઉગરોજ રોડની લંબાઇ ૩.૬ કિ.મી.ની જેની અંદાજિત રકમ ૪૧.૮૫ લાખ રૂપિયા છે. અને વિરમગામ તાલુકામાં એમાં સચાણા ઓગણ કાયલા રોડ લંબાઇ ૧૪.૫૦ કિ.મી.નો અને જેની રકમ ૨૦૨.૮૫ લાખ રૂપિયા છે. આ બધા રસ્તાઓ છે. તેના વર્ક ઓર્ડર આપી દેવામાં આવેલ છે. કામગીરીની શરૂઆત થઇ ગઇ છે.

શ્રી કાંતિલાલ રા. લકુમ : માનનીય અધ્યક્ષશ્રી, અમદાવાદ જિલ્લાની અંદર કિસાનપથ નામ આપીને એ રસ્તાઓ મંજૂર કર્યા છે. ગઇકાલે ભારતીય જનતા પાર્ટીની સરકારે કિસાનના..

અધ્યક્ષશ્રી : એની ચર્ચા અત્યારે ન કરો, પ્લીઝ.

શ્રી કાંતિલાલ રા. લકુમ : ડાર્ક ઝોન રદ કરી કિસાનો માટેની કામગીરી કરી છે. એવી જ રીતે આ કિસાન પથ જે મંજૂર કર્યા છે. જો બીજી સરકાર હોત, કોંગ્રેસની સરકાર તો કોના નામ આપત એ રસ્તાઓના.

અધ્યક્ષશ્રી : આપ પ્રશ્ન ઉપર આવી જાવ.

શ્રી કાંતિલાલ રા. લકુમ : આપણે બધા જાણીએ છીએ ત્યારે હું જાણવા માગું છું કે મારા મત વિસ્તારની અંદર કુલ કેટલા રસ્તા થયા એમાં કેટલો ખર્ચ થયો?

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર : વર્ષ– ૨૦૧૧–૧૨ માં ૧૨ કામો મંજૂર થયેલ છે. એમાં માનનીય સભ્યશ્રીના વિસ્તારમાં ૧૪૫.૬૬ લાખ રૂપિયાની રકમના ૩ કામો મંજૂર થયેલ છે. એમાં એક કામ પૂર્ણ થયું છે અને ૨ કામો પ્રગતિ હેઠળ છે. શ્રી બાબુભાઇ જ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્વારા જાણવા માગું છું કે, જે ૧૨ રસ્તાઓ મંજૂર થયા છે તેમાં મારા દસક્રોઇ વિસ્તારમાં કેટલા રસ્તા મંજૂર થયા અને તેમાં અંદાજિત ખર્ચ કેટલો થયો છે?

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, આદરણીય સભ્યશ્રીએ જે પ્રશ્ન પૂછ્યો છે તેમાં તેમના વિસ્તારમાં કુલ ૧૬૪.૯૫ લાખની રકમના ૩ કામો મંજૂર થયેલા છે. તે પૈકી ૭૦.૩૪ લાખની રકમનું એક કામ પૂર્ણ થયેલ છે. જયારે બાકીના ૨ કામો પ્રગતિમાં છે.

શ્રી કાનજીભાઇ રા. તળપદા : માનનીય અધ્યક્ષશ્રી, ધોળકા મત વિસ્તારમાં કિસાનપથ યોજના નીચે કેટલા રસ્તા મંજૂર થયા છે અને કેટલી રકમના કામ પૂર્ણ થયા છે અને કેટલા કામ બાકી છે?

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, ધોળકા તાલુકાની માનનીય સભ્યશ્રીએ જે વિગતો માગી છે તેમાં કેસરગઢ વેજલકા ઝાંખરા રોડ ૩ કિ.મી. લંબાઇનો અંદાજિત રકમ ૪૯.૪૮ લાખ રૂપિયા, ધોળકા તાલુકાનો બીજો રસ્તો ધોળકા જેરપુરા કાંકરેચા રોડ જેની લંબાઇ ૧.૫ કિ.મી અને અંદાજિત રકમ ૩૮ લાખ રૂપિયા, ધોળકા તાલુકાનો શીયાવાડા એપ્રોચ રોડ જેની લંબાઇ ૨.૬ કિ.મી છે અને અંદાજિત રકમ ૪૯.૮૬ લાખ રૂપિયા છે આ ત્રણેય રસ્તાઓ હાલ પ્રગતિ હેઠળ છે.

### કચ્છ જિલ્લામાં અદાણી ગૃપ કંપનીને ફાળવેલ જમીન

***૨૫૨૯૭ શ્રી ચંદુભાઇ મો. ડાભી(કરજણ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.

(૧)કચ્છ જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ અદાણી ગૃપની જુદી જુદી કંપનીઓને કેટલા એકર જમીન ફાળવવામાં આવી છે, અને

(૨)આ જમીનો શા ભાવથી ફાળવવામાં આવી છે ?

**મહેસૂલ મંત્રીશ્રી** :

(૧) ૧૪૩૦૫.૪૯ એકર જમીન ફાળવી.

(૨)આ જમીનો પ્રતિ ચો.મી. રૂ. ૧/– થી ૩૨/– ના ભાવે ફાળવી છે.

શ્રી ચંદુભાઇ મો. ડાભી : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતમાં ૨૬ જિલ્લાઓમાંથી એક કચ્છ જિલ્લામાં અદાણી ગૃપને કેટલી જમીન ફાળવી છે તેને લગતો મેં પ્રશ્ન પૂછ્યો છે. લોકોને ૨ ગુંઠા જમીન કે સાંથણીની જમીન જોઇતી હોય તો પણ આ સરકાર જમીન આપતી નથી. અદાણી ગૃપને હોય, આર્ચીયન ગૃપને હોય કે ટાટા કંપનીને હોય સૌથી વધુ જમીન આપવામાં આ સરકાર નંબર વન છે. આપના દ્વારા મંત્રીશ્રીને પ્રશ્ન પૂછવો છે કે જયારે જમીન ફાળવવામા આવી ત્યારે તે વખતની જંતરીનો ભાવ ધ્યાનમાં લીધો હતો કે નહીં? જંતરીના ભાવ કરતાં ઓછા ભાવે આપી છે કે વધારે ભાવે આપી છે? તેમાં કેટલો તફાવત હતો તે મારે જાણવું છે. બીજા નંબરે એ જાણવું છે કે આમાં ગૌચરની જમીન કેટલી હતી અને ગૌચરની જમીનમાં આપણે ૩૦ ટકા વધારે ભાવ લઇએ છીએ તો તે ભાવ ગણતરીમાં લીધેલ છે કે કેમ?

શ્રીમતી આનંદીબેન મ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, એમણે જે પ્રશ્ન પૂછ્યો છે કચ્છ જિલ્લામાં ૩૧–૧૨–૨૦૦૧ની સ્થિતિએ અદાણી ગૃપની જુદી જુદી કંપનીઓને કેટલા એકર જમીન ફાળવવામાં આવી

અને શા ભાવથી ફાળવવામાં આવી. સાહેબ આમાં કોઇ સમય મર્યાદા જ નથી એટલે મારે બે વર્ષની આપવી, દસ વર્ષની આપવી, વીસ વર્ષની આપવી કે ૧૯૬૦થી આપવી. એટલા માટે જો તેમને ૧૯૬૦ જોઇતી હોય તો હું ટેબલ પર મૂકીશ.

અધ્યક્ષશ્રી : ટેબલ પર મૂકી દેજો. પ્લીઝ.

શ્રી શક્તિસિંહ હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, મારો પહેલો પ્રશ્ન માનનીય મંત્રીશ્રીને કે છેલ્લા દસ વર્ષમાં આ અદાણીને ૫ કરોડ ૬૬ લાખ ૫૮ હજાર ચોરસ મીટર જમીન જે અપાઇ છે એક જ જિલ્લામાં. ૨૦૦ વારના પ્લોટ ન મળે. ૫ કરોડ ૬૬ લાખ ૫૮ હજાર ચોરસ મીટરથી વધારે એક જ જિલ્લામાં જે જમીન અપાઇ છે તેમાં *(**xxxx**) (**xxxx**) (**xxxx**) આ પ્રશ્ન ન આવે એટલા માટેની વાત છે.

અધ્યક્ષશ્રી : આ રીતનો આપણે કોઇપણ આક્ષેપ કોઇના ઉપર કરી શકતા નથી. પ્લીઝ.

શ્રીમતી આનંદીબેન મ. પટેલ : સાહેબ આવી રીતે કોઇપણ આક્ષેપ કરે તે કંઇ રીતે ચાલે. યોગ્ય માહિતી જોઇતી હોય તો સમયમર્યાદા નકકી કરે.

અધ્યક્ષશ્રી :આમાં કોઇપણ રીતે આપણે આ રીતે આક્ષેપ કરી શકતા નથી. ગૃહની મર્યાદાનો આપણને બધાને ખ્યાલ છે. પ્લીઝ આપના આ શબ્દો આપ પાછા ખેંચી લો કાં તો આપે રેકર્ડ ઉપર મૂકવું પડશે. પ્લીઝ. આ રીતના ગૃહમાં આક્ષેપો કરવા યોગ્ય નથી. માનનીય શક્તિસિંહજી, પ્લીઝ, આ પ્રશ્નોત્તરીઓ સમય આપણે ના બગાડીએ, આપ આપના શબ્દો પાછા ખેંચી લો. (અંતરાય) માનનીય શક્તિસિંહજી..

શ્રી શક્તિસિંહ હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, પ્રશ્નોત્તરી દરિમયાન પોઇન્ટ ઓફ ઓર્ડર ના હોઇ શકે.. (અંતરાય) તમે કેન્દ્ર સરકારની ટીકા કરી હતી..

અધ્યક્ષશ્રી : પોઇન્ટ ઓફ ઓર્ડર નથી, આ તો હું કહું છું, ( અંતરાય ) નહીં, નહીં, પ્લીઝ. આ રીતે કોઇ મંત્રીશ્રી ઉપર આપણે આક્ષેપ ના કરી શકીએ અને કરવો હોય તો પહેલાંથી એમને નોટિસ આપવી જોઇએ. આપણા વિધાનસભાના સ્પષ્ટ નિયમો છે.

શ્રી શક્તિસિંહ હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, હાઉસ ઓર્ડરમાં આવવા દો.માનનીય અધ્યક્ષશ્રી, કોઇ માફી માગે નહીં, માફી કોઇ માગતું હશે, * (**xxxx**) (**xxxx**)માનનીય અધ્યક્ષશ્રી, આપની વિનંતીને માન આપીને હું મારા શબ્દો પાછા ખેંચું છું કારણ કે માનનીય અધ્યક્ષશ્રીએ કહ્યું છે. (અંતરાય ) કોઇ સંજોગોમાં ના મંગાય, (**xxxx**) (**xxxx**)

(આ તબકકે વિરોધપક્ષના સભ્યશ્રીઓએ ભાગીદારી બંધ કરો નાં સૂત્રોચ્ચાર કર્યા)

અધ્યક્ષશ્રી : ગૃહને હું ત્રીસ મિનિટ માટે મુલતવી રાખું છું.

(બપોરના ૧૨-૪૨ કલાકે ગૃહ મુલતવી રહ્યું.)

**(મુલત્વી રહ્યા બાદ સભાગૃહની બેઠક ફરીથી બપોરના ૧-૧૨ વાગે મળી)**

**અધ્યક્ષશ્રી અધ્યક્ષ સ્થાને**

# અતારાંકિત પ્રશ્નો

**(તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ)**

### આણંદ જિલ્લામાં ધોરણ-૮ ના વર્ગો શરૂ કરવા બાબત

૨૫૧૮૪ **શ્રી લાલસિંહ ઉ. વડોદીયા( ઉમરેઠ): માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧)તા.૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ | (૧) તાલુકાવાર માહિતી નીચે મુજબ છે. |

---

* (**xxxx**) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો પાછા ખેંચી લીધા હોવાથી અહેવલામાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

* (**xxxx**) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો પાછા ખેંચી લીધા હોવાથી અહેવલામાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

આણંદ જિલ્લામાં તાલુકાવાર કેટલી પ્રાથમિક શાળામાં ધોરણ–૮ના વર્ગો શરૂ કરવામાં આવ્યા છે, અને

| ક્રમ | તાલુકો | ૨૦૧૦ | ૨૦૧૧ | કુલ |
|---|---|---|---|---|
| ૧ | આણંદ | ૧૦ | ૧૭ | ૨૭ |
| ૨ | ઉમરેઠ | ૧૧ | ૧૨ | ૨૩ |
| ૩ | બોરસદ | ૩૦ | ૦૮ | ૩૮ |
| ૪ | આંકલાવ | ૧૪ | ૦૯ | ૨૩ |
| ૫ | પેટલાદ | ૨૫ | ૦૬ | ૩૧ |
| ૬ | સોજીત્રા | ૦૭ | ૦૬ | ૧૩ |
| ૭ | ખંભાત | ૨૫ | ૨૦ | ૪૫ |
| ૮ | તારાપુર | ૨૫ | ૦૩ | ૨૮ |
| | **કુલ** | **૧૪૭** | **૮૧** | **૨૨૮** |

(૨)કેટલી પ્રાથમિક શાળામાં ધોરણ–૮ના વર્ગો તાલુકાવાર શરૂ કરવાના બાકી છે ?

(૨) કુલ ૨૬૦ વર્ગો શરૂ કરવાના બાકી છે.

| ક્રમ | તાલુકો | કુલ |
|---|---|---|
| ૧ | આણંદ | ૫૯ |
| ૨ | ઉમરેઠ | ૨૪ |
| ૩ | બોરસદ | ૫૭ |
| ૪ | આંકલાવ | ૧૯ |
| ૫ | પેટલાદ | ૪૧ |
| ૬ | સોજીત્રા | ૧૮ |
| ૭ | ખંભાત | ૩૩ |
| ૮ | તારાપુર | ૦૯ |
| | **કુલ** | **૨૬૦** |

## આણંદ જિલ્લામાં વિજ સબ સ્ટેશનો માટે જમીન

૨૩૯૮૨ **શ્રી અરવિંદસિંહ દા. રાઠોડ( કાલોલ): માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧)આણંદ જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ૬૬ કેવી વીજ સબ સ્ટેશનો માટે જમીન અપાયેલ છે તે વાત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨)જો હા તો, કેટલી જમીન અપાયેલ છે? | (૨) ૧૯,૭૦૦ ચો.મી. જમીન. |

---------

## જૂનાગઢ જિલ્લાના કોડીનાર તાલુકાના નવી શરતની જમીનના કેસો

`૨૪૪૨૨ **શ્રી ધીરસિંહ ક. બારડ(કોડીનાર): માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧)તા.૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જૂનાગઢ જિલ્લાના કોડીનાર તાલુકાના નવી શરતની જમીનના ક્યા ક્યા વર્ષના કેટલા કેસો અવલોકન માટે તા.૩૧–૧૨–૧૧ ની સ્થિતિએ કલેકટર કચેરીમાં પડતર છે, અને | (૧) સને ૧૯૯૬–૯૭ ના વર્ષના કુલ–૧૫ કેસો. |
| (૨)ઉકત સ્થિતિએ અવલોકનના પડતર કેસોના નિકાલ માટે શી કાર્યવાહી કરવાની થાય છે ? | (૨) બાબત હાલ શહેરી વિકાસ વિભાગ અને કાયદા વિભાગના પરામર્શમાં વિચારણા હેઠળ છે. |

---------

## નિઝર તાલુકામાં સિમાડા માપણીની દરખાસ્ત

૨૫૨૦૮ **શ્રી પરેશભાઇ ગો. વસાવા( નીઝર): માનનીય મહેસુલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧)નિઝર તાલુકામાં ડીસેમ્બર–૨૦૧૧ની સ્થિતિએ મહેસુલ સરકારી રાહે સિમાડા માપણી માટે ગામોની દરખાસ્ત પડતર છે તે હકીકત સાચી છે, અને | (૧) ના, જી. |
| (૨)કયા ગામોની દરખાસ્ત આવેલ છે? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

## અમદાવાદ જિલ્લામાં બિયારણ ચકાસણીના નમુનાઓ

૨૩૯૯૧ **શ્રી કમાભાઇ ગ. રાઠોડ(વિરમગામ): માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧)અમદાવાદ જિલ્લામાં બિયારણની ચકાસણી માટે સરકાર દ્વારા વર્ષ ૨૦૧૧માં બિયારણના કુલ કેટલા નમુનાઓ લેવામાં આવ્યા, | (૧) ૧૬૨. |
| (૨)આ નમૂનાઓ પૈકી કેટલા નમૂના પ્રમાણિત થયા અને કેટલા નમૂના બિનપ્રમાણિત થયા, અને | (૨) પ્રમાણિત–૧૫૬.<br>બિનપ્રમાણિત–૬. |
| (૩)બિનપ્રમાણિત નમૂનાઓ બાબતે જવાબદારો સામે શાં પગલાં લેવામાં આવ્યા? | (૩) ચાર કેસમાં કોર્ટ કેસની કાર્યવાહી કરેલ છે. એક કેસમાં ચેતવણી આપેલ છે તથા એક કેસ વિચારાધીન છે. |

---------

## ખેડા જિલ્લામાં કિસાનપથ યોજનામાં મંજૂર થયેલા રસ્તા

૨૪૦૬૫ **શ્રી કનુભાઇ ભુ. ડાભી( કઠલાલ): માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧)તા. ૩૧–૧૨–૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડા જિલ્લામાં કિસાનપથ યોજના હેઠળ કેટલા રસ્તા, કેટલી રકમના મંજૂર કર્યા, અને | (૧) ૨૪ રસ્તાના કામો ` ૧૩૫૨.૭૦ લાખની રકમના મંજૂર કર્યા. |
| (૨)તે કામો ઉક્ત સ્થિતિએ કયા તબક્કે છે? | (૨) ૬ કામો પૂર્ણ, ૧૪ કામો પ્રગતિ હેઠળ અને ૪ કામો ટેન્ડર પ્રક્રિયા હેઠળ. |

## અમરેલી જિલ્લામાં પ્રાથમિક શાળામાં ઓરડા બાંધવા બાબત

૨૪૦૮૯ **શ્રી કાળુભાઇ વિ. વિરાણી(કુંડલા): માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧)અમરેલી જિલ્લાની સરકારી પ્રાથમિક શાળાઓમાં | (૧) છેલ્લા બે વર્ષમાં બાંધવામાં આવેલ નવા |

તા. ૩૧-૧૨-૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બાંધવામાં આવેલ નવા ઓરડાની સંખ્યા કેટલી છે, અને

ઓરડાની સંખ્યા નીચે મુજબ છે.

| વર્ષ | ઓરડાની સંખ્યા |
|---|---|
| ૨૦૦૯-૧૦ | ૮૧ |
| ૨૦૧૦-૧૧ | ૩૨૨ |
| કુલ | ૪૦૩ |

(૨)તે પાછળ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે?

(૨) તે પાછળ નીચે મુજબ ખર્ચ કરવામાં આવેલ છે.

| વર્ષ | ખર્ચ (` લાખમાં) |
|---|---|
| ૨૦૦૯-૧૦ | ૪૧૮.૬૮ |
| ૨૦૧૦-૧૧ | ૧૩૧૬.૨૮ |
| કુલ | ૧૭૩૪.૯૬ |

---------

## જામનગર જિલ્લામાં વિધવા સહાયની અરજીઓ

૨૪૦૩૮ **શ્રી મુળુભાઇ હ. બેરા(ભાણવડ): માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧)તા. ૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જામનગર જિલ્લામાં તાલુકાવાર વિધવા સહાય મેળવવા કેટલી અરજીઓ મળી,

(૧) ૧૨૭૯ અરજીઓ

| ક્રમ | તાલુકો | મળેલ અરજીઓ |
|---|---|---|
| ૧ | જામનગર | ૭૩૮ |
| ૨ | લાલપુર | ૨૯ |
| ૩ | કાલાવડ | ૫૦ |
| ૪ | જોડિયા | ૨૮ |
| ૫ | ધ્રોલ | ૬૬ |
| ૬ | ખંભાળિયા | ૧૧૯ |
| ૭ | ભાણવડ | ૨૮ |
| ૮ | જામ જોધપુર | ૯૯ |
| ૯ | કલ્યાણપુરા | ૨૪ |
| ૧૦ | દવારકા | ૯૮ |
| કુલ | | ૧૨૭૯ |

(૨)મળેલ અરજીઓ પૈકી વર્ષવાર કેટલી મંજૂર કરી વિધવા સહાયના લાભો આપવામાં આવ્યા, અને

(૨)

| ક્રમ | સમયગાળો | મંજૂર અરજીઓ |
|---|---|---|
| ૧ | ૧-૧-૧૦ થી ૩૧-૧૨-૧૦ સુધી | ૪૧૬ |
| ૨ | ૧-૧-૧૧ થી ૩૧-૧૨-૧૧ સુધી | ૨૮૪ |
| કુલ | | ૭૦૦ |

(૩)બાકી રહેતી અરજીઓનો કેટલા સમયમાં નિકાલ કરી લાભ આપવામાં આવશે ?

(૩) ૪૮૮ અરજીઓ નામંજૂર કરતા બાકી રહેલ ૯૧ અરજીઓનો વહેલી તકે નિકાલ કરવામાં આવશે.

---------

**''વડોદરા જિલ્લામાં ખેડૂતોને સોઈલ હેલ્થ કાર્ડ''**

૨૪૦૧૧ **શ્રી મધુભાઇ બા. શ્રીવાસ્તવ( વાઘોડીયા): માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧)વડોદરા જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કુલ કેટલા ખેડૂત ખાતેદારોને સોઈલ હેલ્થ કાર્ડ આપવામાં આવ્યા, | (૧) ૧,૫૧,૮૬૮ ખેડૂત ખાતેદારોને. |
| (૨)ઉક્ત સ્થિતિએ કેટલા ખેડૂત ખાતેદારોને સોઈલ હેલ્થ કાર્ડ આપવામાં બાકી છે, અને | (૨) ૪,૪૬૫ ખેડૂત ખાતેદારોને. જેના જમીનના નમુના એકત્રીકરણ અને પૃથ્થકરણની કામગીરી પુર્ણ થયેલ છે. |
| (૩)બાકી રહેતા ખેડૂત ખાતેદારોને સોઈલ હેલ્થ કાર્ડ ક્યારે આપવામાં આવશે ? | (૩) ટૂંક સમયમાં. |

---------

**વડોદરા જિલ્લામાં કિસાનપથ યોજનામાં મંજૂર થયેલા રસ્તા**

૨૪૦૬૭ **શ્રી ગુલસીંગભાઇ રં. રાઠવા( છોટાઉદેપુર): માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧)તા. ૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વડોદરા જિલ્લામાં કિસાનપથ યોજના હેઠળ કેટલા રસ્તા કેટલી રકમના મંજૂર કર્યા, અને | (૧) ૨૩ રસ્તાઓ, ` ૧૯૭૫.૦૦ લાખના મંજૂર કરવામાં આવ્યા. |
| (૨)તે કામો ઉક્ત સ્થિતિએ કયા તબક્કે છે? | (૨) ૨૩ રસ્તાના કામો પ્રગતિ હેઠળ છે. |

---------

**મહિલા અને બાળ કલ્યાણ વિભાગ દ્વારા સુરત જિલ્લામાં ગરીબ કલ્યાણ મેળામાં સહાય**

૨૪૨૮૯ **શ્રી ઇશ્વરભાઇ ન. વહીઆ( મહુવા): માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૧ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર સુરત જિલ્લામાં તાલુકાવાર યોજાયેલ ગરીબ કલ્યાણ મેળાઓમાં મહિલા અને બાળ વિકાસ વિભાગ કે તાબા હેઠળની કચેરીઓ દ્વારા કોઈ સહાય/વળતર/રાહત ચૂકવવામાં આવી છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨)જો હા, તો વર્ષવાર અને તાલુકાવાર વિભાગ હસ્તકની કઈ યોજનાઓ હેઠળ કેટલી રકમની સહાય ચૂકવવામાં આવી, અને | (૨) વર્ષવાર અને તાલુકાવાર વિધવા તાલીમ સાધન સહાય કીટ આપવાની યોજના હેઠળ નીચે મુજબ સહાય આપવામાં આવી છે. |

| વર્ષ | તાલુકાનું નામ | કીટની સંખ્યા | અંદાજીત રકમ (` લાખમાં) |
|---|---|---|---|
| ૨૦૧૦ | ઓલપાડ | ૫૦ | ૦૨.૫૦ |
| | મહુવા | ૨૫૦ | ૧૨.૫૦ |

બાલિકા સમૃધ્ધિ યોજના હેઠળની રકમની સહાય

| ક્રમ | તાલુકાનું નામ | ચુકવેલ સહાય વર્ષ ૨૦૦૯–૧૦ | ચુકવેલ સહાય વર્ષ ૨૦૧૦–૧૧ |
|---|---|---|---|
| ૧ | મહુવા | ૧૭૧૦૫૦૦ | ૫૦૫૦૦ |
| ૨ | માંડવી | ૪૮૦૫૦૦ | ૫૨૫૦૦ |
| ૩ | માંગરોળ | ૨૦૦૦૦૦ | ૮૯૯૦૦૦ |
| ૪ | બારડોલી | ૧૭૦૭૭૦૦ | ૧૪૧૬૦૦ |
| ૫ | ઓલપાડ | ૨૦૩૮૦૦ | ૧૯૩૧૦૦ |
| ૬ | ચોર્યાસી | ૫૩૨૦૦ | ૧૭૫૦૦ |
| ૭ | કામરેજ | ૬૭૮૦૦ | ૧૨૩૩૦૦ |
| ૮ | પલસાણા | ૭૫૬૭૦૦ | ૪૫૦૦૦૦ |
| ૯ | ઉમરપાડા | ૫૬૨૮૦૦ | ૩૫૮૭૦૦ |
| ૧૦ | સુરત મહાનગર પાલિકા | ૩૮૧૦૦૦ | ૪૩૦૦૦ |
| | **કુલ** | **૬૧૨૪૦૦૦** | **૨૩૨૯૨૦૦** |

(૩)ઉક્ત ખર્ચ બજેટના કયા હેડ હેઠળ ઉધારવામાં આવે છે ?

(૩) નિરાધાર વિધવા લાભાર્થીઓને તાલીમ આપી પુનઃસ્થાપન કરવા બાબત

**માંગણી નં. ૧૦૬ પ્લાન**

મુખ્ય સદરઃ૨૨૩૫ – સામાજિક સુરક્ષા અને કલ્યાણ

પેટા મુખ્ય સદરઃ ૦૨– સમાજ કલ્યાણ

ગૌણ સદરઃ ૧૦૩–સ્ત્રીઓનું કલ્યાણ

૨૭–એસસીડબલ્યુ–૨૭–નિરાધાર વિધવા મહિલાઓને આત્મનિર્ભર બનાવવા માટે નાણાકિય સહાય

સ્કીમ નં. ૪૧૭૯૩૬

૨૨૩૫ ૦૨ ૧૦૩ ૨૭

**બાલિકા સમૃધ્ધિ યોજનાનું બજેટ હેડ**

**માંગણી નં. ૧૦૬ પ્લાન**

મુખ્ય સદરઃ૨૨૩૬ – પોષણ (પ્લાન)

પેટા મુખ્ય સદરઃ ૦૨– પોષણ ખાદ્ય અને પીણાની વહેંચણી

ગૌણ સદરઃ ૮૦૦–અન્ય ખર્ચ

પેટા સદરઃ ૦૭ બાલિકા સમૃધ્ધિ યોજના (પ્લાન)

એનટીઆર–૦૭

હેડ ચાર્જબો–૨૨૩૬ ૦૨ ૮૦૦ ૦૭

સ્કીમ નં. ૧૧૭૯૯૧ ઓબ્જેક્ટ હેડ–૩૧

સબ ઓબ્જેક્ટ હેડ–૩૨ ટાઈપ ઓફ બજેટ–૬

---------

**કાયદા પંચ બંધ કરવા બાબત**

૨૫૨૮૮ **શ્રી હીરાભાઇ હ. પટેલ( લુણાવાડા): માનનીય વૈધાનિક અને સંસદિય બાબતોના મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧)રાજ્ય સરાકારે તાજેતરમાં કાયદા પંચ બંધ કરવાનો નિર્ણય કરેલ છે, અને | (૧) ના, જી. |
| (૨)જો હા, તો તેના કારણો શું ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**સાબરકાંઠા જિલ્લામાં તેરમા નાણાપંચ હેઠળ મંજૂર રસ્તાઓ**

૨૪૦૪૨ **શ્રી ઉદેસિંહ પું. ઝાલા( બાયડ): માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧)તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિ ેએ છેલ્લા બે વર્ષમાં સાબરકાંઠા જિલ્લામાં તેરમા નાણાપંચ હેઠળ કેટલા રસ્તા, કેટલી રકમના મંજૂર કર્યા, અને | (૧) કુલ ૪૧ કામો ` ૧૭૫૫.૫૩ લાખની રકમના મંજૂર કરવામાં આવ્યા. |
| (૨)તે કામો ઉક્ત સ્થિતિએ કયા તબક્કે છે? | (૨) મંજૂર કરેલ કામો પૈકી ૫ કામો પુર્ણ ૩૨ કામો પ્રગતિ હેઠળ તથા ૪ કામો ટેન્ડર પ્રક્રિયા હેઠળ છે. |

---------

**રાજકોટ જિલ્લામાં રહેણાંક માટે જમીન**

૨૩૯૮૪ **શ્રી કાંતિલાલ શી. અમૃતિયા(મોરબી): માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧)રાજકોટ જિલ્લામાં રહેણાંક હેતુ માટે તા. ૩૧–૧૨–૧૧ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જમીન અપાયેલ છે કે કેમ, અને | (૧) હા જી. |
| (૨)જો હા, તો કેટલી જમીન અપાયેલ છે, | (૨) ૫૭,૧૫૮.૬૦ ચો.મી. |

---------

**સુરેન્દ્રનગર જિલ્લામાં કિસાનપથ યોજનામાં મંજૂર થયેલા રસ્તા**

૨૪૦૫૫ **શ્રીમતી વર્ષાબેન ન. દોશી(વઢવાણ): માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧)તા. ૩૧–૧૨–૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરેન્દ્રનગર જિલ્લામાં કિસાનપથ યોજના હેઠળ કેટલા રસ્તા, કેટલી રકમના મંજૂર કર્યા, અને | (૧)૭ રસ્તા, ` ૯૫૨ લાખની રકમના મંજૂર કર્યા. |
| (૨)તે કામો ઉક્ત સ્થિતિએ કયા તબક્કે છે ? | (૨) આ કામો ટેન્ડર પ્રિક્રયામાં. |

---------

**"આણંદ જિલ્લામાં ખેડૂતોને સોઈલ હેલ્થ કાર્ડ"**

૨૪૦૧૦ **શ્રી ભૂષણ અ. ભટ્ટ(ખાડીયા): માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧)આણંદ જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કુલ કેટલા ખેડૂત ખાતેદારોને સોઈલ હેલ્થ કાર્ડ આપવામાં આવ્યા, | (૧) ૧,૩૬,૭૬૮ ખેડૂત ખાતેદારોને. |
| (૨)ઉક્ત સ્થિતિએ કેટલા ખેડૂત ખાતેદારોને સોઈલ હેલ્થ કાર્ડ આપવામાં બાકી છે, અને | (૨) ૧૧,૬૫૧ ખેડૂત ખાતેદારોને.<br>જેના જમીનના નમુના એકત્રીકરણ અને પૃથ્થકરણની કામગીરી પુર્ણ થયેલ છે. |
| (૩)બાકી રહેતા ખેડૂત ખાતેદારોને સોઈલ હેલ્થ કાર્ડ ક્યારે આપવામાં આવશે ? | (૩) ટુંક સમયમાં. |

---------

## પાટણ જિલ્લામાં જમીન માપણી

૨૩૯૮૬ **શ્રી રજનીકાન્ત સો. પટેલ(ચાણસ્મા): માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧)પાટણ જિલ્લામાં મહેસૂલી જમીનની માપણી છેલ્લે ક્યારે કરવામાં આવી, અને | (૧) પાટણ જિલ્લામાં તાલુકાવાર છેલ્લી માપણી નીચે મુજબ છે,<br>પાટણ ૧૮૮૮ — હારીજ ૧૮૯૨<br>ચાણસ્મા ૧૮૯૧ — સિધ્ધપુર ૧૯૦૮<br>સમી ૧૯૫૮ — રાધનપુર ૧૯૫૯<br>સાંતલપુર ૧૯૫૯ — એમ વર્ષવાર જમીન માપણી કરવામાં આવેલ છે. |
| (૨)નવેસરથી માપણી ક્યારે કરવામાં આવનાર છે ? | (૨) પાટણ જિલ્લામાં જમીન માપણીનું કામ સને–૨૦૧૦ થી શરૂ કરવામાં આવેલ છે અને હાલ ચાલુમાં છે. |

## કચ્છના રણમાં આર્ચિયન કેમિકલ કંપનીને ફાળવેલ જમીન

૨૫૨૨૬ **શ્રી સિદ્ધાર્થભાઇ ચી. પટેલ( ડભોઇ): માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ કચ્છના મોટા રણમાં આર્ચિયન કેમિકલ કંપનીને કુલ કેટલી અને ક્યારે જમીન ફાળવવામાં આવી ? | તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ કચ્છના મોટા રણમાં આર્ચિયન કેમિકલ કંપનીને કુલ હે. ૨૪૦૨૧–૭૮ જમીન તા. ૨૯–૨–૨૦૦૮ના હુકમથી ફાળવવામાં આવી. |

---------

## દાહોદ જિલ્લામાં વિધવા સહાયની અરજીઓ

૨૪૦૩૨ **શ્રી ફતેસિંહ વ. ચૌહાણ( રાજગઢ): માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧)તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દાહોદ જિલ્લામાં તાલુકાવાર વિધવા સહાય મેળવવા કેટલી અરજીઓ મળી,

(૧) ૧૦૧૭ અરજીઓ

| ક્રમ | તાલુકાનું નામ | મળેલ અરજીઓ |
|---|---|---|
| ૧ | દાહોદ | ૧૯૬ |
| ૨ | ગરબાડા | ૯૮ |
| ૩ | ઝાલોદ | ૨૩૫ |
| ૪ | ફતેપુરા | ૯૦ |
| ૫ | દે.બારીયા | ૧૭૫ |
| ૬ | લીમખેડા | ૧૪૫ |
| ૭ | ધાનપુર | ૭૮ |
| **કુલ** | | **૧૦૧૭** |

(૨)મળેલ અરજીઓ પૈકી વર્ષવાર કેટલી મંજૂર કરી વિધવા સહાયના લાભો આપવામાં આવ્યા, અને

(૨)

| ક્રમ | સમયગાળો | મંજૂર અરજીઓ |
|---|---|---|
| ૧ | તા. ૦૧–૦૧–૨૦૧૦ થી<br>તા. ૩૧–૧૨–૨૦૧૦ સુધી. | ૩૩૯ |
| ૨ | તા. ૦૧–૦૧–૨૦૧૧ થી<br>તા. ૩૧–૧૨–૨૦૧૧ સુધી. | ૨૯૧ |
| | **કુલ** | **૬૩૦** |

(૩)બાકી રહેતી અરજીઓનો કેટલા સમયમાં નિકાલ કરી લાભ આપવામાં આવશે ?

(૩) ૨૦૯ અરજીઓ નામંજૂર થતાં બાકી રહેલ ૧૭૮ અરજીઓનો વહેલી તકે નિકાલ કરવામાં આવશે.

---------

## સાબરકાંઠા જિલ્લામાં કિસાનપથ યોજનામાં મંજૂર થયેલા રસ્તા

**<#M** /૨૪૦૬૬ **શ્રી દિલીપસિંહજી વ. પરમાર( મોડાસા): માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧)તા. ૩૧–૧૨–૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સાબરકાંઠા જિલ્લામાં કિસાનપથ યોજના હેઠળ કેટલા રસ્તા, કેટલી રકમના મંજૂર કર્યા, અને

(૧)૨૮ રસ્તા, ` ૧૪૮૫ લાખની રકમના.

(૨)તે કામો ઉક્ત સ્થિતિએ કયા તબક્કે છે ?

(૨)૨ કામો પૂર્ણ, ૨૦ કામો પ્રગતિમાં અને ૬ કામો ટેન્ડર પ્રક્રિયા હેઠળ.

---------

## આણંદ જિલ્લામાં કિસાનપથ યોજનામાં મંજૂર થયેલા રસ્તા

૨૪૦૬૪ **શ્રીમતિ જ્યોત્સનાબેન રા. પટેલ( આણંદ): માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧)તા.૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આણંદ જિલ્લામાં કિસાનપથ યોજના

(૧) ૨૪ રસ્તાના કામો ` ૧૩૧૫ લાખની રકમના મંજૂર કર્યા.

હેઠળ કેટલા રસ્તા, કેટલી રકમના મંજૂર કર્યા, અને

(૨)તે કામો ઉક્ત સ્થિતિએ કયા તબક્કે છે ?

(૨) ૪ કામો પ્રગતિ હેઠળ અને ૧૯ કામો ટેન્ડર મંજૂરી હેઠળ અને ૧ કામ નકશા અંદાજ લેવલે.

**બનાસકાંઠા જિલ્લામાં કૃષિ મહોત્સવના લાભાર્થી**

૨૪૦૨૩ **શ્રી મહેન્દ્રસિંહ પ. સરવૈયા(પાલીતાણા): માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧)વર્ષ–૨૦૧૧માં યોજાયેલ કૃષિ મહોત્સવ દરમ્યાન બનાસકાંઠા જિલ્લામાં કયા કયા કાર્યક્રમો યોજવામાં આવ્યા, અને

**જવાબ**

(૧) વર્ષ–૨૦૧૧માં યોજાયેલ કૃષિ મહોત્સવ દરમ્યાન બનાસકાંઠા જિલ્લામાં કૃષિ ખાતા યોજવામાં આવેલ કાર્યક્રમોની વિગત નીચે પ્રમાણે છે.

- કૃષિ, બાગાયતની અને પશુપાલન કિટ્સનું વિતરણ.
- જમીનના નવા નમુના લેવા તેમજ સોઈલ હેલ્થ કાર્ડના વિતરણનો કાર્યક્રમ.
- ડ્રીપ ઈરીગેશન, ખેત તલાવડી.
- કૃષિ અધિકારી/વૈજ્ઞાનિકશ્રીઓ દ્વારા ખેડૂતોને આધુનિક કૃષિ તાંત્રિકતા અંગે વ્યક્તિગત તથા સામુહિક માર્ગદર્શન.
- ખેત ઓજાર નિદર્શન આયોજન.
- બાગાયતી પાકોના હાઈટેક નિદર્શન ગોઠવી પ્રત્યક્ષ માર્ગદર્શન.
- સહાય યોજના અને કૃષિ સંલગ્ન તાંત્રિક ચોપાનીયા/પુસ્તિકાનું વિતરણ.
- પશુ રસીકરણ, કૃત્રિમ બીજદાન, પશુ આરોગ્ય કેમ્પ, પશુપાલન શિબિર.
- ખેત ઉત્પન્ન બજાર સમિતિઓ દ્વારા ખેડૂત શિબિરો અને બનાસકાંઠા જિલ્લા દૂધ ઉત્પાદક સંઘ દ્વારા પશુ શિબિર.
- ખેતી વીજ જોડાણ.
- શરતફેર સ્કીમ, સાંથણી હેઠળ આપેલ જમીન, એન્ટ્રી સર્ટીફીકેશન, વાડી યોજના, વૃક્ષો અને જેટ્રોફા રોપા/બિયારણ વિતરણ.
- કીસાન ક્રેડિટ કાર્ડ, બેન્કેબલ સ્કીમ.
- ચેકડેમ, બોરીબંધ, ગામ તળાવ, સીમ તળાવ, તીર્થ ગામ, સ્વચ્છતા અભિયાન, નિર્મળ ગામ, એનએઆરઈજી જેવા સામુહીક વિકાસના કાર્યક્રમો.

(૨)આ કાર્યક્રમોનો કેટલા લાભાર્થીઓએ લાભ લીધો ?

- મત્સ્યોદ્યોગ તાલીમ.

(૨) ૮,૬૦,૮૩૩.

---------

**નર્મદા જિલ્લામાં વિધવા સહાયની અરજીઓ**

૨૪૦૩૬ **શ્રી કિશોરભાઇ વાંકાવાલા( સુરત શહેર પશ્ચિમ): માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧)તા. ૩૧–૧૨–૨૦૧૧ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નર્મદા જિલ્લામાં તાલુકાવાર વિધવા સહાય મેળવવા કેટલી અરજીઓ મળી,

(૧) ૧૯૨ અરજીઓ

| ક્રમ | તાલુકો | મળેલ અરજીઓ |
|---|---|---|
| ૧ | નાંદોદ | ૭૨ |
| ૨ | તિલકવાડા | ૨૪ |
| ૩ | દેડીયાપાડા | ૭૫ |
| ૪ | સાગબારા | ૨૧ |
| | કુલ | ૧૯૨ |

(૨)મળેલ અરજીઓ પૈકી વર્ષવાર કેટલી મંજૂર કરી વિધવા સહાયના લાભો આપવામાં આવ્યા, અને

(૨)

| ક્રમ | સમયગાળો | મંજૂર અરજીઓ |
|---|---|---|
| ૧ | ૧–૧–૧૦ થી ૩૧–૧૨–૧૦ સુધી | ૪૭ |
| ૨ | ૧–૧–૧૧ થી ૩૧–૧૨–૧૧ સુધી | ૯૫ |
| કુલ | | ૧૪૨ |

(૩)બાકી રહેતી અરજીઓનો કેટલા સમયમાં નિકાલ કરી લાભ આપવામાં આવશે ?

(૩) ૫૧ અરજીઓ નામંજૂર કરતા કોઈ અરજી પડતર નથી.

---------

**કચ્છ જિલ્લામાં પિયત હેતુ માટે કૂવો કે બોર કરવા માટે જમીન ફાળવવા બાબત**

૨૪૧૯૮ **શ્રી જયંતિલાલ પ. ભાનુશાળી(અબડાસા): માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

કચ્છ જિલ્લામાં પિયત હેતુ માટે કૂવા કે બોર કરવા માટે બે ગુંઠા જમીન ફાળવવાની સત્તાઓ હાલ કલેક્ટર હસ્તક છે. તે સત્તાઓ મામલતદાર કે પ્રાન્ત અધિકારીને સોંપવાની દરખાસ્ત સરકારની વિચારણા હેઠળ છે તે હકીકત સાચી છે ?

કચ્છ જિલ્લામાં કચ્છના દુર્ગમ વિસ્તારને લક્ષમાં લઈ ખેડૂતોને પડતી અગવડતા નિવારવા માટે પ્રજાલક્ષી કલ્યાણના પગલાં તરીકે ગ્રામ્ય વિસ્તાર માટે પિયત હેતુ માટે કૂવા કે બોર માટે બે ગુંઠા જમીન ફાળવવાની સત્તા કલેક્ટરશ્રી દ્વારા તા. ૧૭–૧–૨૦૧૨થી પ્રાન્ત અધિકારીને સોંપવામાં આવેલ છે.

---------

**અમરેલી જિલ્લામાં વિધવા સહાયની અરજીઓ**

૨૪૦૩૩ **શ્રી હીરાભાઇ ઓ. સોલંકી(રાજુલા): માનનીય મહિલા અને બાળકલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧)તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમરેલી જિલ્લામાં તાલુકાવાર

(૧) ૬૩૨ અરજીઓ

| ક્રમ | તાલુકાનું નામ | મળેલ અરજીઓ |
|---|---|---|
| ૧ | રાજુલા | ૯૭ |

વિધવા સહાય મેળવવા કેટલી અરજીઓ મળી,

| | | |
|---|---|---|
| ૨ | જાફરાબાદ | ૩૯ |
| ૩ | ધારી | ૩૫ |
| ૪ | ખાંભા | ૨૧ |
| ૫ | અમરેલી | ૧૫૦ |
| ૬ | સાવરકુંડલા | ૯૬ |
| ૭ | બગસરા | ૩૦ |
| ૮ | વડીયા | ૫૧ |
| ૯ | બાબરા | ૩૭ |
| ૧૦ | લાઠી | ૫૪ |
| ૧૧ | લીલીયા | ૨૨ |
| | **કુલ સરવાળો** | **૬૩૨** |

(૨)મળેલ અરજીઓ પૈકી વર્ષવાર કેટલી મંજૂર કરી વિધવા સહાયના લાભો આપવામાં આવ્યા, અને

| (૨) | ક્રમ | સમયગાળો | મંજૂર અરજીઓ |
|---|---|---|---|
| | ૧ | તા. ૦૧-૦૧-૨૦૧૦ થી તા. ૩૧-૧૨-૨૦૧૦ સુધી | ૨૦૬ |
| | ૨ | તા. ૦૧-૦૧-૨૦૧૧ થી તા. ૩૧-૧૨-૨૦૧૧ સુધી | ૧૬૭ |
| | | **કુલ** | **૩૭૩** |

(૩)બાકી રહેતી અરજીઓનો કેટલા સમયમાં નિકાલ કરી લાભ આપવામાં આવશે ?

(૩) ૧૭૭ અરજીઓ નામંજૂર થતાં બાકી રહેલ ૮૨ અરજીઓનો વહેલી તકે નિકાલ કરવામાં આવશે.

---------

## વડોદરા જિલ્લામાં પ્રાથમિક શાળાના નવા ઓરડા

૨૪૦૮૩ **શ્રી ભૂપેન્દ્રભાઇ ગ. લાખાવાળા( વડોદરા શહેર): માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧)વડોદરા જિલ્લાની સરકારી પ્રાથમિક શાળાઓમાં તા. ૩૧-૧૨-૨૦૧૧ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બાંધવામાં આવેલ નવા ઓરડાની સંખ્યા કેટલી છે, અને

(૨)તે પાછળ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) છેલ્લા બે વર્ષમાં બાંધવામાં આવેલ નવા ઓરડાની સંખ્યા નીચે મુજબ છે.

| વર્ષ | ઓરડાની સંખ્યા |
|---|---|
| ૨૦૦૯-૧૦ | ૧૭૬ |
| ૨૦૧૦-૧૧ | ૪૭૨ |
| કુલ | ૬૪૮ |

(૨) તે પાછળ નીચે મુજબ ખર્ચ કરવામાં આવેલ છે.

| વર્ષ | ખર્ચ (` લાખમાં) |
|---|---|
| ૨૦૦૯-૧૦ | ૭૦૮.૮૦ |
| ૨૦૧૦-૧૧ | ૧૯૨૧.૫૩ |
| કુલ | **૨૬૩૦.૩૩** |

---------

## જામનગર જિલ્લામાં જમીન માપણી

૨૩૯૮૭ **શ્રી લાલજીભાઇ પ્રે. સોલંકી(જામનગર ગ્રામ્ય): માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧)જામનગર જિલ્લામાં મહેસૂલી જમીનની માપણી છેલ્લે ક્યારે કરવામાં આવી, અને | (૧) જામનગર જિલ્લામાં મહેસૂલી જમીનની માપણીની કાર્યવાહી સને ૧૮૭૮ થી ૧૯૦૩ના સમયગાળા દરમ્યાન કરવામાં આવેલ છે. |
| (૨)નવેસરથી માપણી કયારે કરવામાં આવનાર છે ? | (૨) જામનગર જિલ્લામાં નવેસરથી રી સરવે માપણી કામ સને ૨૦૧૦ થી શરૂ કરવામાં આવેલ છે. |

---------

**પોરબંદર મત્સ્ય બંદરના વિકાસના પગલાં**

૨૪૧૩૩ **શ્રી કાળુભાઇ ચ. રાઠોડ(ઉના): માનનીય મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧)પોરબંદર મત્સ્ય બંદર વિકાસ અર્થે રાજ્ય સરકારે કોઈ પગલાં લીધા છે તે હકીકત સાચી છે, અને | (૧) હા, જી. |
| ૨૦૧૦–૧૧ | ૨૯૮ |
| **કુલ** | **૪૨૪** |

(૨)તે પાછળ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

(૨) તે પાછળ નીચે મુજબ ખર્ચ કરવામાં આવેલ છે.

| **વર્ષ** | **ખર્ચ (`.લાખમાં)** |
|---|---|
| ૨૦૦૯–૧૦ | ૪૭૭.૮૭ |
| ૨૦૧૦–૧૧ | ૧૨૮૪.૩૮ |
| **કુલ** | **૧૭૬૨.૨૫** |

---------

## સર્વ શિક્ષા અભિયાન પ્રાથમિક શાળાઓનું બાંધકામ

૨૫૯૪૨ **શ્રી રણછોડભાઇ ક. મેર(ધંધુકા): માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧)સર્વ શિક્ષા અભિયાન હેઠળ તા.૩૧–૧૨–૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં અમદાવાદ જિલ્લામાં તાલુકાવાર કેટલી પ્રાથમિક શાળાઓનું બાંધકામ હાથ ધરવામાં આવ્યું, અને | (૧)છેલ્લા ત્રણ વર્ષમાં અમદાવાદ જિલ્લામાં વિરમગામ તાલુકામાં ૧(એક) પ્રાથમિક શાળનું બાંધકામ હાથ ધરવામાં આવ્યું. જે **પત્રક–૧** માં દર્શાવેલ છે. |
| (૨)તે પૈકી કેટલી શાળાની કામગીરી પૂર્ણ થઈ અને કેટલી બાકી છે ? | (૨)તે પૈકી વિરમગામ તાલુકાની ૧ શાળાનું બાંધકામ પૂર્ણ કરેલ છે અન્ય કોઇ શાળાનું બાંધકામ બાકી નથી. |

**પત્રક–૧**

## તા.૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ અમદાવાદ જિલ્લાની તાલુકાવાર શાળાઓના બાંધકામની વિગત દર્શાવતું પત્રક

| ક્રમ | તાલુકાનું નામ | તા.૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષની વિગત | | | | | | | | | તા.૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | ૨૦૦૮-૦૯ | | | ૨૦૦૯-૧૦ | | | ૨૦૧૦-૧૧ | | | ૨૦૧૧-૧૨ | | |
| | | કુલ | પુર્ણ | પ્રગતિ | કુલ | પુર્ણ | પ્રગતિ | કુલ | પુર્ણ | પ્રગતિ | કુલ | પુર્ણ | પ્રગતિ |
| ૧ | બરવાળા | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૨ | બાવળા | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૩ | સીટી | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૪ | દસક્રોઈ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૫ | દેત્રોજ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૬ | ધંધુકા | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૭ | ધોળકા | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૮ | માંડલ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૯ | રાણપુર | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૦ | સાણંદ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૧ | વિરમગામ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ |
| **કુલ :** | | **૦** | **૦** | **૦** | **૦** | **૦** | **૦** | **૧** | **૧** | **૦** | **૦** | **૦** | **૦** |

---------

## અદાણી ગૃપને સેઝ માટે ફાળવવામાં આવેલ જમીન

૨૫૩૪૬ **શ્રી રામસિંહ પ્ર. પરમાર( ઠાસરા): માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧)તા.૩૧-૧૨-૧૧ની સ્થિતિએ રાજ્યમાં અદાણી ગૃપને સેઝ માટે રાજ્ય સરકારે જમીન ફાળવેલ છે, અને

(૨)જો હા, તો આ સેઝ માટે કયા કયા ગામની કેટલી જમીન શા ભાવથી ફાળવવામાં આવી છે ?

**જવાબ**

(૧)હા જી,

(૨)આ સાથેના પત્રકના કોલમ-(૩) માં દર્શાવેલ ગામની, કોલમ-(૪) માં દર્શાવેલ જમીન, કેલમ(૫) માં દર્શાવેલ ભાવથી ફાળવવામાં આવી છે.

### પત્રક

| ક્રમ | અરજદારનું નામ/સરનામું | ગામ/તાલુકો | વિસ્તાર (ચો.મી.) | ભાવ પ્રતિ ચો.મી. |
|---|---|---|---|---|
| ૧ | શ્રી મુંદરા સ્પેશીયલ ઈકો. ઝોન લી. | ટુન્ડા, તા.મુંદરા | ૪૫૪૬૩૩૪ | ૧/- |
| ૨ | -"- | ટુન્ડા, તા.મુંદરા | ૮૫૩૮૯૧ | ૧.૨૫./- |
| ૩ | શ્રી મુંદરા સ્પેશીયલ ઈકો. ઝોન લી. | નવીનાળ તા.મુંદરા | ૧૪૫૨૭૬૫ | ૪/- |
| ૪ | -"- | રાઘા, તા.મુંદરા | ૭૮૨૩૮૪ | ૮/- |
| ૫ | -"- | લુણી, તા.મુંદરા | ૧૪૯૪૦૫૦ | ૮/- |
| ૬ | -"- | લુણી, તા.મુંદરા | ૧૨૦૦૭૫૫ | ૮/- |
| ૭ | -"- | ભદ્રેશ્વર, તા.મુંદરા | ૨૮૫૩૦૦ | ૬/- |
| ૮ | -"- | શીરાચા, તા.મુંદરા | ૮૩૩૬૮૨ | ૨/- |
| ૯ | -"- | શીરાચા, તા.મુંદરા | ૩૦૧૮૫૫૦ | ૨.૫૦/- |
| ૧૦ | -"- | શેખડીયા, તા.મુંદરા | ૧૩૦૦૫૦૧ | ૮/- |
| ૧૧ | -"- | ગોએરસમા, તા.મુંદરા | ૧૮૯૨૫૯૫ | ૧૦/- |
| ૧૨ | -"- | બારોઈ, તા.મુંદરા | ૨૧૭૦૧૬ | ૧૦/- |
| ૧૩ | -"- | ગુંદાલા, તા.મુંદરા | ૭૭૦૧૪૨ | ૮.૫૦/- |
| ૧૪ | -"- | ધ્રબ, તા.મુંદરા | ૧૦૫૦૧૯૩ | ૨૫/- |
| ૧૫ | શ્રી મુંદરા સ્પેશીયલ ઈકો. ઝોન લી. | નવીનાળ, તા.મુંદરા | ૯૩૪૮૯૯ | ૪/- |
| ૧૬ | -"- | લુણી, તા.મુંદરા | ૭૩૯૩૮૦ | ૮/- |
| ૧૭ | -"- | બારોઈ, તા.મુંદરા | ૨૦૨૩૫૦ | ૧૦/- |
| ૧૮ | -"- | ગોએસમા, તા.મુંદરા | ૨૭૦૧૫૧ | ૧૦/- |
| ૧૯ | -"- | મુંદરા, તા.મુંદરા | ૪૯૧૭૫૦૯ | ૨૫/- |
| ૨૦ | -"- | શીરાચા, તા.મુંદરા | ૪૦૬૯૧૫ | ૪/- |
| ૨૧ | -"- | વડાલા, તા.મુંદરા | ૨૭૬૨૬૮૦ | ૬/- |
| ૨૨ | -"- | ગુંદાલા, તા.મુંદરા | ૧૪૯૪૨૯ | ૧૦/- |
| ૨૩ | -"- | મોખા, તા.મુંદરા | ૪૧૯૦૬૩ | ૮/- |
| ૨૪ | -"- | ધ્રબ, તા.મુંદરા | ૧૪૧૬૪૧ | ૨૫/- |
| ૨૫ | -"- | ઝરપરા, તા.મુંદરા | ૯૨૨૭૧૬ | ૨૫/- |

| ક્રમ | અરજદારનું નામ/સરનામું | ગામ/તાલુકો | વિસ્તાર (ચો.મી.) | ભાવ પ્રતિ ચો.મી. |
|---|---|---|---|---|
| ૨૬ | –"– | મુંદરા, તા.મુંદરા | ૬૦૭૦૫૦૦ | ૨૫/- |
| ૨૭ | –"– | ટુંડા, નવીનાળ, શિરાચા, ઝરપરા, ધ્રબ | ૯૩૯૩૪૨૦ | ૫/- ૧૦.૫ |
| ૨૮ | –"– | ધ્રબ, તા.મુંદરા | ૧૬૧૮૮૦ | ૩૨/- |
| ૨૯ | –"– | ઝરપરા, તા.મુંદરા | ૪૦૨૨૪૦૨ | ૧૧/- |
| ૩૦ | શ્રી મુંદરા પોર્ટ એન્ડ એસ.ઈ.ઝેડ લી. (ગુજરાત અદાણી પોર્ટ લી.) | મુંદરા તાલુકાના ૧૦ ગામો તથા અંજાર તાલુકાના ૬ ગામો | ૩૪૪૩૭૨૬ | ૧.૪૦/- |

–––––––––

## આમલીયારા તા. સીટી, જી.વડોદરાની જમીન ગેરકાયદેસર રીતે નામ કમી કરવા બાબત

૨૩૮૧૫ **શ્રી દેવજીભાઇ ગો. ફતેપરા(હળવદ): માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧)સન ૨૦૧૦–૧૧ અને ૨૦૧૧–૧૨ દરમ્યાન વડોદરા જિલ્લા જમીન તકેદારી સમિતિ સમક્ષ મોજે. આમલીયા, તા.સીટી, જિ.વડોદરાની ખેતી વિષયક આરક્ષિત જમીન, જમીન મહેસૂલ અધિનિયમ હેઠળ નિયંત્રણો, મર્યાદાહક્ક વાળી ચાકરીયાત નવી અને અવિભાજ્ય સદરના ખાતાની તમામ જમીન મૂળ ખેડૂત ખાતેદાર પછાતપણા અને અભણતાનો લાભ લઈ અન્ય સવર્ણ વર્ગના ઈસમ દ્ધારા સીધી–લીટીના વારસદારોનાં નામ કમી કરી અને કાયદાની જોગવાઈનુસાર કલેક્ટરશ્રીની પૂર્વ–મંજૂરી મેળવ્યા સિવાય બેનામી વસીયતનામામાંથી તબદીલ કર્યાની ફરિયાદ મળેલ છે કે કેમ,

(૨)જો હા, હોય તો નામ. ગુજરાત હાઈ કોર્ટના તા.૫–૮–૧૧ના રોજ જાહેર થયેલા ચુકાદાનુસાર તત્કાલીન કલેક્ટરશ્રીએ તેમના તાબા હેઠળના તમામ મામલતદારશ્રીઓને પરિપત્ર પાઠવી વસીયતનામામાંથી ખેડૂત–ખાતેદારો થયાના વ્યવહાર રદ કરવાના આદેશો જારી કર્યા હોવા છતાં ઉપરોકત કિસ્સામાં તેનો અમલ ન થવાના શા કારણો છે,

(૩)કસુરવારો સામે શા પગલાં લેવા માંગે છે અને મૂળ સીધી લીટીના વારસદારોને/ખાતેદારોને જમીન કયારે પરત કરવામાં આવનાર છે ?

**જવાબ**

(૧)ના જી.

(૨)પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩)પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

–––––––––

## રાઇટ ટુ એજ્યુકેશન એકટનો સંપૂર્ણ અમલ

૨૪૩૯૪ **શ્રી પુનાભાઇ ઢે. ગામીત( વ્યારા): માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

રાજ્ય સરકારે રાજ્યમાં રાઇટ ટુ એજ્યુકેશન ૨૦૦૯– એકટની જોગવાઇઓનો સંપૂર્ણ રીતે કયારથી લાગુ પાડવાનો નિર્ણય કરેલ છે ?

**જવાબ**

કેન્દ્ર સરકાર જવાબદારી પ્રમાણેના નાણા રાજ્ય સરકારને ઉપલબ્ધ કરાવશે તે પ્રમાણે અમલ કરવામાં આવશે.

## સાબરકાંઠા જિલ્લામાં યોજાયેલ ખેડૂત શિબિરો

૨૪૧૫૬ **શ્રી ભરતસિંહજી શં. ડાભી(ખેરાલુ): માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧)સરકાર દ્વારા વર્ષ ૨૦૧૧–૧૨માં તા.૩૧–૧૨–૨૦૧૧ સુધીમાં સાબરકાંઠા જિલ્લામાં કુલ કેટલી ખેડૂત શિબિરો યોજવામાં આવી, | (૧)૧૯ શિબિરો. |
| (૨)આ શિબિરોનો કેટલા ખેડૂતોએ લાભ લીધો, અને | (૨)૨૬૨૫ ખેડૂતો. |
| (૩)તે પેટે કુલ કેટલું ખર્ચ થયું ? | (૩)` ૨,૮૪,૮૪૨/- |

---------

## આર.ટી.ઇ. એકટનો સંપૂર્ણ અમલ

૨૫૩૦૨ **શ્રી પરંજ્યાદિત્યસિંહજી કૃ. પરમાર( સંતરામપુર): માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તા.૩૧–૧૨–૨૦૧૧ ની સ્થિતિએ શિક્ષણનો અધિકાર આપતો આર.ટી.ઈ.નો કાયદો રાજ્યમાં પૂર્ણતઃ રીતે કયારથી લાગુ પાડવામાં આવશે ? | કેન્દ્ર સરકાર પોતાની જવાબદારી પ્રમાણેના નાણા રાજ્ય સરકારને ઉપલબ્ધ કરાવશે તે પ્રમાણે અમલ કરવામાં આવશે. |

## મુખ્યમંત્રીશ્રીના સદભાવના મીશન સંદર્ભે પરિપત્ર

૨૪૯૯૮ **શ્રી મોહનસિંહ છો. રાઠવા( જેતપુર-પાવી): માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧)તા.૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા છ માસમાં શિક્ષણ વિભાગ દ્વારા મુખ્યમંત્રીશ્રીના સદભાવના મીશન અન્વયે ઉપવાસ શરૂ થાય તેના એક સપ્તાહ પહેલા શાળાઓને પ્રભાતફેરી સહિત વિવિધ કાર્યક્રમો યોજવા દરેક જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓને સુચના પરિપત્રો કયારે આપવામાં આવી, અને | (૧)આવી સુચનાઓ સ્વર્ગસ્થ શ્રી રાજીવ ગાંધીના જન્મ દિવસે (૨૦ ઓગસ્ટ) તેમજ 'કોમી એકતા સપ્તાહ ' (૧૯ થી ૨૫ નવેમ્બર) અન્વયે ભારત સરકાર દ્વારા પણ આપવામાં આવી છે. તે જ ધોરણે તા.૦૭–૧૦–૨૦૧૧ના પરિપત્રથી ગુજરાત રાજ્યની વિકાસયાત્રા વધુ વેગવંતી બને તેમજ શાંતિ, એકતા અને સદભાવનાને વધુ બળવત્તર બનાવવાના હેતુથી અને વિકાસ અને સદભાવના અંગેના યુવાનો અને વિદ્યાર્થીઓના વિચારો જાણવા માટે સુચના આપવામાં આવી. |
| (૨)માન. મુખ્યમંત્રીશ્રીના સદભાવના ઉપવાસ મીશન કાર્યક્રમ સરકારી છે. તેવો આદેશ કે જાણ શિક્ષણ વિભાગને કોના તરફથી કયારે મળી ? | (૨)સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગ તેમજ રમત ગમત યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ વિભાગ તરફથી. |

## તાપી જિલ્લામાં ખેડૂત અકસ્માત વીમા હેઠળ અરજીઓ

૨૪૧૩૭ **શ્રી નરેશભાઇ મ. પટેલ( ચીખલી): માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧)તાપી જિલ્લામાં તા.૧–૪–૨૦૦૮ થી ૩૧–૩–૧૧ સુધીમાં ખાતેદાર ખેડૂત અકસ્માત વિમા યોજના અન્વયે કેટલી અરજીઓ મળી, | (૧)૩૭ અરજીઓ. |

| | |
|---|---|
| (૨) તે પૈકી તા.૩૧-૧૨-૧૧ સુધીમાં સદર યોજના હેઠળ કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૨૭ અરજીઓ. |
| (૩) તે પેટે કુલ કેટલી સહાય ચૂકવવામાં આવી ? | (૩) ` ૨૭,૦૦,૦૦૦/- |

---------

## આર.ટી.ઇ. એકટનો સંપૂર્ણ અમલ

૨૫૨૫૦ **શ્રી કુંવરજીભાઇ ન. હળપતિ( બારડોલી): માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ રાઇટ ટુ એજ્યુકેશન કાયદાનો અમલ રાજ્યમાં પૂર્ણતઃ શરુ થયેલો નથી તે વાત ખરી છે, અને | (૧) હા જી, |
| (૨) જો હા, તો આના કારણો શું ? | (૨)(૧) રાઈટ ટુ એજ્યુકેશન એક્ટ-૨૦૦૯ની જુદી જુદી કલમોમાં જુદી જુદી સમય મર્યાદા છે મોટા ભાગની કલમોમાં સમય મર્યાદા તા.૩૧-૧૨-૨૦૧૩ છે.<br>(૨) અમુક કલમોની જોગવાઈઓના અમલ માટે કેન્દ્ર સરકારે જરૂરી ખર્ચ માટે નાણા આપવા, તેમાં ભાગીદારી કરવા પણ સંમત નથી જે બાબતે ભારત સરકારને રજુઆત કરવામાં આવી છે. |

---------

## પાટણ જિલ્લામાં નવા કોર્ટ અને રહેણાંકના કામો બાબત

૨૪૧૪૧ **શ્રી ભાવસિંહભાઇ ડા. રાઠોડ(સમી): માનનીય કાયદા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વર્ષ : ૨૦૧૦-૧૧ અને ૨૦૧૧-૧૨માં તા.૩૧-૧૨-૧૧ સુધીમાં પાટણ જિલ્લામાં કોર્ટ બિલ્ડીંગ અને ન્યાયિક અધિકારી/ કર્મચારીઓ માટે રહેણાંકના કામો મંજુર કરવામાં આવેલ છે કે કેમ, અને | (૧) હા જી. |
| (૨) જો હા, તો તે દરેક પેટે કેટલી રકમ મંજૂર કરવામાં આવી ? | (૨) સિધ્ધપુર નવિન કોર્ટ બિલ્ડીંગના મકાનના બાંધકામની ` ૪૮૮.૨૫ લાખની વહીવટી મંજુરી મળેલ છે. |

---------

તા.૨૯મી ફેબ્રુઆરી ૨૦૧૨
અતારાંકિત પ્રશ્નો

## મહેસૂલ પંચમાં દાહોદ જિલ્લાના પ્રશ્નો

૨૪૩૧૨ **શ્રી ચંદ્રિકાબેન છ. બારીયા( લીમખેડા): માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ દાહોદ જિલ્લાના મહેસૂલ પંચમાં કેટલા પ્રશ્નો કેટલા સમયથી પડતરમાં છે, અને

(૨) તેનો નિકાલ કેટલા સમયમાં કરવામાં આવશે ?

**જવાબ**

(૧) ૨૫ અરજીઓ.

(૨) કેસો ચલાવવાની પ્રક્રિયા અર્ધન્યાયિક પ્રક્રિયા હોઇ તેના નિકાલ માટે કોઇ સમય મર્યાદા આપવાનું શક્ય નથી.

---------

## અદાણી ગૃપને સેઝ માટે ફાળવવામાં આવેલ જમીન

૨૫૩૩૮ **શ્રી ધીરૂભાઇ ચુ. ભીલ( નસવાડી): માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૧ ની સ્થિતિએ રાજ્યમાં અદાણી ગૃપને સેઝ માટે રાજ્ય સરકારે જમીન ફાળવેલી છે, અને

(૨) જો હા, તો આ સેઝ માટે ક્યા ગામની કેટલી જમીન શા ભાવથી ફાળવવામાં આવી છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) આ સાથેના પત્રકના કોલમ–(૩) માં દર્શાવેલ ગામની, કોલમ–(૪) માં દર્શાવેલ જમીન, કોલમ–(૫) માં દર્શાવેલ ભાવથી ફાળવવામાં આવી છે.

**પત્રક**

| ક્રમ | અરજદારનું નામ/સરનામું | ગામ/તાલુકો | વિસ્તાર (ચો.મી.) | ભાવ પ્રતિ ચો.મી. |
|---|---|---|---|---|
| ૧ | શ્રી મુંદરા સ્પેશીયલ ઇકો. ઝોન લી., | ટુન્ડા, મુંદરા | ૪૫૪૬૩૩૪ | ૧/– |
| ૨ | ,, | ટુન્ડા, મુંદરા | ૮૫૩૮૯૧ | ૧.૨૫/– |
| ૩ | ,, | નવીનાળ, તા. મુંદરા | ૧૪૫૨૭૬૫ | ૪/– |
| ૪ | ,, | રાધા, તા. મુંદરા | ૭૮૨૩૮૪ | ૮/– |
| ૫ | ,, | લુણી, તા. મુંદરા | ૧૪૯૪૦૫૦ | ૮/– |
| ૬ | ,, | લુણી, તા. મુંદરા | ૧૨૦૦૭૫૫ | ૮/– |
| ૭ | ,, | ભદ્રેશ્વર, તા. મુંદરા | ૨૮૫૩૦૦ | ૬/– |
| ૮ | ,, | શીરાચા, તા. મુંદરા | ૮૩૩૬૮૨ | ૨/– |
| ૯ | ,, | શીરાચા, તા. મુંદરા | ૩૦૧૮૫૫૦ | ૨.૫૦/– |
| ૧૦ | ,, | શેખડીયા, તા. મુંદરા | ૧૩૦૦૫૦૧ | ૮/– |
| ૧૧ | ,, | ગોએરસમા, તા. મુંદરા | ૧૮૯૨૫૯૫ | ૧૦/– |
| ૧૨ | ,, | બારોઇ, તા. મુંદરા | ૨૧૭૦૧૬ | ૧૦/– |
| ૧૩ | ,, | ગુંદાલા, તા. મુંદરા | ૭૭૦૧૪૨ | ૮.૫૦/– |
| ૧૪ | ,, | ધ્રબ, તા. મુંદરા | ૧૦૫૦૧૯૩ | ૨૫/– |
| ૧૫ | ,, | નવીનાળ, તા. મુંદરા | ૯૩૪૮૯૯ | ૪/– |
| ૧૬ | ,, | લુણી, તા. મુંદરા | ૭૩૯૩૮૦ | ૮/– |
| ૧૭ | ,, | બારોઈ, તા. મુંદરા | ૨૦૨૩૫૦ | ૧૦/– |
| ૧૮ | ,, | ગોએરસમા, તા. મુંદરા | ૨૭૦૧૫૧ | ૧૦/– |
| ૧૯ | ,, | મુંદરા, તા. મુંદરા | ૪૯૧૭૫૦૯ | ૨૫/– |
| ૨૦ | ,, | શીરાચા, તા. મુંદરા | ૪૦૬૯૧૫ | ૪/– |
| ૨૧ | ,, | વડાલા, તા. મુંદરા | ૨૭૬૨૬૮૦ | ૬/– |
| ૨૨ | ,, | ગુંદાલા, તા. મુંદરા | ૧૪૯૪૨૯ | ૧૦/– |
| ૨૩ | શ્રી મુંદરા સ્પેશીયલ ઇકો. ઝોન લી., | મોખા, તા. મુંદરા | ૪૧૯૦૬૩ | ૮/– |
| ૨૪ | ,, | ધ્રબ, તા. મુંદરા | ૧૪૧૬૪૧ | ૨૫/– |
| ૨૫ | ,, | ઝરપરા, તા. મુંદરા | ૯૨૨૭૧૬ | ૨૫/– |
| ૨૬ | ,, | મુંદરા, તા. મુંદરા | ૬૦૭૦૫૦૦ | ૨૫/– |
| ૨૭ | ,, | ટુંડા,નવીનાળ,<br>શિરાચા,ઝરપરા, ધ્રબ | ૯૩૯૩૪૨૦ | ૫/–<br>૧૦.૫ |

| ક્રમ | અરજદારનું નામ/સરનામું | ગામ/તાલુકો | વિસ્તાર (ચો.મી.) | ભાવ પ્રતિ ચો.મી. |
|---|---|---|---|---|
| ૨૮ | ,, | ધ્રબ, તા. મુંદ્રા | ૧૬૧૮૮૦ | ૩૨/- |
| ૨૯ | ,, | ઝરપરા, તા. મુંદ્રા | ૪૦૨૨૪૦૨ | ૧૧/- |
| ૩૦ | શ્રી મુંદ્રા પોર્ટ એન્ડ એસ.ઈ.ઝેડ.લી. (ગુજરાત અદાણી પોર્ટ લી.) | મુંદ્રા તાલુકાના ૧૦ ગામો તથા અંજાર તાલુકાના ૬ ગામો | ૩૪૪૩૭૨૬ | ૧.૪૦/- |

---------

## પોરબંદર અને જુનાગઢ જિલ્લામાં વાવાઝોડાથી થયેલ નુકશાન

૨૪૩૩૩ **શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા(પોરબંદર): માનનીય મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સને ૨૦૧૧માં આવેલ વાવાઝોડાથી પોરબંદર અને જુનાગઢ જિલ્લામાં માછીમાર ઉદ્યોગ અને ફીશીંગ બોટોને થયેલ નુકશાન અંગે તા.૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ કોઇ સર્વે કરવામાં આવેલ છે. | (૧) હા, જી. |
| (૨) જો હા, તો કેટલી રકમના નુકશાનીનો અંદાજ સામે આવ્યો છે, અને | (૨) ` ૬,૨૩,૪૯,૨૮૫. |
| (૩) અસરગ્રસ્તોને કોઇ વળતર કે સહાય ચુકવવામાં આવી છે, અને | (૩) ના, જી. |
| (૪) જો હા, તો કેટલી રકમ જિલ્લાવાર ચુકવવામાં આવી? | (૪) પ્રશ્ન ઉભો થતો નથી. |

---------

## આણંદ જિલ્લામાં આંગણવાડી કેન્દ્રોના મકાન

૨૫૦૩૭ **શ્રી અમિતકુમાર અ. ચાવડા( બોરસદ): માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧-૨૦૧૨ ની સ્થિતિએ આણંદ જિલ્લામાં નગરપાલિકા વિસ્તારો અને ગ્રામ્ય વિસ્તારોમાં કેટલા આંગણવાડી કેન્દ્રો ચાલે છે, | (૧) નગરપાલિકા વિસ્તારોમાં - ૩૮૩<br>ગ્રામ્ય વિસ્તારોમાં -૧૫૯૬<br>**કુલઃ -૧૯૭૯** |
| (૨) તે પૈકી કેટલા કેન્દ્રોના પોતાના મકાન છે અને કેટલા ભાડાના મકાનમાં ચાલે છે, | (૨)<br>પોતાના મકાનમાં - નગરપાલિકા વિસ્તારમાં - ૧૫<br>ગ્રામ્ય વિસ્તારમાં - ૯૧૫<br>ભાડાના મકાનમાં - નગરપાલિકા વિસ્તારમાં - ૩૩૩<br>ગ્રામ્ય વિસ્તારમાં - ૪૦૪<br>આંગણવાડી અન્ય જગ્યાએ - નગરપાલિકા વિસ્તારમાં - ૩૫<br>બેસતી આંગણવાડી- ગ્રામ્ય વિસ્તારમાં - ૨૭૭<br>૧૯૭૯ |
| (૩) નગરપાલિકામાં મકાન બનાવવા જમીન ઉપલબ્ધ ન હોવાને કારણે મકાન બનાવી શકાતા નથી તે હકીકત સાચી છે, અને | (૩) હા, જી. |

| | |
|---|---|
| (૪) જો હા, તો તેના નિવારણ માટે શું આયોજન છે ? | (૪) ૧૦૦ આંગણવાડી કેન્દ્રો માટે જમીન મેળવી લીધેલ છે. ૩૮ આંગણવાડીના મકાન બાંધકામ પ્રગતિ હેઠળ છે. ૨૩૦ માટે જમીન સુનિશ્ચિત કરવાની કાર્યવાહી ચાલુ છે. |

---------

**શિક્ષણ અધિકાર કાયદાનો સંપૂર્ણ અમલ**

૨૫૩૦૩ **શ્રી મહંમદ જાવેદ અ. પીરઝાદા(વાંકાનેર): માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| શિક્ષણનો અધિકાર આપતા કાયદાને રાજ્યમાં પૂર્ણતઃ રીતે ક્યારથી લાગુ પાડવામાં આવનાર છે ? | કેન્દ્ર સરકાર પોતાની જવાબદારી પ્રમાણેના નાણા રાજ્ય સરકારને ઉપલબ્ધ કરાવશે તે પ્રમાણે અમલ કરવામાં આવશે. |

---------

**પાલારા, ભૂજ જેલમાં કેદીઓની ક્ષમતા**

૨૪૧૧૭ **ડૉ. નીમાબેન ભા. આચાર્ય (અંજાર): માનનીય જેલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) પાલારા, ભૂજ જેલમાં તા.૩૧–૧૨–૧૧ની સ્થિતિએ કેદીઓને અધિકૃત સમાવેશ સંખ્યા કેટલી, | (૧) ૫૩૦. |
| (૨) આ સમાવેશ સંખ્યા પુરતી છે કે કેમ, | (૨) હા, જી. |
| (૩) સમાવેશ સંખ્યામાં વધારો કરવા રાજ્ય સરકારે કોઇ પગલાં ભરેલ છે કે કેમ, અને | (૩) અને (૪) ખંડ ૨ નો જવાબ જોતા પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૪) જો હા, તો તેની વિગતો શી છે ? | |

---------

**નવસારી જિલ્લામાં ખેડૂત અકસ્માત વીમા હેઠળ અરજીઓ**

૨૪૧૩૫ **શ્રી લક્ષ્મણભાઇ પ. પટેલ( ગણદેવી): માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) નવસારી જિલ્લામાં તા.૧–૪–૨૦૦૮ થી તા.૩૧–૩–૧૧ સુધીમાં ખાતેદાર ખેડુત અકસ્માત વીમા યોજના અન્વયે કેટલી અરજીઓ મળી, | (૧) ૧૨૦. અરજીઓ. |
| (૨) તે પૈકી તા.૩૧–૧૨–૧૧ સુધીમાં કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, | (૨) ૯૦ અરજીઓ. |
| (૩) તે પૈકી કુલ કેટલી સહાય ચુકવવામાં આવી ? | (૩) ` ૯૦,૦૦,૦૦૦/–. |

**રાજકોટ જિલ્લામાં પ્રાથમિક શાળાના નવા ઓરડા**

૨૪૦૮૭ **શ્રીમતિ જશુબેન સ. કોરાટ(જેતપુર): માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજકોટ જિલ્લાની સરકારી પ્રાથમિક શાળાઓમાં તા.૩૧–૧૨–૨૦૧૧ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બાંધવામાં આવેલ નવા ઓરડાની | (૧) છેલ્લા બે વર્ષમાં બાંધવામાં આવેલ નવા ઓરડાની સંખ્યા નીચે મુજબ છે. |

સંખ્યા કેટલી છે, અને

| વર્ષ | ઓરડાની સંખ્યા |
|---|---|
| ૨૦૦૯-૧૦ | ૧૦૪ |
| ૨૦૧૦-૧૧ | ૪૪૯ |
| કુલઃ | ૫૫૩ |

(૨) તે પાછળ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

(૨) તે પાછળ નીચે મુજબનો ખર્ચ કરવામાં આવેલ છે.

| વર્ષ | ખર્ચ (` લાખમાં) |
|---|---|
| ૨૦૦૯-૧૦ | ૩૯૬.૩૬ |
| ૨૦૧૦-૧૧ | ૧૬૯૭.૯૫ |
| કુલઃ | ૨૦૯૪.૩૧ |

---------

## સુરેન્દ્રનગર જિલ્લામાં નવા કોર્ટ બિલ્ડીંગ અને રહેણાંકના કામને મંજુરી બાબત

૨૪૧૪૦ **શ્રી શંભુપ્રસાદ બ. ટુંડિયા(દસાડા): માનનીય કાયદા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વર્ષઃ ૨૦૧૦-૧૧ અને ૨૦૧૧-૧૨ માં તા.૩૧-૧૨-૧૧ સુધીમાં સુરેન્દ્રનગર જિલ્લામાં કોર્ટ બિલ્ડીંગ અને ન્યાયિક અધિકારી/કર્મચારીઓ માટે રહેણાંકના કામો મંજુર કરવામાં આવેલ છે કે કેમ, અને

(૨) જો હા, તો તે દરેક પેટે કેટલી રકમ મંજૂર કરવામાં આવી ?

**જવાબ**

(૧) હા, જી.

(૨)

| બાંધકામનું સ્થળ | વહીવટી મંજુરી આપેલ રકમ |
|---|---|
| ધ્રાંગધ્રા કોર્ટ, સુરેન્દ્રનગર | ૧૪,૫૪,૩૮,૮૦૦/- |
| સુરેન્દ્રનગર કોર્ટ બિલ્ડીંગ કંપાઉન્ડ વોલ | ૬,૫૬,૫૦૦/- |
| સુરેન્દ્રનગર કોર્ટ બિલ્ડીંગ પાર્કિંગ શેડ | ૬,૭૮,૭૦૦/- |
| કોર્ટ બિલ્ડીંગ રીપેરીંગ, હળવદ | ૪,૮૨,૦૦૦/- |
| લીંબડી કોર્ટ સુધારા વધારા | ૪,૧૧,૦૦૦/- |
| સુરેન્દ્રનગર કોર્ટ સુધારા વધારા | ૫,૮૨,૧૦૦/- |
| સુરેન્દ્રનગર ન્યાયિક અધિકારી/કર્મચારી રહેણાંક રીપેરીંગ | ૨,૯૯,૪૦૦/- |

--------

## કચ્છના રણમાં આર્ચિયન કેમિકલ કંપનીને ફાળવેલ જમીન

૨૫૨૨૩ **શ્રી અમરસિંહ રા. વસાવા( દેડીયાપાડા): માનનીય મહેસુલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

તા.૩૧-૧૨-૨૦૧૧ ની સ્થિતિએ કચ્છના મોટા રણમાં આર્ચિયન કેમિકલ કંપનીને કુલ કેટલી અને ક્યારે જમીન ફાળવવામાં આવી ?

**જવાબ**

તા.૩૧-૧૨-૨૦૧૧ ની સ્થિતિએ કચ્છના મોટા રણમાં આર્ચિયન કેમિકલ કંપનીને કુલ હે. ૨૪૦૨૧-૭૮ જમીન તા.૨૯-૨-૨૦૦૮ ના હુકમથી ફાળવવામાં આવી.

---------

## ધાનેરા શહેરમાં આર.ઓ.બી. પુલ

૨૪૦૭૪ **શ્રી મફતલાલ મો. પુરોહિત(ધાનેરા): માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧)તા.૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લાના ધાનેરા શહેરમાં પ્રવેશતાં આર.ઓ.બી. નો પુલ બનાવવા સરકાર દ્વારા કેટલા રૂપિયા ફાળવવામાં આવેલ છે, | (૧) ` ૧૧૦૦.૦૦ લાખ. |
| (૨)તે કામગીરી ક્યારે શરૂ કરવામાં આવેલ છે, અને | (૨) એપ્રોચની કામગીરી તા.૯–૧૧–૨૦૧૧ના રોજ શરૂ કરવામાં આવેલ છે. રેલ્વે હદના પુલની કામગીરી રેલ્વે દ્વારા કરવામાં આવશે. |
| (૩)તે ક્યારે પૂર્ણ થશે ? | (૩) એપ્રોચની કામગીરી તા.૮–૭–૨૦૧૨ ના રોજ પૂર્ણ કરવામાં આવશે. |

---------

## નર્મદા જિલ્લામાં વ્યાજ રાહત હેઠળ ખેડૂતોને લાભ

૨૪૧૦૫ **શ્રી કિરીટભાઇ ગં. પટેલ( ઓલપાડ): માનનીય સહકાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧)તા.૩૧–૧૨–૧૧ અંતિત છેલ્લા એક વર્ષમાં નર્મદા જિલ્લામાં વ્યાજરાહતની યોજના હેઠળ કેટલા ખેડૂતોને લાભ થયો, અને | (૧) ૧૮૦૯ |
| (૨)તેના કારણે ધિરાણ લેતા ખેડૂતોની સંખ્યા કેટલી વધી ? | (૨) ૯૩ |

---------

## કચ્છ જિલ્લામાં ફળ અને શાકભાજીની બનાવટો માટે સહાય

૨૪૧૫૧ **શ્રી રમેશભાઇ વ. મહેશ્વરી (મુંદ્રા): માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧)વર્ષ ૨૦૧૧–૧૨ માં તા.૩૧–૧૨–૨૦૧૧ સુધીમાં રાજ્ય સરકાર દ્વારા ફળ અને શાકભાજીની બનાવટો બનાવવા માટે કચ્છ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારની કેટલી મહિલાઓને તાલીમ આપવામાં આવી, અને | (૧) ૧૨૫ |
| (૨)તે પેટે કુલ કેટલી રકમનું ખર્ચ થયું ? | (૨) ` ૨૬૦૦૦/– |

---------

## કચ્છ જિલ્લાના ભૂજ તાલુકામાં સોલારીસ કંપનીને ફાળવેલ જમીનનો હેતુફેર

૨૫૪૮૭ **શ્રી બાબુભાઇ મે. શાહ(રાપર): માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧)છેલ્લા ત્રણ વર્ષમાં કચ્છ જિલ્લામાં ભૂજ તાલુકામાં ખાવડા નજીક મરીન કેમિકલ માટે મીઠાના ઉત્પાદનમાં હેતુસર અપાયેલ જમીનની સોલારીસ કંપનીના માલીકી ફેરબદલી અંગે કોઈ અરજી આવી છે તે હકીકત સાચી છે,

(૨)મીઠાના ઉત્પાદન અને મરીન કેમિકલના ઉત્પાદનના હેતુસર આ કંપનીને ક્યા ક્યા વખતે કેટલી જમીન કેટલા વર્ષના ભાડાપટ્ટે આપવામાં આવી, અને

(૩)છેલ્લા વર્ષમાં તા.૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ વર્ષવાર રાજ્ય સરકારની તિજોરીમાં સોલરીસ કંપની દ્વારા ભાડા પેટે કે અન્ય બાબતે કેટલી રકમની ચૂકવણી કરવામાં આવી ?

**જવાબ**

(૧) ના, જી.

(૨) –૧૯૯૪ માં ૧૦,૩૬૧ એકર જમીન ૨૦ વર્ષ માટે

–૨૦૦૫ માં ૧૦,૦૦૦ એકર જમીન ૧૦ વર્ષ માટે

– ૨૦૦૭ માં ૨૬૭૪૬ એકર જમીન ૧૦ વર્ષ માટે ભાડાપટ્ટે આપી.

(૩) સામેલ પત્રક મુજબ.

**પ ત્ર ક**

| વર્ષ | સરકારશ્રીમાં જમા કરાવેલ રકમ (રૂપિયામાં) |
|---|---|
| ૧૯૯૩–૯૪ | ૨૩૨૫૦૧૦ |
| ૨૦૦૪–૦૫ | ૨૧૧૫૨૨ |
| ૨૦૦૫–૦૬ | ૧૨૭૩૮૬૦ |
| ૨૦૦૬–૦૭ | ૧૨૭૩૮૬૦ |
| ૨૦૦૭–૦૮ | ૪૧૧૫૧૬૦ |
| ૨૦૦૮–૦૯ | ૪૧૧૫૧૬૦ |
| ૨૦૦૯–૧૦ | ૪૧૧૫૧૬૧ |
| ૨૦૧૦–૧૧ | ૪૧૧૫૧૭૬ |
| **કુલ** | **૨૧૫૪૪૯૦૯** |

---------

## ડાંગ જિલ્લામાં યોજાયેલ ખેડૂત શિબિરો

**<#M** ૨૪૧૫૩ / **શ્રી નાનુભાઇ ભ. વાનાણી( સુરત શહેર ઉત્તર): માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧)સરકાર દ્વારા વર્ષ ૨૦૧૧–૧૨ માં તા.૩૧–૧૨–૨૦૧૧ સુધીમાં ડાંગ જિલ્લામાં કુલ કેટલી ખેડૂત શિબિરો યોજવામાં આવી,

(૨)આ શિબિરોનો કેટલા ખેડૂતોએ લાભ લીધો, અને

(૩)તે પેટે કુલ કેટલું ખર્ચ થયું ?

**જવાબ**

(૧) ૩ શિબિરો.

(૨) ૩૭૬ ખેડૂતો.

(૩) ` ૩૧,૬૩૦/–

---------

## સુરત જિલ્લામાં વ્યાજરાહત હેઠળ ખેડૂતોને લાભ

૨૪૧૦૪ **શ્રીમતિ ભારતીબેન અ. રાઠોડ( કામરેજ): માનનીય સહકાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧)તા.૩૧–૧૨–૧૧ અંતિત છેલ્લા એક વર્ષમાં સુરત જિલ્લામાં વ્યાજરાહતની યોજના હેઠળ કેટલા ખેડૂતોને લાભ થયો, અને | (૧) ૪૭૯૧ |
| (૨)તેના કારણે ધિરાણ લેતા ખેડૂતોની સંખ્યા કેટલી વધી ? | (૨) ૨૧૯૭ |

---------

## કચ્છ જિલ્લામાં નેટહાઉસ સ્થાપવા સહાય

૨૪૧૪૬ **શ્રી ધનજીભાઇ  ગો. સેંઘાણી (માંડવી): માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧)વર્ષ ૨૦૧૧ માં કચ્છ જિલ્લામાં કેટલા લાભાર્થીઓને નેટ હાઉસ સ્થાપવા માટે સહાય આપવામાં આવી, અને | (૧) ૫૪ લાભાર્થી. |
| (૨)તે પેટે કુલ કેટલી રકમ ચૂકવવામાં આવી ? | (૨) ` ૧૪૪.૩૦ લાખ. |

---------

## અમદાવાદ જિલ્લામાં ગૌચરની જમીનનું વેચાણ

૨૪૩૦૦ **શ્રી શૈલેષકુમાર મ. પરમાર(શહેરકોટડા): માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧)અમદાવાદ જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૧ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં તાલુકાવાર કેટલી ગૌચરની જમીન વેચાણથી આપવામાં આવી, અને

(૨)તે અન્વયે કેટલી રકમ મળી, અને મળેલ રકમમાંથી કેટલી રકમ જમીન નવસાધ્ય કરવા ખર્ચ કરવામાં આવી ?

**જવાબ**

(૧)

| ક્રમ | તાલુકાનું નામ | ફાળવેલ જમીનનું ક્ષેત્રફળ |
|---|---|---|
| ૧ | દસક્રોઈ | ૨૯,૭૦૦ ચો.મી. |
| ૨ | સાણંદ | ૪,૯૦૦ ચો.મી. |
| | **કુલ** | **૩૪,૬૦૦ ચો.મી.** |

(૨) ` ૩,૭૩,૦૨,૫૦૦/– અને કોઈ ખર્ચ કરવામાં આવેલ નથી.

## દાહોદ તાલુકાના દાહોદ–ગલીચાવડ ખરેડી રોડ રીકાર્પેટ કરવા બાબત

૨૫૦૬૧ **શ્રી બચુભાઇ ના. કિશોરી( લીમડી): માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧)તા.૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ દાહોદ તાલુકાના દાહોદ–ગલીચાવડ ખરેડી ડામર રોડ | (૧) અને (૨) રસ્તો વાહન વ્યવહાર યોગ્ય છે. |

બિસ્માર હાલતમાં છે તે હકીકત સાચી છે, અને

(૨)જો હા, તો આ રોડ રીકાર્પેટ થાય તે માટે સરકારનું શું આયોજન છે ?

---------

**વલસાડ જિલ્લામાં નવા કોર્ટ અને રહેણાંકના મકાનોને મંજૂરી બાબત**

૨૪૧૩૯ **શ્રી અભેસિંહ મો. તડવી( સંખેડા): માનનીય કાયદા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧)વર્ષ ૨૦૧૦–૧૧ અને ૨૦૧૧–૧૨ માં તા.૩૧–૧૨–૧૧ સુધીમાં વલસાડ જિલ્લામાં કોર્ટ બિલ્ડીંગ અને ન્યાયિક અધિકારી/કર્મચારીઓ માટે રહેણાંકના કામો મંજૂર કરવામાં આવેલ છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨)જો હા, તો તે દરેક પેટે કેટલી રકમ મંજૂર કરવામાં આવી ? | (૨) કપરાડા જિલ્લો વલસાડ મુકામે નવિન કોર્ટ બિલ્ડીંગના મકાનના બાંધકામની ` ૩,૭૯,૧૯,૧૦૦/– ની વહીવટી મંજૂરી મળેલ છે. |

---------

# શોકદર્શક ઉલ્લેખ

## ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી માલજીભાઇ સગરામભાઇ ડાભીના અવસાન અંગે

**શ્રી નરેન્દ્ર દા. મોદી(સભાગૃહના નેતાશ્રી)** : મને જણાવતાં દુઃખ થાય છે કે, ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી માલજીભાઇ સગરામભાઇ ડાભીનું તારીખ ૨૨મી ડિસેમ્બર, ૨૦૧૧ના રોજ ૭૯ વર્ષની વયે દુઃખદ અવસાન થયેલ છે.

સ્વ. શ્રી ડાભીનો જન્મ તા.૮મી એપ્રિલ, ૧૯૩૨ના રોજ સાબરકાંઠા જિલ્લાના ખેડબ્રહ્મા તાલુકાના દંત્રાલ મુકામે થયો હતો. તેઓશ્રીએ વર્નાકયુલર ફાઇનલ સુધીનો અભ્યાસ કર્યો હતો અને સમાજસેવાની પ્રવૃત્તિ સાથે સંકળાયેલા હતા.

સ્વ. શ્રી ડાભીએ પોશીના ગામના સરપંચ, ખેડબ્રહ્મા તાલુકા પંચાતના પ્રમુખ, ગુજરાત રાજયના સમાજ કલ્યાણ આદિવાસી સલાહકાર સમિતિના સભ્ય તરીકે અમુલ્ય સેવાઓ આપી હતી. તેઓશ્રીએ ગુજરાત રાજયના પછાત વિસ્તારોની મુલાકાત લઇ તેમના વિકાસ માટે સરકાર સમક્ષ રજૂઆત કરી અમુલ્ય યોગદાન આપ્યું હતું. તેમજ વિવિધ ભારતી નામની સંસ્થાની સ્થાપના કરી તેના વિકાસમાં બહુ મોટો ફાળો આપ્યો હતો. તેઓશ્રીએ આદિવાસીઓમાં શૈક્ષણિક પ્રચાર, સહકાર, સુધારેલી પધ્ધતિથી ખેતી તથા ગ્રામ ઉદ્યોગો માટે પ્રચારનું કામ કર્યું હતું.

સ્વ. શ્રી ડાભીએ બીજી અને ચોથી ગુજરાત વિધાનસભામાં ખેડબ્રહ્મા મત વિસ્તારના ધારાસભ્ય તરીકે લોકોનું પ્રતિનિધિત્વ કર્યું હતું.

સ્વ. શ્રી ડાભી આદિવાસીઓના તેમજ અન્ય પછાત કોમોના ઉત્કર્ષમાં તથા પંચાયત અને સહકારી પ્રવૃત્તિઓમાં ઉંડો રસ ધરાવતા હતા.

તેઓશ્રીના અવસાનથી રાજયને એમ ઉમદા સમાજ સેવક ગુમાવ્યા છે.

પ્રભુ સદ્ ગતના આત્માને શાશ્વત શાંતિ અર્પે તેવી આપણે સૌ પ્રાર્થના કરીએ અને આપશ્રી મારફતે તેઓશ્રીના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશનો પાઠવીએ.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ(વિરોધપક્ષના નેતાશ્રી)** : માનચ અધ્યક્ષશ્રી, માનનીય મુખ્ય મંત્રીશ્રી પૂર્વ સભ્યશ્રી સ્વ. માલજીભાઇ સગરામભાઇ ડાભીનો શોકદર્શક ઉલ્લેખ લઇને આવ્યા છે એમાં હું મારો સુર પૂરાવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, સ્વ. માલજીભાઇ ૭૯ વર્ષની જૈફ વયે આપણા સૌના વચ્ચેથી વિદાય થયા છે. એમણે આદિવાસી વિસ્તારમાં શિક્ષણ અને સમાજ સુધારા માટે જે કામો કરેલાં હતાં એ કામો ચિરંજીવી રહેશે. સ્વ. શ્રી ડાભીએ બીજી અને ચોથી ગુજરાત વિધાનસભામાં એક સબળ પ્રતિનિધિત્વ એ વિસ્તારના લોકોના પ્રશ્નો માટે કર્યું હતું. એમના અવસાનથી એમના પરિવારજનો પર આવી પડેલા દુઃખને ઇશ્વર સહન કરવાની શકિત અર્પે એજ પ્રાર્થના સાથે હું સ્વર્ગસ્થ માલજીભાઇ ડાભીને આપના સૌના વતી સ્મરણાંજલી અર્પીને વિરમું છું.

**ડો.અનિલ જોષીયારા(ભા.રા.કોં):** માનનીય અધ્યક્ષશ્રી, સ્વર્ગસ્થ માલજીભાઇ ડાભી મારા સાબરકાંઠા જિલ્લાના મારા આદિવાસી વિસ્તારમાં અને સાવ પછાત ગામમાં જન્મેલા અને ફાઇનલ સુધી અભ્યાસ કરેલા અને ભણવામાં ખૂબ જ હોંશિયાર. માનનીય અધ્યક્ષશ્રી, એમણે એમની જીવનની કારકિર્દી પંચાયતના સરપંચના પદથી ચાલુ કરી. એમના પિતાશ્રી સંગ્રામભાઇ મુખી હતા એટલે ગામના એક આગેવાન હતા અને એમની પ્રેરણા લઇને તેઓ આ સેવાની પ્રવૃત્તિમાં જોડાયા. સરપંચમાંથી ધીરે ધીરે સેવાનું કામ કરતા કરતા તેઓ તાલુકા પંચાયતના પ્રમુખ થયા અને લગભગ ૨૦ વર્ષ જેટલો સમય તાલુકા પંચાયતના પ્રમુખ રહ્યા અને પછી ધારાસભ્ય પણ બે ટર્મ સુધી રહ્યા. એમની પાસે જે શીખવા જેવી બાબત હતી એ તેઓ ત્યાંથી ગાંધીનગર આવે તો બસમાં બેસીને આવતા અને એમના પૂરા જીવન દરમ્યાન અત્યાર સુધી સાઇકલથી ઉપર કોઇ સાધન વસાવી શક્યા નથી. એમના ચાર દિકરાઓ છે હજી પણ ખેતી કરે છે, બે દિકરાઓ છે એ પટાવાળા જેવી નોકરી કરે છે. એટલે અત્યારે આમ જોઇએ તો ધારાસભ્ય થાય એટલે પછી એની જે સ્થિતિ છે એ આપણે સમયમાં જોઇએ તો ઘણો ફેરફાર થઇ જતો હોય છે પણ એમની જે સેવાની પ્રવૃત્તિ હતી, એમનું જે કાર્ય હતું એ ખૂબ ઉમદા હતું અને એ આપણને સૌને સદાય માટે યાદ રહે એવું છે અને આ જે મુખ્યમંત્રીશ્રી શોક ઠરાવ લાવ્યા છે અને અમારા નેતાશ્રીએ પણ જેને અનુમોદન આપ્યું છે એમાં મારો સૂર પૂરાવી હું વિરમુ છું.

**શ્રી અશ્વિન કોટવાલ(ભા.રા.કોં)** : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના નેતા જે શોક દર્શક ઠરાવ લઇને આવ્યા છે અને અમારા નેતાશ્રીએ અને ડો. અનિલ જોષીયારાસાહેબે એને અનુમોદન આપ્યું છે અને ને શ્રધ્ધાંજલિ પાઠવી છે ત્યારે મારા મત વિસ્તાર ખેડબ્રહ્માથી બે વાર ચૂંટાઇને આવેલા સ્વર્ગસ્થ માલજીભાઇ ડાભીનો સાબરકાંઠા જિલ્લાના ખેડબ્રહ્મા તાલુકાના દંતાલ ગામે ગરીબ આદિવાસી પરિવારમાં ૮મી એપ્રિલ ૧૯૩૨ના રોજ માતા ભુરીબેનની કોખે જન્મ થયો હતો. એમના પિતાશ્રીએ સંગ્રામભાઇએ પોતાના ગામમાં પોતાના જ મકાનમાં પ્રાથમિક શાળાની શરૂઆત કરી હતી અને પહેલું ધોરણ દંતાલ ગામની પ્રાથમિક શાળામાં જ માલજીભાઇએ અભ્યાસ કર્યો હતો ત્યાર બાદ પોતે હોંશિયાર હોવાથી આ વિસ્તારમાં આદિવાસી સેવા કરતા ગાંધીવાદી આગેવાન નંદુગુરુજી તેઓને અભ્યાસઅર્થે ખેડબ્રહ્મા ખાતે સેવા નિકેતન આશ્રમમાં લઇ ગયા હતા અને ફાઇનલ સુધી ત્યાંજ અભ્યાસ કર્યો હતો. સેવા નિકેતનમાં ફાઇનલ પાસ કર્યા પછી સ્વ. માલજીભાઇ ડાભીને આજ સ્કૂલમાં શ્રી નંદુગુરુજીએ તેમને શિક્ષક તરીકે રાખ્યા હતા. ત્યાર પછી તેઓશ્રીએ નંદુગુરુજીના આશ્રમમાંથી પાટડિયા પ્રાથમિક શાળામાં લાંબા સમય સુધી તેમણે પ્રાથમિક શાળાના શિક્ષક તરીકે સેવા આપી હતી. નોકરીની સાથે સાથે તેઓશ્રીએ આદિવાસી વિસ્તારની સેવા કરવાની પ્રવૃત્તિ શરૂ કરી અને આ વિસ્તારમાં શૈક્ષણિક સેવાની પ્રવૃત્તિ ચાલુ કરવા માટે વિવિધ ભારતી નામની સંસ્થા ચાલુ કરી હતી અને સંસ્થા દ્વારા હાઇસ્કૂલ અને આશ્રમશાળાઓ તમણે શરૂ કરી હતી. તેઓ ગુજરાત વિધાનસભાના યુવાન વયે બીજી અને ચોથી ગુજરાત વિધાનસભાના સભ્ય બન્યા હતા અને આ વિસ્તારના પ્રશ્નોની નીડરપણે તેઓએ વિધાનસભામાં રજૂઆત કરી તેઓને પ્રશ્નોનો નિકાલ પણ કર્યો હતો. સ્વ.માલજીભાઇ ડાભી ખેડબ્રહ્મા તાલુકા પંચાયતના પ્રમુખ પદે પણ દસ વર્ષ સુધી બિરાજમાન રહ્યા હતા અને પોસીના જે ખેડબ્રહ્મા તાલુકાની મોટામાં મોટી પંચાયત છે તેના સરપંચ પણ તેઓ પોતે બન્યા હતા.

પોસીના વિસ્તારની જે સહકારી મંડળી ૭૦ ગામોની સહકારી મંડળી ગણાય છે એ સહકારી મંડળીના લાંબો સમય સુધી એટલે કે ૩૦ વરસ સુધી ચેરમેન તરીકે રહ્યા હતા. સ્વ.નંદુગુરુજીના અવસાનથી શ્રી સેવા નિકેતન જે સંસ્થા છે જેના નંદુગુરુજી ચેરમેન હતા પણ સ્વ.નંદુગુરુજીના અવસાન પછી શ્રી માલજીભાઇની સેવા નિકેતનના ચેરમેન પદે વરણી થઇ હતી અને આ સંસ્થા દ્વારા અનેક આશ્રમશાળાઓ–છાત્રાલયો ચાલતી હતી અને એમણે તેના દ્વારા આદિવાસી વિદ્યાર્થીઓને ભણાવવા મહેનત કરી હતી. માનનીય અધ્યક્ષશ્રી, તેઓએ ખેડબ્રહ્મા તાલુકા કોંગ્રેસ સમિતિના પ્રમુખ તરીકે પણ લાંબો સમય ખેડબ્રહ્મામાં સેવા આપી હતી. તેઓ પોતાની પેટની બિમારીના લીધે થોડા સમય સુધી પથારીમાં રહ્યા હતા. તેઓ મૃત્યુ સામે હંમેશા લડતા રહ્યાં. જ્યારે હું મારા માણસો સાથે એમની ખબર કાઢવા ગયો ત્યારે માલજીકાકા પથારીમાં હોવા છતાં એમનામાં સમાજની સેવા કરવાની ધગશ હતી તે વખતે પણ તેઓ પોતે હિંમત હાર્યા નહોતા. આમ તેઓશ્રીના અવસાનથી તેઓશ્રીના ત્રણ દીકરાઓ અને એક દીકરી અને તેમના ધર્મપત્ની અને દંત્રાલ ગામને અને આદિવાસી સમાજે એક સમાજસેવક ગુમાવ્યો છે તેવો મોટો અફસોસ થાય છે ભગવાન તેઓ સૌને દુઃખ સહન કરવાની શક્તિ આપે એવી આશા સાથે આ પરિવારને આપના દ્વારા શોકસંદેશો પાઠવવામાં આવે એવી ખાસ વિનંતી કરું છું.

**અધ્યક્ષશ્રી** : આ ગૃહના પૂર્વ સભ્યશ્રી માલજીભાઇ સગરામભાઇ ડાભીના અવસાન અંગે ગૃહના નેતા તરફથી રજૂ થયેલ અને વિરોધપક્ષના નેતા તરફથી અનુમોદન થયેલ શોક પ્રસ્તાવમાં હું મારો સૂર પૂરાવું છું. સ્વ. શ્રી ડાભીએ બીજી અને ચોથી ગુજરાત વિધાનસભામાં ખેડબ્રહ્મા મત વિસ્તારમાંથી ચૂંટાઇ આવીને જાહેરજીવનમાં પોતાનું અમૂલ્ય યોગદાન આપ્યું હતું. સ્વ. શ્રી ડાભી આદિવાસી સમાજના તેમજ અન્ય પછાત કોમોના ઉત્કર્ષમાં તથા પંચાયત અને સહકારી પ્રવૃત્તિમાં ઉંડો રસ ધરાવતા હતા શ્રી ડાભીએ પોશીના ગામમાં સરપંચથી જાહેર જીવનની શરૂઆત કરીને તાલુકા પંચાયતના પ્રમુખ, ગુજરાત રાજ્યના સમાજ કલ્યાણ આદિવાસી સલાહકાર સમિતિના સભ્ય તરીકે અમૂલ્ય સેવા આપી ધારાસભ્યશ્રીના પદ સુધી પહોંચ્યા હતા. તેઓશ્રીએ આદિવાસીઓમાં શૈક્ષણિક પ્રચાર, સહકાર, સુધારેલી પદ્ધતિથી ખેતી તથા ગ્રામોદ્યોગ માટેના પ્રચારનું કાર્ય પણ કર્યું હતું. તેઓના અકાળે અવસાનથી ગુજરાતના જાહેરજીવનમાં ભારે મોટી ખોટ પડી છે. પ્રભુ સ્વર્ગસ્થના આત્માને શાશ્વત શાંતિ આપે તેવી પ્રાર્થના સાથે આપણે સૌ આપણા સ્થાન ઉપર ઉભાં રહીને બે મિનિટનું મૌન પાળીશું.

**(બે મિનિટ મૌન બાદ)**

માનનીય સભ્યશ્રીઓ પોતાનું સ્થાન લે. સભાગૃહની આ લાગણી સદ્‌ગતના કુટુંબીજનો તરફ મોકલી આપવામાં આવશે. નેકસ્ટ.

# વિધાનસભાની સમિતિઓના અહેવાલની રજૂઆત

## બિન સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના અઢારમા અહેવાલની રજૂઆત

શ્રી નારાયણભાઇ લ. પટેલ : (સમિતિના પ્રમુખ) માનનીય અધ્યક્ષશ્રી, હું બિન સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિનો અઢારમો અહેવાલ રજૂ કરું છું.

**અહેવાલ રજૂ કરવામાં આવ્યો.**

## બિન સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના પ્રમુખશ્રીનો પ્રસ્તાવ

શ્રી નારાયણભાઇ લ. પટેલ : (સમિતિના પ્રમુખ) માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે આ સભાગૃહ બિન સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિનો અઢારમા અહેવાલ સાથે સંમત થાય.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિનાવિરોધે મંજૂર કરવામાં આવ્યો.**

# અધ્યક્ષશ્રીનો નિર્ણય

## તા.૨૮–૨–૧૨ના પોઈન્ટ ઓફ ઓર્ડરનો મુલ્તવી રાખેલ નિર્ણય

અધ્યક્ષશ્રી : ગઇકાલે માનનીય વિરોધપક્ષના નેતાશ્રી રાજયપાલશ્રીના આભાર પ્રસ્તાવ પર પોતાના પ્રવચન દરમ્યાન સરકાર દ્ધારા સદભાવના કાર્યક્રમ પાછળ બસો કરોડ રૂપિયા વેડફી નાંખવાની વાત કરતા માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજાએ પોઇન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ઉપસ્થિત કરતા જણાવ્યું હતું કે વિપક્ષના નેતાશ્રીએ પોતે કરેલા આક્ષેપોના સમર્થનમાં પુરાવા રજૂ કરવા જોઇએ. આ દરમ્યાન વિપક્ષના નેતાશ્રીએ ગૃહની અધિકારી દીર્ઘામાં રહેલા સંસદીય બાબતોના વિભાગના સચિવશ્રી એચ.ડી.વ્યાસનો નામજોગ ઉલ્લેખ કરી તેઓ વારંવાર મંત્રીશ્રીને ચીઠ્ઠીઓ લખીને ગૃહની કામગીરીમાં ખલેલ પહોંચાડતા હોવાનું જણાવી તેઓ એકસ્ટેન્શન કરેલા અધિકારી હોવાથી આ ગૃહમાં તેઓ બેસી શકે કે કેમ તે સંબંધમાં અને મંત્રીશ્રીઓના પી.એ. અને પી.એસ. પણ આ ગેલેરીમાં બેસી શકે કે કેમ તે સંબંધમાં મને નિર્ણય આપવાની વિનંતી કરી હતી.

વિધાનસભાની કોઇપણ ગેલેરીમાં પ્રવેશ આપવાની બાબતનું નિયમન સંપૂર્ણપણે મારા ક્ષેત્રાધિકારની બાબત છે. વિધાનસભાની અધિકારી દીર્ઘામાં પ્રવેશ આપવા બાબતના નિયમોના નિયમ–૩ની જોગવાઇ મુજબ આ દીર્ઘામાં નાયબ સચિવ અને તેમનાથી ઉપલી કક્ષાના અધિકારીઓને પ્રવેશ આપવામાં આવે છે. આ ઉપરાંત વિધાનસભાના કામકાજ માટે સરકારે જે અધિકારીઓની સંપર્ક અધિકારી તરીકે નિમણૂક કરી હોય તેવા ઉપસિચવનો દરજ્જો ધરાવતા અધિકારીઓને પણ પાસ આપવામાં આવે છે. આ ઉપરાંત આ સિવાયના અધિકારીઓને તેમણે જે બેઠક માટે પાસ આપવાની વિનંતી કરી હોય તે બેઠક પૂરતા અધિકારી દીર્ઘામાં બેસવા માટેના પાસ પણ આપવામાં આવતા હોય છે.

વિપક્ષના નેતાશ્રીએ શ્રી વ્યાસ ચીઠ્ઠીઓ લખીને ગૃહની કાર્યવાહીને ખલેલ પહોંચાડી રહ્યા હોવાની જે રજૂઆત કરી હતી તે અંગે જણાવવાનું કે વિધાનસભાની અધિકારી દીર્ઘામાં બેઠેલા તમામ અધિકારીઓને ગૃહમાં ઉપસ્થિત થયેલ પોતાના વિભાગને લગતા મુદ્ધા અંગે મંત્રીશ્રીને અદ્યતન માહિતીથી વાકેફ કરવાની ફરજો બજાવવાની હોય છે. આ આપણી એક સ્વીકૃત પ્રણાલિ રહી છે. આમ શ્રી વ્યાસે સંસદીય બાબતોના વિભાગના સચિવની હેસિયતથી પોતાના મંત્રીશ્રીને ચીઠ્ઠી લખીને માહિતી પૂરી પાડીને પોતાની ફરજ બજાવી છે. તેને ગૃહની કાર્યવાહીને ખલેલ પહોંચાડી છે તેમ ગણી શકાય નહીં અને તેનાથી ગૃહના નિયમો, પ્રણાલીઓ કે ઔચિત્યનો કોઇ રીતે ભંગ થતો નથી.

ભવિષ્યમાં મારા ક્ષેત્રાધિકારની બાબત ગૃહમાં ઉપસ્થિત નહીં કરવા માનનીય વિરોધપક્ષના નેતાશ્રીને વિનંતી છે.

(આ તબકકે વિરોધ પક્ષના નેતાશ્રી અને સંસદીય બાબતોના મંત્રીશ્રી ઉભા થતા..)

શ્રી શક્તિસિંહ હ. ગોહિલ : મેં પહેલા કહ્યું હતુ. આપે મને પરમિટ કર્યો છે. (સતત અંતરાય) મેં પહેલા મુદ્દો ઉપસ્થિત કર્યો હતો. (સતત અંતરાય) આપે મને એલાઉ પણ કર્યો અને આપે મને કહ્યું પણ ખરુ કે ..(સતત અંતરાય)

અધ્યક્ષશ્રી : તમને તક આપવાનો છું. પ્લીઝ. આના માટે આપણે વિવાદ ન કરીએ.

શ્રી શક્તિસિંહ હ. ગોહિલ: આઇ વોઝ ફર્સ્ટ.

અધ્યક્ષશ્રી : માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રીએ મારી ચેમ્બરમાં મળીને... (સતત અંતરાય) સંસદીય મંત્રીશ્રીએ મારી ચેમ્બરમાં આવીને વિનંતી કરી છે. (સતત અંતરાય)

અધ્યક્ષશ્રી : હું બન્ને પક્ષના સભ્યશ્રીઓને તક આપવાનો છું. તો આના માટે આપણે વિવાદ ન કરીએ. માનનીય મંત્રીશ્રી દિલીપભાઇએ મારી પાસે ચેમ્બરમાં આવી અને પોઇન્ટ ઓફ ઓર્ડર ઉઠાવવાની પરમીશન માટે વિનંતી કરી હતી અને કહ્યું હતું કે મારે પોઇન્ટ ઓફ ઓર્ડર ઉઠાવવાનો છે. માનનીય

શકિતસિંહભાઇ, આપે પણ ગૃહમાં વિનંતી કરી છે પોઇન્ટ ઓફ ઓર્ડર ઉઠાવવા માટે. તો આના માટે વિવાદ ન કરીએ તો વધુ સારું. હું બન્નેને તક આપવાનો છું.

(આ તબકકે વિરોધપક્ષના સભ્યશ્રીઓ તરફથી સતત ઘોંઘાટ અને અંતરાય શરૂ થયો)

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીનો તાકીદની બાબતમાં પોઇન્ટ ઓફ ઓર્ડર છે. (સતત અંતરાય)

અધ્યક્ષશ્રી : માનનીય શકિતસિંહજીનો જે મુદ્દો છે તે વ્યવસ્થાનો છે, અને માનનીય દિલીપભાઇનો પોઇન્ટ ઓફ ઓર્ડર છે. (અંતરાય)

શ્રી શક્તિસિંહ હ. ગોહિલ : મેં પણ આપની પાસે પોઇન્ટ ઓફ ઓર્ડર માટે જ વિનંતી કરી છે.

અધ્યક્ષશ્રી : આપનો પણ પોઇન્ટ ઓફ ઓર્ડર છે?

શ્રી શક્તિસિંહ હ. ગોહિલ : હું પહેલા પોઇન્ટ ઓફ ઓર્ડર ઉઠાવવા ઉભો થયો હતો. આપે મને કહ્યું કે પહેલા અહેવાલ રજૂ થઇ જવા દો. પછી તક આપું છું.

અધ્યક્ષશ્રી : આપણે સ્વ વિવેકથી કોઇ પણ એક ને પહેલા સાંભળીએ તો બન્નેને તક મળવાની જ છે. આ બાબતમાં ખોટો વિવાદ ન કરીએ. ગૃહ વિરામ પછી ફરી મળશે.

(સભાગૃહની બેઠક બપોરના ૧.૩૭ કલાકે મુલતવી રહી.)

**વિરામ બપોરના ૨.૩૦ થી ૩.૧૫**

**અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

અધ્યક્ષશ્રી : ઓર્ડર, ઓર્ડર. માનનીય દિલીપભાઇ, (અંતરાય)

## પોઇન્ટ ઓફ ઓર્ડર

### આક્ષેપ કરવા અંગે

**શ્રી દિલીપભાઇ સંઘાણી** : મને એલાઉ કર્યો છે. (અંતરાય)

અધ્યક્ષશ્રી : એમને બે મિનિટ સાંભળીએ. આપને પણ સાંભળું છું. પ્લીઝ.

શ્રી દિલીપભાઇ સંઘાણી : માનનીય અધ્યક્ષશ્રી, પ્રશ્નોત્તરીકાળ દરમ્યાન આપણે હાઉસમાં પોઇન્ટ ઓફ ઓર્ડર ઉઠાવાતા નથી. પ્રશ્નોત્તરીકાળ દરમ્યાન આ નિયમોની જાણકારી ધ્યાને લઇને પ્રશ્નોત્તરીકાળ અને અન્ય કામકાજ પૂરું થયા પછી મારો મુદ્દો એ છે કે હાઉસમાં છેલ્લા કેટલાય સમયથી શબ્દ પ્રયોગો, આક્ષેપ કરવાની મર્યાદાઓ, વ્યકિતલક્ષી વધતી જાય છે. સામાન્ય સભ્યો બેઠાં બેઠાં જયાં સુધી બોલતા હોય તો ટ્રેઝરી બેંચના સંસદીય મંત્રી તરીકે ગંભીરતાથી ન લે. પરંતુ આજે વિપક્ષના નેતા જેઓ જાણે છે. આજથી નહીં, મારા વ્યકિતગત મિત્ર મારા વિદ્યાર્થીકાળથી છે. હું જિલ્લા પંચાયતમાં જીત્યો, નગરપાલિકાના પ્રમુખની જવાબદારી નિભાવી. અગાઉ બે વખત આ જ ગૃહના સભ્ય, ચાર વખત સંસદસભ્ય અને આ ત્રીજી વખત આ ગૃહમાં જયારે આવું છું ત્યારે આજે જે રીતે મારી ઉપર આક્ષેપ કરવામાં આવ્યો કે * **(xxxx) (xxxx)** ખુલ્લો આક્ષેપ મારા પર જયારે આ હાઉસમાં થતો હોય ત્યારે મારું દિલ એટલું દુઃખી થઇ આવ્યું, જો આ આક્ષેપ માનનીય વિપક્ષના નેતા સાબિત કરી દે તો હું આ સભાગૃહના સભ્યપદેથી રાજીનામું આપુ. તેઓશ્રી રાજીનામું આપે અથવા માફી માગે. માનનીય અધ્યક્ષશ્રી, આ સીલસીલો ચાલવા ન દેવાય. આ સ્થિતિનું નિર્માણ થવા ન દેવાય. (અંતરાય)

અધ્યક્ષશ્રી : ઓર્ડર, ઓર્ડર. પ્લીઝ, આપ બેસી જાવ.

શ્રી દિલીપભાઇ સંઘાણી : આવો આક્ષેપ થાય એ વ્યાજબી નહીં, મારા ઉપર જે આક્ષેપ થયો છે એ વ્યાજબી નથી.

---

* (xxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો પાછા ખેંચી લીધા હોવાથી અહેવલામાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

અધ્યક્ષશ્રી : આપના મંત્રીશ્રી જયારે બોલે છે ત્યારે કમસે કમ આપ બેસી જાવ. પ્લીઝ. (અંતરાય) ઓર્ડર, ઓર્ડર. પ્લીઝ. (અંતરાય) સરકારના સંસદીય મંત્રીશ્રી જયારે બોલતા હોય તો પ્લીઝ, આપણે બેસી જવું જોઇએ. (અંતરાય) એમની વાત પૂરી કરવા દો. પ્લીઝ.

શ્રી દિલીપભાઇ સંઘાણી : માનનીય અધ્યક્ષશ્રી, આ હાઉસની ગરિમા જળવાય, આ એક મારી વ્યકિતગત માફી માગવાનો સવાલ નથી. આ હાઉસની ગરિમા છે. વ્યકિતગત આક્ષેપો ન થાય, મારી માફી માગવાની પણ અપેક્ષા નથી. પરંતુ આ હાઉસની માફી એટલા માટે માગવી જોઇએ, વિરોધપક્ષના નેતા તરીકે જયારે આ એક વખત પ્રણાલિકા પડશે તો ભવિષ્યમાં આ પક્ષ કે આ પક્ષે વ્યકિતગત આક્ષેપમાંથી આ હાઉસ મુકત થશે. આ હાઉસની એક પ્રણાલિકા છે. એક મર્યાદા છે. મર્યાદા બહાર જતું હાઉસ એ કોઇ પણ સંજોગોમાં અટકાવવું જોઇએ. મને લાગે છે કે વિપક્ષના નેતા મારા મિત્ર છે. મારી વ્યકિતગત માફી નહીં, આ હાઉસની કોઇ સંકોચ કર્યા વિના માફી માગે.

અધ્યક્ષશ્રી : માનનીય શકિતસિંહજી.

(આ તબકકે – વિપક્ષના નેતા માફી માગે – એવા સૂત્રોચ્ચાર કરવામાં આવ્યા.)

અધ્યક્ષશ્રી : (અંતરાય) ઓર્ડર, ઓર્ડર. પ્લીઝ, ભરતભાઇ..(સતત સુત્રોચ્ચાર) આપ બેસી જાવ, પ્લીઝ, આપ બેસી જાવ. માનનીય ભરતભાઇ, આપ બેસી જાવ, પ્લીઝ. મંત્રીશ્રીને આપણે સાંભળ્યા છે તો વિપક્ષના નેતાશ્રીને સાંભળવાનું પણ દરેક સભ્યની ફરજમાં આવે છે. (અંતરાય)પ્લીઝ, આપ બેસી જાવ. પ્લીઝ. (સતત સૂત્રોચ્ચાર) તમામ સભ્યશ્રીઓને હું વિનંતી કરું છું કે ગૃહનું સંચાલન કરવામાં આપ મને સહયોગ કરો અને..

**શ્રી શકિતસિંહ હ. ગોહિલ** : તમામ સભ્યોને ના કહો, સાહેબ, સત્તાધારી પક્ષના જ કહો, મારા સભ્યો નથી કોઇ.

અધ્યક્ષશ્રી : આપ બેસી જાવ, પ્લીઝ. અધ્યક્ષશ્રી : પ્લીઝ આપ બેસી જાઓ,

શ્રી શકિતસિંહ હ. ગોહિલ : સત્તાધારી પક્ષના સભ્યો છે, અમારા કોઇ સભ્યો નથી.

અધ્યક્ષશ્રી : પ્લીઝ, આપ બેસી જાઓ, જેઠાભાઇ, ભરતભાઇ, પ્લીઝ, આપ બેસી જાઓ..

શ્રી શકિતસિંહ હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી દિલીપભાઇને આપના મારફતે વિનંતી કરીશ કે મારા તમામ શબ્દોનું શબ્દસહઃ રેકોર્ડીંગ થાય છે, વિડીયો પણ ચેક કરી લો, ઓડિયો પણ ચેક કરી લો, સ્ક્રીપ્ટ પણ. આપને *(**xxxx**) કહ્યું પણ નથી, કહું તો કોઇ માને નહીં, બંધ બેસે નહીં. કોણ, કયાં કોના (**xxxx**)એ આખું ગુજરાત જાણે છે. એ આપના માટે કહ્યું નથી અને આપ રેકર્ડ મંગાવીને ચેક કરજો.

અધ્યક્ષશ્રી : ઓર્ડર, ઓર્ડર, શકિતસિંહને સાંભળો પછી આપને બોલવાની ફરી તક આપીશ. પ્લીઝ, .. ફતેસિંહભાઇ આપ બેસી જાઓ.. પ્લીઝ.

શ્રી શકિતસિંહ હ. ગોહિલ :માનનીય અધ્યક્ષશ્રી, હું હાઉસમાં એક લેવલ મેઇન્ટેઇન કરવાનો પ્રયત્ન કરતો હોઉં છું. હું ઓફિશિયલ આક્ષેપ, વ્યકિતગત કોણ ક્યાં પે–રોલ ઉપર નોકરીમાં બધું જ હોય છે, હું એ લેવલ ઉપર જતો નથી અને જવા માગતો નથી. માનનીય અધ્યક્ષશ્રી, હું વિનંતી કરું છું કે, માનનીય અર્જુનભાઇ, માનનીય દિલીપભાઇ અને આપ મારો વિડીયો મંગાવીને જોઇ લેજો. હું કહું કે (**xxxx**) (**xxxx**)છે, તો આપ કહો કે માફી ગૃહની, આખા ગુજરાતની માગુ. પણ ખોટી વાત જે છે એમાં શેના માટે.. આપ જોઇને નિર્ણય કરજો, આપ મને નહીં બોલાવો, આપ, દિલીપભાઇ અને અર્જુનભાઇ બેસીને જો જો અને આપ કહેજો..(અંતરાય)

અધ્યક્ષશ્રી :ઓર્ડર, ઓર્ડર.. પ્લીઝ..

**શ્રી શકિતસિંહ હ. ગોહિલ** : એ નિર્ણય આપનો, બાકી હું ઇચ્છું, નિયમ પ્રમાણે આપની મંજૂરી લઇ અને કોઇ નોકરી પણ કરતા હોય તો પે–રોલ ઉપર છે, એમ કરીને કહી શકું. હું એ લેવલનો માણસ નથી માટે

* (**xxxx**) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો પાછા ખેંચી લીધા હોવાથી અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

કહું છું કે, માન–સન્માન મહેરબાની કરીને આપણે સૌએ જાળવીશું તો જ. એક લેવલથી નીચા ઉતરવાની શરૂઆત કરશો તો અમે તો વિરોધપક્ષમાં છીએ અને આજ પહેલા પ્રશ્નથી માંડીને છેક સુધી પ્રશ્નોત્તરીમાં કેન્દ્ર સરકારની ટીકા ન થાય, આપના જજમેન્ટ છે, પછી શું કામ પ્રશ્નોત્તરીના જવાબમાં એમ કહેવું જોઇએ. અમે નથી કહેતા માફી માગો. સ્પિકર સાહેબનું અપમાન છતાં આમ ન કરાય, છતાં પણ મંત્રીમંડળમાંથી થાય, એ સ્પિકર સાહેબનું અપમાન છે અને ગૃહનું અપમાન, માફી માગવાનો આગ્રહ નથી રાખતા અને દિલીપભાઇ મારા મિત્ર છે અને હું ચોક્કસ કહું છું કે, બહુજ સભાનતાપૂર્વક વિડીયો રેકોર્ડીંગ મંગાવીને તમે ત્રણ જણા જોઇ જજો. હવે વિડીયો રેકોર્ડીંગ થાય છે એ આનંદની વાત છે. આપ વિડીયો રેકોર્ડીંગ જોઇને પછી નિર્ણય કરજો. કોણ છે એને કહું છું અને કહેવાનો છું અને આખું ગુજરાત જાણે છે, આપને કહેતો નથી. એમ છતાં વિડીયો જોઇ લેજો, મારાથી શરતચૂકથી કહેવાયું હોય અને **(xxxx)** **(xxxx)**છે એમ આવ્યું હોય અને આપ ત્રણ જણા બેસીને નિર્ણય કરો એ મને મંજૂર છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, જે પ્રશ્ન બન્યો એ આખું ગૃહ જુએ છે. જે રીતે વિરોધપક્ષના નેતાએ દિલીપભાઇ સામે માઇકની સામે ઉભા ઉભા વાત કરી છે એને શબ્દોના આંચળા ઓઢાડીને છૂપાવવાનો પ્રયત્ન કરે છે, મારા મિત્ર છે, હું કહું નહીં, આવું હોઇ શકે નહીં, પછી મારે બીજું ગંભીર કહેવું છે, માનનીય વિરોધપક્ષના નેતા આ પ્રશ્નનું ઉદાહરણ લઇને બેઠી ધમકી આપે છે, કોણ પે–રોલ ઉપર છે, હું જાહેર કરી શકું, મારી પાસે બધી માહિતી છે. આજ દિન સુધી તમે ઘણું બધું જાહેર કર્યું છે, તમારે જે નામ જાહેર કરવા હોય એ કરો, તમે શા માટે નથી કરતા? તમને કોણ રોકે છે? અને આ પ્રકારની બેઠી ધમકી આપો છો, સરકારને બદનામ કરો છો, વિપક્ષનો હંમેશાં પ્રયત્ન રહ્યો છે, ગુજરાતની કોઇપણ વ્યક્તિ હોય એને નોકરી ધંધો કરવાનો અધિકાર છે. એમની પાસે નામ હોય તો જાહેર કરે અમને કોઇ વાંધો નથી.માનનીય અધ્યક્ષશ્રી, વાત અત્યારની છે. આખા ગૃહે જોયુ છે આપે પણ બહુ સ્પષ્ટ રીતે જોયું કે દિલીપભાઇ જયારે બોલ્યા ત્યારે શકિતસિંહજીએ એમને સ્પષ્ટ કહયું છે કે **(xxxx)** **(xxxx)**એટલે આને કોઇ બીજો શબ્દોના આંચળામાં કે બીજા કોઇ તપાસમાં ઢાળવાના બદલે, સામાન્ય વાત હોય સાચી છેં, અમણે કહયું કે નાની મોટી કોઇ સભ્ય કોઇ ક્ષતિ કરે તો આપણે શબ્દ પરત ખેંચીએ છીએ આવું બધું કરીએ છીએ. એ સંસદીય પરંપરામાં છે પણ જયારે વ્યકિતગત ગંભીર પ્રકારનો દિલીપભાઇ જેવા જાહેર જીવનના દાયકાઓ જૂના કાર્યકર ઉપર આક્ષેપ થાય, આ આક્ષેપ આ ગૃહ પૂરતો મર્યાદિત નથી રહેતો. છાપામાં મીડિયામાં આખી દુનિયામાં એની ચર્ચા થાય, અને એની જો સ્પષ્ટતા ના થાય શકિતસિંહજી જો માફી ના માગે તો દિલીપભાઇના નામે એ વાત ચાલતી રહે એટલા માટે અમારો આગ્રહ છે. અમે એમ નથી કહેતા કે દિલીપભાઇ ઉપર જ નહીં આ સન્માનનીય ગૃહના સભ્યો ઉપર કોઇપણ પ્રકારના ગંભીર આક્ષેપ કાંતો પુરાવા સાથે તમે રજૂ કરો કે આ પુરાવો છે અને તમે આ આક્ષેપ કરો, બાકી બેઠા બેઠા આક્ષેપો કરો અને કોઇ વ્યકિતની પ્રતિષ્ઠાને તમે હાનિ કરો એ યોગ્ય નથી માટે મારો આગ્રહ છે કે શકિતસિંહ પોતાનો અહમ વચમાં લાવ્યા સિવાય અને શકિતસિંહ પોતાની મર્યાદાની વાત બાજુમાં મૂકી અને દિલીપભાઇને એમના અંગત મિત્ર ગણે છે તો અંગત મિત્રની માફી માગવામાં હું માનુ છું કે કોઇ હરકત હોઇ શકે નહીં, હું શકિતસિંહને આ ગૃહ વતી વિનંતી કરું, સરકાર વતી વિનંતી કરું કે તમે બોલ્યા છો તો માફી માગી લો.

**(સતત અંતરાય)સતત સૂત્રોચ્ચાર ઉભા ઉભા શકિતસિંહજી માફી માગો .. શકિતસિંહજી માફી માગો ..**

અધ્યક્ષશ્રી : ઓર્ડર ઓર્ડર પ્લીઝ ..

સતત સૂત્રોચ્ચાર માફી માગે .. શકિતસિંહજી માફી માગે .. વિપક્ષના નેતા માફી માગે .. વિરોધપક્ષના નેતા માફી માગે ..

અધ્યક્ષશ્રી : ઓર્ડર ઓર્ડર પ્લીઝ ..

સતત સુત્રોચ્ચાર માફી માગે .. શકિતસિંહજી માફી માગે .. વિપક્ષના નેતા માફી માગે.

અધ્યક્ષશ્રી : માનનીય સંસદીય મંત્રીશ્રી દિલીપભાઇએ જે પોઇન્ટ ઓફ ઓર્ડર ઉભો કર્યો છે કે

વિપક્ષના નેતા શ્રી શકિતસિંહજી જયારે પ્રશ્નોત્તરી દરમિયાન પ્રવચન કરતા હતા ત્યારે *(**xxxx**) (**xxxx**)હોવાનો આક્ષેપ એમના તરફથી થયો છે અને આ બાબતની ખૂબ જ ગંભીરતા લઇને આ બાબતે વિપક્ષના નેતાશ્રીએ પણ કહયું છે કે રેકોર્ડ જોઇને આ નિર્ણય કરવામાં આવે અને જયારે એક મંત્રીશ્રી ઉપર આક્ષેપ થયો છે ત્યારે આ બાબતની ગંભીરતા લેતા તમામ પૂરાવ ચકાસી અને ત્યારબાદ જ નિર્ણય જાહેર કરીશ.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, આપણા ગુજરાત વિધાનસભાના નિયમો છે એને પાળવા માટે આપણે સૌ બંધાયેલા છીએ. વાત સાચી છે કે મંત્રીમંડળ અને વિરોધ પક્ષના નેતા એ બન્નેની જવાબદારી વિશેષ છે. (અંતરાય) (વિરોધ પક્ષના નેતા માફી માગે તે મુજબનો સતત સૂત્રોચ્ચાર)

**અધ્યક્ષશ્રી** : આપ બેસી જાઓ, આ બાબતની પૂરેપૂરી ગંભીરતા આપણા સૌની છે અને એટલા માટે જ સંપૂર્ણ પુરાવાઓનો અભ્યાસ કરીને આનો નિર્ણય કરવામાં આવશે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : આપના નિર્ણય પર આ સૂત્રોચ્ચાર છે. આ આપનો નિર્ણય છે અને આપના નિર્ણય ઉપર સત્તાધારી પક્ષનો સૂત્રોચ્ચાર છે. આ સ્પીકરના નિર્ણય સામેનો સૂત્રોચ્ચાર છે અને એની કેટલી ગંભીરતા એ આપે નક્કી કરવાનું છે. માનનીય અધ્યક્ષશ્રીના નિર્ણય બાદ એની સામે સૂત્રોચ્ચાર એ આપે જોવાનું છે. આપના નિર્ણય પર આ ટીકા-ટિપ્પણ છે. આપે નિર્ણય આપી દીધો પછી આ થઇ શકે નહીં.

**અધ્યક્ષશ્રી** : બાબતને પૂરેપૂરી ગંભીરતાથી લઇને મેં કહ્યું છે કે આનું રેકોર્ડ મગાવીને જોવામાં આવે અને મુદ્દાની ગંભીરતા સમજીને ત્યારબાદ નિર્ણય જાહેર કરવામાં આવશે. (અંતરાય)

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : આપના નિર્ણય સામે સત્તાધારી પક્ષ સૂત્રોચ્ચાર કરે છે, યાદ રાખજો સાહેબ. (સતત અંતરાય) નેઇમ કરો. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : પ્લીઝ આપ બેસી જાઓ. ઓર્ડર, ઓર્ડર....(સતત અંતરાય)પ્લીઝ આપ બેસી જાઓ, ઓર્ડર, ઓર્ડર....તમામ ધારાસભ્યશ્રીઓને વિનંતી છે કે ગૃહનું સંચાલન કરવામાં આપ મદદરૂપ બનો. (સતત અંતરાય) પ્લીઝ આપ બેસી જાઓ. (અંતરાય) આપસૌને નમ્ર વિનંતી છે, આપ બેસી જાઓ પ્લીઝ. (અંતરાય) ઓર્ડર, ઓર્ડર, આપ બેસી જાઓ.

( સત્તાધારી પક્ષના સભ્યો દ્વારા 'વિરોધપક્ષના નેતાશ્રી માફી માગે', ના સતત સુત્રોચ્ચારો)

શ્રી શક્તિસિંહ હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, આપે આપેલા નિર્ણય ઉપર આ છે. (અંતરાય)

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી શક્તિસિંહને સાંભળી લો અને આપને હું તક આપીશ. પ્લીઝ (અંતરાય)

શ્રી શક્તિસિંહ હ. ગોહિલ : આપની વાત નહિ માનવાની અને પાછો શિસ્તનો આગ્રહ રાખવાનો. માનનીય અધ્યક્ષશ્રીએ મને કહ્યું પછી હું બોલું છું. I am on legs... માનનીય અધ્યક્ષશ્રી એ કહ્યું પછી હું બોલું છું. I am on legs... (અંતરાય)

અધ્યક્ષશ્રી : આપ ઊભા થાવ એ પહેલા માનનીય શક્તિસિંહજીનું પ્રવચન શરૂ થઇ ગયું હતું. (અંતરાય) પોઇન્ટ ઓફ ઓર્ડર, એમનો મુદ્દો છે.

( આ તકે વજુભાઇ વાળા ઊભા થતાં)

શ્રી શક્તિસિંહ હ. ગોહિલ : પછી વચ્ચે કેવી રીતે આવે સાહેબ?

અધ્યક્ષશ્રી : આપ ઊભા થાવ એ પહેલા માનનીય શક્તિસિંહજીને મેં તક આપી (અંતરાય) એમનું પ્રવચન શરૂ થઇ ચુક્યું હતું. આપને કાંઇ કહેવું હોય તો વિપક્ષના નેતા બાદ આપને પણ હુ તક આપીશ. પ્લીઝ. (અંતરાય) ('વિરોધપક્ષના નેતાશ્રી માફી માગે', ના સતત સુત્રોચ્ચારો) આપને તક આપતા પહેલા વિપક્ષના નેતાશ્રીને મેં એલાઉ કર્યા છે. (સતત અંતરાય) ( આ તકે નીતિનભાઇ પટેલ રેકર્ડની કોપી

---

* (**xxxx**) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો પાછા ખેંચી લીધા હોવાથી અહેવલામાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

બતાવતા )

શ્રી શક્તિસિંહ હ. ગોહિલ : રેકોર્ડની વાત ના થાય. સાહેબે જજમેન્ટ આપ્યું કે ત્રણ જણા વિડીયો જોઇને નિર્ણય કરશે. એ લગભગ ના ચાલે, વિડિયો જોઇને નિર્ણય કરીશું. હાઉસ ચાલુ છે. I am on legs... છું. માનનીય અધ્યક્ષશ્રી, હું મારા મુદ્દા ઉપર આવું છું.

અધ્યક્ષશ્રી : પ્લીઝ, આપ બેસી જાવ.

શ્રી શક્તિસિંહ હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, મારો મુદ્દો વિધાનસભાના નિયમોના નિયમ ૩૦(૨) નીચેનો મુદ્દો છે. (અંતરાય )

અધ્યક્ષશ્રી : ઓર્ડર... ઓર્ડર..

શ્રી શક્તિસિંહ હ. ગોહિલ : ૩૦(૨) આપ જોશો. અધ્યક્ષ સભાગૃહને સંબોધન કરતા કોઇપણ સભ્યએ સ્થાન છોડવું નહિ. આપ ઊભા હતા અને મુખ્યમંત્રીશ્રી આપનું પ્રવચન ચાલુ હોવા છતાં અહીંથી ગયા એ માનનીય અધ્યક્ષશ્રી, એ સામાન્ય સભ્ય નહોતા એ આ ગૃહના નેતા છે. માફી એમણે માગવી જોઇએ. આ ગૃહનું સન્માન કરતા હોય તો માફી માગવી જોઇએ. (અંતરાય) માફી માગવાની જરૂરિયાત ત્યાં ઊભી થાય. ('વિરોધપક્ષના નેતાશ્રી માફી માગે', ના સતત સૂત્રોચ્ચારો) મારી વાત તો પુરી થવા દો સાહેબ. (અંતરાય) મારી વાત તો પુરી કરવા દો વજુભાઇ. I am on legs... (અંતરાય) નારે ના.. મારે વાત કરવી છે. હાઉસ ઓર્ડરમાં લાવો એટલે કહું. (અંતરાય)

અધ્યક્ષશ્રી : હાઉસને હું એક કલાક સુધી મુલતવી રાખું છું. ( બપોરના ૩.૩૮ )

**મુલતવી રહેલ સભાગૃહની બેઠક બપોરના ૪-૩-૮ વાગ્યે ફરી મળી**
**અધ્યક્ષશ્રી અધ્યક્ષ સ્થાને**

અધ્યક્ષશ્રી : ઓર્ડર... ઓર્ડર.. માનનીય શક્તિસિંહ

(વિપક્ષના નેતાશ્રી શક્તસિંહ ગોહિલ ઊભા થતા 'વિરોધપક્ષના નેતા માફી માગે' ના સુત્રોચ્ચારો સત્તાધારી ધારાસભ્યશ્રીઓ તરફથી સતત ચાલુ )

અધ્યક્ષશ્રી : ઓર્ડર... ઓર્ડર.. પ્લીઝ, આપ બધા બેસી જાવ પ્લીઝ. ('વિરોધપક્ષના નેતા માફી માગે' ના સૂત્રોચ્ચારો સતત ચાલુ ) ઓર્ડર... ઓર્ડર.. પ્લીઝ. ખૂબ ચર્ચાઓ થઇછે. આપણે હવે એને વિરામ.. ('વિરોધપક્ષના નેતા માફી માગે' ના સૂત્રોચ્ચારો સતત ચાલુ ) ઓર્ડર... ઓર્ડર.. આપનું જે કાંઇ પ્રવચન હોય તે ચાલુ રાખો.

# ઔચિત્ય ભંગનો મુદ્દો ઉપસ્થિત કરવા અંગે

## સભાગૃહના નેતાએ અધ્યક્ષશ્રી ઊભા હતા ત્યારે ગૃહ છોડવા અંગે

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : મારો સંકુચિત મુદ્દો છે. મારી વાત પૂરી કરું છું. આપ ઊભા હોય વિધાનસભાના નિયમોના નિયમ ૩૦(૨) મુજબ, -જ્યારે આપ ઊભા હો ત્યારે અમારાથી સ્થાન છોડાય નહિ, અવાય નહિ, ચાલતા હોઇએ તો આપ ઊભા હો બોલતા હોય તો ઊભા રહી જવું પડે. આજે મુખ્યમંત્રીશ્રી આપ ઊભા હતા આપ પ્રવચન કરતા હતા અહીંથી ઊભા થઇને છેક સુધી ગયા, ના વચ્ચે ઊભા રહ્યાં, ના રોકાયા આ આપનું અને ગૃહને અવમાન છે. આપને વિડિયો રેકોર્ડીંગ પણ જોવું હોય તો આપ જોઇ શકશો. (અંતરાય, સતત સૂત્રોચ્ચાર) આ પ્રકારની પ્રવૃત્તિ ગૃહના નેતા, મુખ્ય મંત્રીશ્રી તરફથી ન ચાલે. આ આપનું અને આ ગૃહનું અવમાન છે એટલો મારો મુદો છે. (અંતરાય, સતત સૂત્રોચ્ચાર)

અધ્યક્ષશ્રી : ઓર્ડર, ઓર્ડર.... પ્લીઝ... (અંતરાય, સતત સૂત્રોચ્ચાર)

**શ્રી દિલીપભાઇ ન. સંઘાણી (સંસદીય બાબતોના મંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, આ જે મુદો ઉઠાવવામાં આવ્યો છે, આપ જયારે શોક પ્રસ્તાવ વાંચ્યા પછી, આપે સૌ સભ્યો પોતાનું સ્થાન લે એવી વાત કર્યા પછી સૌ સભ્યોએ સ્થાન લીધું એટલે સ્થાન લીધા પછી કોઇ પણ સભાના ગૃહના સભ્યો, સૌ સભ્યો સ્થાન લે એમ માનનીય અધ્યક્ષશ્રી બોલ્યા અને ત્યાર પછી આ ગૃહના કોઇ પણ સભ્ય પોતાની જગ્યા લઇને

જઇ શકે છે. પરંતુ માનનીય અધ્યક્ષશ્રી, પ્રશ્નોત્તરી દરમિયાન મારા ઉપર જે આક્ષેપ કરવામાં આવ્યો એના કારણે જે અમારા સભ્યોએ જુસ્સો અને ગુસ્સો ઠાલવ્યો એટલે આખા પ્રશ્નને જુદી દિશામાં ઉઠાવવા માટે આ મુદો ઉઠાવવામાં આવ્યો છે. વાસ્તવિક રીતે એવી સ્થિતિ નથી. એટલે આ મુદો કોઇ સ્વીકારવાપાત્ર નથી. (અંતરાય, સતત સૂત્રોચ્ચાર)

**શ્રી વજુભાઇ વાળા :** માનનીય અધ્યક્ષશ્રી, શક્તિસિંહે જે વાત કરી, આ શોક પ્રસ્તાવ માનનીય મુખ્ય મંત્રીશ્રીએ મૂક્યો, બધા લોકો બોલ્યા, બોલ્યા પછી આપે એને બે મિનિટ મૌન પાળવા માટેનું કહ્યું, બે મિનિટ સુધી મૌન પાળ્યું અને મૌન પાળ્યા પછી આપે કહ્યું કે, બધા પોતાના સ્થાન લેશે. એ લીધા પછી આપે જે કહ્યું કે, આ શોક ઠરાવ છે એ અમે મોકલી દઇશું. પરંતુ જયારે શોક પ્રસ્તાવની ટોટલ પ્રોસીજર પૂરી થઇ ગઇ અને આપે બેસવાનું કહ્યું અને આપે કદાચ કહ્યું કે, આ અમે એના પરિવારને મોકલી દઇશું. તો સાહેબ, એની અંદર કોલ એન્ડ શકધરમાં જે એણે કર્યુ છે, ઇટ ઇઝ ધ પ્રોસીજર, ઇટ ઇઝ નોટ ધ પાર્ટ ઓફ ધ, કોઇ પ્રસ્તાવની વાત છે એનો પાર્ટ ન કહેવાય. એને ઘરે મોકલી દેવું એ પ્રોસીજર કહેવાય અને કોલ એન્ડ શકધરની અંદર ૪૨૨ પાના ઉપર પણ આ રીતે એ કહ્યું છે અને માનનીય અધ્યક્ષશ્રી, આદરણીય મુખ્ય મંત્રીશ્રીએ કોઇ આ શોક પ્રસ્તાવમાં નિયમોનો ભંગ કર્યો નથી, શક્તિસિંહનો પોઇન્ટ ઓફ ઓર્ડર કોઇ રહેતો નથી.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા : (અંતરાય, સતત સૂત્રોચ્ચાર) માનનીય અધ્યક્ષશ્રી, બીજા સામાન્ય કોઇ સભ્ય ઉઠીને ગયા હોય તો પણ આપ ઠપકો આપો છો. અમારા સભ્ય અશ્વિન કોટવાલ જયારે શોક પ્રસ્તાવ ચાલું હતો એ દરમિયાન એક સભ્ય રહી ગયેલા છે શોક પ્રસ્તાવની અંદર તો પણ આપે ધ્યાન દોરી અને એને ઠપકો આપેલો છે. જયારે ગૃહના મુખ્ય મંત્રીશ્રી તો ગૃહના નેતા છે અને એ જયારે આપનું અવમાન કરે, ગૃહનું અવમાન કરે ત્યારે આપે ઠપકો આપવો જોઇએ એટલું જ નહીં માનનીય અધ્યક્ષશ્રી, એમણે ગૃહની માફી પણ માગવી જોઇએ અને ભવિષ્યમાં આ પ્રકારે ના થાય, બનાવો ના બને એટલા માટે એમણે માનનીય અધ્યક્ષશ્રી, ગૃહની અંદર આવીને પણ આ બાબતે દિલગીરી વ્યકત કરવી જોઇએ. (અંતરાય, સતત સૂત્રોચ્ચાર)

આ ઉપરાંત માનનીય અધ્યક્ષશ્રી, જયારે આપ પ્રવચન કરવા ઉભા થતા હતા ત્યારે ટ્રેઝરી બેન્ચના સભ્યોએ ખાસ કરીને દંડકશ્રી, રાજયકક્ષાના સંસદીય બાબતોના મંત્રીશ્રી અને બીજા મંત્રીશ્રીઓ ઇશારા કરી અને બધાને ઉભા થઇને સૂત્રોચ્ચાર કરવા પ્રેરણા આપતા હતા, એમની સામે પણ માનનીય અધ્યક્ષશ્રી, પગલાં લેવાં જોઇએ અને એમણે પણ ગૃહની માફી માગવી જોઇએ. (અંતરાય, સતત સૂત્રોચ્ચાર)

# અધ્યક્ષશ્રીનો નિર્ણય

## ગૃહમાં ઔચિત્ય ભંગના મુદા અંગે

અધ્યક્ષશ્રી : ઓર્ડર... ઓર્ડર.....પ્લીઝ. આજ રોજ ગૃહમાં શોકદર્શક ઉલ્લેખની બાબત પૂરી થયા બાદ માનનીય અધ્યક્ષશ્રી તેમના સ્થાન પર ઉભા હતા ત્યારે ગૃહના નેતા તેમનું સ્થાન છોડીને ગૃહની બહાર નીકળ્યા હતા તે બાબતે ગૃહમાં ઔચિત્ય ભંગનો મૃદો માનનીય વિરોધ પક્ષના નેતાએ ઉભો કર્યો છે.આ બાબતે મારે જણાવવાનું કે, ગૃહના સૌ સભ્યોને પોતાનું સ્થાન લેવા મેં વિનંતી કર્યા બાદ સૌ સભ્યોએ પોતાનું સ્થાન લીધું હતું અને ત્યારબાદ સભાગૃહના નેતા પોતાનું સ્થાન છોડીને ગૃહની બહાર ગયા હતા. આ પ્રમાણેની પરિસ્થિતિ હોવાથી હું માનનીય વિરોધ પક્ષના નેતાએ ઉપસ્થિત કરેલ પોઇન્ટ ઓફ ઓર્ડરનો અસ્વીકાર કરું છું. પ્લીઝ. ઓર્ડર...ઓર્ડર...

આજે પ્રશ્નોત્તરી દરમ્યાન માનનીય વિરોધ પક્ષના નેતાશ્રીએ અદાણી જુથને જમીન ફાળવવાના પ્રશ્ન પરનો પૂરક પ્રશ્ન પૂછતી વખતે માનનીય સંસદીય બાબતોના મંત્રી સામે અંગત આક્ષેપ મુકતા ઉચ્ચારણો કર્યા હતા. તે સબંધે માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રી દિલીપભાઇ સંઘાણીએ પોઇન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ઉપસ્થિત કર્યો હતો. આ મુદ્દા સંબંધમાં માનનીય વિરોધપક્ષના નેતાશ્રીએ સ્પષ્ટતા કરી હતી કે, માનનીય

મંત્રીશ્રી સામે મેં કોઇ અંગત આક્ષેપ કર્યા નથી અને જો રેકર્ડ પરથી ફલિત થશે તો માનનીય અધ્યક્ષશ્રી જે નિર્ણય કરશે તે હું માન્ય રાખીશ. તે સમયે મેં રેકર્ડ જોઇને નિર્ણય આપવા જણાવ્યું હતું. મેં આ પ્રશ્ન પરની ગૃહની કાર્યવાહીની નોંધ તપાસી છે. કાર્યવાહીની નોંધ જોતાં મને જણાય છે કે, જે સંદર્ભ આપીને આપે પૂરક પ્રશ્ન પૂછયો હતો, તે સંદર્ભ પરથી આપે માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રી સામે અંગત આક્ષેપ કર્યા છે, તેમ હું માનું છું. આ બાબતે વિધાનસભાના નિયમોના નિયમ–૩૭માં સ્પષ્ટ જોગવાઇ છે કે, ગૃહના કોઇપણ સભ્ય સામે અંગત આક્ષેપ કરી શકાતો નથી. મારા પૂરોગામી અધ્યક્ષશ્રીઓએ પણ આ બાબતે અનેક નિર્ણયો કર્યા છે અને આક્ષેપ કરવા હોય તો જે તે સભ્ય અથવા મંત્રીશ્રીને અગાઉથી જાણ કરવી પડે છે. અધ્યક્ષશ્રીને પણ આ બાબતે જાણ કરવી પડે છે. માનનીય શકિતસિંહભાઇએ પણ તતસમયે ગૃહને જણાવ્યું હતું કે, જો આવો અંગત આક્ષેપ કર્યો હશે તો હું માફી માગીશ. આથી હું માનનીય શકિતસિંહભાઇને માફી માગવા જણાવું છું અને તેમણે કરેલ અંગત આક્ષેપો ગૃહની કાર્યવાહીમાંથી રદ કરું છું અને ભવિષ્યમાં ગૃહના સૌ સભ્યોને વિનંતી છે કે, ગૃહના કોઇપણ સભ્યની સામે અંગત આક્ષેપ કરવાથી દૂર રહે અને સંસદીય ઉચ્ચ પ્રણાલિકાઓનું જતન કરે.

શ્રી શકિતસિંહ હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, મારા હાથમાં કાર્યવાહીનો ભાગ છે એના બે શબ્દો રેકર્ડ પર મૂકીને આપે (અંતરાય)

અધ્યક્ષશ્રી : રૂલિંગ થઇ ગયું છે. હવે આપ કાંઇ ન કરો. પ્લીઝ.

(અંતરાય) પ્લીઝ, રૂલિંગ થઇ ગયું છે. (અંતરાય) પ્લીઝ, એક વખત રુલીંગ થઇ ગયું છે (અંતરાય) પ્લીઝ.

શ્રી શકિતસિંહ હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, મેં સ્પષ્ટ કહયું હતું કે ત્રણ જણા જોવે. દિલીપભાઇ જોવે, અર્જુનભાઇ જોવે અને આપ જુઓ. નિયમોમાં કયાંય માફી માગવાની જોગવાઇ નથી.

અધ્યક્ષશ્રી : પ્લીઝ. રૂલિંગ પછી. પ્લીઝ, પ્લીઝ, પ્લીઝ.

શ્રી શકિતસિંહ હ. ગોહિલ : આપ જે સજા કરવાની હોય આ ત્રણને જોયા વગર કોઇ દબાણ નીચે નિર્ણય ન હોઇ શકે. માફી માગવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. (અંતરાય) (સતત ઘોંઘાટ)

અધ્યક્ષશ્રી : ગૃહની આજની બેઠક હું મુલતવી રાખું છું. ગૃહ આવતી કાલે સવારે ૧૨–૦૦ કલાકે ફરી મળશે. **(સાંજના ૪–૪૯)**

**સભાગૃહનું કામકાજ સાંજના ૪–૪૯. વાગ્યે પૂરું થતાં સભાગૃહ અધ્યક્ષશ્રીના આદેશાનુસાર બુધવાર, તા.૧ લી માર્ચ, ૨૦૧૨ના રોજ બપોરના ૧૨–૦૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.**

**ગુજરાત વિધાનસભા**
**ગુરુવાર, તાઃ૧લી માર્ચ, ૨૦૧૨**
**ફાલ્ગુન ૧૧, ૧૯૩૩ શાકે**
**સભાગૃહ બપોરના ૧૨-૦૦ વાગ્યે મળ્યું**
**અધ્યક્ષશ્રી ગણપતભાઇ વસાવા અધ્યક્ષસ્થાને**

# તારાંકિત પ્રશ્નો

## પ્રાઈવેટ ટ્રસ્ટ સંચાલિત હોસ્પિટલોમાં ૨૦ ટકા ગરીબ દર્દીઓ માટે પલંગો અનામત રાખવાની જોગવાઈ

* **૨૫૨૧૦ શ્રી ગ્યાસુદીન હ. શેખ(શાહપુર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કેઃ-

૧. તાઃ૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ રાજયમાં પ્રાઈવેટ ટ્રસ્ટ સંચાલિત હોસ્પિટલોને મંજૂરી આપતી વખતે ૨૦ ટકા ગરીબ દર્દીઓ માટે પલંગ અનામત રાખવાની જોગવાઇ છે તે હકીકત સાચી છે, અને

૨. જો હા, તો ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી હોસ્પિટલોને મંજૂરી આપી અને તેનું પાલન થાય છે કે કેમ?

**આરોગ્ય મંત્રીશ્રીઃ**

૧ રાજયમાં પ્રાઈવેટ ટ્રસ્ટ સંચાલિત હોસ્પિટલોને આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્ધારા મંજૂરી આપવામાં આવતી નથી.

૨ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

શ્રી ગ્યાસુદીન હ. શેખ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગુ છું કે જિલ્લાવાર ટ્રસ્ટ સંચાલિત હોસ્પિટલો કેટલી છે? આ ટ્રસ્ટ સંચાલિત હોસ્પિટલોને ગરીબ દર્દીઓ માટે ૨૦ ટકા ખાટલા અનામત રાખવાનો આદેશ આપી શકાય કે કેમ? કેન્દ્ર સરકાર દ્ધારા ગરીબ દર્દીઓ માટે તમામ કક્ષાએ મફત દવા અને પલંગ સુવિધા આરક્ષણની જોગવાઇ કરેલ છે તે સરકારશ્રી અનુસરવા માગે છે કે કેમ? આપના માધ્યમથી પૂછવા માગુ છું કે મધ્યમ વર્ગના ગરીબ દર્દીઓ માટે નિઃશુલ્ક સારવાર હોસ્પિટલોમાં મળે એ માટે સરકારશ્રીએ કોઇ આયોજન કરેલ છે કે કેમ? કેમ કે કેરાલ અને તામિલનાડુની અંદર તમામ મધ્યમવર્ગના ગરીબ દર્દીઓઓને સરકાર દવાઓ મફત નિઃશૂલ્ક સારવાર આપે છે. જયારે આપણે નંબર વનની વાત કરતા હોઇએ, અને ગુજરાત પ્રગતિના પંથે છે તો ગરીબો માટે આ રાહત આપવા માગે છે કે કેમ?

શ્રી જયનારાયણ ન. વ્યાસ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે પ્રશ્ન ઉપસ્થિત કર્યો છે પહેલા તો એની મર્યાદાઓ તરફ ધ્યાન દોરવા માગુ છું. માનનીય સભ્યશ્રીનો પ્રશ્ન છે કે તાઃ૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ રાજયમાં પ્રાઈવેટ ટ્રસ્ટ સંચાલિત હોસ્પિટલોને મંજૂરી આપતી વખતે ૨૦ ટકા ગરીબ દર્દીઓ માટે પલંગ અનામત રાખવાની જોગવાઇ છે તે હકીકત સાચી છે, સાહેબ, કોઇ પણ પ્રકારની મંજૂરી હોસ્પિટલ શરુ કરવા માટે આરોગ્ય વિભાગે આપવાની હોતી નથી. એટલે બાકીનો કોઇપણ પ્રશ્ન આમાંથી ઉપસ્થિત ના થાય. પણ માનનીય સભ્યશ્રીએ જયારે ગરીબોની આટલી ચિંતા કરી છે ત્યારે મારે માનનીય સભ્યશ્રીને ખૂબ જ સન્માનપૂર્વક કહેવુ છે કે આ રાજયમાં સરકારી હોસ્પિટલો સબ સેન્ટરથી માંડીને સિવિલ હોસ્પિટલ સુધી ૩ કરોડ અને ૭૦ લાખ ઓ.પી.ડી.ના દર્દીઓને સારવાર આપે છે. આ રાજયમાં શાળા આરોગ્ય ચકાસણી કાર્યક્રમ ચાલે છે. ૦ થી ૧૮ વર્ષ સુધીના કોઇપણ વ્યકિતને ૧ કરોડ અને ૨૫ લાખની સંખ્યામાં દર વર્ષે અમે આરોગ્ય ચકાસણી કરીએ છીએ અને એને ૩ અપવાદોને બાદ કરતાં કોકલીયર ઇમ્પલાન્ટસ, હોર્મોન ઇન્જેકશન્સન્સ અને બોનમેરો ટ્રાન્સપ્લાન્ટસ આ ત્રણને બાદ કરતાં કોઇપણ બીમારી

હોય, હૃદયના વાલ્વના રીપેરીંગની બીમારી હોય કે કોઇપણ જટિલ ઓપરેશન હોય, કીડનીનું કોઇ ટ્રાન્સપ્લાન્ટેશન હોય, સાહેબ સંપૂર્ણપણે મફત આ રાજય સરકાર દ્વારા કરવામાં આવે છે. આને કુલ સરવાળા સાથે જોડીએ તો આ રાજયની ૬ કરોડ જનતામાંથી લગભગ ૪ કરોડ કરતા વધારે જનતાને આ સરકાર ઘરઆંગણે સારવાર આપે છે અને એમાં ૧૦૮ની સેવાઓ જોડીએ તો ગુજરાતના કોઇપણ ખુણામાં કોઇપણ વ્યકિતને આજે અકસ્માત કે કોઇ આકસ્મિક ઇજાના કારણે મરવુ પડતુ નથી. ૨૭ લાખ કરતા વધારે વ્યકિતઓને અત્યાર સુધીમાં આપણે સેવા આપીએ છીએ. દેશમાં પ્રથમ નંબરનું રાજય છે ગુજરાત. સાહેબ દાખલો તામિલનાડુ અને કેરાલાનો આપ્યો, આ બધાનો સરવાળો કરીએ કદાચ તો તામિલનાડુ અને કેરાલા કરતા કયાંય આગળ સેવાઓ આપીએ છીએ અને એ સેવાઓ ગરીબોને લક્ષિત છે માનનીય ગ્યાસુદ્દીનભાઇ, આપનામાંથી પણ કેટલાય સન્માનનીય અમારા મિત્રો છે કે જેમણે કયારેય પણ ભલામણ કરી હોય કે આ વ્યકિત તકલીફમાં છે, ગરીબ છે, હું I want to assure you that આ સરકાર ગરીબો માટેની છે, ગરીબોને લક્ષ્યમાં રાખીને ચાલે છે અને હું આ ગૃહની વચ્ચે જવાબદારીપૂર્વક કહેવા માગુ છું કે જો કોઇ વ્યકિત સાચા અર્થમાં ગરીબીની રેખા નીચે હશે, ઇ-મમતા અને એવા કિસ્સામાં તો ધારાસભ્યશ્રીના પ્રમાણપત્ર પણ અમે ચલાવી લઇએ છીએ પણ એવા કિસ્સામાં પણ મેં સાહેબ આ પક્ષ કે આ પક્ષ જોયા વગર એવા અનેક મિત્રો છે કે જેમને એમની ભલામણો ઉપરથી આપણે સારવાર આપી છે અને આપવાનો પૂરો પ્રયત્ન કરીશું. ગ્યાસુદ્દીનભાઇ આપની પાસે કોઇ પણ કેસ હોય તો કહેજો.

શ્રી શકિતસિંહ હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, આરોગ્યની બાબતમાં લાગે વળગે છે ત્યાં સુધી બે બાબતમાં માનનીય મંત્રીશ્રી પાસેથી આપના મારફત જાણવા માગુ છું. બીપીએલ કે બી.પી.એલ.ના હોય, ભૂતકાળમાં લાઇફ સેવિંગ્સ ડ્રગનું ખૂબ લાંબુ લિસ્ટ હતું.બી.પી.એલ. હોય કે ન હોય, એ પણ ટોટલી ફ્રી આપતા હતા. સ્કૂલ હેલ્થ પ્રોગ્રામ હેઠળ ભારત સરકારમાંથી અમુક કાર્યક્રમો આવ્યા જેના કારણે સારવારનો વ્યાપ વધારી શક્યા છીએ. પોલિટિકલ ઓબ્ઝર્વેશનથી ઉપર ઊઠીને હું માનનીય મંત્રીશ્રી પાસેથી અપેક્ષા એ રાખું છું કે જે કોઇ સરકારી હોસ્પિટલોમાં જાય છે એ સામાન્ય રીતે આર્થિક રીતે પોષાતું હોય તો કોર્પોરેટ હોસ્પિટલમાં જ જાય, પણ સરકારી હોસ્પિટલમાં જાય છે ત્યારે આજે સરકારી હોસ્પિટલની સેવાઓ દિવસે દિવસે મોંઘી થતી જાય છે એને ઘટાડવા માટેના પ્રયત્નો કરવા માગો છો કે કેમ?

**શ્રી જયનારાયણ ન. વ્યાસ :** એક " અમૃતમ્ " કરીને યોજના આ વખતના અંદાજપત્રમાં સરકારે જાહેર કરી છે. એ બતાવે છે કે આ સરકાર આ બાબતને પૂરી ગંભીરતાથી લે છે. આ ઉપરાંત જ્યાં જ્યાં સરકારી હોસ્પિટલો છે અને જિલ્લા કક્ષાએ અને અન્યત્ર શક્ય હોય ત્યાં અનબ્રાન્ડેડ જે જનરલ મેડિસિન છે એના સ્ટોર ખોલીને એ દવાઓ પણ મોટાભાગે જે રાષ્ટ્રીયકૃત જાહેર સાહસો છે એની બનેલી હોય છે એ દવાઓ પણ ઓછામાં ઓછા દરે દર્દીઓને પ્રાપ્ત થાય એ માટેના અમારા પ્રયત્નો છે. એ ઉપરાંત Drug price is not only important thing, it is also important that these medicines are provided and provided in sufficient quantity that they are available at the appropriate time. તો એ માટે આ વખતના બજેટમાં જોગવાઇ કરી છે કે સી.એમ.એસ.ઓ.નું તંત્ર છે જ્યાં ક્યાંક દવાઓની પ્રોક્યોરમેન્ટમાં મુશ્કેલીઓ પડતી હતી તો આખું નિગમ તામિલનાડુંમાં છે એ રીતે અહીંથી આરોગ્ય કમિશનરશ્રીની અધ્યક્ષતામાં એક ડેલીગેશન ગયું અને એક આખું નિગમ તૈયાર કરવા માટે અને એના માટેની નાણાકીય જોગવાઇ પણ આ વખતના અંદાજપત્રમાં કરવામાં આવી છે. માનનીય વિરોધ પક્ષના નેતાશ્રીને પૂરી ગંભીરતાથી કહેવા માગું છું કે આપના પણ જો કોઇ સૂચનો હોય તો આપ ચોક્કસ કહેજો. I will be happy to consult you અને કંઇ હોય તો આપણે સાથે બેસીને ગરીબો પ્રત્યે આ તરફ કે પેલી તરફ એ ક્યારેય અમે જોવા માગતા નથી.

**શ્રી શૈલેષ મ. પરમાર :** માનનીય મંત્રીશ્રીએ જે રીતે કીધું કે સરકારી હોસ્પિટલોમાં પૂરી સારવાર આપવામાં આવે છે. આ પ્રશ્ન એટલા માટે ઉત્પન્ન થયો છે કે ખાસ કરીને અમદાવાદ શહેરની વાત કરું છું ત્યારે અમદાવાદની અંદર જે પ્રાઇવેટ હોસ્પિટલો આવેલી છે, દર્દી જ્યારે છેલ્લી અણી ઉપર હોય ત્યારે નજીકની હોસ્પિટલ હોય એ હોસ્પિટલમાં લઇ જવાનું ૧૦૮ વાળા પહેલું પસંદ કરતા હોય છે. અમદાવાદ શહેરની એવી

ઘણી મોટી પ્રાઈવેટ હોસ્પિટલો છે કે જેમાં રીતસર દર્દીઓને ચીરી નાખવાનું કામ કરવામાં આવે છે. દર્દીને પૈસાથી ચીરી નાખવાનું કામ આ પ્રાઈવેટ હોસ્પિટલો દ્વારા કરવામાં આવે છે. કારણ કે માણસનું મૃત્યુ થયા પછી આ પ્રાઈવેટ હોસ્પિટલોવાળા પૈસા ન મળે ત્યાં સુધી લાશ આપતા નથી. આવા સંજોગોમાં ૨૦ ટકાની વાત એટલા માટે કરવામાં આવી છે. કારણ કે જે રીતે આપે વાત કરી કે સરકારી દવાખાનામાં આરોગ્યની ટ્રીટમેન્ટ આપવામાં આવે છે. આજે સરકારી દવાખાનામાં પણ માનનીય મંત્રીશ્રી, જે બી.પી.એલ. કાર્ડ ધારકો છે, જે લોકો પાસે બી.પી.એલ. કાર્ડ છે પણ કોર્પોરેશનના કોમ્પ્યુટરમાં સરકારી બી.પી.એલ.ની યાદીમાં કાર્ડ ધારકનું નામ ન હોય તો પોતાની પાસે બી.પી.એલ. કાર્ડ હોવા છતાં એવા દર્દીને આ સેવાનો લાભ મળતો નથી. તો સરકારશ્રી આ ૨૦ ટકાનું ધોરણ પ્રાઈવેટ હોસ્પિટલોમાં દાખલ કરવા માગે છે કે કેમ અને બીજું જે લોકો બી.પી.એલ. કાર્ડ ધરાવે છે પણ કોમ્પ્યુટર યાદીમાં નામ નથી એ લોકોને લાભ આપવા માગે છે કે કેમ?

**શ્રી જયનારાયણ ન. વ્યાસ :** પહેલો પ્રશ્ન છે એનો જવાબ મેં પહેલા પણ આપ્યો છે કે કોઈપણ હોસ્પિટલને મંજૂરી આપવાનો કાયદો નથી. હમણાં ભારત સરકારે એક કાયદો ઘડ્યો છે પણ એ રાજ્યોમાં પહોંચ્યો નથી. એ પરિસ્થિતિમાં અમારે મંજૂરી આપવાની હોતી નથી ત્યારે શરત મૂકવાનો સવાલ ઊભો થતો નથી. ત્યાર પછી બીજો મુદો એ છે, હું ફરી કહું છું કે ગરીબો માટેની સંવેદનશીલતામાં સંપૂર્ણપણે ભાગીદાર થયા છીએ. હું નામ દેવા માગતો નથી. પણ મારા સાથી પક્ષમાંથી આવીને મને એમ કહે કે આ દર્દી ગરીબ છે અને સહાય આપવા પાત્ર છે તો મેં હંમેશા ઉદારતાથી જોયું છે. ત્રીજું કે માનનીય મુખ્યમંત્રીશ્રીનું રાહત ભંડોળ ચાલે છે એમાંથી અત્યાર સુધીમાં કોઇ વર્ષોમાં નથી બન્યુ કે ભલામણ કરી હોય અને બે-ત્રણ અઠવાડીયામાં માનનીય મુખ્યમંત્રીશ્રીના રાહત ભંડોળમાંથી ચેક પહોંચી જાય સાહેબ, સંપૂર્ણ સંવેદનશીલતાથી આરોગ્ય વિભાગ ગરીબો માટે કામ કરે છે, કરશે અને મારા સાથીમિત્રોને હું વિનંતી કરું છું કે એવો કોઇપણ કિસ્સો હોય કે જેમાં આપને અમારું ધ્યાન દોરવાનું લાગે અમારી સુધરવાની તૈયારી છે. આ આરોગ્ય મંત્રી તરીકે ખુરશીનો હું એકલો ભાગીદાર નથી. ૧૮૨ ભાગીદારો છે મારી ખુરશીમાં સાહેબ. એટલે જ્યારે પણ કાંઇ હોય I am willing to share their suggestions with them.

**જૂનાગઢ જિલ્લામાં ઈ-મમતા કાર્યક્રમ હેઠળ સગર્ભા માતાઓની નોંધણીઓ**

* **૨૪૫૧૯ શ્રીમતી વંદનાબેન મ. મકવાણા(કેશોદ) માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) સગર્ભા માતાઓની નોંધણી માટે રાજ્ય સરકારે રાજ્યમાં ઈ-મમતા કાર્યક્રમ શરૂ કરેલ છે, તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો જૂનાગઢ જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી સગર્ભા માતાઓની નોંધણી કરવામાં આવી ?

**આરોગ્ય મંત્રીશ્રી ઃ**

(૧) હા, જી.

(૨) જૂનાગઢ જીલ્લામાં ૩૧ -૧૨ -૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ૭૧૦૨૮ સગર્ભા માતાઓની નોંધણી કરવામાં આવી છે.

**શ્રીમતી વંદનાબેન મ. મકવાણા(કેશોદ) :** માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, ઇ-મમતા થકી કઇ કઇ વિશિષ્ટ સેવાઓ પૂરી પાડવામાં આવે છે અને આ યોજના ક્યારથી શરૂ થઇ છે? એમાં મારો બીજો પ્રશ્ન, જૂનાગઢ જિલ્લામાં તા.૧-૧-૨૦૧૦ થી તા.૩૧-૧૨-૨૦૧૧ સુધી તાલુકાવાર, મહિલાવાર કેટલી પ્રસુતા બેહેનોની નોંધણી થઇ અને આની પાછળ કેટલો ખર્ચ થયેલ છે?

શ્રી જયનારાયણ ન. વ્યાસ : માનનીય અધ્યક્ષશ્રી, ઈ-મમતા યોજના એટલે electronically માં અને આવનાર બાળકના જન્મ પછી ચાર વર્ષ સુધી એને ટ્રેપ કરવા માટેની યોજના છે. ગુજરાત દેશમાં આ પ્રકારની યોજના શરૂ કરનાર એક અગ્રીમ રાજ્ય છે અને આ માટે માનનનીય અધ્યક્ષશ્રી, મારે ગૌરવ સાથે આ

સન્માનનીય સભાગૃહને કહેવું છે કે ગુજરાતના આ અનુભવને વહેંચવા માટે ગુજરાત સરકારને કેન્દ્રીય મંત્રીશ્રી અને કેન્દ્રના આ સંબંધિત વિભાગ તરફથી પણ એક કરતાં વધારે વખત નિમંત્રણ મળ્યું છે. એટલે I think this is one scheme which Gujarat is one of the most forwarding pioneer State and we can be proud of it, sir. આ યોજના સાહેબ, જુલાઇ–૨૦૧૦ થી રાજ્યમાં શરૂ કરવામાં આવી.

માનનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ પૂછ્યું છે કે , ઇ–મમતા થકી કઇ વિશિષ્ટ સેવાઓ પૂરી પાડવામાં આવે છે? એનો જવાબ છે કે, ઇ–મમતા થકી નીચેની વિશિષ્ટ સેવાઓ પૂરી પાડવામાં આવે છે.

(૧) આરોગ્ય કાર્યકરને મમતા દિવસે પૂરી પાડવાની થતી સેવાઓનો લાભાર્થીઓનું વર્ક સ્થાન.

(૨) લાભાર્થી તેને મળવાપાત્ર થતી સેવા માટે ઓટોમેટિક એસએમએસ એલર્ટ. સાહેબ, આ ખૂબ અગત્યની સેવા છે. ધારો કે, લાભાર્થીને અમુક તારીખે એક રસી લેવાની હોય. સાહેબ, રસીકરણ ખૂબ અગત્યનો ભાગ ભજવે છે સર્ગભા મહિલા અને બાળકને માટે પણ, સાહેબ આ એસએમએસ સેવા એવી છે કે લાભાર્થીને પણ એલર્ટ કરે, સંબધિત હેલ્થ વર્કરને અને એના સુપરવાઇઝરને પણ એલર્ટ કરે ૩ or ૪ days in advance, સાહેબ, આ કદાચ કોઇ રાજ્યમાં આ પ્રકારની સેવા ઉપલબ્ધ નથી. ગુજરાતે આમાં એક નોંધપાત્ર કામ કર્યુ છે. (૩) ANM અને આશાને પણ તેઓના રજીસ્ટર્ડ મોબાઇલ નંબર ઉપર પૂરી પાડવાની થતી સેવા માટે એસ.એમ.એસ.થી એમને જાણ કરીએ છીએ. (૪) બાળકનો growth monitoring chart એ તો સાહેબ અમે પહેલા મમતા દિવસે કરતા હતા. પણ સાહેબ વધારે અગત્યનું એ છે કે રસીકરણનો જે રેકોર્ડ છે. અત્યાર સુધી એક જે બાળમરણ માટે એક મહત્વનું કારણ જાણવા માળ્યું છે એ છે કે બાળકોને જે સમયાંતરે નિયમિત રસી અપાવવી જોઇએ એ નિયમિત રસી અપાતી નથી. એટલે રસીકરણ રેકર્ડ કુપોષિત સગર્ભા સ્ત્રીઓના નામ અને હિમોગ્લોબીન સાહેબ, આ પણ મહત્વનું પાસું છે કારણ કે, ઘણી વખતે સગર્ભાવસ્થા દરમ્યાન હિમોગ્લોબીન લેવલ અને બ્લડ સુગર લેવલ આ બંને fluctuate થતા હોય છે એની અસર જન્મનાર બાળક પર પડે છે. એટલે જન્મનાર બાળક સ્વાસ્થયપ્રદ જન્મે એ માટે બાળકને અને કુપોષિત સગર્ભા સ્ત્રીઓના એચ.બી. અને weight chart ની online ઉપલબ્ધી. (૫) સેવાથી વંચિત લાભાર્થીઓની યાદી. (૬) જોખમી માતા અને જોખમી બાળકોની યાદી. આ સાહેબ, અમે એટલા માટે તૈયાર કરીએ છીએ કે કયો કેસ ક્રિટિકલ કેર માગે તેવી પરિસ્થિતિમાં જાય તેમ છે અને એની વિગતો ૧૦૮ ને પણ આપી રાખીએ છીએ. with expected date of delivery જેથી કરીને આવી contingency ઊભી થાય તે પહેલા એના સામે રક્ષણ લઇ શકાય. (૭) Dash board દ્વારા પૂરી પાડવાની પ્રજન્ન અને બાળ આરોગ્ય સેવાની રીયલ ટાઇમ માહિતી. (૮) સેવાઓની માહિતીનું ગ્રામ કક્ષા સુધીનું વિસ્તૃત વિશ્લેષણ. લક્ષિત દંપતિની ગ્રામવાર યાદી. (૯) સ્થળાંતરના કિસ્સામાં લાભાર્થીને સાહેબ, આ એક વધારાની સુવિધા ઊભી કરી છે. કારણ કે ઘણાં બધા આદિવાસી વિસ્તારના સિદ્ધાર્થભાઇ આ ખૂબ અગત્યનું છે. ઘણા બધા આદિવાસી વિસ્તારમાંથી આદિવાસીભાઇઓ મજૂરી માટે સ્થળાંતર કરીને જાય છે. આ યુનિક આઇડી પર આધારીત પ્રોજેકટ છે. એટલે ધારોકે પંચમહાલમાંથી કોઇ સ્થળાંતર કરીને મજૂરી માટે રાજકોટ ગયું હોય તો પણ યુનિક આઇ.ડી.ની આ સેવા એને મળી શકે છે. એટલે This is the utmost modernization as far as the planning of this entire scheme is concerned, માતા અને બાળકની યુનિક આઇ.ડી., સંપૂર્ણ જીવન ચક્ર અભિગમ, જન્મ થી મૃત્યું સુધી વ્યક્તિગત માહિતીનો ડેટા બેઝ, આ પ્લેટફોર્મ છે. આટલી વિશિષ્ટ સેવાઓ આ ઇ–મમતા યોજના હેઠળ આપવામાં આવે છે અને અમે એને જુલાઇ, ૨૦૧૦થી શરૂ કરી છે.

શ્રી રાજસીભાઇ વિ. જોટવા : માનનીય અધ્યક્ષશ્રી, અમારા બહેન શ્રી વંદનાબેને જે પ્રશ્ન કર્યો છે, એ પ્રશ્ન કે જે છેવાડાના ઝુંપડામાં રહેતા માણસ સુધી અસરકર્તા પ્રશ્ન છે, ત્યારે ગુજરાતની અંદર આરોગ્યલક્ષી અનેક સુવિધાઓ વર્તમાન સરકારે, માનનીય મુખ્ય મંત્રીશ્રી અને આરોગ્ય મંત્રીશ્રીએ જયારે લોકો સુધી પહોંચાડવાનો પ્રયત્ન કર્યો છે, ત્યારે હું આ ગૃહમાં અભિનંદન એટલે નથી આપતો કે ઘણાંને અભિનંદન આપીએ તો તકલીફ પડે છે. પરંતુ ગુજરાત રાજયની જનતાના આશીર્વાદ માનનીય મુખ્ય મંત્રી અને આરોગ્ય મંત્રી ઉપર છે ત્યારે છ કરોડની ગુજરાતની જનતા મારફતે માનનીય મંત્રીશ્રી પાસે હું આ

ગૃહમાંથી પૂછવા માગું છું કે, આ ઇ–મમતા કાર્યક્રમ હેઠળ કયારથી નોંધણી શરૂ થઇ, કઇ કક્ષાએ નોંધણી થાય છે અને કેટલા સમયાંતરે નોંધણી થાય છે?

મારો બીજો પ્રશ્ન એ છે કે, ઇ–મમતા કાર્યક્રમ શરૂ કરવાનો હેતુ શું અને તેના માટે કેટલું મહેકમ સરકારે મંજૂર કર્યું છે?

શ્રી જયનારાયણ ન. વ્યાસ : માનનીય અધ્યક્ષશ્રી, આ એક સંકલિત યોજના છે એટલે સામાન્ય રીતે જે આરોગ્ય કમિશ્નર કચેરી છે ત્યાંથી માંડી આશા વર્કર સુધી આખુંય તંત્ર આમાં સંકલિત રીતે જોડાયેલું છે એટલે આના માટે જુદું મહેકમ This is an existing system improving upon what were the deficiencies એટલે આ રીતે સાહેબ આનું આયોજન કરવામાં આવ્યું છે અને આ આયોજન મુજબ મેં જેમ અગાઉ કહ્યું તેમ જુલાઇ, ૨૦૧૦થી આ યોજના શરૂ કરવામાં આવી છે.

**રાજયમાં મેટ્રો રેલ**

**ડો. માયાબેન સુ. કોડનાની(નરોડા) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે
ઃ–

(૧) રાજ્યમાં મેટ્રો રેલ વિકસાવવાની શક્યતાઓ રાજ્ય સરકાર ચકાસી રહી છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો મેટ્રો રૂટ અંતર્ગત કયા કયા વિસ્તારોમાં આવરી લેવામાં આવશે ?

**શહેરી વિકાસ મંત્રીશ્રીઃ**

(૧) હા, જી.

(૨) જુદા–જુદા વિકલ્પો વિચારણા હેઠળ છે.

ડો. માયાબેન સુ. કોડનાની : માનનીય અધ્યક્ષશ્રી, મહાનગરોમાં અને શહેરોમાં આજે સૌથી મોટી સમસ્યા હોય તો ટ્રાફિકની સમસ્યા છે. ગુજરાતમાં આજે ૧ કરોડ, ૩૬ લાખ જેટલા વાહનો છે. એકલા અમદાવાદ શહેરમાં ૩૦ લાખ વાહનો છે અને એમાં પણ ટુ–વ્હિલર જોવા જઇએ તો ૨૦ લાખ જેટલા ટુ–વ્હિલર એકલા અમદાવાદ શહેરમાં છે. એ ટુ–વ્હિલર વાપરનાર મોટાભાગે ગરીબ અને મધ્યમવર્ગના લોકો હોય છે. આ સમસ્યાનો ઉકેલ જોવા જઇએ તો એક Mass Transportations જ એક એકલું આપણને દેખાય. હું ખૂબ અભિનંદન સાથે આનંદ વ્યકત કરું છું કે, અમદાવાદ શહેરમાં B.R.T.S. દ્વારા આ સમસ્યાના નિવારણમાં ઘણી મોટી રાહત થઇ છે. સાથે સાથે ફલાય ઓવર અને રેલવે ઓવર બ્રિજો પણ ઘણી સમસ્યાઓ હલ કરવામાં મદદરૂપ થઇ રહ્યા છે. પરંતુ આ સમસ્યાઓનો જો કાયમી ઉકેલ લાવવો હોય તો મેટ્રો રેલ એજ એક કાયમી ઉકેલ છે, ત્યારે માનનીય મંત્રીશ્રીએ જે કહ્યું છે કે, વિચારણા હેઠળ છે તો શું આવનારા બજેટમાં આની કોઇ જોગવાઇ કરવામાં આવી છે કે કેમ, અને જુદા જુદા વિકલ્પોની વિગતો શું છે?આપણે જે રસ્તાઓ પહોળા કરવાપાત્ર હતા એની મર્યાદામાં લગભગ તમામ મહાનગરોમાં, નગરપાલિકામાં, સમગ્ર રાજયના હાઇવે સહિત ઇન્ફ્રાસ્ટ્રકચરનું ખૂબ મોટું માળખું માનનીય મુખ્યમંત્રીશ્રીની આ સરકાર દ્વારા સતત કામ કરીને માર્ગ અને મકાન વિભાગ, શહેરી વિકાસ વિભાગ કે અન્ય વિભાગો, વાહન વ્યવહાર વિભાગ દ્વારા અમલમાં મૂકવામાં આવી રહયું છે છતાં પણ આવનારા સમયને પહોંચી વળવા માટે ટ્રાફિકની સમસ્યાને શકય તેટલી હળવી કરવા માટે મોંઘવારી ઘણી વધી રહી છે, પેટ્રોલ, ડિઝલનો ભાવ વધારો હવામાં તોળાઇ રહ્યો છે. લોકોને જીંદગી જીવવાનું અઘરું પડે છે. અસહ્ય મોંઘવારી વધી રહી છે ત્યારે મધ્યમ વર્ગનો માનવી, નાનો માનવી અને દરેક નાગરિકને આવી વ્યવસ્થા, માસ ટ્રાન્સપોર્ટેશનની વ્યવસ્થા આપવા માટે મારી સરકારે જે અનેકવિધ પગલાં લીધાં છે એનો ઉલ્લેખ માયાબેને કર્યો છે અને આપણે બધા જાણીએ છીએ કે ફલાય ઓવર, પુલ્સ, આર.ઓ.બી., આર.યુ.બી. બધું ઘણું ઘણું કરી રહયા છીએ. બી.આર.ટી.એસ.અમદાવાદમાં બનાવી લાખો લોકો દરરોજ આનો લાભ લે છે છતાંપણ અમને એનો સંપૂર્ણ સંતોષ નથી એટલા માટે કે ગુજરાતનું ભવિષ્ય ખૂબ ઉજજવળ છે. ગુજરાતના લોકોની ખૂબ

મહત્વાકાંક્ષાઓ છે એને સંતોષવા માટે આ મેટ્રો કંપનીની અમે રચના કરી છે. અમદાવાદ (અંતરાય) ભાષણ જ છે. બીજા પ્રશ્નોમાં પણ ભાષણ હતું.

અધ્યક્ષશ્રી : માયાબેનનો પ્રશ્ન છે કે બજેટમાં જોગવાઇ છે કે કેમ?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : તમને કાંઇ ખબર પડશે નહીં. તમે કાંઇ કર્યુ નથી એટલે તમને કાંઇ ખબર નહીં પડે. એમાં બેસો તો જ ખબર પડશે. સાહેબ, મોટામાં મોટી કેટલાક સભ્યોની તકલીફ છે કે જયારે યોજના અમલમાં આવે, એની રૂપરેખા મુકાય ત્યારે એને * (xxxx) પછી એનો ઉપયોગ કરે ત્યારે એમ કહે છે કે અમને આનો લાભ આપો. આ એટલી તકલીફ છે સાહેબ, એટલે મારે સ્પષ્ટતા કરવી પડે છે. અમદાવાદથી ગાંધીનગર, અમદાવાદ શહેર આપણા રાજયનું મોટામાં મોટું શહેર, મેગાસીટી છે, મેટ્રોસીટી છે. ગાંધીનગર આપણા રાજયનું પાટનગર છે. ગાંધીનગરને ભલે બીજી સરકારોએ અન્યાય કર્યો હોય પણ ગાંધીનગર પાટનગરને મહત્વનું શહેર તરીકે અમે સ્વીકારી અમદાવાદથી ગાંધીનગર સુધીની લગભગ ૪૫ કિલોમીટરની મેટ્રો રેલનું આયોજન કરવાનું ગંભીરતાપૂર્વકનું કામ (અંતરાય) નટવરસિંહ, તમને તો સો વર્ષે પણ ખબર નહીં પડે. એ અમે ચાલુ કર્યુ છે. ગયા વર્ષે પચાસ કરોડ રૂપિયા બજેટમાં મુકયા હતા. આ વખતે પાંચસો કરોડ રૂપિયાની બજેટ જોગવાઇ અમે કરી છે.

શ્રી શકિતસિંહ હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી (અંતરાય) આ ગૃહમાં જે આ પ્રશ્ન છે એના સંદર્ભમાં હું એટલું જ પુછવા માગું છું પ્રશ્ન મેટ્રો રેલનો છે. એમાં બી.આર.ટી.એસ. પણ આવી, એમાં કેન્દ્ર સરકારના કેટલા પૈસા આવ્યા, શું થયું હું માનનીય મંત્રીશ્રીને અસંસદીય શબ્દોમાં જે યાદી છે એવા શબ્દોમાં તો એમને નહીં કહું કે એમને ખબર નથી પડતી જે ન વપરાય. માનનીય અધ્યક્ષશ્રી, હું એ જાણવા માગું છું કે આ મેટ્રો રેલ પ્રોજેકટને વિચારણામાં લેવાની પહેલી વખત આ સરકારે જાહેરાત કયા વર્ષમાં ગુજરાત વિધાનસભામાં કરી અને આજે એને કેટલા વર્ષ થયા? હવે આ મેટ્રો પ્રોજેકટ કેટલા વર્ષમાં પૂર્ણ કરવાની આપની ધારણા છે? અને આ પ્રોજેકટમાં કોઇ ચેરમેન તરીકે વ્યકિત આપ દાગી વ્યકિત, કાળુ નાણું રાખનારી વ્યકિત અથવા કોઇની જગ્યાએ કયાંય સંકળાયેલી વ્યકિતને રાખવાને બદલે આપના પાસે પ્રભુત્વશાળી, નિષ્ઠાવાન, પ્રમાણિક આઇ.એ.એસ.અધિકારી આપણી સરકારમાં ગુજરાત કેડરમાં છે એમાંથી જ રાખવા માગો છો કે નહીં?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, પહેલા તો માનનીય શકિતસિંહભાઇએ જે પ્રશ્ન કર્યો એનો જવાબ છે વર્ષ ૨૦૦૫માં આની વિચારણા કરવામાં આવી. ૧૫૦૦૦ કરોડનો પ્રોજેકટ છે. (અંતરાય) તમે એક લાઇટનો થાંભલો ૨૫ વર્ષ સુધી ઉભા નહોતા કરી શકતા. તમને તો બોલવાની કોઇ જગ્યા જ નથી. માનનીય અધ્યક્ષશ્રી, હું એટલા માટે કહું છું કે ૧૫૦૦૦ કરોડનો પ્રોજેકટ છે. ભારતમાં ખૂબ ઓછા રાજયોએ ફકત દિલ્હી અને મુંબઇએ શરૂ કરેલા પ્રોજેકટ પૈકીનો આ પ્રોજેકટ છે. ભારત દેશ માટે અતિ આધુનિક ટેકનોલોજી અપનાવવાવાળો આ પ્રોજેકટ છે. આ કાંઇ એવા પ્રકારનો પ્રોજેકટ નથી કે આજે બજેટમાં મુકીએ અને કાલથી અમલ ચાલુ થઇ જાય.આનો વિકલ્પ પસંદ કરવા પડે,એની ટેકનોલોજી નક્કી કરવી પડે, એની નાણાકીય પ્રક્રિયા નક્કી કરવી પડે. એના માટેની જરૂરી જમીન મેળવવી પડે. આ બધી જ પ્રક્રિયા કરતા સમય જાય. મારે ખાલી એટલું જ કહેવું છે કે જો આટલું બધુ ઝડપથી થઇ શકતું હોત તો ૧૯૬૦ માં નર્મદાનું ખાતમુહૂર્ત કર્યુ હતું તો ૧૯૭૦ માં તમે બધાએ જો પૂરી કરી હોત તો નર્મદાના જવાબ ન આપવા પડ્યા હોત.(અંતરાય) ૧૯૬૦ ની નર્મદા આજે ૨૦૧૧ માં અમારે જવાબ આપવો પડે છે. સિદ્ધાર્થભાઇ. એટલે સમજી લો. યોજના યોજનાની રીતે ચાલે. આટલી મોટી યોજના આધુનિક યોજના અને એ પ્રમાણેનો સમય થાય.(અંતરાય) બીજું ચેરમેનશ્રીને મુકવાની વાત છે. રાજ્ય સરકારનો અધિકાર છે. રાજય સરકાર પુરતી ગંભીરતાથી કાળજીપૂર્વકની વિચારણાને અંતે નિમણૂંકો કરતી હોય છે.

* (xxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

**બનાસકાંઠા જિલ્લામાં ડાર્કઝોનમાં આવેલ ગામો**

***૨૪૫૧૨ શ્રી ગોવિંદભાઇ મા. પ્રજાપતિ(પાલનપુર) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે–

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લાના અમીરગઢ અને પાલનપુર તાલુકાના કેટલા ગામો ડાર્કઝોનમાં છે,

(૨) વર્ષ ૨૦૧૧–૧૨માં ચોમાસાની ઋતુમાં આ વિસ્તારમાં થયેલ સારા વરસાદને કારણે પાણીના સ્તર ઉંચા આવ્યા હોઈ તંત્ર ધ્વારા ડાર્કઝોન દૂર કરવા રાજ્ય સરકાર દ્ધારા કોઈ કાર્યવાહી કરવામાં આવનાર છે કે કેમ, અને

(૩) જો હા, તો આ કામગીરી ઉક્ત સ્થિતિએ કયા તબક્કે છે ?

**જળસંપત્તિ મંત્રીશ્રીઃ**

(૧), (૨) અને (૩) : નામદાર સુપ્રિમ કોર્ટ અને કેન્દ્ર સરકારની સૂચના અન્વયે નર્મદા, જળસંપત્તિ અને પાણી પુરવઠા વિભાગના ઠરાવ ક્રમાંક : જીડબલ્યુઆર–૨૦૦૩–૧૪–જ–૧, તા. ૧૬–૧૨–૨૦૦૩ અન્વયે તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લાના અમીરગઢ અને પાલનપુર તાલુકા ડાર્કઝોનમાં છે.

જે વિસ્તારમાં ભુગર્ભ જળ રિચાર્જના પ્રમાણમાં ખેંચાણ વધારે હોય અને ડાર્કઝોન અમલી બનતો હોય ત્યાં ભૂગર્ભ જળ રીચાર્જ માટે ચેકડેમ, તળાવો ઉંડા કરી વરસાદી પાણીનો સંચય કરવો, ચેકડેમ ઉંડા કરવા જેવા જળસંચયના કામોને પ્રાધાન્યતા આપી કામગીરી કરવામાં આવે છે.

આવા વિસ્તારોમાં જ્યારે સાતત્યપૂર્ણ રીતે ભૂગર્ભ જળના સ્તરમાં સારા પ્રમાણમાં સુધારો નોંધાય ત્યારે ભારત સરકારે આપેલ માર્ગદર્શક સૂચનાઓ અનુસાર વર્ગીકરણની કાર્યવાહી કરવામાં આવે છે.

શ્રી ગોવિંદભાઇ મા. પ્રજાપતિ : માનનીય અધ્યક્ષશ્રી, મારા પ્રશ્નનો જવાબ મને મળી ગયો છે. ગુજરાત રાજયના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે અને મંત્રીશ્રી નીતિનભાઇએ ફ્લોર ઉપર જાહેરાત કરી છે કે ડાર્કઝોન ઉઠાવી લેવામાં આવે છે. અમારા ગુજરાતના મુખ્યમંત્રી જે અમારા અંતર્યામી છે. અમારા પ્રશ્નો જાણીને વાંચા આપે છે, એના માટે સરકારને અને નીતિનભાઇને લાખ લાખ અભિનંદન આપું છું.

અધ્યક્ષશ્રી : પ્રશ્ન ક્રમાંક– ૫ માનનીય કનુભાઇ.(અંતરાય) માનનીય કનુભાઇ.

શ્રી કનુભાઇ ભુ. ડાભી : મારો પ્રશ્ન ક્રમાંક ૫ છે.(અંતરાય)

અધ્યક્ષશ્રી : એમણે કહ્યું મને સંતોષ છે.

શ્રી શક્તિસિંહ હ. ગોહિલ : પ્રશ્ન પૂછવાનો અધિકાર છે. (અંતરાય)

શ્રી કનુભાઇ ભુ. ડાભી : મારો પ્રશ્ન ક્રમાંક ૫ છે.

અધ્યક્ષશ્રી : આપ બેસી જાવ, પ્લીઝ, માનનીય અર્જુનભાઇ.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા : માનનીય અધ્યક્ષશ્રી, ડાર્ક ઝોન ઉઠાવ્યો નથી, પરંતુ આ સરકારે ડિસેમ્બર–૨૦૦૩ માં નરેન્દ્રભાઈ મોદીની સરકારે જે પ્રતિબંધ મૂક્યો હતો વીજળી કનેકશનનો. આ પ્રતિબંધ દૂર કરવાનો નિર્ણય આ સરકારે પાછો કર્યો છે. ડાર્ક ઝોન ઉઠાવ્યો નથી. ડાર્ક ઝોન છે. ડાર્ક ઝોનમાં કનેકશન અપાતા હતા એ આ સરકારે બંધ કર્યા હતા તે ફરી પાછા ચાલુ કરવાનો નિર્ણય કર્યો છે, પરંતુ એમાં શરત મૂકી છે.

અધ્યક્ષશ્રી : પ્રશ્ન ઉપર આવો.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા : પ્રશ્ન ઉપર આવું છું. શરત મૂકી છે. ડાર્ક ઝોનમાં જેમને કનેકશનો જોઇતા હોય તેમણે ફુવારા પદ્ધતિ અને ટપક પદ્ધતિ વસાવવી પડશે નંબર ૧ અને નંબર–૨ એણે મીટર પ્રથા અપનાવવી પડશે. નંબર–૩ એમણે ટી.સી. સહીતનો ખર્ચ આપવો પડશે. અને નંબર–૪ માનનીય

મંત્રીશ્રીએ જાહેરાત કરી છે કે ૩ વર્ષમાં ૧ લાખ કનેકશનો આપવાના છે અને આમાં એક વર્ષ દીઠ ૩૩૦૦૦ કનેકશનો થાય. ૪,૫૫,૦૦૦ કનેકશનો નોન ડાર્ક ઝોન તાલુકામાં પેન્ડિંગ છે અને ડાર્ક ઝોનમાં ૫૭ તાલુકાઓ છે. એમાં ૫ લાખ ગણીએ તો કુલ ૧૦ લાખ કનેકશનો આપવાના છે. એમાં ડાર્ક ઝોનના ભાગે ગણતરી કરી તો માત્ર ૫૭ તાલુકાઓ છે. એમાં ૬,૦૦૦ કનેકશનો આપી શકાશે. આ પ્રમાણે અમારો માનનીય મંત્રીશ્રીને પ્રશ્ન એટલો છે કે ટપક પદ્ધતિ, ફુવારા પદ્ધતિની શરત દૂર કરવા માગો છો કે કેમ? મીટર પ્રથા દૂર કરવા માગો છો કે કેમ? અને ત્રીજી વાત એ છે કે જેટલી અરજી કરે એને ડિસેમ્બર-૨૦૧૨ પહેલા કનેકશનો આપી દેવા માગો છો કે કેમ?માનનીય અધ્યક્ષશ્રી, કારણકે જાહેરાતો તો ચૂંટણીઓ છે એટલે ખૂબ થવાની.

અધ્યક્ષશ્રી : અર્જુનભાઇ આપ સીધા પ્રશ્ન ઉપર આવો.

અર્જુનભાઇ દે. મોઢવાડીયા : માનનીય અધ્યક્ષશ્રી, ૧૦ વર્ષ સુધી ન કર્યુ. અત્યારે કરવાના તે કરી દેવા માગો છો કે કેમ?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારા મનમાં એમ હતું કે આ જાહેરાતને તે દિવસે તો નહોતા આવકારી શકયા પણ આજે આવકારશે. પણ ચચરાટ લાંબો ચાલી રહ્યો છે આનો. આનો ચચરાટ લાંબો ચાલી રહ્યો છે. માનનીય અધ્યક્ષશ્રી, મારે એક એવી વાત કરવી છે. માનનીય આપણા સભ્યશ્રી, ...

અધ્યક્ષશ્રી : આપ જવાબ આપો.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, સાહેબ આ લોકો મને સાંભળે તો કહું. આ યોજના,આ યોજના, અમારી જાહેરાત એટલી સફળ થઇ, અમારી જાહેરાત કેટલી સફળ થઇ લોકેને, ખેડૂતોને કેટલો આનંદ છે તે હું નહીં કહું સાહેબ કાલે ટીવી ઉપર મેં જોયું કમે જવાહરભાઇ ચાવડાએ કહ્યું કે આના માટે આંદોલન કર્યુ હતું માટે અભિનંદન. કોંગ્રેસને અભિનંદન નહીં,શંકરસિંહને અભિનંદન નહીં, અહીં કોઇક તે દિવસે શંકરસિંહજી, શંકરસિંહજી કરતા હતા, જવાહરભાઇ ચાવડાની કાલે ટીવીમાં જાહેરાત આવતી હતી. તેમણે આનંદ વ્યકત કર્યો, તેમને આનંદ વ્યકત કર્યો કે ગુજરાત સરકારની આ યોજના ખેડૂતો માટે કેટલી ઉપયોગી છે તે જ તેની સાબિતી છે. બાકી વીજળીના કનેકશનો માટે અર્જુનભાઇ જે આંકડા આપે છે તે બધા કોઇ રેકર્ડ પર નથી. *(xxxx) (xxxx) તે મારો વિષય નથી. કનેકશનો બાબતમાં તે બાબતમાં ઉર્જા મંત્રીશ્રી કહી શકશે. બાકી અમારું આ કામ ગુજરાતના લાખો ખેડૂતોએ વખાણ્યું છે અને મુખ્યમંત્રી સહિત તમામને અભિનંદનનો ધોધ વહ્યો છે. (અંતરાય)

અધ્યક્ષશ્રી : પ્રશ્ન ક્રમાંક.૫.

**ખેડા જિલ્લામાં પ્રવાસન વિકાસ માટેના સ્થળો**

<#M /***૨૪૪૫૪ શ્રી કનુભાઇ ભુ. ડાભી(કઠલાલ) : માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) ખેડા જિલ્લામાં તા. ૩૧-૧૨-૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કયા કયા સ્થળો પ્રવાસન સ્થળ તરીકે વિકાસ કરવા માટે પસંદ કરવામાં આવ્યા,

(૨) પસંદ કરેલ સ્થળોને વિકસાવવા માટે કઈ કઈ સુવિધા પૂરી પાડવાની સરકારની યોજના છે,

(૩) ઉક્ત સ્થિતિએ વર્ષવાર પ્રત્યેક સ્થળના વિકાસ માટે કેટલા નાણાં ફાળવવામાં આવ્યા, અને

(૪) કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

**પ્રવાસન મંત્રીશ્રીઃ**

(૧) ખેડા જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નીચે મુજબના સ્થળોને પ્રવાસન સ્થળ તરીકે વિકાસ કરવા માટે પસંદ કરવામાં આવેલ છે.

(૧) નવાગામ

* (xxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે

(૨) માતર
(૩) નડીયાદ
(૪) ડાકોર
(૫) રૈયોલી ખાતે ફોસીલ પાર્ક (બાલાસિનોર)

(૨) પસંદ કરેલ સ્થળોને વિકસાવવા માટે નીચે મુજબની સુવિધા પૂરી પાડવાની યોજના છે.
(૧) નવાગામ– સાઈનેઝીસ, સ્મારકની સફાઈ, સ્મારક તેમજ બિલ્ડીંગનું રંગકામ, લાઈબ્રેરી, મેડીટેશન કમ કોમ્યુનીટી હોલ, ઓફીસ, સોવીનીયર શોપ, સ્ટોર, પેન્ટ્રી, પીવાના પાણીની વ્યવસ્થા, ટોયલેટ, પાર્કીંગ, કેમ્પીંગસાઈટ, મ્યુઝીયમ, ઓડીયો વીઝયુઅલ પધ્ધતિ, ફુડ કાફેટેરીયા.
(૨) માતર– નવાગામ– સાઈનેઝીસ, સ્મારકની સફાઈ, સ્મારક તેમજ બિલ્ડીંગનું રંગકામ, લાઈબ્રેરી મેડીટેશન કમ કોમ્યુનીટી હોલ, ઓફીસ, સોવીનીયર શોપ, સ્ટોર, પેન્ટ્રી, પીવાના પાણીની વ્યવસ્થા, ટોયલેટ, પાર્કીંગ, કેમ્પીંગ સાઈટ.
(૩) નડીયાદ– સાઈનેઝીસ, સ્મારકની સફાઈ, સ્મારક તથા બિલ્ડીંગનું રંગકામ.
(૪) ડાકોર– ગોમતીઘાટ ડેવલપમેન્ટ, મંદિર પરિસરનું ડેવલપમેન્ટ, મ્યુઝીકલ ફાઉન્ટેન, ટોયલેટ બ્લોક, પાર્કીંગ, જેટી બ્રીજ, પાથવે ડેવલપમેન્ટ.
(૫) રૈયોલી ખાતે ફોસીલ પાર્ક (બાલાસિનોર) રૈયોલી ખાતે ફોસીલ પાર્ક માટે ઈન્ફોર્મેશન રીસેપ્શન સેન્ટર, ઈન્ટરપ્રીટીશન સેન્ટર અને મ્યુઝીયમ, એકઝીબીશન હોલ, સાઉન્ડ સ્ટેશન, લાઈફ સાઈઝ, ફાઈબર ગ્લાસ મોડલ્સ ઓફ ડાયનોસોર, વર્કીંગ મોડ્યુલ, કાફેટેરીયા અને ડાયનીંગ હોલ, ઓફીસ, કેમ્પીંગ સાઈટ અને લોગહટસ, ટ્રેક એન્ડ ટ્રેઈલ, કમ્પાઉન્ડ વોલ, ગેટ, વોચમેન કેબીન, રેઈન હાર્વેસ્ટીંગ, આર્ટીફીશીયલ વોટર ફોલ, પાર્કીંગ એરિયાનો વિકાસ, વૃક્ષારોપણ અને લેન્ડ સ્કેપીંગ, ઈલેકટ્રીસીટી, પાણી પુરવઠો, બોરવેલ, પંપરૂમ, ટોયલેટ બ્લોક અને ડાયનાસોરના રક્ષણની કામગીરી હાથ ધરેલ છે.

(૩) ઉક્ત સ્થિતિએ વર્ષવાર પ્રત્યેક સ્થળના વિકાસ માટે ફાળવવામાં આવેલ રકમ અને થયેલ ખર્ચની વિગત નીચે દર્શાવેલ છે.

**(રૂપિયા લાખમાં)**

| **સ્થળનું નામ** | **ફાળવવામાં આવેલ રકમ** | **થયેલ ખર્ચની રકમ** |
|---|---|---|
| નવાગામ | ૪૯.૮૧ | ૫૨.૦૨ |
| માતર | ૨૮.૯૮ | ૩૭.૯૭ |
| ન઼ડીયાદ | ૧.૮૦ | ૧.૮૦ |
| ડાકોર | ૨૫૦૦.૦૦ માટે સૈધ્ધાંતિક મંજૂરી મળી છે. | ૫.૦૦ |
| રૈયોલી | ૫૯૪.૬૯ | ૫૯૪.૬૯ |

(૪) ઉપર દર્શાવ્યા મુજબ.

શ્રી કનુભાઇ ભુ. ડાભી : માનનીય અધ્યક્ષશ્રી, હું ખેડા જિલ્લાના કઠલાલ મત વિસ્તારમાંથી ચૂંટાઇને આવું છું. ખેડા જિલ્લામાં બાલાસિનોર તાલુકો આવેલો છે. તે તાલુકામાં રૈયોલી ખાતે ડાયનોસોર ફ્રોસીલ પાર્ક આવેલ છે.

અધ્યક્ષશ્રી : અર્જુનભાઇ હું રેકર્ડ જોઇને શબ્દો દૂર કરીશ.

શ્રી કનુભાઇ ભુ. ડાભી : આ સ્થળે છેલ્લા ૩ વર્ષમાં કેટલા પ્રવાસીઓએ મુલાકાત લીધી છે?

શ્રી જયનારાયણ ન. વ્યાસ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે કહ્યું તે માહિતી સાથે હું સંમત થાઉં છું. બાલાસિનોર ખાતે ડાયનોસોર ફ્રોસીલ પાર્ક વિશ્વની ત્રીજી મોટામાં મોટી ડાયનોસોર ફ્રોસીલ પાર્ક સાઇટ છે. This is third largest site found in the world as far as dinosaur fossils are concern. આ ફ્રોસીલ પાર્ક ખેડા જિલ્લાના બાલાસિનોર તાલુકાના રૈયોલી ગામે આવેલ છે. અમદાવાદથી લગભગ ૮૬ કિલોમીટર દૂર આ સાઇટ આશરે ૧૩ એકર જમીનમાં ફેલાયેલ છે. જીઓલોજીકલ સર્વે ઓફ ઇન્ડીયાએ ૧૯૮૧માં આનું સર્વેક્ષણ શરૂ કર્યું, ખનન શરૂ કર્યું ત્યારે ૧૯૮૧માં બાલાસિનોર ફ્રોસીલ પાર્ક તરીકે પહેલી વખત શોધાયો, ત્યારબાદ આ જગ્યાએ એક વર્ષમાં ડાયનોસોરના લગભગ ૧૦૦૦ ઇંડા મળી આવ્યા. માનનીય અધ્યક્ષશ્રી, હું આ સન્માનનીય સભાગૃહને કહેવા માગું છું કે ડાયનોસોરના ઇંડાના ફ્રોસીલને હાથમાં લઇને કોઇ જગ્યાએ જોઇ શકાતા આખા વિશ્વમાં તો માત્ર રૈયોલી ખાતે જોઇ શકાય છે. એ એની વિશિષ્ટતા છે. એની હેચરી એટલે ઇંડા સેવવાનો માળો અને ઇંડા ધરાવતી સાઇટસ પણ ઉપલબ્ધ બન્યા છે. એવું માનવામાં આવે છે કે શીવાક્રેટર જે લાખો વર્ષ પહેલા ઉલ્કા પૃથ્વી ઉપર અથડાવવાથી બની હશે. આ જગ્યા કાળાંતરે ઉલકાવર્ષા અને જવાળામુખીને કારણે નાશ પામી હશે, અને એના કારણે દસ કરોડ વર્ષથી જૂના ડાયનોસોરનો આજથી લગભગ ૬.૭ કરોડ વર્ષ પહેલા નાશ થયો. આમાં જે ડાયનોસોર પાર્ક છે એમાં જે ફ્રોસીલ છે. તેમાં મેગાલોસીસફોરસ, એકવાનોડોન, પીટાનોસોરસ, ટ્રાયસેરોટોપ, ટાયરાનોસોરસ, જોનટોસોરસ જેવા ડાયનોસોરનું આ રૈયાલી ઘર હતું. ગુજરાત તરીકે અને દેશ તરીકે આપણને ગર્વ હોવું જોઇએ કે વિશ્વની ત્રીજી મોટામાં મોટી સાઇટ છે.અહીંયા મળતા ડાયનોસોર ફ્રોસીલ બે કક્ષામાં વહેંચાયેલા છે, એક સૌરીસીયા અને બીજા ઓર્નીથીસીયા. ૧૯૯૭માં ગુજરાત સરકારે આ ફ્રોસીલ સાઇટનો અભ્યાસ કરવા ૫૦ પાલીયોન્ટોલોજીસ્ટના એક ગૃપને આમંત્ર્યું હતું, જે અસ્મીભૂત અવશેષો હોય એનો અભ્યાસ કરવા માટેની નિષ્ણાતગીરી ધરાવતાને paleontologists કહેવાય એને ૧૯૯૭માં પચાસ paleontologistsએક ગૃપને આમંત્ર્યું હતું. ત્યાર પછી આ જગ્યાને પ્રોટેક્ટેડ સાઇટ તરીકે જાહેર કરવામાં આવી છે અને કોઇપણ પ્રકારનું બિનઅધિકૃત નુકસાન ન થાય એ બાબતનું ધ્યાન રાખવામાં આવે છે. માનનીય સભ્યશ્રીએ પૂછ્યું કે કેટલા પ્રવાસીઓએ આ સ્થળની મુલાકાત લીધી તો મારે કહેવું છે કે આ સ્થળની મુલાકાત લેનાર સામાન્ય રીતે ઇતિહાસવિદ્દો અને અસ્મીભૂત અવશેષો અંગે સંશોધન કરનાર Paleontologists અને એ પ્રકારના માણસો હોય છે અને સામાન્ય પ્રવાસીઓ કરતાં આ લોકોને આમાં રસ વધારે હોય છે એટલે ૨૦૦૯ના વર્ષમાં ૫૦૦, ૨૦૧૦ના વર્ષમાં ૭૩૦ અને ૨૦૧૧ના વર્ષમાં ૮૨૦ જેટલા પ્રવાસીઓએ મુલાકાત લીધેલી છે. છેલ્લો જે પ્રશ્ન એમણે ઉપસ્થિત કર્યો કે આ જગ્યાએ રાજય સરકાર દ્વારા કઇ કાર્યવાહી કરવામાં આવી છે તો આ જે સ્થળ છે એ સ્થળને વિકસાવવા માટે ત્યાં ઇન્ટરપ્રિટેશન સેન્ટરથી માંડી અને ફેન્સિંગ સુધીની એના પ્રોટેકશન માટેની વ્યવસ્થા રાજય સરકાર દ્વારા વન વિભાગ મારફત કરવામાં આવી છે અને એ માટે જે કંઇ નાણાકીય જરૂરિયાત હોય એ વન વિભાગ હસ્તક મૂકવામાં આવી છે.

શ્રી દેવુસિંહ જે. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, પૂજય મહાત્મા ગાંધી દાંડી યાત્રા દરમિયાન ખેડા જિલ્લામાં પ્રવેશ્યા અને જે પ્રથમ રાત્રિ રોકાણ કર્યું એ નવાગામ મારી જન્મભૂમિ છે અને મારૂં વતન છે. માતર વિધાનસભામાં (અંતરાય) મહાત્મા ગાંધીએ નવાગામ અને માતર બે જગ્યાએ રાત્રિ રોકાણ કરેલું, મહાત્મા ગાંધી જયારે ગામમાં પ્રવેશતા હતા ત્યારે સાંજ થઇ ગઇ હતી, અને સાંજ થઇ ગઇ ત્યારે..

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી, આપ પ્રશ્ન પૂછો, પ્લીઝ.. આપ સીધા પ્રશ્ન ઉપર આવો.

શ્રી દેવુસિંહ જે. ચૌહાણ : અચાનક એ નીચે બેસી ગયા અને કહ્યું કે મારી પ્રાર્થનાનો સમય થઇ ગયો છે. ..

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી, પ્લીઝ, નહીંતર બીજા સભ્યશ્રીને હું તક આપીશ.

શ્રી દેવુસિંહ જે. ચૌહાણ : માનનીય સભ્યશ્રી, સાંભળો, મહાત્મા ગાંધીની વાત થાય છે. મહાત્મા ગાંધીની અટકનો લાભ લેવો છે. (અંતરાય)

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી, પ્લીઝ, આપ પશ્ન નહીં પૂછો તો નેક્સ્ટ સભ્યશ્રીને તક આપવામાં આવશે. આપશ્રી પ્રશ્ન ઉપર આવી જાઓ.

શ્રી દેવુસિંહ જે. ચૌહાણ : ત્યારે એ પવિત્ર સ્થળે અમારા પૂર્વજોએ શાળા બનાવી છે કે જયાં મહાત્મા ગાંધીજીએ પ્રાર્થના કરી હતી. એ શાળામાં હું ધોરણ દશ સુધી ભણ્યો છું અને એના સ્મરણો જયારે મારી સાથે જોડાયેલા છે ત્યારે મહાત્મા ગાંધીજીના જે ગાંધી સરકીટ આપણે બનાવીએ છીએ, નવાગામ અને માતર પણ બનાવ્યા છે. ત્યારે ( અંતરાય ) સાંભળો, ભાઇ, મહાત્મા ગાંધીની વાત છે. તમને મહાત્મા ગાંધીની વાત કેમ નથી..

અધ્યક્ષશ્રી : દેવુંસિંહભાઇ, પ્લીઝ, આપ પ્રશ્ન પૂછો, નહીંતર આપને બેસાડી દેવામાં આવશે

શ્રી દેવુસિંહ જે. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત એ જાણવા માગું છું કે, ગાંધી સરકીટમાં જે સુવિધાઓ ઉભી કરીએ છીએ એનો વિગતવાર કેટલો ખર્ચ થાય છે અને ખેડા જિલ્લામાં ડાકોરમાં રણછોડજીનું ધામ છે એના માટે પણ આપ કેટલો ખર્ચ કરવા માગો છો અને શું સુવિધાઓ આપવા માગો છો?

શ્રી જયનારાયણ ન. વ્યાસ : માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રશ્ન માત્ર ખેડા જિલ્લા પૂરતો મર્યાદિત છે એટલે સમગ્ર ગાંધી સરકીટને લગતી કોઇ બાબત અંગેની માહિતી મારી પાસે ઉપલબ્ધ ન હોય એ માટે અલગ નોટિસ જોઇએ, એટલે માત્ર ખેડા જિલ્લામાં જે મર્યાદિત જગ્યાઓ છે એટલા પૂરતી જો વાત કરીએ તો માનનીય દેવુસિંહભાઇએ જે કહ્યું એની સાથે હું સંપૂર્ણપણે સુસંગત માહિતી આપ્વા માગું છું. એમણે જે ઐતિહાસિક હકીકતો કહી પણ ઈતિહાસ સાક્ષી છે કે એમાં આપણે કોઇ કોમેન્ટ કરવાની જરૂર હું જોતો નથી પણ અમે જે સવલતો ઉભી કરી રહયા છીએ એ ત્રણ જગ્યાએ ઉભી કરી રહયા છીએ. નવાગામ, માતર તો ખરૂં જ, પણ સંતરામ મંદિરમાં પણ આ યાત્રાએ રોકાણ કરેલું, એટલે સંતરામ મંદિરના જે ટ્રસ્ટીઓ છે અને પૂજય મહારાજશ્રી છે એમણે પણ આ વાતનો મહિમા સમજીને સામાન્ય રીતે સંકુલમાં કોઇ આ પ્રકારની સ્મારક માટેની મંજૂરી ના આપવામાં આવે તો સંતરામ મંદિરમાં પણ નડિયાદ ખાતે આ સવલતો ઉભી કરવાનું માનનીય અધ્યક્ષશ્રી, અને એમાં મારા સાથી સભ્યશ્રી માનનીય મુખ્ય દંડકશ્રીનો પણ બહુ મોટો ફાળો છે I would like to put in record. માનનીય પંકજભાઇએ પણ આમાં ખૂબ રસ લીધો છે. આ સ્થળોએ નવાગામ ખાતે સાઇનેઝીસ સ્મારકની સફાઇ, સ્મારક તેમજ બિલ્ડીંગનું રંગકામ, લાઇબ્રેરી, મેડિટેશન કમ કોમ્યુનીટી હોલ, ઓફિસ, સોવિનિયર શોપ, સ્ટોર, પેન્ટ્રી, પીવાના પાણીની વ્યવસ્થા, ટોઇલેટ, પાર્કીંગ, કેમ્પીંગ સાઇટ, મ્યુઝિયમ, ઓડિયો વિઝ્યુઅલ પધ્ધતિ, ફુડ કાફેટેરિયા વગેરે કામો હાથ ધરાયેલ છે. એની પાછળ નવાગામ ખાતે રુ.પર લાખનો ખર્ચ થયો છે, માતર ખાતે રુ.૩૮.૯૭ લાખનો ખર્ચ થયો છે, નડિયાદ ખાતે સામાન્ય કામગીરી કરવાની હતી એટલા માટે ૧.૮૦ લાખનો ખર્ચ થયો છે અને આ ત્રણેય સ્થળે કામગીરી પૂરી કરી દેવામાં આવી છે.

શ્રી માનસિંહ કો. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, મંત્રીશ્રી પાસેથી આપના દ્વારા એ જાણવા માગુ છું કે ૧૯૮૧માં જુઓલોજીકલ સરવે દ્વારા આ વિશ્વમાં પણ જે આ નામશેષ ડાયનોસોર છે એના ગુજરાતમાં ખેડા જિલ્લામાં રૈયોલી અને પંચમહાલના દાહોદમાં જ આ ડાયનોસોરના ઇંડા મળ્યા હતા. ૧૯૮૧માં જયારે સરવે થયું ત્યારે એના ઓરિઝિનલ જે ફોસીલ હતાં એ ક્યાં લઇ જવામાં આવ્યા, એ ઓરિઝિનલ ફોસીલ રૈયોલી ખાતે પાછા લાવવા માગો છો કે કેમ? અને સાથે સાથે અહીંયા આશરે લગભગ રુ.૬ કરોડ જેટલો ખર્ચ થયો છે પણ એમાં આજે કોઇ વ્યવસ્થા ત્યાં છે નહીં, આખા ગુજરાતમાંથી ત્યાં પ્રવાસીઓ આવે છે અને શાળા કોલેજના વિદ્યાર્થીઓ પણ આવે છે અને આ જે ડાયનોસોર પાર્ક છે એ ઇન્ટિરિયલ છે તો એ દરેકને ખ્યાલ આવે એના માટે કોઇ જાહેરાત ચોક્કસ કરવા માગો છો કે કેમ? અને સાથે સાથે મારો બીજો પ્રશ્ન એ છે કે ખેડા જિલ્લામાં ફાગવેલ એક ભાથીજી મહારાજનું મંદિર છે આપણે બધા એનો રાજકીય ઉપયોગ કરીએ છીએ પણ

પ્રવાસન ધામ તરીકે વિક્સાવવા જેવું છે કારણ કે હજારો–લાખો યાત્રિકો ત્રણ–ચાર રાજ્યોમાંથી ત્યાં આવે છે તો એને પ્રવાસન ધામ તરીકે વિક્સાવવા માગો છો કે કેમ?

શ્રી જયનારાયણ ન. વ્યાસ : માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લા પ્રશ્નનો જવાબ પહેલો. આ પ્રશ્નમાંથી આ મુદો ઉપસ્થિત થતો નથી અને એવું કોઇ પણ સૂચન  હોય માનનીય સભ્યશ્રીનું તો ચોક્કસ અમે એને વિચારણામાં લઇશું. માનનીય સભ્યશ્રીએ જે ચિંતા સેવી છે એ સ્વાભાવિક છે અને એની ઓથેન્ટિક ટેક્સ હું વાંચવા માગુ છું. એમાં ચોખ્ખું કહ્યું છે કે, It was in ૧૯૮૧ when Geological Survey of India searching for mineral rich area accidentally discovered dinosaur fossils in Balasinor. Since then Dinosaur tourism became very popular in Balasinor as thousands of tourists interested in seeing the fossils of dinosaurs started to travel to Balasinor. સાહેબ, આગળની વાત છે એ માનનીય મનસિંહભાઇને કદાચ વધારે ગમશે એ એવું કહે છે કે, So far as Paleontologists have uncovered about ૧૦૦૦૦ fossils of dinosaur eggs, bones and skeletons in Raiyoli near Balasinor. In total over ૧૩ species of dinosaur existed in Balasinor for more than ૧૦૦ million years before their extinction around ૬૫ million years ago. એટલે સાહેબ, આ દસ હજાર કરતા વધારે નમૂનાઓ પાલિયેન્ટોલોજીસ્ટે શોધ્યા છે. વાત સાચી છે ત્યાં ફોસીલની ચોરી થવાના બનાવો પણ બન્યા હશે અને એ ન થાય તે માટે એની આજુ બાજુ  આપે જોયું હશે હવે સંરક્ષણ દિવાલ અથવા તો કાંટાળી તારની વાડ કરવાનું કામ છે એ લગભગ પૂરું કરવામાં આવ્યું છે અને અમે ત્યાં શક્ય તેટલી વહેલી ત્વરાએ બાકીની વ્યવસ્થા પણ ગોઠવી અને ત્યાં ચોરી ન થાય અને કોઇ પણ પ્રકારનો એનો દુરુપયોગ ન થાય કેમ કે આ રાષ્ટ્રિય સંપત્તિ છે માત્ર ગુજરાતની જ નથી. રાષ્ટ્રિય સંપત્તિ છે, આંતર રાષ્ટ્રિય બજારોમાં આનું બહુ મોટું મુલ્ય છે કારણ કે જવલ્લે જ આ પ્રકારના અસ્મીભૂત અવશેષો મળે છે એટલે એની પૂરી ગંભીરતાથી કામગીરી હાથ ધરીશું અને એ સિવાય જે કાંઇ આપના  સૂચનો હોય આ સ્થળને વધારે કેવી રીતે વિક્સાવી શકાય એ માટેના, અમે અમારી રીતે તો વિચારીશું અને આપના સૂચનોને મેં આજે પણ આપને કહ્યું છે તેમ બહું ગંભીરતાથી લીધા છે. પણ એ સિવાય પણ કોઈ સૂચનો હોય તો ચોક્કસ પ્લીઝ કહેજો અમે એ પ્રમાણે કરીશું.

## જામનગર જિલ્લામાં પૂર્ણ થયેલ ચેકડેમો

* **૨૪૫૧૬ શ્રી લાલજીભાઇ પ્રે. સોલંકી(જામનગર–ગ્રામ્ય)** : **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

(૧)જામનગર જિલ્લામાં સન ૨૦૧૧માં કેટલા ચેકડેમ પૂર્ણ કરવામાં આવ્યા,

(૨) તે પાછળ ઉક્ત સ્થિતિએ  કેટલો ખર્ચ થયો, અને

(૩)આ ચેકડેમો થકી કેટલા વિસ્તારને સિંચાઇનો લાભ મળ્યો ?

**જળસંપત્તિ મંત્રીશ્રીઃ**

(૧)૩૯ ચેકડેમો પૂર્ણ કરવામાં આવ્યા.

(૨) રૂ. ૨૬૫.૯૬ લાખનો ખર્ચ થયેલ છે.

(૩)આશરે ૭૪૦ હેક્ટર વિસ્તારમાં સિંચાઈનો પરોક્ષ લાભ મળે છે.

શ્રી લાલજીભાઇ પ્રે. સોલંકી : માનનીય અધ્યક્ષશ્રી, મારા પ્રશ્નના જવાબમાં જામનગર જિલ્લામાં ૨૦૧૧માં કેટલા ચેકડેમ પૂર્ણ કરવામાં આવ્યા, તે પાછળ કેટલો ખર્ચ થયો અને આ ચેકડેમો થકી કેટલા વિસ્તારને સિંચાઇનો લાભ થયો? એ મારો પ્રશ્ન હતો. મને જવાબ આપવામાં આવ્યો છે એ પ્રમાણે ૩૯ ચેકડેમો મારા વિસ્તારમાં એટલે કે જામનગર જિલ્લામાં  પૂર્ણ કરવામાં આવ્યા અને એમાં રૂપિયા ૨૬૫.૯૬ લાખનો ખર્ચ થયેલ છે અને આશરે ૭૪૦ હેક્ટર વિસ્તારમાં સિંચાઇનો લાભ જ્યારે પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે

મળવાનો છે ત્યારે જામનગર જિલ્લાના ધારાસભ્ય તરીકે હું ગૌરવ અનુભવું છું અને આ સરકારને ખૂબ ખૂબ અભિનંદન આપું છું મારો પ્રશ્ન એ છે કે આટલું બધું વિશાળ કાર્ય થઇ રહ્યું છે અને જામનગર જિલ્લામાં ૩૯ ચેકડેમ પૂર્ણ થયાં છે બાકીના વિસ્તારમાં સરકાર આખા રાજ્યમાં ખૂબ ચેકડેમો કરી રહી છે ત્યારે છેલ્લાં વર્ષોમાં બાંધકામના મટિરિયલ્સના ભાવોમાં પણ વધારો થયો છે અને મોંઘવારી વધી છે ત્યારે મારે એ જાણવું છે કે એસ.ઓ.આર.માં વધારો કરવામાં આવ્યો છે કે કેમ?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : ગુજરાત સરકારે છેલ્લાં દસકામાં ભૂગર્ભ જળ રીચાર્જ કરવા માટે જે મોટા આયોજનો અમલમાં મૂક્યા એનો લાભ આખા રાજ્યમાં સર્વાંગી તમામ તાલુકાઓમાં લાખ્ખો ચેકડેમ બન્યા, હજારો તળાવો ઉંડા થયાં, સુજલામ્ સુફલામ્ કેનાલ, નર્મદા બંધનું કામ એનો લાભ કેવી રીતે દેખાય તો આપણે એનો લાભ જે જોયો કે ડાર્ક ઝોનમાં વીજળીના કનેકશનો આપવાનો નિર્ણય ભારત સરકારની સંસ્થા વાસ્મોએ પણ સ્વીકાર્યું કે ગુજરાતમાં રીચાર્જનું કામ ખૂબ સારી રીતે થયું છે અને એટલા માટે જ ૧૯૬૭થી જે ખેડૂતો ઉપરના વિવિધ પ્રતિબંધો હતા એને હળવા કરવામાં રાજ્ય સરકાર સફળ થઇ છે જો અમે ભૂગર્ભ રિચાર્જના કામો હાથ પર ન લીધાં હોત, આ કામને ભૂતકાળની સરકારોએ જે ગંભીરતા નહોતી આપી એના બદલે અમે ગંભીરતા આપી એના સુફળ અત્યારે આ ડાર્કઝોન વિગેરેના નિર્ણયોમાં દેખાય છે ત્યારે જામનગર જિલ્લો પણ વારંવાર દુષ્કાળનો ભોગ બનતો જિલ્લો છે સૌરાષ્ટ્રના પણ મોટા વિસ્તારો એવા છે. કચ્છ જિલ્લો હોય, પંચમહાલ જિલ્લો હોય ત્યારે આ બધામાં રિચાર્જ દ્વારા અમે જે કામ કર્યું છે પાંચ ચેકડેમ ગામે ગામ બને એમ લાખ્ખો ચેકડેમ જે બનાવ્યા એ ચેકડેમ બનાવવા માટે રાજય સરકારે પહેલાં ૬૦-૪૦ની યોજના હતી, માનનીય નરેન્દ્રભાઇ આવ્યા પછી ૮૦-૨૦ કરી અને એમાં જ્યારે જ્યારે ફરી કહુ કદાચ કોઇને ગમે કે ના ગમે કોઇકની નિષ્ફળતાથી દેશમાં જે સતત સિમેન્ટ, લોખંડ વિગેરે બાંધકામના મટિરિયલના ભાવ વધી રહ્યા છે પ્રજા ત્રાહિમામ પોકારી ગઇ છે આ મોંઘવારીથી એ મોંઘવારી ભારત સરકારની નિષ્ફળતા ગુજરાતને પણ નડે છે પણ અમારી પ્રજાના વિકાસ માટેની કામગીરી, ખેડૂતોને મદદરૂપ થવાની કામગીરી, પાણીના ભૂગર્ભમાં ઉતરવાની કામગીરીને આ મોંઘવારીનો રાક્ષસ ખાઇ ન જાય એટલા માટે અમે આ બાંધકામના એસ.ઓ.આર.ના ભાવ પણ સતત વધારતા રહીએ છીએ. માનનીય સભ્યશ્રી લાલજીભાઇનો જે પ્રશ્ન છે એ પ્રમાણે કહું સૌરાષ્ટ્ર કચ્છમાં અમે સતત એસ.ઓ.આર.ના ભાવ અપગ્રેડ કરતા રહ્યા છીએ અને અત્યારે રૂપિયા ૨૩૭૫-૦૦ પ્રતિ ઘનમીટર છે અમે ૨૦૦૮-૨૦૦૯માં વધાર્યા હતા ૨૦૦૯-૨૦૧૦માં પણ વધાર્યા હતા આ વખતે પણ વધાર્યા છે એમ વધતી જતી મોંઘવારીના સમયગાળામાં પણ ચેકડેમની, લોકભાગીદારીની અને રાજય સરકારના મોટા ચેક ડેમ બનાવવાની ૧૦૦ ટકાની ગ્રાન્ટની જે યોજના છે એ સતત ચાલુ રહે એ માટે અમે નાણાંકીય જોગવાઇ પણ પૂરેપૂરી કરતા રહીએ છીએ.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ ચેકડેમો બનાવ્યા અને ભૂતળના પાણી ઉંચા આવ્યા અને આ સરકારની કામગીરી થઇ એની વાત તો કરી મારો પ્રશ્ન એટલો જ છે કે ભૂતકાળની સરકારોએ તો મોટા ડેમો બાંધ્યાં ઉકાઇ બાંધ્યો હતો, સુખી બાંધ્યો હતો, દમણ-ગંગા બાંધ્યો હતો, ન્યારી બાંધ્યો હતો, ભાદરનો ડેમ બાંધ્યો હતો આ સરકારે દસ વર્ષમાં એક મધ્યમ કક્ષાની સિંચાઇ યોજનાનું ખાતમૂહુર્ત પણ કરેલ નથી. એક પણ નહિ. એટલે આ સરકાર છે એ બોરીબંધની સરકાર છે એટલે મારો પ્રશ્ન એ છે કે એસ.ઓ.આર. સુધારવા માંગે છે કે કેમ અને માનનીય મંત્રીશ્રીએ મોંઘવારીની ચિંતા કરી.

(અંતરાય) મારો પ્રશ્ન એટલો જ છે કે સોંઘવારી કરવી હોય તો ડિઝલમાં ૨૬ ટકા વેટ જે હિન્દુસ્તાનમાં સૌથી વધારેમાં વધારે લેવાય છે, પેટ્રોલમાં હિન્દુસ્તાનમાં સૌથી વધારે લેવાય છે એ સરખો કરવા માગે છે કે કેમ? (અંતરાય) એમને કહો ને.

અધ્યક્ષશ્રી : મંત્રીશ્રી જવાબ આપે છે. પ્લીઝ. (સતત અતંરાય)

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા : એને છૂટ બધાને?

અધ્યક્ષશ્રી : પ્લીઝ. આપ પ્રશ્ન પૂરતી જ વાત કરો.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા : વજુભાઇ, કેન્દ્ર સરકારને કારણે મોંઘવારી વધે છે એમ નહીં કહેવું જોઇએ.

શ્રી વજુભાઇ રૂ. વાળા : હકીકત છે.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા : આ ૨૬ ટકા પણ હકીકત છે. આખા હિન્દુસ્તાનમાં સૌથી મોંઘામાં મોંઘા પેટ્રોલ અને ડિઝલ તમારા કારણે અહીંયા છે. સૌથી વધારે. (અંતરાય) એમને કહો. આખા હિન્દુસ્તાનમાં સૌથી મોંઘામાં મોંઘુ અહીંયા મળે છે. તમારા કારણે. એમને કહો ને. જવાબ આપવાનું કહો ને. ઉભા થાય છે એટલે. (અંતરાય) વેટ કાઢી નાંખે. ટેકસના પૈસા ઉઘરાવીને ટાટા અને અદાણીને ખવડાવી ખવડાવીને નથી આપતા. (અંતરાય) મોંઘવારીની વાત કરે છે.

**અધ્યક્ષશ્રીઃ** અર્જુનભાઇ પ્લીઝ. પ્લીઝ. પ્રશ્ન ઉપર આવો. અન્ય ચર્ચામાં ન પડો.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા : ૯૧૦૦ કરોડ એસ્સારને આપી દઇએ તો મોંઘવારી નડે જ ને.

અધ્યક્ષશ્રી : પ્લીઝ. (સતત અંતરાય)

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા : મોંઘવારી માનનીય મંત્રીશ્રીને નડતી હોય તો ૯૧૦૦ કરોડ રૂપિયા એસ્સારને નહીં આપવા જોઇએ.

અધ્યક્ષશ્રી : આપ બીજી ચર્ચા નહીં કરો પ્લીઝ. નહીંતર હું પ્રશ્ન..

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા : અને સસ્તા ભાવે બધું આપવું જોઇએ. એ આપવા માગે છે કે કેમ? એ મારો પ્રશ્ન છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ ( પાણી પુરવઠા મંત્રી) : માનનીય અધ્યક્ષશ્રી, મેં કોઇ લાંબા સ્કોપમાં નથી કીધું. મેં ચેકડેમની વાતમાં કીધું છે. અને તેઓ તો એન્જિનીયર છે. ચેકડેમ બનાવવામાં સીમેન્ટ જોઇએ. સ્ટીલ જોઇએ. એની મોંઘવારીની મેં વાત કરી છે. બાકી બધી કોઇ વસ્તુ એવી નથી કે મોંઘવારી ન વધી હોય. મારા કામ માટે જે જરૂરી છે એની જ મેં વાત કરી છે. તમારી સરકારે તો કયા ક્ષેત્રમાં મોંઘવારી નથી વધારી? એ તમે જાણો છો. ખોટો બચાવ ના કરશો. મૂળ મુદ્દા ઉપરની વાત કરો તમે.

## પોરબંદર જિલ્લામાં નર્મદા પાઇપ લાઇન આધારીત પાણી પુરવઠા યોજના હેઠળ કામોનું આયોજન

* **૨૪૪૯૯ શ્રી કરશનભાઇ દુ. ઓડેદરા(કુતિયાણા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

(૧)તા. ૩૧–૧૨–૨૦૧૧ ની સ્થિતિએ પોરબંદર જિલ્લામાં નર્મદા પાઇપ લાઇન આધારીત પાણી પુરવઠા યોજના હેઠળ વિતરણ વ્યવસ્થા સહિત કુલ કેટલા કામોનું આયોજન કરવામાં આવ્યું છે,

(૨)આ યોજના હેઠળ ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ કેટલા ગામો અને શહેરોનો સમાવેશ કરવામાં આવેલ છે, અને

(૩)આ યોજના ઉક્ત સ્થિતિએ કયા તબક્કે છે ?

**પાણી પુરવઠા મંત્રીશ્રીઃ**

(૧) ૪ કામોનું આયોજન કરવામાં આવેલ છે.

(૨)આ યોજનામાં ૧૩૪ ગામો અને ૫ શહેરોનો સમાવેશ કરવામાં આવેલ છે.

(૩)પ્રગતિ હેઠળ છે.

શ્રી કરશનભાઇ દુ. ઓડેદરા : માનનીય અધ્યક્ષશ્રી, નર્મદા યોજનામાં પાઇપલાઇન આધારિત આયોજન કરેલ છે. મારા જવાબની અંદર એવું લખેલું છે કે ૧૩૪ ગામો અને ૫ શહેરોનો સમાવેશ કરવામાં આવેલ છે. હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે આ ત્રણેય તાલુકામાં કેટલા ગામોમાં પીવાના પાણીની વ્યવસ્થા કરવામાં આવેલ છે? ૫ શહેરોમાં કયા કયા શહેરોનો સમાવેશ કરવામાં આવેલ છે? અને સમય મર્યાદા કેટલી?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, (અંતરાય) આવશે, આવશે. બેસશો, તો આવશે. નહિંતર ઘડિયાળ એનું કામ કરશે. માનનીય અધ્યક્ષશ્રી, આ જેમ ડાર્ક ઝોનનો પ્રશ્ન છે એમ ચેકડેમ અને રીચાર્જનું કામ છે એમ અમારા ભાગમાં ઘણી પૂર્તતા કરવાની આવી છે. ભૂતકાળમાં ચોખ્ખું પીવાનું પાણી ગામમાં મળવાની જે તકલીફ હતી. ભૂતકાળમાં પાણી ટેન્કરોથી પહોંચાડાતું હતું એની સામે અમારી સરકારે, અમારા પાણી પુરવઠા વિભાગે પોરબંદર જિલ્લામાં છેક છેવાડે દરિયા કિનારે જયાં ખારાશવાળી જમીન છે ત્યાં પાણી પહોંચાડવા માટે ૪૦૦ કરોડ રૂપિયા કરતા વધુના કામો ચાલે છે. અને માનનીય કરસનભાઇએ પ્રશ્ન કર્યો છે તે પ્રમાણે પોરબંદર જિલ્લામાં ૩ તાલુકામાં પાણી પહોંચાડવાનું કામ લગભગ જૂન આખર સુધીમાં પાઇપલાઇનથી પૂર્ણ કરીશું. અને પ્રજાને શુઘ્ધ પીવાનું પાણી ઉપલબ્ધ કરાવીશું.

શ્રી ભગવાનજીભાઇ લા. કરગટીયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ પોરબંદર જિલ્લાના મોટા ભાગના વિસ્તારોને આવરી લીધા છે તે માટે પાણી પૂરવઠા મંત્રીશ્રી અને મુખ્ય મંત્રીશ્રીને ખૂબ ખૂબ અભિનંદન આપું છું. પોરબંદર જિલ્લાના જે ગામો આવરી લીધા છે તેની વ્યવસ્થા માટે શું આયોજન છે અને તે કેટલા સમયમાં પૂર્ણ કરવામાં આવશે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ કામોનો વ્યાપ બતાવું તો માનનીય સભ્યશ્રીઓને થોડો ખ્યાલ આવશે કે કેટલું મોટું, લાંબુ અને અઘરું કામ છે. રાજકોટ જિલ્લાના માળિયાથી શરૂ કરી અને પોરબંદર સુધીમાં કલ્યાણપૂર સુધીની જામનગર જિલ્લાની પાઇપલાઇન નાખી છે તે ૨૯૦ કિલોમીટર લાંબી પાઇપલાઇન આ સરકારે નાખી છે. અને ૨૯૦ કિલોમીટરની આ લાંબી પાઇપલાઇનમાંથી જુદી જુદી જગ્યાએ કનેકશનો આપી અને ૩ તાલુકાઓને પાણી આપવાનું છે. આ ૩ તાલુકાઓની હેડવર્કની કામગીરી, પંપીંગ સ્ટેશનની કામગીરી લગભગ પૂર્ણ થઇ છે. આ ૩ તાલુકાઓના પાંચ શહેરો અને ગામોને જૂન આખર સુધીમાં પાઇપલાઇનથી પાણીનો સપ્લાય ચાલુ થઇ જશે.

શ્રી બાવકુભાઇ ના. ઉંધાડ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ એવું જણાવ્યું કે અગાઉની સરકારોમાં ટેન્કરો ચાલતા હતા. અમારી સરકારમાં ટેન્કરો ચાલતા નથી. તો મારે એટલું જ જાણવું છે કે છેલ્લા ૪ વર્ષમાં રાજયની અંદર કોઇ પણ ગામડાંમાં ઉનાળામાં ટેન્કરોથી પાણી આપેલ છે કે નહીં. હા કે ના માં જવાબ આપે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આમ તો આ પ્રશ્ન અહીં ઉપસ્થિત થતો નથી. છતાં (અંતરાય) મારી વાત તો સાંભળો. બાવકુભાઇ, મારી વાત સાંભળો. મારી જાણકારી છે એટલે આ ગૃહમાં કહેવામાં મને કોઇ વાંધો નથી. ભૂતકાળમાં પાંચ હજાર ટેન્કરો ચાલતા હતા ગામડાંમાં પાંચ ટેન્કર નખાય અને ૫૦ ઉઘારાઇ જતા હતા. આ ટેન્કરોના પૈસા એ વખતના લોકોના ખીસ્સામાં જતાં હતાં. અને આ રીતે ભયંકર ભ્રષ્ટાચાર થતો હતો. (અંતરાય) મારે શું જવાબ આપવો, તે હું નકકી કરીશ. શું જવાબ આપવો, કેટલો જવાબ આપવો કેવી રીતે આપવો તે મારો અધિકાર છે. પ્રશ્ન પૂછવાનો તમારો અધિકાર છે એમ જવાબ આપવાનો મારો અધિકાર છે. ગયા ઉનાળામાં ગંભીરમાં ગંભીર પરિસ્થિતિ હતી છતાં ભૂતકાળમાં જે ૫૦ હજાર ફેરા ટેન્કરના ચલાવવા પડતા હતા તેની સામે ગયા વર્ષે ફકત ૪૦૦ ફેરા આખા રાજયમાં ચલાવવા પડયા હતા. પણ આ ૪૦૦ ને પણ અમે કાઢી નાખવા માગીએ છીએ. માનનીય મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્રભાઇ ગુજરાતને ટેન્કર ફ્રી રાજય બનાવી અને પાણી પહોંચાડવાના છે.

શ્રી કરશનભાઇ દુ. ઓડેદરા : માનનીય મંત્રીશ્રી પાસેથી હું જાણવા માગું છું કે અમારા પાંચ શહેરો અને ૧૩૪ ગામો છે તેના માટે કામની કેટલી રકમ છે અને તેની સમય મર્યાદા કેટલી છે અને સમય મર્યાદા વીતી ગઇ હોય તો એજન્સી સામે પગલાં લેવા માગો છો કે કેમ?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મેં આ યોજનાની આખી રૂપરેખા આપી છે. કયા ગામમાં કેટલી લાઇન છે અને કયારે કામ પૂર્ણ થશે તે આખા પ્રોજેકટમાં નકકી થયેલ છે. આ જૂન મિહનામાં કામ પૂર્ણ થવાનું છે અને બધાને પાણી મળવાનું છે. આ કામ સમયસર છે કે નહીં તે અલગ વિષયની વાત છે. અને તેના ઉપર અમારું મોનીટરીંગ સતત ચાલી રહ્યું છે.

## પોરબંદર, જામનગર અને જૂનાગઢ જિલ્લામાં સિંચાઈ યોજનાઓનું ખાત મૂહુર્ત

* **૨૪૩૩૫ શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા(પોરબંદર) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

(૧) પોરબંદર, જામનગર અને જૂનાગઢ જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર નાની, મધ્યમ અને મોટી સિંચાઈની યોજનાઓનું ખાત મુહુર્ત કરવામાં આવ્યું છે, અને

(૨)જો હા, તો ઉક્ત યોજનાનું નામ, યોજનાવાર અંદાજીત કિંમત, ઉક્ત સ્થિતિએ વર્ષવાર થયેલ ખર્ચ અને યોજનાવાર પિયત માટે કમાન્ડ વિસ્તાર કેટલો છે ?

**જળસંપત્તિ મંત્રીશ્રીઃ**

(૧) અને (૨) : પોરબંદર, જામનગર અને જૂનાગઢ જિલ્લામાં ભૌગોલિક પરિસ્થિતિ અનુસાર મોટી તેમજ નાની નદીઓ પર ચેકડેમોના કામો તથા દરિયા કાંઠે બંધારા અને સ્પ્રેડીંગ ચેનલના કામો કરવામાં આવેલ છે. જેના ખાત મૂહુર્ત કરવામાં આવેલ નથી.

અધ્યક્ષશ્રી : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે.

# અતારાંકિત પ્રશ્નો

## (તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ)

## અમરેલી જિલ્લામાં પ્રવાસન વિકાસ માટેના સ્થળો

૨૪૪૫૭ **શ્રી મનસુખભાઇ પાં. ભુવા(ધારી): માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) અમરેલી જીલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કયા કયા સ્થળો પ્રવાસન સ્થળ તરીકે વિકાસ કરવા માટે પસંદ કરવામાં આવ્યા, | (૧) અમરેલી જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નીચે મુજબના સ્થળોને પ્રવાસન સ્થળ તરીકે વિકાસ કરવા પસંદ કરવામાં આવ્યા.<br>(અ) જિલ્લા કલેક્ટરશ્રી દ્વારા<br>વર્ષ ૨૦૧૦માં સરકેશ્વર બીચ<br>(બ) ગુજરાત પ્રવાસન નિગમ લિ. દ્વારા<br>વર્ષ ૨૦૧૦માં આંબરડી ખાતે વાઈલ્ડ લાઈફ એન્ટરપ્રીટેશન પાર્ક. |
| (૨) પસંદ કરેલ સ્થળોને વિકસાવવા માટે કઈ કઈ સુવિધા પુરી પાડવાની સરકારની યોજના છે, અને | (૨) (અ) જિલ્લા કલેક્ટરશ્રી અમરેલી દ્વારા સરકેશ્વર બીચના વિકાસ માટે નીચે મુજબની સુવિધા પુરી પાડવાની યોજના છે.<br>૧. સરકેશ્વર બીચ–બલાણા તા.જાફરાબાદ બીચ ખાતે ૩ કી.મી. લંબાઈની ભારે દબાણની વીજ લાઈન અને ૧૦૦ કે. વી.એ. કેપેસીટીના ટ્રાન્સફોર્મરની કામગીરી, પે એન્ડ યુઝ ટોયલેટ બ્લોક, સરકેશ્વર મહાદેવ એપ્રોચ રોડ ૭.૫૦ મીટર પહોળો કરવો અને એક કી.મી. લાંબો કરવો. મુખ્ય રસ્તાથી બીચ સુધી બે કી.મી. રસ્તાનું કામ, પીવાના પાણીની સુવિધા માટે કુવો, પાઈપલાઈન, સંપ પંપ હાઉસ, પંપ હાઉસ માટે પંપીંગ મશીનરીની કામગીરી.<br>(બ) ગુજરાત પ્રવાસન નિગમ લિ. દ્વારા વન વિભાગ |

મારફતે નીચે મુજબની સુવિધા પુરી પાડવાની યોજના છે.

૧. ચેનલીંગ ફેન્સીંગ, એનીમલ હાઉસ, પાણીની સગવડતા, મુરમ રોડ, ઓરીએન્ટેશન સેન્ટર, સ્ટાફ કેમ્પ ક્વાર્ટસ, બાયનોક્યુલર–ટેલીસ્કોપ, વીડીયો પ્રોજેક્ટ સ્ક્રીન, ટેલીવીઝન, પ્રવાસીઓ માટે રહેવાની સવલત, પ્રવાસી સ્વાગત કેન્દ્ર, સાઈનેજીસ, નેચરલ ટ્રેઈલ ઓપન એમ્ફી થીયેટર, નેચરલ એજ્યુકેશન કેમ્પ સાઈટ, બોટ માટે જેટી, શેડ સાથેનો પ્લેટફોર્મ, બોટ સલામતીના સાધનો, ઈકો ટુરીસ્ટ કેન્ટીન, ડ્રેનેજ લાઈન, સોલીડ વેસ્ટ ડીસ્પોઝલ અને સીવરેજ મેનેજમેન્ટ, લાઈટીંગ, વોચ ટાવર, પાર્કીંગ અને ગેટ ની કામગીરીનો સમાવેશ થાય છે.

(૩) ઉક્ત સ્થિતિએ વર્ષવાર પ્રત્યેક સ્થળના વિકાસ માટે કેટલા નાણાં ફાળવવામાં આવ્યા ?

(૩) (અ) જિલ્લા કલેકટરશ્રી અમરેલી દ્વારા વર્ષ ૨૦૧૦માં સરકેશ્વર બીચ બલાણાના વિકાસ માટે ` ૯૫.૦૦ લાખ ફાળવવામાં આવેલ છે.

(બ) ગુજરાત પ્રવાસન નિગમ લિમિટેડ દ્વારા વર્ષ ૨૦૧૦માં આંબરડી ખાતે ઈન્ટરપ્રીટેશન પાર્ક માટે કેન્દ્ર સરકારશ્રી દ્વારા મળેલ પ્રથમ હપ્તા પેટે ` ૩૭૯.૦૦ લાખની ગ્રાન્ટ વન વિભાગને ફાળવવામાં આવેલ છે.

## અમરેલી જિલ્લામાં મહી પરિએજ આધારીત પાણી પુરવઠા યોજના હેઠળ મંજુર કરેલ કામો

૨૪૪૯૭ **શ્રી હનુભાઇ ધોરાજીયા(લાઠી): માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) અમરેલી જિલ્લામાં મહી પરીએજ આધારીત પાણી પુરવઠા યોજના માટે વર્ષ ૨૦૧૦–૨૦૧૧માં કેટલી રકમ મંજૂર કરેલ અને તે અન્વયે કેટલો ખર્ચ કરેલ છે, અને કેટલી રકમ વણવપરાયેલી રહી, અને

(૨) આ ગ્રાન્ટની રકમ ન વપરાવાના કારણો શા છે?

**જવાબ**

(૧) મહી પરીએજ આધારીત પાણી પુરવઠા યોજના માટે વર્ષ ૨૦૧૦–૨૦૧૧માં

(અ) મંજૂર રકમ ` ૨૬૫૫.૨૦ લાખ

(બ) ખર્ચ કરેલ રકમ ` ૨૭૪૦.૮૮ લાખ

(ક) વણ વપરાયેલી રકમ ` ૦.૦૦

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

## રાજકોટ જિલ્લાના મોડલ નગરપાલિકા ઘટક કાર્યક્રમ હેઠળ થયેલ વિકાસના કામો

૨૪૪૬૫ **શ્રી ભાનુબેન મ. બાબરીયા(રાજકોટ ગ્રામ્ય): માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) રાજકોટ જિલ્લાની નગરપાલિકાઓને સ્વર્ણિમ જયંતિ મુખ્ય મંત્રી શહેરી વિકાસ યોજના મોડલ નગરપાલિકા ઘટક કાર્યક્રમ હેઠળ વિકાસના કામો માટે તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી ગ્રાન્ટ ચુકવવામાં આવેલ છે, અને

(૨) તે પરત્વે કયા કયા હેતુના કામો મંજૂર

**જવાબ**

(૧) રાજકોટ જિલ્લાની નવ નગરપાલિકાને ` ૧૫.૬૪ કરોડની ગ્રાન્ટ ચુકવવામાં આવેલ છે.

(૨) ગૌરવપથ મુખ્ય રસ્તા, બ્રીજ, લોક

| | |
|---|---|
| કરવામાં આવેલ છે? | ભાગીદારી હેઠળના કામો , ટ્રાફિક સર્કલ, જળસંચય, માર્કેટ, હેરીટેજ, સ્લમ વિસ્તારનો વિકાસ, ગરીબ સમૃધ્ધિ યોજનાના કામો, નિર્મળ ગુજરાત, અન્ય કામો તથા આંગણવાડી કેન્દ્રો બનાવવાના કામો મંજૂર કરવામાં આવેલ છે. |

## ગણદેવી તાલુકામાં સેકટર રીફોર્મ કાર્યક્રમ હેઠળ મંજૂર થયેલ યોજના

૨૪૪૯૧ **શ્રી લક્ષ્મણભાઇ પ. પટેલ( ગણદેવી): માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧)નવસારી જિલ્લાના ગણદેવી તાલુકામાં સેકટર રીફોર્મ કાર્યક્રમ (રાજ્ય) હેઠળ તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ કેટલી યોજના મંજૂર કરવામાં આવી, અને | (૧) ૧૭ પાણી પુરવઠા યોજનાઓ મંજૂર કરવામાં આવેલ છે. |
| (૨)તે અન્વયે પાણી સમિતિઓને કુલ કેટલું ફંડ ફાળવવામાં આવેલ છે. | (૨) ` ૬૫.૭૪ લાખ ફાળવવામાં આવેલ છે. |

---------

## વનબંધુ કલ્યાણ યોજના અંતર્ગત બનાસકાંઠા જિલ્લામાં ચિરંજીવી યોજના

૨૩૯૬૦ **શ્રી વસંતકુમાર પ. ભટોળ( દાંતા): માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ વનબંધુ કલ્યાણ યોજના અંતર્ગત બનાસકાંઠા જિલ્લામાં ચિરંજીવી યોજના હેઠળ છેલ્લા બે વર્ષમાં માતાઓને કયા કયા પ્રકારની સુવિધાઓ આપવામાં આવેલ છે, અને | (૧) વનબંધુ કલ્યાણ યોજના અંતર્ગત બનાસકાંઠા જિલ્લામાં ચિરંજીવી યોજના હેઠળ છેલ્લા તા. ૩૧–૧૨–૨૦૧૧ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગરીબી રેખા હેઠળની (બી.પી.એલ. કાર્ડ ધરાવતી) કુટુંબની પ્રસુતા બહેનો તથા ગરીબી રેખા હેઠળ ઉપરની (એ.પી.એલ. કાર્ડ ધરાવતી) પરંતુ આવક વેરો ન ભરતી હોય તેવા અનુસુચિત જન જાતિ કુટુંબોની પ્રસુતા બહેનોને આ યોજના અંતર્ગત કરારબધ્ધ થયેલ સ્ત્રી રોગ નિષ્ણાતને ત્યાં પ્રસુતિ સંબંધિત તમામ સેવાઓ વિના મૂલ્યે આપવામાં આવે છે. તેમજ વાહનવ્યવહારના ` ૨૦૦/– પ્રસુતા બહેનને ડોકટર દ્વારા રોકડા આપવામાં આવે છે. |
| (૨)તે પાછળ તા. ૩૧–૧૨–૨૦૧૧ સુધીમાં કેટલો ખર્ચ થયેલ છે? | (૨) વનબંધુ કલ્યાણ યોજના અંતર્ગત ચિરંજીવી યોજનામાં છેલ્લા બે વર્ષમાં તા. ૩૧–૧૨–૧૧ ની સ્થિતિએ (વનબંધુ તાલુકા– અમીરગઢ અને દાંતામાં) કુલ ` ૧,૨૭,૨૭,૫૦૫/–નો ખર્ચ થયેલ છે. |

---------

**કચ્છ જિલ્લામાં ૮૦–૨૦ યોજના હેઠળ ચેકડેમોના કામો**

૨૪૫૦૭ **ડાૅ. નીમાબેન ભા. આચાર્ય (અંજાર): માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧)કચ્છ જિલ્લામાં ૮૦–૨૦ યોજના હેઠળ કેટલા ચેકડેમોના કામો તા. ૩૧–૧૨–૨૦૧૧ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મંજૂર કરવામાં આવ્યા, અને | (૧) કચ્છ જિલ્લામાં ૮૦–૨૦ યોજના હેઠળ તા. ૩૧–૧૨–૨૦૧૧ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ૧૫૦૩ ચેકડેમોના કામો મંજૂર કરવામાં આવ્યા. |
| (૨)તેમાંથી કેટલા પૂર્ણ થયા તે અંગે કેટલો ખર્ચ થયો? | (૨) ઉક્ત મંજૂર થયેલ કામો પૈકી ૧૩૨૪ ચેકડેમોના કામો પૂર્ણ થયા અને તેના ઉપર ` ૫૦૩૦.૭૩ લાખનો ખર્ચ થયેલ છે. |

---------

**ખેડા જિલ્લામાં યોજાતા ગરીબ કલ્યાણ મેળાઓમાં શહેરી વિકાસ વિભાગ દ્વારા ચૂકવેલ રાહત**

૨૫૧૦૭ **શ્રી રામસિંહ પ્ર. પરમાર( ઠાસરા): માનનીય શહેરી વિકાસ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

## અતારાંકિત પ્રશ્નો

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૧ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ખેડા જિલ્લાઓમાં તાલુકાવાર યોજાયેલ ગરીબ કલ્યાણ મેળાઓમાં શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ કે તાબા હેઠળની કચેરીઓ દ્વારા કોઈ સહાય/વળતર/રાહત ચૂકવવામાં આવી છે, કે કેમ,

(૨) જો હા, તો વર્ષવાર અને તાલુકાવાર વિભાગ હસ્તકની કઇ યોજનાઓ હેઠળ કેટલી રકમની સહાય ચુકવવામાં આવી, અને

(૩) ઉક્ત ખર્ચ બજેટના કયા હેડ હેઠળ ઉધારવામાં આવેલ છે?

**જવાબ**

(૧) હા, જી.

(૨)

| ન.પા.નું નામ | યોજનાનું નામ | વર્ષ ૨૦૧૦ (તા. ૩૧-૧૨-૨૦૧૦ ની સ્થિતિએ) સહાયની રકમ (` લાખમાં) | વર્ષ ૨૦૧૧ (તા. ૩૧-૧૨-૨૦૧૧ ની સ્થિતિએ) સહાયની રકમ (` લાખમાં) |
|---|---|---|---|
| કણજરી | નિર્મળ ગુજરાત | ૨૭.૭૫ | ૧૨.૮૦ |
| | SJSRY | ૦.૪૮ | ૭.૦૦ |
| | ઉમ્મીદ | ૦.૦૦ | ૦.૧૯ |
| | **કુલ** | **૨૮.૨૩** | **૧૯.૯૯** |
| નડીયાદ | નિર્મળ ગુજરાત | ૮૫.૮૬ | ૬૮.૧૮ |
| | SJSRY | ૪.૯૬ | ૧.૯૯ |
| | ઉમ્મીદ | ૨.૩૪ | ૧૧.૪૦ |
| | **કુલ** | **૯૩.૧૬** | **૮૧.૫૭** |
| ખેડા | નિર્મળ ગુજરાત | ૪.૦૫ | ૧૧.૭૦ |
| | SJSRY | ૦.૫૪ | ૧.૩૮ |
| | ઉમ્મીદ | ૦.૦૦ | ૩.૩૩ |
| | **કુલ** | **૪.૫૯** | **૧૬.૪૧** |
| બાલાસિનોર | નિર્મળ ગુજરાત | ૭.૪૦ | ૦.૦૦ |
| | SJSRY | ૦.૧૬ | ૫.૦૦ |
| | ઉમ્મીદ | ૦.૦૦ | ૦.૮૭ |
| | **કુલ** | **૭.૫૬** | **૫.૮૭** |
| મહેમદાવાદ | SJSRY | ૦.૦૦ | ૦.૫૦ |
| | **કુલ** | **૦.૦૦** | **૦.૫૦** |
| કઠલાલ | નિર્મળ ગુજરાત | ૪.૫૪ | ૬.૫૨ |
| | SJSRY | ૧.૦૦ | ૦.૨૮ |
| | **કુલ** | **૫.૫૪** | **૬.૮૦** |
| ઠાસરા | SJSRY | ૦.૦૦ | ૦.૩૨ |
| | **કુલ** | **૦.૦૦** | **૦.૩૨** |
| ચકલાસી | નિર્મળ ગુજરાત | ૦.૦૦ | ૯.૮૬ |
| | SJSRY | ૦.૦૦ | ૪.૯૮ |
| | ઉમ્મીદ | ૦.૦૦ | ૧૧.૧૦ |
| | **કુલ** | **૦.૦૦** | **૨૫.૯૪** |
| મહુધા | નિર્મળ ગુજરાત | ૧૯.૫૦ | ૬.૫૨ |
| | SJSRY | ૦.૮૫ | ૦.૬૨ |
| | ઉમ્મીદ | ૦.૦૦ | ૩.૨૮ |
| | **કુલ** | **૨૦.૩૫** | **૧૦.૪૨** |
| કપડવંજ | નિર્મળ ગુજરાત | ૨૨.૫૦ | ૦.૦૦ |
| | SJSRY | ૦.૩૪ | ૦.૪૮ |
| | ઉમ્મીદ | ૦.૦૦ | ૨.૩૪ |
| | **કુલ** | **૨૨.૮૪** | **૨.૮૨** |
| | **જિલ્લાનું કુલ** | **૧૮૨.૨૭** | **૧૭૦.૬૪** |

(૩)

| **યોજનાનું નામ** | **બજેટ હેડ** |
|---|---|
| નિર્મળ ગુજરાત | યુડીપી-૫-, ૨૨૧૭-૦૩-૧૯૧-૪૬ |
| સ્વર્ણિમ જયંતી સ્વરોજગાર યોજન ( SJSRY) | યુડીપી-૧૪, ૩૪૭૫-૦૦-૧૦૮-૦૧ |
| ઉમ્મીદ | યુડીપી-૧૩, ૩૪૭૫-૦૦-૧૦૮-૦૨ |

---------

## જવાહરલાલ નહેરૂ નેશનલ અર્બન રીન્યુઅલ મિશન અંતર્ગત શહેરોને મળેલ એવોર્ડ

૨૪૪૭૮ **શ્રી કિશોરભાઇ વાંકાવાલા( સુરત શહેર પશ્ચિમ): માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

સન ૨૦૧૧માં ભારત સરકાર તરફથી જવાહરલાલ નહેરૂ નેશનલ અર્બન રીન્યુઅલ મિશન અંતર્ગત રાજ્યના કયા કયા શહેરોમાં કુલ કેટલા એવોર્ડ મળેલ છે?

**જવાબ**

રાજ્યના અમદાવાદ શહેરને કુલ–૨ એવોર્ડ મળેલ છે.

---------

## રાજ્યમાંથી કૈલાસ માનસરોવર જતા યાત્રીઓને સબસીડીની ચૂકવેલ રકમ બાબત

૨૪૯૭૫ **શ્રી મોહનસિંહ છો. રાઠવા( જેતપુર-પાવી): માનનીય યાત્રાધામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧)તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ રાજ્યમાંથી કૈલાસ માનસરોવર જતા યાત્રીઓને સને ૨૦૦૯–૨૦૧૦ અને ૨૦૧૦–૨૦૧૧ના વર્ષમાં વર્ષવાર કેટલા યાત્રીઓને ક્યારે સબસીડીની કેટલી રકમ ચૂકવવામાં આવી,

(૨)જો આવી સબસીડીની રકમ ન ચૂકવાઈ હોય તો તેના કારણો શા છે, અને

(૩)તે અન્વયે વર્ષવાર બજેટમાં કેટલી રકમની ફાળવણી કરવામાં આવેલ ?

**જવાબ**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ રાજ્યમાંથી કૈલાસ માનસરોવર જતા યાત્રીઓને સને ૨૦૦૯–૨૦૧૦ અને ૨૦૧૧ના વર્ષમાં વર્ષવાર નીચે મુજબ સહાયની અને શુભેચ્છા કીટની રકમ તા. ૧૮–૧–૨૦૧૨ ના રોજ ચૂકવવામાં આવેલ છે.

| વર્ષ | યાત્રીઓની સંખ્યા | ચૂકવેલ રકમ રૂપિયા |
|---|---|---|
| ૨૦૦૯ | ૧૩૬ | ૩૧,૨૮,૦૦૦– |
| ૨૦૧૦ | ૧૨૪ | ૨૮,૫૨,૦૦૦/– |
| ૨૦૧૧ | ૧૫૮ | ૩૬,૩૪,૦૦૦/– |

(૨) સહાયની રકમ ચૂકવાઈ હોઈ, પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) તે અન્વયે વર્ષવાર બજેટમાં રૂપિયા એક કરોડની રકમની જોગવાઈ કરવામાં આવેલ છે.

---------

## વનબંધુ કલ્યાણ યોજનામાં નવસારી જિલ્લામાં ચિરંજીવી યોજના

૨૩૯૫૭ **શ્રી નરેશભાઇ મ. પટેલ( ચીખલી): માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ વનબંધુ કલ્યાણ યોજના અંતર્ગત નવસારી જિલ્લામાં ચિરંજીવી યોજના હેઠળ છેલ્લા બે વર્ષમાં માતાઓને કયા કયા પ્રકારની સુવિધાઓ આપવામાં આવેલ છે, અને

**જવાબ**

(૧) વનબંધુ કલ્યાણ યોજના અંતર્ગત નવસારી જિલ્લામાં ચિરંજીવી યોજના હેઠળ છેલ્લા તા. ૩૧–૧૨–૨૦૧૧ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગરીબી રેખા હેઠળની (બી.પી.એલ. કાર્ડ ધરાવતી) કુટુંબની પ્રસુતા બહેનો તથા ગરીબી રેખા હેઠળ ઉપરની (એ.પી.એલ. કાર્ડ ધરાવતી) પરંતુ આવક વેરો ન ભરતી હોય તેવા અનુસુચિત જન

| | |
|---|---|
| | જાતિ કુટુંબોની પ્રસુતા બહેનોને આ યોજના અંતર્ગત કરારબધ્ધ થયેલ સ્ત્રી રોગ નિષ્ણાંતને ત્યાં પ્રસુતિ સંબંધિત તમામ સેવાઓ વિના મૂલ્યે આપવામાં આવે છે. તેમજ વાહનવ્યવહારના રૂા. ૨૦૦/– પ્રસુતા બહેનને ડોકટર દ્વારા રોકડા આપવામાં આવે છે. |
| (૨)તે પાછળ કેટલો ખર્ચ થયેલ છે? | (૨) વનબંધુ કલ્યાણ યોજના અંતર્ગત ચિરંજીવી યોજનામાં છેલ્લા બે વર્ષમાં તા. ૩૧–૧૨–૧૧ ની સ્થિતિએ (વનબંધુ તાલુકા–વાંસદા અને ચીખલીમાં) કુલ ` ૭૦,૬૧,૦૦૦ /–નો ખર્ચ થયેલ છે. |

---------

**રાજકોટ મહાનગરપાલિકા માટે બી.આર.ટી.એસ. યોજના હેઠળ મંજૂર થયેલ પ્રોજેકટ**

૨૪૪૭૭ **શ્રી ગોવિંદભાઇ ઉ. પટેલ(રાજકોટ-૧): માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧)રાજકોટ મહાનગરપાલિકા માટે બી.આર.ટી.એસ યોજના અંતર્ગત તા. ૩૧–૧૨–૧૧ની સ્થિતિએ કુલ કેટલી રકમના કેટલા કામો માટે કેટલા પ્રોજેકટ સરકાર દ્વારા મંજૂર થયેલ છે, અને | (૧) ૧૧ (અગિયાર) કિ.મી. માટે કુલ ` ૧૧૦ કરોડની રકમના કામો અને એક પ્રોજેકટ સરકાર દ્વારા મંજૂર થયેલ છે. |
| (૨)ઉક્ત સ્થિતિએ તે અન્વયે મહાનગરપાલિકા દ્વારા કેટલા કામો હાથ ધરાયેલ છે અને કેટલો ખર્ચ થયેલ છે? | (૨) મહાનગરપાલિકાએ ૯૮ ટકા કામગીરી પુર્ણ કરેલ છે. અને તે અન્વયે ` ૧૫૪.૫૦ કરોડનો ખર્ચ કરેલ છે. |

---------

**અમદાવાદ મહાનગરપાલિકાના આંતર માળખાકીય વિકાસના કામો માટે ગ્રાન્ટની ફાળવણી**

૨૪૪૭૬ **શ્રી વલ્લભભાઇ ગો. કાકડીયા(રખિયાલ): માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| વર્ષ ૨૦૧૦–૧૧ અને ૨૦૧૧–૧૨માં તા. ૩૧–૧૨–૧૧ ની સ્થિતિએ અમદાવાદ મહાનગરપાલિકાને સ્વર્ણિમ જ્યંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ આંતરમાળખાકીય વિકાસના કામો માટે કેટલી ગ્રાન્ટ ચુકવવામાં આવી? | વર્ષ ૨૦૧૦–૧૧ માં ` ૨૨૦.૦૦ કરોડ<br>અને ૨૦૧૧–૧૨માં ` ૧૯૮.૦૦ કરોડ<br>કુલ ` ૪૧૮.૦૦ કરોડની ગ્રાન્ટ ચુકવવામાં આવી. |

---------

**કપરાડા અને ધરમપુર તાલુકામાં વન વિભાગ તથા ખાનગી ટ્રસ્ટ ધ્વારા બનાવેલ ચેકડેમો**

૨૫૨૦૧ **શ્રી જીતુભાઇ હ. ચૌધરી( મોટા પોંઢા): માનનીય જળ સંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧)તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા | (૧) |

બે વર્ષમાં કપરાડા અને ધરમપુર તાલુકામાં વન વિભાગ તથા ખાનગી ટ્રસ્ટ ધ્વારા કેટલા ચેકડેમો બાંધવામાં આવ્યા છે,

| વર્ષ | તાલુકા | | કુલ |
|---|---|---|---|
| | કપરાડા | ધરમપુર | |
| ૨૦૧૦-૧૧ | ૨૫ | ૧૪ | ૩૯ |
| ૨૦૧૧-૧૨ | ૬ | ૬ | ૧૨ |
| **કુલ** | **૩૧** | **૨૦** | **૫૧** |

(૨)તે પૈકી વરસાદને કારણે કેટલા ચેકડેમ ધોવાઈ ગયેલ છે, અને

(૨) એકપણ નહીં.

(૩)આ ચેકડેમો માટે કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો છે?

(૩)

| વર્ષ | તાલુકા (રૂ઼. લાખમાં) | |
|---|---|---|
| | કપરાડા | ધરમપુર |
| ૨૦૧૦-૧૧ | ૧૧૪.૯૨ | ૮૧.૪૫ |
| ૨૦૧૧-૧૨ | ૪૦.૭૪ | ૩૨.૭૨ |
| **કુલ** | **૧૫૫.૬૬** | **૧૧૪.૧૭** |

---------

## બનાસકાંઠા જિલ્લામાં પ્રવાસન સ્થળોનો વિકાસ

<#M /૨૪૪૫૮ **શ્રી બાબુભાઇ જે. દેસાઇ(કાંકરેજ): માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧)બનાસકાંઠા જિલ્લામાં સને ૨૦૧૦-૧૧ અને ૨૦૧૧-૨૦૧૨માં તા. ૩૧-૧૨-૧૧ સુધીમાં પ્રવાસન સ્થળોના વિકાસ માટે શી કામગીરી હાથ ધરવામાં આવી, અને

**જવાબ**

(૧) બનાસકાંઠા જિલ્લામાં સને ૨૦૧૦-૨૦૧૧ અને ૨૦૧૧-૨૦૧૨માં તા. ૩૧-૧૨-૧૧ સુધીમાં પ્રવાસન સ્થળોના વિકાસ માટે નીચે મુજબની કામગીરી હાથ ધરવામાં આવેલ છે.

ગુજરાત પ્રવાસન નિગમ લીમીટેડ દ્વારા અંબાજી શહેરમાં થીમ પાર્ક, ગબ્બર તળેટી, પ્રવેશ ચોકના વિકાસની કામગીરી તથા ગટર વ્યવસ્થાની કામગીરીનું આયોજન છે.

(૨)આ માટે ૩૧-૧૨-૨૦૧૧ ની સ્થિતિએ રાજ્ય સરકારે કેટલી ગ્રાન્ટ આપી અને, તેમાંથી કેટલો ખર્ચ થયો?

(૨) આ માટે ૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ રાજ્ય સરકારશ્રીએ કોઈ ગ્રાન્ટ આપી નથી.

---------

## આણંદ જિલ્લામાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અને સામૂહિક આરોગ્ય કેન્દ્રને નેશનલ રૂરલ હેલ્થ મિશન દ્વારા ફાળવેલ ગ્રાન્ટ

૨૫૦૨૩ **શ્રી અમિતકુમાર અ. ચાવડા( બોરસદ): માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧)તા.૩૧-૧-૨૦૧૨ની સ્થિતિએ આણંદ જિલ્લામાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અને સામૂહિક આરોગ્ય કેન્દ્રવાર છેલ્લા બે વર્ષમાં નેશનલ રૂરલ હેલ્થ મિશન હેઠળ કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી,

**જવાબ**

(૧) તા.૩૧-૧-૨૦૧૨ની સ્થિતિએ આણંદ જિલ્લામાં *પત્રક-અ મુજબ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રવાર અને *પત્રક-બ મુજબ સામૂહિક આરોગ્ય કેન્દ્રવાર છેલ્લા બે વર્ષમાં નેશનલ રૂરલ હેલ્થ મિશન હેઠળ નીચે મુજબ ગ્રાન્ટ ફાળવવામાં આવી.

| ક્રમ | વર્ષ | ફાળવેલ ગ્રાન્ટ |
|---|---|---|

| | | પ્રા.આ.કે. | સા.આ.કે. |
|---|---|---|---|
| ૧ | ૨૦૧૦-૧૧ | ` ૫૭૮૦૪૦૮૦ | ` ૮૭૨૭૭૫૪ |
| ૨ | ૨૦૧૧-૧૨ (તા.૩૧-૦૧-૨૦૧૨ની સ્થિતિએ). | ` ૫૫૦૯૫૦૫૨ | ` ૬૧૧૩૬૨૩ |

(૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી કેટલી રકમ ખર્ચ કરવામાં આવી,

(૨) તા. ૩૧-૧-૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં *પત્રક-અ(૧) મુજબ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રવાર અને *પત્રક-બ(૧) મુજબ સામૂહિક આરોગ્ય કેન્દ્રવાર નીચે મુજબ રકમ ખર્ચ કરવામાં આવેલ છે.

| ક્રમ | વર્ષ | ફાળવેલ ગ્રાન્ટ | |
|---|---|---|---|
| | | પ્રા.આ.કે. | સા.આ.કે. |
| ૧ | ૨૦૧૦-૧૧ | ` ૫૧૯૨૨૬૦૫ | ` ૬૨૬૮૫૧૦ |
| ૨ | ૨૦૧૧-૧૨ (તા.૩૧-૦૧-૨૦૧૨ની સ્થિતિએ). | ` ૩૭૪૯૨૨૨૧ | ` ૩૯૯૯૬૬૮ |

(૩) નાણાંકીય ગેરરીતિ અને કામમાં વિલંબ બાબતની કેટલી ફરીયાદ મળેલ છે, અને

(૩) *પત્રક-ક મુજબ કુલ-૫ ફરિયાદ મળેલ છે.

(૪) તે સંદર્ભે શાં પગલા લેવામાં આવ્યાં?

(૪) આ સંદર્ભે લેવાયેલ પગલાંની વિગત *પત્રક-કમાં સામેલ છે.

* **(પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવ્યા છે)**

---------

**કપડવંજ તાલુકામાં વરાંસી નદીપર મંજુર થયેલ ચેકડેમો**

૨૫૧૦૮ **શ્રી મણીભાઇ દે. પટેલ( કપડવંજ): માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કપડવંજ તાલુકામાં મોટીમેર પાસે વરાંસી નદીપર ચેકડેમ બનાવવાની મંજુરી ક્યારે આપવામાં આવી છે, | (૧) કાર્યવાહી મંજૂરીના તબક્કે છે. |
| (૨) આ કામ પાછળ કેટલો ખર્ચ થશે, અને | (૨) અંદાજે રૂપિયા ૮૫.૦૦ લાખ |
| (૩) કામનું ટેન્ડર કોનું મંજૂર થયેલ છે? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**અમદાવાદ શહેરમાં સરખેજ રોજાને પવિત્ર યાત્રાધામમાં સમાવવા બાબત**

૨૪૯૬૯ **શ્રી સાબીરભાઇ અ. ખેડાવાલા(જમાલપુર): માનનીય યાત્રાધામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમદાવાદ શહેરમાં આવેલ સરખેજના રોજાને પવિત્ર યાત્રાધામમાં સમાવવા છેલ્લા એક વર્ષમાં તા. ૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ શી કાર્યવાહી કરવામાં આવી છે? | (૧) અમદાવાદ શહેરમાં આવેલ સરખેજના રોજાને પવિત્ર યાત્રાધામમાં સમાવવા છેલ્લા એક વર્ષમાં તા. ૩૧-૧૨-૨૦૧૧ ની સ્થિતિએ કોઈ નિર્ણય લેવાયેલ નથી. |

---------

તા.૧લી માર્ચ, ૨૦૧૨
અતારાંકિત પ્રશ્નો

## દસક્રોઈ તાલુકાના ગામોને નર્મદાનું પીવાનું પાણી પૂરૂં પાડવાની યોજના

૨૪૪૯૫ **શ્રી બાબુભાઇ જ. પટેલ(દસક્રોઇ): માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧)તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ અમદાવાદ જિલ્લાના દસક્રોઈ તાલુકાના ગામોને નર્મદાનું પીવાનું પાણી પૂરૂં પાડવાની કોઈ યોજના સરકારની વિચારણામાં છે કે કેમ,

(૨)જો, હા, તો આ યોજના તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ ક્યા તબક્કે છે, અને

(૩)આ યોજનાથી કેટલા ગામોને પીવાનું પાણી પૂરૂં પાડવામાં આવશે?

**જવાબ**

(૧) હા, જી.

(૨) યોજનાના કામો ૨૦૧૦થી પૂર્ણ થયેલ છે.

(૩) આ યોજનાથી દશક્રોઈ તાલુકાના ૫૬ ગામોને
તા. ૧–૭–૨૦૧૦થી પીવાનું પાણી પૂરૂ પાડવામાં આવે છે.

---------

## રાજ્યની મહાનગરપાલિકાઓને મનોરંજન કરની ચુકવેલ ગ્રાંટ

૨૪૪૮૫ **શ્રી ભૂષણ અ. ભટ્ટ(ખાડીયા): માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

સને ૨૦૧૦–૧૧ના વર્ષ દરમ્યાન રાજ્યની મહાનગરપાલિકાઓને મનોરંજન કરની ગ્રાન્ટની કેટલી ચૂકવણી કરવામાં આવેલ છે?

**જવાબ**

સને ૨૦૧૦–૧૧ના વર્ષ દરમ્યાન રાજ્યની ૮ મહાનગરપાલિકાઓને મનોરંજન કરની ` ૧૧,૩૧,૧૬,૦૫૦/- ગ્રાન્ટની ચુકવણી કરવામાં આવેલ છે. જેની મહાનગરપાલિકાવાર વિગત નીચે મુજબ છે.

(રકમ રૂપિયામાં)

| મહાનગરપાલિકા | મનોરંજન કર | મનોરંજન કર (અનુ જાતિ સબ પ્લાન) | કુલ |
|---|---|---|---|
| અમદાવાદ | ૪,૩૩,૩૬,૪૩૩/- | ૨૧,૦૧,૧૬૦/- | ૪,૫૪,૩૭,૫૯૩/- |
| ભાવનગર | ૪૯,૧૫,૬૯૦/- | ૨,૩૮,૩૩૭/- | ૫૧,૫૪,૦૨૭/- |
| જામનગર | ૪૬,૮૩,૧૮૩/- | ૨,૨૭,૦૬૪/- | ૪૯,૧૦,૨૪૭/- |
| જૂનાગઢ | ૨૫,૫૮,૮૮૨/- | ૧,૨૪,૦૬૭/- | ૨૬,૮૨,૯૪૯/- |
| રાજકોટ | ૯૩,૦૫,૬૫૨/- | ૪,૫૧,૧૮૩/- | ૯૭,૫૬,૮૩૫/- |
| સુરત | ૨,૭૬,૭૪,૬૯૫/- | ૧૩,૪૧,૮૦૩/- | ૨,૯૦,૧૬,૪૯૮/- |
| વડોદરા | ૧,૩૫,૨૫,૬૭૫/- | ૬,૫૫,૭૯૦/- | ૧,૪૧,૮૧,૪૬૫/- |
| ગાંધીનગર | ૧૮,૮૫,૦૪૦/- | ૯૧૩૯૬/- | ૧૯,૭૬,૪૩૬/- |
| એકંદર કુલ | ૧૦,૭૮,૮૫,૨૫૦/- | ૫૨,૩૦,૮૦૦/- | ૧,૩૧,૧૬,૦૫૦/- |

---------

## બાવળા તાલુકામાં સ્વજલધારા કાર્યક્રમ હેઠળ મંજૂર થયેલ યોજનાઓ

૨૪૪૯૦ **શ્રી કાંતિલાલ રા. લકુમ(બાવળા): માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧)અમદાવાદ જિલ્લાના બાવળા તાલુકામાં સ્વજલધારા કાર્યક્રમ હેઠળ તા. ૩૧–૧૨–

**જવાબ**

(૧) ૨૭ પાણી પુરવઠા યોજનાઓ મંજૂર કરવામાં આવેલ છે.

૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ કેટલી યોજનાઓ મંજૂર કરવામાં આવી, અને

(૨)તે અન્વયે પાણી સમિતિઓને કુલ કેટલું ફંડ ફાળવવામાં આવેલ છે.

(૨) ` ૧૮૯.૧૪ લાખ ફાળવવામાં આવેલ છે.

---------

## બનાસકાંઠા જિલ્લામાં હેલ્થકાર્ડ અન્વયે હોસ્પિટલોમાં સારવાર ન મળવાની ફરિયાદો

૨૪૪૬૮ **શ્રી મફતલાલ મો. પુરોહિત(ધાનેરા): માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧)બનાસકાંઠા જિલ્લામાં હેલ્થકાર્ડ અન્વયે જે હોસ્પિટલોમાં સારવાર આપવામાં આવે છે, તે હોસ્પિટલો દ્વારા સારવાર મળતી નથી તેવી કોઈ ફરીયાદો તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સરકારને મળેલ છે. | (૧) ના, જી. |
| (૨)આવી ફરિયાદો ક્યા ક્યા તાલુકાની કઈ કઈ હોસ્પિટલોની છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩)તેની સામે તા. ૩૧–૧૨–૨૦૧૧ સુધીમાં શી કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

## વડોદરા જિલ્લામાં નગરપાલિકાઓમાં ભૂગર્ભ ગટર યોજના

૨૪૪૮૯ **શ્રી અભેસિંહ મો. તડવી( સંખેડા): માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧)વડોદરા જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કઈ કઈ નગરપાલિકામાં ભૂગર્ભ ગટર યોજના મંજૂર કરવામાં આવેલ છે. | (૧) પાદરા અને ડભોઈ નગરપાલિકાની ભૂગર્ભ ગટર યોજના મંજૂર કરવામાં આવેલ છે. |
| (૨)મંજૂર થયેલ ભૂગર્ભ ગટર યોજનાની કામગીરી તા. ૩૧–૧૨–૧૧ની સ્થિતિએ ક્યા તબક્કે છે, અને | (૨) પાદરા નગરપાલિકાની ભૂગર્ભ ગટર યોજના માટેના ટેન્ડર મંજુરીના તબક્કે છે અને ડભોઈ નગરપાલિકાની ભૂગર્ભ ગટર યોજના માટે ટેન્ડર પ્રક્રિયામાં છે. |

(૩)ઉક્ત સ્થિતિએ નગરપાલિકા દીઠ કેટલો ખર્ચ મંજૂર થયેલ છે?

(૩) નગરપાલિકા દીઠ મંજૂર થયેલ ખર્ચ
પાદરા ` ૧૩ કરોડ
ડભોઈ ` ૧૫ કરોડ

---------

## નવસારી જિલ્લામાં નગરપાલિકાઓમાં ભૂગર્ભ ગટર યોજના

૨૪૪૮૩ **શ્રી આર. સી. પટેલ( જલાલપોર): માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નવસારી જિલ્લામાં તા. ૩૧-૧૨-૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કઈ કઈ નગરપાલિકાઓમાં ભૂગર્ભ ગટર યોજના મંજૂર કરવામાં આવેલ છે, | (૧) નવસારી જિલ્લામાં નવસારી નગરપાલિકાની ભૂગર્ભ ગટર યોજના મંજૂર કરવામાં આવેલ છે. |
| (૨) મંજૂર થયેલ ભૂગર્ભ ગટર યોજનાની કામગીરી ઉક્ત સ્થિતિએ કયા તબક્કે છે, અને | (૨) ભૂગર્ભ ગટર યોજનાની પ્રથમ તબક્કાની કામગીરી માટેનું ટેન્ડર મંજુર થયેલ છે. |
| (૩) ઉક્ત સ્થિતિએ નગરપાલિકા દીઠ કેટલો ખર્ચ મંજૂર થયેલ છે ? | (૩) નવસારી નગરપાલિકાની ભૂગર્ભ ગટર યોજના માટે ` ૬૬.૪૯ કરોડ ના કામ અંદાજ ની રકમ મંજૂર થયેલ છે. |

---------

## પંચમહાલ જિલ્લાની નગરપાલિકાઓને વાજપાઇ નગર વિકાસ યોજનામાં ચૂકવેલ રકમ

૨૪૪૭૫ **શ્રી અરવિંદસિંહ દા. રાઠોડ( કાલોલ): માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વર્ષ ૨૦૧૧-૧૨માં તા.૩૧-૧૨-૧૧ની સ્થિતિએ વાજપાઇ નગર વિકાસ યોજનાના બીજા તબક્કા અંતર્ગત પંચમહાલ જિલ્લાની નગરપાલિકાઓને કેટલી રકમ ચૂકવેલ છે, અને

**જવાબ**

(૧) પંચમહાલ જિલ્લાની નગરપાલિકાઓને વાજપાઇ નગર વિકાસ યોજનાના બીજા તબક્કામાં ચુકવેલ રકમ ` કરોડમાં.

| નગરપાલિકા | રકમ |
|---|---|
| ગોધરા | ૨.૨૦ |
| લુણાવાડા | ૧.૬૫ |
| હાલોલ | ૧.૬૫ |
| કાલોલ | ૧.૬૫ |
| સંતરામપુર | ૧.૬૫ |
| શહેરા | ૧.૫ |
| કુલ ` | ૧૦.૩૦ |

આ રકમ વર્ષ-૨૦૦૯ સુધીમાં ચૂકવેલ હોવાથી વર્ષ ૨૦૧૧-૧૨ માં રકમ ચૂકવવાનો પ્રશ્ન ઉપસ્થિત થયેલ નથી.

(૨)તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ થયો ?

(૨) વર્ષ ૨૦૧૧-૧૨ માં રકમ ચૂકવેલ ન હોવાથી ખર્ચનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

## પાટણ જિલ્લાના ગામોને નર્મદાનું પીવાનું પાણી પુરૂ પાડવાની યોજના

૨૪૪૯૪ **શ્રી ભાવસિંહભાઇ ડા. રાઠોડ(સમી): માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) વર્ષ ૧૧–૧૨ના વર્ષ દરમ્યાન પાટણ જિલ્લાના કયા કયા તાલુકાના કેટલા ગામોને નર્મદાનું પીવાનું પાણી પુરૂ પાડવાની યોજના અમલમાં મૂકવામાં આવી છે, અને | (૧) પાટણ જિલ્લાના રાધનપુર તાલુકાના–૫૬ ગામ સાંતલપુર તાલુકાના–૭૩ ગામની યોજના અમલમાં મૂકેલ છે. |
| (૨) તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ આ યોજનાની કામગીરી કયા તબક્કે છે ? | (૨) યોજનામાં સમાવિષ્ટ પાટણ જિલ્લાના ૧૨૯ ગામોની કામગીરી પૂર્ણ કરી પાણી પુરવઠો ચાલુ કરેલ છે. |

---------

## રાજકોટ જિલ્લામાં મુખ્ય અધિકારીની બદલી કરવા માટે નગરપાલિકાએ કરેલ ઠરાવ

૨૫૩૨૬ **શ્રી પ્રભુભાઇ ના. વસાવા( સોનગઢ): માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) નગરપાલિકા અધિનિયમની જોગવાઈઓ મુજબ બે તૃત્યાંશ સભ્યો નગરપાલિકાના મુખ્ય અધિકારીની બદલી કરવા ઠરાવ કરે તો ૩૦ દિવસમાં બદલી કરવી પડે છે હકીકત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ જોગવાઈ છતાં રાજકોટ જિલ્લામાં તા. ૧–૧–૨૦૧૨ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં આવા ઠરાવ છતાં બદલી ન થઈ હોય તેવા કિસ્સા કેટલાં ? | (૨) એક. |

---------

## વનબંધુ કલ્યાણ યોજનામાં સુરત જિલ્લામાં સીકલસેલ એનિમીયા રોગની તપાસ

૨૩૯૬૬ **શ્રી નાનુભાઇ ભ. વાનાણી( સુરત શહેર ઉત્તર): માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ વનબંધુ કલ્યાણ યોજના અંતર્ગત સુરત જિલ્લામાં સીકલસેલ એનિમીયા રોગની તપાસ માટે કોઈ કાર્યક્રમ અમલમાં છે કે કેમ, | (૧) હા, વનબંધુ કલ્યાણ યોજના અંતર્ગત સુરત જિલ્લામાં સીકલસેલ એનીમીયા રોગની તપાસ માટે સીકલસેલ એનીમીયા નિયંત્રણ કાર્યક્રમ અમલમાં છે. |
| (૨) જો હા, તો તેમાં કયા કયા પ્રકારની તપાસ કરવામાં આવે છે, | (૨) આદિજાતિ વસ્તીમાં સીકલસેલ એનીમીયા રોગની તપાસ માટે DTT ટેસ્ટ કરવામાં આવે છે.<br>– DTT ટેસ્ટ પોઝીટીવ આવેલ દર્દીઓના આખરી નિદાન માટે HPLC ટેસ્ટ દ્વારા સીકલસેલ |

ડીસીઝ કે સીકલસેલ ટ્રેઈટની વિગતો જાણી શકાય .

(૩) તા. ૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા દર્દીઓની ચકાસણી કરવામાં આવેલ છે, અને ?

(૩)

| અ.નં. | વર્ષ | કુલ દર્દી |
|---|---|---|
| ૧ | ૨૦૧૦ | ૪૬૨ |
| ૨ | ૨૦૧૧ | ૫૫૨ |

(૪)તેની પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

(૪) સીકલસેલ એનીમીયા નિયંત્રણ કાર્યક્રમ અતર્ગત છેલ્લા બે વર્ષમાં કરવામાં આવેલ ખર્ચની વિગતો નીચે મુજબ છે.

| અ.નં. | વર્ષ | કુલ ખર્ચ |
|---|---|---|
| ૧ | ૨૦૧૦ | ` ૧૭,૦૬,૯૦૦.૦૦ |
| ૨ | ૨૦૧૧ | ` ૧૨,૫૧,૫૬૩.૦૦ |

---------

**માળીયા શાખામાંથી ખીરાઈ પમ્પીંગ સ્ટેશન દ્વારા આપવામાં આવતા પીવાનાં પાણીનું પ્રમાણ**

૨૫૪૭૮ **શ્રી બાબુભાઈ મે. શાહ(રાપર): માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ નર્મદા પેયજલ અન્વયે માળીયા શાખામાંથી મેળવાયેલ પાણી ખીરાઈ પમ્પીંગ સ્ટેશનથી પાઈપ લાઈન દ્વારા કચ્છ જિલ્લામાં આવે છે તેનું પ્રમાણ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર માસીક કેટલું રહ્યું છે. અને

(૨) કચ્છ જિલ્લામાં ગ્રામ્ય વિસ્તાર શહેરી વિસ્તાર તેમજ ઉધોગ અને શૈક્ષણિક/ધાર્મિક સંસ્થાઓમાં ઉપયોગ માટે અપાયેલ પેયજલનું પ્રમાણ આ વર્ષોમાં માસીક કેટ કેટલું રાખવામાં આવ્યું હતું ?

**જવાબ**

(૧) નર્મદા પેયજલ અન્વયે માળીયા શાખામાંથી છેલ્લા ત્રણ વર્ષમાં કચ્છ જિલ્લામાં મેળવાયેલ સરેરાશ માસીક પાણીનો જથ્થો નીચે મુજબ છે.

| વર્ષ | સરેરાશ માસીક પાણીનો જથ્થો કરોડ લીટર |
|---|---|
| ૨૦૦૯ | ૪૧૩.૯૦ |
| ૨૦૧૦ | ૩૯૯.૮૫ |
| ૨૦૧૧ | ૩૫૨.૯૯ |

(૨) વર્ષવાર પેયજલનું પ્રમાણ સરેરાશ માસીક નીચે મુજબ છે. **(જથ્થો કરોડ લીટરમાં)**

| વર્ષ | ગ્રામ્ય | શહેરી | ઉધોગ | શૈક્ષણિક/ધાર્મિક સંસ્થાઓ |
|---|---|---|---|---|
| ૨૦૦૯ | ૧૯૯.૪૭ | ૩૭.૭૧ | ૧૪૮.૧૮ | ૧.૬૮ |
| ૨૦૧૦ | ૧૭૫.૩૨ | ૪૪.૬૮ | ૧૪૯.૯૧ | ૪.૫૨ |
| ૨૦૧૧ | ૧૫૮.૧૦ | ૪૬.૪૯ | ૧૨૧.૫૨ | ૪.૩૪ |

---------

**પેરાપ્લેજીક દર્દીઓ માટેની પેન્શન યોજનાની રકમમાં વધારો કરવા અંગે**

૨૪૨૦૪ **શ્રી જયંતિલાલ પ. ભાનુશાળી(અબડાસા): માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) પેરાપ્લેજીક દર્દીઓ માટેની પેન્શન યોજનાની રકમ વર્ષ ૨૦૦૧ની સ્થિતિના આધારે રૂા. ૨૦૦૦/- નક્કી થયેલી છે, તે વધારવા અંગે સરકાર સમક્ષ તા. ૩૧-૦૧-૨૦૧૨ની સ્થિતિએ કોઈ માંગણી આવી છે, અને

(૨) જો હા, તો આ અંગે શી કાર્યવાહી

**જવાબ**

(૧) હા,જી.

(૨) કચ્છ ભૂકંપ ઈજાગ્રસ્ત પેરાપ્લેજીક

| | |
|---|---|
| કરવામાં આવી છે? | દર્દીઓના તા. ૩-૧૨-૨૦૧૧ ના આવેદનપત્ર સંદર્ભે પેન્શનમાં વધારો કરવા માટે મુખ્ય જિલ્લા તબીબી અધિકારી સહ સીવીલ સર્જન, ભુજ અને જિલ્લા વિકાસ અધિકારી, કચ્છ-ભૂજ દ્વારા તા. ૧૧-૧-૨૦૧૨ ના રોજ દરખાસ્ત કરાયેલ છે. |

---------

## વનબંધુ કલ્યાણ યોજનામાં પંચમહાલ જિલ્લામાં ચિરંજીવી યોજના

૨૩૯૬૧ **શ્રી ફતેસિંહ વ. ચૌહાણ( રાજગઢ): માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૧ ની સ્થિતિએ વનબંધુ કલ્યાણ યોજના અંતર્ગત પંચમહાલ જિલ્લામાં ચિરંજીવી યોજના હેઠળ છેલ્લા બે વર્ષમાં માતાઓને કયા કયા પ્રકારની સુવિધાઓ આપવામાં આવી છે, અને | (૧) વનબંધુ કલ્યાણ યોજના અંતર્ગત પંચમહાલ જિલ્લામાં ચિરંજીવી યોજના હેઠળ છેલ્લા તા. ૩૧-૧૨-૨૦૧૧ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગરીબી રેખા હેઠળની (બી.પી.એલ.કાર્ડ ધરાવતી) કુટુંબની પ્રસુતા બહેનો તથા ગરીબી રેખા હેઠળ ઉપરની (એપી.એલ. કાર્ડ ધરાવતી) પરંતુ આવક વેરો ન ભરતી હોય તેવા અનુસૂચિત જન જાતિ કુટુંબોની પ્રસુતા બહેનોને આ યોજના અંતર્ગત કરારબદ્ધ થયેલ સ્ત્રી રોગ નિષ્ણાંતને ત્યાં પ્રસુતિ સંબંધિત તમામ સેવાઓ વિના મૂલ્યે આપવામાં આવે છે. તેમજ વાહનવ્યવહારના ` ૨૦૦/-પ્રસુતા બહેનને ડોક્ટર દ્વારા રોકડા આપવામાં આવે છે. |
| (૨) તે પાછળ તા. ૩૧-૧૨-૨૦૧૧ સુધીમાં કેટલો ખર્ચ થયેલ છે ? | (૨) વનબંધુ કલ્યાણ યોજના અંતર્ગત ચિરંજીવી યોજનામાં છેલ્લા બે વર્ષમાં તા. ૩૧-૧૨-૧૧ ની સ્થિતિએ વનબંધુ તાલુકા- સંતરામપુર, કડાણા અને ઘોઘંબામાં કુલ ` ૬૧,૫૯,૫૦૦/-નો ખર્ચ થયેલ છે. |

---------

## ઉના તાલુકાના અહંમદપુર માંડવી બીચ પર પ્રવાસન પાછળ થયેલ ખર્ચ

૨૪૨૧૬ **શ્રી ભગવાનભાઇ ધા. બારડ(તાલાળા): માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ જૂનાગઢ જિલ્લાના ઉના તાલુકાના એહમદપુર માંડવી બીચ પર પ્રવાસન અંતર્ગત છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને | (૧) કોઈ ખર્ચ કરવામાં આવેલ નથી. |
| (૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ છેલ્લા ત્રણ | (૨) છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર નીચે મુજબ |

| | |
|---|---|
| વર્ષમાં વર્ષવાર કેટલા પ્રવાસીઓએ તેનો લાભ લીધો ? | પ્રવાસીઓએ તેનો લાભ લીધો.<br>વર્ષ ૨૦૦૯ ૨૮૫૦<br>વર્ષ ૨૦૧૦ ૩૯૦૪<br>વર્ષ ૨૦૧૧ ૪૩૮૩ |

## સુરત સિવિલ હોસ્પિટલમાં સિકલસેલ એનિમિયાના દર્દીઓ

૨૪૨૨૭ **શ્રી ઈશ્વરભાઈ ન. વહીઆ( મહુવા): માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિેએ છેલ્લા બે વર્ષમાં સુરત સિવિલ હોસ્પિટલમાં આદિવાસીઓમાં વિશેષ જોવા મળતા સિકલસેલ એનિમીયા રોગના વર્ષવાર કેટલા દર્દીઓને દાખલ કરી સારવાર આપવામાં આવી, | (૧) નવી સિવિલ હોસ્પિટલ સુરત ખાતે જાન્યુઆરી–૨૦૧૦થી ડીસેમ્બર–૨૦૧૦ના વર્ષ દરમિયાન સીકલસેલ/ એનિમિયાના ૮૬ દર્દીઓ અને વર્ષ જાન્યુઆરી–૨૦૧૧ થી ડીસેમ્બર–૨૦૧૧ના વર્ષ દરમ્યાન સીકલસેલ ઓનિમીયાના કુલ–૯૧ દર્દીઓ દાખલ કરી સારવાર આપવામાં આવેલ છે. |
| (૨) તે અન્વયે કેટલા દર્દીઓના મૃત્યુ થયા, અને | (૨) નવી સિવિલ હોસ્પિટલ સુરત ખાતે સીકલસેલ એનિમીયાના જાન્યુઆરી, ૨૦૧૦ થી ડીસેમ્બર, ૨૦૧૦ દરમ્યાન કુલ ૮ દર્દીઓના અને વર્ષ જાન્યુઆરી ૨૦૧૧ થી ડીસેમ્બર ૨૦૧૧ દરમ્યાન કુલ–૧૨ દર્દીઓના મરણ થયેલ છે. |
| (૩) આ અંગે સરકારે દર્દીઓને સારવાર સારી મળે તે માટે કયા કયા પ્રયાસો હાથ ધર્યા ? | (૩) આ અંગે સરકાર દ્ધારા આપવામાં આવતી સારવાર નીચે મુજબ છે.<br>૧. દાખલ થયેલ દર્દીઓને જરૂરી લોહીની તપાસ કરાવી જરૂર મુજબ લોહી (પી.સી.વી.) આપેલ છે.<br>૨. જરૂરીયાત પ્રમાણે સીકલસેલના દર્દીઓને હાઈડ્રોક્સી યુરીયા ટેબ્લેટ આપવામાં આવેલ છે.<br>૩. સીકલસેલ એનિમિયાના દર્દીઓને તેમની ઉંમરને અનુરૂપ રસીકરણ કરાવેલ છે. તથા વધારાની રસીઓ જેવી કે ન્યુમોકોકલ એચ (Pneumococal-H) ઈન્ફ્લુએન્ઝા–બી, હિપેટાઈટીસ–બી જેવી રોગપ્રતિકારક રસી આપેલ છે.<br>૪. આવા દર્દીઓને સમયાંતરે જરૂર મુજબ ફોલોઅપ માટે બોલાવી તેમની રેગ્યુલર તપાસ અને જરૂરી દવાઓ કરવામાં આવેલ છે. |

---------

## પાટણ જિલ્લામાં લોક વ્યવસ્થાપિત પાણી સમિતિ કાર્યક્રમ હેઠળ મંજૂર થયેલ પાણી પુરવઠા યોજનાઓ

૨૪૪૯૨ **શ્રી શંકરભાઇ લ. ચૌધરી(રાધનપુર): માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧)પાટણ જિલ્લામાં લોક વ્યવસ્થાપિત પાણી સમિતિ કાર્યક્રમ તા. ૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કુલ કેટલી પાણી પુરવઠા યોજનાઓ મંજૂર કરવામાં આવી, અને

(૨)તે અન્વયે પાણી સમિતિઓને કેટલું ફંડ ફાળવવામાં આવે છે?

**જવાબ**

(૧) ૨૦ યોજનાઓ મંજૂર કરવામાં આવી.

(૨) મંજૂર થયેલ યોજનાની અંદાજીત કિંમતના ૧૦ ટકા લોકફાળો ભર્યા બાદ તબક્કાવાર બાકી રહેતું ૯૦ ટકા ફંડ ફાળવવામાં આવે છે.

---------

## જવાહરલાલ નહેરૂ નેશનલ અર્બન રિન્યુઅલ મીશન યોજના હેઠળ શહેરોના ઘન કચરાના નિકાલ વ્યવસ્થા અંગે

૨૪૪૭૨ **શ્રી રાકેશકુમાર જ. શાહ(એલિસબ્રિજ): માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

સન ૨૦૧૧માં જવાહરલાલ નહેરૂ નેશનલ અર્બન રિન્યુઅલ મીશન યોજના હેઠળ કયા કયા શહેરોમાં ઘન કચરાની નિકાલ વ્યવસ્થા અંગેના ડી.પી.આર. મંજૂર થયેલ છે?

**જવાબ**

સન ૨૦૧૧માં જવાહરલાલ નહેરુ નેશનલ અર્બન રિન્યુઅલ મિશન યોજના હેઠળ ઘન કચરાના નિકાલ વ્યવસ્થા અંગેના કોઈ નવા ડી.પી.આર. મંજૂર થયેલ નથી.

---------

## દાહોદ જિલ્લામાં નવીન હેન્ડપંપ અને બોરવીથ મોટરના મંજૂર કરેલ કામો

**<#M /૨૫૦૬૨ શ્રી બચુભાઇ ના. કિશોરી( લીમડી): માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧)તા. ૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં કેટલા નવીન હેન્ડપંપ અને બોર વીથ મોટરના કામો તાલુકાવાર મંજૂર કરવામાં આવ્યા,

**જવાબ**

(૧) નીચે મુજબ નવીન હેન્ડપંપ અને બોર વીથ મોટરના કામો તાલુકાવાર મંજૂર કરવામાં આવ્યા.

| | | કુલ | |
|---|---|---|---|
| | | નવીન હેન્ડપંપ | બોર વીથ મોટર |
| ૧ | દાહોદ | ૭૪૫ | ૧૧૯ |
| ૨ | ગરબાડા | ૨૭૦ | ૧૦૯ |
| ૩ | ઝાલોદ | ૯૪૪ | ૩૦૩ |
| ૪ | ફતેપુરા | ૫૫૩ | ૨૦૩ |
| ૫ | દે'બારીઆ | ૬૩૧ | ૫૧ |
| ૬ | ધાનપુર | ૫૩૦ | ૭૯ |
| ૭ | લીમખેડા | ૧૨૮૧ | ૧૩૦ |
| | કુલ | ૪૯૫૪ | ૯૯૪ |

(૨)આ મંજૂર થયેલ કામો પૈકી કેટલા

(૨) નીચે મુજબ હેન્ડપંપ તથા બોર મોટરના કામો

હેન્ડપંપ અને બોરવીથ મોટરનાં કામો પૂર્ણ કરવામાં આવ્યા, અને

પૂર્ણ કરવામાં આવ્યા.

| | | હેન્ડપંપ | | | બોર વીથ મોટર | |
|---|---|---|---|---|---|---|
| નં. | તાલુકો | બેસાડેલ | બેસાડવાના બાકી | નિષ્ફળ બોર | બેસાડેલ મોટર | બેસાડવાની બાકી |
| ૧ | દાહોદ | ૬૮૫ | ૧૪ | ૪૬ | ૧૧૯ | ૦ |
| ૨ | ગરબાડા | ૨૨૨ | ૦ | ૪૮ | ૧૦૯ | ૦ |
| ૩ | ઝાલોદ | ૮૬૫ | ૦ | ૭૯ | ૨૯૩ | ૧૦ |
| ૪ | ફતેપુરા | ૩૮૪ | ૧૨૦ | ૪૯ | ૧૯૨ | ૧૧ |
| ૫ | દે.બારીઆ | ૫૭૯ | ૨૨ | ૩૦ | ૨૯ | ૨૨ |
| ૬ | ધાનપુર | ૪૭૭ | ૨૨ | ૩૧ | ૫૯ | ૨૦ |
| ૭ | લીમખેડા | ૧૦૧૩ | ૨૦૦ | ૬૮ | ૯૯ | ૩૧ |
| | કુલ | ૪૨૨૫ | ૩૭૮ | ૩૫૧ | ૯૦૦ | ૯૪ |

(૩)બાકી કામો કેટલા સમયમાં પૂર્ણ કરવામાં આવશે?

(૩) બાકી રહેતા કુલ-૩૭૮ સફળ બોર ઉપર હેન્ડપંપ તથા ૯૪ સફળ બોર ઉપર મોટર બેસાડવાની કામગીરી તા. ૩૧-૦૩-૨૦૧૨ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

---------

**કોડીનાર ખાતે સ્વ. શ્રી રા. ના. વાળા ટ્રસ્ટ હોસ્પિટલમાં ચાલતી ગેરરીતીઓની તપાસ**

૨૪૨૧૩ **શ્રી ધીરસિંહ ક. બારડ(કોડીનાર): માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧)વિભાગીય નાયબ નિયામક, આરોગ્ય અને તબીબી સેવાઓ, ભાવનગરે તા. ૭-૭-૨૦૧૧ના પત્રથી જુનાગઢ જિલ્લાના કોડીનાર ખાતે આવેલ સ્વ. શ્રી રા. ના વાળા ટ્રસ્ટ હોસ્પિટલમાં ચાલતી ગેરરીતિઓનો તપાસ અહેવાલ અધિક નિયામકશ્રી, ગાંધીનગરને મોકલેલ છે તે હકીકત ખરી છે,

(૧) હા, જી.

(૨)જો હા, તો તા. ૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ ફરિયાદ અન્વયે ક્યારે ક્યારે તપાસ હાથ ધરી, અને

(૨) વિભાગીય નાયબ નિયામકશ્રી, ભાવનગરે
તા. ૧-૭-૨૦૧૧ના રોજ જાત તપાસ કરી તા. ૭-૭-૨૦૧૧ ના પત્રથી તપાસ અહેવાલ રજૂ કરેલ છે.

(૩)તેની વિગતો શી છે ?

(૩) તપાસ અહેવાલની વિગતો જોતાં સ્વ. શ્રી રા. ના. વાળા ટ્રસ્ટ હોસ્પિટલ દ્વારા હોસ્પિટલને લગતા તમામ ચાર્જીસ અને દવાઓ સહિતનું કુલ રકમનું બિલ આપવામાં આવતું હતું. તપાસ બાદ તપાસ અધિકારી દ્વારા આપેલ સૂચના મુજબ દવાનું અલગ બિલ આપવામાં આવે છે.

ટ્રસ્ટ સંચાલિત મેડીકલ સ્ટોરને કમિશનરશ્રી, ખોરાક અને ઔષધ નિયમન તંત્ર, જુનાગઢ દ્વારા તા. ૧૩-૧૧-૨૦૦૩ના પત્રથી ડ્રગ્સનું લાયસન્સ આપવામાં આવેલ છે. જે

તા. ૧૨–૧૧–૨૦૧૩ સુધી રીન્યુ કરાવેલ છે.

---------

**સુરત જિલ્લામાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોના મકાનો બાંધવા માટે મંજૂર થયેલ રકમ**

૨૪૫૨૨ **શ્રી કિરીટભાઇ ગં. પટેલ( ઓલપાડ): માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧)સુરત જિલ્લામાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોના મકાનો બાંધવા માટે તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી રકમ મંજૂર કરવામાં આવી છે,

(૨)તે પૈકી કયા કયા સ્થળોએ બાંધકામ હાથ ધરવામાં આવશે અને આ કામગીરી ક્યાં સુધીમાં શરૂ થશે, અને

(૩)ઉક્ત કામગીરી કેટલા સમયમાં પૂર્ણ કરવાનું આયોજન છે ?

**જવાબ**

(૧) સુરત જિલ્લામાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોના મકાનો બાંધવા માટે છેલ્લા એક વર્ષમાં નીચે મુજબ રકમ મંજૂર કરવામાં આવેલ છે.

| અ. નં. | પ્રા. આ. કેન્દ્રનું નામ | મંજૂર રકમ |
|---|---|---|
| ૧ | આમલીડેમ | રૂા. ૫૦.૦૦ લાખ |

(૨) પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર આમલીડેમના નવીન મકાન બાંધકામ માર્ચ–૨૦૧૨ સુધીમાં શરૂ કરવાનું આયોજન છે.

(૩) આ કામગીરી વર્ક ઓર્ડર આપેથી ૧૧ માસ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

---------

**સુરત જિલ્લામાં પ્રવાસન સ્થળોનો વિકાસ**

૨૪૪૬૦ **શ્રીમતિ ભારતીબેન અ. રાઠોડ( કામરેજ): માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧)સુરત જિલ્લામાં સને ૨૦૧૧માં પ્રવાસન વિકાસ કાર્યક્રમ અન્વયે કેટલા સ્થળોનો સમાવેશ કરવામાં આવેલ છે,

(૨)તે અન્વયે પ્રવાસન વિકાસ માટે કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવે છે,

(૩)આ ફાળવેલ ગ્રાન્ટમાંથી કયા સ્થળ પાછળ કેટલો ખર્ચ થયો, અને

(૪)આ કામગીરી ક્યારે પૂર્ણ કરવામાં આવશે ?

**જવાબ**

(૧) સુરત જિલ્લામાં સને ૨૦૧૧માં પ્રવાસન વિકાસ કાર્યક્રમ અન્વયે માંડવી તાલુકામાં આવેલ વરેઠ ગામના રામેશ્વર ખાતે રામાટ્રેલ (રામ પગદંડી) નો સમાવેશ કરવામાં આવેલ છે.

(૨) ` ૨.૦૦ કરોડ.

(૩) આ ગ્રાન્ટમાંથી કોઈ ખર્ચ થયેલ નથી.

(૪) આ કામગીરી આયોજન હેઠળ છે.

---------

**વડોદરા જિલ્લામાં સામુહિક આરોગ્ય કેન્દ્રોના મકાનો બાંધવા માટે મંજૂર થયેલ રકમ**

૨૪૫૨૬ **શ્રી ગુલસીંગભાઇ રં. રાઠવા( છોટાઉદેપુર): માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧)વડોદરા જિલ્લામાં સામુહિક આરોગ્ય કેન્દ્રોના મકાનો બાંધવા સન ૨૦૧૧ માં કેટલી

**જવાબ**

(૧) વડોદરા જિલ્લામાં સામુહિક આરોગ્ય કેન્દ્રોના મકાનો બાંધવા માટે સને ૨૦૧૧માં `

રકમ મંજૂર કરવામાં આવી છે,

(૨)આ પૈકી કયા કયા સ્થળોએ બાંધકામ હાથ ધરવામાં આવશે અને આ કામગીરી ક્યારે શરૂ થશે, અને

(૩)કેટલા સમયમાં પૂર્ણ કરવાનું આયોજન છે ?

૨૬૦.૦૦ લાખની રકમ મંજૂર થયેલ છે.

(૨) મોજે ડેસર, તા. સાવલી ખાતે બાંધકામ હાથ ધરવામાં આવશે, સદરહુ કામની વહીવટી મંજૂરી તેમજ તાંત્રિક મંજૂરી આપવામાં આવેલ છે.

(૩) વર્ક ઓર્ડર આપ્યા બાદ ૧૧ મહિનામાં પૂર્ણ કરવાનું આયોજન છે.

---------

## દાહોદ જિલ્લામાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ

૨૪૩૧૪ **શ્રી ચંદ્રિકાબેન છ. બારીયા( લીમખેડા): માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧)તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ દાહોદ શહેર અને જિલ્લામાં તાલુકાવાર આવેલ સરકારી દવાખાના અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ કેટલું છે,

**જવાબ**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ દાહોદ શહેર અને જિલ્લામાં તાલુકાવાર આવેલ સરકારી દવાખાના અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમની વિગત નીચે મુજબની છે.

(અ) દાહોદ શહેર અને જિલ્લામાં તાલુકાવાર આવેલ સરકારી દવાખાનામાં સંવર્ગ મંજૂર થયેલ મહેકની વિગત નીચે મુજબની છે.

| હોસ્પિટલનું નામ | વર્ગ–૧ | વર્ગ–૨ | વર્ગ–૩ | વર્ગ–૪ |
|---|---|---|---|---|
| જનરલ હોસ્પિટલ, દાહોદ | ૨૬ | ૧૫ | ૪૫ | ૨૦ |
| જનરલ હોસ્પિટલ, દેવગઢબારિયા | ૧૧ | ૦૮ | ૩૯ | ૩૪ |

(બ) તા. ૩૧–૧૨–૨૦૧૧ ની સ્થિતિએ દાહોદ જીલ્લામાં આવેલ તાલુકાવાર સા. આ. કેન્દ્રોમાં સંવર્ગવાર મંજુર થયેલ મહેકમની વિગત નીચે મુજબ છે.

| તાલુકાનું નામ | વર્ગ–૧ | વર્ગ–૨ | વર્ગ–૩ | વર્ગ–૪ |
|---|---|---|---|---|
| દાહોદ | ૧ | ૨ | ૧૨ | ૧૦ |
| ગરબાડા | ૧ | ૨ | ૧૨ | ૧૦ |
| ઝાલોદ | ૩ | ૮ | ૪૨ | ૩૦ |
| ફતેપુરા | ૨ | ૫ | ૨૫ | ૨૦ |
| લીમખેડા | ૨ | ૫ | ૨૭ | ૨૦ |
| ધાનપુર | ૧ | ૨ | ૧૨ | ૧૦ |
| દેવગઢબારીયા | ૧ | ૩ | ૧૨ | ૧૦ |

(ક) દાહોદ શહેરમાં **પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર** આવેલ નથી. દાહોદ જિલ્લામાં તાલુકાવાર પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમની વિગત નીચે મુજબની છે.

| તાલુકાનું નામ | વર્ગ–૨ | વર્ગ–૩ | વર્ગ–૪ |
|---|---|---|---|
| દાહોદ | ૧૧ | ૩૩ | ૪૪ |
| ગરબાડા | ૦૭ | ૨૧ | ૨૮ |
| ઝાલોદ | ૧૪ | ૪૨ | ૫૬ |
| ફતેપુરા | ૦૮ | ૨૪ | ૩૨ |
| લીમખેડા | ૧૦ | ૩૦ | ૪૦ |
| ધાનપુર | ૦૬ | ૧૮ | ૨૪ |
| દેવગઢબારીયા | ૦૯ | ૨૭ | ૩૬ |

(૨)તે અન્વયે સંવર્ગવાર કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, અને

(૨) સંવર્ગવાર ખાલી જગ્યાઓની વિગત નીચે મુજબ છે.

**(અ) સરકારી દવાખાના**

| હોસ્પિટલનું નામ | વર્ગ–૧ | વર્ગ–૨ | વર્ગ–૩ | વર્ગ–૪ |
|---|---|---|---|---|
| જનરલ હોસ્પિટલ દાહોદ | ૧૭ | ૦૨ | ૧૨ | ૦૩ |
| જનરલ હોસ્પિટલ, દેવગઢબારિયા | ૦૬ | ૦૨ | ૧૧ | ૦૯ |

ખાલી જગ્યાની તારીખ સહીતની વિગત દર્શાવતું **પત્રક અ** સામેલ છે.

**(બ ) સામુહિક આરોગ્ય કેન્દ્રો**

| તાલુકાનું નામ | વર્ગ–૧ | વર્ગ–૨ | વર્ગ–૩ | વર્ગ–૪ |
|---|---|---|---|---|
| દાહોદ | ૧ | ૦ | ૮ | ૨ |
| ગરબાડા | ૧ | ૦ | ૨ | ૫ |
| ઝાલોદ | ૩ | ૦ | ૧૪ | ૧૪ |
| ફતેપુરા | ૨ | ૧ | ૨ | ૩ |
| લીમખેડા | ૨ | ૨ | ૮ | ૪ |
| ધાનપુર | ૧ | ૧ | ૩ | ૨ |
| દેવગઢબારીયા | ૧ | ૧ | ૫ | ૫ |

ખાલી જગ્યાની તારીખ સહીતની વિગત દર્શાવતું **પત્રક–બ** સામેલ છે.

**(ક ) પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો**

| તાલુકાનું નામ | વર્ગ–૨ | વર્ગ–૩ | વર્ગ–૪ |
|---|---|---|---|
| દાહોદ | ૦૪ | ૦૬ | ૦૩ |
| ગરબાડા | ૦૩ | ૦૩ | ૦૦ |
| ઝાલોદ | ૦૩ | ૧૦ | ૦૦ |
| ફતેપુરા | ૦૧ | ૦૮ | ૦૦ |
| લીમખેડા | ૦૨ | ૦૮ | ૦૦ |
| ધાનપુર | ૦૨ | ૦૬ | ૦૦ |
| દેવગઢબારીયા | ૦૩ | ૦૩ | ૦૦ |

ખાલી જગ્યાની તારીખ સહીતની વિગત દર્શાવતું **પત્રક –ક** સામેલ છે.

(૩)આવી ખાલી જગ્યાઓ કેટલા સમયમાં ભરવામાં આવશે ?

(૩) તજજ્ઞ સેવાઓ માટે તેમજ તબીબી અધિકારી–વર્ગ–૨ ની જગ્યાઓ ભરવા માટે દર મંગળવારે વોક ઈન ઈન્ટરવ્યુનું આયોજન કરવામાં આવે છે. જેમાં યોગ્ય લાયકાત ધરાવતા ઉમેદવારો ઉપલબ્ધ થયેથી નિમણૂક આપવામાં આવે છે. તેમજ GPSC દ્વારા ઉમેદવારો ઉપલબ્ધ થયેથી જગ્યાઓ ભરવામાં આવે છે.

સરકારી દવાખાનામાં તેમજ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં વર્ગ–૩ માં પેરામેડીકલ સ્ટાફની જગ્યાઓનું માંગણાપત્રક મોકલી ઉમેદવારો ઉપલબ્ધ થયેથી ભરવામાં આવે છે.

નર્સીંગ સેવાઓમાં ફીડર કેડરમાં કોર્ટકેસ ચાલુ હોય તેનો નિકાલ થયેથી જગ્યાઓ ભરવામાં આવશે. તે સિવાય હેડનર્સ, મેટ્રન વગેરેની જગ્યાઓ બદલી/બઢતીથી ભરવામાં આવે છે. વર્ગ–૪ની ખાલી જગ્યાઓની કામગીરી આઉટ સોર્સથી લેવામાં આવે છે.

તા.૧લી માર્ચ, ૨૦૧૨
અતારાંકિત પ્રશ્નો

***(પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવ્યા છે.)**

## ભિલોડા, વિજયનગર અને મેઘરજ તાલુકાના મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીની સામુહિક આરોગ્ય કેન્દ્રોની મુલાકાત

૨૫૦૮૯ **ડાં. અનિલભાઇ જોષીયારા( ભિલોડા): માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧)તા. ૩૧–૧–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સાબરકાંઠા જિલ્લાના ભિલોડા, વિજયનગર અને મેઘરજ તાલુકાના સામુહિક આરોગ્ય કેન્દ્રોની મુલાકાત જિલ્લાના મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી દ્વારા ક્યારે ક્યારે લેવામાં આવી,

(૨)એમાં દરેક હોસ્પિટલવાર દર્દીઓના અને વહીવટના કેવા કેવા પ્રશ્નો ઉદભવેલ હતા, અને

(૩)એમાં કયા કયા પ્રશ્નોનું કયા કયા પ્રકારે નિવારણ આવ્યું?

**જવાબ**

(૧) મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી જિલ્લા પંચાયત સાબરકાંઠાએ તા. ૩૧–૧–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સાબરકાંઠા જિલ્લાના ભિલોડા, વિજયનગર અને મેઘરજ તાલુકાના સામુહિક આરોગ્ય કેન્દ્રોની લીધેલ મુલાકાતની વિગત દર્શાવતું **પત્રક–૧** સામેલ છે.

(૨) અને (૩) ઉપર પત્રકમાં દર્શાવેલ મુલાકાત દરમ્યાન હોસ્પિટલવાર ઉદભવેલ પ્રશ્નો અને થયેલ નિરાકરણની વિગતો દર્શાવતું **પત્રક–૨** સામેલ છે.

**પત્રક–૧**

| ક્રમ | તાલુકો | મુલાકાત લીધેલ આરોગ્ય સેન્ટરનું નામ | ક્યારે ક્યારે મુલાકાત લીધેલ | કેટલી વાર મુલાકાત લીધી |
|---|---|---|---|---|
| ૧ | ભિલોડા | ભિલોડા (કોટેજ હોસ્પિટલ) | તા. ૩–૧૧–૨૦૧૧ | ૧ |
| | | શામળાજી (ખાનગી ટ્રસ્ટ) | તા. ૨૩–૩–૨૦૧૧, ૧–૧૧–૧૧ | ૨ |
| ૨ | મેઘરજ | મેઘરજ | તા. ૨૨–૬–૧૦, ૨૮–૮–૧૦, ૫–૧૦–૧૦, ૨૩–૬–૧૧, ૪–૧૧–૧૧, ૨૨–૧૧–૧૧ | ૬ |
| ૩ | વિજયનગર | વિજયનગર | તા. ૧૭–૭–૧૦, ૪–૧૦–૧૦, ૧૯–૧૦–૧૦, ૧૧–૮–૧૧, ૧૦–૧૧–૧૧ | ૫ |

**પત્રક–૨**

| ક્રમ | તાલુકો | સા. આ. કેન્દ્રોનું નામ | પ્રશ્નો | નિવારણ |
|---|---|---|---|---|
| ૧ | ભિલોડા | ભિલોડા (કોટેજ હોસ્પિટલ) | – | – |
| | | શામળાજી (ખાનગી ટ્રસ્ટ) | –– | –– |
| ૨ | મેઘરજ | મેઘરજ | તબીબી અધિકારીશ્રીની ખાલી જગ્યા ભરવા બાબત | અન્ય જગ્યાએથી તબીબી અધિકારીને પ્રતિનિયુકિત આપી સેવાઓ લેવામાં આવે છે. |
| ૩ | વિજયનગર | વિજયનગર | તબીબી અધિકારીશ્રીની ખાલી જગ્યા ભરવા બાબત | અન્ય જગ્યાએથી તબીબી અધિકારીને પ્રતિનિયુકિત આપી સેવાઓ લેવામાં આવે છે. |

---------

## ભાવનગર શહેરની શેત્રુંજી જળાશય આધારીત પાણી પુરવઠા યોજનાની મંજૂરી

૨૪૫૦૩ **શ્રી મહેન્દ્રસિંહ પ. સરવૈયા(પાલીતાણા): માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧)સન ૨૦૧૧માં શેત્રુંજી જળાશય આધારિત

**જવાબ**

(૧) હા, જી.

ભાવનગર શહેરની કોઈ પાણી પુરવઠા યોજના મંજૂર થયેલ છે કે કેમ,

(૨)જો હા, તો આ યોજનાની કામગીરી ઉક્ત સ્થિતિએ કયા તબક્કે છે, અને

(૨) આ યોજનાના ટેન્ડરની ટેકનીકલ બીડ ખોલવામાં આવેલ છે. જે ચકાસણી હેઠળ છે.

(૩)તે ક્યારે પૂર્ણ કરવામાં આવશે?

(૩) માહે ૩/૨૦૧૩ સુધીમાં.

-------

## મહેસાણા જિલ્લામાં પ્રવાસન વિકાસ માટેના સ્થળો

૨૪૪૫૫ **શ્રી ભરતસિંહજી શં. ડાભી(ખેરાલુ): માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧)મહેસાણા જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતએ છેલ્લા બે વર્ષમાં કયા કયા સ્થળો પ્રવાસન તરીકે વિકાસ કરવા માટે પસંદ કરવામાં આવ્યા,

**જવાબ**

(૧) (અ) જિલ્લા કલેક્ટરશ્રી મહેસાણા દ્વારા નીચે મુજબના સ્થળો પ્રવાસન તરીકે વિકાસ કરવા માટે પસંદ કરવામાં આવેલ છે.

૧. વર્ષ ૨૦૦૯-૧૦માં વડનગર સ્થળને પસંદ કરવામાં આવેલ છે.

૨. વર્ષ ૨૦૧૦-૧૧માં ટુંડાવ ખાતે આવેલ ઓમકારેશ્વર મહાદેવ મંદિરને પસંદ કરવામાં આવેલ છે.

(બ) ગુજરાત પ્રવાસન નિગમ લીમીટેડ દ્વારા નીચે મુજબના સ્થળો વિકાસ માટે પસંદ કરવામાં આવેલ છે.

૧. વર્ષ ૨૦૦૯-૧૦માં ખાસ અંગભુત યોજના અંતર્ગત ગાંભુ ગામે આવેલ સંતશ્રી કાનપીરની જગ્યાને પસંદ કરવામાં આવેલ છે.

૨. વર્ષ ૨૦૧૦-૧૧માં બહુચરાજી સ્થળના વિકાસ માટે પસંદ કરવામાં આવેલ છે.

(૨)પસંદ કરેલા સ્થળોને વિકાસ કરવા માટે કઇ કઇ સુવિધા પૂરી પાડવાની સરકારની યોજના છે, અને

(૨)(અ) જિલ્લા કલેક્ટરશ્રી મહેસાણાં દ્વારા નીચે મુજબની સુવિધા પુરી પાડવામાં આવેલ છે.

૧. વડનગર ખાતે આવેલ સર્કલ, તાનારીરી ગાર્ડન, ગટરલાઇન તેમજ વનીકરણનું આયોજન કરવામાં આવેલ છે.

૨. મોજે - ટુંડાવ તાલુકો - ઉંઝા ખાતે આવેલ ઓમકારેશ્વર મહાદેવ મંદિરને જોડતા સી.સી. રોડની સુવિધા પુરી પાડવાની યોજના છે.

(બ) ગુજરાત પ્રવાસન નિગમ લીમીટેડ દ્વારા નીચે મુજબની સુવિધા પૂરી પાડવાની યોજના છે.

૧. ખાસ અંગભૂત યોજના અંતર્ગત ગાંભુ ગામે આવેલ સંતશ્રી કાનપીરની જગ્યા ખાતે પીવાના પાણીનો રૂમ, બોરવેલ, ટોયલેટ, યાત્રાળુઓ માટે

શેડ, કંપાઉન્ડ વોલ, ઈલેક્ટ્રીફીકેશન અને પેવર બ્લોકના પેવીંગની કામગીરી.
૨. બહુચરાજી મંદિર અને પરિસરના વિકાસ અંગે એરાઈવલ પ્લાઝા, પરિક્રમા પથ, દીવાલનું રીસ્ટોરેશન, ફૂડ કોર્ટ, પ્રસાદ માટેની દુકાનો, ટોયલેટ બ્લોક, ઈન્ટરનલ પાથવે, કંપાઉન્ડ વોલ, એન્ટ્રી ગેઈટ, પાર્કીંગ, લાઈટીંગ વર્ક, ગાર્ડનીગ વર્ક, અને સેન્ટ્રલ પેવેલીયનની સુવિધાની કામગીરી.

(૩)ઉક્ત સ્થિતિએ વર્ષવાર પ્રત્યેક સ્થળના વિકાસ માટે કેટલા નાણાં ફાળવવામાં આવ્યા ?

(૩)(અ) જિલ્લા કલેક્ટરશ્રી મહેસાણાં દ્વારા વર્ષ ૨૦૦૯-૧૦માં વડનગર માટે રૂપિયા ૧૦૦.૦૦ લાખ તથા વર્ષ ૨૦૧૦-૧૧માં મોજે ટુંડાવ માટે રૂપિયા ૨૦.૦૦ લાખ ફાળવવામાં આવેલ છે.
(બ) ગુજરાત પ્રવાસન નિગમ લીમીટેડ દ્વારા નીચે મુજબ નાણાં ફાળવવામાં આવેલ છે.
(૧) વર્ષ ૨૦૦૯-૧૦ ખાસ અંગભૂત યોજના અંતર્ગત ગાંભુ ગામે આવેલ સંતશ્રી કાનપીરની જગ્યા માટે રૂપિયા ૫૦.૧૭ લાખ ફાળવવામાં આવેલ છે.
(૨) વર્ષ ૨૦૧૦-૧૧માં બહુચરાજીના વિકાસ માટે રૂપિયા ૧૫૩૬.૦૦ લાખની કામગીરી અંદાજવામાં આવેલ છે અને રૂપિયા ૩૨૪.૦૦ લાખનો ખર્ચ થયેલ છે.

---------

## દસાડા તાલુકામાં સેકટર રીફોર્મ કાર્યક્રમ હેઠળ મંજુર થયેલ યોજનાઓ

૨૪૫૦૨ **શ્રી શંભુપ્રસાદ બ. ટુંડિયા(દસાડા): માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧)સુરેન્દ્રનગર જિલ્લાના દસાડા તાલુકામાં સેકટર રીફોર્મ કાર્યક્રમ હેઠળ તા. ૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ કેટલી યોજનાઓ મંજૂર કરવામાં આવી, અને | (૧) ૬ યોજનાઓ મંજૂર કરવામાં આવી. |
| (૨)તે અન્વયે પાણી સમિતિઓને કેટલું ફંડ ફાળવવામાં આવે છે? | (૨) ` ૫.૫૯ લાખ ફાળવવામાં આવેલ છે. |

## સાબરકાંઠા જિલ્લામાં આદિવાસી વિસ્તારમાં ભુગર્ભજળના રીચાર્જીંગ કામોનું આયોજન

૨૪૪૯૬ **શ્રી દિલીપસિંહજી વ. પરમાર( મોડાસા): માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧)તા. ૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સાબરકાંઠા જિલ્લાના આદિવાસી | (૧)૬૦૭ નાના ચેકડેમો, ૩ મોટા ચેકડેમ તથા ૨૯ તળાવો ઉંડા કરવાનું આયોજન કરેલ. |

વિસ્તારોમાં ભૂગર્ભજળના સ્તર ઉંચે લાવવા સરકારે કેટલા રીચાર્જીંગ કામોનું આયોજન કરેલ છે, અને

(૨)આ પૈકી ઉક્ત સ્થિતિએ કેટલા કામો પુર્ણ થયેલ છે ?

(૨)૫૩૯ નાના ચેકડેમો, ૨ મોટા ચેકડેમ તથા ૧૫ તળાવો ઉંડા કરવાની કામગીરી પુર્ણ કરવામાં આવેલ છે.

## જામનગર જિલ્લામાં સાની સિંચાઇ યોજના અને રાજકોટ જિલ્લાના આજી–૨ સિંચાઇ યોજનાના દરવાજાની ખામીઓ

૨૫૧૫૫ **શ્રી રાઘવજીભાઇ હં. પટેલ(જોડીયા): માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧)સન ૨૦૧૧ના ખરીફમાં જામનગર જિલ્લાના સાની સિંચાઇ યોજના તથા રાજકોટ જિલ્લાની આજી–૨ સિંચાઇ યોજનાના દરવાજાની ખામીના કારણે જળહોનારત સર્જાય તે ફરીયાદથી સરકાર વાકેફ છે કે કેમ, | (૧)સાની અને આજી–૨ સિંચાઇ યોજનાના દરવાજા ક્ષતિગ્રસ્ત થયેલ, પરંતુ તેનાથી જળહોનારત સર્જાયેલ ન હતી. |
| (૨)સૌરાષ્ટ્રમાં આવેલા ડેમોના દરવાજાનું રીપેરીંગ તથા મેઇન્ટેન્શનું કામ આશરે ૪૦૦ કિ.મી. દૂર આવેલી ઠાસરા અને અમદાવાદના મીકેનીકલ ડીવીઝન દ્વારા થાય છે તે હકીકત પણ સાચી છે, અને | (૨)સૌરાષ્ટ્રમાં આવેલ સિંચાઇ યોજનાના દરવાજાની જાળવણીની કામગીરી જે તે સીવીલ શાખાની સ્થાનિક કચેરી સંભાળે છે જ્યારે દરવાજાની મરામતની જે યોજનામાં જરૂરિયાત જણાય ત્યારે જુનાગઢ, અમરેલી અને પોરબંદર જિલ્લાની સિંચાઇ યોજનાના દરવાજાની મરામતની કામગીરી, રાજકોટ સ્થિત યાંત્રિક વિભાગની કચેરી સંભાળે છે જ્યારે રાજકોટ જામનગર, સુરેન્દ્રનગર અને ભાવનગર જિલ્લાની યોજનાના દરવાજાની મરામતની કામગીરી અમદાવાદ, ઠાસરા સ્થિત કચેરી સંભાળે છે. સમગ્ર રાજ્યમાં સિંચાઇ વિભાગ હેઠળ યાંત્રિક દરવાજા બાબતનું વર્કશોપ એક માત્ર ઠાસરા ખાતે છે. |
| (૩)જો હા, તો આ સમસ્યાના નિવારણ માટે સરકારે શી પાકી વ્યવસ્થા કરી છે ? | (૩)ઉપરોક્ત યોજનાના દરવાજાની મરામતની કામગીરી સંભાળતા તાંત્રિક સ્ટાફનું મુખ્ય મથક, મરામત કામગીરી દરમ્યાન યોજનાથી નજીકના સ્થળે કાર્યરત કરવામાં આવેલ છે. |

---------

તા.૧લી માર્ચ, ૨૦૧૨

અતારાંકિત પ્રશ્નો

## ધંધુકા, બરવાળા અને રાણપુર તાલુકામાં સામૂહિક આરોગ્ય કેન્દ્ર અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં મંજૂર થયેલ મહેકમ

૨૫૯૩૧ **શ્રી રણછોડભાઇ ક. મેર(ધંધુકા): માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧)તા.૩૧–૧૨–૨૦૧૧ ની સ્થિતિએ અમદાવાદ જિલ્લાના ધંધુકા, બરવાળા અને રાણપુર તાલુકામાં સામૂહિક આરોગ્ય કેન્દ્ર અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં મંજૂર થયેલ મહેકમ કેટલું છે,

(૨)ઉક્ત સ્થિતિએ સંવર્ગવાર કેટલા ડોકટરોની ઘટ છે અને કેટલા સમયથી ઉક્ત જગ્યાઓ ખાલી છે, અને

(૩)ઉક્ત ઘટ ક્યારે પુરવામાં આવશે ?

**જવાબ**

(૧)અમદાવાદ જિલ્લાના ધંધુકા, બરવાળા અને રાણપુર તાલુકાના સામૂહિક આરોગ્ય કેન્દ્રોમાં તા. ૩૧–૧૨–૧૧ની સ્થિતિએ મંજૂર થયેલ મહેકમની વિગત પત્રક–અ તથા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની વિગતો પત્રક–બ માં સામેલ છે.

(૨)તા. ૩૧–૧૨–૧૧ની સ્થિતિએ નીચે મુજબ ડોકટરોની ઘટ છે.

| તાલુકો | સા.આ.કેન્દ્ર | ઘટ | | પ્રા.આ.કેન્દ્ર | ઘટ |
|---|---|---|---|---|---|
| | | વર્ગ–૧ | વર્ગ–૨ | | વર્ગ–૨ |
| ધંધુકા | ધંધુકા | ૨ | ૨ | ભાડીયાદ | ૧ |
| રાણપુર | રાણપુર | ૧ | ૧ | ઉમરાળા | ૧ |
| બરવાળા | બરવાળા | ૧ | ૧ | સારંગપુર | ૧ |
| | કુલ | ૪ | ૪ | | ૩ |

ખાલી જગ્યાઓની વિગત દર્શાવતું પત્રક–ક સામેલ છે.

(૩)સા.આ.કેન્દ્રો/પ્રા.આ.કેન્દ્રોની વર્ગ–૧ અને વર્ગ–૨ ની જગ્યાઓ ભરવા કમિશ્નર કચેરી ખાતે દર સપ્તાહે એડહોક વોક ઈન ઈન્ટરવ્યુનું આયોજન કરવામાં આવે છે તે ઈન્ટરવ્યુમાં યોગ્ય શૈક્ષણિક લાયકાત ધરાવતા તબીબો ઉપલબ્ધ થતાં તેઓની પસંદગી કરીને નિમણુંક આપવામાં આવે છે.

**પત્રક–અ**

| સા.આ. કેન્દ્રનું નામ | | | ધંધુકા | બરવાળા | રાણપુર | કુલ |
|---|---|---|---|---|---|---|
| ક્રમ | સંવર્ગનું નામ | | મંજુર | મંજુર | મંજુર | મંજુર |
| ૧ | અધિક્ષક | વર્ગ–૧ | ૧ | ૧ | ૧ | ૩ |
| ૨ | ગાયનેક | –"– | ૧ | ૦ | ૦ | ૧ |
| ૩ | પીડીયાટ્રીશિયન | –"– | ૧ | ૦ | ૦ | ૧ |
| ૪ | ઓર્થોપેડીક સર્જન | –"– | ૧ | ૦ | ૦ | ૧ |
| ૫ | દંતસર્જન | વર્ગ–૨ | ૧ | ૧ | ૦ | ૧ |
| ૬ | તબીબી અધિકારી | –"– | ૩ | ૨ | ૩ | ૮ |
| ૭ | આયુષ | –"– | ૧ | ૧ | ૧ | ૩ |
| ૮ | વહીવટી અધિકારી | –"– | ૧ | ૦ | ૦ | ૧ |
| ૯ | સીની. આસી. | વર્ગ–૩ | ૧ | ૧ | ૦ | ૨ |
| ૧૦ | સીની. કલાર્ક | –"– | ૩ | ૦ | ૧ | ૪ |
| ૧૧ | જુની. કલાર્ક | –"– | ૧ | ૦ | ૦ | ૧ |
| ૧૨ | લેબ. ટેક. | –"– | ૨ | ૧ | ૧ | ૪ |
| ૧૩ | જુનિ. ફાર્માસિસ્ટ | –"– | ૨ | ૧ | ૧ | ૪ |
| ૧૪ | એકસ–રે.ટેક. | –"– | ૧ | ૧ | ૧ | ૩ |
| ૧૫ | હેડનર્સ | –"– | ૧ | ૦ | ૦ | ૧ |
| ૧૬ | સ્ટાફનર્સ | –"– | ૧૧ | ૭ | ૭ | ૨૫ |
| ૧૭ | ઓપ્થોલ્મિક આસીસ્ટંન્ટ | –"– | ૧ | ૧ | ૧ | ૩ |
| ૧૮ | ડ્રાયવર | –"– | ૧ | ૧ | ૧ | ૩ |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૧૯ | પટાવાળા | વર્ગ–૪ | ૦ | ૧ | ૧ | ૨ |
| ૨૦ | વોર્ડસર્વન્ટ/બોય | –''– | ૯ | ૨ | ૨ | ૧૩ |
| ૨૧ | વોર્ડઆયા | –''– | ૦ | ૧ | ૧ | ૨ |
| ૨૨ | સ્વીપર | –''– | ૬ | ૧ | ૧ | ૮ |
| ૨૩ | ડ્રેસર | –''– | ૦ | ૧ | ૧ | ૨ |
| ૨૫ | રસોયા/કુકમેન | –''– | ૧ | ૦ | ૦ | ૧ |
| ૨૬ | પાર્ટટાઇમ સ્વીપર | –''– | ૦ | ૨ | ૨ | ૪ |
| ૨૭ | પાર્ટટાઇમ વોચમેન | –''– | ૦ | ૨ | ૨ | ૪ |
| | | કુલ | ૫૦ | ૨૭ | ૨૮ | ૧૦૫ |

## પત્રક–બ

| તાલુકાનું નામ | | ધંધુકા | | | | | બરવાળા | | | | રાણપુર | | | | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| પ્રા.આ.કેન્દ્રનું નામ | | ધોલેરા | ભડીયાદ | પીપળી | વાગડ | કુલ | ભીમનાથ | નાવડા | સારંગપુર | કુલ | ખસ | ઉમરાળા | જાળીયા | કુલ | |
| ક્રમ | સંવર્ગનું નામ | મંજુર | મંજુર | મંજુર | મંજુર | મંજુર | મંજુર | મંજુર | મંજુર | મંજુર | મંજુર | મંજુર | મંજુર | મંજુર | મંજુર |
| ૧ | તબીબી અધિકારી –''– | ૧ | ૧ | ૧ | ૧ | ૪ | ૧ | ૧ | ૧ | ૩ | ૧ | ૧ | ૧ | ૩ | ૧૦ |
| ૨ | સીની.કલાર્ક –''– | ૧ | ૧ | ૧ | ૧ | ૪ | ૧ | ૧ | ૧ | ૩ | ૧ | ૧ | ૧ | ૩ | ૧૦ |
| ૩ | લેબ.ટેક. –''– | ૧ | ૧ | ૧ | ૧ | ૪ | ૧ | ૧ | ૧ | ૩ | ૧ | ૧ | ૧ | ૩ | ૧૦ |
| ૪ | જુનિ. ફાર્માસિસ્ટ –''– | ૧ | ૧ | ૧ | ૧ | ૪ | ૧ | ૧ | ૧ | ૩ | ૧ | ૧ | ૧ | ૩ | ૧૦ |
| ૫ | ડ્રાઇવર –''– | ૧ | ૧ | ૧ | ૧ | ૪ | ૧ | ૧ | ૧ | ૩ | ૧ | ૧ | ૧ | ૩ | ૧૦ |
| ૬ | વોર્ડસર્વન્ટ –''– | ૧ | ૧ | ૧ | ૧ | ૪ | ૧ | ૧ | ૧ | ૩ | ૧ | ૧ | ૧ | ૩ | ૧૦ |
| ૭ | વોર્ડઆયા –''– | ૧ | ૧ | ૧ | ૧ | ૪ | ૧ | ૧ | ૧ | ૩ | ૧ | ૧ | ૧ | ૩ | ૧૦ |
| | કુલ | ૭ | ૭ | ૭ | ૭ | ૨૮ | ૭ | ૭ | ૭ | ૨૧ | ૭ | ૭ | ૭ | ૨૧ | ૭૦ |

**રીમાર્કસઃ– તા. ૧–૪–૨૦૦૫ થી બ્લોક માળખુ અસ્તીત્વમાં આવતા પ્રા.આ.કેન્દ્ર ખાતે મંજુર થયેલ સીનીયર કલાર્કની જગ્યા બ્લોક કક્ષાએ તબદીલ કરેલ છે. ધંધુકા અને બરવાળા બ્લોકમાં ત્રણ–ત્રણ સીનીયર કલાર્કની જગ્યા મંજુર થયેલ છે. જેમાં બંને બ્લોકમાં બે બે જગ્યાઓ ભરાયેલ છે.**

## પત્રક–ક

| ક્રમ | તાલુકાનું નામ | સા.આ.કેન્દ્રનું/પ્રા.આ.કેન્દ્રનું નામ | વર્ગ–૧ની ખાલી જગ્યા | કઈ કારીખથી | વર્ગ–૨ની ખાલી જગ્યા | કઈ તારીખથી |
|---|---|---|---|---|---|---|
| ૧ | ધંધુકા | સા.આ.કે. ધંધુકા | ૨ | ૩–૮–૯૫<br>૧૦–૬–૦૮ | ૨ | ૯–૮–૧૦<br>૯–૮–૧૦ |
| | | પ્રા.આ.કે. ભાડીયાદ | ૦ | –– | ૧ | ૨૧–૬–૧૧ |
| ૫ | બરવાળા | સા.આ.કે. બરવાળા | ૧ | ૧–૯–૦૯ | ૧ | ૨૩–૭–૧૦ |
| | | પ્રા.આ.કે.સારંગપુર | – | – | ૧ | ૧–૧–૧૧ |
| ૭ | રાણપુર | સા.આ.કે. રાણપુર | ૧ | ૧–૪–૮૯ | – | – |
| | | પ્રા.આ.કે.ઉમરાળા | – | – | ૧ | ૧–૧–૧૧ |
| | | **કુલ** | ૪ | – | ૬ | – |

----------

## ભરૂચ જિલ્લાના મધ્યબારા પાણી પુરવઠા યોજના

૨૩૮૯૩ **શ્રી ઇકબાલભાઇ પટેલ( વાગરા): માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧)તા..૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ ભરૂચ જિલ્લાના મધ્યબારા પાણી પુરવઠા યોજના અંતગર્ત કેટલા તાલુકાઓના કેટલા ગામોને પાણી પહોંચાડવામાં આવે છે, | (૧)વાગરા તાલુકાનાં – ૩૩ ગામો<br>આમોદ તાલુકાનાં–૦૭–ગામો અને<br>ભરૂચ તાલુકાનાં –૦૧–ગામ<br>કુલ ૪૧ ગામોને |

પાણી પહોંચાડવામાં આવે છે.

(૨)મધ્યબારા પાણી પુરવઠા સુધારણા યોજના અંતર્ગત કેટલી રકમ ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મંજૂર કરવામાં આવી, અને

(૨)મધ્યબારા પાણી પુરવઠા સુધારણા યોજના અંતર્ગત છેલ્લા બે વર્ષમાં ` ૬૮૦.૦૦ લાખ ફાળવવામાં આવેલ છે.

(૩)તે પૈકી કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

(૩)` ૪૩૩.૦૨ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે.

---------

## પાલીતાણા નગરપાલિકાના ડી.પી. પ્લાનની મંજૂરી

૨૪૨૧૮ **શ્રી નટવરસિંહ કુ. ઠાકોર( મહુધા): માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧)તા.૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ ભાવનગર જિલ્લાના પાલીતાણા નગરપાલિકાનો ડી.પી. પ્લાન મુખ્ય નગર નિયોજકશ્રી નગર આયોજન અને મુલ્યાંકનના ગાંધીનગર ખાતામાં મંજુરી અર્થે કઈ તારીખે મળ્યો છે,

(૨)તે અન્વયે સરકારે શી કાર્યવાહી કરી, અને

(૩)આ ડી.પી. પ્લાનને સત્વરે મંજુરી કેટલા સમયમાં આપવામાં આવશે ?

**જવાબ**

(૧)તા.૨૦–૦૩–૨૦૧૦.

(૨)તા.૦૨–૦૧–૧૨ના રોજ પ્રાથમિક જાહેરનામું બહાર પાડવામાં આવેલ છે.

(૩)પ્રાથમિક જાહેરનામા અન્વયે મળેલ વાંધા સુચનો ધ્યાને લઈ આખરી જાહેરનામું બહાર પાડવાનું રહે છે.

## જુનાગઢ જીલ્લામાં શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ હેઠળ બાળકોની સારવાર

૨૪૫૨૯ **શ્રી કાળુભાઇ ચ. રાઠોડ(ઉના): માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧)જુનાગઢ જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સન–૨૦૧૦ અને ૨૦૧૧માં શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ હેઠળ તાલુકાવાર કેટલા બાળકોને કયા કયા રોગો માટે સારવાર આપવામાં આવી છે, અને

(૨)તે પૈકી કેટલા બાળકોને રેફરલ સારવાર અને તજજ્ઞ સારવાર આપવામાં આવી ?

**જવાબ**

(૧)જુનાગઢ જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સન–૨૦૧૦ અને ૨૦૧૧માં શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ હેઠળ તાલુકાવાર જુદા જુદા રોગો માટે કુલ ૨૫૨૮૯૩ બાળકોને સારવાર આપવામાં આવી છે જેની વિગત દર્શાવતું પત્રક–અ સામેલ છે.

(૨)તે પૈકી ૧૮૪૦૬ બાળકોને રેફરલ સારવાર અને તજજ્ઞ સારવાર આપવામાં આવેલ છે જેની વિગત દર્શાવતું પત્રક–બ સામેલ છે.

**પત્રક–અ**

| વર્ષ | તાલુકાનું નામ | પાંડુરોગ | આંત્રકૃમિ | દાંતની તકલીફ | આંખની તકલીફ | કાન–નાક–ગળાની તકલીફ | પેટની તકલીફ | ચામડીના રોગ | શરીરની સ્થુળતા | તમાકુનું સેવન | માનસીક તણાવ | જાતીય રોગો | શ્વસનતંત્રના રોગ | ચેતાતંત્રના રોગ | અસ્થિતંત્રના રોગ | વિકલાંગતા | અન્ય | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
૨૫૧૮૧ **શ્રી લાલસિંહ ઉ. વડોદીયા( ઉમરેઠ): માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧)તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ આણંદ જિલ્લામાં તાલુકાવાર ક્યા ક્યા ગામના દવાખાનામાં રોગી કલ્યાણ સમિતિ બનાવેલ છે.

(૨)પ્રત્યેક રોગી કલ્યાણ સમિતિવાળા દવાખાનામાં સરકાર દ્વારા ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલાં નાણા ફાળવામાં આવ્યા, અને

(૩)ફાળવેલ નાણા સામે જે તે રોગી કલ્યાણ સમિતિવાળા દવાખાનામાં વર્ષવાર ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલું ખર્ચ કરવામાં આવ્યું ?

**જવાબ**

(૧), (૨) અને (૩) તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ આણંદ જિલ્લામાં તાલુકાવાર ગામોના દવાખાનાઓમાં બનાવેલ રોગી કલ્યાણ સમિતિઓ અને છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ફાળવેલ નાણાં અને થયેલ ખર્ચની વિગતો સામેલ પત્રક મુજબ છે.

**પત્રક**

| અ.નં. | કેન્દ્રનો પ્રકાર | સંસ્થાનુંનામ | તાલુકાનું નામ | વર્ષ ૨૦૦૯–૧૦ | | વર્ષ ૨૦૧૦–૧૧ | | વર્ષ ૨૦૧૧–૧૨ (૩૧–૧૨–૧૧ સુધી) | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | ફાળવેલ ગ્રાન્ટ | થયેલ ખર્ચ | ફાળવેલ ગ્રાન્ટ | થયેલ ખર્ચ | ફાળવેલ ગ્રાન્ટ | થયેલ ખર્ચ |
| ૧ | પ્રા.આ. કેન્દ્રો | અજરપુરા | આણંદ | ૧૦૦૦૦૦ | ૪૬૯૮૨ | ૭૯૫૬૦ | ૭૯૫૦૪ | ૧૦૦૦૦૦ | ૩૧૯૯૬ |
| ૨ | | બાકરોલ | | ૧૦૦૦૦૦ | ૧૦૦૦૦૦ | ૧૦૦૦૦૦ | ૯૩૦૦૦ | ૧૦૦૦૦૦ | ૩૫૦૦૦ |
| ૩ | | બોરીયાવી | | ૧૦૦૦૦૦ | ૬૮૦૧૭ | ૫૫૦૩૩ | ૫૧૦૩૩ | ૧૦૦૦૦૦ | ૩૨૯૭૩ |
| ૪ | | ચીખોદરા | | ૧૦૦૦૦૦ | ૯૨૧૬૩ | ૬૭૩૭૬ | ૬૬૬૨૦ | ૧૦૦૦૦૦ | ૪૪૯૯૭ |
| ૫ | | કરમસદ | | ૧૦૦૦૦૦ | ૮૨૫૮૯ | ૫૦૦૦૦ | ૫૦૦૦૦ | ૧૦૦૦૦૦ | ૨૦૮૫૧ |
| ૬ | | કુજરાવ | | ૧૦૦૦૦૦ | ૭૯૨૦૩ | ૭૦૩૪૭ | ૬૩૧૦૬ | ૧૦૦૦૦૦ | ૪૩૪૪૨ |
| ૭ | | નાવલી | | ૧૦૦૦૦૦ | ૯૪૬૩૪ | ૭૨૩૩૧ | ૭૨૩૩૧ | ૧૦૦૦૦૦ | ૪૫૦૦૦ |
| ૮ | | રાસનોલ | | ૧૦૦૦૦૦ | ૪૨૯૪૧ | ૭૪૭૮૯ | ૭૪૭૪૭ | ૧૦૦૦૦૦ | ૩૬૮૮૭ |
| ૯ | | વડોદ | | ૧૦૦૦૦૦ | ૧૦૦૦૦૦ | ૬૬૦૦૦ | ૬૬૦૦૦ | ૧૦૦૦૦૦ | ૫૯૦૨૨ |
| ૧૦ | | વાસદ/અડાસ | | ૧૦૦૦૦૦ | ૩૬૨૮૦ | ૧૦૦૦૦૦ | ૫૦૦૦૦ | ૧૦૦૦૦૦ | ૩૭૦૦૦ |
| ૧૧ | | વેરાખાડી | | ૧૦૦૦૦૦ | ૬૯૦૦૦ | ૧૦૦૦૦૦ | ૬૨૬૨૭ | ૪૭૯૨૭ | ૩૨૫૯૧ |
| ૧૨ | સા.આ. કેન્દ્રો | આંડ | | ૧૦૦૦૦૦ | ૮૩૧૭૭ | ૧૦૦૦૦૦ | ૧૧૪૭૫૦ | ૪૭૯૨૭ | ૫૦૦૦૦ |
| ૧૩ | | સારસા | | ૧૦૦૦૦૦ | ૧૦૦૦૦૦ | ૧૦૦૦૦૦ | ૯૯૮૯૭ | ૪૯૮૯૭ | ૫૫૨૬૦ |
| ૧૪ | | વાંસદા | | ૦ | ૦ | ૦ | ૦ | ૫૦૦૦૦ | ૨૫૪૪૨ |
| | | કુલ | | ૧૩૦૦૦૦૦ | ૯૯૪૯૮૬ | ૧૦૩૫૪૩૭ | ૯૪૩૬૧૫ | ૧૧૯૫૭૫૧ | ૫૫૦૪૬૧ |

| અ.નં. | કેન્દ્રનો પ્રકાર | સંસ્થાનુંનામ | તાલુકાનું નામ | વર્ષ ૨૦૦૯-૧૦ | | વર્ષ ૨૦૧૦-૧૧ | | વર્ષ ૨૦૧૧-૧૨ (૩૧-૧૨-૧૧ સુધી) | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | ફાળવેલ ગ્રાન્ટ | થયેલ ખર્ચ | ફાળવેલ ગ્રાન્ટ | થયેલ ખર્ચ | ફાળવેલ ગ્રાન્ટ | થયેલ ખર્ચ |
| ૧૫ | પ્રા.આ. કેન્દ્રો | ખડોલ | આંકલાવ | ૧૦૦૦૦૦ | ૧૦૦૦૦૦ | ૬૩૬૦૦ | ૬૨૬૦૦ | ૧૦૦૦૦૦ | ૨૩૭૧૯ |
| ૧૬ | | ભેટાસી | | ૧૦૦૦૦૦ | ૧૦૦૦૦૦ | ૬૬૭૦૭ | ૬૫૭૦૭ | ૧૦૦૦૦૦ | ૨૦૩૧૪ |
| ૧૭ | | બામણગામ | | ૧૦૦૦૦૦ | ૧૦૦૦૦૦ | ૯૮૯૦૦ | ૯૭૯૦૦ | ૧૦૦૦૦૦ | ૨૭૯૯૫ |
| ૧૮ | સા.આ. | આંકલાવ | | ૧૦૦૦૦૦ | ૧૦૦૦૦૦ | ૧૦૦૦૦૦ | ૧૦૦૦૦૦ | ૫૦૦૦૦ | ૨૩૦૯૯ |
| | | કુલ | | ૪૦૦૦૦૦ | ૪૦૦૦૦૦ | ૩૨૯૨૦૭ | ૩૨૬૨૦૭ | ૩૫૦૦૦૦ | ૯૫૧૨૭ |
| ૧૯ | પ્રા.આ. કેન્દ્રો | બુધેજ | તારાપુર | ૧૦૦૦૦૦ | ૧૦૦૦૦૦ | ૭૬૬૫૦ | ૭૬૩૫૦ | ૧૦૦૦૦૦ | ૩૮૧૪૦ |
| ૨૦ | | ખડા | | ૦ | ૦ | ૦ | ૦ | ૧૦૦૦૦૦ | ૪૦૦૦૦ |
| ૨૧ | સા.આ. | તારાપર | | ૧૦૦૦૦૦ | ૧૦૦૦૦૦ | ૧૦૦૦૦૦ | ૯૯૦૫૬ | ૪૯૦૫૬ | ૪૯૯૧૯ |
| | | કુલ | | ૨૦૦૦૦૦ | ૨૦૦૦૦૦ | ૧૭૬૬૫૦ | ૧૭૫૪૦૬ | ૨૪૯૦૫૬ | ૧૨૮૦૫૯ |
| ૨૨ | પ્રા.આ. કેન્દ્રો | બામણવા | ખંભાત | ૧૦૦૦૦૦ | ૧૦૦૦૦૦ | ૭૪૮૫૦ | ૭૪૮૫૦ | ૧૦૦૦૦૦ | ૪૧૭૦૧ |
| ૨૩ | | ધુવારણ | | ૧૦૦૦૦૦ | ૯૯૦૦૦ | ૭૭૩૫૦ | ૭૭૧૨૨ | ૧૦૦૦૦૦ | ૫૨૧૫૯ |
| ૨૪ | | રોહીણી | | ૧૦૦૦૦૦ | ૧૦૦૦૦૦ | ૧૦૦૦૦૦ | ૧૦૦૦૦૦ | ૧૦૦૦૦૦ | ૫૩૫૦૦ |
| ૨૫ | | સાયમા | | ૧૦૦૦૦૦ | ૧૦૦૦૦૦ | ૭૫૧૫૦ | ૭૫૧૫૦ | ૧૦૦૦૦૦ | ૪૪૮૯૬ |
| ૨૬ | | ઉન્દેલ | | ૧૦૦૦૦૦ | ૧૦૦૦૦૦ | ૮૫૪૫૦ | ૮૫૪૫૦ | ૧૦૦૦૦૦ | ૫૦૦૦૦ |
| ૨૭ | | વટાદરા | | ૧૦૦૦૦૦ | ૧૦૦૦૦૦ | ૮૩૯૫૦ | ૮૩૯૫૦ | ૧૦૦૦૦૦ | ૫૭૭૧૧ |
| ૨૮ | | વડગામ | | ૧૦૦૦૦૦ | ૯૫૦૦૦ | ૭૧૯૫૦ | ૭૧૯૫૦ | ૧૦૦૦૦૦ | ૫૧૩૬૮ |
| ૨૯ | સા.આ. | ખંભાત | | ૧૦૦૦૦૦ | ૧૦૦૦૦૦ | ૧૦૦૦૦૦ | ૯૯૮૨૭ | ૪૯૮૨૭ | ૪૮૮૭૮ |
| | | કુલ | | ૮૦૦૦૦૦ | ૭૯૪૦૦૦ | ૬૬૮૭૦૦ | ૬૬૮૨૯૯ | ૭૪૯૮૨૭ | ૪૦૦૨૧૩ |
| ૩૦ | પ્રા.આ. કેન્દ્રો | ડભોવ | સોજીત્રા | ૧૦૦૦૦૦ | ૭૦૩૪૭ | ૭૩૧૬૫ | ૭૨૧૬૫ | ૧૦૦૦૦૦ | ૧૬૭૫૦ |
| ૩૧ | | દેવાતરપદ | | ૧૦૦૦૦૦ | ૪૯૪૬૦ | ૭૨૦૫૯ | ૬૯૨૦૯ | ૧૦૦૦૦૦ | ૩૧૮૪૦ |
| ૩૨ | સા.આ. | સોજીત્રા | | ૧૦૦૦૦૦ | ૧૦૦૦૦૦ | ૧૦૦૦૦૦ | ૮૧૪૩૨ | ૩૧૪૩૨ | ૪૮૫૩૭ |
| | | કુલ | | ૩૦૦૦૦૦ | ૨૧૯૮૦૭ | ૨૪૫૨૨૪ | ૨૨૨૮૦૬ | ૨૩૧૪૩૨ | ૯૭૧૨૭ |
| ૩૩ | પ્રા.આ. કેન્દ્રો | બાઘંણી | પેટલાદ | ૧૦૦૦૦૦ | ૯૪૮૪૨ | ૫૫૯૩૭ | ૫૩૦૮૭ | ૧૦૦૦૦૦ | ૨૫૯૭૩ |
| ૩૪ | | ચાંગા | | ૧૦૦૦૦૦ | ૮૩૮૩૭ | ૪૦૬૫૦ | ૨૯૮૭૪ | ૧૦૦૦૦૦ | ૩૭૪૮૨ |
| ૩૫ | | મોરડ | | ૧૦૦૦૦૦ | ૧૦૦૦૦૦ | ૬૩૪૬૦ | ૬૨૪૬૦ | ૧૦૦૦૦૦ | ૪૦૬૦૪ |
| ૩૬ | | નાર | | ૧૦૦૦૦૦ | ૮૧૧૬૨ | ૫૬૪૫૦ | ૪૯૪૭૧ | ૧૦૦૦૦૦ | ૩૨૪૫૨ |
| ૩૭ | | સીહોલ | | ૧૦૦૦૦૦ | ૩૬૦૦ | ૯૧૫૦ | ૮૧૫૦ | ૧૦૦૦૦૦ | ૮૯૪૨ |
| ૩૮ | | સીમરડા | | ૧૦૦૦૦૦ | ૧૦૦૦૦૦ | ૬૬૦૦૦ | ૬૨૦૦૦ | ૧૦૦૦૦૦ | ૨૭૫૨૫ |
| ૩૯ | | વડદલા | | ૧૦૦૦૦૦ | ૯૬૮૫૩ | ૫૫૫૫૦ | ૫૪૨૫૦ | ૧૦૦૦૦૦ | ૪૧૬૫૯ |
| ૪૦ | સા.આ. કેન્દ્રો જિલ્લા | ધર્મજ | | ૧૦૦૦૦૦ | ૧૮૩૭૯૩ | ૧૦૦૦૦૦ | ૧૦૦૦૦૦ | ૦ | ૮૪૭૯૨ |
| ૪૧ | | મહેલાવ | | ૧૦૦૦૦૦ | ૩૧૨૩૭૬ | ૧૦૦૦૦૦ | ૮૩૫૦૦ | ૩૩૫૦૦ | ૪૯૩૬૫ |
| ૪૨ | | પેટલાદ | | ૫૦૦૦૦૦ | ૩૯૫૪૭૭ | ૭૦૦૦૦૦ | ૫૬૧૩૪૯ | ૨૫૦૦૦૦ | ૧૬૧૧૪૦ |
| | | કુલ | | ૧૪૦૦૦૦૦ | ૧૪૫૫૯૪૦ | ૧૨૪૭૧૯૭ | ૧૦૬૪૧૪૧ | ૯૮૩૫૦૦ | ૫૦૯૯૩૪ |
| ૪૩ | પ્રા.આ. કેન્દ્રો | ભાલેજ | ઉમદેઠ | ૧૦૦૦૦૦ | ૧૦૦૦૦૦ | ૬૫૦૦૦ | ૬૪૦૦૦ | ૧૦૦૦૦૦ | ૩૧૩૧૪ |
| ૪૪ | | ભરોડા | | ૧૦૦૦૦૦ | ૧૦૦૦૦૦ | ૭૩૦૦૦ | ૭૨૦૦૦ | ૧૦૦૦૦૦ | ૪૦૬૩૬ |
| ૪૫ | | પણસોરા | | ૧૦૦૦૦૦ | ૧૦૦૦૦૦ | ૬૫૦૦૦ | ૬૪૦૦૦ | ૧૦૦૦૦૦ | ૩૩૦૩૦ |
| ૪૬ | | શીલી | | ૧૦૦૦૦૦ | ૯૭૫૦૦ | ૮૧૦૫૦ | ૮૦૦૫૦ | ૧૦૦૦૦૦ | ૩૯૩૬૬ |
| ૪૭ | | સુદંલપુરા | | ૧૦૦૦૦૦ | ૯૭૫૯૩ | ૬૭૪૦૭ | ૬૫૪૧૦ | ૧૦૦૦૦૦ | ૨૫૯૫૯ |
| ૪૮ | સા.આ. | ઉમરેઠ | | ૧૦૦૦૦૦ | ૧૬૫૫૭૯ | ૧૦૦૦૦૦ | ૧૯૭૪૩૦ | ૩૧૬૯૮ | ૫૦૦૦૦ |
| | | કુલ | | ૬૦૦૦૦૦ | ૬૬૦૬૭૨ | ૪૫૧૪૫૭ | ૫૪૨૮૯૦ | ૫૩૧૬૯૮ | ૨૨૦૩૦૫ |
| ૪૯ | પ્રા.આ. કેન્દ્રો | અલારસા | બોરસદ | ૧૦૦૦૦૦ | ૧૦૦૦૦૦ | ૬૪૦૯૨ | ૬૩૦૯૨ | ૧૦૦૦૦૦ | ૪૦૮૫૧ |
| ૫૦ | | બદલપુર | | ૧૦૦૦૦૦ | ૧૦૦૦૦૦ | ૬૩૨૫૦ | ૬૨૨૫૦ | ૧૦૦૦૦૦ | ૨૦૦૧૬ |
| ૫૧ | | ભાદરણ | | ૧૦૦૦૦૦ | ૧૦૦૦૦૦ | ૬૧૦૦૦ | ૬૦૦૦૦ | ૧૦૦૦૦૦ | ૩૭૬૯૩ |
| ૫૨ | | દાવોલ | | ૧૦૦૦૦૦ | ૧૦૦૦૦૦ | ૬૫૯૧૦ | ૬૪૯૧૦ | ૧૦૦૦૦૦ | ૩૯૫૪૦ |
| ૫૩ | | કઠાણા | | ૧૦૦૦૦૦ | ૧૦૦૦૦૦ | ૮૧૩૫૫ | ૮૦૩૫૫ | ૧૦૦૦૦૦ | ૫૪૬૯૬ |
| ૫૪ | | નાપા | | ૧૦૦૦૦૦ | ૧૦૦૦૦૦ | ૭૩૬૨૦ | ૭૨૬૨૦ | ૧૦૦૦૦૦ | ૫૩૪૫૧ |
| ૫૫ | | સીસવા | | ૧૦૦૦૦૦ | ૧૦૦૦૦૦ | ૬૧૯૫૩ | ૬૦૯૫૩ | ૧૦૦૦૦૦ | ૪૦૨૭૦ |
| ૫૬ | | વીરસદ | | ૧૦૦૦૦૦ | ૧૦૦૦૦૦ | ૬૫૯૨૭ | ૬૪૯૨૭ | ૧૦૦૦૦૦ | ૫૬૦૨૦ |
| ૫૭ | | જારોલા | | ૧૦૦૦૦૦ | ૧૦૦૦૦૦ | ૭૬૭૮૨ | ૭૫૭૮૨ | ૧૦૦૦૦૦ | ૭૬૧૨૫ |
| ૫૮ | સા.આ. | રાસ | | ૧૦૦૦૦૦ | ૨૭૫૯૬૧ | ૧૦૦૦૦૦ | ૧૦૦૦૦૦ | ૫૦૦૦૦ | ૫૦૦૦૦ |
| | | કુલ | | ૧૦૦૦૦૦૦ | ૧૧૭૫૯૬૧ | ૭૧૩૮૮૯ | ૭૦૪૮૮૯ | ૯૫૦૦૦૦ | ૪૬૮૬૬૨ |
| | | કુલ સરવાળો | | ૬૦૦૦૦૦૦ | ૫૯૦૧૩૬૬ | ૪૮૬૭૭૬૧ | ૪૬૪૮૨૫૩ | ૫૨૪૧૨૬૪ | ૨૪૬૯૮૮૮ |

---------

## વડોદરા-દાહોદ-પંચમહાલ અને નર્મદા જિલ્લામાં સામુહિક આરોગ્ય કેન્દ્રો

**<# M/૨૪૫૬૪ શ્રી ધીરૂભાઇ ચુ. ભીલ( નસવાડી): માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧)વડોદરા-દાહોદ-પંચમહાલ અને નર્મદા જિલ્લામાં તા. ૩૧-૧૨-૧૧ની સ્થિતિએ કેટલા | (૧)૪૪ (ચુંવાળીસ) સામૂહિક આરોગ્ય કેન્દ્રો છે. |

સામુહિક આરોગ્ય કેન્દ્રો છે,

(૨)તે અન્વયે કેટલા દવાખાનાઓ કાર્યરત છે, અને

(૩)મંજૂર થયેલ મહેકમ સામે કેટલી જગ્યા ખાલી છે?

(૨)૪૪ (ચુંવાળીસ) દવાખાનાઓ (સામુહિક આરોગ્ય કેન્દ્રો) કાર્યરત છે.

(૩)મંજૂર થેયલ મહેકમ સામે ૪૦૭ જગ્યા ખાલી છે.

---------

**સોમનાથ ખાતે ત્રિવેણી સોમનાથ બંધારાના કામો**

૨૪૫૧૧ **શ્રી રાજસીભાઇ વિ. જોટવા(સોમનાથ): માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧)જુનાગઢ જિલ્લાના તા. ૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ સોમનાથ ખાતે ત્રિવેણી સોમનાથ બંધારાનું કામ ક્યા તબક્કે છે, અને | (૧)માહે ૭-૨૦૧૦માં કામ પૂર્ણ થયેલ છે. બંધારાની ક્ષમતા મુજબ દર વર્ષે ૬૫.૬૮ MCFT પાણી ભારાયેલ છે, ચોમાસા ૨૦૧૦ દરમ્યાન ૮૬ દિવસ અને ચોમાસા ૨૦૧૧ દરમ્યાન ૭૯ દિવસ ઓવરફ્લો ચાલુ રહેલ છે. |
| (૨)આ કામ કેટલા સમયમાં પૂર્ણ થશે અને તેનો અંદાજીત ખર્ચ કેટલો છે ? | (૨)કામ પૂર્ણ થયેલ છે. ` ત્રેવીસ કરોડ પાંત્રીસ લાખનો ખર્ચ થયેલ છે. |

---------

**સુરેન્દ્રનગર જિલ્લામાં લોક વ્યવસ્થાપિત પાણી સમિતિ કાર્યક્રમ હેઠળ મંજૂર થયેલ પાણી પુરવઠા યોજનાઓ**

૨૪૪૯૮ **શ્રીમતી વર્ષાબેન ન. દોશી(વઢવાણ): માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરેન્દ્રનગર જિલ્લામાં લોક વ્યવસ્થાપિત પાણી સમિતિ કાર્યક્રમ હેઠળ સન ૨૦૧૧માં કુલ કેટલી પાણી પુરવઠા યોજનાઓ મંજૂર કરવામાં આવી, અને | (૧) ૨૪ પાણી પુરવઠા યોજનાઓ મંજૂર કરવામાં આવેલ છે. |
| (૨) તે અન્વયે પાણી સમિતિઓને કુલ કેટલું ફંડ ફાળવવામાં આવેલ છે ? | (૨) ` ૪૧.૬૨ લાખ ફાળવવામાં આવેલ છે. |

---------

**કચ્છ જિલ્લામાં તાલુકાવાર ઉંડા કરેલા તળાવો પાછળ થયેલ ખર્ચ**

૨૪૫૦૯ **શ્રી રમેશભાઇ વ. મહેશ્વરી (મુંદ્રા): માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કચ્છ જિલ્લામાં તાલુકાવાર તા.૩૧- | (૧) કચ્છ જિલ્લામાં તાલુકાવાર તા.૩૧-૧૨- |

૧૨–૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા તળાવો ઉંડા કરવામાં આવ્યા અને આ માટે કેટલો ખર્ચ થયો, અને

૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નીચે મુજબ તળાવો ઉંડા કરવામાં આવેલ છે.

| અ.નં. | તાલુકો | ઉંડા કરેલ તળાવની સંખ્યા | થયેલ ખર્ચ (` લાખમાં) |
|---|---|---|---|
| ૧ | અંજાર | ૧૪ | ૬૦.૩૧ |
| ૨ | ભુજ | ૩૮ | ૧૭૬.૨૮ |
| ૩ | રાપર | ૩૯ | ૧૯૫.૦૩ |
| ૪ | અબડાસા | ૦૭ | ૫૩.૭૯ |
| ૫ | ગાંધીધામ | ૦૨ | ૧૦.૪૧ |
| ૬ | ભચાઉ | ૧૧ | ૪૭.૮૭ |
| ૭ | મુન્દ્રા | ૦૪ | ૧૭.૧૩ |
| ૮ | માંડવી | ૦૭ | ૪૪.૬૬ |
| ૯ | નખત્રાણા | ૦૧ | ૪.૭૩ |
| | **કુલઃ** | **૧૨૩** | **૬૧૦.૨૧** |

આ ૧૨૩ તળાવો ઉંડા કરવાનો ` ૬૧૦.૨૧ લાખનો ખર્ચ થયેલ છે.

(૨) કેટલા તળાવો ઉંડા કરવાના બાકી છે અને આ બાકી રહેલા તળાવોને ક્યાં સુધીમાં ઉંડા કરવામાં આવશે ?

(૨) આજની તારીખે મંજૂર થયેલ તળાવો પૈકી ૧૦ તળાવો ઉંડા કરવાના બાકી છે, જેની વિગતો નીચે મુજબ છે.

| અ.નં. | તાલુકો | ઉંડા કરવાના બાકી તળાવની સંખ્યા | પુર્ણ કરવાનો સમય |
|---|---|---|---|
| ૧ | ભુજ | ૪ | ૩૧ મે, ૨૦૧૨ સુધીમાં |
| ૨ | રાપર | ૩ | |
| ૩ | મુન્દ્રા | ૩ | માહે જુન–૨૦૧૨ સુધીમાં |

---------

## અમરેલી જિલ્લામાં શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ હેઠળ બાળકોની સારવાર

૨૪૫૩૦ **શ્રી હીરાભાઇ ઓ. સોલંકી(રાજુલા): માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) અમરેલી જિલ્લામાં શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ હેઠળ તા.૩૧–૧૨–૧૧ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર કેટલા બાળકોને ક્યા ક્યા રોગો માટે સારવાર આપવામાં આવી છે, અને

(૨) તે પૈકી કેટલા બાળકોને રેફરલ સારવાર અને તજજ્ઞ સારવાર આપવામાં આવી ?

**જવાબ**

(૧) અમરેલી જિલ્લામાં શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ હેઠળ તા.૩૧–૧૨–૨૦૧૧ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર કુલ–૧૦૧૧૩૪ બાળકોને જુદા જુદા રોગો માટે સારવાર આપવામાં આવેલ છે. જેની વિગત દર્શાવતું **પત્રક–અ** સામેલ છે.

(૨) તે પૈકી ૧૫૩૭૮ બાળકોને રેફરલ સારવાર અને તજજ્ઞ સારવાર આપવામાં આવેલ છે

જેની વિગત દર્શાવતું **પત્રક–બ** સામેલ છે.

## પત્રક–અ

| વર્ષ | તાલુકાનું નામ | પાંડુરોગ | આંત્રકૃમિ | દાંતની તકલીફ | આંખની તકલીફ | કાન–નાક–ગળાની તકલીફ | પેટની તકલીફ | ચામડીના રોગ | શરીરની સ્થૂળતા | તમાકુનું સેવન | માનસીક તણાવ | જાતીય રોગો | શ્વસનતંત્રના રોગ | ચેતા–તંત્રના રોગ | અસ્થિ–તંત્રના રોગ | વિક–લાંગતા | અન્ય | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૨૦૦૯–૧૦ | અમરેલી | ૯૬૮ | ૭૯૮ | ૮૮૨ | ૫૧૩ | ૧૭૨ | ૭૨૩ | ૯૩૮ | ૦ | ૧૬૯ | ૦ | ૦ | ૬૪૫ | ૦ | ૨ | ૪ | ૨૪૮૨ | ૮૨૮૭ |
| | બાબરા | ૬૦૧ | ૫૪૫ | ૮૭૧ | ૨૭૯ | ૧૨૪ | ૨૨૫ | ૧૧૪ | ૦ | ૧૨૩ | ૦ | ૦ | ૨૭૧ | ૧ | ૪ | ૧ | ૨૧૩૧ | ૫૨૯૦ |
| | લાઠી | ૮૯૭ | ૭૫૮ | ૪૨૯ | ૨૮૧ | ૧૨૬ | ૭૮ | ૧૨૪ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૮૦૦ | ૩૪૯૪ |
| | ખાંભા | ૬૪૩ | ૫૩૭ | ૬૩૪ | ૩૪૨ | ૧૯૬ | ૧૬૪ | ૨૨૮ | ૦ | ૦ | ૦ | ૦ | ૨૩ | ૦ | ૦ | ૦ | ૬૫ | ૨૮૩૨ |
| | ધારી | ૬૫૩ | ૫૭૮ | ૮૪૩ | ૩૩૬ | ૧૪૯ | ૧૭૮ | ૩૨૬ | ૦ | ૨૪૫ | ૦ | ૦ | ૯૮ | ૦ | ૧ | ૧૧ | ૮૩૭ | ૪૨૫૫ |
| | લીલીયા | ૪૬૯ | ૪૨૬ | ૪૯૬ | ૨૪૫ | ૩૫૬ | ૧૮૯ | ૮ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૫૮ | ૨૨૪૭ |
| | કુકાવાવ | ૮૭૯ | ૬૯૮ | ૩૪૬ | ૫૦૪ | ૨૫૪ | ૧૧૮ | ૨૨૧ | ૦ | ૨૪૩ | ૦ | ૦ | ૬ | ૦ | ૦ | ૦ | ૨૫૯ | ૩૫૨૮ |
| | બગસરા | ૭૫૯ | ૫૯૯ | ૨૪૮ | ૨૧૮ | ૧૭૮ | ૧૫૧ | ૧૧૮ | ૦ | ૧૫૪ | ૦ | ૦ | ૧૧૪ | ૦ | ૦ | ૦ | ૪૧૨ | ૨૯૫૧ |
| | રાજુલા | ૭૫૬ | ૬૭૮ | ૬૩૧ | ૫૦૧ | ૨૨૭ | ૩૬૯ | ૪૧૩ | ૦ | ૫૬૯ | ૦ | ૦ | ૨૨૪ | ૦ | ૦ | ૨ | ૧૧૩૮ | ૫૫૦૮ |
| | જાફરાબાદ | ૬૭૬ | ૫૬૦ | ૩૪૧ | ૨૨૩ | ૨૨૦ | ૧૧૬ | ૩૪૯ | ૦ | ૫૪૯ | ૦ | ૦ | ૧૨૩ | ૦ | ૦ | ૦ | ૫૭૬ | ૩૭૩૩ |
| | સાવરકુંડલા | ૭૧૨ | ૭૯૦ | ૬૫૪ | ૪૯૮ | ૪૩૦ | ૨૪૩ | ૪૭૮ | ૦ | ૬૭૦ | ૦ | ૦ | ૩૦૯ | ૦ | ૧ | ૫ | ૩૪૨ | ૫૧૩૨ |
| | **કુલઃ** | **૮૦૧૩** | **૬૯૫૮** | **૬૩૭૫** | **૩૯૪૦** | **૨૪૩૨** | **૨૫૫૪** | **૩૩૧૭** | **૦** | **૨૭૨૨** | **૦** | **૦** | **૧૮૧૩** | **૧** | **૮** | **૨૪** | **૯૧૦૦** | **૪૭૨૫૭** |
| ૨૦૧૦–૧૧ | અમરેલી | ૭૦૨ | ૧૬૯૩ | ૭૯૨ | ૯૩૩ | ૨૩૩ | ૨૨૦ | ૧૬૧ | ૩ | ૫ | ૦ | ૦ | ૩૨ | ૨ | ૨૦ | ૮ | ૧૯૩૮ | ૬૭૪૨ |
| | બાબરા | ૫૦૮ | ૪૬૦ | ૬૬ | ૨૮૬ | ૧૪૫ | ૧૭૮ | ૧૩ | ૦ | ૦ | ૮ | ૦ | ૪ | ૧ | ૦ | ૦ | ૦ | ૧૬૬૯ |
| | લાઠી | ૬ | ૭૨ | ૧૨૭ | ૫૬૭ | ૬૫ | ૨૭ | ૩૯ | ૨૨ | ૨૮ | ૯ | ૦ | ૪૫ | ૨ | ૧૧ | ૬ | ૧૭૪૦ | ૨૭૬૬ |
| | ખાંભા | ૧૨૭ | ૧૨૧ | ૯૫ | ૧૪૭ | ૯૦ | ૫૪ | ૧૨ | ૦ | ૨૧ | ૦ | ૦ | ૯૦ | ૧ | ૨ | ૬ | ૨૯ | ૭૯૫ |
| | ધારી | ૩૩૦ | ૨૩૬૦ | ૬૬ | ૧૭૧ | ૩ | ૯ | ૦ | ૪૬ | ૩૫ | ૧૪ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧૦૩૩ | ૨૦૬૭ |
| | લીલીયા | ૧૬૨ | ૧૬૮ | ૧૧૨ | ૨૯ | ૨૮ | ૩૭ | ૧૪ | ૩ | ૧૮ | ૦ | ૦ | ૮ | ૩ | ૪ | ૩ | ૩૬ | ૬૨૫ |
| | કુકાવાવ | ૨૭૬ | ૨૪૪ | ૪૧ | ૩૨ | ૪૮ | ૩૮ | ૬૭ | ૧ | ૧૦ | ૦ | ૦ | ૫ | ૦ | ૭ | ૪૨ | ૧૧૨ | ૯૨૩ |
| | બગસરા | ૧૩૨ | ૧૨૭ | ૧૬૪ | ૧૬૪ | ૧૨૭ | ૧૭૭ | ૭૨ | ૦ | ૩ | ૧ | ૦ | ૩૪ | ૦ | ૦ | ૧૧ | ૨૫ | ૧૦૩૭ |
| | રાજુલા | ૯૫૧ | ૮૯૨ | ૧૫૫ | ૨૫૮ | ૪૧૫ | ૬૫૧ | ૧૬૨ | ૧૨૭ | ૧૩૭ | ૧ | ૦ | ૨૧૪ | ૦ | ૦ | ૫ | ૪૬૧ | ૪૪૨૯ |
| | જાફરાબાદ | ૫૮૫ | ૪૫૪ | ૪૩૧ | ૧૮૫ | ૨૦૯ | ૨૦૫ | ૨૮ | ૦ | ૦ | ૦ | ૦ | ૬૭ | ૦ | ૧ | ૭ | ૩૭૪ | ૨૫૪૬ |
| | સાવરકુંડલા | ૧૨૫૧ | ૧૦૪૪ | ૨૫૮ | ૬૬૭ | ૧૪૯ | ૧૯૭ | ૭૪ | ૭ | ૪૬ | ૨ | ૦ | ૧૮ | ૪ | ૭ | ૨૩ | ૬૬૨ | ૪૪૦૯ |
| | **કુલઃ** | **૫૦૩૦** | **૫૬૩૫** | **૨૩૦૭** | **૩૪૩૯** | **૧૫૧૨** | **૧૭૯૩** | **૬૪૨** | **૨૦૯** | **૩૦૩** | **૩૫** | **૦** | **૫૧૭** | **૧૩** | **૫૨** | **૧૧૧** | **૬૪૧૦** | **૨૮૦૦૮** |
| ૨૦૧૧–૧૨ **(૩૧–૧૨–૧૧) અંતિત** | અમરેલી | ૧૦૦૯ | ૯૩૫ | ૨૭૯ | ૮૬૧ | ૭૭ | ૩૧૩ | ૧૮૯ | ૧૨ | ૪૮ | ૮ | ૨ | ૧૩૧ | ૦ | ૧૧ | ૧૪ | ૬૧૮ | ૪૫૦૭ |
| | બાબરા | ૫૪૧ | ૮૭૬ | ૧૯૧ | ૧૫૭ | ૨૭ | ૨૭ | ૮૦ | ૦ | ૦ | ૪ | ૦ | ૨ | ૦ | ૦ | ૨૦ | ૨૦૨ | ૨૧૨૭ |
| | લાઠી | ૩૫૧ | ૪૧૯ | ૯૧ | ૧૪૮ | ૧૨૭ | ૧૭૪ | ૫૩ | ૭૦ | ૨૫ | ૫ | ૦ | ૨૫ | ૦ | ૫ | ૨૪ | ૧૬૫ | ૧૬૮૨ |
| | ખાંભા | ૫૮૨ | ૫૫૭ | ૭૦ | ૮૦ | ૧૮ | ૧૯ | ૨૯ | ૦ | ૩૫ | ૦ | ૦ | ૨૪ | ૦ | ૦ | ૦ | ૪૬ | ૧૪૬૦ |
| | ધારી | ૧૩૭૫ | ૧૬૨૦ | ૩૪૪ | ૪૫૬ | ૭૮ | ૧૭૪ | ૨૯૪ | ૭ | ૨૩૩ | ૩ | ૧ | ૭૩ | ૩ | ૨૩ | ૨૯ | ૧૫૫ | ૪૮૬૮ |
| | લીલીયા | ૭૮ | ૯૯ | ૧૪ | ૧૧૨ | ૨૬ | ૨ | ૧૯ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ | ૯ | ૩૬૦ |
| | કુકાવાવ | ૭૫ | ૮૫ | ૨૧ | ૩૪૪ | ૧૯ | ૫૧ | ૧૯ | ૧૮ | ૨૭ | ૫ | ૫ | ૪૬ | ૧ | ૩ | ૨૧ | ૫ | ૭૪૫ |
| | બગસરા | ૨૮૫ | ૩૨૧ | ૩૮ | ૧૧૭ | ૧૯ | ૧૨૪ | ૩૧ | ૨૫ | ૧૦ | ૦ | ૦ | ૪૩ | ૦ | ૦ | ૧૦ | ૨૦ | ૧૦૪૩ |
| | રાજુલા | ૧૧૯૧ | ૮૩૯ | ૧૩૯ | ૯૯ | ૧૦૪ | ૨૩૩ | ૨૫૭ | ૮ | ૮૮ | ૦ | ૦ | ૧૫૪ | ૦ | ૭ | ૮ | ૭૯૪ | ૩૯૨૧ |
| | જાફરાબાદ | ૬૫૧ | ૪૨૧ | ૧૩૭ | ૮૩ | ૯૩ | ૪૧ | ૪૭ | ૦ | ૨૮ | ૬ | ૦ | ૨ | ૦ | ૦ | ૮૩ | ૧૭૭ | ૧૭૬૯ |
| | સાવરકુંડલા | ૧૧૮૪ | ૧૨૩૫ | ૨૪૩ | ૩૯૩ | ૮૫ | ૧૨૬ | ૮૪ | ૫ | ૯ | ૦ | ૦ | ૬ | ૦ | ૦ | ૧૪ | ૩ | ૩૩૮૭ |

| વર્ષ | તાલુકાનું નામ | પાંડુરોગ | આંત્રકૃમિ | દાંતની તકલીફ | આંખની તકલીફ | કાન–નાક–ગળાની તકલીફ | પેટની તકલીફ | ચામડીના રોગ | શરીરની સ્થૂળતા | તમાકુનું સેવન | માનસીક તણાવ | જાતીય રોગો | શ્વસનતંત્રના રોગ | ચેતા–તંત્રના રોગ | અસ્થિ–તંત્રના રોગ | વિક–લાંગતા | અન્ય | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | **કુલઃ** | **૭૩૨૨** | **૭૪૦૭** | **૧૫૬૭** | **૨૮૫૦** | **૬૭૩** | **૧૨૮૪** | **૧૧૦૨** | **૧૪૫** | **૫૦૩** | **૩૧** | **૮** | **૫૦૭** | **૪** | **૪૯** | **૨૨૩** | **૨૧૯૪** | **૨૫૮૬૯** |

## પત્રક–બ

| વર્ષ | તાલુકાનું નામ | સંદર્ભ સેવાપાત્ર બાળકો | સંદર્ભ સેવા આપેલ બાળકો | બાળ રોગ નિષ્ણાંત દ્વારા | આંખ રોગ નિષ્ણાંત દ્વારા | દાંત રોગ નિષ્ણાંત દ્વારા | ચામડીના રોગના નિષ્ણાંત દ્વારા | કાન, નાક, ગળાના નિષ્ણાંત દ્વારા | અન્ય | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૨૦૦૯–૧૦ | અમરેલી | ૭૭૨ | ૭૭૨ | ૮૨ | ૪૫૫ | ૫૫ | ૯૯ | ૮૧ | ૦ | ૭૭૨ |
| | બાબરા | ૧૬૮ | ૧૬૮ | ૪૮ | ૮૧ | ૪ | ૨૩ | ૧૨ | ૦ | ૧૬૮ |
| | લાઠી | ૨૩૭ | ૨૩૭ | ૫૫ | ૧૬૪ | ૧૪ | ૨ | ૨ | ૦ | ૨૩૭ |
| | ખાંભા | ૨૫૭ | ૨૫૭ | ૩૭ | ૧૯૧ | ૧૨ | ૫ | ૧૨ | ૦ | ૨૫૭ |
| | ધારી | ૫૧૨ | ૫૧૨ | ૮૬ | ૩૫૪ | ૩૮ | ૧૪ | ૨૦ | ૦ | ૫૧૨ |
| | લીલીયા | ૧૦૪ | ૧૦૪ | ૪૦ | ૫૧ | ૧૧ | ૧ | ૧ | ૦ | ૧૦૪ |
| | કુકાવાવ | ૪૭૬ | ૪૭૬ | ૮૪ | ૩૧૮ | ૩૪ | ૧૨ | ૨૮ | ૦ | ૪૭૬ |
| | બગસરા | ૨૮૪ | ૨૮૪ | ૬૨ | ૧૯૧ | ૩ | ૬ | ૨૨ | ૦ | ૨૮૪ |
| | રાજુલા | ૧૬૭ | ૧૬૭ | ૧૭ | ૫૮ | ૪૪ | ૪૨ | ૬ | ૦ | ૧૬૭ |
| | જાફરાબાદ | ૮૦ | ૮૦ | ૧૧ | ૨૪ | ૨૧ | ૨૩ | ૧ | ૦ | ૮૦ |
| | સાવરકુંડલા | ૪૫૭ | ૪૫૭ | ૧૯ | ૨૫૧ | ૩૪ | ૫૮ | ૯૫ | ૦ | ૪૫૭ |
| | **કુલઃ** | **૩૫૧૪** | **૩૫૧૪** | **૫૪૧** | **૨૧૩૮** | **૨૭૦** | **૨૮૫** | **૨૮૦** | **૦** | **૩૫૧૪** |
| ૨૦૧૦–૧૧ | અમરેલી | ૧૪૪૭ | ૧૪૪૭ | ૧૩૭ | ૮૮૬ | ૧૬૬ | ૧૧૨ | ૮૦ | ૬૬ | ૧૪૪૭ |
| | બાબરા | ૩૮૫ | ૩૮૫ | ૧૦૭ | ૨૩૨ | ૩૧ | ૪ | ૬ | ૫ | ૩૮૫ |
| | લાઠી | ૭૭૪ | ૭૭૪ | ૮૦ | ૫૬૭ | ૭૦ | ૧૪ | ૨૭ | ૧૬ | ૭૭૪ |
| | ખાંભા | ૫૩૧ | ૫૩૧ | ૫૨ | ૪૪૧ | ૩૧ | ૭ | ૦ | ૦ | ૫૩૧ |
| | ધારી | ૧૮૭ | ૧૮૭ | ૧૩ | ૧૬૧ | ૦ | ૦ | ૧ | ૧૨ | ૧૮૭ |
| | લીલીયા | ૧૧૯૩ | ૧૧૯૩ | ૧૨૨ | ૭૨૫ | ૧૬૩ | ૬ | ૧૫ | ૧૬૨ | ૧૧૯૩ |
| | કુકાવાવ | ૧૦૩ | ૧૦૩ | ૧૨ | ૨૫ | ૩ | ૨ | ૨ | ૫૯ | ૧૦૩ |
| | બગસરા | ૩૮૨ | ૩૮૨ | ૯૮ | ૨૨૬ | ૧૮ | ૨૧ | ૧૭ | ૨ | ૩૮૨ |
| | રાજુલા | ૧૪૮ | ૧૪૮ | ૧૬ | ૧૩ | ૨ | ૨ | ૫ | ૧૧૦ | ૧૪૮ |
| | જાફરાબાદ | ૧૮૧ | ૧૮૧ | ૫૫ | ૫૯ | ૨૦ | ૦ | ૯ | ૩૮ | ૧૮૧ |
| | સાવરકુંડલા | ૮૭૩ | ૮૭૩ | ૬૬ | ૬૦૧ | ૪૯ | ૩૩ | ૩૩ | ૯૧ | ૮૭૩ |
| | **કુલઃ** | **૬૨૦૪** | **૬૨૦૪** | **૭૫૮** | **૩૯૩૬** | **૫૫૩** | **૨૦૧** | **૧૯૫** | **૫૬૧** | **૬૨૦૪** |
| ૨૦૧૧–૧૨ **(૩૧–૧૨–૨૦૧૧ અંતિત)** | અમરેલી | ૧૯૪૪ | ૧૯૪૪ | ૪૧૪ | ૮૬૧ | ૨૭૯ | ૧૮૯ | ૭૭ | ૧૨૪ | ૧૯૪૪ |
| | બાબરા | ૬૩૦ | ૬૩૦ | ૫૯ | ૨૫૩ | ૧૪૮ | ૯૦ | ૨૭ | ૫૩ | ૬૩૦ |
| | લાઠી | ૨૫૧ | ૨૫૧ | ૩૩ | ૧૪૮ | ૪૨ | ૫ | ૬ | ૧૭ | ૨૫૧ |
| | ખાંભા | ૨૧૧ | ૨૧૧ | ૨ | ૭૯ | ૫૩ | ૬૩ | ૪ | ૧૦ | ૨૧૧ |
| | ધારી | ૪૫૭ | ૪૫૭ | ૪૭ | ૩૪૬ | ૪૦ | ૧૧ | ૮ | ૫ | ૪૫૭ |
| | લીલીયા | ૧૪૨ | ૧૪૨ | ૬ | ૧૧૨ | ૧૨ | ૪ | ૩ | ૫ | ૧૪૨ |
| | કુકાવાવ | ૪૬૯ | ૪૬૯ | ૩૬ | ૩૪૪ | ૨૧ | ૧૯ | ૧૯ | ૩૦ | ૪૬૯ |
| | બગસરા | ૩૩૯ | ૩૩૯ | ૩૫ | ૧૭૪ | ૫૦ | ૩૧ | ૧૫ | ૩૪ | ૩૩૯ |
| | રાજુલા | ૨૦૨ | ૨૦૨ | ૧૮ | ૫૩ | ૭૪ | ૧૫ | ૧૬ | ૨૬ | ૨૦૨ |
| | જાફરાબાદ | ૧૯૮ | ૧૯૮ | ૨૧ | ૬૭ | ૮૩ | ૮ | ૬ | ૧૩ | ૧૯૮ |
| | સાવરકુંડલા | ૮૧૭ | ૮૧૭ | ૫૬ | ૬૬૩ | ૬૪ | ૧૨ | ૬ | ૧૬ | ૮૧૭ |
| | **કુલઃ** | **૫૬૬૦** | **૫૬૬૦** | **૭૨૭** | **૩૧૦૦** | **૮૬૬** | **૪૪૭** | **૧૮૭** | **૩૩૩** | **૫૬૬૦** |

––––––––––

## માંગરોળ તાલુકામાં સાંડા–સુત્રજ વચ્ચે નવલખા ડેમ બનાવવાની મંજુરી

૨૪૪૬૪ **શ્રી ભગવાનજીભાઇ લા. કરગટીયા(માંગરોળ): માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ જુનાગઢ જિલ્લાના માંગરોળ તાલુકાના સાંડા–સુત્રજ વચ્ચે નવલખા ડેમ બનાવવા માટે કોઇ મંજુરી આપવામાં આવેલ છે કે કેમ,

(૨) જો હા, તો આ કામ ઉકત સ્થિતિએ ક્યા તબક્કે છે, અને તેના માટે તા.૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ કેટલા ખર્ચની મંજૂરી આપવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) અને (૨)

ના, જી, કેમ કે જમીન સંપાદન સામે સ્થાનિક વિરોધ છે, ખાનગી તથા ખેડવાણ જમીન ડૂબાણ ઓછામાં ઓછી આવે તે રીતના યોગ્ય સ્થળની પસંદગીનાં તબક્કે છે, ખર્ચની મંજુરી આપવામાં આવેલ નથી.

---------

## જૂનાગઢ જિલ્લામાં પ્રવાસન સ્થળોનો વિકાસ

૨૪૪૫૯ **શ્રી મહેન્દ્રભાઇ લી. મશરૂ(જુનાગઢ): માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૧ ની સ્થિતિએ જુનાગઢ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં પ્રવાસન વિકાસ અન્વયે કેટલા સ્થળોનો સમાવેશ કરવામાં આવેલ છે,

**જવાબ**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૧ ની સ્થિતિએ જૂનાગઢ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં પ્રવાસન વિકાસ અન્વયે નીચે મુજબના સ્થળોનો સમાવેશ કરવામાં આવેલ છે.

(અ) જિલ્લા કલેકટરશ્રી દ્વારા
(૧) ભવનાથ અને આજુબાજુનો વિસ્તાર તથા આદરી ગામનો સમાવેશ કરવામાં આવેલ છે.
(૨) સોમનાથ ખાતે સેફટી ચેઈન વોલની કામગીરી
(બ) ગુજરાત પ્રવાસન નિગમ લીમીટેડ દ્વારા
(૧) જૂનાગઢ સ્થળનો વિકાસ
(૨) સોમનાથ (ભાલકાતીર્થ)
(૩) અહેમદપુર માંડવી, દરિયાકાંઠાનો વિકાસ.

**પ્રશ્ન**

(૨) તે અન્વયે છેલ્લા બે વર્ષમાં ૩૧–૧૨–૨૦૧૧ સુધીમાં કેટલી ગ્રાન્ટ વિકાસ માટે ફાળવવામાં આવી, અને

**જવાબ**

(૨) તે અન્વયે તા. ૩૧–૧૨—૨૦૧૧ સુધીમાં નીચે મુજબની ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે.

(૧) જીલ્લા કલેકટરશ્રી જૂનાગઢને ભવનાથ માટે વર્ષ ૨૦૦૯–૧૦માં રૂપિયા ૫૫૩.૦૦ લાખ અને વર્ષ ૨૦૧૦–૧૧માં રૂપિયા ૧૫૦.૦૦ લાખ ફાળવવામાં આવ્યા.

(૨) સોમનાથ માટે સોમનાથ ટ્રસ્ટને વર્ષ ૨૦૦૯–૧૦માં રૂપિયા ૭૩.૮૨ લાખ ફાળવવામાં આવ્યા.

(૩) ગુજરાત પ્રવાસન નિગમ લીમીટેડ દ્વારા જૂનાગઢ સ્થળના વિકાસ માટે રૂપિયા ૯૭૫.૨૨ લાખની રકમનું આયોજન કરેલ છે.

(૩) ફાળવેલ ગ્રાન્ટમાંથી કયા સ્થળ પાછળ કેટલો ખર્ચ થયો ?

(૩) ફાળવેલ ગ્રાન્ટ અન્વયે નીચે મુજબનો ખર્ચ થયેલ છે.

(અ) જિલ્લા કલેકટરશ્રી દ્વારા

(૧) ભવનાથ અને આજુબાજુનો વિસ્તાર તથા આદરી ગામના વિકાસ માટે રૂપિયા ૩૫૮.૩૭ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે.

(૨) સોમનાથ ટ્રસ્ટ દ્વારા સેપ્ટી ચેઈન વોલની કામગીરી માટે રૂપિયા ૪૬.૭૫ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે.

(બ) ગુજરાત પ્રવાસન નિગમ લીમીટેડ દ્વારા જૂનાગઢ સ્થળના વિકાસની કામગીરી પ્રગતિમાં છે અને રૂપિયા ૪૫૧.૭૯ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે.

---------

## રાજકોટ જિલ્લામાં મુખ્ય અધિકારીની બદલી કરવા માટે નગરપાલિકાએ કરેલ ઠરાવ

૨૫૩૨૩ **શ્રી અશ્વિનકુમાર કોટવાલ( ખેડબ્રહ્મા): માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૧) નગરપાલિકા અધિનિયમની જોગવાઈઓ મુજબ બે તૃત્યાંશ સભ્યો નગરપાલિકાના મુખ્ય અધિકારીની બદલી કરવા ઠરાવ કરે તે ૩૦ દિવસમાં બદલી કરવી પડે છે હકીકત સાચી છે, અને | (૧)હા, જી. |
| (૨)જો હા, તો આ જોગવાઈ છતાં રાજકોટ જિલ્લામાં છેલ્લા ત્રણ વર્ષમાં તા. ૧–૧–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં આવા ઠરાવ છતાં બદલી ન થઈ હોય તેવા કિસ્સા કેટલાં ? | (૨)એક. |

---------

## ભાવનગર જિલ્લામાં પ્રવાસન વિકાસ માટેના સ્થળોનો વિકાસ

૨૪૪૬૧ **શ્રીમતિ વિભાવરીબેન વિ. દવે(ભાવનગર શહેર ઉત્તર): માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૧) ભાવનગર જિલ્લામાં સને ૨૦૧૦–૧૧ અને ૨૦૧૧–૧૨ના વર્ષમાં તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ પ્રવાસન સ્થળોના વિકાસ માટે કઈ કઈ કામગીરી હાથ ધરવામાં આવી, અને | (૧)ભાવનગર જિલ્લામાં સને ૨૦૧૦–૧૧ અને ૨૦૧૧–૧૨ના વર્ષમાં તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ નીચે મુજબની કામગીરી હાથ ધરવામાં આવી. (અ) **જિલ્લા કલેકટરશ્રી ભાવનગર દ્વારા વર્ષ** |

**૨૦૧૦–૧૧**

(૧) **ગોપનાથઃ** આંતરમાળખાકીય સુવિધાઓ જેવી કે એપ્રોચ રોડનું કામ, રહેવા માટેની સુવિધા, દરિયાકાંઠે બેસવા માટેની સુવિધા, લોકોને જરૂરી વસ્તુઓ મળી રહે તે માટે પ્રોવીઝન સ્ટોરની કામગીરી આયોજન હેઠળ છે.

૨૦૧૧–૧૨ના વર્ષમાં પ્રવાસનના વિકાસ માટે કોઈ કામગીરી હાથ ધરવામાં આવેલ નથી.

(બ) **ગુજરાત પ્રવાસન નિગમ લિ. દ્વારા**

(૧) **ભવાની બીચઃ** ભવાની બીચ ખાતે આંતરમાળખાકીય અને પ્રવાસન સુવિધાના વિકાસ માટે આર્કીટેકની પસંદગી કરવામાં આવેલ છે. ભવાની બીચ ખાતે દરિયાકાંઠા સુધી જવાનો રસ્તો, માહિતી કેન્દ્ર, જેટી, પ્રદર્શન માટે જગ્યા, ફુડ કોર્ટ, કાર પાર્કીંગ સીનીયર સીટીઝન એરીયા, રેતશીલ્પ એરીયા, પબ્લીક પ્લાઝા, ટેન્ટ ફેસીલીટી, સાયકલ ટ્રેક, વોકવે, પીવાના પાણીની વ્યવસ્થા, વીજળીકરણ, ડ્રેનેજ વ્યવસ્થા, રેસ્ટોરન્ટ/કાફેટેરીયા, વ્યુપોઈન્ટ અને સાઈનેજીસ જેવી કામગીરી કરાવવામાં આવનાર છે.

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૨)ઉક્ત સ્થિતિએ વર્ષવાર કુલ કેટલા વિકાસના કામો હાથ ધરવામાં આવ્યા? | (૨)(અ) જિલ્લા કલેકટરશ્રી ભાવનગર દ્વારા વર્ષ ૨૦૧૦–૧૧માં ગોપનાથ ખાતેની કામગીરી કાર્યપાલક ઈજનેરશ્રી માર્ગ અને મકાન મારફતે હાથ ધરવામાં આવી રહેલ છે. ખાનગી કન્સલટન્સી દ્વારા નકશા અને અંદાજો બનાવવાની કામગીરી પ્રગતિમાં છે. (બ) ગુજરાત પ્રવાસન નિગમ લિ. દ્વારા ભવાની બીચ ખાતેની કામગીરી માટે સૈધાંતિક મંજૂરી મળેલ છે. આ કામગીરી આયોજન હેઠળ છે. |

---------

## રાજકોટ જિલ્લામાં મુખ્ય અધિકારીની બદલી કરવા માટે નગરપાલિકાએ કરેલ ઠરાવ

૨૫૩૨૨ **શ્રી મહંમદ જાવેદ અ. પીરઝાદા(વાંકાનેર): માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નગરપાલિકા અધિનિયમની જોગવાઈઓ મુજબ બે તૃતીયાંશ સભ્યો નગરપાલિકાના મુખ્ય અધિકારીની બદલી કરવા ઠરાવ કરે તો ૩૦ દિવસમાં બદલી કરવી પડે છે હકીકત સાચી છે, અને | (૧)હા, જી. |
| (૨)જો હા, તો આ જોગવાઈ છતાં રાજકોટ જિલ્લામાં તા. ૧–૧–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં આવા ઠરાવ છતાં બદલી ન થઈ હોય તેવા કિસ્સા | (૨)એક. |

કેટલા ?

---

**રાજયના મહાનગરોમાં શહેરી ગરીબોના મંજૂર થયેલ આવાસો**

૨૪૪૭૧ **શ્રીમતિ ગીતાબેન ચો. પટેલ(સાબરમતી): માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યનાં મહાનગરોમાં શહેરી ગરીબોનાં આવાસ માટેના બીએસયુપી (બેઝિક સર્વિસ ટુ અર્બન પુઅર) પ્રોજેક્ટસ અંતર્ગત કુલ કેટલા આવાસો મંજૂર થયેલ છે, અને | (૧)કુલ ૧૨૮૯૬ આવાસો મંજૂર થયેલ છે. |
| (૨)તે પૈકી તા. ૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ આ યોજના અંતર્ગત કેટલા આવાસો પુર્ણ થયેલ છે? | (૨)કામગીરી પ્રગતિ હેઠળ છે. |

---

**ડાંગ અને વલસાડ જિલ્લામાં સિકલસેલ એનિમીયાના દર્દીઓની સારવાર**

૨૪૫૨૫ **શ્રી રમણલાલ ના. પાટકર( ઉમરગામ): માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સરકાર દ્વારા સીકલસેલ એનીમિયાના દર્દીઓ માટે કઈ કઈ આરોગ્ય સેવાઓ પૂરી પાડવામાં આવે છે, અને | (૧)સરકાર દ્વારા સીકલસેલ એનીમિયાના દર્દીઓ માટે નીચે મુજબની આરોગ્ય સેવાઓ પૂરી પાડવામાં આવે છે.<br>- સીકલસેલ એનીમીયાના દર્દીઓને સ્ક્રીનીંગ સારવાર, કાઉન્સેલીંગ તેમજ આરોગ્ય શિક્ષણની સેવાઓ પૂરી પાડવામાં આવે છે.<br>- સીકલસેલ એનીમીયાના રોગ માટે સ્ક્રીનીંગ કરી રોગના દર્દીઓને પીળું કાર્ડ આપવામાં આવે છે. આ ઉપરાંત સીકલસેલ વાહકને અડધુ પીળું અને અડધુ સફેદ કાર્ડ આપવામાં આવે છે.<br>- સીકલસેલ રોગના દર્દીઓને કાઉન્સેલર દ્વારા કાઉન્સેલીંગ કરી રોગ વિષે સંપૂર્ણ સમજ પૂરી પાડવામાં આવે છે. આ ઉપરાંત મૅરેજ કાઉન્સેલીંગ અને ગર્ભાધારણ માટે કાઉન્સેલીંગ પણ કરવામાં આવે છે.<br>- આ રોગના દર્દીઓને દરરોજ નિયમિત ગળવા માટે ફોલિક એસિડની ગોળીઓ આરોગ્ય કર્મચારીઓ દ્વારા દર માસે આપવામાં આવે છે. આ ઉપરાંત જરૂર જણાયે દર્દ શામક દવાઓ પણ આપવામાં આવે છે.<br>- સીકલસેલ રોગના દર્દીઓને જ્યારે ક્રાઈસીસ ઊભી થાય ત્યારે સરકારી હોસ્પિટલોમાં વિના મૂલ્યે |

સારવાર આપવામાં આવે છે. તેમજ આ દર્દીઓને જરૂર પડયે લોહી પણ આપવામાં આવે છે.

(૨)ડાંગ અને વલસાડ જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં આ રોગગ્રસ્ત કેટલા દર્દીઓને સારવાર આપવામાં આવી?

(૨)- ડાંગ જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સીકલસેલ એનીમીયા માટે કુલ ૧૩૭ દર્દીઓને સારવાર આપવામાં આવી છે.

-વલસાડ જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સીકલસેલ એનીમીયાની સારવાર માટે કુલ ૧૪૮ દર્દીઓને સારવાર આપવામાં આવી છે.

---------

## અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં સફાઈ કામ ન થવાની ફરીયાદો

૨૫૨૧૨ **શ્રી ગ્યાસુદીન હ. શેખ(શાહપુર): માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૩-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અમદાવાદની સિવિલ હોસ્પીટલમાં સફાઇ કામ ન થવાથી વ્યાપક ગંદકી ફેલાયેલ છે તે હકિકતથી સરકાર વાકેફ છે,

(૨)જો હા, તો આ ગંદકી દૂર કરવા અને સફાઇ કામ નિયમીત કરવા રાજ્ય સરકારે કયા કયા પ્રકારના પગલા લીધા, અને

(૩)સફાઇ-ગંદકી દૂર સમયસર નહી કરવા અન્વયે જવાબદારો સામે સરકાર પગલા ભરવા માંગે છે કે કેમ ?

**જવાબ**

(૧)સિવીલ હોસ્પીટલમાં કેટલીક જગ્યાએ સફાઇકામ તેમજ, અન્ય કારણોસર અપૂરતી સફાઇ થઇ હોવાનું જણાયેલ છે.

(૨)સમગ્ર બાબતે નામદાર હાઇકોર્ટની સૂચના મુજબ કાર્યવાહી કરવામાં આવી છે.

(૩)હાલમાં આ અંગે નામદાર હાઇકોર્ટ દ્બારા નિયુકત સમિતિ પાસે આ સમગ્ર બાબત ચકાસણી હેઠળ છે.

---------

## અમદાવાદની મણીબેન આયુર્વેદિક હોસ્પિટલને મૉડેલ આયુર્વેદિક હોસ્પિટલ બનાવવાની યોજના

૨૪૫૪૧ **ડૉ. માયાબેન સુ. કોડનાની(નરોડા): માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ અમદાવાદ ખાતેની મણીબેન આયુર્વેદિક હોસ્પિટલને મોડેલ આયુર્વેદિક હોસ્પિટલ બનાવવા માટેની રાજ્ય સરકારે કોઈ યોજના અમલમાં મુકી છે તે હકીકત સાચી છે, અને

(૨)જો હા, તો આ યોજના અંતર્ગત તા. ૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ શી કામગીરી કરવામાં આવેલ છે ?

**જવાબ**

(૧)હા, જી.

અમદાવાદ ખાતેની મણીબેન સરકારી આયુર્વેદ હોસ્પિટલને સેન્ટર ઓફ એકસેલન્સી ફોર ન્યુરોલોજીકલ ડીસઓર્ડસ તરીકે વિકસાવી મૉડેલ આયુર્વેદિક હોસ્પિટલ તરીકે વિકસાવવાની યોજના ગુજરાત સરકાર દ્બારા અમલમાં મુકવામાં આવેલ છે.

(૨)આ યોજના અંતર્ગત અમદાવાદ ખાતેની મણીબેન સરકારી આયુર્વેદ હોસ્પિટલના વિકાસ અને વિસ્તરણ માટે જરૂરી બાંધકામ ચાલુ છે.

---------

## પોરબંદર, જામનગર અને જુનાગઢ જિલ્લામાં સિંચાઈ યોજનાઓની મંજૂરી

૨૪૩૩૬ **શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા(પોરબંદર): માનનીય જળસંપતિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૦૧–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં પોરબંદર, જામનગર અને જુનાગઢ જિલ્લામાં નાની, મધ્યમ અને મોટી કક્ષાની કોઈ સિંચાઈ યોજનાઓ મંજૂર કરવામાં આવી છે,

(૨) જો હા, તો કયારે મંજૂર કરવામાં આવી,

(૩) દરેક યોજનાવાર કુલ કેટલા રૂપિયાનું ખર્ચ કરવાનું આયોજન છે, અને ઉપરોકત સ્થિતિએ કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને

(૪) તે અન્વયે કેટલા કામો પૂર્ણ થયા અને બાકીના કામો હાલ કયા તબકકે છે અને કયાં સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે ?

**જવાબ**

(૧) જૂનાગઢ જિલ્લામાં શિંગોડા વિયર નં.૧ મધ્યમ સિંચાઈ યોજના તથા શિંગોડા વિયર નં.૨ મધ્યમ સિંચાઈ યોજના મંજૂર કરવામાં આવી છે.

(૨) શિંગોડા વિયર નં.૧ ગામ ઘાંટવડ તા. કોડીનાર તા.૨૮–૦૪–૧૦ના તથા શિંગોડા વિયર નં.૨ ગામ સુગાલા તા. કોડીનાર તા.૧૭–૦૫–૧૦ના રોજ મંજૂર કરવામાં આવી.

(૩) અને (૪)

શિંગોડા વિયર નં.૧માં અંદાજીત કિંમત ` ૨૬.૫૦ કરોડ તથા શિંગોડા વિયર નં.૨માં અંદાજીત કિંમત ` ૨૬.૧૯ કરોડનો ખર્ચ કરવાનું આયોજન છે. જે પૈકી કોઈ ખર્ચ હાલમાં કરવામાં આવેલ નથી. કેમકે શિંગોડા વિયર નં.૧ અને શિંગોડા વિયર નં.૨ આલેખન તબકકે છે. આલેખન આખરી થયા બાદ બે વર્ષમાં કામ પૂર્ણ કરવાનું આયોજન છે.

---------

## નવસારી જિલ્લામાં ચિરંજીવી યોજનામાં માતાઓને આપેલ સુવિધાઓ

૨૫૫૮૩ **શ્રી લક્ષ્મણભાઇ પ. પટેલ( ગણદેવી): માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) નવસારી જિલ્લામાં વનબંધુ કલ્યાણ યોજના અંતર્ગત ચિરંજીવી યોજના હેઠળ તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં માતાઓને કયા કયા પ્રકારની સુવિધાઓ આપવામાં આવેલ છે, અને

(૨) તે પાછળ તા.૩૧–૧૨–૨૦૧૧ સુધીમાં

**જવાબ**

(૧) વનબંધુ કલ્યાણ યોજના અંતર્ગત નવસારી જિલ્લામાં ચિરંજીવી યોજના હેઠળ છેલ્લા તા.૩૧–૧૨–૧૧ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગરીબી રેખા હેઠળની (બી.પી.એલ.કાર્ડ ધરાવતી) કુટુંબની પ્રસુતા બહેનો તથા ગરીબી રેખા હેઠળ ઉપરની (એ.પી.એલ.કાર્ડ ધરાવતી) પરંતુ આવક વેરો ન ભરતી હોય તેવા અનુસુચિત જન જાતિ કુટુંબોની પ્રસુતા બહેનોને આ યોજના અંતર્ગત કરારબદ્ધ થયેલ સ્ત્રી રોગ નિષ્ણાંતને ત્યાં પ્રસુતિ સંબંધિત તમામ સેવાઓ વિના મૂલ્યે આપવામાં આવે છે. તેમજ વાહનવ્યવહારના ` ૨૦૦/- પ્રસુતા બહેનને ડોકટર દ્વારા રોકડા આપવામાં આવે છે.

(૨) વનબંધુ કલ્યાણ યોજના અંતર્ગત

| | |
|---|---|
| કેટલો ખર્ચ થયેલ છે ? | ચિરંજીવી યોજનામાં છેલ્લા બે વર્ષમાં તા.૩૧-૧૨-૧૧ ની સ્થિતિએ (વનબંધુ તાલુકા વાંસદા અને ચીખલીમાં)કુલ` ૭૦,૬૧,૦૦૦/- નો ખર્ચ થયેલ છે. |

---------

## શ્રી અંબાજી મંદિરના પરિસરના વિકાસ માટે ફાળવેલ રકમ બાબત

૨૪૪૫૩ **શ્રી વસંતકુમાર પ. ભટોળ( દાંતા): માનનીય યાત્રાધામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સને ૨૦૧૦-૧૧ અને ૨૦૧૧-૧૨ ના વર્ષમાં તા. ૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અંબાજી મંદિરના પરિસરના વિકાસ માટે પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ દ્વારા કેટલી રકમ કયા કયા કામો માટે ફાળવવામાં આવી, | (૧)સને ૨૦૧૦-૧૧ અને ૨૦૧૧-૧૨ના વર્ષમાં તા. ૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અંબાજી મંદિરના પરિસરના વિકાસ માટે પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ દ્વારા કોઈ ગ્રાન્ટ ફાળવવામાં આવેલ નથી. |
| (૨)ફાળવેલ રકમ પૈકી કેટલો ખર્ચ કયા કામ માટે કરવામાં આવ્યો. | (૨)કોઈ ગ્રાન્ટ ફાળવેલ ન હોઈ ખર્ચ કરવાનો પ્રશ્ન રહેતો નથી. |
| (૩)આ કામો કેટલા સમયમાં પુર્ણ કરવાનું આયોજન છે, અને | (૩)શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટ, અંબાજીના નાણાકીય ફંડમાંથી સદરહુ કામગીરી ૧૮ માસમાં પૂર્ણ કરવાનુ આયોજન કરેલ છે. |
| (૪)યાત્રાળુઓને આ વિકાસ કામો બાદ કયા કયા પ્રકારની સવલતો મળશે ? | (૪)યાત્રાળુઓ માટે ટોકન સિસ્ટમથી દર્શન વ્યવસ્થા, લગેજ અને પગરખા કેન્દ્ર, વેઈટીંગ લોન્જ, ફાઉન્ટેઈન, રેમ્પ, સ્ટોન કલેડીંગ, મંદિર સંકુલનું ફલોરીંગ, લાઈટીંગ, મંદિર સંકુલમાં ફાઈબર ડોમની જગ્યાએ કલાત્મક કોતરણીવાળા પથ્થરની કોરીડોર માટેની લાઇન વ્યવસ્થા, મહાનુભાવો માટે વેઈટીંગ રૂમ અને અન્ય યોગ્ય સુધારા વધારાની કામગીરી. |

---------

## રાજ્યની નર્સીંગ કોલેજોમાં એમ.એસ.સી. નર્સીંગની બેઠકો

૨૪૫૪૨ **ડાૅ. નીમાબેન ભા. આચાર્ય (અંજાર): માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧)રાજ્યની સરકારી/અર્ધસરકારી/સ્વનિર્ભર નર્સીંગ કોલેજોમાં તા.૩૧-૧૨-૧૧ની સ્થિતિએ નર્સીંગમાં પ્રવેશ માટેની બેઠકો કેટલી છે, અને | (૧) તા.૩૧-૧૨-૧૧ની સ્થિતિએ રાજ્યમાં એમ.એસ.સી. નર્સીંગ કોર્ષની માહિતી નીચે મુજબ છે. |

| નર્સીંગ પોસ્ટ ગ્રેજ્યુએટ કોર્ષ (બે વર્ષ) | | ૨૦૧૧-૧૨ |
|---|---|---|
| | સરકારી | ૨૫ |
| | મ્યુ.કોર્પોરેશન | - |

| | | | |
|---|---|---|---|
| | | કુલ | ૭૫ |

(૨)એમ.એસ.સી. નર્સીંગમાં પ્રવેશ માટે ક્યા ક્યા વર્ગની કેટલી બેઠકો અનામત રાખવામાં આવે છે ?

(૨) એમ.એસ.સી. નર્સીંગમાં પ્રવેશ માટે

- એસ.સી.કેટેગરી ૦૭ ટકા
- એસ.ટી.કેટેગરી ૧૫ ટકા
- એસ.ઈ.બી.સી. ૨૭ ટકા
- વિકલાંગ માટે ૦૩ ટકા

બેઠકો અનામત રાખવામાં આવે છે.

---------

## રાજ્યમાં નવી તબીબી કોલેજો શરૂ કરવા અંગે

૨૪૫૩૩ **શ્રી કિશોરભાઇ વાંકાવાલા( સુરત શહેર પશ્ચિમ): માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧)રાજ્યમાં વર્ષ ૨૦૧૧–૧૨ દરમ્યાન તા.૩૧–૧–૨૦૧૨ સુધીમાં કેટલી નવી તબીબી કોલેજો શરૂ કરવામાં આવેલ છે, અને

(૨)નવી તબીબી કોલેજો શરૂ થવાના કારણે સ્નાતક અને અનુસ્નાતક કક્ષાની કુલ કેટલી પ્રવેશ બેઠકોનો વધારો થયેલ છે?

**જવાબ**

(૧) રાજ્યમાં વર્ષ ૨૦૧૧–૧૨ દરમ્યાન તા.૩૧–૧–૨૦૧૨ સુધીમાં ત્રણ નવી તબીબી કોલેજો શરૂ કરવામાં આવેલ છે.

(૨) આ નવી તબીબી કોલેજો શરૂ થવાના કારણે તબીબી અભ્યાસક્રમમાં સ્નાતક કક્ષાએ જી.એમ.ઈ.આર.એસ. સંચાલિત બે મેડીકલ કોલેજમાં કુલ ૩૦૦ બેઠકો તથા એક સ્વનિર્ભર મેડીકલ કોલેજમાં ૧૫૦ મળી કુલ ૪૫૦ બેઠકોનો વધારો થયેલ છે. નવી મેડીકલ કોલેજ સ્નાતક કક્ષાની શરૂ કરવામાં આવેલ છે. જેથી અનુસ્નાતક બેઠકોમાં કોઈ વધારો થવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

## વડોદરા જિલ્લામાં જવાહરલાલ નહેરૂ નેશનલ અર્બન ડેવલપમેન્ટના કામો માટે ફાળવેલ રકમ

૨૪૯૭૬ **શ્રી મોહનસિંહ છો. રાઠવા( જેતપુર-પાવી): માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧)તા.૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર વડોદરા શહેર અને જિલ્લાના વિકાસ માટે જવાહરલાલ નહેરૂ અર્બન ડેવલપમેન્ટ યોજના દ્વારા રાજ્ય સરકારે કેટલી રકમ કયા ક્યા કામો માટે ફાળવી,

**જવાબ**

(૧) છેલ્લા ત્રણ વર્ષમાં આ યોજના દ્વારા નીચે મુજબના કામો માટે રકમ ફાળવેલ છે.

(રકમ રૂ. કરોડમાં)

| યોજનાનું નામ | ૨૦૦૯–૨૦૧૦ | ૨૦૧૦–૨૦૧૧ | ૨૦૧૧–૨૦૧૨ | કુલ |
|---|---|---|---|---|
| યુ.આઈ.જી. | ૧૧૩.૦૧ | ૯૧.૮ | ૫૯.૩૧ | ૨૬૪.૧૨ |
| બી.એસ.યુ.પી. | ૬૦.૫૫ | ૧૯.૫ | ૨૨.૭૬ | ૧૦૨.૮૧ |
| કુલ | ૧૩૩.૫૬ | ૧૧૧.૩ | ૮૨.૦૭ | ૩૬૬.૯૩ |

(૨)ઉક્ત સ્થિતિએ આ ફાળવેલ રકમમાંથી ક્યા ક્યા કામો પૂર્ણ થયા અને કેટલા કામો પ્રગતિ હેઠળ છે, અને

(૨)

| યોજનાનું નામ | પૂર્ણ થયેલ પ્રોજેક્ટની સંખ્યા | પ્રગતિ હેઠળ પ્રોજેક્ટની સંખ્યા |
|---|---|---|
| યુ.આઈ.જી. | ૪ | ૮ |
| બી.એસ.યુ.પી. | ૧ | ૩ |
| **કુલ** | **૫** | **૧૧** |

(૩)કેટલા કામો હજુ કરવામાં આવ્યા નથી ?

(૩) મંજૂર કરેલ બધાજ કામો શરૂ કરેલ છે.

---------

## નવસારી જિલ્લામાં શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ હેઠળ બાળકોની સારવાર

૨૪૫૩૧ **શ્રી નરેશભાઇ મ. પટેલ( ચીખલી): માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧)નવસારી જિલ્લામાં શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ હેઠળ તા.૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા તાલુકાવાર બાળકોને ક્યા ક્યા રોગો માટે સારવાર આપવામાં આવી છે, અને

(૨)તે પૈકી કેટલા બાળકોને રેફરલ સારવાર અને તજજ્ઞ સારવાર આપવામાં આવી ?

**જવાબ**

(૧) નવસારી જિલ્લામાં શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ હેઠળ તા.૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર કુલ–૧૧૭૫૪૯ બાળકોને જુદા જુદા રોગો માટે સારવાર આપવામાં આવેલ છે જેની વિગત દર્શાવતું **પત્રક–અ** સામેલ છે.

(૨) તે પૈકી કુલ–૬૭૪૭ બાળકોને રેફરલ સારવાર અને તજજ્ઞ સારવાર આપવામાં આવેલ છે જેની વિગત દર્શાવતું **પત્રક–બ** સામેલ છે.

**પ ત્ર ક – અ**

| વર્ષ | તાલુકાનું નામ | પાંડુરોગ | આંત્રકૃમિ | દાંતની તકલીફ | આંખની તકલીફ | કાન–નાક–ગળાની તકલીફ | પેટની તકલીફ | ચામડીના રોગ | શરીરની સ્થૂળતા | તમાકુનું સેવન | માનસીક તણાવ | જાતીય રોગો | શ્વસનતંત્રના રોગ | ચેતાત્રંતના રોગ | અસ્થિતંત્રના રોગ | વિકલાંગતા | અન્ય | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૨૦૧૦–૨૦૧૧ | નવસારી | ૪૦૦૨ | ૩૬૮૩ | ૨૫૩૭ | ૧૦૬૯૨ | ૭૮૧ | ૭૭૩ | ૮૪૪ | ૧૩૦ | ૩ | ૧૧ | ૩ | ૭૭૫૪ | ૩ | ૧૩ | ૧૩ | ૫ | ૩૧૨૪૭ |
| | જલાલપોર | ૧૯૯૯ | ૧૫૬૬ | ૩૯૮ | ૫૯૯ | ૧૭૬ | ૧૦૭ | ૨૬૬ | ૨ | ૦ | ૦ | ૦ | ૨૦૧ | ૦ | ૩ | ૧૩ | ૪ | ૫૩૩૪ |
| | ગણદેવી | ૧૯૨૨ | ૧૯૬૭ | ૬૬૦ | ૧૨૬૯ | ૩૧૫ | ૧૪૪ | ૩૩૨ | ૦ | ૦ | ૦ | ૦ | ૩૩૦ | ૦ | ૦ | ૪ | ૫ | ૬૯૪૮ |
| | ચીખલી | ૫૨૯૧ | ૫૧૨૬ | ૧૧૧૨ | ૧૬૦૫ | ૨૩૭ | ૫૮૪ | ૮૯૭ | ૨ | ૦ | ૧૧ | ૧ | ૨૦૨ | ૧૧૩ | ૯ | ૧૯ | ૩૨ | ૧૫૨૪૧ |
| | વાંસદા | ૨૩૧૭ | ૨૧૭૩ | ૩૯૫ | ૮૯૩ | ૧૧૪ | ૧૪૫ | ૩૭૬ | ૦ | ૦ | ૩ | ૦ | ૨૧૮ | ૪ | ૧૬ | ૪ | ૭ | ૬૬૬૫ |
| | **કુલ** | **૧૫૫૩૧** | **૧૪૫૧૫** | **૫૧૦૨** | **૧૫૦૫૮** | **૧૬૨૩** | **૧૭૫૩** | **૨૭૧૫** | **૧૩૪** | **૩** | **૨૫** | **૪** | **૮૭૦૫** | **૧૨૦** | **૪૧** | **૫૩** | **૫૩** | **૬૫૪૩૫** |
| ૨૦૧૧–૧૨ (૩૧–૧૨–૧૧ અંતિત) | નવસારી | ૧૮૪૪ | ૧૫૮૦ | ૧૨૦૬ | ૨૫૮૬ | ૫૯૬ | ૭૩૦ | ૭૨૧ | ૧૧૫ | ૮ | ૨૨ | ૨૪ | ૧૩૧૨ | ૦ | ૭૧૯ | ૩૭ | ૧૭૩ | ૧૧૬૭૩ |
| | જલાલપોર | ૧૨૩૧ | ૭૮૧ | ૫૧૨ | ૭૯૦ | ૩૦૪ | ૨૪૭ | ૩૧૬ | ૧૧ | ૦ | ૧ | ૧૮ | ૩૦૩ | ૦ | ૯ | ૧૭ | ૧૦૧૧ | ૫૫૫૧ |
| | ગણદેવી | ૫૮૩૧ | ૪૯૫૯ | ૬૨૯ | ૩૫૧ | ૨૩૪ | ૪૭૬ | ૫૮૩ | ૫ | ૦ | ૪ | ૦ | ૧૫૨૧ | ૧૯ | ૨૨ | ૫૧ | ૧૫૪૨ | ૧૬૨૨૭ |
| | ચીખલી | ૩૪૧૨ | ૩૭૮૦ | ૬૨૯ | ૫૦૬ | ૩૧૮ | ૨૧૮ | ૪૮૫ | ૧૩ | ૮ | ૯ | ૦ | ૫૪ | ૭ | ૧૬ | ૪૧ | ૬૭૮ | ૧૦૧૭૪ |
| | વાંસદા | ૨૦૯૪ | ૧૭૭૯ | ૫૪૪ | ૩૬૫ | ૨૬૭ | ૩૯૧ | ૭૦૫ | ૧૪૮ | ૦ | ૨ | ૩૩ | ૫૯૦ | ૦ | ૩ | ૫૬ | ૧૫૧૨ | ૮૪૮૯ |
| | **કુલ** | **૧૪૪૧૨** | **૧૨૮૭૯** | **૩૫૨૦** | **૪૫૯૮** | **૧૭૧૯** | **૨૦૬૨** | **૨૮૧૦** | **૨૯૨** | **૧૬** | **૩૮** | **૭૫** | **૩૭૮૦** | **૨૬** | **૭૬૯** | **૨૦૨** | **૪૯૧૬** | **૫૨૧૧૪** |

**પ ત્ર ક – બ**

| વર્ષ | તાલુકાનું નામ | સંદર્ભ સેવાપાત્ર બાળકો | સંદર્ભસેવા આપેલ બાળકો | બાળ રોગ નિષ્ણાંત દ્વારા | આંખ રોગ નિષ્ણાંત દ્વારા | દાંત રોગ નિષ્ણાંત દ્વારા | ચામડીના રોગના નિષ્ણાંત દ્વારા | કાન, નાક, ગળાના નિષ્ણાંત દ્વારા | અન્ય | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૨૦૧૦–૨૦૧૧ | નવસારી | ૨૮૬૮ | ૨૮૬૮ | ૧૨૧ | ૨૪૭૧ | ૧૦૦ | ૮૩ | ૯૩ | ૦ | ૨૮૬૮ |
| | જલાલપોર | ૬૦૫ | ૬૦૫ | ૧૩૮ | ૪૧૯ | ૧૦ | ૧૭ | ૨૧ | ૦ | ૬૦૫ |
| | ગણદેવી | ૧૪૭ | ૧૪૭ | ૫૮ | ૬૭ | ૬ | ૧૦ | ૬ | ૦ | ૧૪૭ |
| | ચીખલી | ૫૩૨ | ૫૩૨ | ૧૮૯ | ૨૯૪ | ૧૪ | ૨૦ | ૧૫ | ૦ | ૫૩૨ |
| | વાંસદા | ૫૩૧ | ૫૩૧ | ૨૨૪ | ૨૩૬ | ૩૫ | ૨૦ | ૧૬ | ૦ | ૫૩૧ |
| | **કુલ** | **૪૬૮૩** | **૪૬૮૩** | **૭૩૦** | **૩૪૮૭** | **૧૬૫** | **૧૫૦** | **૧૫૧** | **૦** | **૪૬૮૩** |
| ૨૦૧૧–૨૦૧૨ (૩૧–૧૨–૨૦૧૧ અંતિત) | નવસારી | ૧૬૮૩ | ૧૪૪૮ | ૭૭ | ૮૯૪ | ૨૫૮ | ૧૦૦ | ૪૮ | ૭૧ | ૧૪૪૮ |
| | જલાલપોર | ૯૫૯ | ૪૩૯ | ૧ | ૪૩૮ | ૦ | ૦ | ૦ | ૦ | ૪૩૯ |
| | ગણદેવી | ૧૧૪ | ૨૫ | ૧૨ | ૧ | ૦ | ૪ | ૮ | ૦ | ૨૫ |
| | ચીખલી | ૨૭૬ | ૯૩ | ૪૧ | ૩૪ | ૪ | ૩ | ૧૦ | ૧ | ૯૩ |
| | વાંસદા | ૪૮૭ | ૫૯ | ૨૩ | ૨૨ | ૨ | ૦ | ૦ | ૧૨ | ૫૯ |
| | **કુલ** | **૩૫૧૯** | **૨૦૬૪** | **૧૫૪** | **૧૩૮૯** | **૨૬૪** | **૧૦૭** | **૬૬** | **૮૪** | **૨૦૬૪** |

## રાજ્યમાં આયુર્વેદ કોલેજ અને હોસ્પિટલ સ્થાપવાની યોજના

૨૪૫૩૮ **શ્રી ગોવિંદભાઇ ઉ. પટેલ(રાજકોટ-૧): માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧)તા.૩૧–૧૨–૧૧ની સ્થિતિએ રાજ્ય સરકારે રાજ્યમાં અદ્યતન પ્રકારની આયુર્વેદ કોલેજ અને હોસ્પિટલ સ્થાપવાની કોઈ યોજના કરેલ છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨)જો હા, તો આ યોજનાની વિગતો શી છે, | (૨) રાજ્ય સરકારે ગાંધીનગર જિલ્લાના કોલવડા ખાતે એક મોડલ આયુર્વેદ હોસ્પિટલ જેમાં આયુર્વેદની આધુનિક સારવાર અને શૈક્ષણિક સવલત હશે. વધુમાં સિધ્ધપુર તાલુકાના દેથલી ખાતેની આયુર્વેદ હોસ્પિટલને અપગ્રેડ કરીને આધુનિક હોસ્પિટલ પણ બનાવવાનું આયોજન છે. |
| (૩)આ માટે અંદાજીત કેટલો ખર્ચ હશે, અને | (૩) કોલવડા ખાતેની મોડલ આયુર્વેદ હોસ્પિટલ માટે અંદાજે ₹ ૧૫૦/- કરોડનો ખર્ચ અંદાજવામાં આવેલ છે. જ્યારે દેથલી, તા.સિધ્ધપુર, જિ.પાટણની આધુનિક હોસ્પિટલ માટે અંદાજીત ખર્ચ આશરે ₹ ૧૯.૨૧ કરોડ થવાની શક્યતા છે. |
| (૪)આ હોસ્પિટલમાં કેવા પ્રકારની સુવિધાઓ અને સારવાર આપવામાં આવશે ? | (૪) કાયાચિકિત્સા, પંચકર્મ, ક્ષારસુત્ર, સ્ત્રી પ્રસુતિ, બાળરોગ, શલ્ય શાલાક્યામાં નેત્ર ચિકિત્સા, કર્ણચિકિત્સા, નાસાચિકિત્સા, દંતોત્પાટન, સ્વાસ્થ્યરક્ષણ જેવા વિવિધ વિભાગોના નિષ્ણાંત ચિકિત્સકો દ્વારા દર્દીઓને સારવાર આપવાનું આયોજન છે. |

---------

## ગ્લોબલ વાયબ્રન્ટ ઈન્વેસ્ટર્સ સમીટ–૨૦૧૧ માં આરોગ્ય ક્ષેત્રે થયેલ એમ.ઓ.યુ.

૨૪૫૪૦ **શ્રી વલ્લભભાઇ ગો. કાકડીયા(રખિયાલ): માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| જાન્યુઆરી–૨૦૧૧ માં ગાંધીનગર ખાતે | ` ૧૬૨૪૯.૯૧ કરોડ. |

યોજાયેલ ગુજરાત ગ્લોબલ વાયબ્રન્ટ ઈન્વેસ્ટર્સ સમીટમાં આરોગ્ય ક્ષેત્રે કેટલી રકમના એમ.ઓ.યુ. થયા ?

---------

## બનાસકાંઠા જિલ્લામાં ચિરંજીવી યોજનામાં માતાઓને આપવામાં આવેલ સુવિધાઓ

૨૫૫૮૪ **શ્રી બાબુભાઇ જે. દેસાઇ(કાંકરેજ): માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧)બનાસકાંઠા જિલ્લામાં વનબંધુ કલ્યાણ યોજના અંતર્ગત ચિરંજીવી યોજના હેઠળ તા.૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં માતાઓની ક્યા ક્યા પ્રકારની સુવિધાઓ આપવામાં આવેલ છે, અને

(૨)તે પાછળ તા.૩૧–૧૨–૨૦૧૧ સુધીમાં કેટલો ખર્ચ થયેલ છે ?

**જવાબ**

(૧) વનબંધુ કલ્યાણ યોજના અંતર્ગત બનાસકાંઠા જિલ્લામાં ચિરંજીવી યોજના હેઠળ છેલ્લા તા.૩૧–૧૨–૧૧ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગરીબી રેખા હેઠળની (બી.પી.એલ. કાર્ડ ધરાવતી) કુટુંબની પ્રસુતા બહેનો તથા ગરીબી રેખા હેઠળ ઉપરની (એ.પી.એલ. કાર્ડ ધરાવતી) પરંતુ આવક વેરો ન ભરતી હોય તેવા અનુસૂચિત જનજાતિ કુટુંબોની પ્રસુતા બહેનોને આ યોજના અંતર્ગત કરારબધ્ધ થયેલ સ્ત્રી રોગ નિષ્ણાંતને ત્યાં પ્રસુતિ સંબંધિત તમામ સેવાઓ વિના મૂલ્યે આપવામાં આવે છે. તેમજ વાહન વ્યવહારના રૂ.૨૦૦ પ્રસુતા બહેનને ડૉકટર દ્વારા રોકડા આપવામાં આવે છે.

(૨) વનબંધુ કલ્યાણ યોજના અંતર્ગત ચિરંજીવી યોજનામાં છેલ્લા બે વર્ષમાં તા.૩૧–૧૨–૧૧ની સ્થિતિએ (વનબંધુ તાલુકા–અમીરગઢ અને દાંતામાં) કુલ ` ૧,૨૭,૨૭,૫૦૫/– નો ખર્ચ થયેલ છે.

---------

## આણંદ જિલ્લામાં નગરપાલિકાવાર ગરીબી રેખા હેઠળના કુટુંબો

૨૫૦૨૪ **શ્રી અમિતકુમાર અ. ચાવડા( બોરસદ): માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧)તા.૩૧–૧–૧૧ની સ્થિતિએ આણંદ જિલ્લામાં નગરપાલિકાના શહેર વિસ્તારોમાં કેટલા ગરીબી રેખા હેઠળ કુટુંબો છે,

(૨)આ બી.પી.એલ. કુટુંબોનો સર્વે છેલ્લે ક્યા વર્ષમાં આવેલ હતો, અને

**જવાબ**

(૧) કુલ ૪૨૮૨૨ કુટુંબો છે.

(૨)

| અ.નં. | નગરપાલિકાનું નામ | બી.પી.એલ. કુટુંબોનો સર્વે ક્યાં વર્ષમાં કરવામાં આવ્યો |
|---|---|---|
| ૧. | આણંદ | ૨૦૦૪–૦૫ |
| ૨. | ખંભાત | ૨૦૦૭–૦૮ |
| ૩. | પેટલાદ | ૨૦૧૦–૧૧ |
| ૪. | બોરસદ | ૨૦૦૪–૦૫ |
| ૫. | ઉમરેઠ | ૨૦૦૪–૦૫ |
| ૬. | આંકલાવ | ૨૦૦૪–૦૫ |
| ૭. | બોરીયાવી | ૨૦૦૪–૦૫ |
| ૮. | કરમસદ | ૨૦૦૪–૦૫ |

| | | |
|---|---|---|
| ૯. | ઓડ | ૨૦૦૮-૦૯ |
| ૧૦. | વિદ્યાનગર | ૨૦૦૪-૦૫ |
| ૧૧. | સોજીત્રા | ૨૦૦૨-૦૩ |

(૩)આ સર્વે કોના દ્વારા કરવામાં આવેલ હતો ?

(૩)

| અ.નં. | નગરપાલિકાનું નામ | સર્વે કોના દ્વારા કરવામાં આવ્યો |
|---|---|---|
| ૧. | આણંદ | ૨૦૦૪-૦૫ માં આણંદ નગરપાલિકા દ્વારા |
| ૨. | ખંભાત | ૨૦૦૭-૦૮ માં ખંભાત નગરપાલિકા દ્વારા |
| ૩. | પેટલાદ | ૨૦૧૦-૧૧ માં પેટલાદ નગરપાલિકા દ્વારા |
| ૪. | બોરસદ | ૨૦૦૪-૦૫ માં બોરસદ નગરપાલિકા દ્વારા |
| ૫. | ઉમરેઠ | ૨૦૦૪-૦૫ માં ઉમરેઠ નગરપાલિકા દ્વારા |
| ૬. | આંકલાવ | ૨૦૦૪-૦૫ માં આંકલાવ નગરપાલિકા દ્વારા |
| ૭. | બોરીયાવી | ૨૦૦૪-૦૫ માં બોરીયાવી નગરપાલિકા દ્વારા |
| ૮. | કરમસદ | ૨૦૦૪-૦૫ માં કરમસદ નગરપાલિકા દ્વારા |
| ૯. | ઓડ | ૨૦૦૮-૦૯ માં ઓડ નગરપાલિકા દ્વારા |
| ૧૦. | વિદ્યાનગર | ૨૦૦૪-૦૫ માં વિદ્યાનગર નગરપાલિકા દ્વારા |
| ૧૧. | સોજીત્રા | ૨૦૦૨-૦૩ માં સોશ્યિલ ઈકોનોમિક એજન્સી દ્વારા |

## આરોગ્ય અધિકારી દ્વારા કપડવંજમાં નવું સામૂહિક આરોગ્ય કેન્દ્રો આપવાની માંગણીની દરખાસ્ત

૨૫૧૦૯ **શ્રી મણીભાઇ દે. પટેલ( કપડવંજ): માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧)ખેડા જિલ્લા આરોગ્ય અધિકારી દ્વારા કપડવંજમાં નવું સામૂહિક આરોગ્ય કેન્દ્ર શરૂ કરવાની માંગણીની દરખાસ્ત મળી છે, અને

(૨)જો હા, તો ક્યારે મંજૂર કરવામાં આવશે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) રાજ્યમાં નવા સામૂહિક આરોગ્ય કેન્દ્રો સ્થાપવાની સર્વગ્રાહી વિચારણા સમયે કપડવંજમાં સામૂહિક આરોગ્ય કેન્દ્ર મંજૂર કરવા વિચારણા કરવામાં આવશે.

## અમદાવાદ જિલ્લામાં ૧૦૮ એમ્બ્યુલન્સ સેવાના લાભાર્થીઓ

૨૪૫૪૯ **શ્રી બાબુભાઇ જ. પટેલ(દસક્રોઇ): માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

અમદાવાદ જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ૧૦૮ એમ્બ્યુલન્સ સેવા મારફતે કેટલા લોકોએ લાભ લીધો ?

**જવાબ**

૯૩૪૫૨.

---------

## અમદાવાદ યુ.એન.મહેતા કાર્ડીયોલોજીને ફાળવેલ ગ્રાન્ટ

૨૪૫૩૭ **શ્રી ભૂષણ અ. ભટ્ટ(ખાડીયા): માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧)અમદાવાદની યુ. એન. મહેતા કાર્ડીયોલોજી ઈન્સ્ટીટ્યુટ ૨૦૧૦-૨૦૧૧ અને ૨૦૧૧-૧૨ના વર્ષમાં તા. ૩૧-૧૨-૨૦૧૧ની

**જવાબ**

(૧) અમદાવાદની યુ. એન. મહેતા કાર્ડીયોલોજી ઈન્સ્ટીટ્યુટને વર્ષ ૨૦૧૦-૨૦૧૧ અને ૨૦૧૧-૧૨ માં

સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નાણાકીય વર્ષમાં રાજ્ય સરકારે વર્ષવાર કેટલી ગ્રાન્ટ આપી, અને

તા.૩૧-૧૨-૨૦૧૧ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નાણાકીય વર્ષમાં રાજ્ય સરકારે વર્ષવાર આપેલ ગ્રાન્ટની માહિતી નીચે મુજબ છે.

| | |
|---|---|
| વર્ષ-૨૦૧૦-૨૦૧૧ | ` ૬૨.૭૪ કરોડ |
| વર્ષ-૨૦૧૧-૨૦૧૨ | ` ૫૦.૩૪ કરોડ |

(૨)આ ઈન્સ્ટીટ્યુટ ઘ્વારા કેટલા આઉટડોર અને ઈન્ડોર પેશન્ટને આ સમયગાળા દરમ્યાન સારવાર આપવામાં આવી ?

(૨) આ ઈન્સ્ટીટ્યુટ દ્વારા આ સમયગાળા દરમ્યાન આઉટડોર અને ઈન્ડોર પેશન્ટોને આપેલ સારવારની માહિતી નીચે મુજબ છે.

| વર્ષ | બહારના દર્દીઓ (ઓપીડી) | અંદરના દર્દીઓ (ઈન્ડોર) |
|---|---|---|
| ૨૦૧૦-૨૦૧૧ | ૭૨,૮૦૩ | ૧૧,૯૯૯ |
| ૨૦૧૧-૨૦૧૨ | ૫૮,૩૯૯ | ૧૦,૬૮૬ |

---------

## બનાસકાંઠા જિલ્લામાં ૧૦૮ એમ્બ્યુલન્સ સેવાના લાભાર્થીઓ

૨૪૫૨૩ **શ્રી મફતલાલ મો. પુરોહિત(ધાનેરા): માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧)બનાસકાંઠા જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ૧૦૮ એમ્બ્યુલન્સ સેવાનો કેટલા લાભાર્થીઓએ લાભ લીધો, અને

(૨)આ પૈકી કેટલાની જિંદગી બચાવવામાં આવી ?

**જવાબ**

(૧) બનાસકાંઠા જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ ૮૬૭૯૬ લાભાર્થીઓએ લાભ લીધો.

(૨) આ પૈકી કુલ ૨૦૨૭ ની જિંદગી બચાવવામાં આવી.

---------

## વડોદરા અને નર્મદા જિલ્લામાં સીકલસેલ એનિમીયા રોગની તપાસ

૨૫૫૯૩ **શ્રી અભેસિંહ મો. તડવી( સંખેડા): માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧)વનબંધુ કલ્યાણ યોજના અંતર્ગત વડોદરા અને નર્મદા જિલ્લામાં સીકલસેલ એનિમીયા રોગની તપાસ માટે તા.૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ કોઈ કાર્યક્રમ અમલમાં છે,

(૨)જો હા, તો તેમાં ક્યા કયા પ્રકારની તપાસ કરવામાં આવે છે,

(૩)તા. ૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા દર્દીઓની ચકાસણી કરવામાં આવેલ છે, અને

**જવાબ**

(૧) હા, વનબંધુ કલ્યાણ યોજના અંતર્ગત વડોદરા અને નર્મદા જિલ્લામાં સીકલસેલ એનિમીયા રોગની તપાસ માટે સીકલસેલ એનિમીયા નિયંત્રણ કાર્યક્રમ અમલમાં છે.

(૨) - આદિજાતિ વસ્તીમાં સીકલસેલ એનિમીયા રોગની તપાસ માટે DTT ટેસ્ટ કરવામાં આવે છે.

- DTT ટેસ્ટ પોઝીટીવ આવેલ દર્દીઓના આખરી નિદાન માટે HPLC ટેસ્ટ દ્વારા સીકલસેલ ડીસીઝ કે સીકલસેલ ટ્રેઈટની વિગતો જાણી શકાય.

(૩) તા. ૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ વડોદરા અને નર્મદા જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં નીચે જણાવ્યા મુજબના દર્દીઓની તપાસ કરવામાં આવી.

| અ. નં. | વર્ષ | વડોદરા | નર્મદા |
|---|---|---|---|
| ૧ | ૨૦૧૦ | ૩૧૨ | ૧૩૧૫ |
| ૨. | ૨૦૧૧ | ૩૯૨ | ૧૯૫ |

(૪)તેની પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

(૪) સીકલસેલ એનીમીયા નિયંત્રણ કાર્યક્રમ અંતર્ગત છેલ્લા બે વર્ષમાં કરવામાં આવેલ ખર્ચની વિગતો નીચે મુજબ છે.

| અ.નં. | વર્ષ | વડોદરા | નર્મદા |
|---|---|---|---|
| ૧ | ૨૦૧૦-૧૧ | ` ૩,૬૭,૫૧૫/- | ` ૭,૭૯,૭૪૩/- |
| ૨ | ૨૦૧૧-૧૨ | ` ૫,૨૪,૩૯૬/- | ` ૧૪,૦૧,૯૬૮/- |

---------

## નવસારી અને વલસાડ જિલ્લામાં સીક્લસેલ એનિમીયા રોગની તપાસ

૨૫૫૯૨ **શ્રી આર. સી. પટેલ( જલાલપોર): માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧)વનબંધુ કલ્યાણ યોજના અંતર્ગત નવસારી અને વલસાડ જિલ્લામાં સીકલસેલ એનિમીયા રોગની તપાસ માટે તા.૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ કોઈ કાર્યક્રમ અમલમાં છે,

(૧) હા, વનબંધુ કલ્યાણ યોજના અંતર્ગત નવસારી અને વલસાડ જિલ્લામાં સીકલસેલ એનિમીયા રોગની તપાસ માટે સીકલસેલ એનિમીયા નિયંત્રણ કાર્યક્રમ અમલમાં છે.

(૨)જો હા, તો તેમાં ક્યા કયા પ્રકારની તપાસ કરવામાં આવે છે,

(૨)

- આદિજાતિ વસ્તીમાં સીકલસેલ એનિમીયા રોગની તપાસ માટે DTT ટેસ્ટ કરવામાં આવે છે.
- DTT ટેસ્ટ પોઝીટીવ આવેલ દર્દીઓના આખરી નિદાન માટે HPCL ટેસ્ટ દ્વારા સીકલસેલ ડીસીઝ કે સીકલસેલ ટ્રેઈટની વિગતો જાણી શકાય.

(૩)તા. ૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા દર્દીઓની ચકાસણી કરવામાં આવેલ છે, અને

(૩) તા. ૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ નવસારી અને વલસાડ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં નીચે જણાવ્યા મુજબના દર્દીઓની તપાસ કરવામાં આવી.

| અ. નં. | વર્ષ | નવસારી જિલ્લાના દર્દીઓ | વલસાડ જિલ્લાના દર્દીઓ |
|---|---|---|---|
| ૧ | ૨૦૧૦ | ૧૬૬ | ૨૦૦ |
| ૨. | ૨૦૧૧ | ૭૭ | ૧૪૮ |

(૩)તેની પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

(૪) સીકલસેલ એનીમીયા નિયંત્રણ કાર્યક્રમ અંતર્ગત છેલ્લા બે વર્ષમાં કરવામાં આવેલ ખર્ચની વિગતો નીચે મુજબ છે.

| અ.નં. | વર્ષ | નવસારી જિલ્લાનો કુલ ખર્ચ | વલસાડ જિલ્લાનો કુલ ખર્ચ |
|---|---|---|---|
| ૧ | ૨૦૧૦-૧૧ | ` ૧૧,૧૪,૭૯૪/- | ` ૨૯,૩૫,૮૧૦/- |
| ૨ | ૨૦૧૧-૧૨ | ` ૮,૫૭,૦૬૬/- | ` ૨૩,૩૦,૫૯૭/- |

---------

તા.૧લી માર્ચ, ૨૦૧૨

અતારાંકિત પ્રશ્નો

## પંચમહાલ અને દાહોદ જિલ્લામાં ચિરંજીવી યોજના હેઠળ માતાઓને આપવામાં આવેલ સુવિધાઓ

૨૫૫૮૫ **શ્રી અરવિંદસિંહ દા. રાઠોડ( કાલોલ): માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧)પંચમહાલ અને દાહોદ જિલ્લામાં વનબંધુ કલ્યાણ યોજના અંતર્ગત ચિરંજીવી યોજના હેઠળ તા. ૩૧-૧૨-૨૦૧૧ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં માતાઓની કયા કયા પ્રકારની સુવિધાઓ આપવામાં આવેલ છે, અને | (૧) વનબંધુ કલ્યાણ યોજના અંતર્ગત ચિરંજીવી યોજના હેઠળની (બી.પી.એલ. કાર્ડ ધરાવતી) કુટુંબની પ્રસુતા બહેનો તથા ગરીબી રેખા હેઠળ ઉપરની (એ.પી.એલ.કાર્ડ ધરાવતી) પરંતુ આવકવેરો ન ભરતી હોય તેવા અનુસૂચિત જનજાતિ કુટુંબોની પ્રસુતા બહેનોને આ યોજના અંતર્ગત કરારબધ્ધ થયેલ સ્ત્રી રોગ નિષ્ણાંતને ત્યાં પ્રસુતિ સંબંધિત તમામ સેવાઓ વિના મૂલ્યે આપવામાં આવે છે. તેમજ વાહનવ્યવહારના ` ૨૦૦/- પ્રસુતા બહેનને ડોકટર દ્વારા રોકડા આપવામાં આવે છે. |
| (૨)તે પાછળ તા. ૩૧-૧૨-૨૦૧૧ સુધીમાં કેટલો ખર્ચ થયેલ છે ? | (૨) વનબંધુ કલ્યાણ યોજના અંતર્ગત ચિરંજીવી યોજનામાં છેલ્લા બે વર્ષમાં તા. ૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ પંચમહાલ જિલ્લામાં કુલ ` ૧૦,૮૬,૧૭,૩૩૪/- અને દાહોદ જિલ્લામાં ` ૧૦,૨૮,૬૩,૪૧૦/- કુલ નો ખર્ચ થયેલ છે. |

---------

## સુરત શહેરમાં કુરૂક્ષેત્ર પાસે આવેલ ખાડીઓ પર સ્લુઈસ રેગ્યુલેટરના કામો

૨૪૪૬૬ **શ્રી નાનુભાઇ ભ. વાનાણી( સુરત શહેર ઉત્તર): માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧)સુરત શહેરમાં આવેલ મસાણીયા, અબ્રામા અને કુરૂક્ષેત્ર પાસે આવેલ ખાડીઓ પર સ્લુઈસ રેગ્યુલેટરના કામો તા. ૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ કયા તબક્કે છે, અને | (૧) આ કામો ૩૦-૧૧-૨૦૧૦ થી તા. ૩૧-૧૨-૨૦૧૧ દરમ્યાન પૂર્ણ થયેલા છે. |
| (૨)આ કામો ક્યારે પૂર્ણ કરવામાં આવશે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

## રાજ્યમાં પ્રવાસનને વેગ આપવા શ્રી અમિતાભ બચ્ચન સેવા પાછળ થયેલ ખર્ચ

૨૫૪૭૯ **શ્રી બાબુભાઇ મે. શાહ(રાપર): માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧)ગત વર્ષમાં રાજ્યમાં પ્રવાસન પ્રવૃત્તિને વેગ આપવા શ્રી અમિતાભ બચ્ચનની સેવા લેવામાં આવી છે, તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨)તા.૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ પ્રવાસન પ્રવૃત્તિને વેગ આપવા અમિતાભ બચ્ચનજીનાં પ્રવાસ રહેણાંક સુરક્ષા વ્યવસ્થા | (૨) તા.૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ પ્રવાસન પ્રવૃત્તિને વેગ આપવા શ્રી અમિતાભ બચ્ચનજીને કોઈ મહેનતાણું ચુકવવામાં આવેલ |

તેમને આપવામાં આવ્યું હોવાનો મહેનતાણા અન્વયે કેટલું ખર્ચ કયા હેડે કરવામાં આવ્યું, અને

નથી. શ્રી અમિતાભ બચ્ચનજીના પ્રવાસ રહેણાંક, સુરક્ષા વ્યવસ્થા ભોજન વ્યવસ્થા અને અન્ય જરૂરી સુવિધાઓ પેટે ` ૯૭,૧૫,૦૮૫/- નો ખર્ચ જાહેરખબર અને પ્રચાર સદરે કરવામાં આવેલ છે.

(૩)આ વ્યવસ્થા માટે કોઈ સંસ્થા વ્યાપારી પેઢી કે તજજ્ઞ એડવરટાઈઝીંગ એજન્સીની સેવા લેવામાં આવી હોય તો તેને ચુકવાયેલ રકમ કે ચુકવવાની રકમની વિગત શી છે ?

(૨) આ વ્યવસ્થા માટે રાઈઝીંગ સન ફીલ્મ ઈન્ડીયા પ્રા. લીમીટેડ ઓ એન્ડ એમ. માનસી મુવીઝ, સૌભાગ્ય એડ સર્વીસ, બીટા કેમ, પ્રિન્ટ મીડીયા, ઈલેક્ટ્રોનીક મીડીયા અને આઉટડોર જાહેરાતની સેવાઓ લેવામાં આવેલ હતી. આ અન્વયે ` ૩૮,૫૨,૮૫,૦૧૭/-ની રકમ અલગ અલગ એજન્સીઓને ચૂકવવામાં આવેલ છે.

---------

## કચ્છ જિલ્લામાં ૮૦ x ૨૦ યોજના અન્વયે બનેલા ડેમોની સંખ્યા

૨૪૨૦૫ **શ્રી જયંતિલાલ પ. ભાનુશાળી(અબડાસા): માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧)કચ્છ જિલ્લામાં વર્ષ ૨૦૧૦-૧૧ દરમ્યાન ૮૦ x ૨૦ યોજના હેઠળ કેટલા ડેમો બન્યા, | (૧) કચ્છ જિલ્લામાં વર્ષ ૨૦૧૦-૧૧ દરમ્યાન સરદાર પટેલ સહભાગી જળસંચય યોજના હેઠળ કુલ ૧૧૬૬ ચેકડેમો બન્યા. |
| (૨)આ પૈકી અબડાસા, નખત્રાણા અને લખપત તાલુકામાં બનેલા ડેમોની સંખ્યા કેટલી છે, અને | (૨) આ પૈકી અબડાસા તાલુકામાં ૨૧૪, નખત્રાણા તાલુકામાં ૨૦૪ અને લખપત તાલુકામાં ૧૪૨ ચેકડેમો બન્યા છે. |
| (૩)ઉક્ત ડેમો પૈકી ગત ચોમાસામાં કેટલા ક્ષતિગ્રસ્ત બન્યાં હતાં ? | (૩) ઉક્ત ૧૧૬૬ ચેકડેમો પૈકી ગત ચોમાસામાં કુલ ૧૬ ચેકડેમો ક્ષતિગ્રસ્ત બન્યા હતા. |

---------

## પંચમહાલ જિલ્લામાં પ્રવાસન વિકાસ માટેના સ્થળો

૨૪૪૫૬ **શ્રી ફતેસિંહ વ. ચૌહાણ( રાજગઢ): માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧)પંચમહાલ જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૧ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જિલ્લા પ્રવાસન સ્થળોના વિકાસ માટે શી કામગીરી હાથ ધરવામાં આવી, અને | (૧) તા. ૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પંચમહાલ જિલ્લામાં પ્રવાસન સ્થળ તરીકે વિકાસ કરવા માટે નીચેની કામગીરી હાથ ધરવામાં આવેલ છે.<br>(અ) જિલ્લા કલેક્ટરશ્રી દ્વારા<br>(૧) પંચમહાલ જિલ્લાના જાંબુઘોડા તાલુકાના મલબાર ગામને પ્રવાસન સ્થળ તરીકે વિકસાવવા માટે પાણીની જરૂરિયાતના |

ભાગરૂપે પ્રોજેક્ટ સ્થળે નવીન કુવો, પંપીંગ મશીનરી, કેબીન અને વીજળીકરણની કામગીરી કરવાનું આયોજન હાથ ધરેલ છે. આ કામગીરી માટે ટેન્ડર બહાર પાડવાની પ્રક્રિયા આયોજન હેઠળ છે.

(૨) મલબાર ખાતે બાર આદિજાતિ છોકરાઓને પર્વતારોહણની તાલીમ તથા છ છોકરાઓને માઉન્ટેઈન બાઈક ટ્રેઈનીંગ જિલ્લા પ્રવાસન સમિતિ દ્વારા નિયુક્ત કરેલ એજન્સી દ્વારા આપવામાં આવેલ છે.

(૩) પાવાગઢ માટે રસ્તાની સુવિધા બાબત

(બ) ગુજરાત પ્રવાસન નિગમ લિ. દ્વારા પંચમહાલ જિલ્લામાં હાલોલ તાલુકામાં આવેલ સુપ્રસિધ્ધ યાત્રાધામ પાવાગઢ ખાતે નીચે મુજબની સુવિધા પૂરી પાડવાની કામગીરી હાથ પર છે.

(૧) ઈન્ટરપ્રિટેશન સેન્ટર.
(૨) તેલીયા તળાવનો વિકાસ.
(૩) દુધિયા તળાવનો વિકાસ.
(૪) છાસીયા તળાવનો વિકાસ અને બોટીંગ ફેસીલીટી.
(૫) માંચીથી દુધિયા તળાવ જવાના રસ્તાની પહોળાઈ અને રીપેરીંગની કામગીરી.
(૬) દુધિયા તળાવથી મંદિર જવાના રસ્તાના પગથિયાનું નવીનીકરણ.
(૭) નવલખા કોઠા એરિયાનો વિકાસ તથા સનસેટ પોઈન્ટના વિકાસની કામગીરી.

(૨)આ માટે છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકારે કેટલી ગ્રાન્ટ આપી અને તા. ૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ કેટલો ખર્ચ થયો ?

(૨)
(અ) જિલ્લા કલેકટરશ્રી દ્વારા
(૧) જાંબુઘોડા તાલુકાના મલબાર ગામને પ્રવાસન સ્થળ તરીકે વિકસાવવા માટે ` ૯.૯૯ લાખની ગ્રાન્ટ ફાળવવામાં આવી છે. આ અન્વયે કોઈ ખર્ચ થયેલ નથી.
(૨) મલબાર ખાતે આદિજાતિના છોકરાઓને માઉન્ટેનીયરીંગ અને માઉન્ટેન બાઈક ટ્રેનીંગ માટે ` ૪.૨૦ લાખની ગ્રાન્ટ ફાળવવામાં

આવી છે આ અન્વયે કોઈ ખર્ચ થયેલ નથી.

(૩) જિલ્લા કલેકટરશ્રી, પંચમહાલને વર્ષ ૨૦૧૦–૧૧ માં પાવાગઢ ખાતે રસ્તાની સુવિધા બાબત રૂપિયા ૧૨૫.૦૦ લાખ ફાળવવામાં આવેલ છે. આ અન્વયે કોઈ ખર્ચ થયેલ નથી.

(બ) ગુજરાત પ્રવાસન નિગમ લિ. દ્વારા ચાંપાનેર, પાવાગઢના વિકાસ માટે ` ૩૦૦૦.૦૦ લાખના ખર્ચનું આયોજન છે. આ માટે ટેન્ડર બનાવવાની પ્રક્રિયા પ્રગતિમાં છે. હાલમાં કોઈ ખર્ચ થયેલ નથી.

--------

## સુરત જિલ્લામાં તાલુકાવાર યોજાતા ગરીબ કલ્યાણ મેળાઓ

૨૪૨૨૮ **શ્રી ઇશ્વરભાઇ ન. વહીઆ( મહુવા): માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૧)તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર સુરત જિલ્લામાં તાલુકાવાર યોજાયેલ ગરીબ કલ્યાણ મેળાઓમાં શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ કે તાબા હેઠળની કચેરીઓ દ્વારા કોઈ સહાય/વળતર/રાહત ચૂકવવામાં આવી છે કે કેમ, | (૧) હા, જી. |

(૨)જો, હા, તો વર્ષવાર અને તાલુકાવાર વિભાગ હસ્તકની કઈ કઈ યોજનાઓ હેઠળ કેટલી રકમની સહાય ચૂકવવામાં આવી, અને

(૨)

| મહાનગરપાલિકા/ ન.પા. નું નામ | યોજનાનું નામ | વર્ષ ૨૦૧૦ (તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ) | વર્ષ ૨૦૧૧ (તા. ૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ) |
|---|---|---|---|
| | | સહાયની રકમ (` લાખમાં) | સહાયની રકમ (` લાખમાં) |
| સુરત મ.ન.પા. | નિર્મળ ગુજરાત | 52.14 | 54.78 |
| | SJSRY | 30.76 | 28.68 |
| | ઉમ્મીદ | 106. 08 | 112.80 |
| | શહેરી આવાસ | 4203.95 | 6459.00 |
| **મહાનગરપાલિકાનું કુલ** | | **4392.93** | **6655.26** |
| બારડોલી ન.પા. | નિર્મળ ગુજરાત | 18.00 | 19.80 |
| | SJSRY | 16.00 | 10.62 |
| | ઉમ્મીદ | 4.59 | 10.62 |
| | **કુલ** | **38.59** | **41.04** |
| માંડવી ન.પા. | નિર્મળ ગુજરાત | 3.50 | 8.19 |
| | SJSRY | 0.90 | 0.00 |
| | ઉમ્મીદ | 0.00 | 0.45 |
| | **કુલ** | **4.40** | **8.64** |
| તરસાડી ન. પા. | નિર્મળ ગુજરાત | 17.91 | 9.65 |
| | SJSRY | 0.00 | 1.87 |
| | **કુલ** | **17.91** | **11.52** |
| કનકપુર કનસાડ ન. પા. | નિર્મળ ગુજરાત | 0.00 | 5.29 |
| | SJSRY | 0.00 | 1.00 |
| | ઉમ્મીદ | 0.00 | 1.05 |
| | **કુલ** | **0.00** | **7.34** |
| **નગરપાલિકાઓનું કુલ** | | **60.90** | **68.54** |
| **જિલ્લાનું કુલ** | | **4453.83** | **6723.8** |

(૩)ઉક્ત ખર્ચ બજેટના કયા હેડ હેઠળ ઉધારવામાં આવેલ છે ?

(૩)

| યોજનાનું નામ | બજેટ હેડ |
|---|---|
| નિર્મળ ગુજરાત | યુડીપી-૫,૨૨૧૭-૦૩-૧૯૧-૪૬ |
| શહેરી આવાસ | યુડીપી-૧૭, ૨૨૧૭-૦૩-૧૯૧-૪૧ અને યુડીપી-૧૯, ૨૨૧૭-૦૪-૧૯૧-૦૨ |
| સ્વર્ણિમ જયંતી સ્વરોજગાર યોજના (SJSRY) | યુડીપી-૧૪,૩૪૭૫-૦૦-૧૦૮-૦૧ |
| ઉમ્મીદ | યુડીપી-૧૩,૩૪૭૫-૦૦-૧૦૮-૦૨ |

---------

**અમદાવાદમાં કેન્સર એન્ડ રીસર્ચ ઈન્સ્ટીટયુટને ગ્રાન્ટ આપવા બાબત**

૨૪૫૪૪ **શ્રી રાકેશકુમાર જ. શાહ(એલિસબ્રિજ): માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧)અમદાવાદમાં કેન્સર એન્ડ રીસર્ચ ઈન્સ્ટીટયુટ કયા કયા પ્રકારની આરોગ્ય સેવાઓ ઉપલબ્ધ છે,

**જવાબ**

(૧) અમદાવાદમાં કેન્સર એન્ડ રીસર્ચ ઈન્સ્ટીટયુટ ખાતે કેન્સરને લગતી તમામ પ્રકારની આરોગ્ય સેવાઓ જેવી કે નિદાન, તપાસ સર્જરી, કેમોથેરાપી, રેડીયોથેરાપી તથા તેને લગતી સઘળી આનુસાંગિક સારવારની આરોગ્ય સેવાઓ ઉપલબ્ધ છે.

(૨)આ ઈન્સ્ટીટયુટને વર્ષ ૨૦૧૦-૧૧ અને ૨૦૧૧-૧૨ અંતર્ગત તા. ૩૧-૧૨-૨૦૧૧ સુધીમાં વર્ષવાર રાજ્ય સરકારે કેટલી ગ્રાન્ટ આપી, અને

(૨) આ ઈન્સ્ટીટયુટ વર્ષ ૨૦૧૦-૧૧ અને ૨૦૧૧-૧૨ અંતર્ગત તા. ૩૧-૧૨-૨૦૧૧ સુધીમાં વર્ષવાર રાજ્ય સરકારે ફાળવેલ ગ્રાન્ટ નીચે મુજબ છે.

| વર્ષ | કુલ ફાળવેલ ગ્રાન્ટ |
|---|---|
| ૨૦૧૦-૧૧ | ` ૩૮.૩૯ કરોડ |
| ૨૦૧૧-૧૨ (તા. ૩૧-૧૨-૧૧ સુધી) | ` ૪૦.૮૬ કરોડ |
| **કુલ** | **` ૭૯.૨૫ કરોડ** |

(૩)આ ઈન્સ્ટીટયુટ દ્વારા કેટલા આઉટડોર અને ઈન્ડોર પેશન્ટોને ઉક્ત સમય મર્યાદા દરમ્યાન સારવાર આપવામાં આવી?

(૩) આ ઈન્સ્ટીટયુટ દ્વારા આઉટડોર અને ઈન્ડોર પેશન્ટોને ઉક્ત સમય મર્યાદા દરમ્યાન આપેલ સારવારની માહિતી નીચે મુજબ છે.

| વર્ષ | ઈન્ડોર પેશન્ટ | આઉટડોર પેશન્ટ |
|---|---|---|
| ૨૦૧૦-૧૧ | ૨૨૨૯૫ | ૨,૭૮,૨૮૩ |
| ૨૦૧૧-૧૨ (તા. ૩૧-૧૨-૧૧ સુધી) | ૧૫૫૪૯ | ૨,૨૭,૯૦૪ |

---------

## દાહોદ અને ઝાલોદ તાલુકામાં હયાત ઉદ્વહન સિંચાઈ મંડળીઓ

૨૫૦૬૩ **શ્રી બચુભાઇ ના. કિશોરી( લીમડી): માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧)તા. ૩૧-૧૨-૧૧ની સ્થિતિએ દાહોદ અને ઝાલોદ તાલુકામાં કુલ કેટલી ઉદ્વહન સિંચાઈ મંડળીઓ હયાત છે, અને

(૨)આ પૈકી કેટલી ઉદ્વહન પિયત મંડળીઓ કાર્યરત છે, અને કેટલી ઉદ્વહન સિંચાઈ મંડળીઓ બંધ હાલતમાં છે?

**જવાબ**

(૧) દાહોદ-૪.
ઝાલોદ-૧૯.

(૨) કાર્યરત-૨૨.
બંધ-૧.

---------

## કોડીનાર ખાતે ક્ષાર અંકુશ ઓફિસની ખુલ્લી જમીન પર ફેન્સીંગ વાડમાં થયેલ ભષ્ટાચારની ફરિયાદો

૨૪૨૧૪ **શ્રી ધીરસિંહ ક. બારડ(કોડીનાર): માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧)જુનાગઢ જિલ્લાના કોડીનાર ખાતે ક્ષાર અંકુશ પેટા વિભાગ ઓફિસની ખુલ્લી જમીન પર બનાવેલ ફેન્સીંગ વાડમાં થયેલ ભ્રષ્ટાચારની તા. ૩૧-૧૨-૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી ફરિયાદો મળેલ છે,

(૨)ઉક્ત સ્થિતિએ મળેલ ફરિયાદ અન્વયે ક્યારે ક્યારે તપાસ હાથ ધરી, અને

(૩)તેની વિગતો શી છે?

**જવાબ**

(૧) એક ફરિયાદ મળેલ છે.

(૨) નવેમ્બર, ૨૦૧૧ થી વિભાગના ગુણવત્તા નિયમન તંત્રને હકીકત લક્ષી અહેવાલ રજુ કરવા જણાવેલ છે.

(૩) ગુણવત્તા નિયમન તંત્ર દ્વારા તપાસ ચાલી રહી છે.

---------

**તાપી જિલ્લામાં ચિરંજીવી યોજનામાં માતાઓને આપેલ સુવિધાઓ**

૨૫૫૭૯ **શ્રીમતિ ભારતીબેન અ. રાઠોડ( કામરેજ): માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧)સુરત અને તાપી જિલ્લામાં વનબંધુ કલ્યાણ યોજના અંતર્ગત ચિરંજીવી યોજના હેઠળ તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં માતાઓને કયા કયા પ્રકારની સુવિધાઓ આપવામાં આવેલ છે, અને

**જવાબ**

(૧) વનબંધુ કલ્યાણ યોજના અંતર્ગત ચિરંજીવી યોજના હેઠળ ગરીબી રેખા હેઠળની (બી.પી.એલ. કાર્ડ ધરાવતી) કુટુંબની પ્રસુતા બહેનો તથા ગરીબી રેખા હેઠળ ઉપરની (એ.પી.એલ. કાર્ડ ધરાવતી) પરંતુ આવક વેરો ન ભરતી હોય તેવા અનુસુચિત જન જાતિ કુટુંબની પ્રસુતા બહેનોને આ યોજના અંતર્ગત કરારબધ્ધ થયેલ સ્ત્રી રોગ નિષ્ણાંતને ત્યાં પ્રસુતિ સંબંધિત તમામ સેવાઓ વિના મૂલ્યે આપવામાં આવે છે. તેમજ વાહનવ્યવહારના ` ૨૦૦/– પ્રસુતા બહેનને ડોકટર દ્વારા રોકડા આપવામાં આવે છે.

**પ્રશ્ન**

(૨)તે પાછળ તા. ૩૧–૧૨–૨૦૧૧ સુધીમાં કેટલો ખર્ચ થયેલ છે?

**જવાબ**

(૨) વનબંધુ કલ્યાણ યોજના અંતર્ગત ચિરંજીવી યોજનામાં છેલ્લા બે વર્ષમાં તા. ૩૧–૧૨–૧૧ની સ્થિતિએ સુરત જિલ્લામાં (વનબંધુ તાલુકા–બારડોલી, મહુવા અને માંગરોળમાં) કુલ ` ૯૩,૫૬,૪૮૦/– અને તાપી જિલ્લામાં વનબંધુ તાલુકા–સોનગઢ, વ્યારા અને ઉચ્છલ તાલુકામાં) કુલ ` ૩૪,૯૧,૫૫૩/–નો ખર્ચ થયેલ છે.

---------

**વડોદરા જિલ્લામાં ચિરંજીવી યોજનામાં માતાઓને આપેલ સુવિધાઓ**

૨૫૫૮૦ **શ્રી ગુલસીંગભાઇ ર. રાઠવા( છોટાઉદેપુર): માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧)વડોદરા જિલ્લામાં વનબંધુ કલ્યાણ યોજના અંતર્ગત ચિરંજીવી યોજના હેઠળ તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં માતાઓને કયા કયા પ્રકારની સુવિધાઓ આપવામાં આવેલ છે, અને

**જવાબ**

(૧) વનબંધુ કલ્યાણ યોજના અંતર્ગત વડોદરા જિલ્લામાં ચિરંજીવી યોજના હેઠળ છેલ્લા તા.૩૧–૧૨–૧૧ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગરીબી રેખા હેઠળની (બી.પી.એલ. કાર્ડ ધરાવતી) કુટુંબની પ્રસુતા બહેનો તથા ગરીબી રેખા હેઠળ ઉપરની (એ.પી.એલ. કાર્ડ ધરાવતી) પરંતુ આવક વેરો ન ભરતી હોય તેવા અનુસુચિત જન જાતિ કુટુંબોની પ્રસુતા બહેનોને આ યોજના અંતર્ગત કરારબધ્ધ થયેલ સ્ત્રી રોગ નિષ્ણાંતને ત્યાં પ્રસુતિ સંબંધિત તમામ સેવાઓ વિના મૂલ્યે આપવામાં આવે છે. તેમજ વાહનવ્યવહારના ` ૨૦૦/– પ્રસુતા

(૨)તે પાછળ તા. ૩૧–૧૨–૨૦૧૧ સુધીમાં કેટલો ખર્ચ થયેલ છે?

બહેનને ડોકટર દ્વારા રોકડા આપવામાં આવે છે.

(૨) વનબંધુ કલ્યાણ યોજના અંતર્ગત ચિરંજીવી યોજનામાં છેલ્લા બે વર્ષમાં તા. ૩૧–૧૨–૧૧ની સ્થિતિએ (વનબંધુ તાલુકા–છોટાઉદેપુર, નસવાડી, કવાંટ, જેતપુર–પાવીમાં) કુલ ` ૨,૩૯,૮૮,૬૫૫/– નો ખર્ચ થયેલ છે.

---------

**દાહોદ જિલ્લામાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં મલ્ટી પરપઝ હેલ્થ વર્કરોની ખાલી જગ્યાઓ**

૨૪૩૧૫ **શ્રી ચંદ્રિકાબેન છ. બારીયા( લીમખેડા): માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧)તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં મલ્ટી પરપઝ હેલ્થ વર્કરોની કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે,

(૨)આવી ખાલી જગ્યાઓ ભરવા ક્યારે જાહેરાત આપવામાં આવી, અને

(૩)આપેલ જાહેરાત પછી કેટલી જગ્યાઓ ભરવામાં આવી?

**જવાબ**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ દાહોદ જિલ્લાના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં મલ્ટી પરપઝ હેલ્થ વર્કરોની કુલ–૪૬ જગ્યાઓ ખાલી છે. આ જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે તેની વિગતો દર્શાવતું પત્રક–૧ આ સાથે સામેલ છે.

(૨) આવી ખાલી જગ્યાઓ ભરવા માટે ગુજરાત પંચાયત સેવા પસંદગી બોર્ડ, અમદાવાદ તરફથી સીધી ભરતીથી જગ્યાઓ ભરવા માટે જાહેરાત ક્રમાંક ૧/૨૦૧૧–૧૨ અન્વયે ઓન લાઈન અરજીઓ મંગાવેલ છે.

(૩) આપેલ જાહેરાત પછી બોર્ડ દ્વારા પસંદગી/ ભરતીની આનુસાંગિક કાર્યવાહી ચાલુ હોઈ હાલ કોઈ જગ્યા ભરવામાં આવેલ નથી.

**પત્રક–૧**

| ક્રમ | તાલુકાનું નામ | પ્રા.આ. કેન્દ્ર | સબ સેન્ટર | કઈ તારીખથી ખાલી છે. |
|---|---|---|---|---|
| ૧ | ફતેપુર | ડુંગર | પાટવેલ | ૩૧–૩–૦૯ |
| ૨ | ઝાલોદ | ગરાડુ | ગરાડુ–૧ | ૬–૯–૧૦ |
| ૩ | ઝાલોદ | ગરાડુ | ઝાલોદ–૧ | ૧૧–૪–૦૮ |
| ૪ | ઝાલોદ | ગુલતોરા | દાંતીયા | ૭–૪–૦૭ |
| ૫ | ઝાલોદ | સંજેલી | તરકડામહુડી | ૬–૯–૧૦ |
| ૬ | ઝાલોદ | ચાકલીયા | ચાકલીયા–૨ | ૩૧–૧૦–૧૧ |
| ૭ | ગરબાડા | ગાગરડી | ટુંકીવજુ | ૨૮–૭–૦૬ |
| ૮ | ગરબાડા | પાંચવાડા | ખારવા | ૨૮–૭–૦૬ |
| ૯ | ગરબાડા | પાટીયા | ભે | ૧૧–૪–૦૮ |
| ૧૦ | ગરબાડા | નઢેલાલ | નઢેલાવ–૧ | ૧૮–૭–૦૬ |
| ૧૧ | દાહોદ | આગાવાડા | લીલર | ૭–૪–૦૭ |
| ૧૨ | દાહોદ | નગરાડા | ચાંદાવાડા | ૭–૪–૦૭ |
| ૧૩ | ધાનપુર | અગાસવાણી | નળુ | ૭–૪–૦૭ |
| ૧૪ | ધાનપુર | અગાસવાણી | ધોડાઝર | ૭–૪–૦૭ |
| ૧૫ | ધાનપુર | મંડોર | ગાંગરડીફળીયા | ૭–૪–૦૭ |
| ૧૬ | ધાનપુર | મંડોર | વાસીયાડુંગરી | ૭–૪–૦૭ |
| ૧૭ | ધાનપુર | રાછવા | રાછવા | ૩૧–૭–૧૦ |
| ૧૮ | ધાનપુર | ઝાબુ | કાલીયાવાડ | ૭–૪–૦૪ |
| ૧૯ | ધાનપુર | ઝાબુ | કાંટુ | ૭–૪–૦૪ |
| ૨૦ | ધાનપુર | ઝાબુ | પાવ | ૭–૪–૦૪ |

| ક્રમ | તાલુકાનું નામ | પ્રા.આ. કેન્દ્ર | સબ સેન્ટર | કઈ તારીખથી ખાલી છે. |
|---|---|---|---|---|
| ૨૧ | ધાનપુર | ઝાબુ | ઉંડાર | ૧૧-૪-૦૮ |
| ૨૨ | લીમખેડા | બાંડીબાર | બાંડીબાર-૨ | ૩૧-૫-૧૦ |
| ૨૩ | લીમખેડા | દુધીયા | દુધીયા-૧ | ૧૧-૪-૦૮ |
| ૨૪ | લીમખેડા | દુધીયા | પહાડ | ૭-૪-૦૭ |
| ૨૫ | લીમખેડા | દુધીયા | મોટીવાવ | ૧-૪-૦૮ |
| ૨૬ | લીમખેડા | ઢેઢેલા | લીમખેડા | ૩૧-૧૦-૧૧ |
| ૨૭ | લીમખેડા | ઢેઢેલા | પાલ્લી | ૭-૪-૦૭ |
| ૨૮ | લીમખેડા | નીનામાના ખાખરીયા | પરમારના ખાખરીયા | ૭-૪-૦૭ |
| ૨૯ | લીમખેડા | રઈ | આંબા | ૨૭-૭-૦૬ |
| ૩૦ | લીમખેડા | રઈ | કુંડલી | ૭-૪-૦૭ |
| ૩૧ | દેવગઢ બારીયા | ડભવા | દેવીરામપુરા | ૩૦-૬-૦૯ |
| ૩૨ | દેવગઢ બારીયા | ડભવા | કેળકુવા | ૧૦-૧-૧૧ |
| ૩૩ | દેવગઢ બારીયા | ગુણા | પીપલોદ-૨ | ૧૧-૪-૦૮ |
| ૩૪ | દેવગઢ બારીયા | અંતેલા | અંતેલા-૧ | ૭-૯-૧૦ |
| ૩૫ | દેવગઢ બારીયા | અંતેલા | ભુલર | ૬-૯-૧૦ |
| ૩૬ | દેવગઢ બારીયા | ભુવાલ | ભુવાલ | ૨૪-૯-૦૮ |
| ૩૭ | દેવગઢ બારીયા | ભુવાલ | ચેનપુર | ૧૧-૪-૦૮ |
| ૩૮ | દેવગઢ બારીયા | ભુવાલ | કાળીડુંગરા | ૩૦-૬-૦૯ |
| ૩૯ | દેવગઢ બારીયા | ભુવાલ | સાગારામા | ૧૫-૬-૧૧ |
| ૪૦ | દેવગઢ બારીયા | ભુવાલ | રાણીપુરા | ૩૧-૧-૧૦ |
| ૪૧ | દેવગઢ બારીયા | દેગાવાડા | વાંદર | ૧૧-૪-૦૮ |
| ૪૨ | દેવગઢ બારીયા | દેગાવાડા | ડુંખરી | ૭-૪-૦૭ |
| ૪૩ | દેવગઢ બારીયા | દેગાવાડા | ઉધાવાડા | ૭-૪-૦૭ |
| ૪૪ | દેવગઢ બારીયા | દુધીયા | મોટીમંગોઇ | ૭-૪-૦૭ |
| ૪૫ | દેવગઢ બારીયા | કુવાબૈણા | બૈણા | ૩૦-૧૧-૦૯ |
| ૪૬ | દેવગઢ બારીયા | સેવનીયા | સેવનીયા-૧ | ૧૧-૪-૦૮ |

---------

## ભિલોડા તાલુકામાં સિંચાઈની સગવડ માટે લીફ્ટ ઈરીગેશનની યોજનાઓ

૨૫૦૯૦ **ડાૅ. અનિલભાઇ જોષીયારા( ભિલોડા): માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧)તા. ૩૧-૧-૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં સાબરકાંઠા જિલ્લાના ભિલોડા તાલુકામાં આદિવાસી ખેડૂતોને સિંચાઈની સગવડ આપવા ઈન્દ્રાસી હાથમતી અને મેશ્વો ડેમોમાંથી કઈ કઈ લીફ્ટ ઈરીગેશનની યોજનાઓ વર્ષવાર બનાવવામાં આવી,

(૨)એની પાછળ વર્ષવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને

(૩)તેનાથી કયા કયા ગામોને સિંચાઈનો લાભ મળે છે?

**જવાબ**

(૧)(૨)અને(૩)છેલ્લા ત્રણ વર્ષમાં ભિલોડા તાલુકામાં આદિવાસી ખેડૂતોને સિંચાઈની સગવડ આપવા માટે મોટા અને નાના ચેકડેમોનું બાંધકામ અને તળાવો ઉંડા કરવાની કામગીરી કરવા ઉપરાંત પાણીની ઉપલબ્ધીને આધિન, સ્થળ પરિસ્થિતિ અનુસાર લીફ્ટ ઈરીગેશન યોજનાની શક્યતા ચકાસવા અભ્યાસ હાથ ધરવામાં આવેલ છે.

---------

## જોડીયા તાલુકામાં આવેલ રેફરલ હોસ્પિટલમાં વર્ગ-૨, ૩ અને ૪ ની ખાલી જગ્યાઓ

૨૫૧૫૬ **શ્રી રાઘવજીભાઇ હં. પટેલ(જોડીયા): માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧)જામનગર જિલ્લામાં જોડીયા તાલુકા ખાતે

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ

આવેલ રેફરલ હોસ્પિટલમાં વર્ગ–૨, ૩ અને ૪ ની કેટલી જગ્યાઓ તા. ૩૧મી ડિસેમ્બર–૨૦૧૧ ની સ્થિતિએ ખાલી છે,

રેફરલ હોસ્પિટલ જોડિયા ખાતે વર્ગ–૨, ૩ અને ૪ ની ખાલી જગ્યાની વિગત નીચે મુજબ છે.

| તાલુકો | સંવર્ગ | | |
|---|---|---|---|
| | વર્ગ–૨ | વર્ગ–૩ | વર્ગ–૪ |
| જોડીયા | ૨ | ૭ | ૧૧ |

(૨)આ ખાલી જગ્યાઓ લાંબા સમયથી ખાલી રહેવાના શા કારણો છે, અને

(૨) જે તે સંવર્ગના અધિકારી/કર્મચારીઓની બદલી થવાનાં કારણે ખાલી પડેલ છે. જેની વિગત દર્શાવતું પત્રક–અ સામેલ છે.

(૩)આ જગ્યાઓ ક્યાં સુધીમાં ભરી દેવામાં આવશે?

(૩) સા.આ.કેન્દ્રોની વર્ગ–૨ ની જગ્યાઓ ભરવા દર મંગળવારે વોક ઈન ઈન્ટરવ્યુનું આયોજન કરવામાં આવે છે. જેમાં યોગ્ય લાયકાત ધરાવતા ઉમેદવારો ઉપલબ્ધ થાય તેમ ખાલી જગ્યાઓ ઉપર નિમણુંક આપવામાં આવે છે.

આ ઉપરાંત વર્ગ–૩ની અને વર્ગ–૪ ની ખાલી જગ્યાઓ સામે જરૂર જણાય ત્યાં આઉટસોર્સથી કામગીરી લેવામાં આવે છે.

**પત્રક–અ**

| ક્રમ | સંવર્ગનું નામ | મંજુર | ભરેલ | ખાલી | ખાલીની તારીખ | ખાલી રહેવાનું કારણ |
|---|---|---|---|---|---|---|
| ૧ | તબીબી અધિકારી વર્ગ–૨ | ૩ | ૨ | ૧ | ૪–૧–૧૧ | બદલી થવાથી |
| ૨ | વહીવટી અધિકારી વર્ગ–૨ | ૧ | ૦ | ૧ | ૧૨–૨–૦૮ | બદલી થવાથી |
| ૩ | સીની. આસી. વર્ગ–૩ | ૨ | ૨ | ૦ | | – |
| ૪ | સીની. ક્લાર્ક વર્ગ–૩ | ૨ | ૦ | ૨ | ૧–૧૧–૦૨<br>૧–૮–૦૬ | ૧ બઢતીથી<br>૧ બદલીથી |
| ૫ | લેબ ટેક. વર્ગ–૩ | ૧ | ૧ | ૦ | – | – |
| ૬ | જુનિ. ફાર્માસિસ્ટ વર્ગ–૩ | ૨ | ૧ | ૧ | ૧૬–૧૦–૦૭ | બદલી |
| ૭ | એક્સ–રે. ટેક. વર્ગ–૩ | ૧ | ૧ | ૦ | – | – |
| ૮ | હેડનર્સ વર્ગ–૩ | ૧ | ૦ | ૧ | ૩૧–૭–૦૮ | બદલી |
| ૯ | સ્ટાફનર્સ વર્ગ–૩ | ૧૦ | ૭ | ૩ | ૧૪–૧૧–૦૮<br>૧૪–૧૧–૦૮<br>૫–૧૨–૧૦ | બદલી<br>બદલી<br>બદલી |
| ૧૦ | ડ્રાયવર વર્ગ–૩ | ૧ | ૧ | ૦ | – | – |
| ૧૧ | પટાવાળા વર્ગ–૪ | ૧ | ૦ | ૧ | ૧–૪–૧૦ | બદલી |
| ૧૨ | વોર્ડસર્વન્ટ/બોય વર્ગ–૪ | ૫ | ૨ | ૩ | ૩–૭–૦૨<br>૨૮–૧૧–૦૩<br>૧૯–૧૦–૦૫ | બદલી<br>બદલી<br>બદલી |
| ૧૩ | આયા વર્ગ–૪ | ૫ | ૨ | ૩ | ૧૩–૧૦–૦૩<br>૩૦–૧૧–૦૩<br>૧૭–૮–૧૦ | બદલી<br>બદલી<br>બદલી |
| ૧૪ | સ્વીપર વર્ગ–૪ | ૬ | ૨ | ૪ | ૯–૧૨–૯૬<br>૧–૧૦–૦૦<br>૧૩–૧૦–૦૩<br>૧–૧૧–૦૭ | બદલી<br>બદલી<br>બદલી<br>બદલી |
| ૧૫ | ડ્રેસર વર્ગ–૪ | ૧ | ૧ | ૦ | – | – |
| ૧૬ | **કુલ** | **૪૨** | **૨૨** | **૨૦** | – | – |

–––––––

## અમદાવાદ જિલ્લામાં મહિલાઓને જનની સુરક્ષા યોજનામાં મળેલ સહાય

૨૫૯૩૨ **શ્રી રણછોડભાઈ ક. મેર(ધંધુકા): માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧)તા. ૩૧–૧૨–૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં અમદાવાદ જિલ્લામાં તાલુકાવાર કેટલી મહિલાઓને રાષ્ટ્રિય પ્રસુતિ સહાય (જનની સુરક્ષા) યોજના હેઠળ આર્થીક સહાય આપવામાં આવી,

(૨)કેટલી મહિલાઓને તાલુકાવાર સહાય ચૂકવવાની બાકી છે, અને

(૩) તેના કારણો શા છે ?

**જવાબ**

(૧) અમદાવાદ જીલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં તાલુકાવાર રાષ્ટ્રિય પ્રસુતિ સહાય (જનની સુરક્ષા) યોજના હેઠળ મહિલાઓને આર્થીક સહાય આપવામાં આવેલ તેનું પત્રક–અ અને પત્રક–બ આ સાથે સામેલ છે.

(૨) સરકારશ્રીની માર્ગદર્શક સૂચનાઓ પ્રમાણે લાભ મળવાપાત્ર હોય અને ન ચૂકવ્યા હોય તેવા કોઈ કેશ બ્લોક કક્ષાએ પેન્ડીંગ નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**પત્રક–અ**

| અ.નં. | તાલુકાનું નામ | ૨૦૦૮–૦૯ | ૨૦૦૯–૧૦ | ૨૦૧૦–૧૧ | ૨૦૧૧–૧૨ (તા. ૩૧–૧૨–૧૧ ની સ્થિતિએ) |
|---|---|---|---|---|---|
| ૧ | દસ્ક્રોઈ | ૧૦૦૭ | ૧૪૫૪ | ૧૫૬૧ | ૧૫૮૦ |
| ૨ | વિરમગામ | ૧૦૫૪ | ૨૫૫૭ | ૧૯૧૧ | ૧૭૧૧ |
| ૩ | માંડલ | ૬૦૫ | ૮૫૨ | ૬૮૦ | ૬૦૯ |
| ૪ | દેત્રોજ | ૫૯૨ | ૭૧૬ | ૬૬૩ | ૫૮૦ |
| ૫ | બાવળા | ૭૩૨ | ૧૨૫૧ | ૧૧૮૦ | ૬૯૫ |
| ૬ | ધોળકા | ૧૩૫૫ | ૧૯૫૮ | ૧૮૦૨ | ૭૨૩ |
| ૭ | સાણંદ | ૧૩૯૦ | ૧૮૭૨ | ૧૯૨૬ | ૧૨૫૦ |
| ૮ | ધંધુકા | ૯૩૬ | ૧૦૫૩ | ૮૩૦ | ૫૯૬ |
| ૯ | રાણપુર | ૩૭૧ | ૪૨૨ | ૧૮૫ | ૧૬૬ |
| ૧૦ | બરવાળા | ૫૧૨ | ૮૦૦ | ૫૧૭ | ૪૭૩ |
| | **કુલ** | **૮૫૫૪** | **૧૨૯૩૫** | **૧૧૨૫૫** | **૮૩૮૩** |

**પત્રક–બ**

| અ.નં. | તાલુકાનું નામ | ૨૦૦૮–૦૯ | ૨૦૦૯–૧૦ | ૨૦૧૦–૧૧ | ૨૦૧૧–૧૨ (ડિસેમ્બર–૧૧ અંતિત) |
|---|---|---|---|---|---|
| ૧ | દસ્ક્રોઈ | ૭૭૪૬૦૦ | ૧૧૪૯૩૦૦ | ૧૧૬૫૬૦૦ | ૮૭૪૬૦૦ |
| ૨ | વિરમગામ | ૬૫૯૬૦૦ | ૧૫૫૦૨૫૦ | ૧૩૩૭૭૦૦ | ૭૬૦૯૨૦ |
| ૩ | માંડલ | ૩૬૩૦૦૦ | ૫૨૭૨૫૦ | ૪૩૭૧૦૦ | ૨૭૦૬૯૦ |
| ૪ | દેત્રોજ | ૩૫૫૨૦૦ | ૪૨૯૬૦૦ | ૪૨૬૯૦૦ | ૨૫૭૮૦૦ |
| ૫ | બાવળા | ૫૫૨૯૦૦ | ૮૦૨૨૦૦ | ૭૩૬૧૦૦ | ૪૬૬૦૦૦ |
| ૬ | ધોળકા | ૯૫૬૬૦૦ | ૧૨૩૭૩૦૦ | ૧૧૧૨૫૦૦ | ૭૨૪૦૦ |
| ૭ | સાણંદ | ૮૮૪૯૦૦ | ૧૪૫૦૨૦૦ | ૧૩૬૫૫૦૦ | ૮૨૩૬૦૦ |
| ૮ | ધંધુકા | ૫૧૮૦૦૦ | ૬૩૧૮૦૦ | ૫૮૧૦૦૦ | ૩૩૫૪૦૦ |
| ૯ | રાણપુર | ૨૨૨૬૦૦ | ૨૫૩૨૦૦ | ૧૨૯૫૦૦ | ૯૯૬૦૦ |
| ૧૦ | બરવાળા | ૩૦૭૨૦૦ | ૪૯૫૪૦૦ | ૩૬૧૯૦૦ | ૨૫૮૫૦૦ |
| | **કુલ** | **૫૫૯૪૬૦૦** | **૮૫૨૬૫૦૦** | **૭૬૫૩૮૦૦** | **૪૨૧૯૫૧૦** |

## કચ્છના ધોરડો ખાતે સફેદ રણમાં યોજાયેલ આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ

૨૩૮૯૪ **શ્રી ઈકબાલભાઈ પટેલ( વાગરા): માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧)જાન્યુઆરી ૧૨માં કચ્છના ધોરડો ખાતે સફેદ રણમાં યોજાયેલ આંતરરાષ્ટ્રીય પતંગ

**જવાબ**

(૧) જાન્યુઆરી ૧૨માં કચ્છના ધોરડો ખાતે સફેદ રણમાં યોજાયેલ આંતરરાષ્ટ્રીય પતંગ

| | |
|---|---|
| મહોત્સવમાં કેટલા વિદેશી-દેશી પતંગબાજો આવ્યા હતા, | મહોત્સવમાં ૨૩ વિદેશી પતંગબાજો આવ્યા હતા. |
| (૨)આ પતંગ મહોત્સવ દરમ્યાન ભાગ લેવા આવેલ પતંગબાજોને કચ્છ સુધી આવવા-જવાના વિમાની ભાડા, હોટલ સુવિધા તથા અન્ય કઈ કઈ સુવિધાઓ આપવામાં આવી હતી, અને | (૨) આ પતંગ મહોત્સવ દરમ્યાન ભાગ લેવા આવેલ પતંગબાજોને અમદાવાદથી કચ્છ સુધી લકઝરી કોચમાં લઈ જવામાં આવતા હતાં. તેમજ હોટલ સુવિધા તથા ધોરડો ખાતે આવાસ, જમવાની સુવિધા આપવામાં આવી હતી. |
| (૩)તેની પાછળ ૨૦૧૧-૧૨ના વર્ષમાં તા. ૩૦-૧-૨૦૧૧ ની સ્થિતિએ કેટલો ખર્ચ કરવામાં આવ્યો હતો. | (૩) ૨૦૧૧-૧૨ના વર્ષમાં તા.૩૧-૧-૨૦૧૨ની સ્થિતિએ અમદાવાદ થી ધોરડો જવા-આવવા, રહેઠાંણ અને ભોજનની સુવિધા માટે ` ૧,૮૩,૨૫૦/-નો ખર્ચ કરવામાં આવેલ છે. |

## ડાંગ જિલ્લામાં બનાવેલ ચેકડેમો

૨૪૫૧૪ **શ્રી વિજયભાઇ ર. પટેલ( ડાંગ-વાંસદા): માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧)ડાંગ જિલ્લામાં સરદાર પટેલ સહભાગી જળસંચય યોજના હેઠળ વર્ષ ૨૦૧૦-૧૧ અને ૨૦૧૧-૧૨માં તા. ૩૧-૧૨-૧૧ની સ્થિતિએ કેટલા ચેકડેમ બનાવવામાં આવ્યા, અને | (૧) **વર્ષ** — **ચેકડેમ**<br>૨૦૧૦-૧૧ — ૭૯<br>૨૦૧૧-૧૨ — ૩૫ |
| (૨)તે પાછળ વર્ષવાર કેટલો ખર્ચ થયો ? | (૨) **વર્ષ** — **થયેલ ખર્ચ**<br>૨૦૧૦-૧૧ — ૩.૨૭ કરોડ<br>૨૦૧૧-૧૨ — ૧.૪૮ કરોડ |

---------

## અમરેલી જિલ્લામાં યોજાતા ગરીબ કલ્યાણ મેળાઓમાં શહેરી વિકાસ વિભાગ દ્વારા ચૂકવેલ રાહત

૨૫૧૩૯ **શ્રી બાવકુભાઇ ના. ઉંઘાડ(બાબરા): માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧)તા. ૩૧-૧૨-૧૧ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં વર્ષવાર અમરેલી જિલ્લામાં તાલુકાવાર યોજાયેલ ગરીબ કલ્યાણ મેળાઓમાં શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ કે તાબા હેઠળની કચેરીઓ દ્વવારા કોઈ સહાય/વળતર/રાહત ચૂકવવામાં આવી છે, કે કેમ, | (૧) હા, જી. |
| (૨)વર્ષવાર અને તાલુકાવાર વિભાગ હસ્તકની કઈ યોજનાઓ હેઠળ કેટલી રકમની સહાય ચુકવવામાં આવી, અને | (૨) |

| ન.પા. નું નામ | યોજનાનું નામ | વર્ષ ૨૦૧૦ (તા. ૩૧-૧૨- | વર્ષ ૨૦૧૧ (તા. ૩૧-૧૨- |
|---|---|---|---|

| | | ૨૦૧૦ની સ્થિતિએ) સહાયની રકમ (` લાખમાં) | ૨૦૧૧ની સ્થિતિએ) સહાયની રકમ (` લાખમાં) |
|---|---|---|---|
| ચલાલા | નિર્મળ ગુજરાત | ૧૮.૦ | ૧૯.૨૧ |
| | SJSRY | ૩.૧૨ | ૩.૯૭ |
| | ઉમ્મીદ | ૦.૦૦ | ૧.૩૫ |
| | | ૨૧.૧૨ | ૨૪.૫૩ |
| અમરેલી | નિર્મળ ગુજરાત | 29.25 | 25.60 |
| | SJSRY | 9.76 | 0.00 |
| | શહેરી આવાસ | 18.00 | 22.75 |
| | | 57.01 | 48.35 |
| લાઠી | નિર્મળ ગુજરાત | ૮.૪૦ | ૫.૭૫ |
| | | ૮.૪૦ | ૫.૭૫ |
| સાવરકુંડલા | નિર્મળ ગુજરાત | ૪૪.૬૦ | ૪૮.૦૩ |
| | SJSRY | ૮.૦૮ | ૩૩.૨૮ |
| | | ૫૨.૬૮ | ૮૧.૩૧ |
| બાબરા | નિર્મળ ગુજરાત | ૯.૦૦ | ૫.૭૧ |
| | SJSRY | ૨૦.૮૫ | ૦.૦૦ |
| | | **૨૯.૮૫** | **૫.૭૧** |
| જાફરાબાદ | નિર્મળ ગુજરાત | ૨.૭૩ | ૦.૦૦ |
| | SJSRY | ૩.૭૯ | ૩.૫૯ |
| | | **૬.૫૨** | **૩.૫૯** |
| રાજુલા | નિર્મળ ગુજરાત | ૩૬.૯૦ | ૧૯.૧૫ |
| | SJSRY | ૧.૨૦ | ૨.૫૦ |
| | | **૩૮.૧૦** | **૨૧.૬૫** |
| બગસરા | નિર્મળ ગુજરાત | ૬.૮૪ | ૦.૦૦ |
| | SJSRY | ૩.૧૫ | ૦.૦૦ |
| | | 9.99 | 0.00 |
| | **જિલ્લાનું કુલ** | **223.67** | **190.89** |

(૩)ઉક્ત ખર્ચ બજેટના કયા હેડ હેઠળ ઉધારવામાં આવેલ છે ?

(3)

| યોજનાનું નામ | બજેટ હેડ |
|---|---|
| નિર્મળ ગુજરાત | યુડીપી-૫,૨૨૧૭-૦૩-૧૯૧-૪૬ |
| સ્વર્ણિમ જયંતી સ્વરોજગાર યોજના (SJSRY) | યુડીપી-૧૪,૩૪૭૫-૦૦-૧૦૮-૦૧ |
| ઉમ્મીદ | યુડીપી-૧૩,૩૪૭૫-૦૦-૧૦૮-૦૨ |
| શહેરી આવાસ યોજના | યુડીપી-૧૭, ૨૨૧૭-૦૩-૧૯૧-૪૧<br>યુડીપી-૧૯, ૨૨૧૭-૦૪-૧૯૧-૦૨ |

---------

## તાપી જિલ્લામાં યોજાતા ગરીબ કલ્યાણ મેળાઓમાં સહાય

૨૪૫૫૩ **શ્રી પુનાભાઇ ઢે. ગામીત( વ્યારા): માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧)તા. ૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર તાપી જિલ્લામાં તાલુકાવાર યોજાયેલ ગરીબ કલ્યાણ મેળાઓમાં શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ કે તાબા હેઠળની કચેરીઓ દ્વારા કોઈ સહાય/વળતર/રાહત ચૂકવવામાં આવી છે કે કેમ, જો હા, તો

**જવાબ**

(૧) હા, જી.

(૨)વર્ષવાર અને તાલુકાવાર વિભાગ હસ્તકની કઈ યોજનાઓ હેઠળ કેટલી રકમની સહાય ચુકવવામાં આવી, અને

(૨)

| નગરપાલિકાનું નામ | યોજનાનું નામ | વર્ષ ૨૦૧૦ (તા. ૩૧-૧૨-૨૦૧૦ ની સ્થિતિએ) | વર્ષ ૨૦૧૧ (તા. ૩૧-૧૨-૨૦૧૧ ની સ્થિતિએ) |
|---|---|---|---|
| | | સહાયની રકમ (` લાખમાં) | સહાયની રકમ (` લાખમાં) |
| વ્યારા | નિર્મળ ગુજરાત | ૨૭.૩૩ | ૦.૦૦ |
| | SJSRY | ૦.૫૧ | ૨.૧૮ |
| | ઉમ્મીદ | ૦.૦૦ | ૫.૯૯ |
| | | ૨૭.૮૪ | ૮.૧૭ |
| સોનગઢ | નિર્મળ ગુજરાત | ૧૧.૫૨ | ૧૦.૧૮ |
| | SJSRY | ૧૩.૦૫ | ૧૧.૧૦ |
| | | **૨૪.૫૭** | **૨૧.૨૮** |

(૩)ઉક્ત ખર્ચ બજેટના કયા હેડ હેઠળ ઉધારવામાં આવેલ છે ?

(૩)

| યોજનાનું નામ | બજેટ હેડ |
|---|---|
| નિર્મળ ગુજરાત | યુડીપી-૫,૨૨૧૭-૦૩-૧૯૧-૪૬ |
| સ્વર્ણિમ જયંતી સ્વરોજગાર યોજના (SJSRY) | યુડીપી-૧૪,૩૪૭૫-૦૦-૧૦૮-૦૧ |
| ઉમ્મીદ | યુડીપી-૧૩,૩૪૭૫-૦૦-૧૦૮-૦૨ |

---------

## મહેસાણા જિલ્લાની મોડલ નગરપાલિકા ઘટક કાર્યક્રમ હેઠળ વિકાસના કામો

૨૪૪૭૦ **શ્રી અનિલકુમાર ત્રિ. પટેલ(મહેસાણા): માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧)મહેસાણા જિલ્લામાં તા. ૩૧-૧૨-૧૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં નગરપાલિકાને સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રીશ્રી શહેરી વિકાસ યોજના મોડલ નગરપાલિકા ઘટક કાર્યક્રમ હેઠળ વિકાસના કામો માટે કેટલી ગ્રાન્ટ ચૂકવવામાં આવેલ છે, અને

(૧) રૂ઼ા. ૧૪.૫૬ કરોડની ગ્રાન્ટ ચુકવવામાં આવેલ છે.

(૨)તે પરત્વે કયા કયા હેતુના કામો મંજુર કરવામાં આવેલ છે ?

(૨) તે પરત્વે નીચે જણાવેલ હેતુના કામો મંજુર કરવામાં આવેલ છે.

(૧) મુખ્ય રસ્તા, (૨) હરિયાળા શહેરોનું નિર્માણ, (૩) ટ્રાફિક સર્કલ, (૪) જળ સંચય, (૫) સ્લમ વિસ્તારના વિકાસ કામો, (૬) ગરીબી સમૃધ્ધિ યોજનાના કામો, (૭) નિર્મળ ગુજરાત, (૮) અન્ય કામો તથા (૯)આંગણવાડી કેન્દ્રો બનાવવાના કામો મંજુર કરવામાં આવેલ છે.

---------

## ભરૂચ જિલ્લામાં શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ હેઠળ બાળકોની સારવાર

૨૪૫૪૭ **શ્રી દુષ્યંતભાઇ ર. પટેલ( ભરૂચ): માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) ભરૂચ જિલ્લામાં શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ અંતર્ગત તા. ૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર કેટલા બાળકોને, કયા કયા રોગો માટે સારવાર આપવામાં આવી છે, અને

(૧) ભરૂચ જિલ્લામાં શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ અંતર્ગત તા. ૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર કુલ-૯૪૩૫૮ બાળકોને જુદા જુદા રોગો માટે સારવાર આપવામાં આવેલ છે જેની વિગત દશાર્વતું પત્રક-અ સામેલ છે.

(૨) તે પૈકી કેટલા બાળકોને રેફરલ અને તજજ્ઞ સારવાર આપવામાં આવી ?

(૨) તે પૈકી કુલ-૮૯૮૨ બાળકોને રેફરલ અને તજજ્ઞ સારવાર આપવામાં આવેલ છે જેની વિગત દશાર્વતું પત્રક-બ સામેલ છે.

## પ ત્ર ક – અ

| વર્ષ | તાલુકાનું નામ | પાંડુરોગ | આંત્રકૃમિ | દાંતની તકલીફ | આંખની તકલીફ | કાન-નાક-ગળાની તકલીફ | પેટની તકલીફ | ચામડીના રોગ | શરીરની સ્થૂળતા | તમાકુનું સેવન | માનસીક તણાવ | જાતીય રોગો | શ્વસનતંત્રના રોગ | ચેતાત્રંતના રોગ | અસ્થિતંત્રના રોગ | વિકલાંગતા | અન્ય |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૨૦૦૯-૨૦૧૦ | ભરૂચ | ૧૪૫૯ | ૨૨૮૪ | ૯૯ | ૨૮૨ | ૩૯૩ | ૬૭૪ | ૪૨૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૮૮ | ૧ | ૦ | ૧ | 0 |
| | જંબુસર | ૧૧૩૯ | ૫૧૭ | ૧૦૫ | ૫ | ૩૨૦ | ૫૯૩ | ૩૪૫ | ૦ | ૦ | ૦ | ૦ | ૧૦૩ | ૦ | ૦ | ૦ | ૦ |
| | વાગરા | ૧૭૯૭ | ૨૭૧૨ | ૪૭૬ | ૩૨૯ | ૩૫૬ | ૪૧૭ | ૨૬૬ | ૦ | ૦ | ૦ | ૦ | ૬૯ | ૫ | ૬ | ૦ | ૦ |
| | હાંસોટ | ૧૩૧૭ | ૧૫૮૮ | ૮૫૫ | ૪૦૬ | ૨૭૮ | ૫૯૫ | ૩૮૯ | ૦ | ૦ | ૦ | ૦ | ૧૪૭ | ૧ | ૦ | ૦ | ૦ |
| | ઝઘડીયા | ૧૨૦૨ | ૨૨૦૦ | ૬૭ | ૭૩ | ૩૦૫ | ૪૩૦ | ૨૬૭ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ |
| | વાલીયા | ૧૪૨૧ | ૧૯૨૪ | ૧૮૯ | ૭૭ | ૪૫૭ | ૬૦૫ | ૩૫૩ | ૦ | ૦ | ૦ | ૦ | ૧૭૫ | ૮ | ૨ | ૦ | ૦ |
| | **કુલ** | **૮૩૩૫** | **૧૧૨૨૫** | **૧૭૯૧** | **૧૧૭૨** | **૨૧૦૯** | **૩૩૧૪** | **૨૦૪૧** | **૦** | **૦** | **૦** | **૦** | **૫૮૨** | **૧૬** | **૮** | **૧** | **૦** |
| ૨૦૧૦-૨૦૧૧ | ભરૂચ | ૨૯૦૫ | ૩૨૯૪ | ૫૮ | ૬૯૧ | ૦ | ૧૭ | ૧૯૩ | ૫૩ | ૨૦૧ | ૬ | ૬ | ૩૦ | ૨૮ | ૫ | ૦ | ૨૬ |
| | જંબુસર | ૨૫૭૨ | ૩૦૯૦ | ૫૨ | ૩૭૨ | ૦ | ૨૦ | ૩૧૨ | ૬૭ | ૭૦૫ | ૧૦ | ૫ | ૧૨ | ૧૩ | ૧ | ૦ | ૧૯ |
| | વાગરા | ૨૮૪૯ | ૩૦૧૩ | ૩૦ | ૫૫૩ | ૦ | ૧૨ | ૧૩૮ | ૬૪ | ૧૫૩ | ૦ | ૨ | ૮ | ૧૧ | ૧ | ૧ | ૧૭ |
| | હાંસોટ | ૨૮૩૧ | ૩૦૯૧ | ૬૯ | ૮૬૨ | ૧૦ | ૧૫ | ૧૯૨ | ૮૯ | ૨૯૦ | ૬ | ૧૫ | ૫૦ | ૩૧ | ૪ | ૨ | ૨૪ |
| | ઝઘડીયા | ૨૭૬૦ | ૩૦૫૦ | ૨૯ | ૧૩૩ | ૯ | ૧૨ | ૯૬ | ૬૬ | ૫૩ | ૧ | ૪ | ૯ | ૫ | ૨ | ૦ | ૨૦ |
| | વાલીયા | ૨૦૫૭ | ૨૨૩૨ | ૩૧ | ૧૮૦ | ૨ | ૧૦ | ૨૪૭ | ૪૭ | ૪૯ | ૨ | ૦ | ૭ | ૧૨ | ૦ | ૦ | ૧૩ |
| | **કુલ** | **૧૫૯૭૫** | **૧૭૭૭૩** | **૨૭૪** | **૨૭૯૫** | **૨૭** | **૯૪** | **૧૧૮૬** | **૩૯૪** | **૧૪૬૧** | **૩૭** | **૪૪** | **૧૨૮** | **૧૧૩** | **૨૭** | **૧૯** | **૧૩૭** |
| ૨૦૧૧-૧૨ (૩૧-૧૨-૧૧ અંતિત) | ભરૂચ | ૧૩૨૨ | ૧૪૧૭ | ૨૯૩ | ૩૪૩ | ૧૭૩ | ૧૨૫ | ૨૦૧ | ૧ | ૦ | ૧૧ | ૦ | ૬૧ | ૫ | ૧ | ૫ | ૪૩૭ |
| | જંબુસર | ૪૩૨ | ૫૧૬ | ૨૫૩ | ૨૧૪ | ૨૭૮ | ૪૮૫ | ૧૬૨ | ૫ | ૦ | ૧ | ૦ | ૨૨૪ | ૩ | ૨ | ૧૧ | ૫૨૧ |
| | વાગરા | ૧૧૨૧ | ૯૫૩ | ૧૭૮ | ૩૩૪ | ૮૯ | ૬૦ | ૧૭૦ | ૦ | ૧ | ૦ | ૧૦ | ૯૮ | ૧૦૫ | ૪ | ૫ | ૨૬૨ |
| | હાંસોટ | ૯૭૬ | ૧૬૫૭ | ૬૧૨ | ૭૫૮ | ૧૦૧ | ૧૮૩ | ૨૯૭ | ૨ | ૧ | ૧૩ | ૦ | ૪૧૨ | ૩ | ૩ | ૨૮ | ૬૩૨ |
| | ઝઘડીયા | ૯૫૭ | ૧૧૦૪ | ૩૩૫ | ૧૫૫ | ૫૮ | ૬૭ | ૧૮૦ | ૧ | ૨૫ | ૦ | ૧ | ૪ | ૦ | ૪ | ૩ | ૧૧૮૧ |
| | વાલીયા | ૮૬૨ | ૭૦૪ | ૧૪૮ | ૭૭ | ૨૫ | ૫૬ | ૨૩૭ | ૧ | ૦ | ૧ | ૦ | ૯૬ | ૧ | ૨ | ૫ | ૪૩૪ |
| | **કુલ** | **૫૬૬૯** | **૬૩૫૦** | **૧૮૧૮** | **૧૮૮૦** | **૭૨૩** | **૯૭૫** | **૧૨૪૫** | **૯** | **૨૭** | **૨૫** | **૧૧** | **૮૯૪** | **૧૧૬** | **૧૫** | **૫૬** | **૩૪૬૭** |

## પ ત્ર ક – બ

| વર્ષ | તાલુકાનું નામ | સંદર્ભ સેવાપાત્ર બાળકો | સંદર્ભસેવા આપેલ બાળકો | બાળ રોગ નિષ્ણાંત દ્વારા | આંખ રોગ નિષ્ણાંત દ્વારા | દાંત રોગ નિષ્ણાંત દ્વારા | ચામડીના રોગના નિષ્ણાંત દ્વારા | કાન, નાક, ગળાના નિષ્ણાંત દ્વારા | અન્ય |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૨૦૦૯-૧૦ | ભરૂચ | ૮૯૬ | ૮૯૬ | ૫૭ | ૭૨૮ | ૩૭ | ૩૭ | ૩૬ | ૧ |
| | જંબુસર | ૩૨૦ | ૩૨૦ | ૪૪ | ૨૩૧ | ૧૪ | ૨૦ | ૧૦ | ૧ |
| | વાગરા | ૩૯૩ | ૩૯૩ | ૩૩ | ૩૨૨ | ૯ | ૧૬ | ૧૨ | ૧ |
| | હાંસોટ | ૧૧૬૨ | ૧૧૬૨ | ૫૮ | ૧૦૨૫ | ૧૨ | ૩૧ | ૩૫ | ૧ |
| | ઝઘડીયા | ૨૮૬ | ૨૮૬ | ૬૫ | ૧૮૦ | ૯ | ૨૦ | ૧૧ | ૧ |
| | વાલીયા | ૧૮૦ | ૧૮૦ | ૪૧ | ૧૦૪ | ૧૦ | ૧૭ | ૮ | ૦ |
| | **કુલ** | **૩૨૩૭** | **૩૨૩૭** | **૨૯૮** | **૨૫૯૦** | **૯૧** | **૧૪૧** | **૧૧૨** | **૫** |
| ૨૦૧૦-૨૦૧૧ | ભરૂચ | ૧૦૧૯ | ૧૦૧૯ | ૭૧ | ૮૦૧ | ૭૦ | ૪૩ | ૧૧ | ૨૩ |
| | જંબુસર | ૫૭૭ | ૫૭૭ | ૪૪ | ૩૯૦ | ૭૩ | ૪૨ | ૫ | ૨૩ |
| | વાગરા | ૩૧૦ | ૩૧૦ | ૩૦ | ૨૬૦ | ૪ | ૩ | ૮ | ૫ |
| | હાંસોટ | ૧૪૧૮ | ૧૪૧૮ | ૧૬૫ | ૯૭૪ | ૭૪ | ૧૩૫ | ૩૪ | ૩૬ |
| | ઝઘડીયા | ૫૧૧ | ૫૧૧ | ૬૭ | ૨૮૨ | ૪૮ | ૫૭ | ૨૭ | ૩૦ |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | વાલીયા | ૧૩૬ | ૧૩૬ | ૪૪ | ૮૪ | ૦ | ૪ | ૧ | ૩ |
| | **કુલ** | **૩૯૭૧** | **૩૯૭૧** | **૪૨૦** | **૨૭૯૦** | **૨૭૦** | **૨૮૪** | **૮૭** | **૧૨૦** |
| ૨૦૧૧-૨૦૧૨ (૩૧-૧૨-૨૦૧૧ અંતિત) | ભરૂચ | ૬૪૮ | ૬૪૮ | ૧૯ | ૪૯૪ | ૭૨ | ૩૩ | ૨૫ | ૫ |
| | જંબુસર | ૨૨૭ | ૨૨૭ | ૧૯ | ૧૭૬ | ૭ | ૧૫ | ૬ | ૪ |
| | વાગરા | ૧૮૦ | ૧૮૦ | ૨૧ | ૧૪૨ | ૬ | ૭ | ૨ | ૨ |
| | હાંસોટ | ૫૬૪ | ૫૬૪ | ૨૦ | ૪૬૮ | ૬ | ૩૨ | ૧૬ | ૨૨ |
| | ઝઘડીયા | ૭૪ | ૭૪ | ૧૩ | ૪૭ | ૦ | ૬ | ૨ | ૬ |
| | વાલીયા | ૮૧ | ૮૧ | ૨૨ | ૫૦ | ૦ | ૧ | ૨ | ૬ |
| | **કુલ** | **૧૭૭૪** | **૧૭૭૪** | **૧૧૪** | **૧૩૭૭** | **૯૧** | **૯૪** | **૫૩** | **૪૫** |

---------

## વડોદરા જિલ્લામાં તાલુકાવાર યોજાતા ગરીબ કલ્યાણ મેળાઓ

૨૪૨૨૫ **શ્રી ખુમાનસિંહ રા. ચૌહાણ( સાવલી): માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧)તા. ૩૧-૧૨-૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર વડોદરા જિલ્લામાં તાલુકાવાર યોજાયેલ ગરીબ કલ્યાણ મેળાઓમાં શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ કે તાબા હેઠળની કચેરીઓ દ્વારા કોઈ સહાય/વળતર/રાહત ચૂકવવામાં આવી છે કે કેમ,

(૨)વર્ષવાર અને તાલુકાવાર વિભાગ હસ્તકની કઈ કઈ યોજનાઓ હેઠળ કેટલી રકમની સહાય ચુકવવામાં આવી, અને

**જવાબ**

(૧) હા, જી.

(૨)

| મહાનગર પાલિકા/નગર પાલિકાનું નામ | યોજનાનું નામ | વર્ષ ૨૦૧૦ (તા. ૩૧-૧૨-૨૦૧૦ ની સ્થિતિએ) સહાયની રકમ (` લાખમાં) | વર્ષ ૨૦૧૧ (તા. ૩૧-૧૨-૨૦૧૧ ની સ્થિતિએ) સહાયની રકમ (` લાખમાં) |
|---|---|---|---|
| વડોદરા મ.ન.પા. | નિર્મળ ગુજરાત | ૨૨૫.૦૪ | ૭૭.૨૭ |
| | SJSRY | ૭.૭૨ | ૧૨.૦૧ |
| | ઉમ્મીદ | ૩૦.૦૬ | ૧૨.૦૮ |
| | શહેરી આવાસ | 5069.61 | 6927.64 |
| **મહાનગરપાલિકાનું કુલ** | | **૫૩૩૨.૪૩** | **૭૦૨૯.૦૦** |
| સાવલી ન. પા. | નિર્મળ ગુજરાત | ૭.૦૦ | ૨.૦૦ |
| | SJSRY | ૨.૫૦ | ૨.૫૦ |
| | **કુલ** | **૯.૫૦** | **૪.૫૦** |
| છોટા ઉદેપુર ન.પા. | નિર્મળ ગુજરાત | 11.56 | 4.41 |
| | SJSRY | 10.37 | 4.02 |
| | ઉમ્મીદ | 0.00 | 1.71 |
| | **કુલ** | **૨૧.૯૩** | **૧૦.૧૪** |
| ડભોઈ ન.પા. | SJSRY | ૩૩.૯૭ | ૨૯.૪૦ |
| | ઉમ્મીદ | 0.00 | 4.73 |
| | **કુલ** | **33.97** | **૩૪.૧૩** |
| પાદરા ન.પા. | નિર્મળ ગુજરાત | ૦.૬૫ | ૪.૬૩ |
| | SJSRY | ૦.૫૭ | ૦.૩૫ |
| | ઉમ્મીદ | ૨.૨૨ | ૪.૫૦ |
| | **કુલ** | **૩.૪૪** | **૯.૪૮** |
| કરજણ ન.પા. | નિર્મળ ગુજરાત | ૪.૨૩ | ૪.૫૦ |
| | SJSRY | ૧.૬૭ | ૦.૬૮ |

| | | | |
|---|---|---|---|
| | ઉમ્મીદ | ૦.૨૦ | ૩.૯૫ |
| **કુલ** | | ૬.૧૦ | ૯.૧૩ |
| **નગરપાલિકાઓનું કુલ** | | **74.94** | **67.38** |
| **જિલ્લા કુલ** | | **5407.37** | **7096.38** |

(૩) ઉક્ત ખર્ચ બજેટના કયા હેડ હેઠળ ઉધારવામાં આવેલ છે ?

(૩)

| **યોજનાનું નામ** | **બજેટ હેડ** |
|---|---|
| નિર્મળ ગુજરાત | યુડીપી-૫,૨૨૧૭-૦૩-૧૯૧-૪૬ |
| શહેરી આવાસ | યુડીપી-૧૭,૨૨૧૭-૦૩-૧૯૧-૪૧ અને યુડીપી-૧૯,૨૨૧૭-૦૪-૧૯૧-૦૨ |
| સ્વર્ણિમ જયંતી સ્વરોજગાર યોજના (SJSRY) | યુડીપી-૧૪,૩૪૭૫-૦૦-૧૦૮-૦૧ |
| ઉમ્મીદ | યુડીપી-૧૩,૩૪૭૫-૦૦-૧૦૮-૦૨ |

---------

## સુરત જિલ્લામાં એમ.ઓ.યુ. પ્રમાણે પિયત મંડળી મારફતે ખેડુતોને પાણી આપવા બાબત

૨૪૯૭૪ **શ્રી કુંવરજીભાઇ ન. હળપતિ( બારડોલી): માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧)તા.૩૦-૧-૨૦૧૨ની સ્થિતિએ સુરત જિલ્લામાં એમ.ઓ.યુ. પ્રમાણે પિયત મંડળી મારફતે ખેડૂતોને પિયત માટે પાણી આપવામાં આવે છે કે, કેમ અને

(૨)ઉક્ત સ્થિતિએ કેટલા ખેડુતોને આ લાભ આપવાનો બાકી છે ?

**જવાબ**

(૧) હા, જી

(૨) પિયત સહકારી મંડળીઓ પોતાના નોંધાયેલ સભાસદોને જરૂરિયાત અને માંગણી મુજબ પિયત માટે પાણી આપે છે. તેથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

## રાજ્યમાં શિશુ મૃત્યુ દર

૨૪૫૩૪ **શ્રી ભૂપેન્દ્રભાઇ ગ. લાખાવાળા( વડોદરા શહેર): માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧)રાજ્યનો સન ૨૦૦૯ ના વર્ષનો શિશુ મૃત્યુદર કેટલો હતો, અને

(૨)તા. ૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં શિશુ મૃત્યુદર ઘટાડવા માટે સરકાર દ્વારા શાં પગલાં લેવામાં આવ્યા ?

**જવાબ**

(૧) સેમ્પલ રજીસ્ટ્રેશન સિસ્ટમ-૨૦૦૯ મુજબ રાજ્યમાં શિશુ મૃત્યુદર એક હજાર જીવીત જન્મે ૪૮ હતો.

(૨) રાજ્યમાં શિશુ મૃત્યુદર ઘટાડવા માટે નીચે મુજબના પગલાં લેવામાં આવેલ છે.

- પૂર્વ પ્રસુતિ અને અનુ. પ્રસુતિ અને રસીકરણને લગતી સેવાઓ દર એક હજારની વસ્તીએ દર માસે એક દિવસ નક્કી કરેલ સ્થળે મમતા દિવસ તરીકે આપવામાં આવે છે.
- દરેક પ્રસુતા માતા ૪૮ કલાક હોસ્પિટલમાં રોકાય તેવી સુવિધા આપવામાં આવે છે.

અને આવી પ્રસુતા માતાને મમતા કીટ વિના મુલ્યે આપવામાં આવે છે.

- સલામત પ્રસુતિ દ્વારા નવજાત શિશુ મૃત્યુદર ઘટાડવા ચિંરજીવી યોજના તથા સંસ્થાકીય પ્રસુતિ વધારવા ઈમરજન્સી એમ્બ્યુલન્સ ૧૦૮ને આવરી લઈ માળખાગત સુવિધા સુધારવામાં આવી.
- જનની સુરક્ષા યોજનામાં સુરક્ષિત માતૃત્વ માટે લાભાર્થીને ` ૫૦૦/– આપવામાં આવે છે.
- ચિરંજીવી યોજના હેઠળ ખાનગી સ્ત્રીરોગ નિષ્ણાતો સાથે કરાર કરવામાં આવેલ છે. જે અન્વયે ગરીબીરેખા નીચેના કુટુંબો તથા આદિજાતિ કુટુંબની બહેનોને ખાનગી સ્ત્રીરોગ નિષ્ણાત દ્વારા નિઃશુલ્ક પ્રસુતિ સેવાઓ (સીઝેરીયન સહિત) મળે છે.
- બાળસખા યોજના હેઠળ ખાનગી બાળરોગ નિષ્ણાતો સાથે કરાર કરવામાં આવેલ છે જે અન્વયે ગરીબીરેખા નીચેના કુટુંબો તથા આદિજાતિ કુટુંબની નવજાત શિશુને ખાનગી બાળરોગ નિષ્ણાત દ્વારા નિઃશુલ્ક સેવાઓ મળે છે.
- નવજાત શિશુ અને બાળકોના સર્વાંગી સારવાર કાર્યક્રમ (આઈ.એમ.એન.સી.આઈ.) અંતર્ગત આરોગ્ય અને આઈ.સી.ડી.એસ.ના વિભાગના સંયુકત ઉપક્રમે સમગ્ર રાજયમાં નવજાત શિશુઓને ગૃહ મુલાકાત અને સારવાર આપવાની વ્યવસ્થા કરવામાં આવી છે.
- ઈ–મમતાઃ માતા અને બાળકોની માહીતીનો એકત્રીકરણ પ્રોગ્રામ છે. જેના થકી આરોગ્ય સેવાઓમાંથી લાભાર્થી બાકાત ન રહે તેની તકેદારી રાખવામાં આવે છે.
- નવજાત શિશુ ઘનિષ્ઠ સારવારઃ ગુજરાત રાજ્યમાં નવજાત શિશુની સારવાર ૩૧ નવજાત શિશુ ઘનિષ્ઠ સારવાર યુનીટ, ૧૪૭ નવજાત શિશુ સ્ટેબીલાઈઝેશન કેન્દ્રો તથા ૨૯૬ નવજાત શિશુ કોર્નર કાર્યરત

કરવામાં આવેલ છે.

- બે બાળકો વચ્ચે જન્મનો ગાળો વધે તો બાળ મૃત્યુદર ઘટે, એ માટે કુટુંબ કલ્યાણના અસરકારક પગલા હાથ ધરવામાં આવેલ છે.
- પોષણ સુધારણા કાર્યક્રમ હેઠળ હાલમાં ૭૦ બાળ વિકાસ પોષણ કેન્દ્રો કાર્યરત છે. જેમાં કુપોષિત બાળકોને સારવાર આપવામાં આવે છે. વર્ષમાં બે વાર વિટામીન એના બે ડોઝ સાથે કૃમિનાશક દવા આપવામાં આવે છે. તમામ બાળકોને લોહ તત્વોની ગોળીઓ/સિરપ આપવામાં આવે છે. સગર્ભા તથા ધાત્રી માતા અને બાળકોને આયોડીન મીઠું આપવામાં આવે છે.
- મમતાસખી યોજના હેઠળ સરકારી સંસ્થામાં પ્રસુતિ સમયે કુટુંબની એક અનુભવી મહિલા હાજર રહી પ્રસુતાને પ્રોત્સાહન આપે અને નવજાત શિશુની દેખરેખમાં મદદરૂપ થઈ શકે છે.
- જનની શિશુ સુરક્ષા કાર્યક્રમ હેઠળ તમામ સરકારી સંસ્થાઓમાં પ્રસુતા માતા અને નવજાત શિશુઓની સંપુર્ણ નિઃશુલ્ક સારવાર નિઃશુલ્ક ભોજન તથા આવવા જવાની નિઃશુલ્ક વ્યવસ્થા કરવામાં આવે છે.

-------

## ભરૂચ જિલ્લામાં સરદાર પટેલ સહભાગી સિંચાઈ યોજના હેઠળ બનેલા ચેકડેમો

૨૪૯૩૩ **શ્રી કિરણકુમાર લ. મકવાણા( જંબુસર): માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧)ભરૂચ જિલ્લામાં વાલીઆ અને ઝઘડીયા તાલુકાઓમાં સરદાર પટેલ સહભાગી સિંચાઈ યોજના અંતર્ગત તા. ૩૧–૧–૨૦૧૨ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કયા કયા ગામે કઈ કઈ એજન્સીઓ મારફત ચેકડેમ બનાવવામાં આવેલ છે. | (૧) સરદાર પટેલ સહભાગી સિંચાઈ યોજના અંતર્ગત ચેકડેમો કોઈ એજન્સી દ્વારા બનાવવામાં આવતા નથી પરંતુ સ્વૈચ્છિક સંસ્થાઓ અને પ્રાયોજકો દ્વારા બનાવવામાં આવે છે. |
| (૨)આ ચેકડેમો પાછળ ચેકડેમ દીઠ કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો છે, અને | (૨) સામેલ *પત્રક મુજબ. |
| (૩)ઉક્ત સ્થિતિએ આ ચેકડેમોમાં કુલ કેટલા | (૩) કુલ ૪૩.૩૨ મી ઘન ફુટ પાણીનો સંગ્રહ |

પાણીનો સંગ્રહ થયેલ છે ? | થયેલ છે.

(***પત્રક** સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવ્યા છે.)

---------

## વડોદરા જિલ્લામાં પ્રવાસન સ્થળોનો વિકાસ

૨૪૪૬૨ **શ્રી મધુભાઇ બા. શ્રીવાસ્તવ( વાઘોડીયા): માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧)વડોદરા જિલ્લામાં સન ૨૦૧૦–૧૧ અને ૨૦૧૧–૧૨ ના વર્ષમાં તા.૩૧–૧૨–૨૦૧૧ ની સ્થિતિએ કયા કયા સ્થળો પ્રવાસન સ્થળ તરીકે વિકાસ કરવા માટે પસંદ કરવામાં આવ્યા, | (૧) વડોદરા જિલ્લામાં સન ૨૦૧૦–૧૧ અને ૨૦૧૧–૧૨ ના વર્ષમાં તા.૩૧–૧૨–૨૦૧૧ ની સ્થિતિએ સને ૨૦૧૦–૧૧માં વડોદરાના કમાટી બાગને તથા વર્ષ ૨૦૧૧–૧૨માં (૧) જેતપુર પાવી તાલુકામાં આવેલ સુખી ડેમને (૨) સંખેડા તાલુકામાં આવેલ તરગોળ ઈકો ટુરીઝમ સેન્ટર (૩) ડભોઈ તાલુકાના ચાણોદ અને કરનાળીને પ્રવાસન સ્થળ તરીકે વિકાસ કરવા માટે પસંદ કરવામાં આવ્યા. |
| (૨)પસંદ કરેલ સ્થળોને વિકસાવવા માટે કઈ કઈ સુવિધા પુરી પાડવાની સરકારની યોજના છે. | (૨) (૧) કમાટીબાગ વડોદરા ખાતે લેશર શો.<br><br>(૨) જેતપુર પાવી તાલુકામાં આવેલ સુખી ડેમ ખાતે હયાત રેસ્ટ હાઉસની ફરતે કમ્પાઉન્ડ વોલ, પાર્કીંગની જગ્યામાં પ્લેટફોર્મ, ચેક પોસ્ટ પાસે પી.આર.ઓ. ઓફીસ, સુખી જળાશય યોજનાનું મોડલ મ્યુઝીયમ રૂમ, ટેકરી પરની હટ વ્યુ પોઈન્ટ પર એક્રેલીક ટાઈપની કેબીન, બોટીંગ વ્યવસ્થા ડેવલપ કરવાનું આયોજન, અપસ્ટ્રીમમાં કોક્રીંટ સ્ટેપ અને પ્લેટફોર્મ, ટીકીટબારી, ફુવારા તથા બાગબગીચા, પર્યટકોને ફેરવવા મશીનથી ચાલતી મોટર બોટ, પર્યટકો માટે ચા–નાસ્તો તથા ફ્રેશ થવા માટે શેડ, સેડલ નં. ૨ મુખ્ય બંધ તથા વ્યુ પોઈન્ટની આજુબાજુ રેલીંગ, વ્યુ પોઈન્ટ પર આર.સી.સી.ની સાંકળ મુકવાની જોગવાઈ .<br><br>(૩) તરગોળ ઈકો ટુરીઝમ સેન્ટર, સંખેડા ખાતે કેનાલથી ટુરીઝમ સેન્ટર સુધીનો રોડ, ઈકો ટુરીઝમની ફરતે અને બાજુમાં ટેરીસ ગાર્ડન, ટુરીઝમ સેન્ટર નજીક બનાવેલ ચેકડેમ પર ૩૦ મીટર લંબાઈનો પુલ, પ્રવાસીઓ માટે ડાઈનીંગ ટેબલો, ખુરશી તથા હીંચકા, અને રસોડાની વ્યવસ્થા, બાળકો માટેના રમત ગમતના સાધનો મુકવાનું આયોજન છે. |

(૪) ડભોઈ તાલુકાના ચાણોદ અને કરનાલી ખાતે સ્નાનઘાટ, હયાતઘાટનું રીપેરીંગ, રીનોવેશન, રેસ્ટોરેશન, રીવરફ્રન્ટ, ડેવલપમેન્ટ, સ્મશાનઘાટ, ફલોટીંગ જેટી, બ્યુટીફીકેશન, ઈલેકટ્રીફીકેશન, લેન્ડ સ્કેપીંગ, પાર્કીંગ, તથા ઈન્ફ્રાસ્ટ્રકચરની સુવિધા પુરી પાડવાનું સરકારનું આયોજન છે.

(૩)ઉકત સ્થિતિએ વર્ષવાર પ્રત્યેક સ્થળના વિકાસ માટે કેટલા નાણાં ફાળવવામાં આવ્યા, અને

(૩) સને ૨૦૧૦–૧૧

વડોદરાના કમાટીબાગ ખાતે લેશર શો ગોઠવવા માટે કલેકટરશ્રીને ` ૨૫.૦૦ લાખ ગ્રાન્ટ ફાળવેલ છે.

સને ૨૦૧૧–૧૨

જેતપુર પાવી તાલુકાના સુખી ડેમ, સંખેડા તાલુકાના તરગોળ ખાતેનું ઈકો ટુરીઝમ સેન્ટર તથા ચાણોદ અને કરનાલી પરિયોજના આયોજન હેઠળ હોઈ કોઈ ગ્રાન્ટ ફાળવવામાં આવેલ નથી.

(૪)ઉકત સ્થિતિએ તેની સામે કેટલો ખર્ચ કરવામાં આવ્યો?

(૪) સદરહુ પરિયોજનાઓ હેઠળ કોઈ ખર્ચ થયેલ નથી.

---------

## અમદાવાદ સિવિલ હોસ્પિટલનું નવીની કરણ

૨૪૫૩૫ **શ્રી ભરતકુમાર ચી. બારોટ(દરિયાપુર-કાઝીપુર): માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં નવીનીકરણ તથા સુધારણા માટે સરકારે માસ્ટર પ્લાન તૈયાર કરેલ છે. તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ પ્લાન અંતર્ગત શી કામગીરી કરવામાં આવશે, અને | (૨) આ પ્લાન અંતર્ગત પેકેજ૧,૨ અને ૩ હેઠળ જુદા જુદા હયાત મકાનો જેવા કે સિવીલ હોસ્પિટલ, બી.જે.મેડીકલ કોલેજ વિગેરેના નવીનીકરણ, પુન:બાંધકામ અને રીનોવેશનની કામગીરી તેમજ નવા મકાનો જેવા કે ટ્રોમા સેન્ટર, પી.જી. હોસ્ટેલ, નર્સીંગ સ્કુલ અને કોલેજ યુ.જી.હોસ્ટેલ રહેણાંક ક્વાટર્સ, એમ.એન્ડ જે.ઈન્સ્ટીટ્યુટ ઓફ ઓપ્થલ્મોલોજી–૧૨૦૦ પથારીની અદ્યતન હોસ્પીટલ વિગેરેના નવા બાંધકામની કામગીરી કરવામાં આવશે. |
| (૩) તા. ૩૧–૧૨–૨૦૧૧ અંતિત કઈ કઈ કામગીરી પાછળ કેટલો ખર્ચ થયેલ છે. | (૩) તા. ૩૧–૧૨–૨૦૧૧ અંતિત પેકેજ–૧ માટે<br>રૂા. ૯૪.૪૮ કરોડ, પેકેજ–૨ માટે રૂા. ૧.૯૫ |

કરોડ અને પેકેજ–૩ માટે રૂા. ૫.૬૪ કરોડ આમ કુલ રૂા. ૧૦૨.૦૭ કરોડનો ખર્ચ થયેલ છે.

---------

## રાજયની ફીઝીયોથેરાપી કોલેજોની બેઠકો અંગે

૨૪૫૩૯ **શ્રી ભરતભાઇ ખો. બોઘરા(જસદણ): માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| રાજયની સરકારી/અર્ધસરકારી/સ્વનિર્ભર ફઝીયોથેરાપી કોલેજોમાં તા. ૩૧–૧૨–૨૦૧૧ ની સ્થિતિએ સ્નાતક કક્ષામાં પ્રવેશ માટે કેટલી બેઠકો છે ? | રાજયની સરકારી/અર્ધસરકારી/સ્વનિર્ભર ફીઝીયોથેરાપી કોલેજોમાં તા. ૩૧–૧૨–૨૦૧૧ ની સ્થિતિએ સ્નાતક કક્ષામાં પ્રવેશ માટે ૧૩૦૫ બેઠકો છે. |

---------

## સાબરકાંઠા જિલ્લામાં ચિરંજીવી યોજનામાં માતાઓને આપેલ સુવિધાઓ

૨૫૫૮૧ **શ્રી ઉદેસિંહ પું. ઝાલા( બાયડ): માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સાબરકાંઠા જિલ્લામાં વનબંધુ કલ્યાણ યોજના અંતર્ગત ચિરંજીવી યોજના હેઠળ તા. ૩૧–૧૨–૨૦૧૧ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં માતાઓની કયા કયા પ્રકારની સુવિધાઓ આપવામાં આવેલ છે, અને | (૧) વનબંધુ કલ્યાણ યોજના અંતર્ગત સાબરકાંઠા જિલ્લામાં ચિરંજીવી યોજના હેઠળ છેલ્લા તા. ૩૧–૧૨–૧૧ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગરીબી રેખા હેઠળની (બી.પી.એલ. કાર્ડ ધરાવતી) કુટુંબની પ્રસુતા બહેનો તથા ગરીબી રેખા હેઠળ ઉપરની (એ.પી.એલ. કાર્ડ ધરાવતી) પરંતુ આવક વેરો ન ભરતી હોય તેવા અનુસૂચિત જનજાતિ કુટુંબોની પ્રસુતા બહેનોને આ યોજના અંતર્ગત કરારબદ્ધ થયેલ સ્ત્રી રોગ નિષ્ણાંતને ત્યાં પ્રસુતિ સંબંધિત તમામ સેવાઓ વિના મૂલ્યે આપવામાં આવે છે. તેમજ વાહનવ્યવહારના રૂા. ૨૦૦/– પ્રસુતા બહેનને ડૉકટર દ્વારા રોકડા આપવામાં આવે છે. |
| (૨) તે પાછળ તા. ૩૧–૧૨–૨૦૧૧ સુધીમાં કેટલો ખર્ચ થયેલ છે ? | (૨) વનબંધુ કલ્યાણ યોજના અંતર્ગત ચિરંજીવી યોજનામાં છેલ્લા બે વર્ષમાં તા. ૩૧–૧૨–૧૧ ની સ્થિતિએ (વનબંધુ તાલુકામાં) કુલ રૂા. ૧,૨૭,૪૧,૩૭૮/–નો ખર્ચ થયેલ છે. |

## રાજકોટ જિલ્લામાં ઈ–મમતા કાર્યક્રમ હેઠળ સગર્ભા માતાઓની નોંધણી

૨૪૫૫૧ **શ્રીમતિ જશુબેન સ. કોરાટ(જેતપુર): માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજયમાં સગર્ભા માતાઓની નોંધણી માટે રાજય સરકારે ઈ–મમતા કાર્યક્રમ શરૂ કરેલ છે | (૧) હા, જી. |

તે હકીકત સાચી છે, અને

(૨) જો હા તો રાજકોટ જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૧ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી સગર્ભા માતાઓની નોંધણી કરવામાં આવી ?

(૨) રાજકોટ જિલ્લામાં ૩૧ ડીસેમ્બર–૨૦૧૧ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ૧,૨૨,૪૧૫ સગર્ભા માતાઓની નોંધણી કરવામાં આવી છે.

---------

## બનાસકાંઠા જિલ્લામાં ૧૦૮ એમ્બ્યુલન્સ સેવાના લાભાર્થીઓ

૨૪૫૫૨ **શ્રી અનિલકુમાર અ. માળી(દિયોદર): માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) બનાસકાંઠા જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૧ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ૧૦૮ એમ્બ્યુલન્સ સેવાનો કેટલા લાભાર્થીઓએ લાભ લીધો, અને | (૧) બનાસકાંઠા જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૧ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ ૮૬૭૯૬ લાભાર્થીઓએ લાભ લીધો. |
| (૨) આ પૈકી કેટલાની જિંદગી બચાવવામાં આવી ? | (૨) આ પેકી કુલ ૨૦૨૭ ની જિંદગી બચાવવામાં આવી. |

---------

## મહી સિંચાઈ યોજના દ્વારા સિંચાઈના પાણીની ફાળવણી

૨૫૧૮૩ **શ્રી લાલસિંહ ઉ. વડોદીયા( ઉમરેઠ): માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સન ૨૦૧૦ અને ૨૦૧૧માં મહી સિંચાઈ યોજના દ્વારા વર્ષવાર કેટલા વિસ્તારમાં સિંચાઈનું પાણી આપવાનું આયોજન હતું | (૧) વર્ષ ૨૦૧૦ ૧,૫૩,૦૦૦ હેકટર<br>વર્ષ ૨૦૧૧ ૧,૬૬,૦૦૦ હેકટર |
| (૨) આની સામે વર્ષવાર કેટલા વિસ્તારમાં ખરેખર સિંચાઈનું પાણી આપવામાં આવ્યું, અને | (૨) વર્ષ ૨૦૧૦ ૧,૩૨,૧૦૪ હેકટર<br>વર્ષ ૨૦૧૧ ૧,૩૦,૬૩૮ હેકટર |
| (૩) વર્ષવાર મહી સિંચાઈ યોજનામાં કેટલું ખર્ચ કરવામાં આવ્યું ? | (૩) નહેરોના સિંચાઈ સંચાલન માટે વર્ષ ૨૦૧૦માં<br>રૂા. ૨૪૬.૫૯ લાખ અને વર્ષ ૨૦૧૧ માં રૂા. ૨૬૪.૧૪ લાખ ખર્ચ થયેલ છે. |

---------

## સુરેન્દ્રનગર જિલ્લામાં ઈ–મમતા કાર્યક્રમ હેઠળ સગર્ભા માતાઓની નોંધણી

૨૪૫૫૦ **શ્રીમતિ વર્ષાબેન ન. દોશી(વઢવાણ): માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સગર્ભા માતાઓની નોંધણી માટે રાજ્ય સરકારે રાજ્યમાં ઈ–મમતા કાર્યક્રમ શરૂ કરેલ છે, તે હકીકત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા તો સુરેન્દ્રનગર જિલ્લામાં તા. ૩૧– | (૨) સુરેન્દ્રનગર જિલ્લામાં ૩૧ ડીસેમ્બર |

| | |
|---|---|
| ૧૨–૨૦૧૧ ની સ્થિતએ છેલ્લા બે વર્ષમાં કેટલી સગર્ભા માતાઓની નોંધણી કરવામાં આવી ? | ૨૦૧૧ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ૪૧૯૨૪ સગર્ભા માતાઓની નોંધણી કરવામાં આવી છે. |

---------

## ઓર્ગન ટ્રાન્સપ્લાન્ટના કાયદા હેઠળ આરોગ્ય કમિશનર દ્વારા આપવામાં આવેલી મંજુરી

૨૪૫૪૩ **શ્રી મહેન્દ્રભાઈ લી. મશરૂ(જુનાગઢ): માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ઓર્ગન ટ્રાન્સપ્લાન્ટના કાયદા હેઠળ સને ૨૦૧૧ માં આરોગ્ય કમિશનરની કચેરી દ્વારા વર્ષવાર કેટલી મંજુરીઓ અપાઈ, અને | (૧) ઓર્ગન ટ્રાન્સપ્લાન્ટના કાયદા હેઠળ વર્ષ–૨૦૧૦–૧૧ માં તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં આરોગ્ય કમિશનરની કચેરી દ્વારા કુલ–૫૧૬ દરખાસ્તોને મંજુરીઓ આપવામાં આવી. |
| (૨) તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ આવી મંજુરી માંગતી કેટલી અરજીઓ પડતર છે ? | (૨) એક પણ નહીં. |

---------

## સ્ટેમસેલ જીનેટીક મેડીસીનમાં સેન્ટર ઓફ એક્સલન્સ માટે રકમને મંજુરી

૨૪૫૪૫ **શ્રીમતિ વિભાવરીબેન વિ. દવે(ભાવનગર શહેર ઉત્તર): માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સ્ટેમસેલ, જીનેટીક મેડીસીન તથા અન્ય સંબંધિત ક્ષેત્રમાં સેન્ટર ઓફ એક્સલન્સ સ્થાપવા રાજય સરકાર દ્વારા વર્ષ ૨૦૧૧–૧૨ માં ૩૧મી જાન્યુઆરી–૨૦૧૨ સુધીમાં કેટલી રકમ મંજુર કરવામાં આવી છે, અને | (૧) સ્ટેમસેલ જીનેટીક મેડીસીન તથા અન્ય સંબંધિત ક્ષેત્રમાં સેન્ટર ઓફ એક્સલન્સ સ્થાપવા રાજય સરકાર દ્વારા વર્ષ–૨૦૧૧–૧૨ માં ૩૧ મી જાન્યુઆરી–૨૦૧૨ સુધીમાં કોઈ રકમ મંજુર કરવામાં આવી નથી. |
| (૨) આ સેન્ટરની કામગીરી ઉક્ત સ્થિતિએ કયા તબક્કે છે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

## અમદાવાદની કીડની ઈન્સ્ટીટ્યુટને ફાળવેલ ગ્રાન્ટ

૨૪૫૩૬ **શ્રીમતિ ગીતાબેન ચો. પટેલ(સાબરમતી): માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમદાવાદની કીડની ઈન્સ્ટીટ્યુટ ૨૦૧૦–૨૦૧૧ અને ૨૦૧૧–૧૨ ના વર્ષમાં તા. ૩૧–૧૨–૨૦૧૧ સુધીમાં છેલ્લાં બે વર્ષમાં રાજય | (૧) અમદાવાદની કીડની ઈન્સ્ટીટ્યુટ ૨૦૧૦–૨૦૧૧ અને ૨૦૧૧–૧૨ ના વર્ષમાં તા. ૩૧–૧૨–૨૦૧૧ સુધીમાં છેલ્લા બે વર્ષમાં રાજય |

સરકારે કેટલી ગ્રાન્ટ આપી,

સરકારે આપેલ ગ્રાન્ટની માહિતી નીચે મુજબ છે.

| વર્ષ | કુલ ગ્રાન્ટ (રૂ઼. લાખમાં) |
|---|---|
| ૨૦૧૦-૧૧ | ૧૪૩૭.૮૬ |
| ૨૦૧૧-૧૨ | ૯૧૦.૩૮ |

(૨) આ ઈન્સ્ટીટ્યુટ દ્વારા ઉક્ત સમયગાળામાં કીડની ટ્રાન્સપ્લાન્ટના વર્ષવાર કેટલા ઓપરેશનો કરવામાં આવ્યા, અને

(૨) આ ઈન્સ્ટીટ્યુટ દ્વારા ઉક્ત સમયગાળામાં કીડની ટ્રાન્સપ્લાન્ટના વર્ષવાર કરવામાં આવેલ ઓપરેશનોની માહિતી નીચે મુજબ છે.

| વર્ષ | ઓપરેશનની સંખ્યા |
|---|---|
| ૨૦૧૦-૧૧ | ૨૮૨ |
| ૨૦૧૧-૧૨ | ૧૯૫ |

(તા. ૩૧-૧૨-૨૦૧૧ સુધી)

(૩) કીડનીના રોગથી પીડાતા કેટલા દર્દીઓને સારવાર આપવામાં આવી ?

(૩) કીડનીના રોગથી પીડાતા દર્દીઓને આપવામાં આવેલ સારવારની માહિતી નીચે મુજબ છે.

| વર્ષ | બહારના દર્દીઓ (ઓ.પી.ડી.) | અંદરના દર્દીઓ (ઈન્ડોર) |
|---|---|---|
| ૨૦૧૦-૧૧ | ૧૩૫૨૩૪ | ૯૨૧૫ |
| ૨૦૧૧-૧૨ | ૧૩૦૫૩૬ | ૭૩૫૦ |

---------

## વલસાડ જિલ્લામાં ચિરંજીવી યોજનામાં માતાઓને આપેલ સુવિધાઓ

૨૫૫૮૨ **શ્રી રમણલાલ ના. પાટકર( ઉમરગામ): માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વલસાડ જિલ્લામાં વનબંધુ કલ્યાણ યોજના અંતર્ગત ચિરંજીવી યોજના હેઠળ તા.૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં માતાઓને ક્યા ક્યા પ્રકારની સુવિધાઓ આપવામાં આવેલ છે, અને

**જવાબ**

(૧) વનબંધુ કલ્યાણ યોજના અંતર્ગત વલસાડ જિલ્લામાં ચિરંજીવી યોજના હેઠળ છેલ્લા તા.૩૧-૧૨-૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગરીબી રેખા હેઠળની (બી.પી.એલ. કાર્ડ ધરાવતી) કુટુંબની પ્રસુતા બહેનો તથા ગરીબી રેખા હેઠળ ઉપરની (એ.પી.એલ. કાર્ડ ધરાવતી) પરંતુ આવક વેરો ન ભરતી હોય તેવા અનુસુચિત જન જાતિ કુટંબોની પ્રસુતા બહેનોને આ યોજના અંતર્ગત કરારબદ્ધ થયેલ સ્ત્રી રોગ નિષ્ણાંતને ત્યાં પ્રસુતિ સંબંધિત તમામ સેવાઓ વિના મૂલ્યે આપવામાં આવે છે. તેમજ વાહનવ્યવહારના ` ૨૦૦/- પ્રસુતા બહેનને ડોક્ટર દ્વારા રોકડા આપવામાં આવે છે.

(૨) તે પાછળ તા.૩૧-૧૨-૨૦૧૧ સુધીમાં કેટલો ખર્ચ થયેલ છે ?

(૨) વનબંધુ કલ્યાણ યોજના અંતર્ગત ચિરંજીવી યોજનામાં છેલ્લા બે વર્ષમાં તા.૩૧-૧૨-૧૧ની સ્થિતિએ (વનબંધુ તાલુકા-ધરમપુર-ઉમરગામ-કપરાડા અને પારડીમાં) કુલ ` ૯૨.૪૯/- લાખનો ખર્ચ થયેલ છે.

---------

## સુરત અને તાપી જિલ્લામાં સીકલસેલ એનિમીયા રોગની તપાસ

૨૫૫૯૧ **શ્રી કિશોરભાઇ વાંકાવાલા( સુરત શહેર પશ્ચિમ): માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) વનબંધુ કલ્યાણ યોજના અંતર્ગત સુરત અને તાપી જિલ્લામાં સીકલસેલ એનિમીયા રોગની તપાસ માટે તા.૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ કોઇ કાર્યક્રમ અમલમાં છે,

(૨) જો હા, તો તેમા ક્યા ક્યા પ્રકારની તપાસ કરવામાં આવે છે,

(૩) તા.૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા દર્દીઓની ચકાસણી કરવામાં આવેલ છે, અને

(૪) તેની પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) હા, વનબંધુ કલ્યાણ યોજના અંતર્ગત સુરત અને તાપી જિલ્લામાં સીકલસેલ એનિમીયા રોગની તપાસ માટે સીકલસેલ એનિમીયા નિયંત્રણ કાર્યક્રમ અમલમાં છે.

(૨)

- આદિજાતિ વસ્તીમાં સીકલસેલ એનિમીયા રોગની તપાસ માટે DTT ટેસ્ટ કરવામાં આવે છે.
- DTT ટેસ્ટ પોઝીટીવ આવેલ દર્દીઓના આખરી નિદાન માટે HPLC ટેસ્ટ દ્વારા સીકલસેલ ડીસીઝ કે સીકલસેલ ટ્રેઇટની વિગતો જાણી શકાય.

(૩) તા.૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ નવસારી અને વલસાડ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં નીચે જણાવ્યા મુજબના દર્દીઓની તપાસ કરવામાં આવી.

| અ.નં. | વર્ષ | સુરત જિલ્લાના કુલ દર્દીઓ | તાપી જિલ્લાના કુલ દર્દીઓ |
|---|---|---|---|
| ૧. | ૨૦૧૦ | ૪૬૨ | ૮૬ |
| ૨. | ૨૦૧૧ | ૫૫૨ | ૭૧૬ |

(૪) સીકલસેલ એનિમીયા નિયંત્રણ કાર્યક્રમ અંતર્ગત છેલ્લા બે વર્ષમાં કરવામાં આવેલ ખર્ચની વિગતો નીચે મુજબ છે.

| અ.નં. | વર્ષ | સુરત જિલ્લાનો કુલ ખર્ચ | તાપી જિલ્લાનો કુલ ખર્ચ |
|---|---|---|---|
| ૧. | ૨૦૧૦ | ` ૧૭,૦૬,૯૦૦/– | ` ૧૧,૯૩,૫૧૧/– |
| ૨. | ૨૦૧૧ | ` ૧૨,૫૧,૫૬૩/– | ` ૧૮,૪૭,૦૫૪/– |

---------

## આંકલાવ અને બોરસદ તાલુકામાં જૂથ પાણી પુરવઠા યોજના

૨૫૦૨૬ **શ્રી અમિતકુમાર અ. ચાવડા( બોરસદ): માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા

**જવાબ**

(૧) બોરસદ તાલુકા માટે સર્વે કરેલ છે.

ત્રણ વર્ષમાં આણંદ જિલ્લામાં આંકલાવ અને બોરસદ તાલુકામાં જૂથ પાણી પુરવઠા યોજના માટે કોઇ સર્વે કરવામાં આવેલ છે કે કેમ,

(૨) જો હા, તો હાલમાં સદર કામગીરી ક્યા તબક્કામાં છે, અને

(૨) બોરસદ તાલુકાની રાસ જુથ પાણી પુરવઠા યોજનાની સર્વે કામગીરી પુર્ણ થયેલ છે, અને યોજનાને મંજુરી મળેલ હોઇ યોજનાના ટર્નકી બેઇઝ કામોના ટેન્ડર મંજૂરી હેઠળ છે. જ્યારે આંકલાવ તાલુકામાં દરેક ગામોને વ્યકિતગત પાણી પુરવઠા યોજના મારફત પુરતા પ્રમાણમાં પાણી પુરવઠો હાલમાં મળી રહેતો હોઇ કોઇ સર્વે કરવામાં આવેલ નથી.

(૩) કેટલા સમયમાં આ કામગીરી પૂર્ણ થશે ?

(૩) બોરસદ તાલુકાની રાસ જુથ પાણી પુરવઠા યોજનાના કામો ૨૪ માસમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

## કપડવંજ તાલુકાવાર ધામણી યોજના દ્વારા તળાવો ભરવાની જોગવાઇ

૨૫૧૧૦ **શ્રી મણીભાઇ દે. પટેલ( કપડવંજ): માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) સાબરકાંઠા આવેલ ધામણી યોજનામાંથી કપડવંજ તાલુકાનાં ક્યા ક્યા તળાવો ભરવાની જોગવાઇ છે, અને

(૨) તા.૩૧–૧–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં દરેક તળાવોને કેટલી વાર ભરવામાં આવ્યા છે ?

**જવાબ**

(૧) અને (૨)

જોગવાઇ નથી છતાં ચોમાસામાં વધારાના પુરના પાણી નદીમાં છોડી ધામણી યોજનાના નીચવાસમાં આવેલ વાટડા વીયર તથા વઘાસ તળાવો વર્ષ ૨૦૧૦–૧૧ અને વર્ષ ૨૦૧૧–૧૨ માં આંશિક રીતે ભરવામાં આવેલ છે.

---------

## રાજ્યમાં ગ્રાન્ટેડ મેડીકલ કોલેજોની સીટો અંગે

૨૪૫૪૮ **શ્રી નાનુભાઇ ભ. વાનાણી( સુરત શહેર ઉત્તર): માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં તા.૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ ગ્રાન્ટેડ મેડીકલ કોલેજો કેટલી છે અને તેમાં કુલ સીટો કેટલી છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી કેટલી સીટો ભરાયેલ છે ?

**જવાબ**

(૧) અને (૨)

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ હેઠળના તબીબી શિક્ષણ અને સંશોધન પ્રભાગ હેઠળ ગ્રાન્ટેડ મેડીકલ કોલેજ માટેની કોઇ યોજના નથી, પરંતુ રાજ્ય સરકાર પ્રેરિત ગુજરાત મેડીકલ એજ્યુકેશન એને રિસર્ચ સોસાયટીને મેડીકલ કોલેજોની સ્થાપના કરવા માટે સેલ્ફ ફાઇનાન્સ ધોરણે કોલેજ ચલાવવા યોગ્ય અનુદાન આપવામાં આવે છે. તે પૈકી ગોત્રી મેડીકલ કોલેજ, વડોદરા–૧૫૦ બેઠકો, અને સોલા મેડીકલ કોલેજ, અમદાવાદ–૧૫૦ બેઠકો ધરાવતી કુલ–૨

કોલેજોને મેડીકલ કાઉન્સીલ ઓફ ઇન્ડીયાએ માન્યતા આપી છે, જેથી ૩૦૦ બેઠકો તથા ગુજરાત કેન્સર સોસાયટી સંચાલિત મેડીકલ કોલેજની ૧૫૦ બેઠકો મળીને કુલ ૪૫૦ બેઠકો વધી છે. તમામ બેઠકો ભરાયેલ છે. આમ, સરકારી મેડીકલ કોલેજમાં ૯૮૦, તેમજ ખાનગી મેડીકલ કોલેજમાં ૧૪૦૦ બેઠકો થઇ. સને ૨૦૦૧ ની ૧૨૭૫ બેઠકો સામે સને ૨૦૧૧ અંતિત કુલ ૨૩૮૦ બેઠકો થઇ છે.

---------

## કચ્છ જિલ્લામાં અતિવૃષ્ટિથી નુકશાન પામેલ તળાવો–સિંચાઈ યોજનાઓની મરામત

૨૫૪૮૦ **શ્રી બાબુભાઈ મે. શાહ(રાપર): માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) કચ્છ જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૧ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં અતિવૃષ્ટિથી નુકશાન પામેલ તળાવો–સિંચાઈ યોજનાઓ રીપેર કરી મજબુત કરવા કે ક્ષમતા વધારવામાં કામો અંગે તાલુકાવાર યોજનાદીઠ/ડીવીઝન કે સબડીવીઝન દ્બારા સર્વે કરી તાંત્રિક મંજૂર કરવામાં આવ્યા,

(૨) આ કામો ઉકત સ્થિતિએ વહીવટી મંજૂરી મેળવી કયા કયા કામો પૂર્ણ કરવામાં આવ્યા, અને

(૩) ઉકત સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં તાલુકાદીઠ કેટલી રકમની મંજૂરી સામે કેટલી રકમ ખર્ચવામાં આવી?

**જવાબ**

(૧) કચ્છ જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં અતિવૃષ્ટિથી નુકશાન પામેલ ૮ મધ્યમ સિંચાઈ યોજનાઓના ૧૩ કામો, ૧૨ નાની સિંચાઈ યોજનાના ૧૨ કામો તથા ૧૪૯ તળાવોના ૧૪૯ કામોને તાંત્રિક મંજૂરી આપવામાં આવેલ. (આ સાથે સામેલ પત્રક–૧ મુજબ.)

(૨) ઉકત કામો પૈકી મધ્યમ સિંચાઈ યોજનાના ૯ કામો, નાની સિંચાઈ યોજનાઓના ૪ કામો તથા તળાવોના ૬૯ કામો પૂર્ણ કરવામાં આવેલ છે. (આ સાથે સામેલ પત્રક–૨ મુજબ.)

(૩) ઉકત સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કુલ ` ૯૫૨.૦૭ લાખની મંજૂરી સામે કુલ ` ૪૨૧.૦૧ લાખ ખર્ચવામાં આવ્યા. તાલુકાવાર સ્થિતિ પત્રક–૧ મુજબ છે.

**પત્રક–૧**

| ક્રમ | તાલુકો | મધ્યમ સિંચાઈ યોજના | | | | નાની સિંચાઈ યોજના | | | | તળાવો | | | | કુલ | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | કામોની સંખ્યા | અંદાજીત ખર્ચ (` લાખમાં) | કામોની સ્થિતિ | થયેલ ખર્ચ (` લાખમાં) | કામોની સંખ્યા | અંદાજીત ખર્ચ (` લાખમાં) | કામોની સ્થિતિ | થયેલ ખર્ચ (` લાખમાં) | કામોની સંખ્યા | અંદાજીત ખર્ચ (` લાખમાં) | કામોની સ્થિતિ | થયેલ ખર્ચ (` લાખમાં) | કામોની સંખ્યા | અંદાજીત ખર્ચ (` લાખમાં) | કામોની સ્થિતિ | થયેલ ખર્ચ (` લાખમાં) |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ | ૧૫ | ૧૬ | ૧૭ | ૧૮ |
| ૧ | અબડાસા | ૧૦ | ૬૪.૧૦ | ૬–પૂર્ણ ૪–પ્રગતિમાં | ૧૬.૩૦ | ૨ | ૮.૯૦ | ૧–પૂર્ણ ૧–ટેન્ડર સ્ટેજ | ૦.૮૭ | ૧૬ | ૭૯.૪૩ | ૯–પૂર્ણ ૭–પ્રગતિમાં | ૩૨.૯૭ | ૨૮ | ૧૫૨.૪૩ | ૧૬–પૂર્ણ ૧૨–પ્રગતિમાં | ૫૦.૧૪ |
| ૨ | અંજાર | ૦ | ૦.૦૦ | –– | ૦.૦૦ | ૦ | ૦.૦૦ | –– | ૦.૦૦ | ૧૪ | ૬૧.૧૦ | ૭–પૂર્ણ ૭–પ્રગતિમાં | ૩૧.૪૭ | ૧૪ | ૬૧.૧૦ | ૭–પૂર્ણ ૭–પ્રગતિમાં | ૩૧.૪૭ |
| ૩ | નખત્રાણા | ૩ | ૧૫.૭૫ | પૂર્ણ | ૧૨.૪૬ | ૦ | ૦.૦૦ | –– | ૦.૦૦ | ૮ | ૫૨.૩૯ | ૬–પૂર્ણ ૨–પ્રગતિમાં | ૨૯.૪૭ | ૧૧ | ૬૮.૧૪ | ૯–પૂર્ણ ૨–પ્રગતિમાં | ૪૧.૯૩ |
| ૪ | ભચાઉ | ૦ | ૦.૦૦ | –– | ૦.૦૦ | ૦ | ૦.૦૦ | –– | ૦.૦૦ | ૧૧ | ૫૧.૮૪ | ૬–પૂર્ણ ૫–પ્રગતિમાં | ૩૬.૫૯ | ૧૧ | ૫૧.૮૪ | ૬–પૂર્ણ ૫–પ્રગતિમાં | ૩૬.૫૯ |
| ૫ | ભુજ | ૦ | ૦.૦૦ | –– | ૦.૦૦ | ૨ | ૩.૨૬ | ૨–પૂર્ણ | ૩.૩૫ | ૨૨ | ૧૩૫.૫૨ | ૧૮–પૂર્ણ | ૮૩.૮૭ | ૨૪ | ૧૩૮.૭૮ | ૨૦–પૂર્ણ ૪– | ૮૭.૨૨ |

| ક્રમ | તાલુકો | મધ્યમ સિંચાઈ યોજના | | | | નાની સિંચાઈ યોજના | | | | તળાવો | | | | કુલ | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | કામોની સંખ્યા | અંદાજીત ખર્ચ (` લાખમાં) | કામોની સ્થિતિ | થયેલ ખર્ચ (` લાખમાં) | કામોની સંખ્યા | અંદાજીત ખર્ચ (` લાખમાં) | કામોની સ્થિતિ | થયેલ ખર્ચ (` લાખમાં) | કામોની સંખ્યા | અંદાજીત ખર્ચ (` લાખમાં) | કામોની સ્થિતિ | થયેલ ખર્ચ (` લાખમાં) | કામોની સંખ્યા | અંદાજીત ખર્ચ (` લાખમાં) | કામોની સ્થિતિ | થયેલ ખર્ચ (` લાખમાં) |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ | ૧૫ | ૧૬ | ૧૭ | ૧૮ |
| | | | | | | | | | | | | ૪–<br>પ્રગતિમાં | | | | પ્રગતિમાં | |
| ૬ | માંડવી | ૦ | ૦.૦૦ | –– | ૦.૦૦ | ૬ | ૨૫.૯૭ | ૧–પૂર્ણ<br>૫–<br>પ્રગતિમાં | ૭.૨૦ | ૧૩ | ૬૪.૯૭ | ૮–પૂર્ણ<br>૫–<br>પ્રગતિમાં | ૫૦.૯૩ | ૧૯ | ૯૦.૯૪ | ૯–પૂર્ણ<br>૧૦–<br>પ્રગતિમાં | ૫૮.૧૩ |
| ૭ | મુન્દ્રા | ૦ | ૦.૦૦ | –– | ૦.૦૦ | ૧ | ૬.૬૯ | ૧–<br>પ્રગતિમાં | ૦.૦૦ | ૩ | ૧૮.૬૭ | ૩–પૂર્ણ | ૨૧.૦૪ | ૪ | ૨૫.૩૬ | ૩–પૂર્ણ<br>૧–<br>પ્રગતિમાં | ૨૧.૦૪ |
| ૮ | રાપર | ૦ | ૦.૦૦ | –– | ૦.૦૦ | ૦ | ૦.૦૦ | –– | ૦.૦૦ | ૫૦ | ૨૯૯.૩૦ | ૭–પૂર્ણ<br>૪૩–<br>પ્રગતિમાં | ૬૦.૯૭ | ૫૦ | ૨૯૯.૩૦ | ૭–પૂર્ણ<br>૪૩–<br>પ્રગતિમાં | ૬૦.૯૭ |
| ૯ | લખપત | ૦ | ૦.૦૦ | –– | ૦.૦૦ | ૧ | ૦.૫૦ | ૧–<br>ટેન્ડર<br>સ્ટેજ | ૦.૦૦ | ૧૨ | ૬૩.૬૮ | ૫–પૂર્ણ<br>૭–<br>પ્રગતિમાં | ૩૩.૫૨ | ૧૩ | ૬૪.૧૮ | ૫–પૂર્ણ<br>૮–<br>પ્રગતિમાં | ૩૩.૫૨ |
| | કુલઃ | ૧૩ | ૭૯.૮૫ | ૯–પૂર્ણ<br>૪–<br>પ્રગતિમાં | ૨૮.૭૬ | ૧૨ | ૪૫.૩૨ | ૪–પૂર્ણ<br>૮–<br>પ્રગતિમાં | ૧૧.૪૨ | ૧૪૯ | ૮૨૬.૯૦ | ૬૯–<br>પૂર્ણ<br>૮૦–<br>પ્રગતિમાં | ૩૮૦.૮૩ | ૧૭૪ | ૯૫૨.૦૭ | ૮૨–પૂર્ણ<br>૯૨–<br>પ્રગતિમાં | ૪૨૧.૦૧ |

## પત્રક–૨

## (A) મધ્યમ સિંચાઈ યોજનાઓ

| ક્રમ | તાલુકો | યોજનાનું નામ | તાંત્રિક મંજુરી અપાયેલ કામનું નામ | થયેલ ખર્ચ (` લાખમાં) | વિશેષ નોંધ |
|---|---|---|---|---|---|
| ૧ | અબડાસા | જંગડીયા સિંચાઈ યોજના | વર્ષઃ ૨૦૦૯–૨૦૧૦<br>જનરલ મેઈંટેનન્સ એન્ડ રીપેરીંગ વર્ક ટુ જંગડી યા ઈરીગેશન સ્કીમ તા. અબડાસા | ૫.૬૮ | –– |
| ૨ | અબડાસા | બેરાચીયા સિંચાઈ યોજના | વર્ષઃ ૨૦૦૯–૨૦૧૦<br>એમ.એન્ડ આર વર્ક ઓફ બેરાચીયા ઈરીગેશન સ્કીમ | ૪.૦૮ | –– |
| ૩ | અબડાસા | મિટ્ટી સિંચાઈ યોજના | વર્ષઃ ૨૦૦૯–૨૦૧૦<br>એમ.એન્ડ આર વર્ક ઓફ મિટ્ટી ઈરીગેશન સ્કીમ<br>(મેઈન કેનાલ) | ૬.૨૬ | –– |
| ૪ | અબડાસા | મિટ્ટી સિંચાઈ યોજના | વર્ષઃ ૨૦૦૯–૨૦૧૦<br>એમ.એન્ડ આર વર્ક ઓફ મિટ્ટી ઈરીગેશન સ્કીમ<br>(બ્રાંચ કેનાલ) | ૬.૧૧ | –– |
| ૫ | અબડાસા | મિટ્ટી સિંચાઈ યોજના | વર્ષઃ ૨૦૦૯–૨૦૧૦<br>રીપેરીંગ ઓફ રેઈનકટસ (ફલડ ડેમેડ) ટુ મિટ્ટી ઈરીગેશન | ૧.૫૦ | મ.નરેગામાં મજુરોની ઉપલબ્ધતા મુજબ કામ કરાવેલ છે. |
| ૬ | નખત્રાણા | ભુખી મધ્યમ કદની સિંચાઈ યોજના | વર્ષઃ ૨૦૧૦–૨૦૧૧<br>ફ્લ્ડ ડેમેજ વર્ક ઓફ ભુખી ઈરીગેશન સ્કીમ (કેનાલ ડીસીલ્ટીંગ એન્ડ અર્થવર્ક) | ૨.૦૪ | –– |
| ૭ | અબડાસા | મિટ્ટી સિંચાઈ યોજના | વર્ષઃ ૨૦૧૦–૨૦૧૧<br>રેઈન કટ ફીલીંગ ઓન ડાઉનસ્ટ્રીમ સ્લોપ ઓફ મિટ્ટી અર્થન ડે તા. અબડાસા | ૮.૬૯ | –– |
| ૮ | નખત્રાણા | ભુખી મધ્યમ કદની સિંચાઈ યોજના | વર્ષઃ ૨૦૧૧–૨૦૧૨<br>એમ.એન્ડ આર. વર્ક (એફ.ડી.આર.) ટુ ભુખી ઈરીગેશન સ્કીમ. ડીસીલ્ટીંગ વર્ક ઓફ કેનાલ એન્ડ રીપેરીંગ સી.ડી.વર્કસ ઓફ કેનાલ | ૫.૦૭ | –– |
| ૯ | નખત્રાણા | મથલ મધ્યમ કદની સિંચાઈ યોજના | વર્ષઃ ૨૦૧૧–૨૦૧૨<br>એમ.એન્ડ આર. વર્ક (એફ.ડી.આર.) ટુ મથલ ઈરીગેશન સ્કીમ. ડીસીલ્ટીંગ વર્ક ઓફ કેનાલ એન્ડ રીપેરીંગ સી.ડી.વર્કસ ઓફ કેનાલ | ૫.૩૫ | –– |

**(B) નાની સિંચાઈ યોજનાઓ**

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૦ | અબડાસા | નાની સિંચાઈ યોજનાઓ | નલીયા ના. સિં. યોજના | ૦.૮૭ | |
| ૧૧ | ભુજ | નાની સિંચાઈ યોજનાઓ | એડમંડ ના. સિં. યોજના | ૧.૯૮ | |
| ૧૨ | ભુજ | નાની સિંચાઈ યોજનાઓ | જામારા (ગોડપર) ના. સિં. યોજના | ૧.૩૭ | |
| ૧૩ | માંડવી | નાની સિંચાઈ યોજનાઓ | વેંગડી નાની સિંચાઈ યોજના એચ.આર.નુ કામ | ૭.૨૦ | |

**(C) તળાવ**

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૪ | અબડાસા | ખાનય | ખાનય ચોપાટી સ્ટો. તળાવ | ૨.૨૨ | |
| ૧૫ | અબડાસા | તેરા | તેરા સાંગા સ્ટો. તળાવ | ૩.૦૯ | |
| ૧૬ | અબડાસા | નલીયા | નલીયા ભંગી સ્ટો. તળાવ | ૫.૩૬ | |
| ૧૭ | અબડાસા | નાના કરોડીયા | નાના કરોડીયા (રાઘવ સાગર) સ્ટો. તળાવ ભાગ–૨ | ૧.૦૦ | |
| ૧૮ | અબડાસા | બીટ્ટા | બીટ્ટા (શીયો–૧) સ્ટો. તળાવ | ૩.૬૮ | |
| ૧૯ | અબડાસા | મોટા કરોડિયા | મોટા કરોડિયા સ્ટો. તળાવ | ૫.૭૨ | |

| ક્રમ | તાલુકો | યોજનાનું નામ | તાંત્રિક મંજુરી અપાયેલ કામનું નામ | થયેલ ખર્ચ (` લાખમાં) | વિશેષ નોંધ |
|---|---|---|---|---|---|
| ૨૦ | અબડાસા | રાતા તળાવ | રાતા તળાવ સ્ટો. તળાવ | ૪.૧૦ | |
| ૨૧ | અબડાસા | વાયોર | વાયોર લોહાડી સ્ટો. તળાવ | ૨.૦૬ | |
| ૨૨ | અબડાસા | સાંધાણ | સાંધાણ સ્ટો. તળાવ | ૪.૬૩ | |
| ૨૩ | અંજાર | ખીરસરા | ખીરસરા સ્ટો. તળાવ | ૫.૦૫ | |
| ૨૪ | અંજાર | ચાન્દ્રોડા | ચાન્દ્રોડા સ્ટો. તળાવ | ૩.૪૭ | |
| ૨૫ | અંજાર | ચાંદરાણી | ચાંદરાણી સ્ટો. તળાવ | ૪.૧૫ | |
| ૨૬ | અંજાર | ખેડોઈ | ભીમનાથ સ્ટો. તળાવ | ૨.૫૮ | |
| ૨૭ | અંજાર | વંડી | વંડી સ્ટો. તળાવ | ૨.૮૩ | |
| ૨૮ | અંજાર | સાપેડા | સાપેડા સ્ટો. તળાવ | ૪.૧૭ | |
| ૨૯ | અંજાર | સુગારીયા | સુગારીયા સ્ટો. તળાવ | ૫.૩૨ | |
| ૩૦ | નખત્રાણા | ઉગેડી | ઉગેડી ખરસ વાળો સ્ટો. તળાવ | ૪.૨૧ | |
| ૩૧ | નખત્રાણા | જીંજાય | જીંજાય ફાટલ ભંગ સ્ટો. તળાવ | ૪.૦૬ | |
| ૩૨ | નખત્રાણા | થરાવડા | થરાવડા સ્ટો. તળાવ | ૪.૮૩ | |
| ૩૩ | નખત્રાણા | ઘડાણી | ઘડાણી સ્ટો. તળાવ | ૧.૭૮ | |
| ૩૪ | નખત્રાણા | ભુંજાય | ભુંજાય લુડી વાળો સ્ટો. તળાવ | ૫.૯૭ | |
| ૩૫ | નખત્રાણા | રતાડીયા | રતાડીયા ગડબ સ્ટો. તળાવ | ૪.૭૧ | |
| ૩૬ | ભચાઉ | કકરવા | કકરવા સ્ટો. તળાવ | ૪.૨૬ | |
| ૩૭ | ભચાઉ | કણખોઈ | કણખોઈ સ્ટો. તળાવ | ૬.૭૯ | |
| ૩૮ | ભચાઉ | બંધડી | બંધડી સ્ટો. તળાવ | ૫.૨૩ | |
| ૩૯ | ભચાઉ | બાંભણકા | બાંભણકા ઢૈયા વાળો સ્ટો. તળાવ | ૪.૯૫ | |
| ૪૦ | ભચાઉ | માંચ | માંચ સ્ટો. તળાવ | ૫.૨૧ | |
| ૪૧ | ભચાઉ | શિવલખા | શિવલખા મોરબાઉ સ્ટો. તળાવ | ૧.૬૦ | |
| ૪૨ | ભુજ | ઉખડમોરા | ઉખડમોરા સ્ટો. તળાવ | ૫.૫૭ | |
| ૪૩ | ભુજ | કાઢવાંઢ | કાંઢવાંઢ સ્ટો. તળાવ | ૫.૯૫ | |
| ૪૪ | ભુજ | કુકમા | કુકમા સ્ટો. તળાવ | ૨.૪૨ | |
| ૪૫ | ભુજ | જુણા | જુણા – ડેઢીયા હબલાંવાંઢ સ્ટો. તળાવ | ૬.૦૦ | |
| ૪૬ | ભુજ | ધોરાવર | ધોરાવર સરવારો સ્ટો. તળાવ | ૪.૫૭ | |
| ૪૭ | ભુજ | નાના દિનારા | નાના દિનારા ભાણજી વારો સ્ટો. તળાવ | ૧.૯૩ | |
| ૪૮ | ભુજ | નાના દિનારા | નાના દિનારા વાઘણીયાવારો સ્ટો. તળાવ | ૩.૯૧ | |
| ૪૯ | ભુજ | નાના દિનારા | નાના દિનારા શોક સ્ટો. તળાવ | ૪.૫૫ | |
| ૫૦ | ભુજ | નેરા | નેરા સ્ટો. તળાવ | ૪.૧૩ | |
| ૫૧ | ભુજ | પાયરકા | પાયરકા સ્ટો. તળાવ | ૫.૪૬ | |
| ૫૨ | ભુજ | બાઉખા | બાઉખા વાઘરાઈ સ્ટો. તળાવ | ૭.૪૨ | |
| ૫૩ | ભુજ | માધાપર | માધાપર ગંગેશ્વર સ્ટો. તળાવ | ૩.૩૫ | |
| ૫૪ | ભુજ | મોટા દિનારા | મોટા દિનારા કંઢોર વારો સ્ટો. તળાવ | ૪.૦૮ | |
| ૫૫ | ભુજ | લોડાઈ | લોડાઈ પતારા સ્ટો. તળાવ | ૧.૯૪ | |
| ૫૬ | ભુજ | લોરીયા | લોરીયા કેશર–૧ સ્ટો. તળાવ | ૫.૯૨ | |
| ૫૭ | ભુજ | લોરીયા | લોરીયા કેશર–૨ સ્ટો. તળાવ | ૪.૯૬ | |
| ૫૮ | ભુજ | વાંઢાય | વાંઢાય ઈશ્વરસાગર સ્ટો. તળાવ | ૧.૯૧ | |
| ૫૯ | ભુજ | હબાય | હબાય સ્ટો. તળાવ | ૨.૮૬ | |
| ૬૦ | માંડવી | કાઠડા | કાઠડા સ્ટો. તળાવ | ૪.૨૫ | |
| ૬૧ | માંડવી | ગંગાપર | ગંગાપર છપરીવાળો સ્ટો. તળાવ | ૩.૬૭ | |
| ૬૨ | માંડવી | ઘોડાલખ | ઘોડાલખ સ્ટો. તળાવ | ૪.૯૦ | |
| ૬૩ | માંડવી | જામથડા | જામથડા સ્ટો. તળાવ | ૨.૫૬ | |
| ૬૪ | માંડવી | દુર્ગાપર | દુર્ગાપર ગામે જખાડા વાળો સ્ટો. તળાવ | ૫.૧૩ | |
| ૬૫ | માંડવી | ધોકડા | ધોકડા સ્ટો. તળાવ | ૬.૫૪ | |
| ૬૬ | માંડવી | નાની ખાખર | નાની ખાખર સ્ટો. તળાવ | ૫.૮૭ | |
| ૬૭ | માંડવી | પુનડી | પુનડી સ્ટો. તળાવ | ૫.૯૧ | |
| ૬૮ | મુન્દ્રા | કુકડસર | કુકડસર સ્ટો. તળાવ | ૫.૧૦ | |
| ૬૯ | મુન્દ્રા | ગેલડા | ગેલડા સ્ટો. તળાવ | ૬.૪૧ | |
| ૭૦ | મુન્દ્રા | ટપ્પર | ટપ્પર સ્ટો. તળાવ | ૯.૫૩ | |
| ૭૧ | રાપર | ઉમૈયા | ઉમૈયા પુંજાસરી સ્ટો. તળાવ | ૫.૮૪ | |
| ૭૨ | રાપર | ઉમૈયા | ઉમૈયા રમકલું સ્ટો. તળાવ | ૫.૨૮ | |
| ૭૩ | રાપર | કુંભારીયા | કુંભારીયા અઘોરીયો સ્ટો. તળાવ | ૩.૧૮ | |
| ૭૪ | રાપર | ગેડી | ગેડી રૂડીયાસર સ્ટો. તળાવ | ૨.૧૩ | |
| ૭૫ | રાપર | બેલા | બેલા વાઘરીયો ખોડીયાર વારો સ્ટો. તળાવ | ૫.૦૫ | |
| ૭૬ | રાપર | રામવાવ | રામવાવ કાગનોરા સ્ટો. તળાવ | ૩.૪૧ | |
| ૭૭ | રાપર | શિરાવાંઢ | શિરાવાંઢ હલધારુ સ્ટો. તળાવ | ૨.૬૬ | |
| ૭૮ | લખપત | કોટડા મઢ | કોટડા મઢ લિયારવો સ્ટો. તળાવ | ૫.૨૬ | |
| ૭૯ | લખપત | ખારઈ | ખારઈ રાખડી સ્ટો. તળાવ | ૫.૦૭ | |
| ૮૦ | લખપત | સ્ટો. તળાવ | મુડીયા સ્ટો. તળાવ | ૬.૯૪ | |
| ૮૧ | લખપત | સ્ટો. તળાવ | સાંભડા એકલીયું સ્ટો. તળાવ | ૬.૬૪ | |
| ૮૨ | લખપત | સ્ટો. તળાવ | સુજાવાંઢ સ્ટો. તળાવ | ૪.૧૮ | |

---------

## કચ્છ જિલ્લામાં મંજૂર થયેલ આડબંધો

૨૪૨૦૬ **શ્રી જયંતિલાલ પ. ભાનુશાળી(અબડાસા): માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) કચ્છ જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં નદીઓ ઉપર બનાવામાં આવતા કેટલા આડ બંધો મંજુર થયા,

(૨) તે પૈકી કેટલા આડબંધો તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ બનાવ્યા અને તે પાછળ કેટલો ખર્ચ થયો, અને

(૩) ઉકત બાકી રહેતા આડબંધો કયારે બનાવવાનું આયોજન છે?

**જવાબ**

(૧) કચ્છ જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ૧૬૬ ચેકડેમોના કામો મંજૂર થયા છે.

(૨) તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ ૩૦ ચેકડેમોના કામો પૂર્ણ થયેલ છે, અને ૬૩ કામો પ્રગતિ હેઠળ છે. આ કામો પાછળ ` ૨૧૮૯.૦૫ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે.

(૩) બાકી રહેતા પ્રગતિ હેઠળના ૬૩ કામો તા.૩૦–૬–૨૦૧૨ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે. અને હવે શરૂ કરવાના થતા ૭૩ ચેકડેમો તા.૩૧–૦૬–૨૦૧૩ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

---------

## પંચમહાલ અને દાહોદ જિલ્લામાં સિકલસેલ એનિમીયા રોગની તપાસ

૨૫૫૯૪ **શ્રી ફતેસિંહ વ. ચૌહાણ( રાજગઢ): માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) વનબંધુ કલ્યાણ યોજના અંતર્ગત પંચમહાલ અને દાહોદ જિલ્લામાં સીકલસેલ એનિમીયા રોગની તપાસ માટે તા.૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ કોઈ કાર્યક્રમ અમલમાં છે,

(૨) જો હા, તો તેમાં કયા કયા પ્રકારની તપાસ કરવામાં આવે છે,

(૩) તા.૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા દર્દીઓની ચકાસણી કરવામાં આવેલ છે, અને

(૪) તેની પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં

**જવાબ**

(૧) હા, વનબંધુ કલ્યાણ યોજના અંતર્ગત દાહોદ અને પંચમહાલ જિલ્લામાં સીકલસેલ એનિમીયા રોગની તપાસ માટે સીકલસેલ એનિમીયા નિયંત્રણ કાર્યક્રમ અમલમાં છે.

(૨) * આદિજાતિ વસ્તીમાં સીકલસેલ એનિમીયા રોગની તપાસ માટે DTT ટેસ્ટ કરવામાં આવે છે.

* DTT ટેસ્ટ પોઝીટીવ આવેલ દર્દીઓના આખરી નિદાન માટે HPLC ટેસ્ટે દ્વારા સીકલસેલ ડીસીઝ કે સીકલસેલ ટ્રેઈટની વિગતો જાણી શકાય.

(૩) તા.૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ દાહોદ અને પંચમહાલ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં નીચે જણાવ્યા મુજબના દર્દીઓની તપાસ કરવા આવી.

| અ.નં. | વર્ષ | દાહોદ જિલ્લાના કુલ દર્દીઓ | પંચમહાલ જિલ્લાના કુલ દર્દીઓ |
|---|---|---|---|
| ૧ | ૨૦૧૦ | ૪૬૯ | ૪૫ |
| ૨ | ૨૦૧૧ | ૮૩ | ૫૪૯ |

(૪) સીકલસેલ એનીમીયા નિયંત્રણ કાર્યક્રમ

આવેલ છે?

અંતર્ગત છેલ્લા બે વર્ષમાં કરવામાં આવેલ ખર્ચની વિગતો નીચે મુજબ છે.

| અ. નં. | વર્ષ | દાહોદ જિલ્લાનો કુલ ખર્ચ | પંચમહાલ જિલ્લાનો કુલ ખર્ચ |
|---|---|---|---|
| ૧ | ૨૦૧૦-૧૧ | `૫,૬૭,૮૨૨/- | `૧,૩૨,૪૫૬/- |
| ૨ | ૨૦૧૧-૧૨ | `૩,૮૧,૩૫૧/- | `૩,૨૨,૯૦૩/- |

---------

## દાહોદ જિલ્લામાં પ્રવાસન દેવસ્થાન અને યાત્રાધામ સ્થળોના વિકાસ માટે ફાળવેલ રકમ બાબત

૨૫૦૬૪ **શ્રી બચુભાઈ ના. કિશોરી( લીમડી): માનનીય યાત્રાધામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૩-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં દાહોદ જિલ્લાનાં પ્રવાસન, દેવસ્થાન અને યાત્રાધામ સ્થળોના વિકાસ માટે કુલ કેટલી રકમ કેટલા સ્થળો માટે ફાળવવામાં આવી, અને

(૨) આવા સ્થળોના વિકાસ માટે સરકારનું શુ આયોજન છે?

**જવાબ**

(૧) તા.૩૧-૩-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં દાહોદ જિલ્લામાં વર્ષવાર પ્રવાસન દેવસ્થાન અને યાત્રાધામ સ્થળોના વિકાસ માટે કલેકટરશ્રી દાહોદને નીચે મુજબની રકમ ફાળવવામાં આવી.

| | |
|---|---|
| ૧. | વર્ષ ૨૦૦૮-૦૯ છાબતળાવના વિકાસ માટે `૯૦.૦૦ લાખ |
| ૨. | વર્ષ ૨૦૦૯-૧૦ છાબતળાવના વિકાસ માટે ` ૨૦૦.૦૦ લાખ |

(૨) છાબતળાવના વિકાસ માટેની કામગીરી પૂર્ણ થયેલ છે.

----------

## ભિલોડા તાલુકામાં સુજલામ સુફલામ યોજનાઓ

૨૫૦૯૧ **ડાં. અનિલભાઈ જોષીયારા( ભિલોડા): માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં સાબરકાંઠા જિલ્લાના ભિલોડા તાલુકામાં સુજલામ સુફલામ યોજના દ્વારા કઈ કઈ યોજનાઓ બનાવવામાં આવી,

(૨) આ યોજનાઓ ભિલોડા તાલુકામાં કઈ કઈ જગ્યાએ બનાવવામાં આવી, અને

(૩) એમાં કેટલી જોગવાઈ કરવામાં આવી, અને કેટલો ખર્ચ કરવામાં આવ્યો?

**જવાબ**

(૧) અને (૨)

૧૨૮ જગ્યાએ ચેકડેમ અને ૧૦ જગ્યાએ તળાવો ઉંડા કરવાની કામગીરી કરી. (સામેલ પત્રક મુજબ)

(૩) ચેકડેમ માટે `૬.૪૧ કરોડની જોગવાઈ સામે `૫.૭૭ કરોડનો અને તળાવો ઉંડા કરવાની કામગીરી માટે ૧.૦૨ કરોડની જોગવાઈ સામે `૦.૩૪ કરોડનો ખર્ચ થયેલ છે.

**પત્રક**

| અ.નં. | ગામનું નામ | જોગવાઈ ` લાખમાં | થયેલ ખર્ચ ` લાખમાં |
|---|---|---|---|
| ૧ | કાગડામહુડા | ૭.૮૨ | ૭.૦૮ |
| ૨ | નવા વક્તાપુર | ૫.૯૭ | ૫.૫૯ |
| ૩ | ગોપાલકુંજ | ૪.૬૪ | ૪.૧૬ |
| ૪ | માંકડી | ૪.૩૯ | ૩.૯૧ |
| ૫ | ઘાંટી (કુવાવાસ) | ૪.૫ | ૪.૦૯ |
| ૬ | નવા વકતાપુર | ૫.૧૨ | ૫.૦૫ |

| અ.નં. | ગામનું નામ | જોગવાઈ ` લાખમાં | થયેલ ખર્ચ ` લાખમાં |
|---|---|---|---|
| ૭ | જાયલા | ૫.૮ | ૫.૫ |
| ૮ | નાંદોજ | ૫.૯૮ | ૫.૪૬ |
| ૯ | પહાડા | ૪.૪૬ | ૪.૦૨ |
| ૧૦ | મલેકપુર | ૪.૩૭ | ૩.૫૪ |
| ૧૧ | વિરપુર | ૫.૮૯ | ૫.૧૨ |
| ૧૨ | રાયસિંગપુર | ૫.૯૭ | ૪.૯૧ |
| ૧૩ | સજાપુર | ૫.૨૩ | ૫.૦૧ |
| ૧૪ | જેસિંગપુર | ૫.૭૭ | ૫.૩૭ |
| ૧૫ | ભાણમેર | ૫.૯૯ | ૫.૬૩ |
| ૧૬ | નાનાકંથારીયા | ૫.૨૧ | ૪.૬૬ |
| ૧૭ | નાપડા (જાગીર) | ૫.૧૮ | ૪.૯૧ |
| ૧૮ | રાવતાવાડા | ૫.૭૪ | ૪.૪૭ |
| ૧૯ | કારછા | ૫.૩૪ | ૪.૬૮ |
| ૨૦ | સુનસર | ૪.૯૬ | ૪.૩૮ |
| ૨૧ | બાવલીયા (પાલ) | ૪.૬૩ | ૪.૪૨ |
| ૨૨ | સુનસર | ૩.૭૨ | ૩.૩૫ |
| ૨૩ | ઉબસલ | ૫.૩૫ | ૪.૧૧ |
| ૨૪ | જોડમેર | ૪.૯૬ | ૪.૫ |
| ૨૫ | ઝુમસર | ૫.૩૧ | ૪.૭ |
| ૨૬ | મોટા કંથારીયા | ૫.૮૪ | ૪.૭૯ |
| ૨૭ | વાંટીયોલ | ૫.૯ | ૫.૧૩ |
| ૨૮ | કાગડામહુડા | ૫.૮૬ | ૪.૬૬ |
| ૨૯ | મોટા કંથારીયા | ૫.૯૨ | ૫.૨૪ |
| ૩૦ | મોટા કંથારીયા | ૫.૮૪ | ૫.૦૧ |
| ૩૧ | સરકીલીમડી | ૫.૯૨ | ૫.૫૧ |
| ૩૨ | આડા હાથરોલ | ૪.૮૫ | ૪.૩૬ |
| ૩૩ | પુનાસણ (ગો.કુંજ) | ૫.૧૮ | ૪.૫૯ |
| ૩૪ | નાખી | ૪.૯૮ | ૪.૫૭ |
| ૩૫ | નાપડા | ૪.૪૪ | ૩.૯૨ |
| ૩૬ | રાયસિંગપુર | ૫.૮૨ | ૪.૫૨ |
| ૩૭ | ખેરંચા | ૪.૮૧ | ૪.૧ |
| ૩૮ | જેસિંગપુર | ૫.૯૮ | ૫.૫ |
| ૩૯ | કરણપુર | ૩.૩૧ | ૩.૦૧ |
| ૪૦ | ઓડ | ૫.૭૪ | ૪.૮૫ |
| ૪૧ | ગઢીયા (રુદરડી) | ૪.૯૮ | ૪.૫૩ |
| ૪૨ | નાદોજ | ૪.૭ | ૪.૨૪ |
| ૪૩ | ઓડ | ૪.૯૧ | ૪.૨૨ |
| ૪૪ | સિલાસણ | ૪.૯ | ૪.૪૧ |
| ૪૫ | નવાવેણપુર | ૫.૯૮ | ૫.૪૬ |
| ૪૬ | ભાણમેર | ૫.૯૭ | ૫.૭૧ |
| ૪૭ | ઉબસલ | ૫.૨૫ | ૪.૮૬ |
| ૪૮ | વાઘેશ્વરી | ૪.૫૪ | ૪.૩૭ |
| ૪૯ | બુધરાસણ | ૫.૮૩ | ૫.૬૧ |
| ૫૦ | બેડાસણ | ૫.૨૩ | ૪.૬૮ |
| ૫૧ | આડાહથરોલ | ૪.૬૯ | ૪.૨૬ |
| ૫૨ | કુંડોલ (પાલ) | ૪.૩૧ | ૪.૧૭ |
| ૫૩ | કુંડોલ (પાલ) | ૫.૩૩ | ૫.૦૩ |

| અ.નં. | ગામનું નામ | જોગવાઈ ` લાખમાં | થયેલ ખર્ચ ` લાખમાં |
|---|---|---|---|
| ૫૪ | વાંકાનેર | ૩.૨ | ૨.૬૧ |
| ૫૫ | મલેકપુર | ૩.૮૩ | ૩.૩૯ |
| ૫૬ | વાઘેશ્વરી | ૫.૩૫ | ૫.૨૨ |
| ૫૭ | કરણપુર | ૨.૪ | ૧.૯૯ |
| ૫૮ | મોટીબેબાર | ૪.૦૪ | ૩.૭૧ |
| ૫૯ | મેડીટીંબા | ૪.૦૬ | ૩.૯ |
| ૬૦ | ઓડ | ૫.૯૯ | ૫.૮૭ |
| ૬૧ | ઓડ | ૫.૯૮ | ૫.૮૪ |
| ૬૨ | પુનાસણ | ૪.૨ | ૩.૮ |
| ૬૩ | નાના કંથારીયા | ૪.૩ | ૩.૭૮ |
| ૬૪ | ઝુમસર | ૫.૫૮ | ૫.૪૭ |
| ૬૫ | ચિંતામણી | ૪.૩૬ | ૪.૨૫ |
| ૬૬ | ચિંતામણી (કિશનગઢ) | ૫.૩૪ | ૫.૦૭ |
| ૬૭ | ઓડ | ૪.૯૧ | ૪.૫૯ |
| ૬૮ | રાયસિંગપુર | ૫.૮૫ | ૫.૬૮ |
| ૬૯ | ટાકાટુંકા | ૫.૯૭ | ૫.૬૮ |
| ૭૦ | કુંડોલ (પાલ) | ૫.૯૫ | ૫.૬૫ |
| ૭૧ | કુંડોલ (પાલ) | ૫.૯૭ | ૫.૨૪ |
| ૭૨ | સરકીલીમડી | ૫.૯૬ | ૩.૭૩ |
| ૭૩ | સરકીલીમડી | ૫.૯૫ | ૩.૭૫ |
| ૭૪ | સરકીલીમડી | ૫.૯૪ | ૩.૮૬ |
| ૭૫ | વાઘેશ્વરી | ૫.૫૮ | ૫.૨૨ |
| ૭૬ | લીલછા | ૪.૯૩ | ૪.૬૧ |
| ૭૭ | ખાપરેટા | ૫.૯૪ | ૫.૩૧ |
| ૭૮ | ઝુમસર (છપરા) | ૫.૮ | ૪.૩૫ |
| ૭૯ | રીંટોડા | ૩.૫૨ | ૩.૪ |
| ૮૦ | ઓડ | ૫.૯૫ | ૫.૮૨ |
| ૮૧ | મલાસા | ૪.૭૪ | ૩.૮૩ |
| ૮૨ | માંકડી | ૫.૩૩ | ૫.૧૭ |
| ૮૩ | ફતેપુરા | ૪.૭૫ | ૩.૮૯ |
| ૮૪ | જાલીયા | ૪.૨૯ | ૩.૮૮ |
| ૮૫ | જાલીયા | ૪.૪૬ | ૪.૧૮ |
| ૮૬ | ખેરંચા | ૫.૭૭ | ૫.૫૬ |
| ૮૭ | ખારી | ૫.૯૯ | ૫.૮૨ |
| ૮૮ | ટોરડા | ૪.૪૨ | ૪.૧૫ |
| ૮૯ | ગલપુર (દેહગામડા) | ૩.૭૬ | ૩.૩૬ |
| ૯૦ | મોટાસમેરા | ૪.૨૪ | ૩.૬૨ |
| ૯૧ | બાવલીયા (પાલ) | ૪.૮૫ | ૪.૩૯ |
| ૯૨ | દોલપુર (લક્ષ્મણપુરા) | ૫.૩૪ | ૪.૬૮ |
| ૯૩ | ધુલેટા | ૩.૮ | ૩.૫૬ |
| ૯૪ | ગોપાલકુંજ (પુનાસણ) | ૪.૧૩ | ૩.૯૮ |
| ૯૫ | ખિલોડા | ૫.૯૮ | ૫.૮૧ |
| ૯૬ | જાલીયા | ૪.૧૪ | ૩.૮ |
| ૯૭ | જાલીયા | ૪.૧૫ | ૩.૮૨ |
| ૯૮ | ખાપરેટા | ૪.૮૬ | ૪.૫૪ |
| ૯૯ | મુનાઈ | ૪.૪૨ | ૩.૯૪ |
| ૧૦૦ | ઝુમસર (છપરા) | ૩.૯૭ | ૩.૮૮ |

| અ.નં. | ગામનું નામ | જોગવાઈ ` લાખમાં | થયેલ ખર્ચ ` લાખમાં |
|---|---|---|---|
| ૧૦૧ | મલેકપુર | ૪.૭૨ | ૪.૩૩ |
| ૧૦૨ | ઝુમસર | ૫.૧ | ૪.૯૩ |
| ૧૦૩ | ચિંતામણી | ૫.૯૩ | ૫.૭૫ |
| ૧૦૪ | વણઝાર | ૪.૦૪ | ૩.૯૪ |
| ૧૦૫ | વજાપુર | ૪.૨૬ | ૪.૦૪ |
| ૧૦૬ | નવલપુર | ૪.૧૨ | ૩.૮૬ |
| ૧૦૭ | ઝુમસર (છપરા) | ૫.૨૨ | ૫.૦૪ |
| ૧૦૮ | નાના કંથારીયા | ૪.૪૩ | ૩.૬૯ |
| ૧૦૯ | પુનાસણ | ૩.૮૧ | ૩.૬૩ |
| ૧૧૦ | દેવનીમોરી | ૫.૧૨ | ૩.૩૯ |
| ૧૧૧ | વેજપુર | ૪.૨૭ | ૩.૫૮ |
| ૧૧૨ | નવલપુર | ૪.૬૫ | ૪.૩૨ |
| ૧૧૩ | જેસિંગપુર | ૪.૯૯ | ૪.૮૫ |
| ૧૧૪ | ઝીંઝુડી | ૪.૧૩ | ૩.૯૧ |
| ૧૧૫ | વાઘપુર | ૫.૩૨ | ૪.૮૨ |
| ૧૧૬ | નાપડા (ખલસા) | ૫.૯૮ | ૫.૭૪ |
| ૧૧૭ | રૂદરડી | ૪.૬૯ | ૩.૧૫ |
| ૧૧૮ | બેચરપુરા | ૪.૯૭ | ૪.૬૧ |
| ૧૧૯ | ગલીસેમરો | ૪.૭૩ | ૪.૪ |
| ૧૨૦ | ચિભડીયાટા | ૩.૭૬ | ૩.૨૧ |
| ૧૨૧ | મોધરી | ૪.૫૫ | ૪.૪ |
| ૧૨૨ | ચિબોડા | ૩.૧૭ | ૨.૮૭ |
| ૧૨૩ | વાંકાટીબા | ૫.૪૨ | ૫.૧૮ |
| ૧૨૪ | રામેરા | ૪.૭૪ | ૪. |
| ૧૨૫ | કલ્યાણપુર | ૪.૦૧ | ૩.૬૮ |
| ૧૨૬ | પાટીયાકુવા | ૫.૯૪ | ૫.૫૧ |
| ૧૨૭ | બામણા | ૪. | ૩.૭૪ |
| ૧૨૮ | રાયસિંગપુર | ૫.૬૫ | ૫.૩૧ |
| | | **૬૪૧.૨૭** | **૫૭૭.૪૬** |

## પત્રક

| અ.નં. | ગામનું નામ | જોગવાઈ ` લાખમાં | થયેલ ખર્ચ ` લાખમાં |
|---|---|---|---|
| ૧ | રીંટોડા | ૪.૯ | ૨.૧૧ |
| ૨ | બુધરાસણ | ૪.૯ | ૨.૯ |
| ૩ | ખાપરેટા | ૧.૯૯ | ૦.૮ |
| ૪ | મહેરૂ | ૪.૯ | ૨.૪૯ |
| ૫ | પુનાસણ | ૧૯.૯૪ | ૧૨.૮૭ |
| ૬ | નાની બેબાર | ૧૯.૯ | ૦.૯૧ |
| ૭ | જાબ ચિતરીયા | ૧૧.૬૪ | ૩.૫ |
| ૮ | ધોલવાણી | ૧૧.૮૧ | ૩.૬૬ |
| ૯ | ઈન્દ્રાસી | ૧૧.૮૪ | ૩.૨૬ |
| ૧૦ | ખાપરેટા | ૧૦.૫૧ | ૧.૬૩ |
| | | **૧૦૨.૩૩** | **૩૪.૧૩** |

---------

## ધોરાજી નગરપાલિકાના ચીફઓફિસરને બદલવા માટે કરેલ ઠરાવ

૨૫૧૫૭ **શ્રી રાઘવજીભાઇ હં. પટેલ(જોડીયા): માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧)રાજકોટ જિલ્લાની ધોરાજી નગરપાલિકાના ચીફઓફિસરને બદલવા માટે તા. ૨૭–૭–૨૦૧૦ની સાધારણ સભામાં ૨/૩ બહુમતીથી ઠરાવ કરી સરકારને વાકેફ કરેલ છે તે હકીકત સાચી છે,

(૨)જો હા, તો ગુજરાત નગરપાલિકા અધિનિયમની કલમ –૪૭(ક) મુજબ કોઈપણ નગરપાલિકા ચીફઓફિસરને ૨/૩ બહુમતીથી એચ–૮૦૪–૨૯ [illegible] તો રાજ્ય સરકારે ઠરાવ મળ્યે ૩૦ દિવસમાં [illegible]ને બદલવાની જોગવાઈ છે તે હકીકત પણ સાચી છે, અને

(૩) આશરે દોઢ વર્ષ જેટલા સમયથી ફરિયાદ કરવા છતાં તા.૩૧–૧–૨૦૧૨ સુધી ન બદલવાના શા કારણો છે, અને

(૪)કાયદાની જોગવાઈનું પાલન ન કરનારા ઉચ્ચ અધિકારી કોણ છે અને તેની સામે સરકાર શા પગલાં લેવા માંગે છે?

**જવાબ**

(૧) હા જી.

(૨) હા જી.

(૩) વહીવટી કારણોસર

(૪) બદલીના હુકમો કરવામાં આવેલ હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

## અમદાવાદ જિલ્લામાં બાળસખા યોજના લાભાર્થીઓ

૨૫૯૩૩ **શ્રી રણછોડભાઇ ક. મેર(ધંધુકા): માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧)અમદાવાદ જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં બાળસખા યોજના હેઠળ તાલુકાવાર કેટલા લાભાર્થીઓએ લાભ લીધો

**જવાબ**

(૧) અમદાવાદ જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં બાળસખા યોજના હેઠળ તાલુકાવાર લાભ લીધેલ લાભાર્થીઓની વિગત દર્શાવતું પત્રક નીચે મુજબ છે.

| અ.નં. | તાલુકાનું નામ | ૨૦૦૯–૧૦ | ૨૦૧૦–૧૧ | ૨૦૧૧–૧૨ તા. ૩૧–૧૨ ૨૦૧૧ની સ્થિતિએ |
|---|---|---|---|---|
| ૧ | દસ્ક્રોઈ | ૯૦૯ | ૯૭૭ | ૧૧૯૯ |
| ૨ | વિરમગામ | –– | –– | –– |
| ૩ | માંડલ | –– | –– | –– |
| ૪ | દેત્રોજ | –– | –– | –– |
| ૫ | બાવળા | ૧૧૧૨ | ૧૦૦૨ | ૪૯૬ |
| ૬ | ધોળકા | ૮૬૫ | ૪૫૧ | ૪૫૧ |
| ૭ | સાણંદ | ૩૯૩ | ૪૬૧ | ૨૨૨ |
| ૮ | ધંધુકા | –– | ૪૭ | –– |
| ૯ | રાણપુર | –– | –– | –– |
| ૧૦ | બરવાળા | –– | –– | ૨૨૮ |
| | **કુલ** | **૩૨૭૯** | **૨૯૩૮** | **૨૫૯૬** |

(૨) તાલુકાવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને

(૨) અમદાવાદ જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં બાળસખા યોજના હેઠળ તાલુકાવાર ખર્ચની વિગત દર્શાવતું પત્રક નીચે મુજબ છે.

| અ.નં. | તાલુકાનું નામ | ૨૦૦૯–૧૦ | ૨૦૧૦–૧૧ | ૨૦૧૧–૧૨ તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ |
|---|---|---|---|---|
| ૧ | દસ્ક્રોઈ | ૪,૩૨,૩૦૦ | ૨૬,૭૮,૧૦૦ | ૨૧,૪૪,૪૦૦ |
| ૨ | વિરમગામ | -- | -- | -- |
| ૩ | માંડલ | -- | -- | -- |
| ૪ | દેત્રોજ | -- | -- | -- |
| ૫ | બાવળા | ૯,૫૫,૯૫૦ | ૧૨,૪૮,૧૦૦ | ૮,૦૭,૫૦૦ |
| ૬ | ધોળકા | ૬,૯૪,૨૦૦ | ૮,૧૬,૯૫૦ | ૫,૩૦,૮૦૦ |
| ૭ | સાણંદ | ૫,૧૦,૯૦૦ | ૫,૯૭,૦૦૦ | ૩,૧૪,૬૦૦ |
| ૮ | ધંધુકા | -- | ૭૫,૨૦૦ | -- |
| ૯ | રાણપુર | -- | -- | -- |
| ૧૦ | બરવાળા | -- | -- | ૩,૬૪,૮૦૦ |
| | **કુલ** | **૨૫,૯૩,૩૫૦** | **૫૪,૧૫,૩૫૦** | **૪૧,૬૨,૧૦૦** |

(૩) ઉક્ત યોજનાના અસરકારક અમલ માટે સરકારનું શું આયોજન છે ?

(૩) ● આ યોજનાના અમલીકરણ માટે જિલ્લામાં બાળરોગ નિષ્ણાંતોની વધુ સેવાઓ મળી રહે તેવા સઘન પ્રયત્નો કરેલ છે.

● વધારે બાળકોને સેવાઓ મળે તે માટે જિલ્લા આરોગ્ય કાર્યકરો અને આઈ.ઈ.સી. એકમો દ્વારા સામાન્ય જનતામાં વધારે જનજાગૃતિ થાય તેવી કાર્યવાહી કરવામાં આવે છે.

---------

## **ભરૂચ–અંકલેશ્વર ટવીન સીટી** અંતર્ગત અર્બન **ડેવલપમેન્ટ ઓથોરીટીની રચના**

૨૩૮૯૫ **શ્રી ઇકબાલભાઇ પટેલ( વાગરા): માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧)અંતર્ગત ભરૂચ–અંકલેશ્વર અર્બન ટવીન સીટી અંતર્ગત અર્બન ડેવલપમેન્ટ ઓથોરીટીની રચના ક્યારે કરવામાં આવી, | (૧) તા. ૦૭–૦૧–૨૦૧૨ |
| (૨)આ રચના અન્વયે કેટલા વિસ્તારોનો સમાવેશ કરવામાં આવ્યો છે, અને | (૨) આશરે ૭૧૦.૬૭ ચો.કી.મી. |
| (૩) સબંધિત ગ્રામ પંચાયતોની મંજુરી મેળવવામાં આવી છે કે કેમ? | (૩) અધિનિયમમાં ગ્રામ પંચાયતની મંજુરી/સંમતિ મેળવવાની કોઈ જોગવાઈ નથી. |

---------

## **રાજકોટ જિલ્લામાં મુખ્ય અધિકારીની બદલી કરવા માટે નગરપાલિકાએ કરેલ ઠરાવ**

૨૫૩૨૫ **શ્રી પુનાભાઇ ઢે. ગામીત( વ્યારા): માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) નગરપાલિકા અધિનિયમની જોગવાઈઓ | (૧) હા જી, |

મુજબ બે તૃતીયાંશ સભ્યો નગર પાલિકાના મુખ્ય અધિકારીની બદલી કરવા ઠરાવ કરે તે ૩૦ દિવસમાં બદલી કરવી પડે છે હકીકત સાચી છે, અને

(૨)જો હા, તો આ જોગવાઈ છતાં રાજકોટ જિલ્લામાં છેલ્લા ત્રણ વર્ષમાં તા. ૧-૧-૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં આવા ઠરાવ છતાં બદલી ન થઈ હોય તેવા કિસ્સા કેટલાં?

(૨) એક

---------

**રાજ્યમાં ટ્રોમા સેન્ટરો સ્થાપવા બાબત**

૨૪૫૪૬ **શ્રી અનિલકુમાર ત્રિ. પટેલ(મહેસાણા): માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧)તા. ૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાત્કાલિક આરોગ્ય સારવાર માટે રાજ્યમાં કેટલા ટ્રોમા સેન્ટરો સ્થાપવામાં આવેલ છે, અને

(૨)આ ટ્રોમા સેન્ટરો સ્થાપવા માટે વર્ષ ૨૦૧૦-૧૧ અને ૨૦૧૧-૧૨માં તા. ૩૧-૧૨-૨૦૧૧ સુધીમાં કેટલો ખર્ચ થયો?

**જવાબ**

(૧) ૨ (બે)

(૨) આ ટ્રોમા સેન્ટરો સ્થાપવા માટે વર્ષ ૨૦૧૦-૧૧ અને ૨૦૧૧-૧૨માં તા. ૩૧-૧૨-૨૦૧૧ સુધીમાં નીચે મુજબ કુલ ` ૨.૦૦ કરોડનો ખર્ચ થયેલ છે.

(રકમ રૂપિયામાં)

| ક્રમ | હોસ્પિટલનું નામ | ૨૦૧૦-૧૧ | ૨૦૧૧-૧૨ | કુલ ` |
|---|---|---|---|---|
| ૧ | સર ટી. હોસ્પિટલ, ભાવનગર | ૫૦,૦૦,૦૦૦ | - | ૫૦,૦૦,૦૦૦ |
| ૨ | જનરલ હોસ્પિટલ, મહેસાણા | ૧,૪૮,૬૨,૫૪૭ | ૨,૩૭,૪૫૩ | ૧,૫૦,૦૦,૦૦૦ |

---------

**નર્મદા જિલ્લામાં ચિરંજીવી યોજનામાં માતાઓને આપેલ સુવિધાઓ**

૨૫૫૭૮ **શ્રી દુષ્યંતભાઇ ર. પટેલ( ભરૂચ): માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧)ભરૂચ અને નર્મદા જિલ્લામાં વનબંધુ કલ્યાણ યોજના અંતર્ગત ચિરંજીવી યોજના હેઠળ તા. ૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં માતાઓને કયા પ્રકારની સુવિધાઓ આપવામાં આવેલ છે, અને

**જવાબ**

(૧) વનબંધુ કલ્યાણ યોજના અંતર્ગત ચિરંજીવી યોજના હેઠળ ગરીબી રેખા હેઠળની (બી.પી.એલ. કાર્ડ ધરાવતી) કુટુંબની પ્રસુતા બહેનો તથા ગરીબી રેખા હેઠળ ઉપરની (એ.પી.એલ.કાર્ડ ધરાવતી) પરંતુ આવક વેરો ન ભરતી હોય તેવા અનુસુચિત જન જાતિ કુટુંબોની પ્રસુતા બહેનોને આ યોજના અંતર્ગત કરારબધ્ધ થયેલ સ્ત્રી રોગ

| | |
|---|---|
| | નિષ્ણાંતને ત્યાં પ્રસુતિ સંબંધિત તમામ સેવાઓ વિના મૂલ્યે આપવામાં આવે છે તેમજ વાહનવ્યવહારના ` ૨૦૦/- પ્રસુતા બહેનને ડોકટર દ્વારા રોકડા આપવામાં આવે છે. |
| (૨)તે પાછળ તા. ૩૧-૧૨-૨૦૧૧ સુધીમાં કેટલો ખર્ચ થયેલ છે? | (૨) વનબંધુ કલ્યાણ યોજના અંતર્ગત ચિરંજીવી યોજનામાં છેલ્લા બે વર્ષમાં તા. ૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ ભરૂચ જિલ્લામાં (વનબંધુ તાલુકા-વાલીયા અને ઝઘડીયામાં) કુલ ` ૩૧,૩૨,૧૫૯/- અને નર્મદા જિલ્લામાં (વનબંધુ તાલુકા-ડેડીયાપાડા, સાગબારા, નાંદોદ અને તીલકવાડામાં) કુલ ` ૧,૩૯,૫૬,૨૫૫/- નો ખર્ચ થયેલ છે. |

# પોઇન્ટ ઓફ ઓર્ડર

**<#SB/અધ્યક્ષશ્રીના રૂલિંગની અવગણના કરવા અંગે**

શ્રી દિલીપભાઇ ન. સંઘાણી : માનનીય અધ્યક્ષશ્રી, આપે ગઇકાલે માફી માગવા અંગેનું રૂલિંગ આપ્યા પછી વિરોધપક્ષના નેતાશ્રીએ આપના રૂલિંગ પછી આપે જે સજા કરવાની હોય એ ત્રણેયને જોયા વગર કોઇના દબાણ નીચે હોઇ શકે એટલે માફી માગવાનો સવાલ ઉપસ્થિત થતો નથી. આપના નિર્ણય પછી આ વાકય આપના નિર્ણયની અવગણના છે એ અંગે મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે.

(આ તબક્કે શાસકપક્ષના સભ્યશ્રીઓએ વિરોધપક્ષના નેતાશ્રી માફી માગે એવા સૂત્રોચાર કરવામાં આવ્યા.)

અધ્યક્ષશ્રી : ઓર્ડર, ઓર્ડર, પ્લીઝ, બધા બેસી જાવ. (અંતરાય) (સતત સૂત્રોચાર) પ્લીઝ, આપ સૌ બેસી જાવ. માનનીય શકિતસિંહભાઇ...

શ્રી શક્તિસિંહ હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, મારા હાથમાં પ્રોસિડિંગ્સની નકલ છે. આપના આપેલા રૂલિંગ પછી સત્તાધારી પક્ષના સભ્યશ્રીઓએ આપના નિર્ણય સામે સૂત્રોચાર કર્યા હતા એ મુદ્દો ઉપસ્થિત કર્યો હતો. માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રીએ પોઇન્ટ ઓફ ઓર્ડર ઉઠાવવાની જરૂર હતી કે અધ્યક્ષશ્રીના... (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, હાઉસને ઓર્ડરમાં રાખવાનું આપનું કામ છે. સત્તાધારી પક્ષના સભ્યશ્રીઓ હેરાન કરે એમાં હું શું મદદ કરી શકું? હું મારી વાતને આજે પણ વળગી રહું છું, આપે પણ નિર્ણય કર્યો હતો કે ત્રણ સભ્યશ્રીઓ માનનીય અર્જુનભાઇ, માનનીય દિલીપભાઇ અને આપશ્રી, મારા હાથમાં પ્રોસિડિંગ્સની નકલ છે. હું વીડિયો જોઇ ને આવ્યો છું અને મારી વાતને વળગી રહું છું.

અધ્યક્ષશ્રી : માનનીય શકિતસિંહજી, એમાં રૂલિંગ અપાઇ ચૂકયું છે. આપની વાત સાંભળ્યા પછી, અભ્યાસ કર્યા પછી રૂલિંગ આપ્યું છે. તેથી રૂલિંગ ઉપર ચર્ચા ન કરો.

શ્રી શક્તિસિંહ હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, કયા નિયમ નીચે માફી માગુ ? (સતત સૂત્રોચાર) (અંતરાય)

અધ્યક્ષશ્રી : હું સભાગૃહ બપોરના ૨.૧૫ વાગ્યા સુધી મુલતવી રાખું છું.

**મુલતવી રહેલ સભાગૃહની બેઠક ૨-૧૫ વાગ્યે ફરી મળી.**

**અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

અધ્યક્ષશ્રી : ઓર્ડર, ઓર્ડર.

(સભાગૃહની બેઠકની શરૂઆતમાં સત્તાધારી પક્ષના સભ્યશ્રીઓ તરફથી પાટલીઓ થપથપાવી, વિપક્ષના નેતા માફી માગે–ના સતત સૂત્રોચ્ચાર ચાલુ રહ્યા)

# રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા (ત્રીજો અને છેલ્લો દિવસ)

અધ્યક્ષશ્રી : ઓર્ડર, ઓર્ડર. (સતત સૂત્રોચ્ચાર) રાજ્યપાલશ્રીએ કરેલા સંબોધન માટે સભ્ય શ્રી દેવુસિંહ ચૌહાણ તરફથી તા. ૨૩મી ફેબ્રુઆરી, ૨૦૧૨ના રોજ જે આભાર પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો છે અને જેને માનનીય સભ્ય શ્રી વિજયભાઇ પટેલે અનુમોદન આપ્યું છે તે આ પ્રમાણે છે–

રાજ્યપાલશ્રીને નીચે મુજબનો સંદેશો પાઠવવો–

" અમો, આ સત્રમાં એકત્રિત થયેલ ગુજરાત વિધાનસભાના સભ્યો રાજ્યપાલશ્રીએ આ સભાગૃહ સમક્ષ કરેલા સંબોધન બદલ તેમનો આભાર માનીએ છીએ."

**સુધારા ક્રમાંક–૧થી ૭, ૯, ૧૦, ૧૩ થી ૨૪ અને ૨૭ થી ૩૪ મત માટે મૂકવામાં આવ્યા અને નામંજૂર કરવામાં આવ્યા.**

**આભાર પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**વિરામ બપોરના ૨–૧૭ થી ૩–૧૫**

**અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

# બિન સરકારી વિધેયકો

### સન ૨૦૦૮નું ગુજરાત વિધેયક ક્રમાંક – ૭

### ગુજરાત અશ્લીલ જાહેરખબર, ફોટોગ્રાફ અને પોસ્ટર પ્રતિબંધ વિધેયક, ૨૦૦૮

### ગુજરાત રાજ્યમાં અશ્લીલ જાહેરખબરો, ફોટોગ્રાફ અને પોસ્ટરો ઉપરના પ્રતિબંધ માટે જોગવાઇ કરવા બાબત વિધેયક.

**શ્રીમતી વિભાવરીબેન વિ. દવે(ભાવનગર શહેર(ઉત્તર)** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૦૮નું બિન સરકારી વિધેયક ક્રમાંક –૭ સન ૨૦૦૮નું *ગુજરાત અશ્લીલ જાહેરખબર, ફોટોગ્રાફ અને પોસ્ટર પ્રતિબંધ વિધેયક,૨૦૦૮૦૮નું પહેલું વાંચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

**અધ્યક્ષશ્રી :**ઓર્ડર, ઓર્ડર, પ્લીઝ બેસી જાઓ. (અંતરાય)

વિપક્ષના નેતા માફી માગે..(સતત સૂત્રોચ્ચાર)

**શ્રી નીતિનભાઇ ર. પટેલ :** માનનીય અધ્યક્ષશ્રી, માનનીય દિલીપભાઇનું અપમાન થયું છે. ગૃહના તમામ સભ્યોની લાગણી દૂભાઇ છે, અત્યારે બિનસરકારી સભ્યોના કામકાજનો સમય છે, તમામ સભ્યશ્રીઓને વિનંતી કરું છું કે, આ બિનસરકારી કામકાજને સારી રીતે સહકાર આપી અને શાંતિપૂર્વક ગૃહને ચાલવા દે તેવી મારી વિનંતી છે.

**પોઇન્ટ ઓફ ઓર્ડર**

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો છે, સરકારી બેંચને અનુકૂળ પડે ત્યારે હાઉસમાં બિઝનેશ ખોરવી નાંખે અને સરકારને અનુકૂળ પડે ત્યારે બિઝનેસ

* વિધેયક તા.૧૪મી માર્ચ ૨૦૦૮ના રોજ ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવેલ છે.

ચાલવા દે એવું ચાલી શકે નહીં. (અંતરાય) આપ જે કોઇ નિર્ણય કરવાનો હોય, એ આ ગૃહમાં અત્યારે જ થાય અને આ અંગે આપ જે કોઇ સૂચના આપવાના હોય, જે આદેશ કરવાનો હોય..

**અધ્યક્ષશ્રી :** પ્લીઝ, બેસી જાઓ..

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, આપનું પણ માન ન જળવાતું હોય, ટ્રેઝરી બેંચ.. આપે મને પરમિટ કર્યા પછી આ જે થાય છે, ખલેલ પહોંચાડે છે, આપે પરમિટ કર્યા પછી નહીં બોલવા દે એ મારું અપમાન બિલકુલ નથી, આપની સામેનું અપમાન છે, આપની ખુરશીનું માન જાળવવું એ મારાથી કેમ કહેવાય? .. આપે સભ્યોને નેઇમ કરવા જોઇએ.. (અંતરાય)

**અધ્યક્ષશ્રી :** બેસી જાઓ પ્લીઝ..

**શ્રીમતી વિભાવરીબેન વિ. દવે :** માનનીય અધ્યક્ષશ્રી, આ પહેલાં આ બિલ અનેક વખત ગૃહમાં આવ્યું છે, પરંતુ મને એ કહેતાં દુઃખ થાય છે કે, મહિલા સભ્યો જ આ સભાગૃહમાં આ બિલ લઇને આવ્યા છે અને મારા ભાઈઓએ એને સમર્થન આપ્યું છે અને એ બિલની અંદર મહિલાઓની પોઝીશન અને જાહેરાતોની અંદર જે થઇ રહ્યું છે એના વિરોધમાં મારી વાત રજૂ કરું છું.

અધ્યક્ષ મહોદય, આપણી ભારતીય સંસ્કૃતિ કે જે અહલ્યા, દ્રૌપદી, સીતા, તારા અને મંદોદરી, સદા પંચ નામ જપે નિત્ય, મહાપાપ વિનાશનમ્. મહિલાઓ પૂજ્ય એટલે કે, વહેલી સવારમાં એક નામ યાદ કરવામાં આવે તો આપણાં તમામ પાપોનો વિનાશ થાય તેવી એક સંસ્કૃતિ અને શક્તિઓ છે. રાવણ જેવા રાવણની પત્ની મંદોદરીનું નામ પણ પવિત્ર છે. આમ મહિલાઓને ગૌરવ આપનારી આપણી સંસ્કૃતિ છે. સાથોસાથ ગાર્ગી, ભારતી અને મૈત્રી જેવી મહિલાઓએ શંકરાચાર્ય અને યાજ્ઞવલ્કય જેવા ઋષિઓ સાથે વાદ–વિવાદ કરીને નિર્ણાયક ભૂમિકા ભજવી અને પોતાને વિદૂષી તરીકે પ્રસ્થાપિત કરેલ છે. અને આપણી પરંપરાએ એ સ્વીકારેલું પણ છે. આવી સંસ્કૃતિમાં જયારે આપણે છીએ અને આ સંસ્કૃતિના અનુસંધાને પશ્ચિમના એક લેખકે એક વાકય લખ્યું છે. Lady like a Sita and book like a Gita produce only by India, India, India. એટલે કે ગીતા અને સીતા જેવી વસ્તુઓ માત્ર ભારતીય સંસ્કૃતિમાં જ પેદા થઇ શકે છે. આવી સુંદર, પ્રમાણિક અને પ્રણાલિકાગત જે આપણી સંસ્કૃતિ છે એ સંસ્કૃતિની અંદર પણ આપણે બધા જાણીએ છીએ કે સ્ત્રીઓના ગૌરવને હણનારાને આ હણનારાઓની પણ આપણે બધાએ આપણા ગામની બહાર ખાંભીઓ જોઇ છે. કે જે સ્ત્રીઓના ગૌરવને હણનારાઓ હતા તેમને હણનારાઓ એની ખાંભીઓ હોય, આપણે બધા જાણીએ છીએ કે એ લોકોએ સ્ત્રીની રક્ષા માટે ઘણા બધા કાર્યો કરેલા છે. આજની પરિસ્થિતિ જોઇએ તો આપણે કોઇપણ જાહેરાત, ટી.વી.ની અંદર, પેપરની અંદર કે કોઇપણ જગ્યાએ જોઇએ તો એની અંદરથી અશ્લિલતા છતી થતી હોય છે. સ્ત્રીઓનું ગૌરવ હણનારી જાહેરાતો હોય છે. અને એવી જાહેરાતો હોય છે કે જયારે કોઇપણ વસ્તુ, કોઇપણ પ્રોડકટનો ઉપયોગ કરવો, તો જો સ્ત્રીને આકર્ષવી હોય તો તમે અમારી વસ્તુનો ઉપયોગ કરશો તો તમે સ્ત્રીને આકર્ષી શકશો. એવી અશ્લિલ જાહેરાતો અત્યારે આવી રહી છે. અને આ જાહેરાતો દ્વારા એવું દર્શાવવામાં આવે છે કે આ સ્ત્રીઓને આકર્ષવું એ એક મહાન કાર્ય છે. અને એ બહાદુરીનું કામ હોય એવી રીતે આ અશ્લિલ જાહેરાતો આવી રહી છે. મને કહેતાં એટલું દુઃખ થાય છે કે આપણી તમામ પરંપરાઓને ભૂલી જઇને એક જાહેરાત તો એવી છે કે જે ગુરુ–શિષ્ય પરંપરાને પણ લાંછન લગાડે તેવી જાહેરાત આવે છે. એમાં જયારે કોઇ શિક્ષિકા વિદ્યાર્થીઓને ભણાવવા જયારે કલાસરુમમાં આવે અને જો અમૂક કંપનીનો સ્પ્રે કર્યો હોય તો વિદ્યાર્થી તેના તરફ આકર્ષાય છે જે આપણી ગુરુ–શિષ્ય પરંપરાને પણ લાંછન લગાવે છે. આ જાહેરાતોની અંદર જયારે કોઇ સ્ત્રીને એ પ્રોડકટ સાથે લાગતુ વળગતુ જ ના હોય શેવીંગ ક્રીમ હોય, શૂટિંગ શર્ટીંગ હોય કે એવી કોઇપણ વસ્તુ હોય કે જે સ્ત્રીના ઉપયોગમાં પણ આવતી ના હોય એવી વસ્તુ અથવા પ્રોડકટની અંદર પણ સ્ત્રીઓનો ઉપયોગ કરવામાં આવે છે. આ રીતે સ્ત્રીઓના ગૌરવનું હનન કરવામાં આવે છે અને હરણ કરવામાં આવે છે. હું આજે જે બિલ લઇને આવી છું એ એવી સરકાર પાસે લઇને આવી છું કે જે સરકારે હંમેશા સ્ત્રી, મહિલાનું રક્ષણ, મહિલાના શિક્ષણ, મહિલા માટેના તમામ કામ કરવા માટે કટિબદ્ધ છે. સ્ત્રીને જન્મવાનો અધિકાર આપવો જોઇએ, આ સરકારે એ નિશ્ચિત કર્યુ છે. સ્ત્રીના શિક્ષણ માટે તનતોડ પ્રયત્ન આ સરકારે કરેલા છે. સ્ત્રીને

મિલકતની અંદર હિસ્સેદારી મળે એના માટે પણ કટિબદ્ધ છે. એટલું જ નહીં પરંતુ આજના આ ગૃહની અંદર પ્રતિનિધિત્વ પણ જે સ્ત્રીઓનું વધી રહયું છે એની અંદર પણ આ સરકાર પ્રતિબદ્ધ છે અને આખા રાજયની અંદર ધારા ઘડનારી જે સભા છે એની અંદર પણ આજે સ્ત્રીનું પ્રભુત્વ અને મહત્વ વધતું રહયું છે, ત્યારે આ સરકાર પાસે મારી વિનંતી છે કે આ સ્ત્રીઓના ગૌરવને હણનારી, આ સ્ત્રીઓ માટે હનનકાર્ય જે જાહેરાતો છે એ જાહેરાતો ઉપર પ્રતિબંધ લગાવવો જોઇએ અને મારે એક વાકય કહેવું છે કે, જેમને ખાતર અમે અમારી જિન્દગી હોમી દીધી એમને અમારા કયારે વિચારો આવશે, સ્ત્રીઓ જેણે સમાજ માટે તન, મન, ધન બધું સમર્પણ કરી દીધું છે એને માટે સમાજ અમારા માટે કયારે કંઇ વિચાર કરતો થશે? અને જે હું આ બિલ લાવી છું એ બિલ દ્ધારા હું આ સરકાર પાસે એવી અભ્યર્થના કરુ છું કે અમારું જે ગૌરવ હણનારા જે છે, એ અગાઉ અમારું જે ગૌરવ હતું એ પુનઃ અમને પાછું આપે, અમારું જે માન-સન્માન હતું એ પુનઃ અમને પાછું આપવા માટે થઇને પણ આ સરકાર આવી અશ્લિલ જાહેરાતો હોય એના ઉપર પ્રતિબંધ લગાવવા માટેના તનતોડ પ્રયત્ન કરીને પણ પ્રતિબંધ લઇ આવે. અમારું જીજાબાઇ, લક્ષ્મીબાઇ, ભારતીદેવી, ગાર્ગી અને મૈત્રી જેવું ગૌરવ અપાવવા માટેના અમારા પ્રયત્નોને સફળ બનાવે. મારે આ સાથે એ પણ કહેવું છે કે ગુજરાતનું ગૌરવ વધારનારી, ગુજરાતનું આજે દેશ, દુનિયામાં નામ રોશન કરનારી એક જાહેરાત કે જેની અંદર કહેવામાં આવે છે કે, ખુશ્બુ ગુજરાત કી, અને આ ખુશ્બુ ગુજરાત કી એમાં યુગના મહાનાયક અમિતાભ બચ્ચન એવું કહે છે કે, કુછ દિન તો ગુજારો ગુજરાત મેં. આ રીતે ગુજરાતને ગૌરવ અપાવનારી જે જાહેરાતો આવે છે એ જાહેરાતોની જેમ અમારુ પણ ગૌરવ વધારનારુ એક કાર્ય થાય અને આ અશ્લિલ જાહેરાતો ઉપર પ્રતિબંધ લાગે એવી અમારી લાગણી અને માગણી આ સાથે હું વ્યકત કરુ છું. માનનીય અધ્યક્ષશ્રી, હું વિનંતી કરુ છું ગૃહના તમામ સભ્યશ્રીઓ મારી આ બાબતને સમર્થન આપશે.

**શ્રી મફતલાલ મો. પુરોહિત(ધાનેરા)** : માનનીય અધ્યક્ષશ્રી, ધારાસભ્ય બહેન, શ્રીમતી વિભાવરીબેન ગુજરાત અશ્લિલ જાહેર ખબર, ફોટોગ્રાફ અને પોસ્ટર પ્રતિબંધ વિધેયક લઇને આવ્યા છે એમાં હું મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, મર્યાદાઓનો આ દેશ, એની પોતાની એક માનવ સભ્યતાઓને દિશા આપનારો દેશ, સંસ્કૃતિ અને જીવન મૂલ્યોની રખેવાળી કરનારો આ દેશ, એનો પોતાનો એક પરિવાર અને એના લીધે આજે વિશ્વની અંદર ભારત એક ધર્મપ્રધાન દેશ તરીકે ઓળખાય છે. સ્ત્રીનું અપમાન થયું ત્યારે અહીંયા મહાભારત થયું છે. સ્ત્રીનું અપમાન થયું ત્યારે અહીંયા રામાયણ થયું છે. લંકાનો રાવણ જે નવ ગ્રહોને પોતાના કાબૂમાં લઇને બેઠેલો એનો વિનાશ સ્ત્રીના અપમાન થકી થયો છે. આવો આ દેશ અને આ દેશની અંદર કોણ જાણે કેવા લોકો અત્યારે પશ્ચિમના આંધળા અનુકરણમાં આવી જઇને જે રીતે આજે આપણો સભ્ય પરિવાર પોતાના બાળકો સાથે બેસીને કોઇ સમાચાર સાંભળતો હોય તો વચ્ચે જે જાહેરાતો આવે છે એ જાહેરાતો એટલી બિભત્સ હોય છે કે એનાથી આપણને એક જાતનો સંકોચ થાય છે અને યુવાન પેઢી કે જેના ઉપર આવનાર ભારતનું ભવિષ્ય ટકેલું છે એ યુવાન પેઢીને એનું પોતાનું ગૌરવ અને એના ઇતિહાસની જાણ કરવાના બદલે એક ધન-પૈસા કમાવાની લાલચમાં એટલી બિભત્સ જાહેરાતો અને એ રીતના કાર્યક્રમો ટી.વી. પર આવે છે. આજે આખા દેશમાં ફિલ્મ ઇન્ડસ્ટ્રીઝ જાણે આ દેશની દુશ્મન હોય એ રીતે પિકચરો બનાવે છે. કેવા લોકોના હાથમાં આ ઇન્ડસ્ટ્રીઝ છે? આજે આપણે પ્રદીપજીના ગીતો યાદ કરીએ છીએ પણ એવા કોઇ ગીતો કે ગૌરવ થાય એવી કોઇ ફિલ્મો બનતી નથી. આ અશ્લિલ સાહિત્યની વાત છે. અશ્લિલ સાહિત્ય છે એ યુવાન માનસ ઉપર બહુ ખરાબ અસર કરે છે અને એના કારણે યુવાનોનું પતન થાય છે. તો અશ્લિલ સાહિત્ય ઉપર પ્રતિબંધ મૂકાવો જોઇએ. બિભત્સ પાનાની કેટ લઇને જે પાના રમનારા લોકો હતા એને પકડ્યા અને એ જે વેપારીએ કેટ વેચી હતી એના ઉપર કેસ થયો ત્યારે સુપ્રીમ કોર્ટે એને સખત શિક્ષા કરતા એમ કહ્યું કે વ્યકિતના મનને ભ્રષ્ટ કરતા આવા ગુનાઓને રોકવામાં કોર્ટોએ સખત થવું જોઇએ અને ખાદ્ય પદાર્થોના ભેળસેળના ગુનેગાર વેપારીઓને જે રીતે દંડ થાય છે એ રીતનો આકરો દંડ આ કામમાં કરવો જોઇએ. બીજી એક વાત એની અંદર આવી કે પુસ્તક અશ્લિલ છે કે નહીં એનો નિર્ણય ન્યાયધીશે કરવાનો છે

ત્યારે ન્યાયધીશના માટે સુપ્રીમ કોર્ટે શું કહ્યું? સુપ્રીમ કોર્ટે કહ્યું છે કે એ પુસ્તક વાંચીને આ પુસ્તક મેં લખ્યું છે એવું ફિલીંગ કરીને આની અંદર કેટલી અલંકારિતા છે, કેટલું યોગ્ય છે એનો નિર્ણય જજે કરવાનો છે અને પછી એમ કહ્યું છે કે વિવિધ ઉમરના લોકો ઉપર આ પુસ્તકની શું અસર થાય છે, તે ઉમરના યુવાનો માટે કેવો સંદેશ મળે છે એનો પણ એ ઉમરમાં પોતાની જાતને મૂકીને જજે નિર્ણય કરવાનો છે. ભારતની યુવાન પેઢીને બચાવવા માટે આ કામ કરવું ખૂબ જ જરૂરી છે. સન્માનનીય ગૃહને હું વિનંતી કરીશ કે આ બિલને મંજૂર કરે. બીજી એક વાત કે ગુટખા અને તમાકુ છે એના કારણે કેન્સરના કેસો વધી રહ્યા છે ત્યારે એના ઉપર સખત રીતે પ્રતિબંધ મૂકવો જોઇએ એવી મારી વિનંતી છે.

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા(પોરબંદર)** : માનનીય અધ્યક્ષશ્રી, બેન વિભાવરીબેન જે બિલ લઇને આવ્યા છે એ બિલને હું આવકારું છું અને માનનીય મફતભાઇએ પણ જે વિચારો વ્યક્ત કર્યા એમાં પણ હું સૂર પુરાવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, અશ્લિલતા છે અને આપણી જે માતૃશક્તિ છે એનો ઉપયોગ માર્કેટિંગના બહાના હેઠળ કોઇ ને કોઇ જગ્યાએ થતો હોય છે અને એના ઉપર કોઇ પણ પ્રકારનું નિયંત્રણ લાવવું જરૂરી છે એ ભાવના આ બિલ પાછળ રહેલી છે. વિભાવરીબહેન બિલ લઇ આવ્યા એના પહેલા હું પણ ગઇ વખતે આ બિલ લઇ આવ્યો હતો પણ એ વખતે સ્વીકારાયું નહિ. હું તો ઇચ્છતો હતો કે આ બિલ સ્વીકારાય.

માનનીય અધ્યક્ષશ્રી, જે અશ્લિલતાનું પ્રદર્શન કર્યું અને એમાં બહેનોનો ઉપયોગ કરી અને જાહેરખબર એજન્સી હોય કે કોઇ પ્રોડકટ વેચનારા લોકો હોય એ કરતા હોય છે અને એના ઉપર નિયંત્રણ લાવવું ખૂબ જરૂરી છે. બહેનશ્રીએ કહ્યું કે સરકાર તો બહુ કટીબદ્ધ છે. માનનીય મફતભાઇએ કહ્યું કે આ ધર્મપ્રધાન દેશ છે, આમ નહિ થવું જોઇએ. સરકારે પ્રતિબદ્ધ રહેવું જ જોઇએ પણ આપણી કમનસીબે સરકાર પણ કયાંક ને ક્યાંક કોઇ જગ્યાએ ચૂક કરે છે. નવરાત્રી મહોત્સવ આપણી બહેનોની ભક્તિ અને ઉલ્લાસનું પર્વ હોય છે. આ જ સરકારે ઇઝરાયલથી બહેનો લઇ આવીને એમની પાસે અશ્લિલતાનું પ્રદર્શન કરાવેલું, કમનસીબી છે. એ પણ નવરાત્રીની અંદર આખા વિશ્વના લોકોને ગુજરાતનું નવરાત્રી પર્વ જોવા માટે આખા વિશ્વમાંથી આપણે આમંત્રણ આપીએ છીએ. આપણે એ બતાવવાના બદલે ઇઝરાયલથી જે બહેનો આવી એણે જે પ્રકારે અશ્લિલતાનું પ્રદર્શન નવરાત્રી મહોત્સવનું કરાવ્યું એવું પ્રદર્શન તો ક્યાંય જાહેરાતમાં પણ જોયું નથી. તમારે ખરા અર્થમાં પ્રતિબદ્ધ રહેવું જરૂરી છે અને માનનીય મફતભાઇએ કહ્યું આપણો ધર્મપ્રધાનદેશ છે અને જાહેરાતોમાં કે ફિલ્મ ઇન્ડસ્ટ્રીઝમાં આ પ્રકારના પ્રતિબંધની જરૂર છે એના માટે તો ગુજરાતી હોય તો ગુજરાતનું સેન્સર બોર્ડ અને ભારત કક્ષાએ એમનું સેન્સર બોર્ડ છે. ચોક્કસપણે એના ઉપર પ્રતિબંધ લઇ આવવો જોઇએ અને એના વ્યાવસાયિક ધોરણ ઉંચ્ચે લઇ જવા જોઇએ. પરંતુ કમનસીબ એ છે કે આપણા વર્તન પણ બેવડા હોય છે. બહાર જઇને આપણે એમ કહીએ કે બહેનોએ આવા કપડાં પહેરવા જોઇએ. એના ડ્રેસ કોડની વાત કરીએ અને ડ્રેસ કોડની વાત કરનારાના માનસમાં ક્યાંકને ક્યાંક જગ્યાએ અશ્લિલતા પડેલી છે અને એ બહાર જાય એવી વાત કરે અને કોક બીજી વિધાનસભાની અંદર મંત્રીશ્રીઓ બાજુમાં બેઠા બેઠા અશ્લિલ વિડિયો જુએ. માનનીય અધ્યક્ષશ્રી, આ માનસિકતા પણ આપણે દૂર કરવી જોઇએ. (અંતરાય) એટલે આવા લોકોએ આવું જોઇયેલું છે. (અંતરાય) મફતભાઇ આવું જોયેલું છે એટલે આપણે ત્યાં પણ પોતાના સાથીને બદનામ કરવા માટે થઇ રાજ્યના ઉચ્ચ કક્ષાના વ્યક્તિની સી.ડી બનાવેલી. આપણે ત્યાં પણ વિતરણ થયેલું છે અને એ પણ પોતાના સાથીની બીજા કોઇની નહિ. આ પ્રકારની માનસિકતામાંથી આપણે સૌએ બહાર આવી જવાની જરૂર છે. (અંતરાય) શેની વાત કરો છો?(અંતરાય) શેની વાત કરો છો? (સભ્યશ્રી ભરતભાઇ બોઘરા,બેઠાબેઠા કાંઇક બોલતાં ) (અંતરાય)

અધ્યક્ષશ્રી : પ્લીઝ, ભરતભાઇ પ્લીઝ.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા : (અંતરાય) મેં કોઇ* (xxxx) (xxxx) નામ દીધું નથી. શું કરવા કહો છો ? મેં (xxxx) તમારા સાહેબને વાંધો હશે, મારે વાંધો નથી. એમની જોડે (અંતરાય) મને પૂછે છે એટલે હું વાત કરું છું. મને તો ભાઇ અહીંયા બોલ્યા એટલે વાત કરી. તમારે ન જવું હોય યુ.પી.માં પ્રચાર કરવા એને કારણે તો અમને કાંઇ વાંધો નહીં અથવા તમને ન બોલાવતા હોય તોય મને તકલીફ નથી.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : સાહેબ, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે. સાહેબ જે વ્યક્તિ આ ગૃહમાં હાજર ના હોય એમના વિશે રેકર્ડ ઉપર બોલ્યા છે, એ શબ્દ દૂર કરવો જોઇએ માનનીય અધ્યક્ષશ્રી,. (અંતરાય)

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા : મેં કયાં બોલ્યા છે ? (અંતરાય)

શ્રી નીતિનભાઇ ર. પટેલ : સાહેબ, રેકર્ડ જોઇ લો. (અંતરાય)

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા : મેં નામ નથી લીધું (અંતરાય)

અધ્યક્ષશ્રી : હું રેકોર્ડ જોઇને દૂર કરીશ.(અંતરાય)

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા : ભાઇ બંધ બેસતી પાઘડી શું કરવા પહેરી લેવી જોઇએ અને ફીટ બેસતી હોય તો મને વાંધો પણ ન હોય. અને આખી પાર્ટીને ખબર છે નીતિનભાઇ, આપ શું કરવા ચર્ચામાં પડો છો. તમારી આખી પાર્ટીને ખબર છે. એમાં શું કરવા મુદા ઉઠાવો છો, ખુલ્લામાં શું કરવા અમને બોલાવો છો.

માનનીય અધ્યક્ષશ્રી, એટલે બેવડા ધોરણો જે છે આપણાં. બહાર એમ કહેવાનું કે, હું તો અત્યંત પવિત્ર છું, બ્રહ્મચારી છું અને પછી આ પ્રકારની પ્રવૃત્તિ કરનારા લોકો છે, એ માનસિકતા સૌથી ખરાબ છે. અને આપણે જોયા છે ઘણી વખતે. વડોદરામાં એક સાધુ આવેલા, મુખ્ય મંત્રીશ્રી એના દર્શન કરવા ગયેલા હતા અને પછી કેવા પ્રકારની સી.ડી.ઓ એની બહાર પડી હતી એની આપણને બધાને ખબર છે. એટલે આ માનસિકતા છે એમાંથી બહાર આવવું જોઇએ. હું ખૂબ આદર કરું છું વિભાવરીબેનનો કે આ બિલ લઇ આવ્યા. બિલને પાસ કરીએ આપણે બધા સામૂહિક રીતે એટલું જ નહીં અને પછી આત્મખોજ પણ કરીએ આપણે બધા જ કે આપણા માનસમાં પણ કે કયાંક ને કયાંક, કોઇક પ્રકારની અશ્લિલતા પડી હોય તો આત્મખોજ કરી બહાર કાઢીએ એવી વિનંતી સાથે આ બિલને હું આવકારું છું.

**શ્રી પ્રાગજીભાઇ ના. પટેલ(માંડલ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્ય શ્રીમતી વિભાવરીબેન દવે, સન ૨૦૦૮નું વિધેયક ક્રમાંક–૭– સન ૨૦૦૮નું ગુજરાત અશ્લિલ જાહેર ખબર, ફોટોગ્રાફ અને પોસ્ટર પ્રતિબંધ વિધેયક લઇને આવ્યા છે એના સમર્થનમાં મારા વિચારો રજૂ કરવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આપણે સૌ જાણીએ છીએ કે, આપણને આ દેશની અંદર આપણી આ પાવન સંસ્કૃતિમાં જન્મ લેવાનું સૌભાગ્ય સાંપડ્યું છે. આપણા દેશની અંદર આ દેશની પ્રજાએ આપણે કયારેય સ્ત્રીને ભોગ્ય તરીકે નજરે નિહાળી નથી અને ભારતની અંદર સ્ત્રીને માતા તરીકે ગણે છે ત્યારે આજે ખૂબ જ ચિંતાનો વિષય હોવાથી અને અશ્લિલતાનું રામરાજય આ દેશ અને પ્રજા ઉપર હોવાથી જયારે વિભાવરીબેને જે ચિંતા કરી છે એ ચિંતામાં હું પણ એમાં સૂર પુરાવું છું અને આ જે અશ્લિલતાના વાવાઝોડાની અંદર જે ભારતની સ્ત્રીઓની બજારમાં જે લોકોએ જાહેરાત શરૂ કરી છે એના માટે ખૂબ ચિંતાનો વિષય છે.

માનનીય અધ્યક્ષશ્રી, સેટેલાઇટ ચેનલોની પણ વાત કરીએ. સેટેલાઇટ ચેનલોવાળા આવી હીન પ્રવૃતિથી ધીમે ધીમે આપણી સંસ્કૃતિ અને સંસ્કારીતાને બાળી રહ્યા છે. આજે અને આજે આવો સમય આવી ગયો છે કે, કયારેક કુમળી અને કુમારીકાઓ, કુંવારી માતાઓ બનતી હોવાના દાખલાઓ આજે જાણવા મળે છે. કયારેક ઉકરડા ઉપર કે કયારેક ચાર રસ્તા ઉપર બાળભ્રૂણ જોવા આપણને મળી આવે છે, આ એના પરિણામ છે. ખતરનાક પરિણામો આજે આવી રહ્યા છે. આના માટે વર્તમાન પત્રમાં આવતા આ પોસ્ટરો, અર્ધ નગ્ન તસ્વીરો શું આપણને શું આપે છે ? અભદ્ર સિરિયલો એ આગમાં કેરોસીન નાખવાનું કામ કરી રહી છે.

* (xxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે

માનનીય અધ્યક્ષશ્રી, દિલ્હીમાં એક સર્વે થયો હતો, ૨૦૧૦માં. દિલ્હીની પબ્લિક સ્કૂલની અંદર એક હજાર બાળકો ઉપર સરવે કરવામાં આવ્યો હતો. એમાંથી એવું તારણ આવ્યું કે ૪૭ ટકા છોકરાઓ અને ૨૯ ટકા છોકરીઓ પોર્ન સાઇટ જુએ છે. આ કેટલી ગંભીર અને ખતરનાક બાબત આપણા ધ્યાનમાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, હાલમાં અશ્લિલ જાહેરાત, ફોટોગ્રાફ અને પોસ્ટરોનું નુકસાન મોટા પાયા ઉપર સમાજને, યુવા પેઢીને અસંતુલિત કરવા માટે જયારે થઇ રહ્યું છે ત્યારે આવી અનૈતિક પદ્ધતિને અટકાવવી ખૂબ જ જરૂરી છે. કડક કાયદો અને કડક વિદ્યમાન કાયદાની અપૂરતી અસરકારકતા હોવાથી આપણી લાગણી દુભાય છે એમાં કડક બીલ લાવવું ખૂબ જરૂરી છે. દેશ વિદેશના વિદ્વાનોના મતે ખલીલ ઝીબ્રાને કહ્યું છે કે the most beautiful word on the lips of the mankind is of the mother. કહેવાય છે કે આ વિશાળ સૂષ્ટિમાં ઇશ્વર બધે ન પહોંચી શકે માટે સર્જનહારે માં નું સર્જન કર્યું છે. આટલું માં નું મહત્વ છે અને વિવેકાનંદજીની દ્રષ્ટિએ માં માટે જોઇએ તો ભારતની નારીઓને એવી કેળવણી આપવામાં આવી છે કે જેનાથી તેઓ નિર્ભય બનીને ભારત પ્રત્યે પોતાનું કર્તવ્ય સારી રીતે બજાવી શકે અને શ્રી નરેન્દ્રભાઇ મોદીની દ્રષ્ટિએ નારી માટે જોઇએ તો ભારતમાં મહિલાને માતૃ શકિત અને દેવી શકિત તરીકે સદીઓથી પ્રસ્થાપિત કરવામાં આવી છે. મહિલાને નારાયણી સ્વરૂપે પશ્ચિમના દેશો જોવા તૈયાર નથી. ભારતમાં પુરુષોની જેમ મહિલાઓને પણ પ્રથમથી જ મતાધિકાર અપાયો છે. આ છે માનનીય નરેન્દ્રભાઇ મોદીની દ્રષ્ટિ. અર્જુનભાઇ આપણા સિનિયર સભ્ય હમણાં ટીકા કરતા હતા. થોડું મારે એમને કહેવું છે કે રાજસ્થાન સરકારની અંદર રાજસ્થાનના મંત્રી અને ધારાસભ્ય અને* (xxxx) (xxxx) (અંતરાય)

અધ્યક્ષશ્રી : પોઇન્ટ ઓફ ઓર્ડર છે અને આપનો સમય પણ પૂરો થાય છે.

શ્રી શક્તિસિંહ હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, જો આ પ્રથા ચાલુ રાખવાની હોય તો વાંધો નથી મારા પક્ષના સભ્યશ્રીઓ બોલશે. (અંતરાય) (xxxx) (xxxx) ભા.જ.પ.ના ભ્રષ્ટાચારીઓની યાદી મારા પક્ષેથી બોલાશે. આ ગૃહમાં પ્રથા પાડવી હોય તો મને વાંધો નથી.

અધ્યક્ષશ્રી : બંને પક્ષને વિનંતી છે કે મહેરબાની કરીને ગૃહને શોભે એવા શબ્દોનો ઉપયોગ કરો. પ્લીઝ. કિરણભાઇ....

**શ્રી કિરણકુમાર લ. મકવાણા :** માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્ય શ્રીમતી વિભાવરીબેન જે વિધેયક લઇને આવ્યા છે એમાં મારો સૂર પૂરાવું છું. આજે ગુજરાતની અંદર અને સમગ્ર ભારતની અંદર ભારતીય સંસ્કૃતિ પ્રમાણે આજે ગુજરાતનું નામ ખૂબ આગળ છે. આપણે ઘણી બધી જગ્યાએ જાહેરાત વાંચતા હોઇએ છીએ. તેલના ડબ્બા ઉપર એક જાહેરાત આવે છે હીટ હૈ તો ફીટ હૈ એ કેટલું યોગ્ય છે? ખરેખર આપણા ગુજરાતની સંસ્કૃતિને લજવે એવી આ જાહેરાત છે. ઘણી જગ્યાએ ટર્નિંગ હોય એવી જગ્યાએ મોટા મોટા બેનર અને પોસ્ટર લગાડવામાં આવે છે. એ પોસ્ટરના કારણે કેટલાય અકસ્માતો થાય છે અને અકસ્માતો થવાથી કેટલાયના લાડકવાયા ગુમાવે છે. કેટલાયના પતિ ગુમાવે છે, કેટલાયના દીકરા ગુમાવે છે, કેટલાયનો આધારસ્તંભ ગુમાવે છે. એવી જગ્યાએ જાહેરખબરો અને પોસ્ટરો ન લગાડવા જોઇએ કે જેથી કરીને અકસ્માતો થાય. અકસ્માતોને રોકવા માટે પણ આ એક મોટામાં મોટું કારણ છે. બીજું કે આજે ઘરની અંદર બેસીને માતાપિતા કે દીકરા દીકરીઓ સાથે બેસીને ટી.વી. નથી જોઇ શકતા. આજે ગુજરાતની સંસ્કૃતિ એવું કહે છે કે અમારી બાજુ જંબુસર–આમોદ બાજુ અને સૌરાષ્ટ્રમાં તો ખાસ કે ઘરની વહુ હોય એ લાજ કાઢીને આખા ઘરની અંદર ફરે છે. એને ટી.વી. જોવું હોય તો એને વિચારવું પડે. આજે ઘરની અંદર સાથે બેસીને ટી.વી. જોવાય નહીં એવી પરિસ્થિતિ ઉભી થઇ છે. આજે વિભાવરીબેન જે વિધેયક લઇને આવ્યા છે એમાં હું મારો સૂર પૂરાવું છું અને આ બિન સરકારી વિધેયક લઇ આવ્યા છે એની જગ્યાએ સરકારી વિધેયક લાવે એવી મારી વિનંતી છે.

---

* (xxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે

**શ્રી પ્રફુલભાઇ ખો. પટેલ ઃ (રાજયકક્ષાના ગૃહ મંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, વિભાવરીબેન જે પ્રાઇવેટ મેમ્બર બિલ લઇને આવ્યા છે એની લાગણીઓની ચોકકસ કદર કરું છું. બહુ સ્વાભાવિક છે કે આ દેશમાં સ્ત્રીનો ઘરની લક્ષ્મી તરીકે સ્વીકાર થયેલો છે. હિન્દુ શાસ્ત્રમાં વિવિધ દેવીઓનું, મહિલાઓનું સ્થાન એક શકિત સ્વરુપે છે. વર્ષોથી એની શ્રદ્ધા અને આદર કરી અને ભકિતભાવથી આ દેશના લોકો એને પૂજતા રહ્યા છે. આ જે અશ્લીલ જાહેરાતો, પોસ્ટર્સ એ સભ્ય સમાજ માટે ચોકકસ એક કમનસીબ બાબત છે. આમ છતાં સભ્ય સમાજમાં અશ્લીલ જાહેરખબરો. ફોટોગ્રાફ્સ, પોસ્ટર કે અન્ય સ્વરૂપે તેનું નિરૂપણ વિકૃત રીતે કરીને ખાસ કરીને યુવા વર્ગની મનોવૃત્તિમાં વિકૃત્તિ ઉત્પન્ન થાય તેવા પ્રયત્નો ચોક્કસ થતા હોય છે. મિત્રો મહિલાઓને વિકૃત્ત સ્વરૂપે રજૂ કરીને નફો રળવાના હેતુથી વ્યાવસાયિક જાહેરખબર, પોસ્ટર્સ, બેનર્સ અટકાવવાની લાગણી સાથે બહેનની વાત સાથે હું સંપૂર્ણ સંમત છું. મને ચોક્કસ લાગે છે કે રાજકીય અવલોકન કરવાનો વ્યક્તિગત રીતે સ્વભાવ નથી, પણ આ જાહેરખબરના અશ્લીલ પોસ્ટર્સના કારણે ૭૦ વર્ષની ઉંમરે કયાંક કોઇ જગ્યાએ ભંવરીદેવીની ઘટના બનતી હોય છે, ત્યારે સમાજ માટે કોઇ દુઃખદ છે. આવું બન્યું હશે એ કદાચ અખબારોની જાહેરખબરોના કારણે શકય બન્યું હશે. જ્યાં સુધી બિલને લાગે વળગે છે ત્યાં સુધી (અંતરાય ) (બેઠા બેઠા કોઇ સભ્યશ્રી કોમેન્ટ કરતા...) એ તો ખબર નથી, પણ ભંવરીવાળું કાયદેસર સાચું છે આમાં ક્યાં પડો છો તમે?(અંતરાય)

અધ્યક્ષશ્રી : બાવકુભાઇ બેઠા બેઠા કોમેન્ટ ન કરો.(અંતરાય) બંને પક્ષના સભ્યશ્રીઓને સૂચના આપી છે. પ્લીઝ બેઠા બેઠા કોમેન્ટ ન કરો. માનનીય મંત્રીશ્રી.

શ્રી પ્રફુલ્લભાઇ ખો. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, જ્યાં સુધી આ બિલનું પ્રાવધાન છે, જે રજૂ કરેલા છે. માનનીય સભ્યશ્રીએ રજૂ કરેલ છે, તેમાં જે રીતેની જોગવાઇઓ છે તે કરતા વર્તમાન હાલના કાયદાઓ છે. આઇ.પી.સી. સેકશન હશે, બોમ્બે પોલીસ એકટ હશે, ઇન્ડિયન રિપ્રેઝન્ટેશન ઓફ વીમેન (પ્રોહિબિશન) એક્ટ-૧૯૮૬ એના જે પ્રાવધાન છે અને તેની જે જોગવાઇઓ છે. પ્રથમ ગુના માટે અને પ્રથમ ગુના પછી બીજા ગુનાઓ માટેની જોગવાઇ છે. બિલમાં સુચવેલી જોગવાઇ છે તેની કરતા પણ ઘણી વધારે છે. હું માનું છું કે બિલનો સ્વીકાર કરે તો સજાની જોગવાઇમાં ઘટાડો કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થાય તેવો છે, એટલે આ જે બિલને લઇને આવ્યા છે વિભાવરીબેન એમની લાગણી સાથે હું સંપૂર્ણપણે સંમત થઉ છું. લાગણીનો આદર કરું છું. આ જે વર્તમાન કાયદાની જોગવાઇ પર્યાપ્ત છે. હું વિભાવરી બેનને વિનંતી કરું છું કે પોતાનું બિલને પરત ખેંચે તેવી મારી લાગણી છે.

શ્રી વિભાવરીબેન વિ. દવે : માનનીય અધ્યક્ષશ્રી, હું જે બિન સરકારી વિધેયક લઇને આવી છું એ વિધેયક ઉપર માનનીય મફતભાઇ, અર્જુનભાઇ, પ્રાગજીભાઇ, કિરણભાઇએ જે સમર્થન આપ્યું છે તેનો આભાર વ્યક્ત કરું છું અને સાથે હું યાદ કરાવવા માગું છું કે ભારતની અંદર જ્યારે ક્રિકેટ મેચનું આયોજન હતું ત્યારે આઇ.પી.એલ. ક્રિકેટ મેચનું ત્યારે કેન્દ્રના એક આઇપીએલના ચેરમેન અને જે તે વખતના એક પક્ષના આગેવાન એમણે ચીયર્સ ગર્લ લઇ આવ્યા અને દેશ દુનિયાની અંદર ન છાજે તેવી કામગીરી કરી હતી તે હું મિત્રોનું ધ્યાન દોરવા માગું છું બીજું કે તત્કાલિન મંત્રી મારે નામ ન બોલવું જોઇએ, બોલી નથી. આજે અહીયા બિલ લઇને આવી છું. કુહાડી કે આગે લકડી કા દસ્તા ન હોતા તો કુહાડી કો લકડી કો કાટને કા કોઇ રસ્તા ન હોતા. ભાઇશ્રી અર્જુનભાઇએ વાત કરી છે. એની સામે હું આ વાત કરું છું. પ્રફુલભાઇએ જે પોતે વાત કરી છે. કાયદાની અંદર જે કાઇ પ્રતિબંધો છે એમની લાગણી જે પણ જગ્યાએ આ કાયદાની અંદર કેન્દ્રની અંદર કોઇપણ જગ્યાએ રજુઆત કરવાની જરૂરિયાત લાગતી હોય તો એ અને અન્ય રીતે આ કાયદાનો અમલ કરીને અમારી આ માગણીનો યોગ્ય રીતે અમલ થાય તેવી માગણી કરું છું. સાથે હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૦૮નું વિધેયક ક્રમાંક-૭-સન ૨૦૦૮નું ગુજરાત અશ્લિલ જાહેર ખબર, ફોટોગ્રાફ અને પોસ્ટર પ્રતિબંધ વિધેયક પાછું ખેંચી લેવાની સભાગૃહ મને અનુમતિ આપે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

શ્રી વિભાવરીબેન વિ. દવે : માનનીય અધ્યક્ષશ્રી હું મારું વિધેયક પાછું ખેંચી લઉં છું.

અધ્યક્ષશ્રી : વિધેયક પાછું ખેંચવામાં આવે છે.

## સન ૨૦૧૧નું વિધેયક ક્રમાંકઃ૩૭
## ગુજરાત અવાજ પ્રદૂષણ ( અટકાવવા)બાબત વિધેયક, ૨૦૧૧
## ગુજરાત રાજયમાં અવાજ પ્રદૂષણને નિયંત્રણમાં રાખવા, તેનું નિયમન કરવા અને તેને દૂર કરવા માટેની અને તેની સાથે સંકળાયેલી બાબતો માટે જોગવાઇ કરવા માટેનું વિધેયક

**શ્રી કિશોર વાંકાવાલા(સુરત શહેર(પશ્ચિમ) : માનનીય** અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૧૧નું વિધેયક ક્રમાંક–૩૭– નું *ગુજરાત અવાજ પ્રદૂષણ (અટકાવવા) બાબત વિધેયકનું પહેલું વાંચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

શ્રી કિશોર વાંકાવાલા : માનનીય અધ્યક્ષશ્રી, વિશ્વની અંદર પ્રદૂષણ બાબતમાં ઘણી ચિંતા થઇ રહી છે. એર પોલ્યુશન અને વોટર પોલ્યુશન આ બાબતમાં તો ગુજરાત સરકાર જાગૃત છે. પરંતુ અવાજ પ્રદૂષણ અને ધ્વનિ પ્રદૂષણ બાબતમાં જે પ્રકારના પગલાં લેવા જોઇએ તે પગલાં કોઇપણ સંજોગોમાં લેવાયા નથી. વ્યકિતગત રીતે મારું એવું માનવું છે કે, આ પ્રદૂષણ અટકાવવા માટે તેનો આઠ તબક્કામાં વિચાર કરવો જોઇએ. પહેલો તબક્કો કે આ ઘોંઘાટ શું છે તેની વ્યાખ્યા. તેનો સ્પેશીફીક કન્સેપટ હોવો જોઇએ.બીજું કેવી રીતે માપી શકાય. ત્રીજું ઘોઘાટની ફ્રીકવન્સીનું પૃથ્થકરણ થવું જોઇએ. ચોથું ઘોંઘાટ કયાંથી કયાંથી ઉત્પન્ન થાય છે, ઉદ્યોગ, એરક્રાફ્ટ, ફટાકડા, અવાજ ઉત્પન્ન કરતા સાધનો, મશીનરી વગેરે વગેરે તે પણ આઇડેન્ટીફાઇ થવું જોઇએ. પાંચમું ઘોંઘાટ શા માટે ચિંતાનો વિષય છે? છઠ્ઠુ ઘોંઘાટનું કેવીરીતે નિયંત્રણ કરી શકાય? આ નિયંત્રણકરવા માટેના સૂચનો અને તેની કઇ કઇ જરૂરિયાતો છે તે બાબતમાં વિચાર કરવો જોઇએ. ધ્વનિ પ્રદૂષણ છે તેના માટે રાજય સરકારે નિયમો બનાવ્યા છે. પણ અંગત રીતે હું એવું માનું છું કે આ નિયમોમાં ફેરફાર કરીને એક અધિનિયમ બનાવવો જોઇએ. તેના રૂલ્સ અને રેગ્યુલેશન બહાર પાડવા જોઇએ. જેવી રીતે વોટર પોલ્યુશન અને એર પોલ્યુશન માટેના કાયદા અને કાનુનો છે, સજાઓ છે. આ સજાઓની પણ તેમાં અસર આપવામાં આવે. હું ખાસ એટલી વાત કરીશ કે તેના માટેની ફ્રીકવન્સીનો સ્ટાફ એક નવા વિભાગ સાથે શરૂ કરવામાં આવે. તેની જે આડઅસરો છે તેની આપણે ચર્ચા કરીશું તો હું એમ કહીશ કે પહેલી અસર તેની જે આવે છે કે જે વૃદ્ધ માણસો છે તેના કાન બહેરા થવાની શકયતાઓ રહેલી છે. પરંતુ આ અવાજને કારણે વ્યકિતગતરીતે માણસો બહેરા થઇ જતા હોય છે. અવાજની ફ્રીકવન્સી વધે તો કાનનાં પડદા ફાટી જવા સુધીની નોબત આવતી હોય છે. આપણે સૌ જાણીએ છીએ કે આ પરિસ્થિતનું નિર્માણ જે થતું હોય છે ત્યારે આપણે શું કરી શકીએ? આપણે કંઇ કરતા નથી. મેં એક ઇ.એન.ટી. ડોકટરની સલાહ લીધી હતી. ડોકટરનું કહેવુ એવું હતું કે કોઇપણ વ્યકિતની વધુમાં વધું ઘોંઘાટ સહન કરવાની તાકાત ૧૦૦ ડેસીબલથી વધારે નથી. હન્ડ્રેડ ડેસીબલ થી જો વધારે નહીં હોય અને છતાંય જો હન્ડ્રેડ ડેસીબલથી જો વધારે અવાજ ઉત્પન્ન થતો હોય તો શું કરવું જોઇએ? રાજય સરકારે નિયમો બનાવ્યા છે. દિવસે આટલા ડેસીબલ અવાજ હોવો જોઇએ, રાત્રે આટલા ડેસીબલ અવાજ હોવો જોઇઓ, સાયલન્ટ ઝોનમાં આટલો હોવો જોઇએ અને institutional એરિયામાં આટલો હોવો જોઇએ, ઔદ્યોગિક વિસ્તારમાં આટલો હોવો જોઇએ, એમ ભાગો પાડ્યા છે એની સાથે હું સહમત છું પણ એની જે આવતી પેઢી માટે અને ભવિષ્ય માટે આડઅસરો થાય છે, તેમાં ડોક્ટર એક cardiovascular effect થાય છે. Cardiovascular effect એક અલગ હાર્ટની ટ્રબલ થાય છે. એમને last study છે એટલે World Health Organisation has endorsed કે આ cardiovascular problem વધવાનું કારણમાંનું એક કારણ આ અવાજનું પ્રદૂષણ પણ છે. બીજું, stress, માણસ એક સરખો અવાજ એક ઠેકાણેથી આવતો હોય, જેને ગમતો ન હોય કે કર્કશ લાગતો હોય તેને stress

* વિધેયક ૨૪મી માર્ચ ૨૦૧૧ના ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ થયેલ છે.

થાય છે અને stress માંથી annoyance થતું હોય છે. હૃદયના રોગો ઉત્પન્ન થતા હોય છે એને કારણે પરિસ્થિતિ એ નિર્માણ થઇ છે લોકો દિવસે તો ઠીક છે પણ રાત્રે એવા અવાજ જો સાંભળે તો એ ઝબકીને જાગી જાય છે, એને પૂરતી ઉંઘ નથી મળતી અને તેને કારણે પણ તેને stress ઉત્પન્ન થાય છે અને તેને કારણે nervous system ના પ્રશ્નો પણ ઉપસ્થિત થાય છે. Annoyance આના માટે ઉત્પન્ન થઇ શકે છે. પણ વધુ ચોંકાવનારી હું વાત કહેવા માગું છું કે, World Health Organisation જેને સંમતિ આપી છે અને માતાના ગર્ભમાં પંદરથી સાઇઠ દિવસમાં જયારે ગર્ભ ડેવલપ થતો હોય ત્યારે એમ કહેવાય છે કે આ સમય દરમિયાન એના શરીરનો જે વિકાસ થાય છે એને nervous system નો જે વિકાસ થાય છે તે દરમિયાન અવાજ જો એકસરખો ગર્ભમાં જો પહોંચતો હશે અને તેની ફીકવન્સી તેના waves તેને જો અસર કરતા હશે તો..

અધ્યક્ષશ્રી : આપનો સમય પૂરો થાય છે. આપ પુરૂં કરો ઝડપથી.

શ્રી કિશોર વાંકાવાલા : માનનીય અધ્યક્ષશ્રી, ઓ. કે. મારી પોતાની અંગત માન્યતા પ્રમાણે આવી જો આડઅસરો થતી હોય અને આપણા ભવિષ્યના સંતાનો માટે જે ચિંતા આપણે કરતા હોય તો આપણે એક કાયદો બનાવવો જોઇએ, વ્યસ્થિત કાયદો હોવો જોઇએ, ઇવન ફેક્ટરીઓની અંદર તમે કન્ટ્રોલ નહીં કરી શકતા હોય તો દર મહિને એ લોકોને hearing devices આપવું જોઇએ અને એ લોકો માટે સૌથી ટેસ્ટ જે છે ફેક્ટરીઓ માટે ear protection devices આપવું જોઇએ. દર મહિને તેઓને audiometric test થવી જોઇએ કે જેને કારણે અવાજવાળા ફેક્ટરીઓના મજૂરોને પણ ઉપયોગી થઇ શકે. ફટાકડાઓ ૧૦૦ decible થી વધારે આવતા હોય તો તેને રોકવા જોઇએ અને DJ sound માં પણ પ્રોટકશન થવું જોઇએ આવા ઘણા ઘણા નિયમો છે (અંતરાય) હું ઇચ્છા રાખું છું કે હું આ જે બિલ લઇને આવ્યો છું તેને આ સન્માનનીય ગૃહ સંમતિ આપે.

**શ્રી દુષ્યંતભાઇ ર. પટેલ(ભરૂચ) :** માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રી કિશોરભાઇ જે ગુજરાત અવાજ પ્રદૂષણ (અટકાવવા) બાબતનું જે વિધેયક લઇને આવ્યા છે તેમાં હું મારો સૂર પુરાવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ધ્વનિ, નોઇસ, એર જે અણગમતો હોય અથવા વધારે માત્રામાં હોય અથવા ઓછી માત્રામાં પણ સતત અને લાંબો સમય સુધી ધ્વનિ જો અણગમો રહે તેને નોઇસ પોલ્યુશન કહેવામાં આવે છે. નોઇસ પોલ્યુશન જનરલી ડેસીબલમાં માપવામાં આવે છે. જેને જનરલી ડીબી કહેવાય છે. નોઇસ પોલ્યુશનથી જેમ માનનીય સભ્યશ્રીએ કહ્યું કે આરોગ્ય અને વર્તન પર ખૂબ મોટી અસર પડતી જાય છે. નોઇસ પોલ્યુશન તે આજના દિવસમાં hypertension, aggression, hearing loss, sleep disturbance અને ઘણે એવા રોગો જે ઘર કરી જાય છે. વધુ અવાજથી ખાસ કરીને જયારે ઉદ્યોગોમાં કામ કરતા હોય એવા ઘણા બધા કેસીસ છે કે જેને બહેરાશ પણ આવી છે અને સતત અવાજ જો આવતો હોય તો તે હરહંમેશ માટે માણસ બહેરો પણ થયો છે. વધુ અવાજ એટલે moderate level કરતાં પણ આઠ કલાકથી અવાજ સાથે જો વ્યકિત કામ કરે તો અથવા એની જોડે જો રહેવામાં આવે તો હાઇબ્લડ પ્રેશરમાં પાંચથી દશ ટકાનો વધારો થાય છે અને આ વધવાથી coronary heart disease થાય છે.અને ઘણા ડોકટરના મંતવ્યો પણ છે જયારે આવી ફેક્ટરીઓમાં કે એવા અવાજ પોલ્યુશન સાથે જો વ્યકિત કાયમી રહે તો એને હાર્ટ ડિસિસ પણ થયા છે. ખાસ કરીને મારે ઉલ્લેખ કરવો છે કે અવાજ પ્રદૂષણ અટકાવવા માટે રોડ પરના DJ, ફેક્ટરીઓથી થતો અવાજ, વધુ પડતી કન્સ્ટ્રકશન એકિટવિટીઝ અને ત્યાં રહેણાંક વિસ્તારમાં કન્સ્ટ્રકશન એકિટવિટી થતી હોય એનાથી ઉત્પન થતો અવાજ અને સ્કૂટર અને મોટરબાઇકમાં એર હોર્ન લગાવવાની જે ફેશન છે અને મોટા હોર્ન લગાવવાની જે ફેશન છે એનાથી થતો અવાજ સામાન્ય રીતે ટ્રાફિક અવાજ અને અન્ય તહેવારોમાં થતો ફટાકડાનો અવાજ અને એ સાથે ખાસ કરીને આ રોડ પરના DJ, ફેકટરીઓનો, બિલ્ડીંગ કન્સ્ટ્રકશનનો અનેક એવા ઇકિવપમેન્ટ અને મશીનરી છે કે જ્યારે એ કામ કરતા હોય ત્યારે ખૂબ મોટા અવાજ સાથે એ કામ કરતા હોય છે ત્યારે એ ચોક્કસ એના પર એક રોક હોવી જોઇએ, એની ફ્રિક્વન્સીની માત્રા હોવી જોઇએ. જેમ હમણા માનનીય કિશોરભાઇએ કહ્યું તેમ એક જે કાયદો બન્યો છે તેમાં ઔદ્યોગિક વિસ્તારમાં જે

પરમીશેબલ ડેસિબલ આપ્યા છે એ દિવસ દરમ્યાન ૭૫ છે અને રાત્રિ દરમ્યાન ૭૦ છે, વાણિજ્ય વિસ્તારની અંદર જે પરમીશેબલ લિમિટ છે એ ૬૫ છે અને રાત્રિ સમયે ૫૫ છે, રહેણાંક વિસ્તારની અંદર ડેસિબલ ૫૫ છે અને રાત્રિ સમયે ૪૫ છે અને શાંત વિસ્તારની અંદર દિવસ દરમ્યાન ૫૦ ડેસિબલ છે અને રાત્રિ દરમ્યાનની અંદર એ ૪૦ છે. ત્યારે મારી નમ્ર વિનંતી છે કે આ જે માનનીય કિશોરભાઇ વાંકાવાલા જે ગુજરાત અવાજ પ્રદૂષણ બિલ લઇને આવ્યા છે તેના માટે એક ચોક્કસ કાયદો ઘડાય.

**શ્રી મણીભાઇ દે. પટેલ(કપડવંજ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય કિશોરભાઇ વાંકાવાલા જે ગુજરાત અવાજ પ્રદૂષણ બિલ લઇને આવ્યા છે એમાં હું મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય બંને સભ્યશ્રીઓએ અવાજ પ્રદૂષણ બાબતની જે વાતો કહી એને હું દોહરાવતો નથી. પરંતુ સામાજીક માન્યતા એવી છે કે હવાનું પ્રદૂષણ હોય પાણીનું પ્રદૂષણ હોય પણ અવાજનું વળી કઇ જાતનું પ્રદૂષણ! પણ એ અવાજનું પ્રદૂષણ જેમ હવાનું પ્રદૂષણ અને પાણીનું પ્રદૂષણ નુકસાન કરે છે એના જેટલું જ નુકસાન આ અવાજના પ્રદૂષણથી થાય છે. એમાં કેટલીક વખત નિવારી શકાય એવા પ્રદૂષણ પણ આપણે જાણે અજાણ્યે પોતાના શોખ ખાતર કે મોજશોખ ખાતર સમાજમાંથી જ ઉભા કરતા હોઇએ છીએ. એ પ્રદૂષણ પ્રત્યે હું ગૃહનું ધ્યાન દોરવા માગુ છું કે જ્યારે વાહન વ્યવહારમાં પોતાની ગાડીમાં કેટલીક વખત સાયલન્સર કાઢીને પણ ઘણાં યુવાનો વાહન ચલાવતા હોય છે અને એનો એટલો બધો કર્કશ અવાજ થાય છે કે આજુબાજુમાં જે લોકો હોય એને શું નુકસાન થશે એની કલ્પના કરવી જ મુશ્કેલ છે. દિવાળીના તહેવારોમાં પોતાના મોજશોખ ખાતર ખૂબ મોટા અવાજ વાળા બોમ્બ અને ફટાકડા ફોડવાથી એની દિવાળીની ઉજવણીમાં જે બાળકો સામેલ હોય છે એ બાળકોને એના કાચા કાનના પડદામાં ખૂબ મોટું નુકસાન થવાનો ભય રહેલ છે અને આવા પ્રદૂષણ નિવારી પણ શકાય તેવા છે. લગ્નપ્રસંગે કે જાનને આવકારવા માટે કે વરઘોડા માટે DJ સાઉન્ડ કરી ખૂબ મોટા અવાજે જાનૈયા તો એના નાચમાં અને ડાન્સમાં મશગુલ હોય છે પણ એ જાન સિવાયની આજુ બાજુની જે વસ્તી હોય છે એને ખૂબ મોટું નુકસાન આ અવાજના પ્રદૂષણથી થતું હોય છે અને એનાથી એને ખૂબ કંટાળો આવતો હોય છે. આ પણ સામાજીક એક પ્રદૂષણ છે એને નિવારી શકાય એવું પ્રદૂષણ છે. બીજું ઘણાંને મોટા અવાજે ફિલ્મી ગીતો સાંભળવાનો શોખ હોય છે કે ટી.વી. ઉપર મોટા અવાજે સાંભળવાનો શોખ હોય છે પોતે તો આ ગાયનની મજા માણતા હોય છે પરંતુ એમના પડોશી ઘરવાળા, પડોશીના ઘરના છોકરાને પરીક્ષા હોય એ રાત્રે વાંચતો હોય એના વાંચનમાં મુશ્કેલી ઉભી કરે છે અને એમાં પણ ખૂબ મોટું નુકશાન આ પ્રદૂષણથી થાય છે. માણસોએ આવા અનેક પ્રકારના જે માનવસર્જીત જે નિવારી શકાય એવા આ જે અવાજના પ્રદૂષણો છે એ પ્રદૂષણો આપણે બધા જ સમજીને આ વિવેકભાન ભૂલ્યા વગર આ બધાજ પ્રદૂષણો અટકાવી શકાય એવા છે એ અટકાવવા જોઇએ. હમણાં મને અમારા એક કાર્યકર વિશે એવી ફરિયાદ મળી કે તમારો આ કાર્યકર છે એમણે કુતરો પાળેલો છે અને આખી રાત કુતરો બૂમો પાડ્યા કરે છે અને અમને ઉંઘ આવવા દેતો નથી એ બાબતે એમના પાડોશીની ફરિયાદ હતી એટલે આપણે આપણા મોજશોખ ખાતર કુતરાને પાળીએ કે બીજા કોઇ જાનવરને પાળીએ એટલે એનો અવાજ પણ એ બીજા માટે પ્રદૂષણકારક અને નુકશાનકારક છે. અમારે ત્યાં તો ખેડા જિલ્લામાં પશુપાલનનો વ્યવસાય તો ખૂબ મોટા પ્રમાણમાં થાય છે એમાં જરસી ગાયોને ખૂબ મોટે અવાજે ભાંભરવાની ટેવ હોય છે એ ટેવથી પશુપાલકો પોતે તો ટેવાઇ ગયેલા હોય છે એને આ પ્રદૂષણ લાગતું નથી પણ બાકીના બીજા લોકોને આનું પ્રદૂષણ લાગે છે. એટલે આવા જે પ્રદૂષણો છે એ આપણાથી નિવારી શકાય તેવા હોય છે અને એમાં બહુ ખર્ચ કરવાની પણ જરૂર હોતી નથી સમાજ પોતે સમજીને આ પ્રદૂષણો ઓછાં કરી શકે તેમ છે તો આ બાબતે કિશોરભાઇ જે બિલ લઇને આવ્યાં છે એને હું મારું સમર્થન આપું છું અને એના માટે જે કારખાનાઓ છે તેમજ ગાડીના હોર્ન વગાડતા હોય છે અને પોતાના શોખ ખાતર આ કરતાં હોય છે કે પોતાની ધૂન ખાતર કરતાં હોય છે કે પછી પોતાનો સામાન્ય ખર્ચ અટકાવવા ખાતર પણ આ પ્રદૂષણ ફેલાવે છે એને માટે કાયદો કરીને આ પ્રદૂષણ બંધ થવું જોઇએ.

**શ્રી નાનુભાઇ ભ. વાનાણી(સુરત શહેર(ઉત્તર) :** માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના સભ્ય શ્રી કિશોરભાઇ વાંકાવાળા ગુજરાત અવાજ પ્રદૂષણ અટકાવવા બાબતનું જે વિધેયક લઇને આવ્યા છે એને

સમર્થન આપવા અને આ વિધેયક ઉપર મારા વિચારો વ્યક્ત કરવા માટે હું ઉપસ્થિત થયો છું. અવાજના પ્રદૂષણ ઉપર માનનીય સભ્યશ્રીઓએ પોતાના વિચારો વ્યક્ત કર્યા. સભ્યશ્રી કિશોરભાઇએ વિધેયક રજૂ કરતાં તેમના ટેકનીકલ પાસાંઓ એમના તારણો અને એના ઉપાયો ખૂબ સારી રીતે સૂચવ્યા. મારે આ સન્માનનીય ગૃહનું ધ્યાન એ દિશા તરફ દોરવું છે કે અવાજના પ્રદૂષણની પરિસ્થિતિનું જે નિર્માણ થયું એની પાછળ કોનો હાથ છે એ બાબતે જો આપણે ચિંતા અને ચિંતન કરીએ અને વિચાર કરીએ તો સૌથી પહેલો હાથ આપણી દિશા તરફ આવે છે. માનવ જાતિ તરફ આવે છે. કુદરતે આ વિશ્વનું એવી રીતે સર્જન કર્યું છે એવા વાતાવરણનું સર્જન કર્યું છે કે ક્યારેય કોઇને હાનિ ના પહોંચે. પરંતુ આ કુદરતના વાતાવરણને આપણે એવું ડિસ્ટર્બ કર્યું છે કુદરતે આપણને જીવન જીવવાનો કુદરતી અધિકાર આપ્યો છે. માણસ કુદરતી રીતે જીવી શકે સ્વતંત્ર રીતે જીવી શકે પરંતુ આપણે આ અધિકારનો જે દુરૂપયોગ કર્યો છે આ અધિકારનો અર્થ આપણે એવો કર્યો કે જ્યારે મને આ કુદરતે અધિકાર આપ્યો છે સ્વતંત્ર રીતે જીવવાનો ત્યારે આ દુનિયાની અંદર હું એકમાત્ર માણસ છું મેં બીજાનો વિચાર કર્યો નહિ. જેવી રીતે આપણને અધિકાર આપ્યો છે એવી જ રીતે અન્ય વ્યક્તિને પણ જીવન જીવવાનો અધિકાર છે આની જો ચિંતા આપણે કરી હોત તો અત્યારે માનનીય સભ્યશ્રી કિશોરભાઇ વાંકાવાળા જે વિધેયક લઇને આવ્યા છે એની જરૂર પડત નહિ. માનનીય અધ્યક્ષશ્રી, કુદરતે જે વાતાવરણ બનાવ્યું છે એને આપણે કેવી રીતે ડિસ્ટર્બ કર્યુ? શા માટે ડિસ્ટર્બ કર્યુ? આપણે આપણા વિકાસના નામે હવા, પાણી અને અવાજ, આ બધાને એટલું બધું પ્રદૂષિત કરી નાંખ્યુ કે વાતાવરણ આપણ માટે જીવવા લાયક ના રહ્યું, પણ બીજાને માટે પણ પ્રદૂષિત કરી નાંખ્યુ. શાંતિનું કેટલું મહત્વ છે એ આપણા આચાર્યો અને ધર્માચાર્યોએ ગ્રંથોમાં શાંતિ મંત્રોની રચના કરીને આ જગતમાં શાંતિ કોને હોવી જોઇએ? તો કહે કે વનસ્પતિને શાંતિ હોવી જોઇએ. પર્વતોને શાંતિ હોવી જોઇએ. પાણીને પણ શાંતિ હોવી જોઇએ. જીવન પણ શાંતિમય હોવું જોઇએ. જયારે આ બધાની શાંતિનો અર્થ અને ભાવાર્થ સમજાવ્યો હોય ત્યારે આપણે પોતાના સ્વાર્થ માટે આ કુદરતે બનાવેલ શાંતિના વાતાવરણનો ભંગ કરીએ છીએ ત્યારે સજા થવી જરૂરી હોય તો સૌથી પહેલી સજા આપણને થવી જોઇએ. કાયદો લાવવાની જરૂર કયારે પડે? માણસ જયારે કુદરતના કાયદા અને નિયમોનો ભંગ કરતો હોય ત્યારે કાયદો લાવવાની જરૂર પડતી હોય છે. ગુજરાત એકમાત્ર એવું રાજય છે કે કલાઇમેટ ચેઇન્જનો એક વિભાગ ખોલીને એ દિશામાં આ દેશને એક રાહ ચીંધ્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ અવાજના પ્રદુષણની અસરો અંગે આ વિધેયકના ઉદ્ધેશો અને કારણોમાં સ્પષ્ટ રીતે કહ્યું છે કે આડ અસરો કયાં કયાં થાય છે? દાખલા તરીકે કેટલીક વખત પરીક્ષાની તૈયારી કરી રહેલ વિદ્યાર્થી અને હોસ્પિટલમાં મરણપથારીએ પડેલા દર્દી માટે આવા અવાજની તીવ્રતા સહન કરવી મુશ્કેલ હોય છે. બાળકોને અભ્યાસ કરવાનો અને વાંચવાનો સમય હોય એ જ વખતે આપણે આપણા દીકરા કે દીકરીના લગ્ન નિમિત્તે વરઘોડામાં બેન્ડવાજા અને ફટાકડાના પ્રદુષણ કરીએ તે માનવ જાતને શોભે છે ખરું? આવી જ રીતે અનેક જગ્યાએ આપણે જે વાતાવરણનું નિર્માણ કરી રહ્યાં છીએ એ શરમજનક બાબત છે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મણિભાઇએ સાચો દાખલો આપ્યો. સુરતમાં ટેક્ષટાઇલ લૂમ્સની સંખ્યા એટલી વધારે અને મોટા પ્રમાણમાં છે કે કોઇને કોઇ વિસ્તાર પ્રદૂષિત હોય અને સતત પ્રદૂષણ વચ્ચે રહેવાનું હોય તો ટેવાઇ જવાય. એનું વ્યસન થઇ જાય. આવા એક લૂમ્સના કારીગરને મેં પૂછયું કે આટલા બધા ખટ્ખટ્ ખટ્ખટ્ અવાજ વચ્ચે તમે સૂઇ કેવી રીતે શકો છો? ત્યારે એ કહે કે અમને આ અવાજ ન હોય તો ઉંઘ ન આવે. જયારે આવા પ્રદૂષણનું પણ વ્યસન થઇ જતું હોય તે હદે આપણે પ્રદુષણનું નિર્માણ કર્યુ હોય ત્યારે માનવ જાત તરીકે આપણી જાતને પૂછીને એમાંથી આપણે મૂકત થવું જોઇએ અને સમાજને મૂકત કરવો જોઇએ.

માનનીય સભ્યશ્રી કિશોરભાઇ વાંકાવાલા જે વિધેયક લઇને આવ્યા છે તેને હું સમર્થન આપું છું અને સન્માનનીય ગૃહને વિનંતી કરું છું કે તેને સમર્થન કરે.

**શ્રી નિરંજન પટેલ(પેટલાદ) :** માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી કિશોરભાઇ વાંકાવાલા જે બિલ લઇને આવ્યા છે એને હું મારું સમર્થન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, બિલ ઉપરની ચર્ચા ઘણી સારી રીતે થઇ છે. માનવ સમાજ માટે જરૂરી છે. ઘણા સભ્યશ્રીઓએ સારા સૂચનો કર્યા છે. એ હોવું જોઇએ, પરંતુ એ વસ્તુની શરૂઆત આપણાથી થવી જોઇએ. ખરી રીતે આપણે પોતે ધારાસભ્ય છીએ. આપણે બધા વિધાનસભામાં કેટલું પોલ્યુશન ઉભું કરીએ છીએ. આપણાથી શરૂઆત કરીશું તો સમાજમાં દાખલો બેસશે. બીજું કે સભ્યશ્રીએ બિલ રજૂ કર્યું. ૧૮૧ જણાનો અર્ધો કલાક બગાડયો. મંત્રીશ્રી કહેશે કે કાયદો કાયદાનું કામ કરશે. કલમો બોલશે. વાસ્તવમાં કાયદો બરાબર છે અને જરૂરી છે, પણ કાયદાનું અમલીકરણ જો આપણે વ્યવસ્થિત રીતે કરીશું તો આ બિલની ચર્ચા કરવાને અવકાશ જ નથી. શું આપણે વધારે અવાજ કરતા ડી. જે. ને કાયદેસર રોકી શકતા નથી? શું આપણી પાસે તંત્ર નથી? શું આપણે વધુ અવાજ વાળા ફટાકડા ઉત્પાદન કરતા હોય તો તેને અટકાવી શકતા નથી? આ બધી વસ્તુઓનું સર્જન થઇ રહ્યું છે તે આપણી નજર સમક્ષ અને આપણી નીચે થઇ રહ્યું છે. તેને અટકાવવાની જરૂર છે. ન રહેગા બાંસ ન બજેગી બંસરી, પણ આપણી ઇચ્છા શકિત હોવી જોઇએ. આપણે જયારે સ્મશાનમાં મડદુ લઇને જઇ રહ્યા હોઇએ છીએ ત્યારે ધીમે ધીમે હરે રામ હરે રામ બોલી અને ઝડપથી જઇ અને બાળી અને નીકળી જઇએ છીએ. અને લગ્નમાં ધીરિ ધીરિ ચાલી અને મોટા અવાજે ડી.જે. વગાડીએ છીએ. અને જે ડી. જે. નો મોટો અવાજ હોય તેને ખરીદી અને લોકો દારૂ પીને નાચે છે. અને કહે છે કે વગાડો, પોલીસ પણ નાચતી હોય છે, મામલતદાર કે પી.એસ.આઇ.ના ઘર પાસેથી જતા હોય તો એ લોકોને ખ્યાલ ન હોય? નજીકની મસ્જીદમાં પાંચ વાગ્યે બાંગ પોકારવામાં આવે, નજીકના રણછોડરાયના મંદિરામાં મોટે મોટેથી ગીતો વાગતા હોય તો શું તેની સામે પગલાં ન લઇ શકાય? સારો દાખલો ન બેસાડી શકીએ? આ ચર્ચાને કોઇ અવકાશ જ ન રહે. માનનીય મંત્રીશ્રી કડક થઇ અને કાયદાનો અમલ કરાવે તો આ બિલ લાવવાની જરૂર જ ન પડે અને ટાઇમ બગાડવાની જરૂર જ ન ઉભી થાય. મારું માનવું છે કે આ બિલ સારૂં છે કારણ કે આનાથી માનવ જીવનને બહુ મોટું નુકસાન થઇ રહ્યું છે. વિદ્યાર્થીઓ અને બિમાર માણસોને બહુ તકલીફ થાય છે. પણ આપણે બધા રાજકારણીઓ, પોલીસ પકડે તો કહીએ છીએ કે છોડી દો, વાસ્તવમાં આપણે સુધરી જઇએ તો તંત્ર ઘણું સુધરી જાય. ઘણો બધો બગાડ ઓછો થાય તેવું મારું માનવું છે. માનનીય સભ્યશ્રી જે બિલ લાવ્યા છે તેને મારો ટેકો છે. પણ માનનીય મંત્રીશ્રી પાછું ખેંચાવશે અને પાછા કાલથી તંત્ર હતું એવું ને એવું રહેવાનું છે તેની મને ખબર છે.

**શ્રી મંગુભાઇ છ. પટેલ (વન અને પર્યાવરણ મંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના માનનીય સભ્યશ્રી કિશોરભાઇ જે બિલ લાવ્યા છે અને એમાં જે જે માનનીય સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો છે તે બધાની લાગણી સમજી શકાય એવી છે. આ ચર્ચામાં કેટલાંક સારા શબ્દો પણ આવ્યા છે. પરંતુ આપણે પોતાની જાતથી શરૂઆત કરીએ તે મહત્વની વાત છે. ભાષણ તો બધાને કરવાનું સારું લાગે છે. પણ આચરણમાં મુકવાની વાત આવે ત્યારે મુરબ્બી શ્રી મણીભાઇએ કહ્યું તેમ નિવારી શકાય, માનનીય નિરંજનભાઇએ કહ્યું એમ ઇચ્છા શકિત હોય, આ બન્ને શબ્દોની ઉપર ભાર મૂકીને આપણે એ તરફ પ્રજાના પ્રતિનિધિ તરીકે શું કરી શકીએ, તે વિચારવું જોઇએ. પાણીના પ્રદૂષણની વાત થઇ, હવાના પ્રદૂષણની વાત થઇ, આજથી વર્ષો પહેલા, ૧૯૭૭માં રાષ્ટ્રસંઘમાં આ મુદ્દે ચર્ચાઓ થઇ હતી. અને તેનું કેટલું પાલન થયું? દેશની અને દુનિયાની પ્રગતિ, એ પ્રગતિની લાયમાં કેટલું નુકસાન કર્યું? ગ્લોબલ વોર્મિંગને કારણે કલાઇમેટ ચેન્જ આવ્યો, કુદરતે ત્રણ ઋતુ આપી હતી, શિયાળો, ઉનાળો અને ચોમાસુ, ચાર ચાર મહિનાના તબક્કા ગોઠવાયેલા હતા, જુના લોકો આજે પણ શિયાળામાં ગરમ ખોરાક ખાતા હોય છે. કારણ કે શરીરને અનુકૂળ આવે, ઉનાળામાં ઠંડો ખોરાક ખાતા હોય છે કારણ કે તે શરીરને અનુકૂળ આવે છે. ચોમાસામાં ગરમ ખોરાક ખાતા હોય છે કારણ કે શરીરને સારું રાખી શકાય. પરંતુ આજે કલાઇમેટ ચેન્જના કારણે સવારે ઠંડી પડે છે, બપોરના ઉનાળો લાગે છે અને સાંજે વરસાદ પડે તેવા દ્રશ્યો આપણે સૌ જોઇએ છીએ. આપણે બધા સમજીએ છીએ, આખી દુનિયા સમજે છે પણ આચરણમા; આપણે નથી મુકી શકતા. અને તેની આડ અસર થાય છે. અહીં જે વાત થઇ તે સાચી જ છે. અવાજ કોને ગમે? કોયલનો અવાજ આપણને બધાને ગમે છે. કારણ કે તે મનને ગમે એવો કંઠ હોય છે તેથી બધાને ગમે છે. પણ જોર જોરથી વગડતો હોય તે અવાજ કોને ગમે? નાચવા વાળાને ગમે, પણ આજુબાજુ સાંભળવા વાળાને નથી ગમતો અને તેમના માટે એ પ્રદૂષણ છે.

પણ આજુબાજુ સાંભળવા વાળાને નથી ગમતું, લગ્ન હોય કાયદો બધા જાણે છે તો પણ ડીજે રાત્રે દસ વાગ્યા પછી વગાડી મોજમજા કરે, પછી કોઇ પોલીસવાળો આવી જાય, ડીજે ઉંચકી જાય તો માનનીય સભ્યશ્રી નિરંજનભાઇએ કહ્યું એમ ભલામણ કરી દે, આપણે પેલી લાહ્યમાં હોઇએ, આપણો કાર્યકર્તા છે નારાજ થઇ જશે, સહેજ શરમ ચલાવીએ છીએ. આપણે ભાષણ કરવાનું હોય તો કેવી રીતે કરીએ છીએ, વાત સારી થઇ જાય. લગ્ન પ્રસંગમાં લાઉડ સ્પીકર વગાડીએ ત્યારે અભ્યાસ કરતા છોકરાની ચિંતા નથી કરતા કે બાળકોની પરીક્ષા છે, પડોશીનો છોકરો એસ.એસ.સી. પરીક્ષા આપવાનો હોય ત્યારે એના મા-બાપ ઘણી ચિંતા કરતા હોય, મોટા ઓફિસર હોય એ પણ બાળક ભણે એના ઉપર ધ્યાન આપતા હોય એમાં રસ લેતા હોય પરંતુ લગ્ન વાળા ધીમે નહિ વગાડે એને પોતાનો પ્રસંગ સારો કેવી રીતે દેખાય, પાંચ જણા વધારે કેમ સાંભળે એના તરફ ધ્યાન દેતા હોય છે. એટલે આપણે સ્વાર્થમાં પડેલા છીએ એમાંથી બહાર નીકળવું પડે. આપણે પ્રજાના પ્રતિનિધિઓ શરૂઆત કરે તો ચોક્કસ લાભ થવાનો છે. મારે કોઇ સમાજની ટીકા ટિપ્પણ નથી કરવી. પારસી સમાજ છે એ કેટલો શાંતિથી જીવવાવાળો છે એની વાત કરવા માગું છું. એના ઘરમાં રેડિયો વાગતો હોય તો ઘરની બહાર સહેજ પણ અવાજ ન સાંભળી શકો એટલો ધીમો અવાજ રાખે, ફકત પોતાને સંભળાય એટલો જ અવાજ રાખે એટલે આ સમાજમાં આ પદ્ધતિ છે. ઘણા લોકો ફટાકડાથી દૂર રહેવાનો પ્રયત્ન કરતા હોય છે જયારે ઘણા લોકો એટમબોંબ ફોડવાની મજા માણે છે. આ બેય જાતના લોકો સમાજમાં છે. માનનીય સભ્યશ્રી જે વિધેયક લઇને આવ્યા છે એ ઘણું જ સારું છે આપણા બધાની એના પ્રત્યે લાગણી છે પરંતુ અહીંયા વિધેયક પૂરુ થશે એનો નિર્ણય આવશે અને એ પછી બહાર નીકળી ગયા એટલે હતા એમને એમ. પૂજય મોરારીબાપુની કથામાં લાખ દોઢ લાખ ભાઇઓ સાંભળે ખરા, તાળીઓ પાડતા હોય પરંતુ એ વિચારો ઘરે લઇ જાય તો સારુ, પણ એ વિચારો મંડપમાં મૂકતા જાય. એટલે મારી માનનીય સભ્યશ્રીઓને વિનંતી છે કે આટલા બધા અવાજના પ્રદૂષણને મહત્વ આપતા હોય ત્યારે શરૂઆત આપણાથી કરીએ. જયાં લાગતું હોય ત્યાં વિવેકથી ના પડી શકું, એટલી હિંમત બતાવી શકે. આ અવાજ પ્રદૂષણ માટેનો કાયદો કેન્દ્ર સરકારે કરેલો છે એમાં જે કંઇ સુધારા કરવા હોય એ ફકત કેન્દ્ર સરકાર જ કરી શકે. આના અંગેના જે કંઇ નિયમો છે એની થોડી તમારી પાસે વાત કરવી છે.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, એક મિનિટનો સમય છે.

શ્રી મંગુભાઇ છ. પટેલ : જુદા જુદા વિસ્તારની પરીસરમાં હવાની ગુણવત્તા માટે અવાજનું માપ દિવસ અને રાત્રીના સમયે નક્કી કરેલ છે. દવાખાના, શાળાઓની આસપાસ ૧૦૦ મીટરનો વિસ્તાર સાયલન્ટ ઝોન તરીકે નક્કી કરવામાં આવેલો છે. લાઉડ સ્પીકર પબ્લિક એડ્રેસ સિસ્ટમ વગવાડવા અને ફટાકડા ફોડવા માટે સમય મર્યાદા પણ નક્કી કરવામાં આવેલ છે. અવાજની માત્રા જે તે વિસ્તારની નિર્ધારિત માત્રા કરતા ૧૦ ડી.સી. બેન્ડ જે અવાજ માપવાના પેરા મીટર છે એ વધારે જણાય તો તેવા કેસમાં ફરિયાદ કરવાની પણ જોગવાઇ છે. અવાજનું પ્રદૂષણ અટકાવવા માટે જરૂરી કાર્યવાહી અર્થે ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ, જિલ્લા મેજિસ્ટ્રેટ અને ડી.એસ.પી. ને સત્તા આપવામાં આવેલ છે. કેટલાક કેસો પણ થયા છે, પણ આ બધા કરતાં આપણે પોતે જાગૃત થઇને સમાજમાં શાંતિ જળવાય, અવાજ વધે નહિ એના માટેના કાર્યક્રમો હાથ ધરીએ તો મને એવું લાગે છે કે આપણે કંઇક આવતા દિવસોમાં સુધારો કરી શકીશું.

ફરીથી માનનીય સભ્યશ્રી કિશોરભાઇને વિનંતી કરીશ કે આ કાયદો કેન્દ્ર સરકારનો છે ત્યારે સુધારા વધારા કરવાની કેન્દ્રને સત્તા છે ત્યારે આ વિધેયક પાછુ ખેંચી લે તેવી મારી વિનંતી છે. આભાર.

શ્રી કિશોર વાંકાવાલા : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરુ છું કે સન ૨૦૧૧ના વિધેયક ક્રમાંક-૩૭-સન ૨૦૧૧નું ગુજરાત અવાજ પ્રદૂષણ (અટકાવવા) બાબત વિધેયક પાછુ ખેંચી લેવાની સભાગૃહ મને અનુમતિ આપે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

શ્રી કિશોર વાંકાવાલા : માનનીય અધ્યક્ષશ્રી, હું સન ૨૦૧૧નું વિધેયક ક્રમાંક–૩૭સન ૨૦૧૧નું ગુજરાત અવાજ પ્રદૂષણ (અટકાવવા) બાબત વિધેયક પાછું ખેંચી લઉં છું.

અધ્યક્ષશ્રી : વિધેયક પાછુ ખેંચવામાં આવે છે.

સચિવશ્રીઃ સન ૨૦૧૧નું વિધેયક ક્રમાંક–૧૦–સન ૨૦૧૦નું ગુજરાત સહકારી મંડળી (સુધારા) વિધેયક (થોડીવાર બાદ) માનનીય સભ્યશ્રી શૈલેષભાઇ પરમાર, સભ્યશ્રી ગેરહાજર.

**સન ૨૦૧૦નું ગુજરાત વિધેયક ક્રમાંકઃ૧૩**
**ગુજરાત બિન નાશવંત કચરો (નિયંત્રણ) વિધેયક, ૨૦૧૦**
**ગુજરાત રાજયમાં જાહેર ગટરો, રસ્તા અને લોકોને જોવા માટેના જાહેર સ્થળોમાં બિન–નાશવંત કચરો ફેંકાતો અથવા એકઠો થતો અટકાવવા અને તેની સાથે સંકળાયેલ અથવા તેને આનુષંગિક બાબતો માટેનું વિધેયક.**

**શ્રી રાકેશ શાહ(એલીસબ્રિજ) :** માનનીય અધ્યક્ષશ્રી, આ વિધેયક ગુજરાતની વિધાનસભામાં એટલા માટે લાવવામાં આવ્યું છે કે, જે રીતે ઘણા બધા છેલ્લા વિધેયકોમાં ચર્ચા થઇ છે એ રીતે આ રાજય સરકાર પર્યાવરણની બાબતમાં ખૂબ ચિંતિત અને ગંભીર છે. બિન નાશવંત કચરાની સમસ્યા છે એ માત્ર આપણાં રાજય કે સરકાર પૂરતી સિમિત નથી પણ સમગ્ર વિશ્વની આ સમસ્યા બની રહી છે અને એ સમસ્યાને નાથવા માટે કંઇક અંશે ગુજરાતના મુખ્યમંત્રીએ ભૂતકાળમાં પણ એક કલાઇમેટ ચેઇન્જ અને ગ્લોબલ વોર્મિંગ જેવો નવો વિભાગ શરૂ કરીને તેમની અને અમારા પક્ષની એક કટિબદ્ધતા આપણે સૌએ જોઇ છે. આખા બિલનો આશય અથવા તો મુખ્ય પેદાશ હોય તો એ પ્લાસ્ટીક છે. સામાન્ય રીતે જે રીતે શહેરોનો વિકાસ વધી રહયો છે, લોકોનો વિકાસ વધી રહ્યો છે આજે ગામડાંઓ પણ છેલ્લા ૧૦ વર્ષમાં નવી ઓળખ ઉભી કરી રહયા છે, ત્યારે આ પ્લાસ્ટીકે સમગ્ર સમાજને ભરડામાં લીધું છે. આપણે સવારે ઉઠીને બ્રશ કરીએ અને રાત્રે રીમોટથી ટી.વી.બંધ કરીએ ત્યાં સુધી સમગ્ર દિવસમાં પ્લાસ્ટીકનો જે રીતે માનવ જીવનમાં વપરાશ વધી રહ્યો છે, આ સમસ્યાના મૂળમાં પ્લાસ્ટીક છે. હાલ આપણે સમાજમાં કયાંય પણ બહાર નીકળીએ, કોઇ વસ્તુ લેવા જઇએ છીએ, શાકભાજી લેવા જઇશું કે બીજી કોઇ નાની મોટી વસ્તુ લેવા જઇશું તો એ ૨૦ માઇક્રોનથી ઓછી થેલા અને ઝભલાં સમગ્ર સમાજમાં જોવા મળે છે. દસકા પહેલાં પ્લાસ્ટીક એ મહાનગરનું પ્રદૂષણ હતું. પરંતુ હવે સમગ્ર ગુજરાતમાં ગામડાંમાં કે શહેરમાં પ્લાસ્ટીકના ઢગલા થઇ ગયા છે. પ્લાસ્ટીકનો જે રીતે વપરાશ વધ્યો છે અને આવનારા દિવસોમાં એની જે સમસ્યાઓ થઇ રહી છે, કદાચ કયાંક આવનારા વર્ષોમાં પ્લાસ્ટીક જમીનનું એક સ્તર બની જશે અને તેના કારણે કદાચ વરસતો વરસાદ પણ જમીનમાં નહીં ઉતરી શકે. પ્લાસ્ટીકના આ વિષમ વપરાશ અને તેના કારણે ભૂતકાળમાં પણ સમસ્યાઓ જોયેલી છે કે લોકોને પ્લાસ્ટીકમાં કચરો નાખવાની, કયાંક એંઠવાડ નાખવાની ટેવ પડી ગઇ છે. ચરતા પશુઓ હોય તેમના ખોરાકની સાથે પ્લાસ્ટીક હોજરીમાં જતું રહે છે. હોજરી સંકોચાઇ જાય છે અને ભૂતકાળમાં દાખલા જોયા છે કે મોટા સમય સુધીના ઓપરેશનો કરીને ગાય માતાને બચાવવી પડતી હોય છે. સાથે સાથે પ્લાસ્ટીક ઉદ્યોગોની પણ આપણે ચિંતા કરવી પડશે. આ જવાબદારી માત્ર અહીં બેઠેલાં લોકોની નથી. સમાજના લોકોને પણ પ્રશિક્ષિત કરવા પડશે કે પ્લાસ્ટીકનો વપરાશ કયારે કરવો જોઇએ અને કેટલી માત્રામાં કરવો જોઇએ. ગામડાંમાં અને શહેરોમાં વિકાસ વધ્યો છે તો કયાંક પ્લાસ્ટીકનો વપરાશ વધવાથી એ ઉદ્યોગના લોકો સાથે પણ બેસવું પડશે. સરકારી કાયદા અને નીતિ–નિયમો અનુસાર આવનારા દિવસોમાં કયું પ્લાસ્ટીક વાપરવું, કેટલી માત્રામાં વાપરવું અને તેનો ઉપયોગ કેવી રીતે કરવો તેના માટે નીતિ નકકી કરવી પડશે. મેં કહ્યું તેમ હું

પણ મહાનગરમાંથી આવું છું.<#FN/KMP૧૬૩૦-AD.DOC/FN#> પ્લાસ્ટીકનો ભોગ આપણે ત્યાં સુધી બન્યા છીએ કે, અમદાવાદ મહાનગર કે બીજા કોઇ મહાનગરોના ડ્રેનેજમાં શિલ્ટ થઇ ગયા છે અને એમાં પ્લાસ્ટીક જામ થઇ ગયા છે. જેથી ડ્રેનેજની સમસ્યા ઉભી થઇ છે અને એના કારણે આરોગ્યની પણ ચિંતા ઉભી થાય છે. જયાં જુઓ ત્યાં પ્લાસ્ટીકના ઢગલા થઇ ગયા છે. જો પ્લાસ્ટીકના વપરાશથી પર નહીં આવીએ તો મને ચોક્કસ વિશ્વાસ છે કે, આવનારા દિવસોમાં આવનારી પેઢી આપણને માફ નહીં કરે અને કયાંક જમીન ઉપર પ્લાસ્ટીકના સ્તર થઇ ગયા હોય તો આવનારા દિવસોમાં જંગલોનો નાશ થઇ જાય એ પ્રકારની સમસ્યાઓ થશે. પેક કરેલા પ્લાસ્ટીક પ્રાણી ખાઇ રહ્યા છે અને એ બિમાર થઇ રહ્યા છે. આ જે રીતે ૨૦ માઇક્રોનથી ઓછી થીકનેશવાળા પ્લાસ્ટીકના ઝભલા વાપરવામાં આવે છે એના કારણે આ સમસ્યા થાય છે. જ્યારે વિશ્વ સજાગ થઇ રહ્યું છે ત્યારે આપણે સૌએ સાથે મળીને આ પ્રશ્નનો નિકાલ કરવો પડશે. ગ્લોબલ વોર્મીંગ અને કલાઇમેટ ચેન્જ આજે વૈશ્વિક સમસ્યા છે એને આપણે સૌએ સાથે મળીને પડકારવા માટે આ બિલ લઇને આવ્યો છું. એનો મુખ્ય ઉદ્ધેશ જોઇશું તો આ બિન નાશવંત કચરો એ પર્યાવરણ, માનવ અને પ્રાણીઓને હાનિકારક અને નુકશાનકારક છે. વિધેયકના અધિનિયમ દ્બારા બિન નાશવંત કચરાનો નિકાલ કરવા માટે અસરકારક નિયંત્રણ જરૂરી છે. એથી હું આ સન્માનનીય સભાગૃહ સમક્ષ આ વિધેયક લઇને આવ્યો છું તેથી સૌ સાથીઓને વિનંતી કરું છું કે આ વિધેયકમાં પોતાનો સૂર પૂરાવે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ (વિરોધપક્ષના નેતાશ્રી):** માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી રાકેશભાઇ શાહ જે વિધેયક લઇને આવ્યા છે એને અનુમોદન આપું છું અને આવકારું છું. ખાનગી સભ્યોના બિલમાં સામાન્યતઃ પ્રજાકીય પ્રશ્નોની ચિંતા હોય ત્યારે ભૂતકાળમાં એવું પણ બન્યું છે કે, સરકાર તરફથી ખાતરી મળી હોય, સામા પક્ષના હોય તો પણ અને પોતાના પક્ષના ન હોય તો પણ આપ ચિંતા નહીં કરો, આપ જે ચિંતા લઇને આવ્યા છો એમાં સરકાર સંમત થાય છે, આપના વિધેયકને લીગલ ફોર્મેટમાં રાખીને હજુ પણ વધારે મજબૂત કાયદો કેમ થઇ શકે એ જોઇને આ સત્ર કે આવતા સત્રમાં બિલ લઇને આવીશું અને એવું બિલ લઇને આવ્યા હોય એવો ગૌરવવંતો ઇતિહાસ આપણી વિધાનસભાનો રહ્યો છે. સામા પક્ષના સભ્ય હોય તો પણ માનનીય રાકેશભાઇ જે ચિંતા લઇને આવ્યા છે એમાં આપણે સૌ જાણીએ છીએ કે, હેઝાર્ડીયસ વેસ્ટ એ આખા વિશ્વનો પ્રશ્ન થઇને ઉભો રહ્યો છે. એમની વાત બહુ સાચી છે કે જે પ્લાસ્ટીક ૨૦ એમએમથી નીચેનું છે અને એ જ્યારે ખૂબ છૂટથી આપણા રાજયમાં વપરાય છે અને એ પછીની જે સમસ્યા ઉભી થાય છે એ નાશવંત કચરો નથી, રીસાઇકલીંગ કરવા માટે કલેકશન કરીને લઇ જાય એવી સ્થિતિ પણ રહેતી નથી. પરિણામે આ વેસ્ટ હેઝાર્ડીયસ વેસ્ટનું સ્વરૂપ ધરતી પર રહે છે. માનનીય રાકેશભાઇની એ વાત સાચી છે કે, માત્ર પશુધનના મૃત્યુ થાય છે એટલું જ નહીં પણ જ્યારે એ પ્લાસ્ટીક કોઇપણ પશુ ખાય છે અને એના સ્ટમકમાં જાય છે ત્યારે સ્ટમકની અંદર પ્રોસેસમાં ગોળ વમળમાં પ્રવાહી સાથે પ્રોસેસ થાય છે અને એના આખા એક બુચ જેવી પરિસ્થિતિ એન્ટર સ્ટેન્સમાં થાય છે અને એ પછી એનું મૃત્યુ થાય છે. માણસ જોઇ ન શકે એ હાલતમાં તરફડીયાં મારતું એ પશુ એના આખરી શ્વાસ છોડતું હોય છે. કલ્પના પણ ન કરી શકો એટલી ખરાબ રીતે એ પશુ રિબાતું હોય ત્યારે આ સભાગૃહમાં આપણે સૌએ ચિંતા કરવી જ જોઇએ. આપણે સૌ આ સભાગૃહમાં કાયદો બનાવીએ છીએ, આ કાયદાનો અમલ કરનાર તંત્ર ઉપર પણ કેટલીક પકડ આપણે રાખવી પડશે.હમણા જ અમદાવાદ કોર્પોરેશન એરીયામાં એક ચેકીંગ શરુ થયું. ૨૦ એમ.એમ. છે કે નહીં, આ પ્લાસ્ટીક એ માત્ર નાશવંત કચરો નહીં પણ બિન નાશવંત કચરો છે અને આ પ્લાસ્ટીક એ સરકારે નકકી કરેલા ધારાધોરણ કરતા નીચી કક્ષાનું છે એ નકકી કરવા માટે એનું સાયન્ટીફીક મશીન છે. અમદાવાદ કોર્પોરેશનમાં જે ઝુંબેશ ચાલી એમાં એક અંગ્રેજી વર્તમાનપત્રએ એક એક ફેરીયાઓ અને કોર્પોરેશનના અધિકારીઓના ઇન્ટર્વ્યુ લઇને આ જ ચિંતા કરતો એક બહુ સરસ આર્ટીકલ આપ્યો ફ્રન્ટ પેજ ઉપર. આપણને દુઃખ થાય જે કાયદાની ચિંતા સાથે આપણે વાત કરી છે, કાયદો તો બનાવીને આપ્યો પણ એ ચેકીંગ કરવા જનાર માણસ એ પ્લાસ્ટીક આમ હાથમાં ફેરવીને નકકી કરે છે કે આ ૨૦એમ.એમ. છે કે નહીં. આના માટે મશીન છે, મશીનનો ઉપયોગ નથી કરતો અને દંડાય છે કોણ? પેલો નાનો શાકભાજી વેચનારો માણસ જેની પાસે બીજી કોઇ સુવિધા નથી. એ માણસને આપણે પરેશાન કરીએ છીએ. અધિકારી એનો

તોડ કરીને જતો રહે. તો આખરે એ નાનો માણસ દંડાય એના પહેલા આનું પ્રોડકશન કોણ કરે છે? આપણે રોકી શકીએ છીએ તો એને રોકો. દરવાજા ખુલ્લા રાખી અને ખાળમાં ડૂચા દઇએ એવું થાય. આપણો પહેલો પ્રયત્ન એના મૂળને પકડવાનો છે. માનનીય રાકેશભાઇની ચિંતામાં હું મારો સૂર પૂરાવુ છું કે આ પ્રકારની પ્રવૃત્તિ જો બંધ નહીં થાય તો એક તો આ પશુધન જીવ ગુમાવે છે એ વાત, જે જગ્યાએ આ કચરો ઠલવાતો હોય છે એના પર પછી માટી ફરતી હોય, ફળદ્રુપમાં ફળદ્રુપ જમીન જેના ઉપર આ પ્લાસ્ટીકનું કોટીંગ થાય છે કયારેય એ નાશવંત નથી. એ પ્લાસ્ટીક એ જમીનના રજકણમાં એમ જ રહેવાનું, પરિણામે ફળદ્રુપમાં ફળદ્રપ આપણી જમીન એ બીનફળાઉ થઇ હોય એવા પણ દાખલાઓ છે. કેટલાક રાજયો છે, જઇએ છીએ, આપણે ત્યાં ફરીએ છીએ, એમણે ચિંતા સેવી છે. એ જઇએ છીએ તો આપણને ગમે તેટલો નાનો સામાન લીધો હશે તો કાં તો કહેશે કે ઝભલું નથી. આ બે કે પાંચ રુપીયાની આ થેલી છે. જે એન્વાયરમેન્ટલ ફ્રેન્ડલી છે. આપને જોઇએ તો લઇ જાવ નહીંતર આપનો સામાન આપના હાથમાં લઇ જાવ. એ કન્ઝયુમરને કદાચ એ બે રુપીયા કે પાંચ રુપીયાની થેલીની પછી ચિંતા રહેવાની. એ એન્વાયરમેન્ટલી ફ્રેન્ડલી બેગ એ સાંચવશે ઘરમાં પણ અને બીજે જશે ત્યારે વાપરશે કારણ કે we are paying. અને માનવનો સ્વભાવ છે કે ખીસ્સામાંથી પાંચ પૈસા પણ વાપરવાના હોય ને તો પછી એની કરોડપતિ માણસ હોય તો પણ કશું પણ આઉટ ગોઇંગ હોય, કયાંય ખર્ચ કરવાનો આવતો હોય તો એની ચિંતા રહે. આ તો મફતમાં થેલી આવે છે એટલે લઇ લે, એને ગમે ત્યાં નાખી દઇશું અને એનું એન્ડ રીઝલ્ટ છે એ આપણા રાજયના સંશાધનોને નુકસાન થાય છે. આપણા રાજયના અબોલ પશુઓ એ રીબાઇ રીબાઇને મૃત્યુ પામે છે. હું અપેક્ષા રાખુ કે માનનીય મંત્રીશ્રી આ બિલના પ્રતિભાવમાં સકારાત્મક પ્રતિભાવ સાથે કંઇક નકકર વાત લઇને જો આવે કે જે અમૂક રાજયોએ ખૂબ મકકમતાથી આનું અમલીકરણ કરાવ્યું છે, અને કોઇ નાના માણસો દંડાય એમ નહીં કોઇ નાનો પાન-ગલ્લાવાળો અને લારીવાળાને પકડીને આપણે સંતોષ ના માનીએ એના મૂળ સુધી જઇએ કે તેં થેલી કયાંથી લીધી હતી તો કહે કે ફલાણા ભાઇ છૂટકવાળા પાસેથી, તેં કયાંથી લીધી હતી તો કહે કે મેં હોલસેલવાળા પાસેથી, હોલસેલવાળાને પકડીએ કે તેં કયાંથી લીધી હતી તો કહે કે ફલાણી ફેકટરીમાં પ્રોડકશન થાય છે એ ફેકટરીના માલિકને પકડીએ એન્ડ કન્ઝયુમરને, નાના માણસને દંડવાથી આ દુષણ નહીં દાબી શકીએ. અને એટલા માટે હું માનુ છું કે આ એક સકારાત્મક વાત આ ગૃહના માનનીય સભ્યશ્રી રાકેશભાઇ શાહ લઇને આવ્યા છે એમના વિધેયકને હું અંગત અને મારા પક્ષ વતી સમર્થન આપીને વિરમું છું.

**શ્રી ભૂપેન્દ્રભાઇ ગ. લાખાવાલા(વડોદરા શહેર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી રાકેશભાઇ બિન નાશવંત કચરા નિયંત્રણ વિધેયક લઇને આવ્યા છે એમાં હું મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આપણા રાજયમાં પર્યાવરણની જાળવણી ખૂબ જ જરૂરી છે અને એ પર્યાવરણ માટે આ રાજયમાં કલાઇમેટ ચેન્જનો કાયદો પણ આવ્યો છે. કલાઇમેટ ચેન્જનો અમલ કર્યો હોય એવું દેશમાં પ્રથમ રાજય છે. આપણે અનુભવ્યું છે કે આ વર્ષે જ કલાઇમેટ ચેન્જની અનેક અસરો જોવા મળી છે. તાજેતરમાં જ શિયાળાના સમયમાં જે રીતે ઠંડીનું વાતાવરણ હતું અને એ વાતાવરણ કદાચ ૫૦ વર્ષમાં આટલી ઠંડી પડી નથી એટલી ઠંડી આ વર્ષમાં પડી. સમાચારોમાં ટી.વી. ઉપર જોઇએ છીએ કે આપણા ઉત્તરાંચલ વિસ્તારમાં બરફના પર્વતો ધસી પડ્યા છે એના કારણે આપણા જવાનોના મૃત્યું થયાં છે. એવા બનાવો પણ પહેલી વખત બનવા માંડ્યા એ આ કલાઇમેટ ચેન્જ આપણે અનુભવી રહ્યા છીએ. આજે વિષય છે ખાસ તો બીન નાશવંત કચરો અને એનું નિયંત્રણ અને એમાં પણ પ્લાસ્ટિક જે મુખ્ય બીન નાશવંત કચરો છે એના ઉપર આપણે ચર્ચા કરી રહ્યા છીએ. એ પ્લાસ્ટિક શેમાંથી બને છે એ આપણે સૌ જાણીએ છીએ. પોલિથીનના દાણા હોય છે એમાંથી પ્લાસ્ટિક બને છે અને પ્લાસ્ટિકની બેગ બને છે. આ બેગનું વેચાણ થતું હોય છે અને એનો ઉપયોગ અનેક ચીજવસ્તુઓ પેક કરવામાં થતો હોય છે. આ પ્લાસ્ટિકની બેગમાં હમણાં કહ્યું એ પ્રમાણે ૨૦ માઇક્રોન કરતાં ઓછી કેપેસિટી હોય તો એ નુકસાનકર્તા છે. આપણે અનુભવ્યું છે કે આ બેગથી જે કાંઇ પરિસ્થિતિ થાય છે એમાં પછી મ્યુનિસિપલ કોરર્પોરેશન હોય, નગરપાલિકા હોય, જ્યાં આ પ્લાસ્ટિકનો ઉપયોગ થયો હોય ત્યાં ડ્રેનેજ લાઇનો ચોક-અપ થઇ જાય, પાણીની લાઇનો ચોક-અપ થઇ જાય અને પાણી બેક મારે એવા અનેક અનુભવો આપણે કરી રહ્યા છીએ. વર્ષો પહેલા આ પ્લાસ્ટિકનો

ઉપયોગ ઘણો ઓછો હતો. ૨૫ વર્ષ જૂની વાત કરું તો લોકો શાકભાજી લેવા જાય ત્યારે હાથમાં કોટન બેગ લઇને જતા હતા. આજે પ્લાસ્ટિકનો રોજબરોજનો ઉપયોગ થતો હોય છે. દૂધ, દહીં, ચા લેવા જવું હોય તો આવી દરેક ચિજવસ્તુમાં પ્લાસ્ટિક બેગનો ઉપયોગ થાય છે અને એના કારણે આપણે જે કાંઇ સમસ્યાઓ અનુભવી રહ્યા છીએ એની હું વાત કરી રહ્યો છું. હમણાં જ પેપરમાં વાંચ્યું કે અમદાવાદ શહેરમાં દરરોજનો ૩૫૦૦ થી ૩૭૦૦ ટન ઘન કચરો નીકળે છે. આ ઘન કચરામાં પ્લાસ્ટિક ઘણું હોય છે. એનો નિકાલ કદાચ કમ્પોસ્ટ પ્લાન્ટમાં જાય અથવા ડમ્પીંગ થાય પણ ડમ્પીંગ થાય છે એ પણ હકીકત છે કે વડોદરા જેવા શહેરમાં કમ્પોસ્ટ પ્લાન્ટ છે અને એમાંથી વેસ્ટમાંથી ખાતર બનાવવામાં આવે છે. પ્લાસ્ટિકને છૂટું પાડવામાં આવે છે અને એ પ્લાસ્ટિકનો નિકાલ કરવો જરૂરી છે. જે કાંઇ ચર્ચા થઇ એમાં પ્લાસ્ટિકના આ ઉપયોગના કારણે અનેક સમસ્યાઓ ઉભી થઇ છે. જીવ સૃષ્ટિ અને માનવ સૃષ્ટિને આની નકારાત્મક અસરો થાય છે અને એના ઉપર કાયદો લાવવો જરૂરી છે. આ પ્લાસ્ટિક વેસ્ટ છે એને કેવી રીતે નાશ કરી શકાય એની ટેકનોલોજી ડેવલપ થઇ છે, રિસર્ચ થયું છે. ઘણા દેશોમાં આ પ્લાસ્ટિકનો ઉપયોગ રોડ બનાવવામાં થાય છે.જેનાથી સારો રોડ બની શકે છે. ટકાઉ રોડ બની શકે છે. એવા દુનિયાના ઘણાં દેશોમાં એનો ઉપયોગ થાય છે એને ... રોડ કહેવામાં આવે છે. આ પ્લાસ્ટિકનું જે વ્યવસ્થાપન અને જાળવણી (અંતરાય) એક મિનિટમાં પૂરું કરીશ.    અધ્યક્ષશ્રી : માનનીય બાબુભાઇ.. આપનો સમય પૂરો થઇ ગયો.

**શ્રી બાબુભાઇ મે. શાહ(રાપર)** : માનનીય અધ્યક્ષશ્રી, The Gujarat Non-biogradable garbage(Control) Bill ૨૦૧૦ લઇને રાકેશભાઇ શાહ લઇને આવ્યા છે એને મારું સમર્થન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ બિલ ઉપર introduction કરતા અને એને સમર્થન આપતા શક્તિસિંહજી અને ભુપેન્દ્રભાઇએ જે વાતો કરી એમાં મારો સૂર પુરાવું છું. કેટલાક મેટલ્સ જે છે એનું રૂપાંતર ધરતીમાં નાંખો તો એ જમીનની માટી સાથે ભળી જાય છે પણ પ્લાસ્ટિક છે એ ભળી નથી શકતું અને એવા કેટલાય પદાર્થો જે છે એ ભળી ના શકતા હોય, નાશ ના થઇ શકતો હોય એને દાટવા માટે થઇને Cochin Charter ભારતના તમામ રાજ્યોએ અપનાવેલ છે. પર્યાવરણને કંટ્રોલ કરવા માટેના એ અનુસાર ગુજરાતમાં પણ ઓઢવ, નંદેસરી, અંકલેશ્વર અને મારે ત્યાં કચ્છમાં મારા ગામ બાજુની અંદર પણ આવી વ્યવસ્થા કરવામાં આવી છે, એનું નિયંત્રણ, એના ઉપર દેખરેખ ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડ એના ધોરણો પ્રમાણે લે છે.

માનનીય અધ્યક્ષશ્રી, આપણે પેકેજિંગની અંદર સામાન્ય રીતે કાપડનો અને શણનો વપરાશ ખૂબ ઘટી ગયો છે અને પ્લાસ્ટિકે એનું સ્થાન લીધું. અમુક માઇક્રોનનું પ્લાસ્ટિક હોય તો એને ફરીથી recycling કરી શકાતું હોય છે પણ recycling વખતે પણ કેટલુંક પોલ્યુશન થાય છે આની અંદર DOP કરીને એનું કેમિકલ જે વપરાય એના કારણે હવામાં ખૂબ પ્રદૂષણ થતું હોય છે. આ બધાને કંટ્રોલ કરવું જરૂરી છે અને ખાસ કરીને જ્યારે toxic અને non-toxic જ્યારે આવતાં હોય ત્યારે આપણા માનવ શરીરને હાનિ કરે એવા કેટલાક તત્વો પણ આ packaging materials ની અંદર હોય છે. Paper Coated Polypropylene જે કાંઇ હોય એ પેપરની સાથે કોટિંગ થઇને આવતું હોય એટલે એ recycle થઇ શકતું ના હોય આવતા દિવસોમાં જો આના ઉપર સજાગ નહિ રહીએ તો ધરતીમાં એને સંગ્રહવા માટેની જગ્યા ઓછી પડશે. એટલા માટે એનો વપરાશ મર્યાદિત થાય અને અમુક માઇક્રોનથી નીચું પેકેજિંગ માત્ર કિંમત બચાવવા માટે થઇને ઉપયોગમાં ના લે એનો પણ પ્રચાર કરવો જોઇશે. અત્યારે ઘણી નગરપાલિકાઓ વગેરે એના ઉપર કોઇ પગલાં લે છે પણ એ નહિવત્ છે. આપણે ક્યાંક કોઇ વસ્તુ ખરીદવા જઇએ તો સામાન્ય રીતે પ્લાસ્ટિકની થેલીમાં લાવતા હતા પણ હવે તે બંધ કરી છે એટલે વસ્તુ હાથમાં લઇને જવું પડે છે પણ આ જે બિલ છે એ સમયને અનુરૂપ છે અને જૈનોની દ્રષ્ટ્રિ હંમેશા પર્યાવરણ જાળવણી માટે અમારા સિધ્ધાંતનો હંમેશા ઉપયોગ કરતા હોઇએ છીએ પણ એની અંદર અમાર એક મહાસતિજીએ ઇકોલોજીની અંદર પી.એચ.ડી. કરેલ છે. એટલે આ રાકેશભાઇ જે પ્રમાણમાં બધા શાસ્ત્રના જાણકાર પણ છે. માત્ર ઉપર છલ્લું જ્ઞાન નહિ પણ એ જરૂરી એવું બિલ આ ગૃહમાં લાવ્યા છે એને મારું સમર્થન આપું છું.

**શ્રી વલ્લભભાઇ ગો. કાકડીયા(રખિયાલ) :** માનનીય અધ્યક્ષશ્રી, મારા મિત્ર ભાઇશ્રી રાકેશભાઇ બિન–નાશવંત કચરો (નિયંત્રણ) વિધેયક લઇને આવ્યા છે એને હું આવકારું છુ; અને સમર્થન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત અને દેશમાં જે રીતે ઉદ્યોગોનો વિકાસ થયો છે સાથે સાથે પ્લાસ્ટીક ઉદ્યોગનો પણ ઘણો જ વિકાસ વધ્યો. પ્લાસ્ટીક ઉદ્યોગ, એક માણસના જન્મથી લઇ મરણ સુધી વપરાશની ચીજો બનાવતો ઉદ્યોગ છે પરંતુ મારે સભાગૃહને એક કહેવું છે કે, આ પ્લાસ્ટીક શેમાંથી બની રહ્યું છે અને એ પ્લાસ્ટીક કેટલું આપણે જે વાપરીએ છીએ પણ આપણા શરીરને કેટલું નુકસાનકર્તા છે. માનનીય અધ્યક્ષશ્રી, " પ્રદુષણથી બચીયે અને પર્યાવરણને ઓળખીએ"  એ નામના એક પુસ્તકના થોડા અંશ હું ટાંકીને વાત કરવા માગુ છું.

માનનીય અધ્યક્ષશ્રી, પ્લાસ્ટીક બનાવવામાં જે તત્વો વપરાય છે એમાં રાસાયણિક તત્વો જે ચાર હજાર જેવા કેમિકલો વપરાય છે અને એ કેમિકલો ઝેરી હોય છે. જે પ્લાસ્ટીક આપણે રોજેરોજ વાપરીએ છીએ એ પ્લાસ્ટીક જેમ સારું કે નરમ હોય તો આપણે એને સારું ગણીએ છીએ પણ એ પ્લાસ્ટીકને નરમ બનાવવા માટે જે " ફેલેટ" નામનું તત્વ વપરાય છે એ તત્વ એક ઝેરી તત્વ છે અને  બ્રિટિશ ઝીઓલોજીક સંસ્થાએ નોંધ્યું છે કે, આમાંથી કેન્સર ઉત્પન્ન થાય છે. માનનીય અધ્યક્ષશ્રી, છતાં આપણે જયારે આ પ્લાસ્ટીકને રોજે રોજ દૂધની થેલીઓમાં, શાકભાજીની થેલીઓમાં વાપરીએ છીએ આ ફેલેટ જેવી વસ્તુઓ છે કે, પ્લાસ્ટીકમાંથી હવામાં ઓગળતો પદાર્થ છે. જયાં પ્લાસ્ટીકના કચરાનો ઢગલો કરવામાં આવે છે એ કચરાના ઢગલામાંથી જે ટોકસીસ નામનો ગેસ ઉતપન્ન થાય છે. એ ગેસ માણસને કેન્સર, બહેરાશ, મૂંગાશ અને સાથે સાથે દમ જેવા રોગો પણ થાય છે. માનનીય અધ્યક્ષશ્રી, ભાઇશ્રી રાકેશભાઇ જે બિલ લઇને આવ્યા છે એ બહુ અગત્યનું બિલ છે. આ બિલને આપણે સૌ આવકારીએ. અત્યારે આ પ્લાસ્ટીકની નાની નાની બેગોમાં ગુટખા, તમાકુ, પાન–મસાલા આ બધો જે વપરાશ છે, આ વપરાશને સરકારે અમુક અંશે પ્રતિબંધ મૂકેલ છે પણ સાથે સાથે આપણે પણ આ પ્લાસ્ટીકને ઓળખીને જો આ બિન–નાશવંત કચરાને આપણે જનજીવનથી દૂર રાખીએ  તો માનવ જીવન તંદુરસ્ત રહેશે સાથેસાથે ઘણી વખત આપણે આ પ્લાસ્ટીક કચરાને દરિયામાં ઠાલવીએ છીએ કે કચરો દરિયામાં નાખી દીધો ત્યારે એની સાથે અમુક ખાવાની ચીજો ચોંટેલી હોવાને કારણે દરિયાઇ જીવો પણ આ ખાઇને મૃત્યુ પામે છે તો રાકેશભાઇ જે બિલ લઇને આવ્યા છે એ બહુ સમયસરનું પગલું છે. આ બીલને આપણે સૌ આવકારીએ. હું પણ એને આવકારું છું અને મારી વાત પૂરી કરી અને સમર્થન આપું છું.

**શ્રી  મંગુભાઇ છ. પટેલ ઃ (પર્યાવરણ મંત્રીશ્રી)** :માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત બિન નાશવંત કચરો નિયંત્રણ વિધેયક જે રાકેશભાઇ લઇને આવ્યા છે અને એમાં માનનીય સભ્યશ્રીઓએ પોતાનો સૂર પૂરાવ્યો છે એ તમામની લાગણી સાથે હું સંમત છું. આમ તો ખાસ કરીને કોઇ ઘરગથ્થુ વ્યવસાયિક પ્રવૃત્તિને કારણે શહેર, નગર, મહાનગરમાં નાશવંત કચરો, બિન નાશવંત કચરો, કન્સ્ટ્રકશન ડેબ્રીસ, પ્લાસ્ટીક, અન્ય કચરો આ બધું ભેગું થાય છે. સ્વાભાવિક રીતે વધારે ચર્ચા પ્લાસ્ટીકની થઇ છે. મને બરાબર ખ્યાલ છે ગુજરાત સરકારે થોડા વર્ષ પહેલાં !!સ્વચ્છ ગુજરાત, સ્વસ્થ ગુજરાત!! એવું એક આખું વર્ષ અભિયાન ચલાવ્યું હતું ત્યારે કેટલીક જગ્યાએ સ્વયં પોતાના શહેરને સ્વચ્છ રાખવાની કેટલાકને ટેવ પડી ગઇ હતી પણ કેટલાકને ટેવ એવી છે કે ઘરનો કચરો બારણમાં નાખે ઉડીને પાછો ઘરમાં આવે. આટલું જાણતા હોવા છતાં પણ આપણે આપણા સમાજને  જાગૃતિ પમાડતા નથી. મને બરાબર યાદ છે સુરત શહેર, હું પ્રભારી મંત્રી હતો. ૨૫ વર્ષ પહેલાંનું સુરત, પ્લેગ આવ્યો ત્યાર પછીનું સુરત અને આજનું સુરત. તમે કયાંય  સુરત શહેરમાં જાવ આજે પણ ત્યાં સ્વચ્છતા દેખાય છે. જાણે સુરતના લોકોને સ્વચ્છતા કોઠે પડી ગઇ હોય એ રીતે રહે છે. માનનીય મુખ્યમંત્રીશ્રીએ સુરતના લોકોને વખાણ્યા છે. આ જરૂરી છે.  ૧–૨ દિવસની સ્વચ્છતાથી આ નથી થતું એ આપણે જાણીએ છીએ. આપણને આ પ્રશ્ન જો ગંભીર લાગતો હોય તો એ બાબતમાં જાગૃતિ સમાજમાં કેવી રીતે આવે  એ તરફ વાત કરી તો વધારે સારું. અહીં વાત થઇ પ્લાસ્ટીકની કોથળીની, બેગની. આપણને બધાને ખબર હશે કે જયારે ૨૦ માઇક્રોથી નીચે જયારે કોથળીનો વપરાશ હતો. બહેનો

શાકભાજી લેવા જતા તો શાકભાજીવાળા પણ પ્લાસ્ટીકની કોથળી રાખતા. જે બહેનોને શાકભાજી જોઇતી હોય તો શાકભાજી ભરી આપે અને બહેનો પણ એવી રીતે ટેવાયેલા કે શાકભાજીનો જે કચરો છે એ કચરો પ્લાસ્ટીકની કોથળીમાં જ નાખી દઇ અને પછી ગમે ત્યારે બહાર નીકળે ત્યારે રોડ પર ગમે ત્યાં ફેંકતા હતા. અહીંયા વિરોધ પક્ષના નેતાશ્રી શકિતસિંહભાઇએ વાત કરી કે પશુઓ પ્લાસ્ટીકની કોથળી સાથે ખાઇ જાય છે. મારે એ કહેવું છે કે ગુજરાતમાં જયારથી કૃષિ મહોત્સવ થયો ત્યારથી પશુ આરોગ્ય મેળાની પણ શરૂઆત થઇ છે. અને પશુ આરોગ્ય મેળામાં જવાથી પશુના ડોકટરો જે ઓપરેશન કરે છે અને ઓપરેશનથી આખી થેલી જે અંદરથી નીકળે છે એવા દ્રશ્યો પણ જોયા છે. કુદરતે માણસને વધારેમાં વધારે બુદ્ધિશાળી બનાવ્યો છે. માનનીય મુખ્યમંત્રીશ્રીની વહીવટી કુશળતા કે અગમચેતીના કારણે પશુઓના પણ ઓપરેશન કર્યા.૧૪૨ જેટલા રોગો પશુઓમાં છે. ૧૧૨ રોગોનું નિદાન અત્યાર સુધી થયું છે અને આવા કેટલાય ઓપરેશનો કરીને કઇ કેટલાય પશુઓની સેવા કરી છે. એ આપણે બધા જાણીએ છીએ. મારું કહેવાનું છે કે ૨૦ માઇક્રોની કોથળી બંધ થઇ ગઇ છે, હવે તો ૪૦ માઇક્રોની પ્લાસ્ટિકની બેગ મળે છે. (અંતરાય) આપણને યાદ આવવું નહિ જોઇએ અને વિધાનસભામાં આવું યાદ ન આવવું જોઇએ, પણ છતા પણ તમને મુબારક છે કે આવું યાદ આવ્યું તે. મારું કહેવાનું છે કે વેપારીઓને એવી સૂચના આપવામાં આવી છે કે તમે બેગ આપો તો પૈસા લઇને આપો, કે જેથી બેગને ગમે ત્યાં ફેકવાનું મન ન થાય. એ રીતે એનું નિયંત્રણ આવ્યું છે. આજે ૧૬૧ નગરપાલિકાઓ છે. દરેકની લેન્ડ ફિલ સાઇટ પોતે નક્કી કરવાનું નક્કી કર્યુ છે. કલસ્ટરમાં બે-ત્રણ નગરપાલિકા સાથે થાય. અને લેન્ડ ફીલ સાઇટ બનાવે તેની પણ વ્યવસ્થા લગભગ ૨૪ જેટલી લેન્ડ ફીલ સાઇટ નક્કી કરી છે, એમાં કેટલોક કચરો સાઇડ ઉપર કરીને વર્મી કમ્પોસ્ટ જેવું પણ આજે કરી શકીએ છીએ તો એમાં પણ વપરાય અને બીજું કે જમીનમાં દાટી દઇએ. ૮ જેટલા કોર્પોરેશન છે. એ બધાને લેન્ડ ફીલ સાઇટ ની સૂચના આપવામાં આવી છે. મારા જી.પી.સી.બી. તરફથી આવો કોઇ કાયદાનો ભંગ કર્યો હોય તેના માટેના કેટલાક પગલાં લીધાં છે અને હંમેશા એ પગલાં લેવાનું ચાલુ છે. રાજયમાં વિવિધ પ્રકારે ઉદભવતો પ્લાસ્ટિકના કચરા એના નિયંત્રણ માટે પ્લાસ્ટિક રૂલ્સ અને બાયોમેડિકલ વેસ્ટ એટલે આ ઝેરી કચરો એને ઇન્સ્યુલેટરમાં બાળી દેવા માટનું પણ જી.પી.સી.બી.એ યુનિટ તૈયાર કર્યુ છે. એ બાયોમેડિકલ વેસ્ટનું બરાબર ચાલે એનું પણ પૂરેપૂરું ધ્યાન રાખ્યું છે. પ્લાસ્ટિક રૂલ્સ ભંગ બદલ ડિસેમ્બર-૨૦૧૦ થી ૮૭ જેટલા એકમોને બંધ કરવાનો આદેશ આપવામાં આવ્યો છે. બાયોમેડિકલ વેસ્ટના ભંગ બદલ કુલ ૨૦૧૦ માં કુલ ૨૨૪ જેટલા હેરકેર યુનિટને કારણદર્શક નોટિસ બજાવવામાં આવેલી છે. બાયો મેડિકલ વેસ્ટનો વૈજ્ઞાનિક ઢબે અંતિમ નિકાલ માટે રાજ્યમાં કુલ ૧૩ જેટલા સામૂહિક સુવિધા આપવામાં આવેલી છે. મ્યુનિસિપલ કચરાના નિકાલ માટે મે કહ્યું તેમ જુદી જુદી લેન્ડ ફીલ સાઇટ નક્કી કરવામાં આવી છે. એનું પણ બરાબર પાલન થાય એના માટે નગરપાલિકા અને મહાનગરપાલિકા સત્તા મંડળ સાથે બે વાર બેઠક કરી છે. આવા કચરાને ધ્યાને રખાય એના માટે પ્રયત્ન કરીએ છીએ. જે કાયદાનો ભંગ કરે છે એને પણ નાબૂદ કરવા માટેનો એને અટકાવવા માટેનો પ્રયત્ન મારા વિભાગ તરફથી થઇ રહેલ છે અને આ કાયદો ખરેખર કેન્દ્ર સરકારનો કાયદો છે. એમાં સુધારા વધારા કરવાની સત્તા પણ કેન્દ્ર સરકારની છે, એટલે આપણી જે કઇ લાગણી છે સમજી શકાય તેવી વાત છે. જે કઇ કરવાનું હોય તે કેન્દ્ર સરકારને પણ સજેશન મોકલવા માટેનો પ્રયત્ન હાથ ધરીશું. રાકેશભાઇની જે લાગણી છે એ લાગણી પ્રમાણે મારું જી.પી.સી.બી. અને વિભાગ કામ કરે છે. લાગણી સાથે સંમત હોવા છતા કેન્દ્રનો કાયદો છે, ત્યારે આ સભ્યશ્રી પોતે પાછો ખેંચે તેવી વિનંતી કરું છું.

શ્રી રાકેશ જ. શાહ : માનનીય અધ્યક્ષશ્રી, આ બિન નાશવંત કચરો (નિયંત્રણ) વિધેયકની ચર્ચા ઉપર વિરોધ પક્ષના નેતાશ્રી શક્તિસિંહ, વડીલ ભુપેન્દ્રભાઇ, બાબુ કાકા અને વલ્લભભાઇ અને માનનીય મંત્રીશ્રીએ ભાગ લીધેલ છે. વિધેયકના હાર્દ સાથે જ્યારે સૌએ સંમતિ બતાવી હતી અને ગુજરાત સરકારના માનનીય મંત્રીશ્રીએ મંત્રી મંડળ અને સરકારની કટિબદ્ધતા બતાવી છે અને ભલે એ કેન્દ્ર સરકારનો વિભાગ હોય, પણ કેન્દ્ર સરકારના વન અને પર્યાવરણ વિભાગને ગુજરાતની આ ચિંતાની જાણ કરવી જોઇએ. એવી અપેક્ષાએ કમ સે કમ આ વિધાનસભાનના સૌ સભ્યો પ્રયત્ન કરીએ અને આ પ્લાસ્ટિકના રાક્ષસને દૂર

કરવામાં સહભાગી થઇએ તેવી અપેક્ષાએ સન ૨૦૧૦નું વિધેયક ક્રમાંક–૧૩–સન ૨૦૧૦નું ગુજરાત બિન–નાશવંત કચરો (નિયંત્રણ) વિધેયક પાછું ખેંચી લેવાની હું અનુમતિ માગું છું.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**શ્રી રાકેશ જ. શાહ :** માનનીય અધ્યક્ષશ્રી, હું સન ૨૦૧૦નું વિધેયક ક્રમાંક–૧૩ સન ૨૦૧૦નું ગુજરાત બિન–નાશવંત કચરો (નિયંત્રણ) વિધેયક પાછું ખેંચું છું.

અધ્યક્ષશ્રી : વિધેયક પાછું ખેંચવામાં આવે છે.

**સભાગૃહનું કામકાજ સાંજના ૫.૦૬ વાગ્યે પૂરું થતાં સભાગૃહ અધ્યક્ષશ્રીના આદેશાનુસાર શુક્રવાર, તા.૨જી માર્ચ ૨૦૧૨ના રોજ સવારના ૮.૩૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું**

**ગુજરાત વિધાનસભા**
**શુક્રવાર, ૨જી માર્ચ, ૨૦૧૨**
**ફાલ્ગુન ૧૨, ૧૯૩૩ શાકે**
**સભાગૃહ સવારના ૮–૩૦ વાગ્યે મળ્યું.**
**માનનીય અધ્યક્ષશ્રી ગણપતભાઇ વસાવા અધ્યક્ષસ્થાને**

# તારાંકિત પ્રશ્નો

## દાહોદ જિલ્લામાં યોજાયેલ લોક દરબાર

*** ૨૪૮૫૯ શ્રી રમણલાલ ના. પાટકર(ઉમરગામ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે,–

(૧) પ્રજા અને પોલીસ વચ્ચે વિશ્વાસ વધે તે માટે સમયાંતરે સ્થાનિક કક્ષાએ લોક દરબાર યોજવા માટે રાજ્ય સરકારે સૂચના આપેલ હોવાની હકીકત ખરી છે, અને

(૨) જો હા, તો દાહોદ જિલ્લામાં કેલેન્ડર વર્ષ ૨૦૧૦ અને ૨૦૧૧ માં કેટલા લોક દરબાર યોજવામાં આવેલ છે?

**મુખ્યમંત્રીશ્રી (ગૃહ) :**

(૧) હા, જી.

(૨) વર્ષ ૨૦૧૦માં ૩૦ અને વર્ષ ૨૦૧૧માં ૨૬ લોક દરબાર યોજવામાં આવેલ છે.

**શ્રી રમણલાલ ના. પાટકર :** માનનીય અધ્યક્ષશ્રી, લોક દરબાર એ ચૂંટાયેલા પદાધિકારીઓ અને લોકો માટે ખૂબ જ મહત્વની કડીરૂપ કાર્યક્રમનું સરકારે આયોજન કરેલ છે. હું આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે પોલીસ અધિક્ષક સિવાય ડી.વાય.એસ.પી, પી.આઇ. અને પી.એસ.આઇ. કક્ષાએ કોઇ લોક દરબારનું આયોજન થાય છે કે કેમ? અને જો થતું હોય તો શું શું કાર્યવાહી કરવામાં આવે છે અને વર્ષ ૨૦૧૦ અને ૨૦૧૧માં દાહોદ જિલ્લામાં કેટલા લોક દરબારોનું આયોજન કરવામાં આવ્યું અને ગુનાહિત બાબતો અટકાવવા માટે પોલીસ દ્વારા પ્રજાને શું માહિતી આપવામાં આવી?

**શ્રી પ્રફુલ્લભાઇ ખો. પટેલ** : લોકોની ફરિયાદો અને પ્રશ્નોને સહાનુભૂતિપૂર્વક સાંભળી તેનો ઝડપી અને તાત્કાલિક નિકાલ થાય એવા શ્રેષ્ઠ આશય સાથે રાજ્યના આદરણીય મુખ્યમંત્રીશ્રીએ આવા લોક દરબારના કાર્યક્રમોનું આયોજન કરવાનું જે સૂચન કર્યું અને સૂચનાઓ આપી એના આધારે ૨૦૦૩થી સમગ્ર રાજ્યમાં આ લોક દરબારના કાર્યક્રમોની શરૂઆત કરી છે. માનનીય સભ્યશ્રીએ કહ્યું એ પ્રમાણે આ વર્ષ ૨૦૦૩થી શરૂ થયેલ લોક દરબાર તાલુકા હેડ કવાર્ટરે યોજવાનું નિશ્ચિત કરવામાં આવ્યું છે. સાથોસાથ આ કાર્યક્રમને વધુ સઘન બનાવવા માટે ડી.વાય.એસ.પી., પી.આઇ. અને પી.એસ.આઇ. કક્ષાના સ્થાનિક પોલીસ સ્ટેશન કક્ષાએ અને તાલુકા હેડ ક્વાર્ટર ખાતે લોક દરબારો યોજવાનું નક્કી કરવામાં આવ્યું છે. એમનો બીજો પ્રશ્ન છે એ પ્રમાણે વર્ષ ૨૦૧૦માં એસ.પી., ડી.વાય.એસ.પી., પી.આઇ. અને પી.એસ.આઇ. કક્ષાએ કુલ ૩૧૮ જેટલા લોક દરબારો યોજવામાં આવ્યા હતા જેમાં લગભગ ૫૭૯ જેટલા પ્રશ્નો મળ્યા હતા અને મહદઅંશે તમામ પ્રશ્નોનો નિકાલ કરવામાં આવેલ છે. એ જ પ્રમાણે વર્ષ ૨૦૧૧માં દાહોદ જિલ્લામાં લગભગ ૨૯૪ જેટલા લોક દરબારોનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ૬૫૭ જેટલા પ્રશ્નો મળ્યા હતા અને મારે આનંદ સાથે કહેવું છે કે તમામ ૬૫૭ પ્રશ્નોનો નિકાલ કરવામાં આવેલ છે. માનનીય સભ્યશ્રીએ કહ્યું કે લોક દરબારમાં કેવા પ્રકારની માહિતી આપવામાં આવે છે અને લોક જાગૃત્તિની શું કામગીરી કરવામાં આવે છે? મારે જણાવવું છે કે આ લોક દરબારના માધ્યમથી એનો મૂળભૂત આશય એટલો છે કે પોલીસ અને પ્રજા વચ્ચે સુમેળભર્યું વાતાવરણ જળવાય, પ્રજાના પ્રશ્નોનો ઝડપી નિકાલ થાય અને પ્રજાના જે કામો છે એનો

ઝડપી નિકાલ થાય. સાથોસાથ પરોક્ષ રીતે ગુનાખોરી અટકાવવા માટે પ્રજાનો સહકાર મળી રહે એવા આશયથી આ લોક દરબાર કરીએ છીએ. એમાં ગામની કોઇપણ વ્યક્તિ અને જે સૂચના આપવામાં આવે છે એમાં વિશેષ કરીને કોઇપણ વ્યક્તિ લાંબા સમય માટે બહારગામ જાય ત્યારે પોલીસ સ્ટેશને જાણ કરી જાય એવી સમજ આપવામાં આવે છે. જેથી કરીને ઘરફોડ ચોરી જેવા ગુનાને અટકાવી શકાય છે. સાથોસાથ ટ્રાફિક અંગેની અવેરનેસ આવે, હેલ્મેટ અને સીટ બેલ્ટ પહેરવા, રોંગસાઇડ વાહન તેમજ ટ્રાફિકને અડચણ ન થાય એવી રીતે વાહનો પાર્ક કરવા વગેરે ટ્રાફિકને લગતી માહિતી આપવામાં આવે છે. ગામમાં કોઇ અજાણ્યો ઇસમ આવે કે જે વર્ષોથી કોઇ જગ્યાએ આવા પ્રકારની વ્યક્તિ આવતી ન હોય અને ઓચિંતા અજાણી વ્યક્તિ ગામમાં આવે તો તાત્કાલિક નજીકના પોલીસ સ્ટેશને જાણ કરવા જણાવવામાં આવે છે જેથી કરીને ગુનો બનતો હોય તો એને અટકાવી શકાય છે. બહારથી અજાણી વ્યક્તિ ધંધો–રોજગાર અર્થે ગામમાં આવતો હોય તો એને ભાડે મકાન આપતા પહેલા પોલીસ સ્ટેશને જાણ કરવી જોઇએ. આવી પ્રાથમિક સમજ ગામના લોકોને આપતા હોય છે. હોટેલ અને ગેસ્ટહાઉસમાં કોઇ બહારગામથી આવે અને એની વર્તણૂંક શંકાસ્પદ જણાય તો પોલીસ સ્ટેશને જાણ કરે એવી સમજ લોકોને લોક દરબારના માધ્યમથી આપવામાં આવતી હોય છે. સાથોસાથ નાણાકીય લેવડ–દેવડ થતી હોય ત્યારે બેંકમાં રોકડ રકમ લેવા માટે વ્યક્તિ જતો હોય છે, ત્યારે કઇ બાબતની કાળજી લેવી કઇ બાબતોની સાવધાની રાખવી એની સમજણ પણ લોકદરબારના માધ્યમથી આપવામાં આવે છે. સાથે સાથે સ્ત્રીઓ, બાળકો શિડ્યુલ કાસ્ટ અને શિડ્યુલ ટ્રાયબ્સની જે વ્યક્તિઓ છે એમના માટે સરકારે જે વિશેષ પ્રાવધાન કરેલા છે એ તમામે તમામ બાબતોની કાળજી અને કાયદાની સમજ પણ લોકદરબારના માધ્યમથી આપવામાં આવતી હોય છે.

શ્રીમતી ચંદ્રિકાબેન છ. બારીયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રી સાહેબ પાસેથી એ જાણવા માગુ છું કે ૨૦૧૦માં દાહોદ જિલ્લામાં લોકદરબાર ૩૦વાર યોજાયો છે અને ૨૦૧૧માં ૨૬વાર તો આ બંને લોકદરબારમાં કેટલા પ્રશ્નો રજૂ થયા અને કેટલા પ્રશ્નોનો નિકાલ થયો છે?

શ્રી પ્રફુલ્લભાઇ ખો. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સદસ્યશ્રીએ કહ્યું એમ મારા પ્રશ્નના મૂળ જવાબમાં છે કે દાહોદ જિલ્લામાં જે વર્ષ ૨૦૧૦માં ૩૦ અને વર્ષ ૨૦૧૧માં ૨૬ લોકદરબારનું આયોજન કરવામાં આવ્યું હતું પણ માટે સદસ્યશ્રીને જણાવવું છે કે, આ લોકદરબારના કાર્યક્રમને વધુ સઘન અને અસરકારક બનાવવા માટે માત્ર એસ.પી., ડી.વાય.એસ.પી. કક્ષાએ નહિ પણ પી.આઇ., પી.એસ.આઇ. કક્ષાએ, તાલુકા હેડકવાટર કક્ષાએ લોકદરબારના કાર્યક્રમો કર્યા એમાં વર્ષ ૨૦૧૦માં ૩૧૮ લોકદરબારના કાર્યક્રમ દાહોદ જિલ્લામાં કરવામાં આવ્યાં હતા અને ૫૭૯ પ્રશ્નો મળ્યા હતા અને એ તમામે તમામ પ્રશ્નોનો નિકાલ થયો છે અને એજ પ્રકારે વર્ષ ૨૦૧૧માં ડી.વાય.એસ.પી., એસ.પી. અને પી.એસ.આઇ., પી.આઇ. કક્ષાએ જે લોકદરબાર કરવામાં આવ્યાં છે કુલ ૨૯૪ લોકદરબારમાં કુલ ૬૫૭ પ્રશ્નો મળ્યાં હતા એ તમામે તમામ પ્રશ્નોનો નિકાલ કરવામાં આવ્યો છે.

## અમરેલી જિલ્લા કલેકટર જનસેવા કેન્દ્રમાં મળેલ અરજીઓ

*** ૨૬૦૨૨ શ્રી બાવકુભાઇ ના. ઉંઘાડ(બાબરા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે.–

(૧)તા.૩૧–૧૨–૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ કેલેન્ડર વર્ષમાં અમરેલી જિલ્લા કલેકટર જન સેવા કેન્દ્રમાં કેટલી અરજીઓ આવી, તેની વિભાગવાર સંખ્યા કેટલી, અને

(૨)આવેલ અરજીઓમાં કેટલીનો નિકાલ થયો, અને કેટલી બાકી?

**મુખ્યમંત્રીશ્રી** (સામાન્ય વહીવટ)ઃ

(૧) મળેલ અરજીઓ – ૪૪,૦૯૬

વિભાગવાર સંખ્યા

| **વિભાગ** | **સંખ્યા** |
|---|---|
| મહેસૂલ | ૨૪,૨૩૯ |
| પૂરવઠા | ૧૯,૪૪૫ |
| પંચાયત | ૩૦૩ |
| સમાજ કલ્યાણ | ૮૪ |
| ઉદ્યોગ | ૨૫ |
| **કુલઃ** | **૪૪,૦૯૬** |

(૨) નિકાલ થયેલ અરજીઓ-૪૪,૦૪૦ અને બાકી અરજીઓ - ૫૬

શ્રી બાવકુભાઇ ના. ઉંધાડ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસે મારે એ પ્રશ્ન પૂછવાનો હેતુ એટલો હતો કે અમરેલી જનસેવા કેન્દ્રમાં જે ૪૪૦૯૬ અરજીઓનો એમણે નિકાલ કર્યો છે. જે ગામડામાંથી અને બધા લોકો એના કામ માટે જે જનસેવા કેન્દ્રમાં એમના પ્રશ્ન કે અરજીની રજૂઆત મૂકે છે પણ ત્યાંથી જે વિભાગમાં અરજી જાય છે અને આ અરજી ઉપર અથવા ફાઇલ ઉપર ગાંધીજીના ફોટાવાળા લક્ષ્મી જો એના ઉપર ના બેસે તો એ ફાઇલ આગળ ચાલતી નથી. માનનીય અધ્યક્ષશ્રી, (અંતરાય)

શ્રી વજુભાઇ રૂ. વાળા : આપણે ચર્ચા કરતા પ્રશ્ન પૂછી લો.. (અંતરાય)

શ્રી બાવકુભાઇ ના. ઉંધાડ : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રશ્ન જ પૂછું છું. (અંતરાય)

શ્રી વજુભાઇ રૂ. વાળા : આપ પ્રશ્નોત્તરીમાં આવી કથા શું કામ કરો છો? (અંતરાય)

શ્રી બાવકુભાઇ ના. ઉંધાડ : માનનીય અધ્યક્ષશ્રી, આપણે ખાવા દેતા નથી એની વાતો કરીએ છીએ. (અંતરાય) હું ખાતો નથી અને ખાવા દેતા નથી એવી આપણે વાતો કરીએ છીએ.

અધ્યક્ષશ્રી : આપ સીધા પ્રશ્ન ઉપર આવી જાવ પ્લીઝ. (અંતરાય) આપ શું પૂછવા માગો છો એ પૂછો પ્લીઝ.

શ્રી બાવકુભાઇ ના. ઉંધાડ : માનનીય અધ્યક્ષશ્રી, હું મંત્રીશ્રીને એટલું પૂછવા માગુ છું કે હજી ૧૦ દિવસ પહેલા ૫૦૦૦ અરજીઓ પેન્ડિંગ હતી. આજે ખાલી ૫૬ અરજીઓ જ પેન્ડિંગ છે. મારે મંત્રીશ્રી પાસે એટલું જ જાણવું છે કે આપણે જે નાગરિક અધિકારપત્રના બધી ઓફિસોમાં બોર્ડ માર્યા છે. આ પ્રમાણે ૪૪૦૦૦ અરજીઓનો નિકાલ થાય છે એમાં મારે એટલું જાણવું છે કે સમય મર્યાદામાં કેટલી અરજીઓનો નિકાલ થયો? એમાં કેટલી પોઝિટિવ રીતે નિકાલ થયો અને કેટલાને એમને એમ જવાબ આપી દીધો કે તમારી અરજી ફાઇલે કરવામાં આવી છે? એનો જવાબ મેળવવા માગુ છું. બીજું, છેલ્લા એક મહિનામાં તમે કેટલી અરજીઓનો નિકાલ કર્યો? તમારી પાસે અત્યારે માહિતી ના હોય તો મને ટેબલ ઉપર આપજો કે આ એક મહિનામાં તમારી પાસે આટલી અરજીઓ આ ૩ વર્ષની હતી અને આ એક મહિનાની, અઠવાડિયા પહેલા નિકાલ થયો છે આ પ્રશ્ન પૂછ્યા પછી. એટલે મારે એટલું જાણવું છે કે એક મહિનામાં કેટલી અરજીઓનો નિકાલ થયો અને કેટલી અરજીઓ સમય મર્યાદા વીતી ગયા પછી કારણ કે ૬૦ દિવસનો સમય હોય અને ૨૦૦ દિવસે નિકાલ થયો હોય એનો મને જવાબ આપો.

શ્રી વજુભાઇ રૂ. વાળા : માનનીય અધ્યક્ષશ્રી, આ બધી ૪૪૦૦૦ જેટલી અરજીઓ આવી એ એક વર્ષની નહિ અને આ જે કોન્ટ્રાક્ટ બીજાને અપાય છે એ સરકાર આઉટ સોર્સિંગથી અપાય છે. જે કેન્દ્રની અંદર સંચાલન કરવાવાળાને કોન્ટ્રાક્ટ બેઇઝ ઉપર આઉટ સોર્સિંગથી આપે છે.

અને એ લોકો અરજીઓ જે તે વિભાગને મોકલે છે અને આ છેલ્લા મહિનામાં આપ કહેતા હોવ તો, આપે પૂછયું છે, ૩૧-૧૨-૨૦૧૧ સુધીમાં, તો એની અંદર મેં કહ્યું છે કે, ૫૬ અરજીઓ પન્ડિંગ હતી. આજની તારીખે ૫૬-૫૬ અરજીઓ જે છે એનો નિકાલ થઇ ગયો છે. એટલે આજે બે મહિનાની અંદર નિકાલ થયો છે ૫૬ અરજીઓમાં અને દરેક અરજી છે માનનીય અધ્યક્ષશ્રી, આમાં ૧૭૩ પ્રકારની અરજીઓ લેવામાં આવે છે. એના માટે ૧૭૩ અરજીઓની અંદર કઇ અરજીનો કેટલા દિવસમાં નિકાલ કરવો એ પણ હોય છે. આજની તારીખે મારે કોઇ વિલંબ થયો હોય એવી કોઇ ફરિયાદ મારી પાસે  છે નહીં. અરજીનો નિકાલ પોઝેટીવ પણ થાય અને નેગેટીવ પણ થાય. પોઝેટીવ, એની અત્યારે કોઇ માગણી નથી, એનું કોઇ કેલ્કયુલેશન હોઇ શકે નહીં. કારણ કે, હજ્જારો અરજીઓ આવે છે. એક-બે-પાંચ અરજીઓ આવી હોય તો પણ ૪૪ હજાર અરજીઓ છે, એનો બ્રેકઅપ આપવો એ અત્યારે કોઇ રીતે શક્ય નથી.

શ્રી શક્તિસિંહ હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, પ્રજાકીય પ્રશ્નો માટે આપણે જે આ પદ્ધતિ શરૂ કરી છે. હું કોઇ રાજકીય અવલોકન નથી કરવા માગતો પરંતુ આપના મારફતે માનનીય મંત્રીશ્રીને વિનંતી કરવા માગુ છુ કે, માનનીય સભ્યશ્રીની જે ચિંતા છે, આપે એક નાગરિક અધિકાર પત્ર મુજબ અરજીનો નિકાલ કરવાની સુચનાઓ આપી છે. આપ એટલું પણ કહેશો તો સંતોષ થશે, કે ચકાસણી કરવામાં આવે કે, નાગરિક અધિકાર પત્ર મુજબ નિકાલ થયો છે કે કેમ ? અને બીજી માહિતી જે સભ્યશ્રી કહે છે એ કે મેં પ્રશ્ન પૂછ્યો એટલે છેલ્લા બે મહિનામાં નિકાલ થયો. આપે કહ્યું, એમની માગણી માત્ર એટલી છે, આપની પાસે માહિતી ન હોય તો ટેબલ પર મૂકો કે છેલ્લા બે મહિનામાં આ પૈકીની કેટલી અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો ?

શ્રી વજુભાઇ રૂ. વાળા : માનનીય અધ્યક્ષશ્રી, પ્રશ્ન ૩૧-૧૨-૨૦૧૧ સુધીનો પૂછ્યો છે. છેલ્લા બે મહિનાની અંદર એટલે જાન્યુઆરી અને ફેબ્રુઆરીની અંદર ત્યારે જે ૩૧-૧ તારીખે મેં કહ્યું ૫૬ અરજીઓ હતી. આ ૫૬ અરજીઓનો નિકાલ થયો અને આપને જો જોઇતું હોય કે આ ૫૬ અરજીઓ કઇ હતી અને એનો નિકાલ કેવી રીતે થયો ? તો એ રીતે બાકી, છેલ્લા બે મહિનામાં એનો પ્રશ્ન જ મૂળ ૩૧-૧૨-૨૦૧૧ સુધીનો એટલે છેલ્લા બે મહિના કયા ગણવા ? ૩૧-૧૨-૨૦૧૧માં અગિયારમો અને બારમો મહિનો ? માનનીય અધ્યક્ષશ્રી, એ રીતે તો ત્યાં રેકર્ડ ઉપર હશે. કોઇ સવાલ નથી. કોઇ ફરિયાદ હોય, કયાંચ ભ્રષ્ટાચાર થતો હોય તો ધ્યાન દોરજો. ગમે તે બાબતમાં હશે, આપને સંતોષ મળશે એ જાતની હું તપાસ કરાવવા હું તૈયાર છું.

**પોરબંદર જિલ્લામાં વાજપાઇ સ્વરોજગાર યોજના અન્વયે શિક્ષિત બેરોજગારોની અરજીઓ**

***૨૪૭૦૫શ્રી ભગવાનજીભાઇ લા. કરગટીયા(માંગરોળ) : માનનીય કુટીર ઉદ્યોગ મંત્રીશ્રી (રાજ્ય કક્ષા)** જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) પોરબંદર જિલ્લામાં વાજપાઈ સ્વરોજગાર યોજના અન્વયે સને ૨૦૧૦-૧૧માં અને ૨૦૧૧-૧૨માં તા.૩૧-૧૨-૨૦૧૧ સુધીમાં કેટલા શિક્ષિત બેરોજગારોની અરજીઓ આવી,

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી,

(૩) કેટલી રકમની સહાય મંજૂર કરવામાં આવી,

(૪) કેટલી અરજીઓ ના મંજૂર કરવામાં આવી, અને

(૫) આ અરજીઓ નામંજૂર થવાના કારણો શું છે?

**કુટીર ઉધ્યોગ મંત્રીશ્રી (રાજ્ય કક્ષા)ઃ**

(૧) અગાઉના વર્ષની પડતર અરજીઓ સહિત નીચે મુજબ વર્ષવાર અરજીઓ મળેલ છે.

| | |
|---|---|
| સને ૨૦૧૧-૧૨ | ૧૭૩૩ |
| સને ૨૦૧૦-૧૧<br>તા.૩૧-૧૨-૧૧ સુધીમાં | ૧૧૪૬ |

(૨) જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર કક્ષાએથી ભલામણ થયેલ અરજીઓ પૈકી બેંક કક્ષાએ નીચે મુજબ અરજીઓ મંજૂર કરવામાં આવેલ છે.

| **વર્ષ** | **મંજૂર થયેલ અરજીઓ** |
|---|---|
| વર્ષ ૨૦૧૦–૧૧ | ૫૫૧ |
| વર્ષ ૨૦૧૧–૧૨ (તા.૩૧–૧૨–૧૧ સુધીમાં) | ૩૯૬ |

(૩)

| **વર્ષ** | **કેસોની સંખ્યા** | **સહાય** |
|---|---|---|
| વર્ષ ૨૦૧૦–૧૧ | ૫૪૯ | રૂ. ૬૩.૪૮ લાખ |
| વર્ષ ૨૦૧૧–૧૨ (તા.૩૧–૧૨–૧૧ સુધીમાં) | ૨૯૩ | રૂ. ૩૦.૨૫ લાખ |

(૪) નીચે મુજબ અરજીઓ નામંજૂર કરવામાં આવેલ છે.

| **વર્ષ** | **જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર કક્ષાએ** | **બેંક કક્ષાએ** |
|---|---|---|
| વર્ષ ૨૦૧૦–૧૧ | ૬૬૯ | ૬૧૩ |
| વર્ષ ૨૦૧૧–૧૨ (તા.૩૧–૧૨–૧૧ સુધીમાં) | ૪૭૧ | ૨૧૪ |
| | | |

(૫)અરજીઓ નામંજૂર થવાના કારણો નીચે મુજબ છે.

**જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર કક્ષાએ**

૧. અરજદાર હ્વારા ખુટતી વિગત રજૂ ન કરતા

૨. ઉંમર ૫૦ વર્ષથી વધુ હોવાથી

૩. અરજદાર સગીર હોવાથી

૪. અરજદારનો અભ્યાસ ચાલુ હોવાથી

૫. અરજદારે અગાઉ લાભ મેળવેલ હોવાથી

૬. અરજદારે જણાવેલ ધંધાનો સમાવેશ યોજનામાં ન હોવાથી

૭. લક્ષ્યાંક પુરો થવાથી

**બેંક કક્ષાએ**

૧. ધંધો પોષણક્ષમ ન હોવાથી

૨. ધંધાનું સ્થળ બેન્કના સર્વિસ એરીયામાં ન હોવાથી

૩. કુટુંબના સભ્યએ લોન લીધેલ હોવાથી

૪. અરજદારની લોન લેવાની ઈચ્છા ન હોવાથી

૫. અરજદાર બેન્કના ડીફોલ્ટર હોવાથી

૬. અરજદારે અગાઉ બીજી યોજનાઓમાં સબસીડી મેળવેલ હોવાથી

૭. બેન્કનો લક્ષ્યાંક પૂર્ણ થવાથી

શ્રી ભગવાનજીભાઇ લા. કરગટીયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસે હું જાણવા માગુ છું કે, વર્ષ ૨૦૧૦–૧૧, તથા ૨૦૧૧–૧૨માં જાતિવાઇઝ કેટલી અરજીઓ આવી છે અને બેન્કોને કેટલી ભલામણ કરી છે, તે પૈકી બેન્કોએ કેટલી મંજૂર કરેલી છે? આ સબસીડીની ચૂકવેલ જાતિવાઇઝ કેટલા લાભાર્થીઓ અને કેટલી સબસિડી ચૂકવવામાં આવી છે ?

શ્રી રણજીતભાઇ મં. ગિલીટવાલા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ પોરબંદર જિલ્લામાં વાજપાઇ સ્વરોજગાર યોજના હેઠળ આવેલ અરજીઓની, ભલામણ કરેલ અરજીઓની વિગતો માગી છે અને તે પણ જાતિવાર. તો જાતિવાર ૨૦૧૦–૧૧ ના વર્ષની અંદર અનુસૂચિત જાતિની ૨૬૮ અરજીઓ આવી હતી, અનુસૂચિત જનજાતિની ૩૨, બક્ષીપંચની ૧૧૦૧, લઘુમતિની ૬૩, અન્ય ૨૬૯ આમ કુલ ૧૭૩૩ અરજીઓ આવી હતી. આ અરજીઓ પૈકી જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર દ્વારા બેન્કોને અનુસૂચિત જાતિના કેસોમાં ૨૦૯ અરજીઓની ભલામણ કરવામાં આવી હતી, અનુસૂચિત જનજાતિના કેસોમાં ૩૧ અરજીઓની ભલામણ કરવામાં આવી હતી, બક્ષીપંચના કેસોમાં ૬૭૮ અરજીઓની ભલામણ કરવામાં આવી હતી, લઘુમતિના કેસોમાં ૪૪ અરજીઓની ભલામણ કરવામાં આવી હતી, અન્યના કેસોમાં ૧૦૨ અરજીઓની ભલામણ કરવામાં આવી હતી એમ કુલ ૧૦૬૪ જેટલી અરજીઓની ભલામણ કરવામાં આવી હતી અને તે પૈકી બેન્કોએ કેટલી મંજૂર કરી આપી એ એમનો પ્રશ્ન છે. તો અનુસૂચિત જાતિની ૧૧૭ અરજીઓ મંજૂર થઇ હતી, અનુસૂચિત જનજાતિની ૨૨, બક્ષીપંચની ૩૪૮, લઘુમતિની ૨૧, અન્ય ૪૩ અરજીઓ મંજૂર થઇ હતી એટલે કુલ ૫૫૧ જેટલી અરજીઓ મંજૂર થઇ હતી. એ પૈકી જે લોકોને સબસીડી મળી છે એવા લાભાર્થીઓ, તો અનુસૂચિત જાતિમાં ૫૬ બક્ષીપંચના ૨૭૪, લઘુમતિના ૩૨, અન્ય ૧૮૭, કુલ ૫૪૯ લાભાર્થીઓને આ સબસીડીનો લાભ મળ્યો છે એમને ચૂકવવામાં આવેલ સબસીડીની રકમ એસ.સી.માં છ લાખ પચાસ હજાર, બક્ષીપંચના ૨૮,૬૩,૦૦૦, લઘુમતિના ૯,૨૫,૦૦૦, અન્યને ૧૯,૧૦,૦૦૦, કુલ ૬૩,૪૮,૦૦૦ની સબસીડી પોરબંદર જિલ્લામાં ૨૦૧૦–૧૧માં ચુકવવામાં આવી હતી. ૨૦૧૧–૧૨માં તા. ૩૧ ડિસેમ્બરની સ્થિતિએ જવાબ આપું તો આવેલ અરજી એસ.સી.ના ૨૭૮, એસ.ટી.ના ૭, લઘુમતીના ૪૧, અન્ય ૧૪૨ એમ કુલ ૧૧૪૬ અરજી મળી હતી તે પૈકી જિલ્લા ઉદ્યોગ કેન્દ્રોએ બેંકોને એસ.સી. ૧૪૪ અરજીઓની ભલામણ કરી છે. એસ.ટી.ની ૧૭ અરજીઓની ભલામણ કરી છે. બક્ષીપંચના ૩૪૮,લઘુમતિની ૨૬ અન્ય ૭૦ કુલ ૬૦૫ અરજીઓની બેંકોને ભલામણ કરવામાં આવી હતી એ પૈકી બેંકોએ મંજૂર કરેલ અરજીઓ એસ.સી.ની ૮૫, એસ.ટી.ની બે, બક્ષીપંચની ૨૪૦ લઘુમતિની ૨૧, અન્ય ૪૮, કુલ ૩૯૬ અરજીઓ મંજૂર થઇ હતી તે પૈકી સબસીડીના લાભાર્થી ઓ એસ.સી.ને ૮૧, બક્ષીપંચમાં ૧૯૦, લઘુમતીમાં ૧૮, અન્ય ૪, કુલ ૨૯૩ લાભાર્થી હતા અને એમને ચુકવેલ સબસીડીની રકમ એસ.સી.માં ૮.૨૫ લાખ, બક્ષીપંચમાં ૧૮.૯૦લાખ, લઘુમતિમાં ૨.૫૪ લાખ, અન્ય ૫૬૦૦૦ રૂપિયા કુલ ૨૦૧૧–૧૨માં ૩૦,૨૫,૦૦૦ રૂપિયાની સબસીડી પોરબંદર જિલ્લામાં બેંકેબલ સ્વરોજગાર યોજના નીચે આપવામાં આવી હતી.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા : માનનીય અધ્યક્ષશ્રી, જે શિક્ષિત બેરોજગાર માટેની આ બાજપાઇ સ્વરોજગાર યોજના છે. ગુજરાતમાં આઠ લાખ જેટલા શિક્ષિત બેરોજગારો છે અને એ જયારે જિલ્લા ઉદ્યોગ કેન્દ્રમાં સ્વરોજગારી માટે કોઈપણ યોજના નીચે અરજી કરે એ પછી જો એના ઉપર વજન ન મુકે તો એક યા બીજા બહાના હેઠળ એ અરજીઓમાં કવેરી કાઢીને પાછી મોકલવામાં આવે છે આ વ્યાપક ફરિયાદો છે અને એને કારણે શિક્ષિત બેરોજગાર લોકો ખૂબ હેરાન થવું પડે છે અને એને કારણે જે ખરેખર લાયક શિક્ષિત

બેરોજગારો છે એને બદલે કોઇ મારફતીયા કે દલાલ જે લોકો હોય એના મારફત જાય તો જ એની અરજીઓ પસાર થાય છે એવી ખૂબ મોટા પાયા ઉપર વ્યાપક ફરિયાદો મળી છે તો આપણે મોટા ઉદ્યોગપતિઓ સાથે તો કરાર કરીને એમને આવકારીએ છીએ તો આ શિક્ષિત બેરોજગારોને આવી રીતે કંઇક કરાર કરી અને આવકારવા મળે અને સામેથી જે લોકો એની એબીલીટી એની જે શકિત છે એ પ્રમાણે એને સ્વરોજગાર કરવા માટે સામેથી આપણે મદદ કરી શકીએ એવી કોઇ યોજના કરવા માગો છો  કે કેમ? અને આ જે રકમ આપવામાં આવે છે એ ખૂબ નાની છે અને એને કારણે સ્વરોજગાર થઇ શકતો નથી તો એની જે એમાઉન્ટ છે એ વધારવા માંગો છો કે કેમ?

શ્રી રણજીતભાઇ મં. ગિલીટવાળા : માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકારે બેંકેબલ સ્વરોજગાર યોજના હેઠળ કુલ ૩૯૫ જેટલા પ્રોજેકટ પ્રોફાઇલ્સ જુદીજુદી કક્ષાએ તાલીમ લઇને આવેલા હોય કે વંશ પરંપરાગત પોતાનો હુન્નર ઉદ્યોગ જાણતા હોય એવા લોકોને મદદરૂપ થવા રાજય સરકારે ૩૯૫ જેટલા પ્રોજેક્ટ પ્રોફાઇલ રૂપિયા પાંચલાખની મર્યાદા સુધી જો ઉદ્યોગ કરવા માગતા હોય તો પાંચ લાખની મર્યાદા સુધી લોન આપવામાં આવતી હોય છે.એના પ્રમાણમાં સબસીડી આપવામાં આવે છે. પ્રોજેક્ટ પ્રોફાઇલ બનાવ્યું છે. ૩૯૫ બધા જ પ્રોજેક્ટ પ્રોફાઇલ ૫ લાખ સુધીની મર્યાદામાં છે, એટલે કે જે મશીનરી, સાધનોની જરૂર છે. જે વર્કીંગ કેપિટલની જરૂર છે, એ જોતા આજની મર્યાદા છે. ૫ લાખની આ ઉદ્યોગ માટે સેવા માટે ૫ લાખ રૂપિયા અને ટ્રેડિંગ કરવા માગતા હોય તો ૨ લાખ રૂપિયા સુધીની મર્યાદા છે.  રાજ્ય સરકાર માને છે કે એ પુરતી છે અને મર્યાદાના કારણે કોઇપણ અરજદારને પાછા જવું પડતું નથી, એવો સમગ્ર રાજ્યને, રાજ્ય સરકારનો અનુભવ રહ્યો છે, ત્યારે આ મર્યાદાઓ વધારવાનો આ કુટિર ઉદ્યોગ માટેની છે, એટલા માટે મર્યાદા રાજ્ય સરકાર યોગ્ય માને છે. એને વધારવાની કોઇ જરૂરિયાત ઉપસ્થિત થતી નથી.  આપે કહ્યું તે પ્રમાણે આ બધી જ અરજીઓ જિલ્લા કક્ષાએ સ્કુટિની થતી હોય છે, જે નોડલ અધિકારીઓની નિમણૂક કરવામાં આવે છે.  ખૂબ ટ્રાન્સપરન્સી કહી શકાય, એના કારણે કોઇપણ અરજદારે જયાં સુધી રાજય સરકારને કે અમારા વિભાગને આપે કહ્યું કે વજન મૂકવાની વાતની કોઇએ પણ ફરિયાદ ક્યારેય અમારા વિભાગને કે મંત્રી લેવલે મને મળી નથી.  આપે આપેલી માહિત ખોટી છે. આપને યાદ કરાવું.

અધ્યક્ષશ્રી : મંત્રીશ્રી આપ ટૂંકમાં જવાબ આપો.ટાઇમ થઇ ગયો છે.

શ્રી રણજીતભાઇ મં. ગિલીટવાલા :  પ્રસંગ આટલું બોલું તો પણ હું માનું છું કે આપને આખો ઘટનાક્રમ ખ્યાલ આવી જશે.

## મોટી સંખ્યામાં વીજ કનેકશનો પડતર હોવા છતાં અન્ય રાજયોને
## વીજળી વેચવાનાં કારણો

***૨૬૦૭૩શ્રી ભગવાનભાઇ ધા. બારડ(તલાલા)** : ૧૨મી ગુજરાત વિધાનસભાના નવમાં સત્રમાં તા. ૨૬–૯–૧૧ના રોજ ગૃહમાં રજૂ થયેલ બીજી અતારાંકિત યાદીના અતારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ ૪૪૮૬ના અનુસંધાને **માનનીય મુખ્યમંત્રીશ્રી**(ઉર્જા) જણાવવા કૃપા કરશે કે–

રાજયમાં જિલ્લાવાર ખેતી માટેના વીજ કનેકશનોની પડતર અરજીઓની સંખ્યા ૪.૫ લાખ કરતાં વધુ હોવા છતાં  તા.૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ રાજયના ખેડૂતોને વીજ કનેકશનો નહિ આપીને રાજ્ય સરકાર અન્ય રાજ્યોમાં વીજળી વેચે છે તેના કારણો શું છે?

**મુખ્યમંત્રીશ્રી**(ઉર્જા)ઃ

રાજયમાં કૃષિ વિષયક વીજ કનેકશનો ન ફાળવવાની વાત સાચી નથી. કૃષિ  વિષયક વિજ જોડાણની નોંધણી અને ફાળવણી તે સતત ચાલતી પ્રક્રિયા છે ચાલુ વર્ષમાં તા. ૩૧–૧–૨૦૧૨ ની સ્થિતિએ છેલ્લા દસ (૧૦) માસમાં જ ૫૦૭૦૪ નવા કૃષિ વીજ કનેકશન ફાળવવામાં આવ્યાં છે કોઈ પણ એક વર્ષમાં ફાળવાયેલ વીજ કનેકશનનો આ એક રેકોર્ડ છે.

વીજ ઉત્પાદનનો સંગ્રહ શકય નથી. આથી વિજ ઉત્પાદનનો શ્રેષ્ઠ ઉપયોગ કરવા માટે રાજયના તમામ પ્રકારના વીજ ગ્રાહકોની મહત્તમ જરૂરીયાત સંતોષાયા બાદ વધારાનો વીજ પુરવઠો, દેશમાં તીવ્ર અછત અનુભવતા કોંગ્રેસ શાસિત રાજ્યો સહિત અન્ય જરૂરીયાતોવાળા રાજ્યોને પણ રાષ્ટ્રીય હિતમાં વેચવામાં આવે છે.

શ્રી ભગવાનભાઇ ધા. બારડ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ એમના જવાબમાં ગુજરાતમાંથી બહારના રાજ્યોને વીજળી આપવાનો જે જવાબ આપ્યો છે. એમાં મારે મંત્રીશ્રીને પૂછવાનું છે કે રાજયમાં બીન ડાર્ક ઝોન તાલુકામાં પેન્ડિંગ વીજ કનેકશનોની સંખ્યા આજે ૪,૫૫,૦૦૦ જેટલી થાય છે અને ૫૭ ડાર્ક ઝોન તાલુકા માં ૨૦૦૩ થી અરજીઓ લેવામાં જ નથી આવી. મારે મંત્રીશ્રીને પૂછવું છે કે બહારના રાજ્યોને વીજળી આપીએ તો આપણા ગુજરાતના ખેડૂતોને આપવામાં શું વાંધો છે. ગુજરાતમાં બજેટમાં જોગવાઇ કરી કે ડાર્ક ઝોન સહિતના એક લાખ ખેડૂતોને વીજ કનેકશનો આપવામાં આવશે, તો વર્ષે ૩૩૦૦૦ કનેકશનો થયા. ૩ વર્ષની સમય મર્યાદામાં, ત્યારે ૧૦ લાખ અરજીઓ ખેડૂતોની આજે પેન્ડિંગ છે એને આપવાની અને ખેડૂતો માટે મુશ્કેલી દૂર કરવા માટે જાહેરાત સરકાર વિચારે છે કે કેમ? પહેલો પ્રશ્ન સરકાર વાર્ષિક ૫ લાખ કનેકશનો આપવા માગે છે કે કેમ? બીજો પ્રશ્ન વીજ કનેકશનો સરકારી ખર્ચે (અંતરાય) સાંભળો..

અધ્યક્ષશ્રી : ઓર્ડર, ઓર્ડર..શ્રી ભરતભાઇ..

શ્રી ભગવાનભાઇ ધા. બારડ : ખેડૂતોની વાત આવે ત્યારે કેમ ઉભા થાવ છો. સાંભળો તમે. વચ્ચે સભ્યશ્રી ડિસ્ટર્બ કરે છે. સાંભળવાની તૈયારી રાખવી પડે. મારો બીજો પ્રશ્ન આ જે વીજ કનેકશનો ખેડૂતોને આપવામાં આવે છે, તેનો પુરતો ચાર્જ વસૂલવામાં આવે છે, તો સરકાર સરકારી ખર્ચે મીટર પ્રથા વિનાનું વીજ કનેકશન આપવા માગે છે કેમ? ત્રીજો પ્રશ્ન ડાર્ક ઝોન વિસ્તારમાં કુવારા, ટપક પદ્ધતિની શરત દૂર કરવા માગો છો કે કેમ? અતિ મહત્વનો પ્રશ્ન મંત્રીશ્રી મારા વિસ્તાર વેરાવળ, સુત્રાપાડા તાલુકા અને જૂનાગઢ જિલ્લામાં બે મહિના પહેલા રેગ્યુલર વીજ ગ્રાહકો છે, એમની ગેરહાજરીની અંદર જી.ઇ.બી. ના અધિકારીઓ એમને ત્યાં જઇ મીટરથી લોડ વધારાના ૧૦ થી ૨૦ હજારના અસંખ્ય ખેડૂતોને ગેરકાયદેસર બિલ આપવામાં આવ્યા છે, તે પરત ખેંચવા માગો છો કે કેમ? શ્રી સૌરભભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, પહેલાં તો મારે સભ્યશ્રી અને બીજા ૨૪ સભ્યો તેણે આજે વિધાનસભામાં પ્રશ્ન ઉઠાવ્યો છે. આ એક જ પ્રશ્ન માટે આ બધાનો ખૂબ ખૂબ આભાર વ્યકત કરું છું. અત્યાર સુધી, ગઇકાલે પણ અને હમણાં પણ. ગઇકાલે કોંગ્રેસના અધ્યક્ષશ્રીએ અને ગઇકાલે સભ્યશ્રીએ એમ માહિતી કહી કે ૧૦ લાખ વીજ કનેકશન પેન્ડીંગ છે આ માહિતી સંપૂર્ણપણે ખોટી છે. સવાલની અંદર જે ૨૫.... (અંતરાય)

અધ્યક્ષશ્રી : આપ જવાબ સાંભળો. ભગવાનભાઇ આપ જવાબ સાંભળો પ્લીઝ.

શ્રી સૌરભભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારે સભ્યશ્રીને વિનંતી કરવાની કે તેમણે જે લેખિત પ્રશ્ન પૂછયો છે તેમાં તેમણે સાડા ચાર લાખ કનેકશન લખ્યા છે અને પ્રવચનમાં દસ લાખ કનેકશન કહે છે. આ વસ્તુ ખોટી છે. હવે સભ્યશ્રીએ ચાર મિનિટ સવાલ પૂછતાં લીધી તો મને દસ મિનિટ બધી માહિતી આપવા જોઇશે.

અધ્યક્ષશ્રી : બને એટલો ટૂંકમાં જવાબ આપો. પ્લીઝ.

શ્રી સૌરભભાઇ પટેલઃ માનનીય અધ્યક્ષશ્રી, આ રાજય સરકાર ખેડૂતોની ચિંતા કરે છે અને ખેડૂતોની વીજળીના કનેકશનોની અરજી કેમ વધારે આવે છે? આનું મૂળ કારણ એ છે કે, આ સરકારે ખેડૂતોના વિસ્તારમાં ચેકડેમ બનાવ્યા, તળાવો ઉંડા કર્યા, પાણી પહોંચાડયું અને પાણીના તળ ઉંચા આવ્યા એટલે આજની તારીખમાં ખેડૂતોની અરજી વધારે આવે છે. બીજું સાચો આંકડો એ છે કે આજની તારીખમાં ૬ લાખ ૬૦ હજાર ૨૪૯ કનેકશન પેન્ડીંગ છે. ૬ લાખ ૬૦ હજાર ૨૪૯ કનેકશન. તેની અંદર હું જિલ્લાવાઇઝ કહું તો વલસાડમાં ૨૦૦૯થી પેન્ડીંગ છે. નવસારીમાં ૨૦૦૯ થી પેન્ડીંગ છે. ડાંગમાં જાન્યુઆરી ૨૦૧૦થી પેન્ડીંગ છે. સુરતમાં ડિસેમ્બર ૨૦૦૯થી પેન્ડીંગ છે.

અધ્યક્ષશ્રી : આપ ટૂંકમાં જવાબ આપો. પ્લીઝ.

શ્રી સૌરભભાઇ પટેલ : સાહેબ ૨૫ લોકોએ કહ્યું છે.

અધ્યક્ષશ્રી : હું ના નથી પાડતો. બને એટલો ટૂંકમાં જવાબ આપો. પ્લીઝ.

શ્રી સૌરભભાઇ પટેલ : સાહેબ આ અગત્યનો જવાબ છે એટલે મારે પુરવાર કરવું છે. ૪ લાખ ૬૦ હજારમાંથી ડાર્કઝોનના કનેકશન ૪૯,૪૨૦ કાઢીએ, તે કનેકશન બાદ કરીએ તો ૪,૧૦,૮૨૫ કનેકશન રહે. એટલે અને બીજું છેલ્લા ચાર વર્ષની જે એપ્લીકેશન છે તે એપ્લીકેશનના આંકડા બહાર કાઢીએ તો ૨,૫૫,૮૨૧ અરજીઓ છે. એટલે છેલ્લા ચાર વર્ષની જૂની અરજીઓ ગણીએ તો માત્ર ૧ લાખ ૫૫ હજાર કનેકશનો જુના પેન્ડીંગ છે. વધારે કહું તો જે પ્રમાણે કનેકશનો આપવામાંઆવ્યા છે, માનનીય અધ્યક્ષશ્રી, ભાઇ અમે ગરીબોની ચિંતા કરીએ છીએ. આજની તારીખેમાં (અંતરાય)

અધ્યક્ષશ્રી : ઓર્ડર ઓર્ડર પ્લીઝ.

શ્રી સૌરભભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારે સભ્યશ્રીને કહેવું છે આજની તારીખમાં ટ્રાયબલ વિસ્તારની અંદર માત્ર ૫૬ હજાર કનેકશન બાકી છે. એટલે ગરીબોની, ખેડૂતોની, આદિવાસીઓની ચિંતા અમે કરીએ છીએ. તમે આદિવાસી નેતાઓ વિરુદ્ધ બોલી શકો. તમે આદિવાસી યંગ નેતાઓને બહાર કાઢવાની વાત કરી શકો. આ સરકારની અંદર અમે આદિવાસી વિસ્તાર અને આદિવાસી નેતાઓને પ્રોત્સાહન આપીએ છીએ અને આ સરકારની અંદર તમારી માફક નથી કે ઉપરથી ભાણીયાના ભાણીયાના ભાણીયાના ભાણીયા જ આવ્યા કરે.

અધ્યક્ષશ્રી : આપ જવાબ ઉપર આવી જાઓ.પ્લીઝ.

શ્રી સૌરભભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારે સભ્યશ્રીને કહેવું છે, બીજો સવાલ પૂછયો તેમણે, બીજો સવાલ પૂછયો. એ જ કહું છું ભાઇ. માનનીય અધ્યક્ષશ્રી,છેલ્લા ત્રણ વર્ષની અંદર વાત કરું તો આ વર્ષે ૧૦ મહિનાની અંદર ૫૦૭૦૪ કનેકશન અપાયા છે. એમને કહું આ સરકાર અને જે વાત ઉદ્યોગોની વાત કરી સાહેબ ગઇ સાલ આખા વર્ષમાં ઉદ્યોગોને ૨૮૫૬૭ કનેકશન આપ્યા તેની સામે દસ મહિનાની અંદર ૫૦૭૦૪ કનેકશન આપ્યા છે. ત્રણ વર્ષની અંદર ૧ લાખ ૨૭ હજાર ૦૯ કનેકશન આપયા છે. ખેડૂતો માટેની અમે ચિંતા કરીએ છીએ.બીજું પૂછયું કે વીજળીના કનેકશનોના શું ભાવ લો છો? સાહેબ મારા સાંભળજો.

માનનીય અધ્યક્ષશ્રી, એક કનેકશન કરવું હોય તો દશ હોર્સ પાવરની મોટર હોય, લોડ હોય તો ૧ લાખ ૭૦ હજાર રૂપિયા થાય છે એની સામે સર્વિસ કનેકશન ચાર્જિસ ટ્રાયબલમાં માત્ર ૧૩૨૦ રૂપિયા લઇએ છીએ.

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી, આપ બેસી જાઓ, પ્લીઝ, ઓર્ડર, ઓર્ડર, માનનીય સૌરભભાઇ, આપ ઝડપની ટૂંકમાં જવાબ આપો.

શ્રી સૌરભભાઇ પટેલ : સાહેબ, હું સાચી માહિતી આપું છું, શું કરીએ સાહેબ? સાહેબ, નોર્મલની અંદર ૮૫૦૦ રૂપિયા લેવામાં આવે છે. અને બીજું, આજની તારીખમાં ૫૦ હોર્સ પાવરનું કનેકશન હોય તો અઢી લાખ રૂપિયાનો ખર્ચ થાય એની સામે ટ્રાયબલની અંદર ૧૧૮૩૩ અને એમાં ૨ લાખ ૨૦ હજાર રૂપિયા સર્વિસ કનેકશન ચાર્જીસ તરીકે લેવામાં આવે છે. એના ઉપરાંત.. ( અંતરાય)

અધ્યક્ષશ્રી : ઓર્ડર, ઓર્ડર, પ્લીઝ, આપના સભ્યશ્રીનો જવાબ આપી રહ્યા છે પ્લીઝ, ઓર્ડર, ઓર્ડર, પ્લીઝ.

શ્રી સૌરભભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી,..(અંતરાય)

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી, આપ બેસો, માનનીય સૌરભભાઇ, આપ જવાબ ટૂંકમાં આપો.

શ્રી સૌરભભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ એટલે જ અગત્યનો છે કે છેલ્લા વર્ષથી ગૃહની અંદર અને ગૃહની બહાર જે વાતો કરે છે એ મારાથી દૂર કરવાની છે. Once and for all this matter has to be over. અને ક્યારેય પણ બોલે નહીં. સાહેબ, એમના આંકડા કાઢુંને કે કેટલા વીજકનેકશન આપ્યા તો દૂધનું દૂધ અને પાણીનું પાણી થઇ જાય. મને જો સમય મળે તો કાઢીને આપી દઉં અત્યારે, (અંતરાય) અરે ભાઇ, સાંભળોને, તમારા કોંગ્રેસના રાજયોવાળા વીજળી માગે છે તમારા ત્યાં તો સુધારો કરો, અને આપો, આપો, આપો કરે છે. કાગળો લખે છે, મને સમય આપો હું વાંચું કાગળો.

અધ્યક્ષશ્રી : આપની પાસે લાંબી ચર્ચાઓ કરવા માટે હજુ દિવસો છે, આપ પ્રશ્ન ઉપર આવો.

શ્રી સૌરભભાઇ પટેલ : સાહેબ, હાઉસની અંદર વાત કરવાની તક આપી છે. માનનીય અધ્યક્ષશ્રી, આ રાજયમાં ખેડૂતો માટે ટોપ મોસ્ટ પ્રાયોરિટી આપવામાં આવી છે. ખેડૂતોને કનેકશન જે મેં વાત કરી, એક લાખ ઓછામાં ઓછા કનેકશન આ વર્ષે અમે આપીશું. એના માટે પહેલી વખત કોઇ રાજય સરકારના બજેટમાં જો સીધી જોગવાઇ કરવામાં આવી હોય તો ૫૦૦ કરોડ રૂપિયાની આ વખતે જોગવાઇ કરવામાં આવી છે. અત્યાર સુધી કોઇપણ સરકારની અંદર સીધી નોર્મલ કનેકશનમાં જોગવાઇ કરવામાં નથી આવતી, અને યુટિલિટી કંપની, જીયુઇએલ કંપની ફાળવણી કરતી હતી, આ પહેલી વખત એવું બન્યું છે કે એટલે આ સ્પષ્ટ બતાવે છે કે આ સરકાર ખેડૂતોને કનેકશન આપવામાં પ્રાયોરિટી ધરાવે છે.

શ્રી ભરતભાઇ વ. ખોરાણી : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, રાજય દ્વારા છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર કેટલી વીજળી વેચવામાં આવી, અને કોંગ્રેસ શાસિત રાજયોને કેટલા યુનિટ વીજળી આપવામાં આવી?

શ્રી સૌરભભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ભાઇ, તમારા કોંગ્રેસના સરપંચ પાણીનું વિતરણ નથી કરી શકતા, તો વીજળીના વિતરણ કયાંથી કરવાના છો?

અધ્યક્ષશ્રી : માનનીય સૌરભભાઇ, આપ દલીલોમાં ના પડો, પ્લીઝ. જવાબ આપો.

શ્રી સૌરભભાઇ પટેલ : સાહેબ, મને જવાબ નથી આપવા દેતા.

અધ્યક્ષશ્રી : પણ મારી સામે જોઇને જવાબ આપો, પ્લીઝ.

શ્રી સૌરભભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, વીજળીનું વિતરણ કરવું એ વિષય સૌથી અઘરો વિષય છે. આજે ગુજરાતે આમાં સફળતા મેળવી છે અને કોઇ રાજયએ સફળતા મેળવી નથી. મને આ હાઉસને કહેતાં ગૌરવ થાય છે કે, લોડસેડિંગ જેવો શબ્દ ગુજરાતમાંથી નીકળી ગયો છે. મેં મારા ચીફ એન્જીનીયરને ફોન કર્યો, અને ચીફ એન્જીનીયરને પૂછ્યું, કે ભાઇ, લોડસેડિંગ કયારથી અમલમાં આવ્યું હતું એની વિગત આપો. તો મને જવાબ શું આપ્યો ખબર છે કે, સાહેબ મેં નોકરી લીધી છે ત્યારથી લોડસેડિંગ હતું. આજની તારીખે જી.ઇ.બી.માં છેલ્લા ચાર દિવસથી હું રેકોર્ડ શોધું છું કે લોડસેડિંગ ક્યારથી આવ્યું? પણ એ લોકો એની વિગતો કાઢી નથી શક્યા કારણ કે કોંગ્રેસની સરકારે જ્યારથી રાજ કર્યું ત્યારથી લોડસેડિંગ છે. અને બીજું આ વીજળી વેચવાનું મૂળ કારણ એ છે કે, (અંતરાય) વીજળી વિષય એવો છે કે સભ્યશ્રીએ જાણવું પડે કે વીજળીનો સંગ્રહ થઇ શક્તો નથી. વીજળીનો વપરાશ વધે અને આપણી પાસે વીજળી ન હોય તો સબસ્ટેશન બંધ કરવા પડે એને કહેવાય લોડસેડિંગ અને વીજળી વધારે હોય અને માંગ ઓછી હોય ત્યારે પાવર જનરેશન બંધ કરવા પડે છે એવા સમયમાં આપણે વીજળી વેચતા હોઇએ છીએ અને કેન્દ્ર સરકારે ૨૦૦૩માં જે ઇલેક્ટ્રિસિટી એક્ટ બહાર પાડ્યો એ ઇલેક્ટ્રિસિટી એક્ટ દ્વારા ટ્રેડિંગની મંજૂરી આપી અને એના કારણે કોંગ્રેસ શાસિત રાજ્યોએ કાગળો લખ્યા અને ગુજરાતને એમ કહ્યું કે તમે સરપ્લસ સ્ટેટ છો તમે અમને વીજળી આપો અને અમને મુશ્કેલીમાંથી બહાર કાઢો. રાજસ્થાનને વેચી ૨૭ મિલિયન યુનિટ, ૬૮ મિલિયન યુનિટ, ૧૧૨ મિલિયન યુનિટ. મહારાષ્ટ્રને વેચી, દિલ્હીને વેચી, આંન્ધ્રપ્રદેશને વેચી, હરિયાણાને વેચી એમ જોઇએ તો ૨૦૦૯માં ૧૨૮૨ મિલિયન યુનિટ વીજળી વેંચી. ૨૦૧૦માં ૩૫૦૦ મિલિયન યુનિટ વેંચી, ૨૦૧૧માં , ૫૧૦૫ મિલિયન યુનિટ વેંચી. આ પ્રમાણે કોંગ્રેસ શાસિત રાજ્યો અને અન્ય રાજ્યોની વિજ માંગ પૂરી પાડવા એમના કાગળો આવ્યા એમણે બીડ પાડ્યું એના માટે સાહેબ, વીજળી આપી છે.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ પોતેજ કબૂલ કર્યું અમે તો એમ માનતા હતા કે ગુજરાતની અંદર નોન ડાર્કઝોન તાલુકામાં માત્ર ૫ લાખ કનેકશનો બાકી છે. માનનીય મંત્રીશ્રીએ સ્વીકાર્યું કે ૬ લાખ કનેકશનો બાકી છે. અને ૨૦૦૩ પછી જે ડાર્કઝોન તાલુકાઓ છે જે તાલુકામાંથી હું પણ આવું છું ૨૦૦૩ પછી અરજી જ લેવાય નથી અને માનનીય મંત્રીશ્રીએ સ્વીકાર્યું કે ૫૦ હજાર કનેકશનો આપ્યા છે અને ૩ વર્ષ માટે એમણે એક લાખ કનેકશનની જોગવાઇ કરી છે એટલે એમના કહેવા પ્રમાણે એક વર્ષના ૩૩ હજાર થવાના તો આપ દસ લાખની ડિમાન્ડની સામે ૩૩ હજાર કનેકશનો આપવાના છો એમ તમે પોતે સ્વીકારો છો. નંબર–ટુ માનનીય મંત્રીશ્રીએ એક કહ્યું કે, અમે કોંગ્રેસ શાસિત

રાજ્યોમાં વીજળી આપીએ છીએ. કેન્દ્ર સરકારની ૪૦૦૦ મેગેવોટ સસ્તી વીજળી આપણે ઉદ્યોગોને આપીએ આપણી મોંઘી વીજળી બીજા રાજ્યો ખરીદે અને બીજા રાજ્યો એજ વીજળી સસ્તા ભાવે ખેડુતોને આપે વધારે કલાકો આપે. એ જ રીતે હું એ કહેવા માગુ છું કારણ કે આપ જાહેરાત બહુ કરો છો. પંજાબમાં જઇને એમ કહો કે મારો ગુજરાતનો ખેડૂતો ૨૪ કલાક વીજળી મેળવે છે અને દર વર્ષે નવી મારુતિ લે છે તો ૮ કલાક શા માટે આપો છો? અહીંયા સાણંદની અંદર ટાટાને જોઇતી હોય વીજળી તો ૨૨૦ કે.વી.નું સબસ્ટેશન, ૬૬ કે.વી.ના બે સબસ્ટેશન નીરાબેન આવીને સહી કરી જાય તો એને આપો છો અને અહીંયા દસ લાખ ખેડૂતોને જોઇએ છે તો એમાં તમે ભાષણો છો અને અમને સંભળાવો છો. સાહેબ, એમણે બહું વાત કરી છે એમાં મારે પ્રશ્ન પૂછવો છે કે જે રીતે આંધ્રની અંદર મિટર વગરના ચાર્જ લીધા વગર અને પંજાબની અંદર એક પૈસો ચાર્જ લીધા વગર વીજળી આપવામાં આવે છે એજ રીતે ગુજરાતની અંદર મિટર વગરનું કનેકશન અને વીજળી ૧૬ કલાક આપવા માગો છો કે કેમ? બહાર પંજાબમાં જઇને ભાષણ કરી આવ્યા હતા. નંબર ટુ, ટી.સી.નો ચાર્જ પણ લો છો આપ, આદિવાસીઓના નામે સર્વિસ કનેકશનની વાત કરી છે ત્યારે જે ટ્રન્સફોર્મર સેન્ટરો છે એના પૈસા પણ લો છો. આદિવાસી એરિયાની અંદર ટોટલ વિજ કનેકશનનો ખર્ચ ૧ લાખથી માંડીને ૫ લાખ રુપિયા સુધી આવે છે. માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને પૂછવા માગુ છું આપના મારફત કે, અહીંયા ગુજરાતની અંદર ૩૩ હજાર કનેકશનો વરસની અંદર આપવાની વાત કરી છે અને ઇલેક્ટ્રિસિટી ડ્યુટીમાં એમ કહ્યું છે કે અમે ૨૦૦ કરોડ રુપિયા ઓછા કર્યા અને છતાં આખા હિન્દુસ્તાનમાં સૌથી મોંઘી વીજળી ગુજરાતમાં છે ત્યારે આપના મારફત મારે એટલું જ પૂછવું છે કે એસ્સાર કંપની ઉપર સુરતમાં વિજ ચોરીનો જે કેસ થયેલો છે એમાંથી ૧૮૦૦ કરોડ લેવાના બાકી છે એ લઇ અને ખેડૂતોને મફત વીજળી આપવા માગો છો કે કેમ, અને ૧૬ કલાક વીજળી આપવા માગો છો કે કેમ?

શ્રી સૌરભભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીને પહેલા જ સ્પષ્ટ મેં કહ્યું કે ૪ લાખ ૬૦ હજાર કનેકશનો પેન્ડીંગ છે તો પણ તેઓ ૧૦ લાખનું છોડતા નથી. બીજું મારે એમને કહેવું છે કે તમારી કોંગ્રેસની સરકાર રાજસ્થાનને આપણે ૮ રૂપિયા ૫૧ પૈસે યુનિટ વેચી, મહારાષ્ટ્ર ૭ રુપિયા ૭૦ પૈસે, દિલ્હી ૯ રુપિયા ૫૨ પૈસા, આન્ધ્રપ્રદેશ ૭ રુપિયા ૬૬ પૈસાના ભાવે વીજળી વેંચી આમ, સસ્તી વીજળી મોંઘી વીજળી એવું હોતું નથી. (અંતરાય)

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી જ્યારે લાંબો પ્રશ્ન પૂછે છે તો મંત્રીશ્રીના પણ લાંબા જવાબ આવશે. એમનો જવાબ સંપૂર્ણ આવશે જ. માનનીય સભ્યશ્રીએ જે પ્રશ્ન પૂછ્યો છે એનો જવાબ આવશે જ. (અંતરાય) જ્યારે માનનીય સભ્યશ્રી લાંબા લાંબા પ્રશ્નો પૂછી શકતા હોય તો મંત્રીશ્રીના પણ લાંબા જવાબો આવશે. એમનો જવાબ આવશે. અર્જુનભાઇએ જે સ્પેસિફિક પ્રશ્ન પૂછયો છે એનો જવાબ આવશે. પ્લીઝ માનનીય મંત્રીશ્રી આપ જવાબ આપવાનું ચાલુ રાખો.

શ્રી સૌરભભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારે સ્પષ્ટ પણે કહેવું છે કે જ્યારે નર્મદાનું પાણી તમે એક બકેટમાં નાંખો અને કૂવાનું પાણી એક બકેટમાં નાંખો પછી આપણે કહી શકીએ કે ક્યુ પાણી ક્યુ કહેવાય? માનનીય સભ્યશ્રીને સવાલ પૂછનારાને એટલો તો ખ્યાલ હોવો જોઇએ કે વીજળી ટ્રાન્સમીશન લાઇનમાં જાય પછી બધી એક જ થઇ જાય. પછી એમ ન કહી શકાય કે આ મોંઘી વીજળી અને આ સસ્તી વીજળી. આજે ૪ રુપિયાને ૪૧ પૈસા છે એ ૪ રુપિયાને ૪૧ પૈસાની સામે ખેડુતોને શું ભાવે વીજળી આપીએ છીએ એ મારે આપને માહિતી આપવી છે. (અંતરાય)

અધ્યક્ષશ્રી : ઓર્ડર, ઓર્ડર. પ્લીઝ. માનનીય નીતિનભાઇ, સિધ્ધાર્થભાઇ આપ બેઠા બેઠા કોમેન્ટ ના કરો.

શ્રી સૌરભભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ભાવ ટેરિફ રેગ્યુલેટર નક્કી કરતું હોય છે. ૧૬૮૦ રૂપિયા હોર્સ પાવરના રેગ્યુલેટરીએ ૩૧-૩-૨૦૧૦ એ ૧૯૨૦ કર્યા, ૬-૯-૨૦૧૧ એ ૨૧૦૦ કર્યા આ ૨૧૦૦ હોર્સ પાવરની સામે આપણે સાડા સાત હોર્સ પાવરની મોટર હોય તો માત્ર રૂપિયા ૬૬૫ લઇએ છીએ અને સાડા સાત હોર્સ પાવરની ઉપર હોય તો માત્ર રૂપિયા ૮૦૭ લઇએ છીએ અને આ જે ડિફરન્સ છે એ ડિફરન્સની કુલ સબસીડી આજની તારીખમાં ત્રણ જાતની જે સબસીડી છે એ સબસીડીનો આંકડો ૩૦૦૦

કરોડે પહોંચ્યો છે. એટલે આપણી સબસીડી વાર્ષિક ૩૦૦૦ કરોડ રૂપિયા થાય છે. માનનીય અધ્યક્ષશ્રી, મારે વધારે વાત કહેવી છે આ સભાગૃહને કોલસાના ભાવ વધ્યા કેટલા વધ્યા? ૧-૪-૨૦૦૬ એ ૯૭૫ હતા એ અત્યારે ૧૫૮૫ થયા ૬૦૯ રૂપિયા વધ્યા, ફ્રેટ ૧૦૦૯ના ૧૩૬૪ થયા વધારો ૩૫૫નો થયો આવી રીતે ૧૯૧૯ કરોડનું નવું ભારણ આવ્યું એનો ફ્યુઅલ સરચાર્જ ૧ રૂપિયોને ૫૭ પૈસા થાય છે આ ૧ રૂપિયોને ૫૭ પૈસા થાય છે એ અમે મોટા ઉદ્યોગો પાસેથી લઇએ છીએ માનનીય અર્જુનભાઇ, પણ ખેડૂતો પાસેથી નથી લેતા અને આનો સંપૂર્ણપણે બોજો રાજ્ય સરકાર ભોગવે છે અને માનનીય અધ્યક્ષશ્રી, મારે બીજી પણ વાત કરવી છે કે, બીજી વાત કરવી છે કે માનનીય અર્જુનભાઇ કહે છે દાખલા આપે છે કે હરિયાણામાં આ પ્રમાણે થઇ રહ્યું છે, પંજાબમાં થઇ રહ્યું છે મારે કહેવું છે કે આ ઇલેકટ્રીસિટી એકટ-૦૩નો કાયદો હું લઇને આવ્યો છું અને કાયદાની અંદર લખ્યું છે "No license shall supply electricity except through installation of a correct meter in accordance with the regulation" માનનીય અધ્યક્ષશ્રી, આ ભારત સરકારનો કાયદો છે અને તેમને માહિતી જોઇતી હોય હરિયાણાની અંદર આજની તારીખમાં, ગઇકાલે તેમણે હરિયાણાની વાત કરી હતી હરિયાણામાં મીટર કન્ઝ્યુમર ૨,૮૯,૮૧૭ અને અન મીટર કન્ઝ્યુમર એટલે જૂનું એચ.પી.નું ૨,૪૬,૦૦૦ એટલે આ સ્પષ્ટપણે બતાવે છે કે આપે આ હાઉસની અંદર હરિયાણાની વાત કરી હતી કે મીટર વગર કનેકશન આપે છે તે સત્ય નથી તે સાવ ખોટી વાત છે. અને આ કાયદો ઇલેકટ્રીસિટી એકટ-૦૩નો સ્પષ્ટપણે કહે છે શું કોઇ કોંગ્રેસની સરકારમાં તાકાત છે કે આ કાયદા વિરૂધ્ધ કામ કરી શકે.

અધ્યક્ષશ્રી : મહત્વનો ખેડૂતોનો પ્રશ્ન છે એટલે ખૂબ ચર્ચા થઇ ગઇ છે. પ્લીઝ હવે તેને આપણે ટૂંકાવીએ.

શ્રી સૌરભભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારે એક વિષયની ખાલી વાત કરવી છે કે વીજળીનું ઉત્પાદન કરવું તે વિષય નાનો નથી. વીજળીનું ઉત્પાદન કરવું હોય તો ઇન્ફ્રાસ્ટ્રકચરની જરૂર પડે છે. અને મારે દાખલો આપવો છે કે, સૌથી વધારે વીજ ઉત્પાદન કર્યુ હોય તો એ વીજ ઉત્પાદન આ સરકારે કર્યુ છે. હું દાખલો આપું કે એક વર્ષની અંદર ૪૫૮૩ મેગાવોટનું નવ વીજ ઉત્પાદન ઉભું થવાનું છે જેથી ૩૩ ટકા જેટલું વીજ ઉત્પાદન વધશે. આજની તારીખમાં કુલ રાજસ્થાનમાં ઉત્પાદન ૮૪૦૦ મેગાવોટ છે, હરિયાણામાં ૮૫૦૦ છે , કેરાળામાં ૩૫૦૦ છે, દિલ્હીમાં ૩૬૦૦ છે એનાથી વધારે વીજ ઉત્પાદન અમે આ રાજયોની અંદર માત્ર એક વર્ષમાં કરવાના છીએ એટલે વીજળી વિશે સલાહ આપવાનું બંધ કરો અને સલાહ આપવી હોય તો બીજા રાજયોમાં જઇને સલાહ આપો.

અધ્યક્ષશ્રી :આના પછી કોઇપણ સભ્યશ્રી પ્રશ્ન ના પૂછતાં સમય ઘણો થઇ ગયો છે.

શ્રી શકિતસિંહ હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રશ્રી પાસેથી હું બે બાબત જાણવા માંગુ છું. આપણે ઇલેકટ્રીસિટી ડયુટી બહુ વધારે લઇએ છીએ અને તેને ઘટાડવી જોઇએ તે વાત સાચી છે ? તામિલનાડુંમાં ૧ રૂપિયો ૨૦ પૈસા, કર્ણાટકમાં ૨.૬૧, હિમાચલમાં ૨.૧૬, મહારાષ્ટ્રમાં ૨.૭૦, પંજાબમાં ૨.૪૭ અને ગુજરાતમાં ૩ રૂપિયા અને ૪૮ પૈસા પર યુનિટ આપણે ચાર્જ લઇએ છીએ તે વાત ખરી ?

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી કહે છે ૬,૪૮,૦૦૦ માત્ર પેન્ડિંગ છે. આપે ૨૦૦૩ પછી, આપે જ કહ્યો છે આંકડો ભાઇ આ મારો નથી એક પણ ડાર્કઝોનમાં અરજી જ તમે લીધી નથી આ દસ વર્ષની અરજી ગણશો તો બીજા પાંચ લાખ ઉપર થાશે એટલે ૧૦ થી ૧૨ લાખ કનેકશન પેન્ડિંગ. હું એ જાણવા માંગુ છું કે, બહારના કોંગ્રેસના રાજયો તમારી વીજળી વેચાતી લઇને ખેડૂતોને આપવાનો પ્રયત્ન કરે છે ત્યારે તમે તમારા રાજયમાં પૂરતી વીજળી ખેડૂતોને આપવા માગો છો કે કેમ ? અને અદાણી જેવા એ કોન્ટ્રેકટ સમયસર જેટલી વીજળી જે ભાવે કરવી જોઇએ તે હવે આપવાની ના પાડે છે તેવા ઉદ્યોગપતિને તમે કોઇ પણ જાતની સુવિધા નહીં આપો અને બ્લેક લિસ્ટ કરશો એવી તૈયારી છે ખરી ?

શ્રી સૌરભભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, પહેલા હું એક ખુલાસો કરું, ચોખવટ કરું. પેન્ડિંગ કનેકશન ૪,૬૦,૨૪૯ છે. (સતત અંતરાય)

અધ્યક્ષશ્રી : એમનો જવાબ સાંભળો પ્લીઝ. માનનીય શકિતસિંહ, પ્લીઝ.

શ્રી શકિતસિંહ હ. ગોહિલ : એમણે ૬ લાખ કહ્યાં.

અધ્યક્ષશ્રી : એ જવાબ આપશે. જે બોલ્યા હશે એ રેકર્ડમાં હશે.

શ્રી સૌરભભાઇ પટેલ ઃ અરે શકિતસિંહ, મને બોલવા દો. મને ચોકકસ ખાતરી છે કે હું અગર ભૂલચૂકથી આંકડો વધારે બોલ્યો હોઇશ અને એમાં સુધારો સાચો કરીશ તો સભ્યશ્રીને આનંદ થવો જોઇએ. હું ફરીથી રીપીટ કરું. આજની તારીખમાં મારા મંત્રીશ્રીએ મને કીધું કે હું ૬,૪૦,૦૦૦ બોલ્યો હતો. હકીકતમાં Slip of the tongue થઇ ગઇ હશે. હકીકતમાં ૪,૬૦,૨૪૯ છે. ચાર લાખ, સાંઇઠ હજાર, બસ્સોને ઓગણપચાસ. આની અંદર ડાર્ક ઝોન આવી ગયું. આની અંદર ટ્રાયબલ આવી ગયું. બધું જ આવી ગયું. તમને આનંદ થવો જોઇએ. શકિતસિંહજી, આપણે ખેડૂતોની ચિંતા કરીએ છીએ.

અધ્યક્ષશ્રી : માનનીય સૌરભભાઇ, મારી તરફ જોઇને જવાબ આપો.

શ્રી સૌરભભાઇ પટેલ ઃ એમણે ઇલેકટ્રીસિટી ડયૂટીની વાત કરી. માનનીય શકિતસિંહ ઉર્જામંત્રી હતા ત્યારે ખેડૂતો પર ઇલેકટ્રીસિટી ડયૂટી કેટલી હતી? ૫ ટકા હતી એ ખેડૂતોની આ સરકારે સંપૂર્ણપણે નાબૂદ કરી. એમના સમયમાં મહત્તમમાં મહત્તમ ઇલેકટ્રીસિટી ડયૂટી ૬૦ ટકા હતી અને ૪ ટકા ટેકસ લેતા હતા. આજે તમારે કોઇ અધિકાર નથી બોલવાનો. આ સરકારે એ મહત્તમ ડયૂટી ૨૫ ટકા કરી છે. અને આ વર્ષે ૨૦૦ કરોડ રૂપિયાની રાહત આપી છે. એટલે કે તમે કરેલા વધારા અમે ઘટાડીએ છીએ. તમે કરેલા વધારા. આ પ્રમાણેની પરિસ્થિતિ છે. અને ત્રીજો સવાલ. એમણે જે અદાણીની વાત કરી. (સતત અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, એમણે જે અદાણીની વાત કરી. મારે આ હાઉસમાં સ્પષ્ટપણે વાત કરવી છે કે અદાણીને વીજળી આપવાનું કહેવા માટે આ સરકાર રેગ્યુલેટર પાસે ગઇ અને કેસ જીતી ગઇ. નંબર ટુ. એમણે દિલ્હીમાં સેન્ટ્રલ ફાઇલ કર્યુ. આપણે લડત લડી. આપણે કેસ જીતી ગયા અને અદાણીએ પાવર આપવાનું ચાલું કર્યુ છે. બીજું માનનીય અધ્યક્ષશ્રી..(સતત અંતરાય)

અધ્યક્ષશ્રીઃ માનનીય સૌરભભાઇ, આપ બોલવાનું ચાલુ રાખો. (સતત અંતરાય)

શ્રી સૌરભભાઇ પટેલ) : માનનીય અધ્યક્ષશ્રી, ફુગ્ગો ફૂટી ગયો. ફુગ્ગો ફૂટી ગયો. (સતત અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, ૨૫ ધારાસભ્યશ્રીઓએ સવાલ પૂછયો. ૨૫ ધારાસભ્યશ્રીઓએ સવાલ પૂછયો હતો. ૨૫ સભ્યશ્રીઓને સાચી માહિતી મળી ગઇ. હું આ હાઉસમાં કહેવા માગું છું કે આ પ્રશ્નની અંદર...(સતત અંતરાય) એક મોટો..(સતત અંતરાય)..

**અધ્યક્ષશ્રીઃ** ઓર્ડર, ઓર્ડર. પ્લીઝ. આપના નેતાશ્રીના પ્રશ્નનો જવાબ આપી રહ્યાં છે. પ્લીઝ. માનનીય મંત્રીશ્રી આપના નેતાશ્રીના પ્રશ્નનો જવાબ આપી રહ્યાં છે. પ્લીઝ.

શ્રી સૌરભભાઇ પટેલ: માનનીય અધ્યક્ષશ્રી, સંપૂર્ણપણે કોશિશ કરવામાં આવશે કે આ વર્ષે જે કોઇ એગ્રીકલ્ચર કનેકશન આપવામાં આવશે એના માટે વધારે સરસ મહેનત કરીશું. ખેડૂતોની ચિંતા બને એટલી જલ્દી આપણે દૂર કરીશું.

## નવી ઔદ્યોગિક નીતિ હેઠળ અમદાવાદ જિલ્લાના ઔદ્યોગિક એકમોને વ્યાજ સહાય

* **૨૪૮૦૦ શ્રી વલ્લભભાઇ ગો. કાકડીયા(રખિયાલ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

(૧) અમદાવાદ જિલ્લામાં નવી ઔદ્યોગિક નીતિ હેઠળ સન ૨૦૧૧માં કેટલા એકમોને વ્યાજ સહાયનો લાભ આપવામાં આવ્યો, અને

(૨)તેની પાછળ ઉકત સ્થિતિએ કેટલી રકમનો ખર્ચ થયેલ છે?

**મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ)ઃ

(૧) અમદાવાદ જિલ્લામાં નવી ઔદ્યોગિક નીતિ હેઠળ સને ૨૦૧૧માં ૧૪૧૪ ઔદ્યોગિક એકમોને વ્યાજ સહાયનો લાભ આપવામાં આવ્યો.

(૨) રૂ.૧૬૪૯.૭૬ લાખની વ્યાજ સહાયની ચૂકવણી કરવામાં આવેલ છે.

તા.૨જી માર્ચ, ૨૦૧૨
તારાંકિત પ્રશ્નો

શ્રી વલ્લભભાઇ ગો. કાકડીયા :માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લા અઢી વર્ષમાં અમદાવાદ જિલ્લા ઉદ્યોગ કેન્દ્રમાં મારા વિસ્તારમાંથી ૨૭૬૭ ગરીબ અને મધ્યમ વર્ગની બહેનોએ લોન લેવા માટે અરજી કરેલ હતી. આ લોનની રકમ હતી ૧,૮૭,૭૨,૦૭૫ અને એ ૨૭૬૭ બહેનોની બધી જ લોન જિલ્લા ઉદ્યોગ કેન્દ્રએ મંજૂર કરેલ છે અને ૪૨,૨૩,૬૩૬ રૂપિયાની સબસીડી પણ આ બહેનોને મળી ગયેલ છે. આ માટે હું માનનીય ઉદ્યોગમંત્રીશ્રી અને માનનીય મુખ્યમંત્રીશ્રીનો આભાર માનું છું. માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે નવી ઔદ્યોગિક નીતિ હેઠળ વ્યાજ સહાય મેળવવા માટે ૨૦૧૧માં કેટલી અરજીઓ મળી અને કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી. અને કેટલી અરજીઓ રદ કરવામાં આવી તથા રદ કરવાના કારણો શું છે?

શ્રી સૌરભભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, અમદાવાદ જિલ્લામાં કુલ ૯૦૮ અરજીઓ મળી હતી અને આ ૯૦૮ અરજીઓમાંથી શરૂઆતમાં ૬૪૫ અરજીઓ મંજૂર કરવામાં આવી અને ૭ અરજીઓ રદ કરવામાં આવી હતી. જયારે ૨૫૬ અરજીઓ ફરીથી અરજદારને વધારાની માહિતી આપવા માટે પાછી મોકલવામાં આવી હતી. આ ૨૫૬ અરજીઓમાંથી અરજદાર તરફથી વધારાની માહિતિ સાથે આવેલ અરજીઓ પૈકી ૨૦૮ અરજીઓ મંજૂર કરવામાં આવી હતી. અને ૪૮ અરજીઓ હજુ લેક ઓફ ઇન્ફોર્મેશનના કારણે પડતર છે. આમ ૬૪૫ પહેલા સ્ટેજે અને ૨૦૮ બીજા સ્ટેજે એમ કુલ ૮૫૩ અરજીઓ મંજૂર કરવામાં આવેલ છે. અને ૭ અરજીઓ રદ કરવામાં આવેલ છે. જયારે ૪૮ અરજીઓ હજુ પણ પૂરતી માહિતી પૂરી નહીં પાડી હોવાને કારણે પડતર છે. જે અરજીઓ કેન્સલ કરવામાં આવી છે તેના મૂળ કારણો છે તેમાં સર્વિસ સેકટરમાં અરજી કરેલ હોય, ઘણી અરજીઓ જૂની મશીનરી માટે કરેલી હોય, સમય મર્યાદાની બહાર અરજી કરેલ હોય, જે કાગળો મોકલવાનાં હોય તેમાં બેંકનો સેંકશન લેટર મોકલેલ ન હોય, રોજગારી આપવાની હોય તે માટેની એફિડેવીટ ન કરી હોય, સરકારની સામે કોઇ કેસ ચાલતા નથી તેવી જાણ ન કરી હોય, જી.પી.સી.બી.નું એન.ઓ.સી. ન જોડેલ હોય, ગવર્નમેન્ટ ડયુઝ હોય કે ન હોય તે અંગેની ચોખવટ ન કરી હોય આવા જુદા જુદા કારણો હોવાને કારણે અરજીઓ પેન્ડિંગ રાખવામાં આવેલ છે.

શ્રી પ્રાગજીભાઇ ના. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી હું એ જાણવા માગું છું કે નવી ઔદ્યોગિક નીતિ હેઠળ કયા પ્રકારના ઉદ્યોગોને વ્યાજ સહાય મંજૂર કરવામાં આવે છે. અને વ્યાજ સહાય આપવાના ધોરણો શું છે અને તેની પ્રોસીઝર શું છે?

શ્રી સૌરભભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ માઇક્રો, સ્મોલ અને મિડીયમ એન્ટરપ્રાઇઝ માટેની વ્યાજ સહાયની સબસીડી છે. માઇક્રો એટલે ૨૫ લાખ સુધીનું રોકાણ પ્લાન્ટ એન્ડ મશીનરીમાં હોય તે, બીજું સ્મોલમાં ૨૫ લાખથી ૫ કરોડ સુધીનું અને મીડીયમ એટલે ૫ કરોડથી ૧૦ કરોડ સુધીનું એટલે મેકસીમમ દસ કરોડ સુધીની મર્યાદા બંધાયેલી છે. માઇક્રોને ૭ ટકા વ્યાજમાં રાહત આપવામાં આવે છે. સ્મોલ અને મિડીયમને ૫ ટકા સુધીની રાહત આપવામાં આવે છે. માનનીય અધ્યક્ષશ્રી આ લોકોએ ડી.આઇ.સી.માં એન્ટરપ્રીનીયોર્સ મેમોરેન્ડમ ફાઇલ કર્યુ હોય તો જ એમની એપ્લીકેશન સ્વીકારવામાં આવે છે. આ યોજનામાં એકઝીસ્ટીંગ યુનિટ હોય અને એકસ્પાન્સન કરવું હોય તો ૫૦ ટકા સુધીમાં વધારે એકસ્પાન થયું હોય તો જ તેની ગણતરી કરવામાં આવે છે. મોર્ડનાઇઝેશન અને ટેકનોલોજી અપગ્રેડેશન કરવું હોય તો એકઝીસ્ટીંગ પ્લાનમાં ૨૫ ટકા સુધી આ પ્રમાણેનું વધારે ઇન્વેસ્ટમેન્ટ કર્યુ હોય તો તે એમાઉન્ટ ઉપર લાભ મળે છે. ૭ ટકા માઇક્રો એન્ટરપ્રાઇઝને અને ૫ ટકા સ્મોલ અને મિડીયમ એન્ટરપ્રાઇઝને આ સહાય મળે છે. એ જ રીતે ૧ ટકા એડિશનલ ઇન્ટરેસ્ટ યુવાનોને આપવામાં આવે છે. અને સૌથી વધારે એટલે કે મેકસીમમ ઇન્ટરેસ્ટ સબસિડી ૨૫ લાખ પર એનમ સુધીની આપવામાં આવે છે. અને પાંચ વર્ષ સુધી એમને વ્યાજ સહાય મળે તે પ્રમાણેનું માળખું ગોઠવાયેલું છે. આ આખા રાજય માટે છે અને કોઇ પણને ઇન્ટરેસ્ટ સબસિડી પેનલ ઇન્ટરેસ્ટ કે અધર ચાર્જીસમાં આપવામાં આવતી નથી. બીજું કે સીધા બેંકને જ આ પૈસા ચૂકવવામાં આવે છે. અને આર.બી.આઇ.એ જે બેંકો મંજૂર કરી હોય ફાઇનાન્સિયલ ઇન્સ્ટીટયૂશન તરીકે એપ્રુવલ આપી હોય તે જ બેંકોને સ્વીકારીએ છીએ. બીજું જે યુનિટ છે તેમણે લોનના ફર્સ્ટ ઇન્સ્ટોલમેન્ટથી એક વર્ષનો એલીઝીબીલીટી ક્રાઇટેરીયા કમ્પ્લીટ કરવો પડતો હોય છે. અને પ્રોડકશન ચાલુ કરે પછી આપણે તેને આ મદદ કરતા હોઇએ

છીએ. બીજી કન્ડિશન મેં કહ્યું તેમ તેમણે રેગ્યુલર ઈન્સ્ટોલમેન્ટ ભરવા પડે અને તે ડિફોલ્ડર ન થાય તે જોવું પડે.

અધ્યક્ષશ્રીઃ પ્રશ્નોતરીનો સમય પૂરો થાય છે.

# અતારાંકિત પ્રશ્નો

## (તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ)

### ભાવનગર જિલ્લામાં માનવ કલ્યાણ યોજનાનાં લાભાર્થીઓ

૨૪૭૦૪ **શ્રીમતી વિભાવરીબેન વિ. દવે(ભાવનગર શહેર ઉત્તર): માનનીય કુટિર ઉદ્યોગ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) ભાવનગર જિલ્લામાંથી માનવ કલ્યાણ યોજના અન્વયે સને ૨૦૧૦–૧૧માં અને ૨૦૧૧–૧૨માં તા.૩૧–૧૨–૧૧ સુધીમાં કેટલા લાભાર્થીઓને લાભ આપવામાં આવેલ છે, અને

(૨) આ સમયગાળા દરમ્યાન તે અન્વયે કેટલો ખર્ચ થયેલ છે?

**જવાબ**

(૧) અને (૨)

| વર્ષ | મંજૂર કરાયેલ અરજીઓ | વિતરણ કરાયેલ કીટ | ખર્ચ રકમ (` લાખમાં) |
|---|---|---|---|
| ૨૦૧૦–૧૧ | ૧૪૩૨ | ૧૩૮૮ | ૬૯.૪૦ |
| ૨૦૧૧–૧૨ (તા.૩૧–૧૨–૨૦૧૧ સુધીમાં) | ૧૭૮૯ | ૧૭૫૦ | ૮૭.૫૦ |

---------

### નર્મદા અને ડાંગ જિલ્લામાં કૃષિ વીજ જોડાણની પડતર અરજીઓ

૨૪૩૫૩ **શ્રી અમરસિંહ રા. વસાવા( દેડીયાપાડા): માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

નર્મદા અને ડાંગ જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ કૃષિ વીજ જોડાણ મેળવવા માંગતા ખેડૂતોની કેટલી અરજીઓ પડતર છે?

**જવાબ**

તા.૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ નર્મદા જિલ્લામાં ૨૯૦૦ તથા ડાંગ જિલ્લામાં ૬૬૯ કૃષિ વિષયક વીજ જોડાણની અરજીઓ પડતર છે.

---------

### સાબરકાંઠા જિલ્લામાં પોલીસ ખાતાના રહેણાંક/બિન રહેણાંકના મકાનોની મરામત

૨૪૮૨૫ **શ્રી દિલીપસિંહજી વ. પરમાર( મોડાસા): માનનીય મુખ્યમંત્રીશ્રી** (પોલીસ આવાસો) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) સાબરકાંઠા જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં પોલીસ ખાતાના રહેણાંક તેમજ બિન રહેણાંકના કેટલા મકાનોની મરામત અને જાળવણીની કામગીરી કરવામાં આવી, અને

(૨) આ કામગીરી પાછળ કુલ કેટલી રકમનો ખર્ચ થયેલ છે?

**જવાબ**

(૧) રહેણાંકના કુલ ૨૨૯ અને બિનરહેણાંકના કુલ ૦૭ મકાનો.

(૨) કુલ ` ૮૧.૪૫ લાખ.

---------

### કોડીનાર તાલુકામાં ખનિજ ચોરીના બનાવો

૨૫૯૭૭ **શ્રી ધીરસિંહ ક. બારડ(કોડીનાર): માનનીય મુખ્યમંત્રીશ્રી** (ખાણ અને ખનિજ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) જુનાગઢ જિલ્લાના કોડીનાર તાલુકામાં તા. ૩૧–૧–૨૦૧૨ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં શિંગોડા નદીમાં વેલણ, સરખડી અને ડોળાસા ગામોમાં રેતીની અને બેલા પથ્થરની ખનિજ ચોરી થઈ રહેલ છે તેવી કેટલી ફરીયાદો મળેલ છે,

**જવાબ**

(૧) ૧૨ ફરિયાદો મળેલ છે.

(૨) ઉકત સ્થિતિએ શિંગોડા નદીમાં તેમજ વેલણ, સરખડી અને ડોળાસા ગામે કયા કયા ઈસમોને કેટલા સમય સુધીની રેતીની અને બેલા પથ્થરોની લીઝો આપવામાં આવેલ છે,

(૨) પત્રક–૧ અને પત્રક–૨ સામેલ છે.

(૩) ઉકત સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કેટલીવાર ખનિજચોરીનું ચેકીંગ થયેલ છે અને ચેકિંગ દરમ્યાન કઈ કઈ વ્યકિતઓ સામે શા પગલા ભરેલ છે, અને

(૩) કુલ સાત વાર ચેકીંગ કરવામાં આવેલ તે અન્વયે લીધેલ પગલાની વિગત પત્રક–૩માં સામેલ છે.

(૪) રેતીની અને બેલા પથ્થરની ખનિજચોરી અટકાવવાનું સરકારનું શું આયોજન છે?

(૪)

- કર્મચારી/અધિકારીની જવાબદારી નક્કી કરતો પરિપત્ર.
- ટાસ્કફોર્સ/ગ્રીવાન્સ રીડ્રેસલ કમિટિની રચના.
- બ્લોક પધ્ધતિથી ઉપલબ્ધ વિસ્તાર પબ્લીક ડોમેનમાં મુકી પારદર્શક પધ્ધતિથી નિકાલ.
- પુરસ્કાર યોજના (માહિતી આપનારને)
- કંન્ટ્રોલરૂમ ૨૪ x ૭.

**પત્રક–૧**

**જુનાગઢ જિલ્લાના કોડીનાર તાલુકાના શિગોડા નદીમા આવેલ સાદી રેતી ખનિજની લીઝોની યાદી**

| અ.નુ. | લીઝ ધારકનું નામ | લીઝ મુદતની છેલ્લી તારીખ |
|---|---|---|
| ૧ | જાદવ મનુ મેરામણ | ૧૦–૦૮–૨૦૧૩ |
| ૨ | દીલિપ બાબુ ગોહિલ | ૧૦–૦૮–૨૦૧૨ |
| ૩ | રાયસિહ બાલુ ગોહિલ | ૨૦–૧૦–૨૦૧૨ |
| ૪ | રાયસિહ બાલુ ગોહિલ | ૨૦–૧૦–૨૦૧૩ |
| ૫ | લખમણ નારણ બારડના વારસદાર દિલિપ લખમણ | ૨૬–૦૪–૨૦૦૮ |
| ૬ | રાઠોડ મનુ રાયસિંગ | ૨૬–૦૪–૨૦૧૪ |
| ૭ | ભગવાન બાબુ ડોડીયા | ૨૬–૦૪–૨૦૧૪ |
| ૮ | પ્રતાપ હમીર સોલંકી | ૨૬–૦૪–૨૦૧૪ |

**પત્રક–૨**

**જુનાગઢ જિલ્લાના કોડીનાર તાલુકાના ડોળાસા ગામમાં બિલ્ડિંગ લાઈમસ્ટોન ખનિજની લીઝોની યાદી**

| અ.નુ. | લીઝ ધારકનું નામ | લીઝ મુદતની છેલ્લી તારીખ |
|---|---|---|
| ૧ | જેઠા ભગવાન મોરી | ૦૩–૦૬–૨૦૦૭ |
| ૨ | ધીરુ અરજણ મોરી | ૩૧–૦૭–૧૯૯૭ |
| ૩ | માલા ભીખા મોરી | ૨૩–૦૫–૨૦૦૬ |
| ૪ | ભાવસિંહ અરજણ | ૧૧–૦૯–૨૦૦૦ |
| ૫ | મનોજ હાજા મોરી | ૨૨–૦૩–૨૦૧૪ |

*** વેલણ અને સરખડી ગામે બિલ્ડીંગ લાઈમસ્ટોનની કોઈ લીઝ આપેલ નથી.**

**પત્રક–૩**

**કોડીનાર તાલુકાના વેલણ, સરખડી, ડોળાસામાં પકડવામાં આવેલ ખનિજચોરીની વિગત**

| અ.નુ. | કસુરદારનુ નામ | કાર્યવાહીની વિગત |
|---|---|---|
| ૧ | યાશીન ગુલામ | ` ૨૫૦૦/– વસૂલેલ છે. |
| ૨ | અરવિંદ બાબુ | ` ૩૦૦૦/– વસૂલેલ છે. |

| | | |
|---|---|---|
| ૩ | લાખા કાના | ` ૨૫૦૦/– વસૂલેલ છે. |
| ૪ | મહેશ કાળા ડોડીયા | ` ૨૫૦૦૦/– વસૂલેલ છે. |
| ૫ | દિલિપ પ્રતાપ પરમાર | ` ૨૦૦૦૦/– વસૂલેલ છે. |
| ૬ | કાના લાખા મોરી | ` ૨૫૦૦૦/– વસૂલેલ છે. |
| ૭ | જાલમસિંહ નાથાભાઈ | ` ૨૦૦૦૦/– વસૂલેલ છે. |
| ૮ | જયેશભાઈ દેવાભાઈ ચાવડા | ` ૧૦૦૦૦/– વસૂલેલ છે. |
| ૯ | જેઠાભાઈ ભગવાનભાઈ મોરી, ડોળાસા લીઝ ધારક સ.નં.૧૬૯ પૈકી, બિલ્ડીંગ લાઇમસ્ટોન. | કરારનાં શરતભંગ સબબ નોટીસ આપી લીઝ સ્થગિત કરવામાં આવેલ. |

---------

**રાજ્ય અનામત પોલીસ દળ જૂથ–૯માં પૂર્ણ કરાયેલ રહેણાંક/બિન રહેણાંકના મકાનોની કામગીરી**

૨૪૮૩૮ **શ્રી ગુલસીંગભાઈ રાઠવા** (છોટાઉદેપુર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (પોલીસ આવાસો) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં રાજ્ય અનામત પોલીસ દળ જૂથ–૯ માટે પોલીસ ખાતાના કેટલા રહેણાંક તેમજ બિન રહેણાંકના મકાનોની કામગીરી પૂર્ણ કરવામાં આવી, અને

(૨) આ કામગીરી પાછળ કુલ કેટલી રકમનો ખર્ચ થનાર છે?

**જવાબ**

(૧) અને (૨) આ જુથ ખાતે હાલ ૭૨૯ મકાનો ઉપલબ્ધ છે, ભવિષ્યમાં જરૂરિયાતને અનુલક્ષીને નાણાકીય ઉપલબ્ધતા અનુસાર આયોજન હાથ ધરવામાં આવશે.

---------

**ગાંધીનગર જિલ્લામાં પોલીસદળના આરોગ્યની ચકાસણી**

૨૪૮૦૨ **શ્રી ભૂષણ અ. ભટ્ટ(ખાડીયા): માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) સરકારે પોલીસ ખાતામાં ફરજ બજાવતા તમામ કર્મચારી–અધિકારીઓના આરોગ્યની ચકાસણીની સૂચના આપી હોવાની હકીકત ખરી છે, અને

(૨) જો હા તો, તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ગાંધીનગર જિલ્લામાં કેટલાં પોલીસ અધિકારી– કર્મચારીઓના આરોગ્યની ચકાસણી થઈ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) (૧) વર્ષ ૨૦૧૦માં – ૬૬૫
(૨) વર્ષ ૨૦૧૧માં – ૪૭૦

---------

**નર્મદા યોજનાના જળ વિદ્યુત મથકો દ્વારા વીજ ઉત્પાદન**

૨૪૮૨૯ **શ્રી જેઠાભાઇ ઘે. ભરવાડ( શહેરા): માનનીય મુખ્યમંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં સરદાર સરોવર યોજના જળ વિદ્યુત મથકો દ્વારા કેટલી વીજળી ઉત્પન્ન કરવામાં આવી, અને

(૨) તેની બજાર કિંમત કેટલી થઈ?

**જવાબ**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં સરદાર સરોવર યોજનાના બંને જળ વિદ્યુત મથકોમાંથી વર્ષ ૨૦૦૯માં ૨ અબજ ૧૨ કરોડ યુનીટ, વર્ષ ૨૦૧૦માં ૩ અબજ ૫૯ કરોડ યુનીટ અને વર્ષ ૨૦૧૧માં ૪ અબજ ૪૬ કરોડ યુનીટ મળી કુલ ૧૦ અબજ ૧૭ કરોડ યુનીટ વીજ ઉત્પાદન થયેલ છે.

(૨) છેલ્લા ત્રણ વર્ષ (૨૦૦૯ થી ૨૦૧૧) દરમ્યાન કુલ ૧૦ અબજ ૧૭ કરોડ યુનીટ ઉત્પાદન થયેલ જેમાં ઘટ બાદ કરતાં કુલ ૯ અબજ ૮૮ કરોડ યુનીટ ઉત્પાદનથી કુલ ` ૩૯ અબજ ૫૨ કરોડ રૂપિયાની આવક થયેલ છે. (હાલના બજાર ભાવ ૪.૦ પ્રતિ યુનીટ મુજબ)

જેમાંથી ગુજરાતને ૧૬% હિસ્સા પ્રમાણે ૬ અબજ ૩૨ કરોડ, મહારાષ્ટ્રને ૨૭% હિસ્સા પ્રમાણે ૧૦ અબજ ૬૭ કરોડ અને મધ્યપ્રદેશને ૫૭% હિસ્સા પ્રમાણે ૨૨ અબજ ૫૨ કરોડની આવક થયેલ છે.

---------

**ભાવનગર જિલ્લામાં ઝુંપડપટ્ટી યોજનામાં ઝૂંપડાવાસીઓને નવીન વીજ જોડાણ**

૨૪૭૨૨ **શ્રી મહેન્દ્રસિંહ પ. સરવૈયા(પાલીતાણા): માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભાવનગર જિલ્લામાં ઝૂંપડપટ્ટી વીજળી કરણ યોજના હેઠળ વર્ષ ૨૦૦૯–૧૦, ૨૦૧૦–૧૧ અને ૨૦૧૧–૧૨માં તા. ૩૧–૧૨–૨૦૧૧ સુધીમાં કેટલા ગરીબ ઝૂંપડાવાસીઓને નવીન વીજ જોડાણો આપવામાં આવ્યા, અને | (૧) ઝૂંપડા વીજળીકરણ યોજના અંતર્ગત ભાવનગર જિલ્લામાં વર્ષ ૨૦૦૯–૧૦માં ` ૭૦.૫૮ લાખના ખર્ચે ૨૨૨૦, વર્ષ ૨૦૧૦–૧૧માં ` ૧૬૯.૪૩ લાખના ખર્ચે ૭૪૧૪ અને વર્ષ ૨૦૧૧–૧૨માં તારીખ ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ ૧૫૮.૫૪ લાખના ખર્ચે ૭૦૫૫ નવીન વીજ જોડાણ આપવામાં આવ્યા છે. |
| (૨) તે માટે કેટલો ખર્ચ થયો? | (૨) કુલ ૧૬૬૮૯ વીજ જોડાણ માટે ` ૩૯૮.૫૫ લાખનો ખર્ચ કરવામાં આવ્યો છે. |

---------

**મોટી સંખ્યામાં વીજ કનેકશનો પડતર હોવા છતાં અન્ય રાજ્યોને વિજળી વેચવાના કારણો**

૨૬૦૫૭ **શ્રી જોધાજી ગુ. ઠાકોર(વાગદોડ):** બારમી ગુજરાત વિધાનસભાના નવમા સત્રમાં તા. ૨૬–૯–૧૧ના રોજ ગૃહમાં રજૂ થયેલ બીજી અતારાંકિત યાદીના અતારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ ૪૪૮૬ના અનુસંધાને **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| રાજ્યમાં જિલ્લાવાર ખેતી માટેના વીજ કનેકશનોની પડતર અરજીઓની સંખ્યા ૪.૫ લાખ કરતાં વધુ હોવા છતાં તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ રાજ્યના ખેડૂતોને વીજ કનેકશનો નહિ આપીને રાજ્ય સરકાર અન્ય રાજયોમાં વીજળી વેચે છે તેના કારણો શું છે? | રાજ્યમાં કૃષિ વિષયક વીજ કનેકશનો ન ફાળવવાની વાત સાચી નથી. કૃષિ વિષયક વીજ જોડાણની નોંધણી અને ફાળવણી તે સતત ચાલતી પ્રક્રિયા છે. ચાલુ વર્ષમાં તા. ૩૧–૧–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા દશ (૧૦) માસમાં જ ૫૦૭૦૪ નવા કૃષિ વીજ કનેકશન ફાળવવામાં આવ્યાં છે. કોઈ પણ એક વર્ષમાં ફાળવાયેલ વીજ કનેકશનનો આ એક રેકોર્ડ છે.<br>વીજ ઉત્પાદનનો સંગ્રહ શક્ય નથી. આથી વીજ ઉત્પાદનનો શ્રેષ્ઠ ઉપયોગ કરવા માટે રાજ્યના તમામ પ્રકારના વીજ ગ્રાહકોની મહત્તમ જરૂરીયાત સંતોષાયા બાદ, વધારાનો વીજ પુરવઠો, દેશમાં તીવ્ર અછત અનુભવતા કોંગ્રેસ શાસિત રાજ્યો સહિત અન્ય જરૂરીયાતોવાળા રાજ્યોને પણ રાષ્ટ્રિય હિતમાં વેચવામાં આવે છે. |

---------

**મુખ્યમંત્રીશ્રીના આણંદ ખાતેના સદભાવના મીશનનો જાહેરાતનો ખર્ચ**

૨૬૦૯૪ **રાજેન્દ્રસિંહ ધી. પરમાર( ભાદરણ): માનનીય મુખ્યમંત્રીશ્રી** (માહિતી અને પ્રસારણ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તા. ૧–૨–૨૦૧૨ની સ્થિતિએ આણંદ ખાતે સદભાવના મીશન અન્વયે જાહેરાત તથા અન્ય પ્રચાર માટે કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો? | તા. ૧–૨–૨૦૧૨ની સ્થિતિએ આણંદ ખાતે સદભાવના મીશન અન્વયે જાહેરાત તથા અન્ય પ્રચાર માટે ` ૧,૧૩,૫૧૧/–નો ખર્ચ કરવામાં આવ્યો. |

## આણંદ જિલ્લામાં ખનિજ ચોરીના કેસો

૨૫૧૭૯ **શ્રી લાલસિંહ ઉ. વડોદીયા( ઉમરેઠ):માનનીય મુખ્યમંત્રીશ્રી** (ખાણ અને ખનીજ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) આણંદ જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર, તાલુકાવાર ખનિજ ચોરી કેસો કરનારા સામે કેટલી ફરીયાદો કરવામાં આવી, અને | (૧) એક પણ નહી. |
| (૨) ખનિજચોરી કરનારાઓ પાસેથી વર્ષવાર, તાલુકાવાર કેટલો દંડ વસૂલ કરવામાં આવ્યો? | (૨) ` ૫૩,૨૫,૯૭૭/– દંડ વસૂલ કરવામાં આવેલ જેનું પત્રક સામેલ છે. |

**જાન્યુઆરી, ૨૦૧૦ થી ૩૧ ડીસેમ્બર, ૨૦૧૧ સુધી છેલ્લા બે વર્ષમાં આણંદ જિલ્લાના વર્ષવાર તાલુકાવાર દંડ અને થયેલ વસુલાતનું**

**પત્રક**

| તાલુકો | જાન્યુઆરી ૨૦૧૦ થી ડીસેમ્બર ૨૦૧૦ સુધી | જાન્યુઆરી ૨૦૧૧ થી ડીસેમ્બર ૨૦૧૧ સુધી | કુલ વસુલાત |
|---|---|---|---|
| આણંદ | ૯૭૩૭૪૪/– | ૧૦૮૭૦૯૭/– | ૨૦૬૦૮૪૧/– |
| આંકલાવ | ૧૮૭૪૭૬/– | ૭૯૯૪૬૭/– | ૯૮૬૯૪૩/– |
| બોરસદ | ૧૦૨૪૦૦/– | ૨૪૧૭૨૫/– | ૩૪૪૧૨૫/– |
| પેટલાદ | ૯૧૫૩૦૦/– | ૨૮૨૦૦૭/– | ૧૧૯૭૩૦૭/– |
| તારાપુર | ૩૨૬૫૪/– | ૩૨૧૨૫૭/– | ૩૫૩૯૧૧/– |
| ઉમરેઠ | ૮૧૭૫૦/– | ૨૭૮૦૦૦/– | ૩૫૯૭૫૦/– |
| ખંભાત | ૨૩૧૦૦/– | ૦ | ૨૩૧૦૦/– |
| સોજીત્રા | ૦ | ૦ | ૦ |
| **કુલ** | **૨૩૧૬૪૨૪/–** | **૩૦૦૯૫૫૩/–** | **૫૩૨૫૯૭૭/–** |

---------

## મોટી સંખ્યામાં વીજ કનેકશનો પડતર હોવા છતાં અન્ય રાજ્યોને વિજળી વેચવાના કારણો

૨૬૦૫૬ **શ્રી પ્રભુભાઇ ના. વસાવા( સોનગઢ):** બારમી ગુજરાત વિધાનસભાના નવમાં સત્રમાં તા. ૨૬–૯–૧૧ના રોજ ગૃહમાં રજૂ થયેલ બીજી અતારાંકિત યાદીના અતારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ ૪૪૮૬ના અનુસંધાને **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| રાજ્યમાં જિલ્લાવાર ખેતી માટેના વીજ કનેકશનોની પડતર અરજીઓની સંખ્યા ૪.૫ લાખ કરતાં વધુ હોવા છતાં તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ રાજ્યના ખેડૂતોને વીજ કનેકશનો નહિ આપીને રાજ્ય સરકાર અન્ય રાજયોમાં વીજળી વેચે છે તેના કારણો શું છે? | રાજ્યમાં કૃષિ વિષયક વીજ કનેકશનો ન ફાળવવાની વાત સાચી નથી. કૃષિ વિષયક વીજ જોડાણની નોંધણી અને ફાળવણી તે સતત ચાલતી પ્રક્રિયા છે. ચાલુ વર્ષમાં તા. ૩૧–૧–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા દશ (૧૦) માસમાં જ ૫૦૭૦૪ નવા કૃષિ વીજ કનેકશન ફાળવવામાં આવ્યાં છે. કોઈ પણ એક વર્ષમાં ફાળવાયેલ વીજ કનેકશનનો આ એક રેકોર્ડ છે.<br>વીજ ઉત્પાદનનો સંગ્રહ શક્ય નથી. આથી વીજ ઉત્પાદનનો શ્રેષ્ઠ ઉપયોગ કરવા માટે રાજ્યના તમામ પ્રકારના વીજ ગ્રાહકોની મહત્તમ જરૂરીયાત સંતોષાયા બાદ, વધારાનો વીજ પુરવઠો, દેશમાં તીવ્ર અછત અનુભવતા કોંગ્રેસ શાસિત રાજ્યો સહિત અન્ય જરૂરીયાતોવાળા રાજ્યોને પણ રાષ્ટ્રિય હિતમાં વેચવામાં આવે છે. |

એચબી–૮૦૯–૩

---------

**આણંદ જિલ્લામાં ઝુંપડપટ્ટી યોજનામાં ઝૂંપડાવાસીઓને નવીન વીજ જોડાણ**

૨૪૭૨૧ **શ્રી શિરીષકુમાર મ. શુક્લ( ખંભાત): માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) આણંદ જિલ્લામાં ઝૂંપડપટ્ટી વીજળીકરણ યોજના હેઠળ વર્ષ ૨૦૦૯–૧૦, ૨૦૧૦–૧૧ અને ૨૦૧૧–૧૨માં તા. ૩૧–૧૨–૨૦૧૧ સુધીમાં કેટલા ગરીબ ઝૂંપડાવાસીઓને નવીન વીજ જોડાણો આપવામાં આવ્યા, અને | (૧) ઝૂંપડા વીજળીકરણ યોજના અંતર્ગત આણંદ જિલ્લામાં વર્ષ ૨૦૦૯–૧૦માં ` ૪૯૧.૮૮ લાખના ખર્ચે ૫૬૨૯, વર્ષ ૨૦૧૦–૧૧માં ` ૨૧૪.૪૯ લાખના ખર્ચે ૧૪૨૦ અને વર્ષ ૨૦૧૧–૧૨માં તારીખ ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ ` ૮૫૭.૨૪ લાખના ખર્ચે ૮૪૨૨ નવીન વીજ જોડાણ આપવામાં આવ્યા છે. |
| (૨) તે માટે કેટલો ખર્ચ થયો? | (૨) કુલ ૧૫૪૭૧ વીજ જોડાણ માટે ` ૧૫૬૩.૬૧ લાખનો ખર્ચ કરવામાં આવ્યો છે. |

---------

**રાજ્યમાં અનામત પોલીસ જૂથ–૫ ના હાથ ધરાયેલ રહેણાંક/બિન રહેણાંકના મકાનોના કામ**

૨૪૮૨૭ **શ્રી ફતેસિંહ વ. ચૌહાણ( રાજગઢ): માનનીય મુખ્યમંત્રીશ્રી** (પોલીસ આવાસો) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં રાજ્ય અનામત પોલીસ દળ જૂથ–૫ માટે પોલીસ ખાતાના કેટલા રહેણાંક તેમજ બિન રહેણાંકના મકાનોની કામગીરી હાથ પર લેવામાં આવી, અને | (૧) અને (૨) આ જૂથ ખાતે હાલ ૮૭૧ મકાનો ઉપલબ્ધ છે, ભવિષ્યમાં જરૂરિયાતને અનુલક્ષીને નાણાકીય ઉપલબ્ધતા અનુસાર આયોજન હાથ ધરવામાં આવશે. |
| (૨) આ કામગીરી પાછળ તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ કુલ કેટલી રકમનો ખર્ચ થયેલ છે? | |

---------

**શામળાજી ખાતે યુ.જી.વી.સી.એલ. દ્વારા સબડીવીઝન ઓફિસ શરૂ કરવા માટે મળેલ દરખાસ્તો**

૨૫૦૮૭ **ડાૅ. અનિલભાઇ જોષીયારા( ભિલોડા): માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સાબરકાંઠા જિલ્લાના શામળાજીની આજુબાજુના ૨૦ થી ૨૫ કિ.મી. વિસ્તારના ગામડાઓના વીજ ગ્રાહકોના પ્રશ્નો જલ્દી હલ થતા નથી એ સરકારના ધ્યાન પર છે કે કેમ, અને | (૧) અને (૨) સાબરકાંઠા જિલ્લાના શામળાજીની આજુબાજુના ૨૦ થી ૨૫ કિ.મી. વિસ્તારના ગામડાઓના વીજ ગ્રાહકોના પ્રશ્નોનું સત્વરે નિવારણ થાય તેની પર્યાપ્ત તકેદારી અને કાળજી ઉત્તર ગુજરાત વીજ કંપની દ્વારા રાખવામાં આવે છે. તદનુસાર તા. ૩૧–૧૨–૨૦૧૧ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આ વિસ્તારના વીજ વિતરણ સંબંધિત મળેલ ૪૬૮૨ જેટલા પ્રશ્નો/ફરિયાદોનો તાત્કાલિક નિકાલ કરવામાં આવ્યો છે. |
| (૨) આ પ્રશ્નો નિવારવા કયાં સુધીમાં કરવા માંગે છે? | |

---------

**નર્મદા જીલ્લામાં હાથ ધરાયેલ પોલીસ ખાતાના રહેણાંકના મકાનોના કામો**

૨૪૮૪૯ **શ્રી નાનુભાઇ ભ. વાનાણી( સુરત શહેર ઉત્તર): માનનીય મુખ્યમંત્રીશ્રી** (પોલીસ આવાસો) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નર્મદા જીલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં પોલીસ ખાતાના કેટલા | (૧) કુલ ૩૨૦ મકાનોના કામો. |

રહેણાંકના મકાનોનાં કામો હાથ પર લેવામાં આવેલ, અને

(૨) આ કામો પાછળ તા.૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ કુલ કેટલી રકમનો ખર્ચ થયેલ છે ? | (૨) કુલ ` ૧૬૭૩.૫૫ લાખ.

---------

**ડાંગ જિલ્લામાં પૂર્ણ કરાયેલ પોલીસ ખાતાનાં રહેણાંકના મકાનોના કામ**

૨૪૮૫૮ **શ્રી વિજયભાઇ ર. પટેલ( ડાંગ-વાંસદા): માનનીય મુખ્યમંત્રીશ્રી** (પોલીસ આવાસો) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ડાંગ જીલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં પોલીસ ખાતાના કેટલા રહેણાંકના મકાનો પૂર્ણ કરવામાં આવેલ, અને | (૧) કુલ ૪૫ રહેણાંકના મકાનોના કામો |
| (૨) આ કામો પાછળ કુલ કેટલી રકમનો ખર્ચ થયેલ છે ? | (૨) કુલ ` ૧૬૮.૩૭ લાખ |

---------

**કઠલાલ તાલુકાની કાણીએલ ડીસ્ટ્રીબ્યુટરી અને માઈનોર કેનાલના કામ**

૨૪૮૩૪ **શ્રી દેવુસિંહ જે. ચૌહાણ( માતર): માનનીય મુખ્યમંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ખેડા જિલ્લામાં કઠલાલ તાલુકાની કાણીએલ ડીસ્ટ્રીબ્યુટરી અને તેમાંથી નીકળતી માઈનોર કેનાલનું કામ તા.૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ કયા તબક્કે છે,અને | (૧) તા.૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ ખેડા જિલ્લામાં કઠલાલ તાલુકાની કાણીએલ ડીસ્ટ્રીબ્યુટરીનું પૂર્ણ લંબાઈમાં કામ પૂર્ણ થયેલ છે, તથા તેમાંથી નીકળતી કુલ ૩૯.૮૪ કિ.મી. લંબાઈની ૮ માઈનોરોમાંથી ૨૭.૨૮ કિ.મી. લંબાઈનું કામ પૂર્ણ થયેલ છે. |
| (૨) બાકી કામ કયારે પૂર્ણ કરવામાં આવનાર છે ? | (૨) બાકી કામ વહેલી તકે પૂર્ણ કરવામાં આવશે. |

---------

**નસવાડી તાલુકામાં રદ કરવામાં આવેલ આયોજનના કામો**

૨૪૨૭૯ **શ્રી ધીરૂભાઇ ચુ. ભીલ( નસવાડી): માનનીય મુખ્યમંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ સને ૨૦૧૦-૧૧ ના વર્ષ માટે નસવાડી તાલુકાના જિલ્લાકક્ષા સુધી મંજૂર થયેલા આયોજનના કામો રદ કરી ફરીથી મોકલવાના આદેશો કરવામાં આવ્યા છે તે હકીકત સાચી છે,અને | (૧) ના, જી. |
| (૨) જો હા, તો તેના કારણો શા છે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**મોટી સંખ્યામાં વિજ કનેકશનો પડતર હોવા છતાં અન્ય રાજ્યોને વિજળી વેચવાના કારણો**

૨૬૦૫૫ **શ્રી પરેશભાઇ ગો. વસાવા( નીઝર):** બારમી ગુજરાત વિધાનસભાના નવમા સત્રમાં તા.૨૬-૯-૧૧ના રોજ ગૃહમાં રજૂ થયેલ બીજી અતારાંકિત યાદીના અતારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ ૪૪૮૬ના અનુસંધાને **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| રાજ્યમાં જીલ્લાવાર ખેતી માટેના વીજ કનેકશનોની પડતર અરજીઓની સંખ્યા ૪.૫ લાખ કરતાં વધુ હોવા છતાં તા.૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ રાજ્યના ખેડૂતોને વીજ કનેકશનો નહિ આપીને રાજ્ય સરકાર અન્ય રાજયોમાં | રાજ્યમાં કૃષિ વિષયક વિજ કનેકશનો ન ફાળવવાની વાત સાચી નથી. કૃષિ વિષયક વિજ જોડાણની નોંધણી અને ફાળવણી તે સતત ચાલતી પ્રક્રિયા છે ચાલુ વર્ષમાં તા.૩૧-૧-૨૦૧૨ ની સ્થિતિએ છેલ્લા દસ (૧૦) માસમાં જ |

| | |
|---|---|
| વીજળી વેચે છે તેના કારણો શું છે ? | ૫૦૭૦૪ નવા કૃષિ વિજ કનેકશન ફાળવવામાં આવ્યાં છે. કોઈપણ એક વર્ષમાં ફાળવાયેલ વિજ કનેકશનનો આ એક રેકોર્ડ છે.<br>વિજ ઉત્પાદનનો સંગ્રહ શકય નથી. આથી વિજ ઉત્પાદનનો શ્રેષ્ઠ ઉપયોગ કરવા માટે રાજયના તમામ પ્રકારના વિજ ગ્રાહકોની મહત્તમ જરૂરીયાત સંતોષાયા બાદ, વધારાનો વિજ પુરવઠો, દેશમાં તીવ્ર અછત અનુભવતા કોંગ્રેસ શાસિત રાજ્યો સહિત અન્ય જરૂરીયાતોવાળા રાજ્યોને પણ રાષ્ટ્રિય હિતમાં વેચવામાં આવે છે. |

---------

**મોટી સંખ્યામાં વિજ કનેકશનો પડતર હોવા છતાં અન્ય રાજ્યોને વિજળી વેચવાના કારણો**

૨૬૦૭૦ **શ્રી જવાહરભાઇ પે. ચાવડા(માણાવદર):** ૨મી ગુજરાત વિધાનસભાના નવમા સત્રમાં તા.૨૬-૯-૧૧ના રોજ ગૃહમાં રજૂ થયેલ બીજી અતારાંકિત યાદીના અતારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ ૪૪૮૬ના અનુસંધાને **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| રાજ્યમાં જીલ્લાવાર ખેતી માટેના વીજ કનેકશનોની પડતર અરજીઓની સંખ્યા ૪.૫ લાખ કરતાં વધુ હોવા છતાં તા.૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ રાજ્યના ખેડૂતોને વીજ કનેકશનો નહિ આપીને રાજ્ય સરકાર અન્ય રાજયોમાં વીજળી વેચે છે તેના કારણો શું છે ? | રાજયમાં કૃષિ વિષયક વિજ કનેકશનો ન ફાળવવાની વાત સાચી નથી. કૃષિ વિષયક વિજ જોડાણની નોંધણી અને ફાળવણી તે સતત ચાલતી પ્રક્રિયા છે. ચાલુ વર્ષમાં તા.૩૧-૧-૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા દસ (૧૦) માસમાં જ ૫૦૭૦૪ નવા કૃષિ વિજ કનેકશન ફાળવવામાં આવ્યાં છે. કોઈ પણ એક વર્ષમાં ફાળવાયેલ વિજ કનેકશનનો આ એક રેકોર્ડ છે.<br>વિજ ઉત્પાદનનો સંગ્રહ શકય નથી. આથી વિજ ઉત્પાદનનો શ્રેષ્ઠ ઉપયોગ કરવા માટે રાજયના તમામ પ્રકારના વિજ ગ્રાહકોની મહત્તમ જરૂરિયાત સંતોષાયા બાદ. વધારાનો વિજ પુરવઠો, દેશમાં તીવ્ર અછત અનુભવતા કોંગ્રેસ શાસિત રાજ્યો સહિત અન્ય જરૂરીયાતોવાળા રાજ્યોને પણ રાષ્ટ્રિય હિતમાં વેચવામાં આવે છે. |

---------

**કે. જી. બેઝિનમાંથી રાજ્યને મળેલ ગેસ**

૨૪૩૬૬ **શ્રી ખુમાનસિંહ રા. ચૌહાણ( સાવલી): નનીય મુખ્યમંત્રીશ્રી** (પેટ્રોકેમિકલ્સ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) આંધ્ર પ્રદેશના દરિયામાં ક્રિષ્ના ગોદાવરી બેઝીનમાંથી તા. ૩૧-૧૨-૨૦૧૧ ની સ્થિતિએ કુલ કેટલો ગેસ રાજ્ય સરકારને મળ્યો અને તેની અંદાજીત કિંમત શુ છે, અને | (૧) આંધ્રપ્રદેશના દરીયામાં ક્રિષ્ના ગોદાવરી બેઝીનમાં કે.જી./ઓએસએન/૨૦૦૧/૩ બ્લોકમાંથી ઉત્પાદન હજુ શરૂ કરવાનું છે. |
| (૨) તે અન્વયે આ ક્રિષ્ના ગોદાવરી બેઝીન પાછળ ઉક્ત સ્થિતિએ રાજ્ય સરકારે કૂલ કેટલો ખર્ચ કર્યો ? | (૨) ક્રિષ્ના ગોદાવરી બેઝીન પાછળ રાજ્ય સરકારે કોઇ ખર્ચ કરેલ નથી. |

---------

**અમદાવાદ પોલીસ કમિશ્નરશ્રીની હકુમત હેઠળના પોલીસ સ્ટેશનોમાં નોંધાયેલ વિવિધ ગુનાઓ**

૨૪૨૯૬ **શ્રી શૈલેષકુમાર મ. પરમાર(શહેરકોટડા): નનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧-૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અમદાવાદ પોલીસ કમિશ્નરની હકુમત હેઠળના દરેક પોલીસ સ્ટેશન દીઠ લૂંટ, ધાડ, બળાત્કાર, ચોરી અને | (૧) પત્રક-૧ સામેલ છે. |

મહિલાઓના ગળામાંથી સોનાની ચેઈનની લૂંટ ચલાવવાના કેટ કેટલા બનાવો નોંધાયા,

(૨) તે અન્વયે ચોરી, લૂંટ અને સોનાની ચેઈનો લૂંટવાના બનાવોમાં તેની અંદાજીત કિમત કેટલી છે અને — (૨) પત્રક–૨ સામેલ છે.

(૩) તે અન્વયે કેટલા કયા કયા કેસોમાં આરોપીઓની ધરપકડ કરવામાં આવી ? — (૩) પત્રક–૩ સામેલ છે.

## પત્રક–૧

| ક્રમ | પો. સ્ટે. | લુંટ | ધાડ | બળાત્કાર | ચોરી | મહીલાના ગળામાંથી ચેઈન સ્નેચીંગ |
|---|---|---|---|---|---|---|
| ૧ | વેજલપુર | ૧૩ | ૦ | ૦ | ૯૬ | ૧૦ |
| ૨ | આનંદનગર | ૧૪ | ૨ | ૧ | ૯૫ | ૯ |
| ૩ | સેટેલાઈટ | ૨૭ | ૧ | ૦ | ૩૩૫ | ૨૨ |
| ૪ | એલીસબ્રિજ | ૩૮ | ૦ | ૦ | ૧૯૩ | ૨૯ |
| ૫ | વસ્ત્રાપુર | ૪૭ | ૨ | ૦ | ૪૨૪ | ૨૩ |
| ૬ | નવરંગપુરા | ૧૭ | ૦ | ૦ | ૧૫૪ | ૧૨ |
| ૭ | યુનિવર્સીટી | ૮ | ૧ | ૦ | ૯૨ | ૬ |
| ૮ | ઘાટલોડીયા | ૩૪ | ૦ | ૩ | ૧૨૧ | ૩૦ |
| ૯ | સોલા | ૧૮ | ૧ | ૨ | ૧૦૩ | ૧૧ |
| ૧૦ | નારણપુરા | ૪૯ | ૦ | ૩ | ૧૭૩ | ૩૭ |
| ૧૧ | રાણીપ | ૨ | ૦ | ૦ | ૨૯ | ૦ |
| ૧૨ | ચાંદખેડા | ૩૬ | ૨ | ૦ | ૭૨ | ૨૮ |
| ૧૩ | સાબરમતી | ૧૮ | ૦ | ૨ | ૮૬ | ૧૬ |
| ૧૪ | માધવપુરા | ૯ | ૦ | ૦ | ૧૦૯ | ૩ |
| ૧૫ | શાહપુર | ૩ | ૧ | ૦ | ૪૦ | ૦ |
| ૧૬ | કારંજ | ૮ | ૦ | ૧ | ૮૦ | ૨ |
| ૧૭ | કાલુપુર | ૮ | ૦ | ૦ | ૭૮ | ૨ |
| ૧૮ | શહેરકોટડા | ૧૭ | ૪ | ૦ | ૫૯ | ૫ |
| ૧૯ | ખાડીયા | ૪ | ૦ | ૧ | ૩૪ | ૨ |
| ૨૦ | ગા.હવેલી | ૫ | ૦ | ૦ | ૪૮ | ૧ |
| ૨૧ | દરીયાપુર | ૧ | ૦ | ૧ | ૩૦ | ૦ |
| ૨૨ | શાહીબાગ | ૧૫ | ૦ | ૦ | ૧૨૩ | ૧૧ |
| ૨૩ | સરદારનગર | ૨૯ | ૩ | ૪ | ૮૨ | ૯ |
| ૨૪ | નરોડા | ૯૨ | ૨ | ૬ | ૧૮૦ | ૫૦ |
| ૨૫ | મેઘાણીનગર | ૮ | ૦ | ૦ | ૩૯ | ૮ |
| ૨૬ | ગોમતીપુર | ૩ | ૦ | ૦ | ૧૫ | ૧ |
| ૨૭ | રખીયાલ | ૫ | ૦ | ૩ | ૨૫ | ૧ |
| ૨૮ | બાપુનગર | ૧૬ | ૦ | ૨ | ૧૧૪ | ૮ |
| ૨૯ | ઓઢવ | ૪૯ | ૪ | ૩ | ૧૮૨ | ૨૩ |
| ૩૦ | રામોલ | ૧૬ | ૧ | ૦ | ૭૧ | ૪ |
| ૩૧ | અમરાઈવાડી | ૧૮ | ૫ | ૩ | ૮૯ | ૧૧ |
| ૩૨ | ખોખરા | ૨ | ૦ | ૦ | ૧૧ | ૨ |
| ૩૩ | કાગડાપીઠ | ૧૦ | ૦ | ૨ | ૯૧ | ૦ |
| ૩૪ | દાણીલીમડા | ૧૧ | ૦ | ૬ | ૪૧ | ૨ |
| ૩૫ | મણીનગર | ૧૮ | ૦ | ૧ | ૧૫૪ | ૧૪ |
| ૩૬ | ઈસનપુર | ૨૪ | ૦ | ૧ | ૮૧ | ૧૪ |
| ૩૭ | વટવા | ૧૮ | ૦ | ૮ | ૮૯ | ૮ |
| ૩૮ | જીઆઈડીસી | ૩ | ૦ | ૦ | ૩૨ | ૦ |
| ૩૯ | ક્રાઈમ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૪૦ | મહીલા | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |

## પત્રક–૨

| ક્રમ | પો. સ્ટે. | ચોરી | લૂંટ | મહીલાના ગળામાંથી ચેઈન સ્નેચીંગ |
|---|---|---|---|---|
| | | નુકશાન | નુકશાન | નુકશાન |
| ૧ | વેજલપુર | ૧૦૭૭૫૦૨૪ | ૧૧૩૩૫૦૦ | ૨૭૧૫૦૦ |
| ૨ | આનંદનગર | ૪૩૬૧૯૦૦ | ૪૫૯૫૦૦ | ૩૭૯૫૦૦ |
| ૩ | સેટેલાઈટ | ૧૪૭૪૩૭૮૦ | ૧૦૭૭૩૦૦ | ૫૬૭૩૦૦ |
| ૪ | એલીસબ્રિજ | ૧૧૨૨૬૪૦૭ | ૩૦૩૬૮૭૯ | ૭૫૭૪૭૯ |
| ૫ | વસ્ત્રાપુર | ૧૪૭૬૧૦૬૮ | ૨૪૦૭૭૦૦ | ૬૯૨૦૦૦ |
| ૬ | નવરંગપુરા | ૭૩૩૪૬૯૦ | ૪૫૭૦૦૦ | ૨૮૭૦૦૦ |
| ૭ | યુનિવર્સીટી | ૪૫૧૫૧૨૩ | ૩૧૩૦૦૦ | ૨૦૩૦૦૦ |

| ક્રમ | પો. સ્ટે. | ચોરી | લૂંટ | મહીલાના ગળામાંથી ચેઈન સ્નેચીંગ |
|---|---|---|---|---|
| | | નુકશાન | નુકશાન | નુકશાન |
| ૮ | ઘાટલોડીયા | ૭૪૦૦૧૯૧ | ૧૦૨૮૦૦૦ | ૯૫૧૦૦૦ |
| ૯ | સોલા | ૬૯૪૦૭૩૬ | ૫૮૦૬૩૦ | ૫૩૬૦૦૦ |
| ૧૦ | નારણપુરા | ૧૭૪૨૪૧૭૭ | ૧૭૫૩૭૦૦ | ૧૧૩૦૦૦૦ |
| ૧૧ | રાણીપ | ૨૯૨૦૨૪૦ | ૧૧૯૫૦૦ | ૦ |
| ૧૨ | ચાંદખેડા | ૬૩૭૧૨૭૫ | ૯૫૫૭૦૦ | ૭૮૭૫૦૦ |
| ૧૩ | સાબરમતી | ૫૫૦૨૭૭૪ | ૫૧૨૧૦૦ | ૫૦૫૦૦૦ |
| ૧૪ | માધવપુરા | ૭૯૩૩૯૯૫ | ૧૫૪૮૩૦ | ૮૭૪૦૦ |
| ૧૫ | શાહપુર | ૧૧૮૩૪૪૫ | ૪૧૫૦૦ | ૦ |
| ૧૬ | કારંજ | ૨૩૨૨૧૨૫ | ૧૧૮૫૦૦ | ૪૨૦૦૦ |
| ૧૭ | કાલુપુર | ૩૧૭૭૫૩૦ | ૨૧૯૧૦૦ | ૫૭૦૦૦ |
| ૧૮ | શહેરકોટડા | ૩૦૦૦૭૦૦ | ૯૩૧૧૦૦ | ૮૩૦૦૦ |
| ૧૯ | ખાડીયા | ૧૨૩૮૫૦૦ | ૮૬૦૦૦ | ૬૭૦૦૦ |
| ૨૦ | ગા.હવેલી | ૮૫૩૧૭૫૦ | ૭૯૫૦૦ | ૧૫૦૦૦ |
| ૨૧ | દરીયાપુર | ૧૧૬૫૧૦૦ | ૨૫૦૦ | ૦ |
| ૨૨ | શાહીબાગ | ૭૪૭૦૩૯૯ | ૩૨૯૩૫૦ | ૨૬૭૦૦૦ |
| ૨૩ | સરદારનગર | ૫૨૭૫૩૦૦ | ૯૨૫૪૫૦ | ૩૦૭૦૦૦ |
| ૨૪ | નરોડા | ૧૪૭૯૨૧૪૯ | ૨૩૧૫૨૨૬ | ૧૪૬૭૯૪૦ |
| ૨૫ | મેઘાણીનગર | ૧૬૧૧૧૨૦ | ૨૫૭૦૦૦ | ૨૫૭૦૦૦ |
| ૨૬ | ગોમતીપુર | ૨૨૨૧૫૦૦ | ૬૧૦૦૦ | ૦ |
| ૨૭ | રખીયાલ | ૫૦૯૨૦૦ | ૬૮૪૫૦ | ૩૦૦૦૦ |
| ૨૮ | બાપુનગર | ૪૫૯૩૦૮૦ | ૮૮૧૦૫૦ | ૭૨૭૫૦૦ |
(૧) તા.૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ નવા ગામ કેવડીયા સ્થિત નર્મદા બંધની ઉંચાઇ કેટલી છે,

(૨) આ ઉંચાઇએ કેટલું પાણી સંગ્રહી શકાય છે, અને

(૩)બંધની પૂર્ણ ઉંચાઇએ કેટલું પાણી સંગ્રહી શકાશે?

**જવાબ**

(૧) સરદાર સરોવર એ દેશનો સૌથી મોટો ક્રોંક્રીટ બંધ છે. તા.૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ નર્મદા બંધની છલતીના ભાગની ઉંચાઇ ૧૨૧.૯૨ મીટર છે.

(૨) આ ઉંચાઇએ ૫૨૮૦ મિલીયન ઘન મીટર પાણી સંગ્રહી શકાય છે.

(૩) બંધની પૂર્ણ ઉંચાઇ ૧૩૮.૬૮ મીટરે આશરે ૯૬૫૫ મિલીયન ઘન મીટર પાણી સંગ્રહી શકાશે.

તા.૨જી માર્ચ, ૨૦૧૨
અતારાંકિત પ્રશ્નો

## ડાયરેકટર ઓફ ફોરેન્સીક સાયન્સ દ્વારા અન્ય રાજ્યોને સહાય

૨૪૮૦૭ **શ્રી અનિલકુમાર ત્રિ. પટેલ(મહેસાણા): માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) રાજ્યના ડાયરેકટર ઓફ ફોરેન્સીક સાયન્સ દ્વારા અન્ય રાજ્યોને ફોરેન્સીક સહાયતા પૂરી પાડવામાં આવે છે કે કેમ, અને

(૨) જો હા, તો તા.૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કઇ કઇ કેન્દ્રીય તપાસ એજન્સીઓને કેટલા કેસમાં આવી સહાયતા પૂરી પાડવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) તા.૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં જે કેન્દ્રીય તપાસ એજન્સીઓને સહાયતા પૂરી પાડવામાં આવેલ છે. તેની નીચે મુજબ છે.

**સને ૨૦૦૯**

| | કેન્દ્રીય સંસ્થાઓ | કેસ |
|---|---|---|
| ૧ | સી.બી.આઇ. | ૨૩ |
| ૨ | નારકોટીસ કન્ટ્રોલ બ્યુરો | ૧ |
| ૩ | કસ્ટમ એકસાઇઝ | ૧૧ |
| ૪ | રેલ્વે | ૫ |
| ૫ | ડાયરેકટર રેવન્યુ ઇન્ટે. | ૨૧ |
| ૬ | ઇન્સ્યોરન્સ | ૭ |
| ૭ | અન્ય તપાસ એજન્સીઓ | ૧૨ |
| | **કુલ :-** | **૮૦** |

**સને ૨૦૧૦**

| | કેન્દ્રીય સંસ્થાઓ | કેસ |
|---|---|---|
| ૧ | સી.બી.આઇ. | ૧૬ |
| ૨ | કસ્ટમ એકસાઇઝ | ૨૭ |
| ૩ | રેલ્વે | ૪ |
| ૪ | ડાયરેકટર રેવન્યુ ઇન્ટે. | ૧૭ |
| ૫ | આર્મી | ૩ |
| ૬ | ઇન્સ્યોરન્સ | ૩ |
| ૭ | અન્ય તપાસ એજન્સીઓ | ૯ |
| | **કુલ :-** | **૭૯** |

**સને ૨૦૧૧**

| | કેન્દ્રીય સંસ્થાઓ | કેસ |
|---|---|---|
| ૧ | ઇન્કમટેક્ષ | ૧ |
| ૨ | સી.બી.આઇ. | ૧૦ |
| ૩ | નારકોટીસ કન્ટ્રોલ બ્યુરો | ૧ |
| ૪ | કસ્ટમ એકસાઇઝ | ૨૫ |
| ૫ | રેલ્વે | ૬૦ |
| ૬ | ડાયરેકટર રેવન્યુ ઇન્ટે. | ૩૩ |
| ૭ | આર્મી | ૪ |
| ૮ | એરપોર્ટ ઓથોરીટી | ૨ |
| ૯ | ઇન્સ્યોરન્સ | ૨૮ |
| ૧૦ | એન.આઇ.એ. | ૩ |
| ૧૧ | રાષ્ટ્રીયકૃત બેન્ક | ૨ |
| ૧૨ | અન્ય તપાસ એજન્સીઓ | ૧૫ |
| | **કુલ :-** | **૧૮૪** |

**મોટી સંખ્યામાં વિજ કનેકશનો પડતર હોવા છતાં અન્ય રાજ્યોને વિજળી વેચવાના કારણો**

૨૬૦૬૨ **શ્રી કુંવરજીભાઇ ન. હળપતિ( બારડોલી):** બારમી ગુજરાત વિધાનસભાના નવમા સત્રમાં તા.૨૬–૯–૧૧ના રોજ ગૃહમાં રજૂ થયેલ બીજી અતારાંકિત યાદીના અતારાંકિત પ્રશ્ન ક્રમાંક : ૪૪૮૬ના અનુસંધાને **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

રાજ્યમાં જીલ્લાવાર ખેતી માટેના વીજ કનેકશનોની પડતર અરજીઓની સંખ્યા ૪.૫ લાખ કરતાં વધુ હોવા છતાં તા.૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ રાજ્યના ખેડૂતોને વીજ કનેકશનો નહિ આપીને રાજ્ય સરકાર અન્ય રાજ્યોમાં વીજળી વેચે છે તેના કારણો શું છે ?

**જવાબ**

રાજ્યમાં કૃષિ વિષયક વિજ કનેકશનો ન ફાળવવાની વાત સાચી નથી. કૃષિ વિષયક વિજ જોડાણની નોંધણી અને ફાળવણી તે સતત ચાલતી પ્રક્રિયા છે. ચાલુ વર્ષમાં તા.૩૧–૧–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા દસ (૧૦) માસમાં જ ૫૦૭૦૪ નવા કૃષિ વિજ કનેકશન ફાળવવામાં આવ્યાં છે. કોઇ પણ એક વર્ષમાં ફાળવાયેલ વિજ કનેકશનનો આ એક રેકોર્ડ છે.

વિજ ઉત્પાદનનો સંગ્રહ શકય નથી. આથી વિજ ઉત્પાદનનો શ્રેષ્ઠ ઉપયોગ કરવા માટે રાજ્યના તમામ પ્રકારના વિજ ગ્રાહકોની મહત્તમ જરૂરીયાત સંતોષાયા બાદ, વધારાનો વિજ પુરવઠો, દેશમાં તીવ્ર અછત અનુભવતા કોંગ્રેસ શાસિત રાજ્યો સહિત અન્ય જરૂરીયાતોવાળા રાજ્યોને પણ રાષ્ટ્રિય હિતમાં વેચવામાં આવે છે.

---------

**નવસારી જિલ્લામાં હાથ ધરાયેલ પોલીસ ખાતાના રહેણાંકના મકાનોના કામ**

એચબી૨૪૮૦૫૬ **શ્રી લક્ષ્મણભાઇ પ. પટેલ( ગણદેવી): માનનીય મુખ્ય મંત્રીશ્રી** (પોલીસ આવાસો) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નવસારી જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં પોલીસ ખાતાના કેટલા રહેણાંકના મકાનોનાં કામો હાથ પર લેવામાં આવેલ, અને | (૧) કુલ ૯૫ કામો. |
| (૨) આ કામો પાછળ તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ કુલ કેટલી રકમનો ખર્ચ થયેલ છે? | (૨) કુલ ` ૫૮૫.૬૩ લાખ. |

---------

**મોટી સંખ્યામાં વીજ કનેકશનો પડતર હોવા છતાં અન્ય રાજ્યોને વિજળી વેચવાના કારણો**

૨૬૦૫૯ **શ્રી પરંજ્યાદિત્યસિંહજી કૃ. પરમાર( સંતરામપુર):** બારમી ગુજરાત વિધાનસભાના નવમા સત્રમાં તા. ૨૬–૯–૧૧ના રોજ ગૃહમાં રજૂ થયેલ બીજી અતારાંકિત યાદીના અતારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ ૪૪૮૬ના અનુસંધાને **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

રાજ્યમાં જિલ્લાવાર ખેતી માટેના વીજ કનેકશનોની પડતર અરજીઓની સંખ્યા ૪.૫ લાખ કરતાં વધુ હોવા છતાં તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ રાજ્યના ખેડૂતોને વીજ કનેકશનો નહિ આપીને રાજ્ય સરકાર અન્ય રાજ્યોમાં વીજળી વેચે છે તેના કારણો શું છે?

**જવાબ**

રાજ્યમાં કૃષિ વિષયક વીજ કનેકશનો ન ફાળવવાની વાત સાચી નથી. કૃષિ વિષયક વીજ જોડાણની નોંધણી અને ફાળવણી તે સતત ચાલતી પ્રક્રિયા છે. ચાલુ વર્ષમાં તા. ૩૧–૧–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા દશ (૧૦) માસમાં જ ૫૦૭૦૪ નવા કૃષિ વીજ કનેકશન ફાળવવામાં આવ્યાં છે. કોઈ પણ એક વર્ષમાં ફાળવાયેલ વીજ કનેકશનનો આ એક રેકોર્ડ છે.

વીજ ઉત્પાદનનો સંગ્રહ શક્ય નથી. આથી વીજ ઉત્પાદનનો શ્રેષ્ઠ ઉપયોગ કરવા માટે રાજ્યના તમામ પ્રકારના વીજ ગ્રાહકોની મહત્તમ જરૂરીયાત સંતોષાયા બાદ, વધારાનો વીજ પુરવઠો, દેશમાં તીવ્ર અછત અનુભવતા

કોંગ્રેસ શાસિત રાજ્યો સહિત અન્ય જરૂરીયાતોવાળા રાજ્યોને પણ રાષ્ટ્રિય હિતમાં વેચવામાં આવે છે.

---------

**ગાંધીનગર જિલ્લામાં યોજાયેલ લોક દરબાર**

૨૪૮૦૫ **શ્રી શંભુજી ઠાકોર(ગાંધીનગર): માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) પ્રજા અને પોલીસ વચ્ચે વિશ્વાસ વધે તે માટે સમયાંતરે સ્થાનિક કક્ષાએ લોક દરબાર યોજવા માટે રાજ્ય સરકારે સૂચના આપેલ હોવાની હકીકત ખરી છે, અને

(૨) જો હા, તો ગાંધીનગર જિલ્લામાં કેલેન્ડર વર્ષ ૨૦૧૦ અને ૨૦૧૧માં કેટલા લોક દરબાર યોજવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) વર્ષ ૨૦૧૦માં ૧૨૧ અને વર્ષ ૨૦૧૧માં ૧૨૦ લોકદરબાર યોજવામાં આવેલ છે.

---------

**દાહોદ જિલ્લાના ગામોનો જ્યોતિગ્રામ યોજનામાં સમાવેશ**

૨૪૩૧૬ **શ્રી ચંદ્રિકાબેન છ. બારીયા( લીમખેડા): માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) દાહોદ જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ તાલુકાવાર કેટલા ગામોનો જ્યોતિગ્રામ યોજનામાં સમાવેશ કરવામાં આવ્યો,

(૨) તે અન્વયે તાલુકાવાર કેટલા ગામોને તેનો લાભ આપવામાં આવ્યો અને કેટલા ગામો ઉક્ત સ્થિતિએ આ યોજનાના લાભથી વંચિત છે, અને

(૩) તેમને કેટલા સમયમાં આ યોજનામાં આવરી લેવામાં આવશે?

**જવાબ**

(૧), (૨) અને (૩)

સેન્સસ મુજબના દાહોદ જિલ્લાના તમામ તાલુકાઓના તમામ ગામોને જ્યોતિગ્રામ યોજનામાં આવરી લેવામાં આવેલ છે જેની તાલુકાવાર માહિતી નીચે મુજબ છે.

| તાલુકાનું નામ | સેન્સસ મુજબ ગામોની સંખ્યા | જ્યોતિગ્રામ યોજના હેઠળ આવરી લેવાયેલા ગામોની સંખ્યા |
|---|---|---|
| દાહોદ | ૮૫ | ૮૫ |
| દેવગઢ–બારીયા | ૮૬ | ૮૫ |
| ધાનપુર | ૯૦ | ૯૦ |
| ફતેપુર | ૯૬ | ૯૬ |
| ગરબાડા | ૩૪ | ૩૪ |
| લિમખેડા | ૧૫૨ | ૧૫૨ |
| ઝાલોદ | ૧૫૦ | ૧૫૦ |

**ગાંધીનગર જિલ્લામાં ઝુંપડપટ્ટી તથા પેટા પરાંઓનું વીજળીકરણ**

૨૫૧૨૦ **શ્રી સુરેશકુમાર ચ. પટેલ(કલોલ): માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) ગાંધીનગર જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ઝુંપડપટ્ટી વિજળીકરણ તેમ જ પેટાપરાના વિજળીકરણની યોજના માટે કેટલી અરજીઓ આવેલ છે, અને

(૨) તે પૈકી કેટલાને વીજ જોડાણ આપવામાં આવ્યું?

**જવાબ**

(૧) અને (૨)

ઝુંપડા વિજળીકરણ યોજના અંતર્ગત ગાંધીનગર જિલ્લામાં છેલ્લા ત્રણ વર્ષમાં ૮૪૪૪ અરજીઓ મળેલ છે, તે પૈકી ૭૭૮૬ અરજદારોને વીજ જોડાણ આપવામાં આવેલ છે.

૨૦૦૧ની સેન્સસ પ્રમાણેના ગાંધીનગર જિલ્લાના તમામ પેટાપરાઓનું વીજળીકરણ થઈ ગયેલ છે. વધુમાં પેટાપરા વીજળીકરણની કોઈ અરજી મળેલ નથી.

## સાબરકાંઠા જિલ્લામાં પોલીસ ખાતાના રહેણાંક/બિન રહેણાંકના મકાનોની મરામત

૨૪૮૮૪ **શ્રી ઉદેસિંહ પું. ઝાલા( બાયડ): માનનીય મુખ્ય મંત્રીશ્રી** (પોલીસ આવાસો) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સાબરકાંઠા જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં પોલીસ ખાતાના રહેણાંક તેમજ બિન રહેણાંકના કેટલા મકાનોની મરામત અને જાળવણીની કામગીરી કરવામાં આવી, અને | (૧) રહેણાંકના કુલ ૨૨૯ અને બિનરહેણાંકના કુલ ૦૭ મકાનો. |
| (૨) આ કામગીરી પાછળ કુલ કેટલી રકમનો ખર્ચ થયેલ છે? | (૨) કુલ ` ૮૧.૪૫ લાખ. |

## નવી ઔદ્યોગિક નીતિ હેઠળ વડોદરા જિલ્લાના ઉદ્યોગોને વ્યાજ સહાયનો લાભ

૨૪૮૪૧ **શ્રી ભૂપેન્દ્રભાઇ ગ. લાખાવાળા( વડોદરા શહેર): માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વડોદરા જિલ્લામાં નવી ઔદ્યોગિક નીતિ હેઠળ સન ૨૦૧૧માં કેટલા એકમોને વ્યાજ સહાયનો લાભ આપવામાં આવ્યો, અને | (૧) વડોદરા જિલ્લામાં નવી ઔદ્યોગિક નીતિ હેઠળ સને ૨૦૧૧માં ૩૪૫ ઔદ્યોગિક એકમોને વ્યાજ સહાયનો લાભ આપવામાં આવ્યો. |
| (૨) તેની પાછળ ઉક્ત સ્થિતિએ કેટલી રકમનો ખર્ચ થયેલ છે ? | (૨) ` ૬૮૨.૫૫ લાખની વ્યાજ સહાયની ચુકવણી કરવામાં આવેલ છે. |

---------

## પોરબંદર જિલ્લામાં ખુશી યોજનાના લાભાર્થી ખેડૂતો

૨૪૭૭૫ **શ્રી મહેન્દ્રભાઇ લી. મશરૂ(જુનાગઢ): માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પોરબંદર જિલ્લામાં ખેડૂતોને ભારે દબાણની લાઇન ઉભી કરી આગવું ટ્રાન્સફોર્મર ફાળવવાની ખુશી યોજના હેઠળ વર્ષ ૨૦૧૦–૧૧ અને ૨૦૧૧–૧૨ દરમ્યાન તા. ૩૧–૧૨–૨૦૧૧ ની સ્થિતિએ કુલ કેટલા ખેડૂતોને લાભ આપવામાં આવ્યો, અને | (૧) અને (૨) પોરબંદર જિલ્લામાં વર્ષ ૨૦૧૦–૧૧માં રૂપિયા ૩૭૦ લાખના ખર્ચે ૨૪૭ ખેડૂતોને તથા વર્ષ ૨૦૧૧–૧૨માં તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ રૂપિયા ૪૧૬ લાખના ખર્ચે ૬૭૬ ખેડૂતોને નવા વીજ જોડાણ માટે ભારે દબાણની લાઇન ઉભી કરી આગવા ટ્રાન્સફોર્મર્સનો લાભ આપવામાં આવ્યો છે. |
| (૨) તે માટે કેટલો ખર્ચ થયો ? | |

---------

## મોટી સંખ્યામાં વીજ કનેકશનો પડતર હોવા છતાં અન્ય રાજ્યોને વિજળી વેચવાના કારણો

૨૬૦૬૬ **શ્રી કાનજીભાઇ રા. તળપદા(ધોળકા):** બારમી ગુજરાત વિધાનસભાના નવમાં સત્રમાં તા. ૨૬–૯–૧૧ના રોજ ગૃહમાં રજૂ થયેલ બીજી અતારાંકિત યાદીના અતારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ ૪૪૮૬ના અનુસંધાને **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા
કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| રાજ્યમાં જિલ્લાવાર ખેતી માટેના વીજ કનેકશનોની પડતર અરજીઓની સંખ્યા ૪.૫ લાખ કરતાં વધુ હોવા છતાં તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ રાજ્યના ખેડૂતોને વીજ કનેકશનો નહિ આપીને રાજ્ય સરકાર અન્ય રાજ્યોમાં | રાજ્યમાં કૃષિ વિષયક વીજ કનેકશનો ન ફાળવવાની વાત સાચી નથી. કૃષિ વિષયક વીજ જોડાણની નોંધણી અને ફાળવણી તે સતત ચાલતી પ્રક્રિયા છે. ચાલુ વર્ષમાં તા. ૩૧–૧–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા દશ (૧૦) માસમાં જ ૫૦૭૦૪ નવા કૃષિ વીજ કનેકશન ફાળવવામાં આવ્યાં છે. |

વીજળી વેચે છે તેના કારણો શું છે?

કોઈ પણ એક વર્ષમાં ફાળવાયેલ વીજ કનેકશનનો આ એક રેકોર્ડ છે.

વીજ ઉત્પાદનનો સંગ્રહ શક્ય નથી. આથી વીજ ઉત્પાદનનો શ્રેષ્ઠ ઉપયોગ કરવા માટે રાજ્યના તમામ પ્રકારના વીજ ગ્રાહકોની મહત્તમ જરૂરીયાત સંતોષાયા બાદ, વધારાનો વીજ પુરવઠો, દેશમાં તીવ્ર અછત અનુભવતા કોંગ્રેસ શાસિત રાજ્યો સહિત અન્ય જરૂરીયાતોવાળા રાજ્યોને પણ રાષ્ટ્રિય હિતમાં વેચવામાં આવે છે.

---------

**જુનાગઢ જિલ્લામાં માનવ કલ્યાણ યોજનાના લાભાર્થીઓ**

૨૪૭૦૩ **શ્રીમતિ વંદનાબેન મ. મકવાણા(કેશોદ): માનનીય કુટિર ઉદ્યોગ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) જુનાગઢ જિલ્લામાંથી માનવ કલ્યાણ યોજના અન્વયે સને ૨૦૧૦–૧૧માં અને ૨૦૧૧–૧૨માં તા. ૩૧–૧૨–૨૦૧૧ સુધીમાં કેટલાં લાભાર્થીઓને લાભ આપવામાં આવેલ છે, અને

(૨) આ સમયગાળા દરમ્યાન તે અન્વયે કેટલો ખર્ચ થયેલ છે ?

**જવાબ**

(૧) અને (૨)

| વર્ષ | મંજૂર કરાયેલ અરજીઓ | વિતરણ કરાયેલ કીટ | ખર્ચ રકમ (` લાખમાં) |
|---|---|---|---|
| ૨૦૧૦–૧૧ | ૧૭૦૮ | ૮૯૦ | ૭૪.૩૦ |
| ૨૦૧૧–૧૨ (તા. ૩૧–૧૨–૨૦૧૧ સુધીમાં) | ૨૦૦૪ | ૨૨૨૬ | ૧૧૧.૩૦ |

---------

**રાજકોટ જિલ્લામાં કાર્યાન્વિત નવીન વીજ સબ સ્ટેશનો**

૨૪૭૧૦ **શ્રી પ્રવિણભાઇ મો. માકડિયા(ઉપલેટા): માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

રાજકોટ જિલ્લામાં માર્ચ–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ નાણાંકીય વર્ષમાં કેટલા નવીન વીજ સબ સ્ટેશન કાર્યાન્વિત થયા?

**જવાબ**

રાજકોટ જિલ્લામાં માર્ચ–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ નાણાંકીય વર્ષમાં કુલ ૩૬ (છત્રીસ) નવા વીજ સબ સ્ટેશનો કાર્યાન્વિત કરવામાં આવ્યા છે. જેની વિગતો નીચે મુજબ છે.

| વર્ષ | ૬૬ કે.વી. | કુલ |
|---|---|---|
| ૨૦૦૮–૦૯ | ૬ | ૬ |
| ૨૦૦૯–૧૦ | ૧૧ | ૧૧ |
| ૨૦૧૦–૧૧ | ૧૯ | ૧૯ |
| **કુલઃ** | **૩૬** | **૩૬** |

---------

**કચ્છ જિલ્લામાં પોલીસ ખાતાનું મંજૂર થયેલ મહેકમ**

૨૪૨૦૭ **શ્રી જયંતિલાલ પ. ભાનુશાળી(અબડાસા): માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) કચ્છ જિલ્લાના પોલીસ ખાતામાં તા.૩૧–૧૨–૧૧ની સ્થિતિએ નિયત મહેકમ મુજબ કેટલી ઘટ છે કે કેમ,

**જવાબ**

(૧) કચ્છ જિલ્લાના પોલીસ ખાતામાં તા.૩૧–૧૨–૧૧ની સ્થિતિએ નિયત મહેકમ મુજબ નીચે પ્રમાણેની ઘટ છે.

| ક્રમ | સંવર્ગનું નામ | કચ્છ (પશ્ચિમ) (ભૂજ) તા.૩૧–૧૨–૧૧ ની સ્થિતિએ ખાલી | કચ્છ (પૂર્વ) ગાંધીધામ તા.૩૧–૧૨–૧૧ ની સ્થિતિએ ખાલી |
|---|---|---|---|

| | | જગ્યા | જગ્યા |
|---|---|---|---|
| ૧ | બિન હથિયારી ના.પો.અધિ. | ૨ | ૦ |
| ૨ | બિન હથિયારી પો.ઈ. | ૧૦ | ૩ |
| ૩ | મહિલા પો.ઈ. | ૧ | ૧ |
| ૪ | બિન હથિયારી પો.સ.ઈ. | ૧૨ | ૨૬ |
| ૫ | બિન હથિયારી એ.એસ.આઈ. | ૮ | ૦ |
| ૬ | હથિયારી એ.એસ.આઈ. | ૦ | ૦ |
| ૭ | મહિલા એ.એસ.આઈ. | ૫ | ૧૦ |
| ૮ | બિન હથિયારી હે.કો. | ૨૦ | ૦ |
| ૯ | હથિયારી હે.કો. | ૨૫ | ૦ |
| ૧૦ | મહિલા હે. કો. | ૧૫ | ૩ |
| ૧૧ | બિન હથિયારી પો. કો. | ૩૪૩ | ૦ |
| ૧૨ | હથિયારી પો.કો. | ૩૭૧ | ૧૩૯ |
| ૧૩ | મહિલા પો.કો. | ૮૯ | ૪૩ |
| | **સરવાળો** | **૯૦૧** | **૨૨૫** |

(૨) કચ્છ જિલ્લામાં ૨૦૦૧ના વર્ષ પછી વધેલી વસ્તી અને વિસ્તારના વધેલા વ્યાપને ધ્યાને લઈ વધારાનું મહેકમ મંજૂર થયેલ છે કેકમ, અને

(૨) હા.

(૩) જો હા, તો તેની વિગત શી છે?

(૩) પત્રક-૧ મુજબ

**પત્રક-૧**

**LAQ-૨૪૨૦૭ વર્ષ ૨૦૦૧ પછી કચ્છ જિલ્લામાં મંજૂર થયેલ વધારાના મહેકમની વિગત દર્શાવતું પત્રક**

| SP | DYSP | UPI | UPSI | UASI | UHC | UPC | API | APSI | AASI | AHC | APC | Dr.PC | WPI | WPSI | WASI | WHC | WPC | PSI(W) | O.S. | P.A. | Head Clark | Sr.CL | Jr.CI | Peon | L.R. | Total |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૯ | ૨૨ | ૫૨ | ૯૨ | ૩૬૩ | ૨ | ૬ | ૧ | ૨૫ | ૨૧૪ | ૨૫ | ૨ | ૫ | ૧૫ | ૧૧ | ૫૭ | ૧ | ૧ | ૧ | ૩ | ૭ | ૧૨ | ૩ | ૫ | ૯૩૭ |

**નોંધઃ-** ઉપરોકત મહેકમ સને ૨૦૦૧ થી હાલ સુધીનું છે. સને ૨૦૧૦માં કચ્છ જિલ્લાનું વિભાજન કચ્છ પૂર્વ જિલ્લો અને કચ્છ પશ્ચિમ જિલ્લો એમ થયેલ છે. જેથી ઉપરોકત મહેકમમાં ૨૦૦૧ થી કચ્છ જિલ્લો એક હતો અને વિભાજન થયા પછી બંને જિલ્લામાં વધેલ મહેકમનો પણ સમાવેશ કરેલ છે.

---------

**નર્મદા યોજનાની બોલેરા શાખા નહેરની કામગીરી**

૨૪૮૧૩ **શ્રી રજનીકાન્ત સો. પટેલ(ચાણસ્મા): માનનીય મુખ્યમંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) નર્મદા યોજના અંતર્ગત બોલેરા શાખા નહેરથી કેટલા વિસ્તારને સિંચાઈનો લાભ મળશે.

(૨) આ નહેરનું કામ તા.૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ કયા તબક્કે છે, અને

(૩) તા.૩૧-૧૨-૨૦૧૧ સુધી તે માટે કુલ કેટલો ખર્ચ થયેલ છે?

**જવાબ**

(૧) નર્મદા યોજના અંતર્ગત બોલેરા શાખા નહેર હેઠળ ૯૯૮૩૮ એકર પિયત વિસ્તારને સિંચાઈનો લાભ આપવાનું આયોજન છે.

(૨) તા.૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ બોલેરા શાખા નહેરની કુલ લંબાઈ ૨૫.૩૯ કી.મી. પૈકી ૨૫.૩૯ કી.મી. લંબાઈમાં માટીકામ અને ૧૯.૯૪૦ કી.મી. લંબાઈમાં અસ્તરકામ પૂર્ણ થયેલ છે. બાકી કામ પ્રગતિમાં છે.

(૩) તા.૩૧-૧૨-૨૦૧૧ સુધી બોલેરા શાખા નહેર માટે કુલ ` ૧૦.૦૫ કરોડનો ખર્ચ થયેલ છે.

---------

**મહેસાણા જિલ્લામાં યોજાયેલ લોક દરબાર**

૨૪૮૧૧ **શ્રી ભરતસિંહજી શં. ડાભી(ખેરાલુ): માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) પ્રજા અને પોલીસ વચ્ચે વિશ્વાસ વધે તે માટે સમયાંતરે સ્થાનિક કક્ષાએ લોક દરબાર યોજવા માટે રાજ્ય સરકારે સૂચના આપેલ હોવાની હકીકત ખરી છે, અને

(૨) જો હા, તો મહેસાણા જિલ્લામાં કેલેન્ડર વર્ષ

**જવાબ**

(૧) હા, જી.

(૨) વર્ષ ૨૦૧૦માં ૧૫૯ અને વર્ષ ૨૦૧૧ માં ૧૬૮

૨૦૧૦ અને ૨૦૧૧માં કેટલા લોક દરબાર યોજવામાં આવેલ છે?

લોકદરબાર યોજવામાં આવેલ છે.

---------

## ખંભાળીયા તાલુકામાં ખુશી યોજના હેઠળ આપવામાં આવેલ વીજ કનેકશનો

૨૪૭૬૬ **શ્રી મેઘજીભાઇ ડા. કણઝારીયા(ખંભાલીઆ): માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) જામનગર જિલ્લાના ખંભાળીયા તાલુકામાં ખુશી યોજના હેઠળ ખેડૂતોને સન ૨૦૧૧–૧૨માં તા.૩૧–૧૨–૧૧ સુધીમાં કેટલા વીજ જોડાણ આપેલ છે, અને

(૨) તે અન્વયે કુલ કેટલો ખર્ચ થયેલ છે?

**જવાબ**

(૧) અને (૨) ભારે દબાણની લાઇન ઉભી કરી આગવું ટ્રાન્સફોર્મર ફાળવવાની **''ખુશી''** (કિસાન હિત ઉર્જા શકિત યોજના) અંતર્ગત જામનગર જિલ્લાના ખંભાળીયા તાલુકામાં વર્ષ ૨૦૧૧–૧૨ માં તા.૩૧–૧૨–૧૧ની સ્થિતિએ રૂપિયા ૧૪૧ લાખના ખર્ચે ૧૮૦ ખેડૂતોને લાભ આપવામાં આવ્યો છે.

આ ઉપરાંત વર્ષ ૨૦૧૧–૧૨માં ૭૦૫ ખેડૂતોને નવા વીજ જોડાણ માટે આગવા ટ્રાન્સફોર્મર ફાળવવામાં આવેલ છે.

---------

## કચ્છ જિલ્લામાં માનવ કલ્યાણ યોજનાના લાભાર્થીઓ

૨૪૭૦૬ **શ્રી ધનજીભાઇ ગો. સેંધાણી (માંડવી): માનનીય કુટિર ઉદ્યોગ મંત્રીશ્રી** (રાજયકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) કચ્છ જિલ્લામાં માનવ કલ્યાણ યોજના અન્વયે વર્ષ ૨૦૧૦–૧૧માં અને ૨૦૧૧–૧૨માં તા.૩૧–૧૨–૨૦૧૧ સુધીમાં કેટલાં લાભાર્થીઓને લાભ આપવામાં આવેલ છે, અને

(૨) આ સમયગાળા દરમ્યાન તે અન્વયે કેટલો ખર્ચ થયેલ છે?

**જવાબ**

(૧) અને (૨)

| વર્ષ | મંજૂર કરાયેલ અરજીઓ | વિતરણ કરાયેલ કીટ | ખર્ચ રકમ (` લાખમાં) |
|---|---|---|---|
| ૨૦૧૦–૧૧ | ૧૭૩૪ | ૫૩૨ | ૨૧.૨૮ |
| ૨૦૧૧–૧૨ (તા.૩૧–૧૨–૨૦૧૧ સુધીમાં) | ૧૯૦૦ | ૨૧૩૨ | ૯૧.૬૭ |

---------

## મોટી સંખ્યામાં વિજ કનેકશનો પડતર હોવા છતાં અન્ય રાજયોને વીજળી વેચવાના કારણો

૨૬૦૬૫ **શ્રી હરીલાલ મો. પટેલM#>(ધ્રાંગધ્રા):** બારમી ગુજરાત વિધાનસભાના નવમા સત્રમાં તા. ૨૬–૯–૧૧ના રોજ ગૃહમાં રજૂ થયેલ બીજી અતારાંકિત યાદીના અતારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ ૪૪૮૬ના અનુસંધાને **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

રાજયમાં જિલ્લાવાર ખેતી માટેના વીજ કનેકશનોની પડતર અરજીઓની સંખ્યા ૪.૫ લાખ કરતાં વધુ હોવા છતાં તા.૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ રાજયના ખેડૂતોને વીજ કનેકશનો નહિ આપીને રાજ્ય સરકાર અન્ય રાજ્યોમાં વીજળી વેચે છે તેના કારણો શું છે?

**જવાબ**

રાજયમાં કૃષિ વિષયક વિજ કનેકશનો ન ફાળવવાની વાત સાચી નથી. કૃષિ વિષયક વિજ જોડાણની નોંધણી અને ફાળવણી તે સતત ચાલતી પ્રક્રિયા છે ચાલુ વર્ષમાં તા.૩૧–૧–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા દસ (૧૦) માસમાં જ ૫૦૭૦૪ નવા કૃષિ વિજ કનેકશન ફાળવવામાં આવ્યાં છે કોઈ પણ એક વર્ષમાં ફાળવાયેલ વિજ કનેકશનનો આ એક રેકોર્ડ છે.

વિજ ઉત્પાદનનો સંગ્રહ શકય નથી. આથી વિજ ઉત્પાદનનો શ્રેષ્ઠ ઉપયોગ કરવા માટે રાજયના તમામ પ્રકારના વિજ ગ્રાહકોની મહત્તમ જરૂરીયાત સંતોષાયા બાદ વધારાનો વિજ પુરવઠો, દેશમાં તીવ્ર અછત અનુભવતા કોંગ્રેસ શાસિત રાજ્યો સહિત અન્ય જરૂરીયાતોવાળા રાજ્યોને પણ રાષ્ટ્રિય હિતમાં વેચવામાં

આવે છે.

---------

**કઠલાલ તાલુકાની કાણીએલ ડીસ્ટ્રીબ્યુટરી અને માઈનોર કેનાલના કામ**

૨૪૮૩૧ **શ્રી કનુભાઇ ભુ. ડાભી( કઠલાલ): માનનીય મુખ્યમંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) ખેડા જિલ્લામાં કઠલાલ તાલુકાની કાણીએલ ડીસ્ટ્રીબ્યુટરી અને તેમાંથી નીકળતી માઈનોર કેનાલનું કામ તા.૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ કયા તબક્કે છે, અને

(૨) બાકી કામ કયારે પૂર્ણ કરવામાં આવનાર છે?

**જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ ખેડા જિલ્લામાં કઠલાલ તાલુકાની કાણીએલ ડીસ્ટ્રીબ્યુટરીનું પૂર્ણ લંબાઈમાં કામ પૂર્ણ થયેલ છે. તથા તેમાંથી નીકળતી કુલ ૩૯.૮૪ કિ.મી. લંબાઈની ૮ માઈનોરોમાંથી ૨૭.૨૮ કિ.મી. લંબાઈનું કામ પૂર્ણ થયેલ છે.

(૨) બાકી કામ વહેલી તકે પૂર્ણ કરવામાં આવશે.

---------

**જામનગર જિલ્લામાં માનવ કલ્યાણ યોજનાના લાભાર્થીઓ**

૨૪૭૫૯ **શ્રી લાલજીભાઇ પ્રે. સોલંકી(જામનગર ગ્રામ્ય): માનનીય કુટિર ઉદ્યોગ મંત્રીશ્રી** (રાજયકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) જામનગર જિલ્લામાંથી માનવ કલ્યાણ યોજના અન્વયે વર્ષ ૨૦૧૦–૧૧માં અને ૨૦૧૧–૧૨માં તા.૩૧–૧૨–૨૦૧૧ સુધીમાં કેટલાં લાભાર્થીઓને લાભ આપવામાં આવેલ છે, અને

(૨) આ સમયગાળા દરમ્યાન તે અન્વયે કેટલો ખર્ચ થયેલ છે?

**જવાબ**

(૧) અને (૨)

| વર્ષ | મંજૂર કરાયેલ અરજીઓ | વિતરણ કરાયેલ કીટ | ખર્ચ રકમ (` લાખમાં) |
|---|---|---|---|
| ૨૦૧૦–૧૧ | ૧૪૦૦ | ૨૫૩૩ | ૧૦૧.૩૨ |
| ૨૦૧૧–૧૨ (તા.૩૧–૧૨–૨૦૧૧ સુધીમાં) | ૧૬૦૦ | ૨૩૪૫ | ૯૩.૮૦ |

---------

**ખેડા જિલ્લામાં કૃષિ વિષયક વીજ જોડાણ માટેની પડતર અરજીઓ**

૨૪૨૭૭ **શ્રી નટવરસિંહ કુ. ઠાકોર( મહુધા): માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ ખેડા જિલ્લામાં તાલુકાવાર કૃષિ વિષયક વીજ જોડાણ મેળવવા માટેની કેટલી અરજીઓ પડતર છે?

(૨) આ પડતર અરજીઓનો નિકાલ કેટલા સમયમાં કરી વીજ જોડાણો આપવામાં આવશે?

**જવાબ**

(૧) ખેડાજિલ્લામાંકૃષિવીજજોડાણનીતા.૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ પડતર અરજીઓ તાલુકાવાર માહિતી નીચે મુજબ છે.

| તાલુકો | સામાન્ય વિસ્તાર | ડાર્કઝોન વિસ્તાર |
|---|---|---|
| બાલાસિનોર | ૪૭૮ | ૦ |
| કપડવંજ | ૦ | ૧૩૭૫ |
| કઠલાલ | ૦ | ૨૪૯ |
| ખેડા | ૩૪૩ | ૦ |
| મહુધા | ૨૪૦ | ૦ |
| માતર | ૨૦૬ | ૦ |
| મહેમદાવાદ | ૦ | ૩૬૫ |
| નડીયાદ | ૪૯૬ | ૦ |
| ઠાસરા | ૫૫૨ | ૦ |
| વીરપુર | ૧૨૪૫ | ૦ |

(૨) ખેતી વિષયક વીજ જોડાણની નોંધણી અને મંજુરીએ સતત પ્રક્રિયા છે. રાજ્યના ખેડૂતોને ગુણવતાસભર વીજ પુરવઠો સાતત્યપૂર્ણ રીતે મળી રહે એ બાબત ધ્યાને લઈ ઉપલબ્ધ વીજ પુરવઠો, માળખાગત સુવિધા, નવી ઉભી કરવાની માળખાગત સુવિધા, વીજ તંત્રપર પડનાર બોજો,

એચબી–૮૦૯–૧૪

નાણાંકીય ફાળવણી વગેરે પાસાઓને ધ્યાને લઈ, પ્રતિ વર્ષ નક્કી કરેલ લક્ષ્યાંક મુજબ વીજ જોડાણો આપવામાં આવતા હોય છે. પ્રતિ વર્ષ શક્ય તેટલા વધુ વીજ જોડાણો આપવાનો પ્રયાસ કરવામાં આવે છે.

**નવી ઔદ્યોગિક નીતિ હેઠળ સુરત જિલ્લાના ઔદ્યોગિક એકમોને વ્યાજ સહાય**

૨૪૮૫૨ **શ્રી કિશોરભાઇ વાંકાવાલા( સુરત શહેર પશ્ચિમ): માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરત જિલ્લામાં નવી ઔદ્યોગિક નીતિ હેઠળ સને ૨૦૧૧માં કેટલા એકમોને વ્યાજ સહાયનો લાભ આપવામાં આવ્યો, અને | (૧) સુરત જિલ્લામાં નવી ઔદ્યોગિક નીતિ હેઠળ સને ૨૦૧૧માં ૮૨૦૮ ઔદ્યોગિક એકમોને વ્યાજ સહાયનો લાભ આપવામાં આવ્યો. |
| (૨) તેની પાછળ ઉક્ત સ્થિતિએ કેટલી રકમનો ખર્ચ થયેલ છે ? | (૨) ` ૭૧૪૯.૫૨ લાખની વ્યાજ સહાયની ચુકવણી કરવામાં આવેલ છે. |

**અમદાવાદ જિલ્લામાં નવી ઔદ્યોગિક નીતિ હેઠળ ઔદ્યોગિક એકમોને વ્યાજ સહાય**

૨૪૭૯૦ **શ્રી પ્રાગજીભાઇ ના. પટેલ(માંડલ): માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમદાવાદ જિલ્લામાં નવી ઔદ્યોગિક નીતિ હેઠળ સને ૨૦૧૧માં કેટલા એકમોને વ્યાજ સહાયનો લાભ આપવામાં આવ્યો, અને | (૧) અમદાવાદ જિલ્લામાં નવી ઔદ્યોગિક નીતિ હેઠળ સને ૨૦૧૧માં ૧૪૧૪ ઔદ્યોગિક એકમોને વ્યાજ સહાયનો લાભ આપવામાં આવ્યો. |
| (૨) તેની પાછળ ઉક્ત સ્થિતિએ કેટલી રકમનો ખર્ચ થયેલ છે ? | (૨) ` ૧૬૪૯.૭૬ લાખની વ્યાજ સહાયની ચુકવણી કરવામાં આવેલ છે. |

**નર્મદા યોજનાની ઘોડાસર શાખા નહેરના બાકી કામો**

૨૪૭૯૫ **શ્રી બાબુભાઇ જ. પટેલ(દસક્રોઇ): માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નર્મદા યોજના અંતર્ગત ઘોડાસર શાખા નહેરમાંથી કેટલી પેટા શાખાઓ નીકળે છે, | (૧) નર્મદા યોજનાની ઘોડાસર શાખા નહેરમાંથી કુલ ૫–વિશાખાઓ, ૨૫–પ્રશાખાઓ અને ૨૭૨–પ્રપ્રશાખાઓ નીકળે છે. |
| (૨) તેમાંથી તા.૩૧–૧૨–૨૦૧૧ સુધીમાં કેટલા કી.મી. લંબાઇમાં કામો પૂર્ણ થયેલ છે અને કેટલી લંબાઇમાં કામો બાકી છે, અને | (૨) તા.૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ ઘોડાસર શાખાની કુલ લંબાઈ ૨૧.૫૪ કિ.મી.ની, ૫–વિશાખાઓની કુલ લંબાઈ ૧૩.૨૪૭ કિ.મી.ની અને ૨૫–પ્રશાખાની કુલ લંબાઈ ૧૧૭.૮૩૫ કિ.મી.ની પૂરેપુરી લંબાઈમાં કામ પૂર્ણ થયેલ છે. તેમજ ૨૭૨–પ્રપ્રશાખાઓની કુલ લંબાઈ ૩૪૭.૧૭ કિ.મી. પૈકી ૨૭૭.૦૯ કિ.મી.ના કામો પૂર્ણ થયેલ છે.<br>તા.૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ પ્રપ્રશાખાના ૭૦.૦૮ કિ.મી. લંબાઈના કામો બાકી છે. |
| (૩) આ કામો ક્યારે પૂર્ણ કરવામાં આવશે ? | (૩) બાકી રહેલ કામો વહેલીતકે પૂર્ણ કરવાનું આયોજન છે. |

---------

**અમદાવાદ જિલ્લામાં ઝુંપડપટ્ટી વીજળીકરણ યોજના હેઠળ વીજ જોડાણો**

૨૪૭૯૯ **શ્રી ભરતકુમાર ચી. બારોટ(દરિયાપુર-કાઝીપુર): માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમદાવાદ જિલ્લામાં ઝુંપડપટ્ટી વિજળીકરણ | (૧) અને (૨) ઝુંપડા વીજળીકરણ યોજના અંતર્ગત |

યોજના હેઠળ વર્ષ ૨૦૦૯–૧૦, ૨૦૧૦–૧૧ અને ૨૦૧૧–૧૨માં તા.૩૧–૧૨–૨૦૧૧ સુધીમાં કેટલા ગરીબ ઝુંપડાવાસીઓને નવીન વીજ જોડાણો આપવામાં આવ્યા, અને

(૨) તે માટે કેટલો ખર્ચ થયો ?

અમદાવાદ જિલ્લામાં વર્ષ ૨૦૦૯–૧૦માં ` ૧૮૭.૬૫ લાખના ખર્ચે ૩૭૮૨, વર્ષ ૨૦૧૦–૧૧માં ` ૯૧.૯૯ લાખના ખર્ચે ૨૨૧૩ અને વર્ષ ૨૦૧૧–૧૨માં તા.૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ ` ૧૭૬.૯૦ લાખના ખર્ચે ૩૮૫૦ નવીન વીજ જોડાણ આપવામાં આવ્યા છે.

---------

**ગાંધીનગર જિલ્લામાં ઝુંપડપટ્ટી યોજનામાં ઝુંપડાવાસીઓને નવીન વીજ જોડાણ**

૨૪૭૨૪ **શ્રી કલ્યાણસિંહ દે. ચૌહાણ(દહેગામ): માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) ગાંધીનગર જિલ્લામાં ઝુંપડપટ્ટી યોજના હેઠળ વર્ષ ૨૦૦૯–૧૦, ૨૦૧૦–૧૧ અને ૨૦૧૧–૧૨માં તા.૩૧–૧૨–૨૦૧૧ સુધીમાં કેટલા ગરીબ ઝુંપડાવાસીઓને નવીન વીજ જોડાણો આપવામાં આવ્યા, અને

(૨) તે માટે કેટલો ખર્ચ થયો ?

**જવાબ**

(૧) અને (૨) ઝુંપડા વીજળીકરણ યોજના અંતર્ગત ગાંધીનગર જિલ્લામાં ગરીબ ઝુંપડા વાસીઓને વર્ષ ૨૦૦૯–૧૦માં ` ૨૦૪.૧૬ લાખના ખર્ચે ૩૨૫૧ વીજ જોડાણ, વર્ષ ૨૦૧૦–૧૧માં ` ૧૨૧.૯૯ લાખના ખર્ચે ૧૮૮૫ વીજ જોડાણ અને વર્ષ ૨૦૧૧–૧૨માં તા.૩૧–૧૨–૨૦૧૧ સુધીમાં
` ૧૨૧.૮૫ લાખના ખર્ચે ૧૯૮૫ નવીન વીજ જોડાણ આપવામાં આવ્યા.

**જામનગર જિલ્લામાં જીઆઈડીસી માટે થઈ રહેલ જમીન સંપાદન સામે ગ્રામજનોનો વિરોધ**

૨૫૧૫૧ **શ્રી રાઘવજીભાઈ હં. પટેલ(જોડીયા): માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) જામનગર જિલ્લામાં દરેડ ગામ પાસે બનાવવામાં આવી રહેલ જીઆઈડીસી–૪ માટે દરેડ, મસીતીયા તથા કનસુમરા ગામોની જમીન સંપાદન કરવા સામે આ ગામના લોકોનો પ્રચંડ વિરોધ ઉભો થયો છે તે ફરીયાદથી સરકાર વાકેફ છે કે કેમ,

(૨) આ ગામના ખેડૂતોની શી ફરીયાદો છે,અને

(૩) આ ફરીયાદોના સમાધાન માટે રાજ્ય સરકારે શા પ્રયત્નો કર્યા છે ?

**જવાબ**

(૧) હા.

(૨)

(ક) ઉચિત વળતર મેળવવા

(ખ) પોતાનો ઉદ્યોગ સ્થાપવા સારૂ બિનખેતીની મંજૂરી મેળવવા

(ગ) જમીન સંપાદનમાંથી મુક્ત કરવા

(ઘ) ઔદ્યોગિક ઝોનમાંથી જમીનો બાકાત રાખવા અંગે

(ચ) વસાહતના ફેઝ ૧–૨–૩માં ખુલ્લા પ્લોટ છે ત્યારે સંપાદન ન કરવા અંગે

(૩)

(ક) જમીન માલિકોને ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ દ્વારા વિકાસની પ્રક્રિયામાં ભાગીદાર બનાવવા અંગેની નીતિ તા.૧૫/૧૨/૧૦થી ઘડવામાં આવી છે દેશમાં પ્રથમ વખત આ પ્રકારની નીતિ દ્વારા જમીન માલીકોને લાંબા ગાળા માટે આર્થિક સહાય અને અન્ય લાભ ઉપલબ્ધ બને તે પ્રકારનું પ્રાવધાન કરવામાં આવ્યું છે.

(ખ) સૂચિત વિસ્તરણનાં વિસ્તારની હદ ઉપર આવતી જમીનમાં પોતાના ઉદ્યોગ માટે જમીન માલિકો

દ્વારા રજુઆત મળી હોય તેવા કિસ્સાઓમાં જમીન સંપાદનમાંથી બાકાત કર્યા સિવાય નિગમની નીતિ અનુસાર બિનખેતીના કામે બિન વાંધા પ્રમાણપત્ર પાઠવવા નિર્ણય લેવામાં આવેલ છે.

(ગ) વસાહતના ફેઝ ૧-૨-૩માં વિતરણ થયેલા તમામ પ્લોટનો ઉદ્યોગના હેતુ માટે ઉપયોગ થાય તે માટે પગલા લેવાઈ રહ્યા છે.

## આણંદ જિલ્લામાં હથિયાર પરવાનાની માંગણીઓ

૨૫૦૩૦ **શ્રી અમિતકુમાર અ. ચાવડા( બોરસદ): માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં આણંદ જિલ્લામાં તાલુકાવાર કેટલા ઈસમો દ્વારા હથિયારના પરવાના માંગવામાં આવ્યા, અને

(૨) તે પૈકી કેટલાને લાઈસન્સ પરવાના આપવામાં આવ્યા ?

**જવાબ**

(૧) અને (૨) પત્રક મુજબ

| અ.નં. | તાલુકાનું નામ | કેટલા ઈસમો દ્વારા હથિયારના પરવાના માંગવામાં આવ્યા | તે પૈકી કેટલાને પરવાના આપવામાં આવ્યા. |
|---|---|---|---|
| ૧ | આણંદ | ૧૫૫ | ૫૭ |
| ૨ | ઉમરેઠ | ૭ | ૦ |
| ૩ | આંકલાવ | ૩ | ૦ |
| ૪ | પેટલાદ | ૨૭ | ૬ |
| ૫ | બોરસદ | ૨૪ | ૧૧ |
| ૬ | ખંભાત | ૩૬ | ૧૦ |
| ૭ | સોજીત્રા | ૪ | ૧ |
| ૮ | તારાપુર | ૩૭ | ૧૩ |

---------

## ભરૂચ જિલ્લામાં પૂર્ણ કરાયેલ પોલીસ ખાતાનાં બિન રહેણાંકના મકાનોના કામો

૨૪૮૪૬ **શ્રી દુષ્યંતભાઈ ર. પટેલ( ભરૂચ): માનનીય મુખ્ય મંત્રીશ્રી** (પોલીસ આવાસો) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ભરૂચ જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં પોલીસ ખાતાના કેટલા બિન રહેણાંકના મકાનો પૂર્ણ કરવામાં આવેલ, અને

(૨) આ કામો પાછળ કુલ કેટલી રકમનો ખર્ચ થયેલ છે?

**જવાબ**

(૧) કુલ ૦૩ કામો.

(૨) કુલ ` ૯૮.૪૫ લાખ.

---------

## ભાવનગર જિલ્લામાં કિસાન હિત ઉર્જા શકિત યોજના અંતર્ગત કામગીરી

એચબી-૨૪૬૯૯-૧૫ **શ્રી ભાવનાબેન રા. મકવાણા(તળાજા): માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

ભાવનગર જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કિસાન હિત ઉર્જા શકિત યોજના અંતર્ગત શી શી કામગીરી થઈ ?

**જવાબ**

ભાવનગર જિલ્લામાં વર્ષ ૨૦૧૧-૧૨માં તા.૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ નવા મંજૂર થયેલ વીજ જોડાણો માટે ૧૦ કેવીએ ના ૧૯૩૫, ૧૬ કેવીએના ૫૧, ૨૫ કેવીએના ૨૨ અને ૬૩ કેવીએના ૩ ટ્રાન્સફોર્મર લગાવવામાં આવ્યા છે.

----------

## બનાસકાંઠા જિલ્લામાં કૃષિવિષયક વીજ જોડાણમાં ખેડૂતોને વીજ બીલમાં રાહત

૨૪૭૨૬ **શ્રી ગોવિંદભાઈ મા. પ્રજાપતિ( પાલનપુર): માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) કૃષિ વિષયક વીજ જોડાણ ધરાવતા ખેડૂતોને રાજ્ય સરકાર દ્વારા વીજ બીલમાં કોઈ રાહત આપવામાં આવે છે કે કેમ, અને

**જવાબ**

(૧) વીજ ઉત્પાદન માટે વપરાશમાં લેવાતા કોલસો, ગેસ, ઓઈલ, નેપ્થા જેવા વીજ બળતણમાં કેન્દ્ર સરકાર દ્વારા કરવામાં આવતા ભાવ વધારાને કારણે વીજ

કંપનીઓને થતા ખર્ચને પહોંચી વળવા માટે ફ્યુઅલ સરચાર્જની વસુલાત તમામ વીજ ગ્રાહકો પાસેથી કરવાની થાય છે, તેમ છતાં, ખેડૂતોના હિતમાં કૃષિ વિષયક વીજ ગ્રાહકોના કિસ્સામાં રાહત આપીને આ ફ્યુઅલ સરચાર્જનો બોજો સરકાર દ્વારા સબસીડી રૂપે વહન કરવામાં આવે છે.

તદ્ઉપરાંત, નામદાર વીજ નિયમન આયોગ દ્વારા મંજૂર થયેલ કૃષિ વિષયક વીજદરનો પણ સંપૂર્ણ બોજો ખેડૂતો પર નાખવામાં નથી આવતો પરંતુ, નામદાર આયોગે નક્કી કરેલ વીજ દરો કરતાં ઘણા ઓછા દરે ખેડૂતોને વીજળી આપવામાં આવે છે, અને આ દરો વચ્ચેનો તફાવત સરકાર દ્વારા સબસીડી રૂપે વહન કરવામાં આવે છે.

(૨) જો હા, તો બનાસકાંઠા જિલ્લામાં તા.૩૧મી માર્ચ–૨૦૧૧ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કેટલી સબસીડી આપવામાં આવી ?

(૨) તદ્નુસાર, રાજ્યના માત્ર બનાસકાંઠા જિલ્લામાં છેલ્લા ત્રણ વર્ષમાં ` ૧૮૦૭.૬૯ કરોડ જેટલી માતબર રકમનો બોજ ખેડૂતો પર ન નાખતાં સરકારે વહન કરેલ છે.

---------

## વાયબ્રન્ટ ગુજરાત સમીટ ૨૦૦૯ માં એમ.ઓ.યુ. કર્યા બાદ મૂડી રોકાણ ન કરનાર કંપનીઓ

૨૪૩૪૬ **શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા(પોરબંદર): માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટમેન્ટ સમીટ–૨૦૦૯ માં મેમોરેન્ડમ ઓફ અન્ડરસ્ટેન્ડીંગ કરેલ કંપનીઓએ તા.૩૧–૧૨–૨૦૧૧ સુધીમાં એક પણ રૂપિયાનું મૂડી રોકાણ ન કર્યુ હોય તેવી કોઈ કંપનીઓ છે, અને

(૨) જો હા, તો આવી કંપનીઓ કઈ કઈ છે અને આવા ખોટા એમ.ઓ.યુ. કરનાર કંપનીઓ સામે સરકારે શી શી કાર્યવાહી કરી ?

(*પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

**જવાબ**

(૧) અને (૨)

વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમીટ–૨૦૦૯ માં ૭૨૩૫ પ્રોજેકટ માટે એમ.ઓ.યુ. થયેલ જે પૈકી ફકત ૧૯૬ પ્રોજેકટ પડતાં મૂકાયા છે. **(*પત્રક–૧)** જે માત્ર ૨.૭૦% છે. બાકીના પ્રોજેકટો અમલીકરણના વિવિધ તબક્કે છે.

---------

## મોટી સંખ્યામાં વીજ કનેકશનો પડતર હોવા છતાં અન્ય રાજ્યોને વિજળી વેચવાના કારણો

૨૬૦૫૨ **શ્રી નિરંજન પટેલ( પેટલાદ):** ૧૨મી ગુજરાત વિધાનસભાના નવમા સત્રમાં તા. ૨૬–૯–૧૧ના રોજ ગૃહમાં રજૂ થયેલ બીજી અતારાંકિત યાદીના અતારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ ૪૪૮૬ના અનુસંધાને **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

રાજ્યમાં જિલ્લાવાર ખેતી માટેના વીજ કનેકશનોની પડતર અરજીઓની સંખ્યા ૪.૫ લાખ કરતાં વધુ હોવા છતાં તા.૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ રાજ્યના ખેડૂતોને વીજ કનેકશનો નહિ આપીને રાજ્ય સરકાર અન્ય રાજયોમાં વીજળી વેચે છે તેના કારણો શું છે?

**જવાબ**

રાજ્યમાં કૃષિ વિષયક વીજ કનેકશનો ન ફાળવવાની વાત સાચી નથી. કૃષિ વિષયક વીજ જોડાણની નોંધણી અને ફાળવણી તે સતત ચાલતી પ્રક્રિયા છે. ચાલુ વર્ષમાં તા. ૩૧–૧–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા દસ (૧૦) માસમાં જ ૫૦૭૦૪ નવા કૃષિ વિજ કનેકશન ફાળવવામાં આવ્યાં છે. કોઈ પણ એક વર્ષમાં ફાળવાયેલ વીજ કનેકશનનો આ એક રેકોર્ડ છે.

વીજ ઉત્પાદનનો સંગ્રહ શક્ય નથી. આથી વીજ ઉત્પાદનનો શ્રેષ્ઠ ઉપયોગ કરવા માટે રાજ્યના તમામ પ્રકારના વીજ ગ્રાહકોની મહત્તમ જરૂરીયાત સંતોષાયા બાદ, વધારાનો વીજ પુરવઠો, દેશમાં તીવ્ર અછત અનુભવતા કોંગ્રેસ શાસિત રાજ્યો સહિત અન્ય જરૂરીયાતોવાળા

રાજ્યોને પણ રાષ્ટ્રિય હિતમાં વેચવામાં આવે છે.

---------

**જૂનાગઢ જિલ્લામાં માનવ કલ્યાણ યોજનાના લાભાર્થીઓને લાભ**

૨૪૭૦૨ **શ્રી કાળુભાઇ ચ. રાઠોડ(ઉના): માનનીય કુટિર ઉદ્યોગ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) જૂનાગઢ જિલ્લામાંથી માનવ કલ્યાણ યોજના અન્વયે સને ૨૦૧૦–૧૧ માં અને ૨૦૧૧–૧૨ માં તા.૩૧–૧૨–૧૧ સુધીમાં કેટલા લાભાર્થીઓને લાભ આપવામાં આવેલ છે, અને

(૨) આ સમયગાળા દરમ્યાન તે અન્વયે કેટલો ખર્ચ થયેલ છે ?

**જવાબ**

(૧) અને (૨)

| વર્ષ | મંજૂર કરાયેલ અરજીઓ | વિતરણ કરાયેલ કીટ | ખર્ચ રકમ (` લાખમાં) |
|---|---|---|---|
| ૨૦૧૦–૧૧ | ૧૭૦૮ | ૮૯૦ | ૭૪.૩૦ |
| ૨૦૧૧–૧૨ (તા.૩૧–૧૨–૧૧ સુધીમાં) | ૨૦૦૪ | ૨૨૨૬ | ૧૧૧.૩૦ |

---------

**સુરત જિલ્લામાં પોલીસ કર્મચારીઓના પરિવારના સભ્યો માટે કોમ્યુનિટી હોલ બનાવવાનું આયોજન**

૨૪૮૫૭ **શ્રી નરેશભાઇ મ. પટેલ( ચીખલી): માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) પોલીસ કર્મચારીઓના પરિવારના સભ્યો સાંસ્કૃતિક પ્રવૃતિઓ કરી શકે તે માટે કોમ્યુનિટી હોલ બનાવવાનું આયોજન કરેલ છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો તા.૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ સુરત જિલ્લામાં કેટલા કોમ્યુનિટી હોલ ઉપલબ્ધ છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) સુરત જિલ્લામાં ૧ (એક) કોમ્યુનિટી હોલ ઉપલબ્ધ છે.

---------

**દાહોદ જિલ્લામાં વાહન ચોરીના બનાવો**

૨૬૦૧૮ **શ્રી વજેસિંહભાઇ પા. પણદા( દાહોદ): માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) દાહોદ જિલ્લા અને દાહોદ શહેરમાં તા.૩૧–૧૨–૨૦૧૧ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા વાહનોની ચોરીઓ થઈ,

(૨) તેમાંથી કેટલા વાહનો પરત મળ્યા અને કેટલા ચોર પકડવામાં આવ્યા,

(૩) આવી ચોરીઓ અટકાવવા માટે શું પગલાં ભરવામાં આવ્યા, અને

(૪) ભવિષ્યમાં ચોરીઓ ન થાય તે માટે શું આયોજન વિચારેલ છે ?

**જવાબ**

(૧) દાહોદ જિલ્લામાં કુલ–૩૩૯ વાહનોની ચોરીઓ થઈ જે પૈકી દાહોદ શહેરમાં ૨૨૦ વાહનની ચોરી થયેલ છે.

(૨) ૬૯ વાહનો પરત મળ્યા અને ૮૪ ચોર પકડવામાં આવેલ છે.

(૩) આ માટે અવાર નવાર વાહનો ચેકીંગ ડ્રાઈવ રાખવામાં આવે છે. અને નાઈટ રાઉન્ડ તેમજ નાઈટ પેટ્રોલીંગ સઘન રાખી શકમંદ વાહનો/ઈસમો ચેક કરવામાં આવે છે.

(૪) દાહોદ શહેર અને જિલ્લાના પોલીસ સ્ટેશનના રસ્તાઓ ઉપર પોઈન્ટ રાખી અસરકારક વાહન ચેકીંગ કરવામાં આવે છે.

---------

**ડાંગ જિલ્લામાં પૂર્ણ કરાયેલ પોલીસ ખાતાનાં રહેણાંકના મકાનો**

૨૪૮૭૭ **શ્રી રમણલાલ ના. પાટકર( ઉમરગામ): માનનીય મુખ્ય મંત્રીશ્રી** (પોલીસ આવાસો) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) ડાંગ જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં પોલીસ ખાતાના કેટલા રહેણાંકના મકાનો પૂર્ણ કરવામાં આવેલ છે, અને

**જવાબ**

(૧) કુલ ૪૫ કામો.

(૨) આ કામો પાછળ કુલ કેટલી રકમનો ખર્ચ થયેલ છે ?

(૨) કુલ ` ૧૬૮.૩૭ લાખ.

---------

**ભાવનગર અને અમરેલી જિલ્લામાં કૃષિ વીજ જોડાણની પડતર અરજીઓ**

૨૬૦૨૩ **શ્રી બાવકુભાઇ ના. ઉંધાડ(બાબરા): માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

ભાવનગર અને અમરેલી જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ કૃષિ વિષયક વીજ જોડાણ મેળવવા માંગતા ખેડૂતોની કેટલી અરજીઓ પડતર છે ?

**જવાબ**

તા.૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ ભાવનગર જિલ્લામાં ૫૦૪૦૭ તથા અમરેલી જિલ્લામાં ૪૫૪૯૯ કૃષિ વિષયક વીજ જોડાણની અરજીઓ પડતર છે.

---------

**પોરબંદર જિલ્લામાં ખુશી યોજનાના લાભાર્થી ખેડૂતો**

૨૪૭૧૩ **શ્રી ભગવાનજીભાઇ લા. કરગટીયા(માંગરોળ): માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) પોરબંદર જિલ્લામાં ખેડૂતોને ભારે દબાણની લાઈન ઊભી કરી આગવું ટ્રાન્સફોર્મર ફાળવવાની ખુશી યોજના હેઠળ વર્ષ ૨૦૧૦–૧૧ અને ૨૦૧૧–૧૨ દરમ્યાન તા.૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ કુલ કેટલા ખેડૂતોને લાભ આપવામાં આવ્યો, અને

(૨) તે માટે કેટલો ખર્ચ થયો ?

**જવાબ**

(૧) અને (૨)

પોરબંદર જિલ્લામાં વર્ષ ૨૦૧૦–૧૧ માં રૂપિયા ૩૭૦ લાખના ખર્ચે ૨૪૭ ખેડૂતોને તથા વર્ષ ૨૦૧૧–૧૨ માં તા.૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ રૂપિયા ૪૧૬ લાખના ખર્ચે ૬૭૬ ખેડૂતોને નવા વીજ જોડાણ માટે ભારે દબાણની લાઈન ઊભી કરી આગવા ટ્રાન્સફોર્મર્સનો લાભ આપવામાં આવ્યો છે.

---------

**દાહોદ જિલ્લામાં હાથ ધરાયેલ પોલીસ ખાતાના રહેણાંકના મકાનોના કામો**

૨૪૮૦૧ **શ્રી વલ્લભભાઇ ગો. કાકડીયા(રખિયાલ): માનનીય મુખ્ય મંત્રીશ્રી** (પોલીસ આવાસો) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) દાહોદ જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં પોલીસ ખાતાના કેટલા રહેણાંકના મકાનોનાં કામો હાથ પર લેવામાં આવેલ, અને

(૨) આ કામો પાછળ તા.૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ કુલ કેટલી રકમનો ખર્ચ થયેલ છે ?

**જવાબ**

(૧) કુલ ૩૩૨ કામો.

(૨) કુલ ` ૨૭૬૯.૨૬ લાખ.

---------

**ભાવનગર જિલ્લામાં કાર્યાન્વિત નવીન વીજ સબ સ્ટેશનો**

૨૪૭૧૨ **શ્રીમતિ વિભાવરીબેન વિ. દવે(ભાવનગર શહેર ઉત્તર): માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

ભાવનગર જિલ્લામાં માર્ચ–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ નાણાકીય વર્ષમાં કેટલા નવીન વીજ સબ સ્ટેશન કાર્યાન્વિત થયા ?

**જવાબ**

ભાવનગર જિલ્લામાં માર્ચ–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ નાણાકીય વર્ષમાં કુલ ૨૦ (વીસ) નવા વીજ સબ સ્ટેશનો કાર્યાન્વિત કરવામાં આવ્યા છે. જેની વિગતો નીચે મુજબ છે.

| વર્ષ | ૬૬ કે.વી. | ૨૨૦ કે.વી. | કુલ |
|---|---|---|---|
| ૨૦૦૮–૦૯ | ૭ | – | ૭ |
| ૨૦૦૯–૧૦ | ૨ | ૧ | ૩ |

| | | | |
|---|---|---|---|
| ૨૦૧૦-૧૧ | ૧૦ | - | ૧૦ |
| કુલ | **૧૯** | **૧** | **૨૦** |

---------

**કલ્પસર યોજના પાછળ થયેલ ખર્ચ**

૨૪૩૫૫ **શ્રી અમરસિંહ રા. વસાવા( દેડીયાપાડા): માનનીય મુખ્ય મંત્રીશ્રી** (કલ્પસર) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ કલ્પસર યોજના પાછળ કુલ કેટલો ખર્ચ થયો, | (૧) `.૬૦.૫૭ કરોડ. |
| (૨) તે અન્વયે આ યોજના ઉકત સ્થિતિએ ક્યા તબક્કે છે, અને | (૨) શક્યતાદર્શી અહેવાલ તબક્કે. |
| (૩) આ યોજના કેટલા સમયમાં પૂર્ણ થશે ? | (૩) શક્યતાદર્શી અહેવાલ થયા બાદ કેન્દ્ર સરકાર સ્તરેથી વિવિધ મંજૂરીઓ મળ્યેથી કામ શરૂ કરી યોજના પાંચથી સાત વર્ષમાં પૂર્ણ કરવાનું આયોજન છે. |

**રાજકોટના વાડી વિસ્તારના ખેડૂતોને વીજ જોડાણો**

૨૫૯૭૮ **શ્રી ધીરસિંહ ક. બારડ(કોડીનાર): માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પશ્ચિમ ગુજરાત વીજ કંપની લીમીટેડે વાડી વિસ્તારમાં રહેતાં ખેડૂતોને ખેતીવાડી વીજ-જોડાણ હોય તો જ ઘર વપરાશનું વીજ-જોડાણ આપવાનું ઠરાવેલ છે તે હકીકત ખરી છે, અને<br>(૨) જો હા, તો વાડી વિસ્તારના ખેડૂતોને ઘર-વપરાશના વીજ-જોડાણ મળે તે માટે શી વ્યવસ્થા કરવામાં આવી છે ? | (૧) અને (૨)<br>ખેતીવાડી વિસ્તારમાં વસતા કૃષિ વિષયક વીજ ગ્રાહકને તેઓ દ્વારા તેમના ઘરવપરાશ માટે ખાસ પ્રકારના સ્પેશ્યલ ડીઝાઈન વાળા ટ્રાન્સફોર્મર મારફતે સીંગલ ફેઈઝ વીજળી આપવામાં આવે છે. આ પ્રકારના ટ્રાન્સફોર્મરની વીજ ભાર વહન કરવાની મર્યાદા હોય છે. આમ આ વ્યવસ્થાની તાંત્રિક મર્યાદાને ધ્યાને લઈને, જે સર્વે નંબરમાં ખેતીવાડી વીજ જોડાણો હોય તે જ સર્વે નંબરમાં તે જ ગ્રાહકને ઘર વપરાશ માટે વીજ જોડાણ આપવા માટેની કાર્યવાહી કરવામાં આવે છે. |

---------

**નર્મદા નિગમની પુનઃવસવાટ એજન્સી દ્વારા અસરગ્રસ્તો માટે સ્થાપવામાં આવેલ વસાહતો**

૨૪૮૩૯ **શ્રી ગુલસીંગભાઈ રં. રાઠવા( છોટાઉદેપુર): માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વડોદરા જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ નર્મદા નિગમની પુનઃવસવાટ એજન્સી દ્વારા અસરગ્રસ્તોની કુલ કેટલી વસાહતો સ્થાપવામાં આવી છે, અને | (૧) વડોદરા જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ સરદાર સરોવર પુનઃવસવાટ એજન્સી હેઠળ અસરગ્રસ્તોની કુલ ૧૫૨ વસાહતો સ્થાપવામાં આવી છે, |
| (૨) આ વસાહતોમાં સરકાર દ્વારા કઈ કઈ સુવિધાઓ આપવામાં આવેલ છે? | (૨) આ વસાહતોમાં સરકારશ્રી દ્વારા નર્મદા જળવિવાદ પંચના એવોર્ડની જોગવાઈઓ તેમજ રાજ્ય સરકારશ્રીની પુનઃવર્સન ઉદારીકરણ નીતિ અન્વયે નીચે મુજબની સુવિધાઓ પુરી પાડવામાં આવે છે.<br>- પ્રત્યેક અસરગ્રસ્તને ૨ હેકટર જમીન (પિયત સાથે)<br>- ૬૦' x ૯૦' નો રહેણાંક પ્લોટ<br>- કુટુંબદીઠ પુનઃવર્સન ગ્રાન્ટ `-૭૫૦/-<br>- ગ્રાન્ટ-ઈન-એઈડ કુટુંબદીઠ `-૫૦૦/-<br>- પીવાના પાણીની સુવિધા |

– આંતરિક રસ્તા તથા એપ્રોચ રોડ
– પ્રાથમિક શાળા, બાળક્રિડાગણ સાથે, આંગણવાડી
– ચોતરો સીટીંગ પ્લેટફોર્મ
– દવાખાનું (સાથે મોબાઇલ વેનની સુવિધા)
– સ્ટ્રીટલાઇટ
– હવાડો
– પ્રત્યેક વિસ્થાપિત કુટુંબને નિર્વાહભથ્થું ` ૪૫૦૦/–
– મકાન બાંધવા માટેની સહાય ` ૪૫૦૦૦/–
– મકાન દીઠ વિનામુલ્યે વાયરીંગ (૧.૫ પોઇન્ટ)
– ઉત્પાદકીય સહાય અસરગ્રસ્ત દીઠ (બળદ માટે) ` ૭૦૦૦/–
– વ્યક્તિગત વિમો તથા મકાન વિમાની સુવિધા
– સ્મશાનની સુવિધા

---------

**નર્મદા જિલ્લામાં યોજાયેલ લોક દરબાર**

૨૪૮૦૩ **શ્રી ભૂષણ અ. ભટ્ટ(ખાડીયા): માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પ્રજા અને પોલીસ વચ્ચે વિશ્વાસ વધે તે માટે સમયાંતરે સ્થાનિક કક્ષાએ લોક દરબાર યોજવા માટે રાજ્ય સરકારે સૂચના આપેલ હોવાની હકીકત ખરી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો નર્મદા જિલ્લામાં કેલેન્ડર વર્ષ ૨૦૧૦ અને ૨૦૧૧ માં કેટલા લોકદરબાર યોજવામાં આવેલ છે ? | (૨) વર્ષ ૨૦૧૦ માં ૧૦૨ અને વર્ષ ૨૦૧૧ માં ૮૫ લોક દરબાર યોજવામાં આવેલ છે. |

---------

**પંચમહાલ જિલ્લામાં પોલીસ ખાતાના રહેણાંક/બિન રહેણાંકના મકાનોની મરામત**

૨૪૮૩૦ **શ્રી જેઠાભાઇ ઘે. ભરવાડ( શહેરા): માનનીય મુખ્યમંત્રીશ્રી** (પોલીસ આવાસો) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પંચમહાલ જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૧ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં પોલીસ ખાતાના રહેણાંક તેમજ બિન રહેણાંકના કેટલા મકાનોની મરામત અને જાળવણીની કામગીરી કરવામાં આવી, અને | (૧) રહેણાંકના કુલ ૩૧૦ અને બિન રહેણાંકના કુલ ૧૨ મકાનો. |
| (૨) આ કામગીરી પાછળ કુલ કેટલી રકમનો ખર્ચ થયેલ છે? | (૨) કુલ ` ૧૦૦.૩૦ લાખ. |

**નર્મદા યોજનાના જળ વિદ્યુત મથકો દ્વારા વીજ ઉત્પાદન**

૨૪૭૮૪ **શ્રી મહેન્દ્રસિંહ પ. સરવૈયા(પાલીતાણા): માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં સરદાર સરોવર યોજના જળ વિદ્યુત મથકો દ્વારા કેટલી વીજળી ઉત્પન્ન કરવામાં આવી, અને | (૧) તા.૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લાં ત્રણ વર્ષમાં સરદાર સરોવર યોજનાના બંને જળ વિદ્યુત મથકોમાંથી વર્ષ ૨૦૦૯ માં ૨ અબજ ૧૨ કરોડ યુનીટ, વર્ષ ૨૦૧૦ માં ૩ અબજ ૫૯ કરોડ યુનીટ અને વર્ષ ૨૦૧૧ માં ૪ અબજ ૪૬ કરોડ યુનીટ મળી કુલ ૧૦ અબજ ૧૭ કરોડ યુનીટ વીજ ઉત્પાદન થયેલ છે. |
| (૨) તેની બજાર કિંમત કટેલી થઈ ? | (૨) છેલ્લા ત્રણ વર્ષ (૨૦૦૯ થી ૨૦૧૧) દરમ્યાન કુલ ૧૦ અબજ ૧૭ કરોડ યુનીટ ઉત્પાદન થયેલ |

જેમાં ઘટ બાદ કરતાં કુલ ૯ અબજ ૮૮ કરોડ યુનીટ ઉત્પાદનથી કુલ ` ૩૯ અબજ ૫૨ કરોડ રૂપિયાની આવક થયેલ છે. (હાલના બજાર ભાવ ` ૪.૦ પ્રતિ યુનીટ મુજબ) જેમાંથી ગુજરાતને ૧૬% હિસ્સા પ્રમાણે ૬ અબજ ૩૨ કરોડ, મહારાષ્ટ્રને ૨૭% હિસ્સા પ્રમાણે ૧૦ અબજ ૬૭ કરોડ અને મધ્યપ્રદેશને ૫૭ % હિસ્સા પ્રમાણે ૨૨ અબજ ૫૨ કરોડની આવક થયેલ છે.

---------

## આણંદ જિલ્લામાં ગુજરાત પાક્ષિક મેગેઝીનના ગ્રાહકો

૨૬૦૯૫ **રાજેન્દ્રસિંહ ધી. પરમાર( ભાદરણ): માનનીય મુખ્ય મંત્રીશ્રી** (માહિતી અને પ્રસારણ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) આણંદ જિલ્લામાં સરકારના ‘‘ગુજરાત’’ પાક્ષિક માટે તા.૩૧–૧૨–૧૧ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા ગ્રાહકો છે અને લવાજમ કેટલું છે, અને

(૨) તે અન્વયે કોના કોના તરફથી સામૂહિક લવાજમ ભરવામાં આવ્યા ?

**જવાબ**

(૧) આણંદ જિલ્લામાં સરકારના ‘‘ગુજરાત’’ પાક્ષિક માટે તા.૩૧–૧૨–૧૧ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ૧૨૭૪૫ ગ્રાહકો હતા અને લવાજમ પેટે ` ૬,૪૭,૨૫૦/- છે.

(૨) આ અન્વયે કોઈપણ તરફથી સામૂહિક લવાજમ ભરવામાં આવ્યા નથી.

## આણંદ જિલ્લામાં દારૂ પકડવા માટે દરોડા

૨૫૧૮૦ **શ્રી લાલસિંહ ઉ. વડોદીયા( ઉમરેઠ): માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નશાબંધી) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) આણંદ જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર તાલુકાવાર કેટલા દેશી અને વિદેશી દારૂ પકડવા દરોડા પાડવામાં આવ્યા,

**જવાબ**

(૧)

| તાલુકો | સને – ૨૦૧૦ | | સને – ૨૦૧૧ | |
|---|---|---|---|---|
| | દેશી | વિદેશી | દેશી | વિદેશી |
| આણંદ | ૨૦૧૯ | ૬૨ | ૧૯૫૫ | ૮૧ |
| ઉમરેઠ | ૫૫૭ | ૧૦ | ૫૫૯ | ૦૯ |
| પેટલાદ | ૧૬૪૯ | ૩૬ | ૧૨૩૮ | ૩૯ |
| બોરસદ | ૭૯૨ | ૧૪ | ૯૪૩ | ૨૭ |
| આંકલાવ | ૧૮૭ | ૦૬ | ૨૪૫ | ૨૦ |
| ખંભાત | ૮૭૮ | ૨૯ | ૮૫૫ | ૨૫ |
| સોજીત્રા | ૨૮૭ | ૧૩ | ૨૯૮ | ૧૧ |
| તારાપુર | ૧૬૦ | ૦૧ | ૧૪૨ | ૦૮ |

(૨) દરોડામાં વર્ષવાર તાલુકાવાર કેટલા રૂપિયાનો દેશી દારૂ અને વિદેશી દારૂ પકડાયો, અને

(૨)

| તાલુકો | સને – ૨૦૧૦ | | સને – ૨૦૧૧ | |
|---|---|---|---|---|
| | પકડાયેલ દેશી દારૂ ` | પકડાયેલ વિદેશી દારૂ ` | પકડાયેલ દેશી દારૂ ` | પકડાયેલ વિદેશી દારૂ ` |
| આણંદ | ૧,૧૫,૨૪૦ | ૧૪,૨૨,૬૬૩ | ૧,૩૩,૫૨૦ | ૫૪,૨૫,૫૯૦ |
| ઉમરેઠ | ૩૫,૦૮૦ | ૪,૦૬,૫૬૦ | ૫૬,૫૬૦ | ૨,૬૯,૯૪૦ |
| પેટલાદ | ૫૧.૩૪૦ | ૨,૬૦,૫૨૫ | ૫૧,૦૮૦ | ૧૨,૦૭,૯૦૦ |
| બોરસદ | ૨૯,૬૮૦ | ૧,૪૪,૧૦૦ | ૩૫,૭૪૦ | ૫૦,૯૬,૬૬૦ |
| આંકલાવ | ૧૨,૬૦૦ | ૧૨,૪૫,૪૫૦ | ૨૬,૦૨૦ | ૧,૮૮,૯૭૦ |
| ખંભાત | ૩૯૬૮૦ | ૪૯,૯૫૦ | ૪૪,૪૬૦ | ૨,૪૦,૦૫૦ |

| | | | | |
|---|---|---|---|---|
| સોજીત્રા | ૬,૯૨૦ | ૩,૭૦૦ | ૫૨,૭૪૦ | ૭૦૦ |
| તારાપુર | ૪,૮૪૦ | ૧૪,૮૩,૨૦૦ | ૯,૭૪૦ | ૩૮,૩૭,૩૨૫ |

(૩) પકડાયેલા ઈસમો સામે શા પગલાં ભરવામાં આવ્યા ?

(૩) પકડાયેલા ઈસમો સામે સન ૨૦૧૦ અને ૨૦૧૧ માં નશાબંધી ધારાની કલમ ૯૩ અન્વયે તથા પાસા અને તડીપાર કરવાના યોગ્ય તે પગલા ભરવામાં આવ્યા.

**આણંદ જિલ્લામાં પૂર્ણ કરાયેલ પોલીસ ખાતાના બિન રહેણાંકના મકાનોના કામો**

૨૪૮૩૭ **શ્રી શિરીષકુમાર મ. શુક્લ( ખંભાત): માનનીય મુખ્ય મંત્રીશ્રી** (પોલીસ આવાસો) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) આણંદ જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં પોલીસ ખાતાના કેટલા બિન રહેણાંકના મકાનોના કામો પૂર્ણ કરવામાં આવેલ, અને

(૨) આ કામો પાછળ તા.૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ કુલ કેટલી રકમનો ખર્ચ થયેલ છે ?

**જવાબ**

(૧) કુલ ૦૩ કામો.

(૨) કુલ ૧૨૨.૬૦ લાખ.

---------

**દાહોદ જિલ્લામાં હાથ ધરાયેલ પોલીસ ખાતાના રહેણાંકના મકાનોના કામ**

૨૪૮૬૧ **શ્રી ફતેસિંહ વ. ચૌહાણ( રાજગઢ): માનનીય મુખ્ય મંત્રીશ્રી** (પોલીસ આવાસો) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) દાહોદ જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં પોલીસ ખાતાના કેટલા રહેણાંકના મકાનોનાં કામો હાથ પર લેવામાં આવેલ, અને

(૨) આ કામો પાછળ તા.૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ કુલ કેટલી રકમનો ખર્ચ થયેલ છે ?

**જવાબ**

(૧) કુલ ૩૩૨ કામો.

(૨) કુલ ` ૨૭૬૯.૨૬ લાખ.

---------

**રાજ્યમાં સામાજિક–આર્થિક મોજણીનું કામ**

૨૫૦૮૯ **ડાૅ. અનિલભાઇ જોષીયારા( ભિલોડા): માનનીય મુખ્ય મંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં સામાજિક આર્થિક મોજણીનું કામ તા. ૩૦–૬–૨૦૧૧ થી શરૂ કરી તા. ૩૧–૧૨–૨૦૧૧ સુધીમાં પૂર્ણ કરવાનું હતું, જે મોજણીનું કામ શરૂ ન કરવાના કારણો શા છે,

(૨) હવે આ મોજણીનું કામ ક્યારે શરૂ કરી કયાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે,

(૩) ઘરદીઠ સર્વે કરવા માટે કેટલા સમયની અને કેટલા કર્મચારીઓની જરૂરીયાત ઉભી થશે, અને

**જવાબ**

(૧) રાજ્યમાં સામાજિક આર્થિક અને જાતિ આધારિત મોજણીનું કામ ભારત સરકારની સુચનાનુસાર ટેબલેટ પીસીની ઉપલબ્ધિ ધ્યાનમાં રાખી તા. ૧૬–૮–૨૦૧૧ થી શરૂ કરી તા. ૩૦–૯–૨૦૧૧ સુધીમાં પૂર્ણ કરવાનું નિર્ધારિત હતું પરંતુ ભારત ઈલેક્ટ્રોનિક્સ કંપની લી. તરફથી ટેબલેટ પીસીનો જથ્થો સમયસર નહીં મળવાના કારણે તારીખોમાં ફેરફાર કરવાની જરૂરિયાત ઉભી થયેલ હતી.

(૨) આ મોજણી રાજ્યમાં તા. ૧૬–૧–૨૦૧૨ થી શરૂ થઈ ગયેલ છે અને ટૂંક સમયમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

(૩) ઘરદીઠ સર્વે કરવા માટે એક એન્યુમરેટર (ગણતરીદાર) તથા એક ડેટા એન્ટ્રી ઓપરેટરની ટીમ કાર્યરત છે જે અંદાજે ૨૦ મિનિટ જેટલો સમય લે છે.

દરેક એન્યુમરેટરને (ગણતરીદાર) કુલ ૪ બ્લોક ફાળવતાં સર્વેની કામગીરીમાં સમગ્ર રાજ્ય માટે નીચે મુજબના કર્મચારીઓની જરૂરિયાત રહેશે.

| એન્યુમરેટર | સુપરવાઈઝર | ડેટા એન્ટ્રી ઓપરેટર |
|---|---|---|
| ૩૧૬૨૮ | ૫૨૭૧ | ૩૬૮૯૯ |

(૪) સર્વે કરવા પાછળ કેટલો ખર્ચ થવા સંભવ છે?

(૪) સર્વે કરવા પાછળ અંદાજે ` ૭૮.૦૬ કરોડનો ખર્ચ થવા સંભવ છે.

---------

**નવી ઔદ્યોગિક નીતિ હેઠળ સુરત જિલ્લાના ઔદ્યોગિક એકમોને વ્યાજ સહાય**

૨૪૮૫૦ **શ્રી નાનુભાઇ ભ. વાનાણી( સુરત શહેર ઉત્તર): માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.−

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરત જિલ્લામાં નવી ઔદ્યોગિક નીતિ હેઠળ સન ૨૦૧૧માં કેટલા એકમોને વ્યાજ સહાયનો લાભ આપવામાં આવ્યો, અને | (૧) સુરત જિલ્લામાં નવી ઔદ્યોગિક નીતિ હેઠળ સને ૨૦૧૧માં ૮૨૦૮ ઔદ્યોગિક એકમોને વ્યાજ સહાયનો લાભ આપવામાં આવ્યો. |
| (૨) તેની પાછળ ઉક્ત સ્થિતિએ કેટલી રકમનો ખર્ચ થયેલ છે? | (૨) ` ૭૧૪૯.૫૨ લાખની વ્યાજ સહાયની ચુકવણી કરવામાં આવેલ છે. |

---------

**નર્મદા જિલ્લામાં યોજાયેલ લોક દરબાર**

૨૪૯૧૨ **શ્રી વિજયભાઇ ર. પટેલ( ડાંગ-વાંસદા): માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.−

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પ્રજા અને પોલીસ વચ્ચે વિશ્વાસ વધે તે માટે સમયાંતરે સ્થાનિક કક્ષાએ લોક દરબાર યોજવા માટે રાજ્ય સરકારે સૂચના આપેલ હોવાની હકીકત ખરી છે, અને | (૧) હા જી, |
| (૨) જો હા, તો નર્મદા જિલ્લામાં કેલેન્ડર વર્ષ ૨૦૧૦ અને ૨૦૧૧માં કેટલા લોક દરબાર યોજવામાં આવેલ છે. | (૨) વર્ષ ૨૦૧૦માં ૧૦૨ અને વર્ષ ૨૦૧૧માં ૮૫ લોકદરબાર યોજવામાં આવેલ છે. |

---------

**નર્મદા યોજના અંતર્ગત મહેમદાવાદ શાખાનો પિયત વિસ્તાર**

૨૪૮૩૫ **શ્રી દેવુસિંહ જે. ચૌહાણ( માતર): માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.−

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧−૧૨−૨૦૧૧ની સ્થિતિએ નર્મદા યોજના અંતર્ગત મહેમદાવાદ શાખાનો કુલ પિયત વિસ્તાર કેટલો છે, | (૧) નર્મદા યોજનાની મહેમદાવાદ શાખા નહેરનો કુલ પિયત વિસ્તાર ૨૮૭૭૨ એકર છે. |
| (૨) તેમાં કયા કયા તાલુકાઓને આવરી લેવામાં આવ્યા, અને | (૨) મહેમદાવાદ શાખા નહેર ધ્વારા ૪ (ચાર) તાલુકાના વિસ્તારને સિંચાઈ માટે આવરી લેવામાં આવેલ છે. જેમાં કઠલાલ તાલુકાના ૨૩૯૮૦ એકર, કપડવંજ તાલુકાના ૪૧૪૯ એકર, મહુધા તાલુકાના ૪૬૦ એકર અને મહેમદાવાદ તાલુકાના ૧૮૩ એકર પિયત વિસ્તારનો સમાવેશ થાય છે. |
| (૩) ઉક્ત સ્થિતિએ કેટલા પિયત વિસ્તારમાં નહેરોની કામગીરી પૂર્ણ થયેલ છે? | (૩) તા. ૩૧−૧૨−૨૦૧૧ની સ્થિતિએ કઠલાલ તાલુકાના ૨૩૯૮૦ એકરમાંથી ૧૯૫૧૬ એકર, કપડવંજ તાલુકાના ૪૧૪૯ એકરમાંથી ૪૧૪૯ એકર, મહુધા તાલુકાના ૪૬૦ એકરમાંથી ૪૬૦ એકર અને મહેમદાવાદ તાલુકાના ૧૮૩ એકરમાંથી ૧૮૦ એકર પિયત વિસ્તારમાં નહેરોની કામગીરી પૂર્ણ થયેલ છે. |

---------

## વડોદરા જિલ્લામાં તાલુકાવાર ઝુંપડાઓનું વીજળીકરણ

૨૪૨૮૦ **શ્રી ધીરૂભાઇ ચુ. ભીલ( નસવાડી): માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) વડોદરા તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં રાજીવ ગાંધી વીજળીકરણ યોજના અન્વયે તાલુકાવાર કેટલા ઝુંપડાઓનું વીજળીકરણ કરવામાં આવ્યું, અને

(૨) કેટલા ઝુંપડાઓને આ યોજના હેઠળ આવરી લેવાના બાકી છે?

**જવાબ**

(૧) અને (૨)

વડોદરા જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં આર.જી.જી.વી.વાય. હેઠળ આપવામાં આવેલ વીજ જોડાણો અને આ યોજનાના મંજૂર થયેલ પ્રોજેક્ટ મુજબ આવરી લેવાના બાકી રહેતા લાભાર્થીઓની તાલુકાવાર માહિતી નીચે મુજબ છે.

| તાલુકો | આપેલ વીજ જોડાણ | આ યોજનાના મંજૂર થયેલ પ્રોજેક્ટ મુજબ આવરી લેવાના બાકી રહેતા લાભાર્થીઓ |
|---|---|---|
| વડોદરા | ૧૨૩૦ | ૨૫૨ |
| સાવલી | ૨૦૬૨ | ૩૦૫ |
| વાઘોડીયા | ૨૦૫૦ | ૭૮ |
| પાદરા | ૧૦૧૮ | ૫૨ |
| કરજણ | ૪૦૫ | ૭૨ |
| શીનોર | ૫૩૫ | ૦ |
| ડભોઈ | ૧૨૧૮ | ૧૭૦ |
| સંખેડા | ૧૩૫૩ | ૯૫ |
| પાવી જેતપુર | ૨૨૦૫ | ૦ |
| છોટાઉદેપુર | ૨૪૬૦ | ૦ |
| કવાંટ | ૧૮૬૪ | ૦ |
| નસવાડી | ૧૪૦૫ | ૪૪ |

---------

અગ્રતાક્રમ:૧૪૬– ૨૪૩૬૭ : **માનનીય મંત્રીશ્રીની વિનંતીથી રદ કરવામાં આવ્યો છે**

---------

## મોટી સંખ્યામાં વિજ કનેકશનો પડતર હોવા છતાં અન્ય રાજ્યોને વિજળી વેચવાના કારણો

૨૬૦૬૧ **શ્રી શૈલેષકુમાર મ. પરમાર(શહેરકોટડા):** બારમી ગુજરાત વિધાનસભાના નવમા સત્રમાં તા. ૨૬–૯–૧૧ના રોજ ગૃહમાં રજૂ થયેલ બીજી અતારાંકિત યાદીના અતારાંકિત પ્રશ્ન ક્રમાંક : ૪૪૮૬ના અનુસંધાને: **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

રાજ્યમાં જિલ્લાવાર ખેતી માટેના વીજ કનેકશનોની પડતર અરજીઓની સંખ્યા ૪.૫ લાખ કરતાં વધુ હોવા છતાં તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ રાજ્યના ખેડૂતોને વીજ કનેકશનો નહિ આપીને રાજ્ય સરકાર અન્ય રાજ્યોમાં વીજળી વેચે છે તેના કારણો શું છે?

**જવાબ**

રાજ્યમાં કૃષિ વિષયક વિજ કનેકશનો ન ફાળવવાની વાત સાચી નથી. કૃષિ વિષયક વિજ જોડાણની નોંધણી અને ફાળવણી તે સતત ચાલતી પ્રક્રિયા છે. ચાલુ વર્ષમાં તા. ૩૧–૧–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા દસ (૧૦) માસમાં જ ૫૦૭૦૪ નવા કૃષિ વિજ કનેકશન ફાળવવામાં આવ્યાં છે. કોઇ પણ એક વર્ષમાં ફાળવાયેલ વિજ કનેકશનનો આ એક રેકોર્ડ છે.

વિજ ઉત્પાદનનો સંગ્રહ શક્ય નથી. આથી વિજ ઉત્પાદનનો શ્રેષ્ઠ ઉપયોગ કરવા માટે રાજ્યના તમામ પ્રકારના વિજ ગ્રાહકોની મહત્તમ જરૂરીયાત સંતોષાયા બાદ, વધારાનો વિજ પુરવઠો, દેશમાં તીવ્ર અછત અનુભવતા કોંગ્રેસ શાસિત રાજ્યો સહિત અન્ય જરૂરીયાતોવાળા રાજ્યોને પણ રાષ્ટ્રીય હિતમાં વેચવામાં આવે છે.

---------

**વલસાડ જિલ્લાનાં પોલીસ સ્ટેશનોમાં વિદેશી દારૂના ગુનાઓ**

૨૫૧૯૭ **શ્રી જીતુભાઇ હ. ચૌધરી( મોટા પોંઢા): માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નશાબંધી) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વલસાડ જિલ્લાના તમામ પોલીસ સ્ટેશનોમાં તા. ૦૧–૦૧–૨૦૧૧ થી તા. ૩૧–૧૨–૨૦૧૧ સુધીમાં વિદેશી દારુ અંગેના કુલ કેટલા ગુના દાખલ થયા, અને | (૧) ૨૭૬૧. |
| (૨) તે પૈકી વિદેશી દારુનું ઉત્પાદન કરતી કંપની સામે કોઈ કેસ કરવામાં આવ્યા છે કે કેમ? | (૨) ના. |

---------

**સુરત જિલ્લામાં પોલીસ કર્મચારીઓના પરિવાર સભ્યો માટે કોમ્યુનીટી હોલ બનાવવાનું આયોજન**

૨૪૮૯૧ **શ્રી કિરીટભાઇ ગં. પટેલ( ઓલપાડ): માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પોલીસ કર્મચારીઓના પરિવારના સભ્યો સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ કરી શકે તે માટે કોમ્યુનિટી હોલ બનાવવાનું આયોજન કરેલ છે તે હકીકત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ સુરત જિલ્લામાં કેટલા કોમ્યુનિટી હોલ ઉપલબ્ધ છે? | (૨) સુરત જિલ્લામાં ૧ (એક) કોમ્યુનિટી હોલ ઉપલબ્ધ છે. |

---------

**ભરૂચ જિલ્લામાં નર્મદા યોજના અંતર્ગત કેનાલોના બાકી કામો**

૨૩૮૯૭ **શ્રી ઇકબાલભાઇ પટેલ( વાગરા): માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ ભરૂચ જિલ્લામાં ભરૂચ, વાગરા, આમોદ અને જંબુસર તાલુકાઓમાં નર્મદા યોજના અંતર્ગત કેટલી લંબાઈની કેટલી કેનાલો બનાવવાની બાકી છે, | (૧) ભરૂચ જિલ્લામાં નર્મદા યોજનાની કુલ ૬૬૪૫.૫૦ કી.મી. લંબાઈની નહેરો પૈકી ૩૪૫૩.૮૩ કી.મી. લંબાઈની નહેરો પૂર્ણ થયેલ છે. તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ ભરૂચ જિલ્લામાં ભરૂચ તાલુકામાં ૭૯૨.૩૯ કી.મી. લંબાઈની ૭૫૨ કેનાલો, વાગરા તાલુકામાં ૨૮૬.૩૮ કી.મી. લંબાઈની ૧૩૯ કેનાલો, આમોદ તાલુકામાં ૪૩૦.૪૯ કી.મી. લંબાઈની ૩૧૯ કેનાલો અને જંબુસર તાલુકામાં ૨૨૫.૫૭ કી.મી. લંબાઈની ૧૧૮ કેનાલો બનાવવાની બાકી છે. |
| (૨) આ પૈકી ડીસ્ટ્રીબ્યુટરી શાખા નહેરો અને માઈનોર નહેરો કેટલી છે, અને | (૨) તમામ ડીસ્ટ્રીબ્યુટરી તથા શાખા નહેરોના કામો પૂર્ણ થયેલ છે. જ્યારે ૩૦૦.૬૭ કી.મી. લંબાઈની ૯૭ માઈનોર નહેરો અને ૧૪૩૪.૧૬ કી.મી. લંબાઈની ૧૨૩૧ સબ માઈનોર નહેરો બનાવવાની બાકી છે. |
| (૩) આ કામો કેટલા સમયમાં પૂર્ણ કરવાનું આયોજન છે? | (૩) બાકી રહેતી નહેરોના કામો વહેલી તકે પૂર્ણ કરવાનું આયોજન છે. |

---------

**જામનગર જિલ્લામાં વાજપાઈ સ્વરોજગાર યોજના અન્વયે શિક્ષિત બેરોજગારોની અરજીઓ**

૨૪૭૬૨ **શ્રી મુળુભાઇ હ. બેરા(ભાણવડ): માનનીય કુટીર ઉદ્યોગ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જામનગર જિલ્લામાં વાજપાઇ સ્વરોજગાર યોજના અન્વયે સને ૨૦૧૦–૧૧ માં અને ૨૦૧૧–૧૨ માં તા.૩૧–૧૨–૨૦૧૧ સુધીમાં કેટલા શિક્ષિત બેરોજગારોની અરજીઓ આવી, | (૧) અગાઉના વર્ષની પડતર અરજીઓ સહીત નીચે મુજબ વર્ષવાર અરજીઓ મળેલ છે.<br>વર્ષ ૨૦૧૦–૧૧ ૨૬૫૧<br>વર્ષ ૨૦૧૧–૧૨ ૧૬૫૫<br>(તા.૩૧–૧૨–૧૧ સુધીમાં) |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, | (૨) જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર કક્ષાએથી ભલામણ થયેલ |

અરજીઓ પૈકી બેંક કક્ષાએ નીચે મુજબ અરજીઓ મંજૂર કરવામાં આવેલ છે.

| વર્ષ | મંજૂર થયેલ અરજીઓ |
|---|---|
| ૨૦૧૦-૧૧ | ૧૨૬૩ |
| ૨૦૧૧-૧૨ | ૬૫૭ |

(તા.૩૧-૧૨-૧૧ સુધીમાં)

(૩) કેટલી રકમની સહાય મંજૂર કરવામાં આવી,

(૩) નીચે મુજબની સહાય મંજૂર કરવામાં આવી

| વર્ષ | કેસોની સંખ્યા | સહાય |
|---|---|---|
| ૨૦૧૦-૧૧ | ૯૩૧ | ` ૧૨૫.૭૮ લાખ |
| ૨૦૧૧-૧૨ | ૮૨૭ | ` ૧૧૫.૯૩ લાખ |

(તા. ૩૧-૧૨-૧૧ સુધીમાં)

(૪) કેટલી અરજીઓ નામંજૂર કરવામાં આવી, અને

(૪) નીચે મુજબ અરજીઓ નામંજૂર કરવામાં આવેલ છે.

| વર્ષ | જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર કક્ષાએ | બેંક કક્ષાએ |
|---|---|---|
| ૨૦૧૦-૧૧ | ૫૮૨ | ૭૧૫ |
| ૨૦૧૧-૧૨ | ૧૦૦ | ૬૧૫ |

(તા. ૩૧-૧૨-૧૧ સુધીમાં)

(૫) આ અરજીઓ નામંજૂર થવાના કારણો શા છે ?

(૫) અરજીઓ નામંજૂર થવાના કારણો નીચે મુજબ છે.

**જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર કક્ષાએ**

૧. અરજદાર માહિતી પુરી ન પાડતા હોવાથી.
૨. અરજદાર અન્ય જગ્યાએ રહેતા હોવાથી.
૩. અરજદારે અગાઉ લોન લીધેલ હોવાથી.
૪. અરજદારની ઉંમર વધારે હોવાથી.
૫. અરજદારને ધંધાનું જ્ઞાન ન હોવાથી.

**બેંક કક્ષાએ**

૧. અરજદાર દ્વારા ખુટતી વિગત રજુ ન કરતાં.
૨. અરજદારે અગાઉ લોન લીધેલ હોવાથી.
૩. અરજદારને ધંધાનું જ્ઞાન ન હોવાથી.

---------

**રાજકોટ જિલ્લામાં કાર્યાન્વિત નવીન વીજ સબ સ્ટેશનો**

૨૪૭૪૮ **શ્રી ભરતભાઇ ખો. બોઘરા(જસદણ): માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

રાજકોટ જિલ્લામાં માર્ચ-૨૦૧૧ ની સ્થિતિએ છેલ્લા ત્રણ નાણાંકીય વર્ષમાં કેટલા નવીન વીજ સબ સ્ટેશન કાર્યાન્વિત થયા ?

**જવાબ**

રાજકોટ જિલ્લામાં માર્ચ-૨૦૧૧ ની સ્થિતિએ છેલ્લા ત્રણ નાણાંકીય વર્ષમાં કુલ ૩૬ (છત્રીસ) નવા વીજ સબ સ્ટેશનો કાર્યાન્વિત કરવામાં આવ્યા છે. જેની વિગતો નીચે મુજબ છે.

| વર્ષ | ૬૬ કે.વી. | કુલ |
|---|---|---|
| ૨૦૦૮-૦૯ | ૬ | ૬ |
| ૨૦૦૯-૧૦ | ૧૧ | ૧૧ |
| ૨૦૧૦-૧૧ | ૧૯ | ૧૯ |
| **કુલ** | **૩૬** | **૩૬** |

**મહેસાણા જિલ્લામાં હાથ ધરાયેલ પોલીસ ખાતાના રહેણાંકના મકાનોનાં કામો**

૨૪૮૬૨ **શ્રીમતિ જશોદાબેન ચ. પરમાર(જોટાણા): માનનીય મુખ્યમંત્રીશ્રી** (પોલીસ આવાસો) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) મહેસાણા જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૧ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં પોલીસ ખાતાના કેટલા

**જવાબ**

(૧) કુલ ૩૮ કામો.

રહેણાંકના મકાનોના કામો હાથ પર લેવામાં આવેલ, અને

| | |
|---|---|
| (૨) આ કામો પાછળ તા.૩૧–૧૨–૨૦૧૧ ની સ્થિતિએ કુલ કેટલી રકમનો ખર્ચ થયેલ છે? | (૨) કુલ ` ૨૧૩.૫૭ લાખ. |

---------

**બનાસકાંઠા જિલ્લામાં પૂર્ણ કરાયેલ પોલીસ ખાતાનાં બિન રહેણાંકના મકાનો**

૨૪૮૬૯ **શ્રી બાબુભાઇ જે. દેસાઇ(કાંકરેજ): માનનીય મુખ્યમંત્રીશ્રી** (પોલીસ આવાસો) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) બનાસકાંઠા જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૧ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં પોલીસ ખાતાના કેટલા બિનરહેણાંકના કામો પૂર્ણ કરવામાં આવેલ છે, અને | (૧) કુલ ૮ કામો. |
| (૨) આ કામો પાછળ કુલ કેટલી રકમનો ખર્ચ થયેલ છે ? | (૨) કુલ ` ૧૧૨.૪૧ લાખ. |

---------

**મહેસાણા જિલ્લામાં યોજાયેલ લોકદરબાર**

૨૪૯૧૦ **શ્રી કાંતિભાઇ રા. પટેલ(વિજાપુર): માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પ્રજા અને પોલીસ વચ્ચે વિશ્વાસ વધે તે માટે સમયાંતરે સ્થાનિક કક્ષાએ લોક દરબાર યોજવા માટે રાજ્ય સરકારે સૂચના આપેલ હોવાની હકીકત ખરી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો મહેસાણા જિલ્લામાં કેલેન્ડર વર્ષ ૨૦૧૦ અને ૨૦૧૧ માં કેટલા લોક દરબાર યોજવામાં આવેલ છે ? | (૨) વર્ષ ૨૦૧૦ માં ૧૫૯ અને વર્ષ ૨૦૧૧ માં ૧૬૮ લોક દરબાર યોજવામાં આવેલ છે. |

---------

**કચ્છ જિલ્લામાં સાગરખેડૂ સર્વાંગી વિકાસ યોજનામાં જર્જરીત વીજ વાયરો બદલવા બાબત**

૨૪૭૧૮ **શ્રી રમેશભાઇ વ. મહેશ્વરી (મુંદ્રા): માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કચ્છ જિલ્લામાં વર્ષ ૨૦૧૧–૧૨ માં તા.૩૧–૧૨–૨૦૧૧ ની સ્થિતિએ સાગરખેડૂ સર્વાંગી વિકાસ યોજના હેઠળ કુલ કેટલા કિલોમીટર જર્જરીત વીજ વાયરો બદલવામાં આવ્યા, અને<br>(૨) તે માટે કેટલો ખર્ચ થયો ? | (૧) અને (૨)<br>કચ્છ જિલ્લામાં વર્ષ ૨૦૧૧–૧૨ માં તા.૩૧–૧૨–૨૦૧૧ ની સ્થિતિએ સાગરખેડૂ સર્વાંગી વિકાસ યોજના હેઠળ ` ૬૦૦ લાખના ખર્ચે કુલ ૫૯૨ કિલોમીટર જર્જરીત વીજ વાયરો બદલવામાં આવ્યા. |

**નર્મદા જિલ્લામાં હાથ ધરાયેલ પોલીસ ખાતાના રહેણાંકના મકાનોના કામો**

૨૪૮૬૫ **શ્રી મધુભાઇ બા. શ્રીવાસ્તવ( વાઘોડીયા): માનનીય મુખ્યમંત્રીશ્રી** (પોલીસ આવાસો) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નર્મદા જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૧ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં પોલીસ ખાતાના કેટલા રહેણાંકના મકાનોનાં કામો હાથ પર લેવામાં આવેલ, અને | (૧) કુલ ૩૨૦ કામો. |
| (૨) આ કામો પાછળ તા.૩૧–૧૨–૨૦૧૧ ની સ્થિતિએ કુલ કેટલી રકમનો ખર્ચ થયેલ છે ? | (૨) કુલ ` ૧૬૭૩.૫૫ લાખ. |

**રાજકોટ જિલ્લામાં કૃષિ વિષયક વીજ જોડાણ ધરાવતા ખેડૂતોને વીજ બીલમાં રાહત**

૨૪૭૪૬ **શ્રી કાંતિલાલ શી. અમૃતિયા(મોરબી): માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) કૃષિ વિષયક વીજ જોડાણ ધરાવતા ખેડૂતોને રાજ્ય સરકાર દ્વારા વીજ બીલમાં કોઇ રાહત આપવામાં આવે છે કે કેમ, અને

(૨) જો હા, તો રાજકોટ જિલ્લામાં તા.૩૧મી માર્ચ–૨૦૧૧ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કેટલી સબસીડી આપવામાં આવી ?

**જવાબ**

(૧) વીજ ઉત્પાદન માટે વપરાશમાં લેવાતા કોલસો, ગેસ, ઓઇલ નેપ્થા જેવા વીજ બળતણમાં કેન્દ્ર સરકાર દ્વારા કરવામાં આવતા ભાવ વધારાને કારણે વીજ કંપનીઓને થતા ખર્ચને પહોંચી વળવા માટે ફ્યુઅલ સરચાર્જની વસુલાત તમામ વીજ ગ્રાહકો પાસેથી કરવાની થાય છે, તેમ છતાં, ખેડૂતોના હિતમાં કૃષિ વિષયક વીજ ગ્રાહકોના કિસ્સામાં રાહત આપીને આ ફ્યુઅલ સરચાર્જનો બોજો સરકાર દ્વારા સબસીડી રૂપે વહન કરવામાં આવે છે.

તદ્ઉપરાંત, નામદાર વીજ નિયમન આયોગ દ્વારા મંજૂર થયેલ કૃષિ વિષયક વીજદરનો પણ સંપૂર્ણ બોજો ખેડૂતો પર નાખવામાં નથી આવતો પરંતુ, નામદાર આયોગે નક્કી કરેલ વીજ દરો કરતાં ઘણા ઓછા દરે ખેડૂતોને વીજળી આપવામાં આવે છે, અને આ દરો વચ્ચેનો તફાવત સરકાર દ્વારા સબસીડી રૂપે વહન કરવામાં આવે છે.

(૨) તદ્નુસાર, રાજ્યના માત્ર રાજકોટ જિલ્લામાં છેલ્લા ત્રણ વર્ષમાં ` ૩૩૯.૯૨ કરોડ જેટલી માતબર રકમનો બોજ ખેડૂતો પર ન નાખતાં સરકારે વહન કરેલ છે.

**રાજકોટ જિલ્લામાં ઔદ્યોગિક વસાહત માટે જમીન સંપાદન**

૨૫૯૪૯ **શ્રી મહંમદજાવેદ અ. પીરઝાદા(વાંકાનેર): માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૧૧ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજકોટ જિલ્લામાં તાલુકાવાર ઔદ્યોગિક વસાહત માટે કેટલી જમીન શા ભાવે સંપાદન કરવામાં આવી,

(૨) તે પૈકી કેટલી જમીન ઔદ્યોગિક વસાહત માટે ફાળવવામાં આવે અને ઉક્ત સ્થિતિએ ફાળવણી થયા વગરની જમીન છે, અને

(૩) આ જમીન મેળવવા માટે કેટલા ઉદ્યોગ ગૃહની અરજીઓ પડતર છે ?

**જવાબ**

(૧) રાજકોટ જિલ્લાના કોઇ તાલુકામાં ઔદ્યોગિક વસાહત માટે કોઇ જમીન સંપાદન કરવામાં આવી નથી.

(૨) અને (૩)

પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**અમદાવાદ શહેરના પોલીસ સ્ટેશનોમાં નોંધાયેલ વિવિધ ગુનાઓ**

૨૪૯૨૭ **શ્રી ગ્યાસુદીન હ. શેખ(શાહપુર): માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) વર્ષ ૨૦૧૧માં અમદાવાદ પોલીસ કમિશ્નરની હકુમત હેઠળના પોલીસ સ્ટેશન દીઠ ખૂન, લૂંટ, ધાડ અને બળાત્કારના કેટલા બનાવો પોલીસ દફતરે નોંધાયા, અને

(૨) તે અન્વયે કેટલા આરોપીઓની ધરપકડ થઇ અને કેટલા કેસો તા.૩૧–૧–૨૦૧૨ ની સ્થિતિએ વણ ઉકેલ છે ?

**જવાબ**

(૧) અને (૨)

સામેલ પત્રક મુજબ.

**પત્રક**

| અ.નં. | પોલીસ સ્ટેશનનું નામ | ખૂન | લૂંટ | ધાડ | બળાત્કાર |
|---|---|---|---|---|---|
| ૧ | વેજલપુર | ૪ | ૧૭ | ૦ | ૦ |
| ૨ | આનંદનગર | ૧ | ૧૩ | ૨ | ૧ |
| ૩ | સેટેલાઇટ | ૩ | ૩૦ | ૧ | ૦ |
| ૪ | એલીસબ્રીજ | ૨ | ૩૯ | ૦ | ૦ |
| ૫ | વસ્ત્રાપુર | ૦ | ૫૧ | ૧ | ૦ |
| ૬ | નવરંગપુરા | ૦ | ૧૮ | ૦ | ૦ |
| ૭ | યુનિવર્સિટી | ૦ | ૮ | ૧ | ૦ |
| ૮ | ઘાટલોડીયા | ૦ | ૩૦ | ૦ | ૩ |
| ૯ | સોલા | ૪ | ૨૦ | ૧ | ૨ |
| ૧૦ | નારણપુરા | ૪ | ૪૬ | ૦ | ૪ |
| ૧૧ | રાણીપ | ૦ | ૨ | ૦ | ૦ |
| ૧૨ | ચાંદખેડા | ૧ | ૩૪ | ૨ | ૦ |
| ૧૩ | સાબરમતી | ૨ | ૧૯ | ૧ | ૨ |
| ૧૪ | માધવપુરા | ૩ | ૮ | ૦ | ૦ |
| ૧૫ | શાહપુર | ૧ | ૪ | ૧ | ૦ |
| ૧૬ | કારંજ | ૨ | ૮ | ૦ | ૧ |
| ૧૭ | કાલુપુર | ૦ | ૯ | ૧ | ૦ |
| ૧૮ | શહેર કોટડા | ૩ | ૧૮ | ૪ | ૦ |
| ૧૯ | ખાડીયા | ૦ | ૩ | ૦ | ૧ |
| ૨૦ | ગાયકવાડ હવેલી | ૦ | ૫ | ૦ | ૦ |
| ૨૧ | દરીયાપુર | ૦ | ૧ | ૦ | ૨ |
| ૨૨ | શાહીબાગ | ૪ | ૧૪ | ૦ | ૦ |
| ૨૩ | સરદારનગર | ૫ | ૨૯ | ૩ | ૪ |
| ૨૪ | નરોડા | ૭ | ૯૪ | ૨ | ૭ |
| ૨૫ | મેઘાણીનગર | ૨ | ૯ | ૦ | ૦ |
| ૨૬ | ગોમતીપુર | ૨ | ૩ | ૦ | ૦ |
| ૨૭ | રખીયાલ | ૪ | ૫ | ૦ | ૩ |
| ૨૮ | બાપુનગર | ૧ | ૧૭ | ૦ | ૨ |
| ૨૯ | ઓઢવ | ૬ | ૪૭ | ૫ | ૩ |
| ૩૦ | રામોલ | ૨ | ૧૬ | ૧ | ૦ |
| ૩૧ | અમરાઈવાડી | ૧૦ | ૨૦ | ૫ | ૩ |
| ૩૨ | ખોખરા | ૧ | ૨ | ૦ | ૦ |
| ૩૩ | કાગડાપીઠ | ૨ | ૧૦ | ૦ | ૨ |
| ૩૪ | દાણીલીમડા | ૪ | ૧૦ | ૦ | ૬ |
| ૩૫ | મણીનગર | ૩ | ૧૯ | ૦ | ૧ |
| ૩૬ | ઈસનપુર | ૧ | ૨૨ | ૦ | ૩ |
| ૩૭ | વટવા | ૮ | ૧૭ | ૦ | ૧૦ |
| ૩૮ | જી.આઇ.ડી.સી. | ૧ | ૩ | ૦ | ૦ |
| ૩૯ | ક્રાઇમ | ૨ | ૦ | ૦ | ૦ |
| ૪૦ | મહિલા | ૦ | ૦ | ૦ | ૦ |

ઉપર્યુક્ત ગુનાઓ અન્વયે ૯૮૬ આરોપીઓની ધરપકડ કરવામાં આવેલ છે જ્યારે તા.૩૧–૦૧–૨૦૧૨ ની સ્થિતિએ કુલ ૪૦૯ કેસો વણ ઉકેલ રહેલ છે.

## પોરબંદર જિલ્લામાં ખુશી યોજનાના લાભાર્થી ખેડૂતો

૨૪૭૬૮ **શ્રી કરશનભાઇ દુ. ઓડેદરા(કુતિયાણા): માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) પોરબંદર જિલ્લામાં ખેડૂતોને ભારે દબાણની લાઇન ઉભી કરી આગવું ટ્રાન્સફોર્મર ફાળવવાની ખુશી યોજના હેઠળ વર્ષ ૨૦૧૦–૧૧ અને ૨૦૧૧–૧૨ દરમ્યાન તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ કુલ કેટલા ખેડૂતોને લાભ આપવામાં આવ્યો, અને

(૨) તે માટે કેટલો ખર્ચ થયો ?

**જવાબ**

(૧) અને (૨) પોરબંદર જિલ્લામાં વર્ષ ૨૦૧૦–૧૧માં રૂપિયા ૩૭૦ લાખના ખર્ચે ૨૪૭ ખેડૂતોને તથા વર્ષ ૨૦૧૧–૧૨માં તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ રૂપિયા ૪૧૬ લાખના ખર્ચે ૬૭૬ ખેડૂતોને નવા વીજ જોડાણ માટે ભારે દબાણની લાઇન ઉભી કરી આગવા ટ્રાન્સફોર્મર્સનો લાભ આપવામાં આવ્યો છે.

---------

## નર્મદા યોજનાના વિદ્યુત મથકો દ્વારા વીજ ઉત્પાદન

૨૪૭૮૨ **શ્રી આત્મારામ મ. પરમાર(ગઢડા): માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં સરદાર સરોવર યોજના જળ વિદ્યુત મથકો દ્વારા કેટલી વીજળી ઉત્પન્ન કરવામાં આવી, અને

(૨) તેની બજાર કિંમત કેટલી થઈ?

**જવાબ**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં સરદાર સરોવર યોજનાના બંને જળ વિદ્યુત મથકોમાંથી વર્ષ ૨૦૦૯માં ૨ અબજ ૧૨ કરોડ યુનીટ, વર્ષ ૨૦૧૦માં ૩ અબજ ૫૯ કરોડ યુનીટ અને વર્ષ ૨૦૧૧માં ૪ અબજ ૪૬ કરોડ યુનીટ મળી કુલ ૧૦ અબજ ૧૭ કરોડ યુનીટ વીજ ઉત્પાદન થયેલ છે.

(૨) છેલ્લા ત્રણ વર્ષ (૨૦૦૯ થી ૨૦૧૧) દરમ્યાન કુલ ૧૦ અબજ ૧૭ કરોડ યુનીટ ઉત્પાદન થયેલ જેમાં ઘટ બાદ કરતાં કુલ ૯ અબજ ૮૮ કરોડ યુનીટ ઉત્પાદનથી કુલ

` ૩૯ અબજ ૫૨ કરોડ રૂપિયાની આવક થયેલ છે. (હાલના બજાર ભાવ ` ૪.૦ પ્રતિ યુનીટ મુજબ) જેમાંથી ગુજરાતને ૧૬% હિસ્સા પ્રમાણે ૬ અબજ ૩૨ કરોડ, મહારાષ્ટ્રને ૨૭% હિસ્સા પ્રમાણે ૧૦ અબજ ૬૭ કરોડ અને મધ્યપ્રદેશને ૫૭% હિસ્સા પ્રમાણે ૨૨ અબજ ૫૨ કરોડની આવક થયેલ છે.

---------

**અમદાવાદ પોલીસ કમિશ્નરેટ વિસ્તારમાં હાથ ધરવામાં આવેલ પોલીસ ખાતાના બિન રહેણાંકના મકાનોના કામો**

૨૪૭૯૭ **શ્રીમતી ગીતાબેન યો. પટેલ(સાબરમતી): માનનીય મુખ્યમંત્રીશ્રી** (પોલીસ આવાસો) જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) અમદાવાદ પોલીસ કમિશ્નરેટ વિસ્તારમાં તા. ૩૧–૧૨–૨૦૧૧ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કુલ કેટલી રકમના પોલીસ ખાતાના કેટલા બિન રહેણાંકના કામો હાથ પર લેવામાં આવેલ છે, અને | (૧) કુલ ૧૨ કામો. |
| (૨) આ કામો પાછળ તા. ૩૧–૧૨–૨૦૧૧ ની સ્થિતિએ કુલ કેટલી રકમનો ખર્ચ થયેલ છે? | (૨) કુલ ` ૨૦૫૨.૯૪ લાખ. |

**પંચમહાલ જિલ્લામાં પોલીસ ખાતાના રહેણાંક/બિન રહેણાંકના મકાનોની મરામત**

૨૪૮૮૨ **શ્રી અરવિંદસિંહ દા. રાઠોડ( કાલોલ): માનનીય મુખ્યમંત્રીશ્રી** (પોલીસ આવાસો) જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) પંચમહાલ જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૧ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં પોલીસ ખાતાના રહેણાંક તેમજ બિન રહેણાંકના કેટલા મકાનોની મરામત અને જાળવણીની કામગીરી કરવામાં આવી, અને | (૧) રહેણાંકના કુલ ૩૧૦ અને બિન રહેણાંકના કુલ ૧૨ મકાનો. |
| (૨) આ કામગીરી પાછળ કુલ કેટલી રકમનો ખર્ચ થયેલ છે? | (૨) કુલ ` ૧૦૦.૩૦ લાખ. |

**રાજકોટ જિલ્લામાં પોલીસ ખાતાના રહેણાંક/બિન રહેણાંકના મકાનોની મરામત**

૨૪૭૫૬ **શ્રીમતી જશુબેન સ. કોરાટ(જેતપુર): માનનીય મુખ્યમંત્રીશ્રી** (પોલીસ આવાસો) જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજકોટ જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૧ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં પોલીસ ખાતાના રહેણાંક તેમજ બિન રહેણાંકના કેટલા મકાનોની મરામત અને જાળવણીની કામગીરી કરવામાં આવી, અને | (૧) રહેણાંકના કુલ ૧૭૪ અને બિન રહેણાંકના કુલ ૧૧ મકાનો. |
| (૨) આ કામગીરી પાછળ કુલ કેટલી રકમનો ખર્ચ થયેલ છે? | (૨) કુલ ` ૯૬.૧૫ લાખ. |

એસ્જી–૨૭૬–૨૦

**શ્રી વી. આર. એસ. કૌલગી કમિટિના અહેવાલનો સ્વીકાર અને અમલ**

૨૫૪૮૪ **શ્રી બાબુભાઇ મે. શાહ(રાપર): માનનીય મુખ્યમંત્રીશ્રી** (વહીવટી સુધારણા) જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજ્ય સરકાર દ્વારા વહીવટી સુધારણા માટે શ્રી વી.આર.એસ.કૌલગી સમિતિ તરફથી આવેલ અહેવાલનો સ્વીકાર ક્યારે કરવામાં આવ્યો. | (૧) અહેવાલ વિચારણા હેઠળ છે. |
| (૨) આ સમિતિની કાર્યસૂચિ અન્વયે સમિતિ દ્વારા થયેલ સૂચનો પૈકી છેલ્લા ત્રણ વર્ષમાં તા. ૩૧–૧૨–૧૧ની સ્થિતિએ કઇ કઇ બાબતોનો સ્વીકાર કરવામાં આવ્યો, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

| | |
|---|---|
| (૩) વહીવટી સુધારણા અંગે શા પગલાં લેવામાં આવ્યા છે? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**મહેસાણા જિલ્લામાં પોલીસદળના આરોગ્યની ચકાસણી**

૨૪૮૯૫ **શ્રી ઋષિકેશભાઇ ગ. પટેલ(વિસનગર): માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્ય સરકારે પોલીસ ખાતામાં ફરજ બજાવતા તમામ કર્મચારી/અધિકારીઓના આરોગ્યની ચકાસણીની સૂચના આપી હોવાની હકીકત ખરી છે, અને | (૧) હા જી. |
| (૨) જો હા, તો તા. ૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર મહેસાણા જિલ્લામાં કેટલા પોલીસ અધિકારી/કર્મચારીઓના આરોગ્યની ચકાસણી થઇ ? | (૨) (૧) વર્ષ ૨૦૧૦માં – ૧૨૪૮<br>(૨) વર્ષ ૨૦૧૧માં – ૮૧૨ |

---------

**ઝીંઝુવાડા શાખા નહેર દ્વારા આવરી લેવાયેલ પિયત વિસ્તાર**

૨૪૭૪૨ **શ્રી ભરતભાઇ વ. ખોરાણી(ચોટીલા): માનનીય મુખ્યમંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નર્મદા યોજના હેઠળ ઝીંઝુવાડા શાખા નહેરથી ક્યા તાલુકાના કેટલા વિસ્તારને પિયત માટે આવરી લેવામાં આવેલ છે, | (૧) ઝીંઝુવાડા શાખા નહેરથી મહેસાણા જિલ્લાના મહેસાણા તાલુકામાં ૧૯૧૩ એકર, બેચરાજી તાલુકામાં ૩૧૩૬૫ એકર, અમદાવાદ જિલ્લાના દેત્રોજ-રામપુરા તાલુકામાં ૩૨૨૨ એકર અને માંડલ તાલુકામાં ૫૫,૨૩૭ એકર, સુરેન્દ્રનગર જિલ્લાના દસાડા તાલુકાના ૧,૩૧,૮૦૮ એકર અને પાટણ જિલ્લાના સમી તાલુકામાં ૧૦,૬૫૫ એકર મળી કુલ ૨,૩૪,૨૦૦ એકર વિસ્તારને પિયત માટે આવરી લેવામાં આવેલ છે. |
| (૨) આ શાખા નહેર અંતર્ગત તા. ૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ કેટલા કામો પ્રગતિમાં છે, અને | (૨) આ શાખા નહેર અંતર્ગત તા. ૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ ૪ કામો પ્રગતિમાં છે. |
| (૩) તે ક્યારે પૂરા કરવામાં આવશે ? | (૩) આ કામો વહેલીતકે ઝડપથી પૂર્ણ કરવાનું આયોજન છે. |

---------

**રાજ્ય અનામત પોલીસ દળ જૂથ-૧૧માં પૂર્ણ કરાયેલ રહેણાંક/બિન રહેણાંકના મકાનોની કામગીરી**

૨૪૮૯૦ **શ્રીમતિ ભારતીબેન અ. રાઠોડ( કામરેજ): માનનીય મુખ્યમંત્રીશ્રી** (પોલીસ આવાસો) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૧ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં રાજ્ય અનામત પોલીસ દળ જૂથ-૧૧ માટે પોલીસ ખાતાના કેટલા રહેણાંક તેમજ બિન રહેણાંકના મકાનોની કામગીરી પૂર્ણ કરવામાં આવી, અને | (૧) બિન રહેણાંકના કુલ ૦૧ કામ. |
| (૨) આ કામગીરી પાછળ કુલ કેટલી રકમનો ખર્ચ થનાર છે? | (૨) કુલ ` ૫૦.૫૦ લાખ. |

**કચ્છ જિલ્લામાં હાથ ધરાયેલ પોલીસ ખાતાના બિન-રહેણાંકના કામો**

૨૪૭૩૪ **ડૉ. નીમાબેન ભા. આચાર્ય (અંજાર): માનનીય મુખ્યમંત્રીશ્રી** (પોલીસ આવાસો) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કચ્છ જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૧ ની | (૧) કુલ ૦૫ કામો. |

સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં પોલીસ ખાતાના કેટલા બિન-રહેણાંકના કામો હાથ પર લેવામાં આવેલ, અને

(૨) આ કામો પાછળ તા. ૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ કુલ કેટલી રકમનો ખર્ચ થયેલ છે?

(૨) કુલ ` ૪૩૯.૨૭ લાખ.

---------

## દાહોદ જિલ્લાની ઔદ્યોગિક વસાહતોમાં હયાત ઉદ્યોગો

૨૫૦૬૬ **શ્રી બચુભાઇ ના. કિશોરી( લીમડી): માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) દાહોદ જિલ્લામાં તા.૩૧-૧૨-૧૧ની સ્થિતિએ દાહોદ-૧ અને દાહોદ-૨ ઔદ્યોગિક વસાહતોમાં કુલ કેટલા ઉદ્યોગો હયાત છે, અને

(૨) આ પૈકી કેટલા ઉદ્યોગો કાર્યરત છે?

**જવાબ**

(૧) દાહોદ-૧ ૩૬
દાહોદ-૨ ૬૦

(૨) દાહોદ-૧ ૩૫
દાહોદ-૨ ૬૦

## આંતકવાદ સામે લડવા ખાસ બટાલિયનની રચના

૨૪૯૦૬ **શ્રી અનિલકુમાર અ. માળી(દિયોદર): માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યના સરહદી વિસ્તારમાં સુરક્ષા અને આંતકવાદ સામે લડવા ખાસ બટાલિયન બનાવવા માટે કોઈ પગલાં લેવામાં આવેલ છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો આ કામગીરી તા.૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ કયા તબક્કે છે?

**જવાબ**

(૧) ના, જી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

## જૂનાગઢ જિલ્લામાં વાજપાઈ સ્વરોજગાર યોજના અન્વયે અરજીઓ

૨૪૭૭૨ **શ્રી રાજસીભાઇ વિ. જોટવા(સોમનાથ): માનનીય કુટીર ઉદ્યોગ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જૂનાગઢ જિલ્લામાં વાજપાઇ સ્વરોજગાર યોજનામાં સને ૨૦૧૦-૧૧ માં અને ૨૦૧૧-૧૨ માં તા.૩૧-૧૨-૨૦૧૧ સુધીમાં કેટલા શિક્ષિત બેરોજગારોની અરજીઓ આવી,

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી,

(૩) કેટલી રકમની સહાય મંજૂર કવામાં આવી,

(૪) કેટલી અરજીઓ નામંજૂર કરવામાં આવી, અને

**જવાબ**

(૧) અગાઉના વર્ષની પડતર અરજીઓ સહીત નીચે મુજબ વર્ષવાર અરજીઓ મળેલ છે.

વર્ષ ૨૦૧૦-૧૧ ૫૪૧૪
વર્ષ ૨૦૧૧-૧૨ ૨૬૬૯
(તા.૩૧-૧૨-૧૧ સુધીમાં)

(૨) જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર કક્ષાએથી ભલામણ થયેલ અરજીઓ પૈકી બેંક કક્ષાએ નીચે મુજબ અરજીઓ મંજૂર કરવામાં આવેલ છે.

| વર્ષ | મંજૂર થયેલ અરજીઓ |
|---|---|
| ૨૦૧૦-૧૧ | ૧૮૫૫ |
| ૨૦૧૧-૧૨ (તા.૩૧-૧૨-૧૧ સુધીમાં) | ૯૮૦ |

(૩)

| વર્ષ | કેસોની સંખ્યા | સહાયની રકમ ` લાખમાં |
|---|---|---|
| ૨૦૧૦-૧૧ | ૧૪૦૯ | ૧૬૯.૫૬ |
| ૨૦૧૧-૧૨ (તા. ૩૧-૧૨-૧૧ સુધીમાં) | ૧૨૦૬ | ૧૪૭.૨૦ |

(૪) નીચે મુજબ અરજીઓ ના મંજૂર કરવામાં આવેલ

છે.

| વર્ષ | જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર કક્ષાએ | બેંક કક્ષાએ |
|---|---|---|
| ૨૦૧૦-૧૧ | ૧૭૮૭ | ૧૫૮૮ |
| ૨૦૧૧-૧૨ (તા. ૩૧-૧૨-૧૧સુધીમાં) | ૩૯૨ | ૫૦૯ |

(૫) આ અરજીઓ નામંજૂર થવાના કારણો શા છે ?

(૫) અરજીઓ નામંજૂર થવાના કારણો નીચે મુજબ છે.

**જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર કક્ષાએ**

૧. અરજદાર દ્વારા ખુટતી વિગત રજુ ન કરતા
૨. ઉંમર ૫૦ વર્ષથી વધુ હોવાથી
૩. અરજદાર સગીર હોવાથી
૪. અરજદારનો અભ્યાસ ચાલુ હોવાથી
૫. અરજદારે અગાઉ લાભ મેળવેલ હોવાથી
૬. અરજદારે જણાવેલ ધંધાનો સમાવેશ યોજનામાં ન હોવાથી
૭. લક્ષ્યાંક પુરો થવાથી

**બેંક કક્ષાએ**

૧. ધંધો પોષણક્ષમ ન હોવાથી
૨. ધંધાનું સ્થળ બેન્કના સર્વીસ એરીયામાં ન હોવાથી
૩. કુટુંબના સભ્યએ લોન લીધેલ હોવાથી
૪. અરજદારની લોન લેવાની ઈચ્છા ન હોવાથી
૫. અરજદાર બેન્કના ડીફોલ્ટર હોવાથી
૬. અરજદારે અગાઉ બીજી યોજનાઓમાં સબસીડી મેળવેલ હોવાથી
૭. બેન્કનો લક્ષ્યાંક પૂર્ણ થવાથી

---------

**વાંસદા તાલુકામાં પોલીસ સ્ટેશનના મકાનનું બાંધકામ**

૨૫૯૬૯ **શ્રી છનાભાઇ કો. ચૌધરી( ધરમપુર): માનનીય મુખ્યમંત્રીશ્રી** (પોલીસ આવાસો) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧-૨૦૧૨ની સ્થિતિએ નવસારી જિલ્લાના વાંસદા તાલુકામાં પોલીસ સ્ટેશનના મકાનના બાંધકામની કાર્યવાહી કયા તબક્કે છે, અને | (૧) અને (૨) જમીન સંપાદનની કાર્યવાહી પૂર્ણ થયેથી બાંધકામની કાર્યવાહી હાથ ધરી શકાશે. |
| (૨) તે કેટલા સમયમાં પૂર્ણ થશે? | |

---------

**દાહોદ જિલ્લામાં યોજવામાં આવેલ લોક દરબાર**

૨૪૯૦૮ **શ્રી અભેસિંહ મો. તડવી( સંખેડા): માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પ્રજા અને પોલીસ વચ્ચે વિશ્વાસ વધે તે માટે સમયાંતરે સ્થાનિક કક્ષાએ લોક દરબાર યોજવા માટે રાજ્ય સરકારે સૂચના આપેલ હોવાની હકીકત ખરી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો દાહોદ જિલ્લામાં કેલેન્ડર વર્ષ ૨૦૧૦ અને ૨૦૧૧માં કેટલા લોક દરબાર યોજવામાં આવેલ છે? | (૨) વર્ષ ૨૦૧૦માં ૩૦ અને વર્ષ ૨૦૧૧ માં ૨૬ લોકદરબાર યોજવામાં આવેલ છે. |

**તાપી જિલ્લામાં તત્કાલ વીજ જોડાણ અન્વયે મળેલ અરજીઓ**

૨૪૩૯૦ **શ્રી પુનાભાઇ ઢે. ગામીત( વ્યારા): માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તત્કાલ વીજ જોડાણ આપવાની યોજના અન્વયે | (૧) તત્કાલ વીજ જોડાણ અન્વયે તાપી જિલ્લામાં |

તાપી જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૧ સુધીમાં કેટલી અરજીઓ મળી,

૨૦૫ અરજીઓ મળી.

(૨) મળેલ અરજીઓ પૈકી કેટલી અરજીઓ મંજૂર કરી વીજ જોડાણો અપાયા, અને

(૨) ૪૧ અરજીઓ મંજૂર કરવામાં આવી છે તે પૈકી ૩૪ અરજદારોને વીજ જોડાણ આપવામાં આવેલ છે, બાકીના ૭ અરજદારોને ટેસ્ટ રીપોર્ટ રજુ થયેથી વીજ જોડાણ આપવામાં આવશે.

(૩) આ વીજ જોડાણ માટે ખેડૂતોને કેટલા વધારાના રૂપિયા ભરવા પડ્યા ?

(૩) તત્કાલ વીજ જોડાણ યોજના એ સ્વૈચ્છિક યોજના છે. આ યોજનામાં વીજ જોડાણ મેળવવા ઇચ્છતા અરજદારે તત્કાલ યોજનામાં નક્કી કરવામાં આવેલ ધારા ધોરણ મુજબ જ રકમ ભરવાની થાય છે. વધારાની કોઇ રકમ ભરવાની થયેલ નથી.

## સુરેન્દ્રનગર જિલ્લામાં ખુશી યોજનાના લાભાર્થી ખેડૂતો

૨૪૭૩૯ **શ્રી શંભુપ્રસાદ બ. ટુંડિયા(દસાડા): માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુરેન્દ્રનગર જિલ્લામાં ખેડૂતોને ભારે દબાણની લાઇન ઉભી કરી આગવું ટ્રાન્સફોર્મર ફાળવવાની ખુશી યોજના હેઠળ વર્ષ ૨૦૧૦-૧૧ અને ૨૦૧૧-૧૨ દરમ્યાન તા. ૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ કુલ કેટલા ખેડૂતોને લાભ આપવામાં આવ્યો, અને

(૨) તે માટે કેટલો ખર્ચ થયો ?

**જવાબ**

(૧) અને (૨) ભારે દબાણની લાઇન ઉભી કરી આગવું ટ્રાન્સફોર્મર ફાળવવાની **''ખુશી''** (કિસાન હિત ઉર્જા શક્તિ યોજના) અંતર્ગત સુરેન્દ્રનગર જિલ્લામાં વર્ષ ૨૦૧૦-૧૧માં રૂપિયા ૮૨૮ લાખના ખર્ચે ૯૬૮ ખેડૂતોને લાભ આપવામાં આવેલ છે. જ્યારે વર્ષ ૨૦૧૧-૧૨માં તા. ૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ રૂપિયા ૨૨૫ લાખના ખર્ચે ૩૪૯ ખેડૂતોને લાભ આપવામાં આવ્યો છે.

આ ઉપરાંત વર્ષ ૨૦૧૧-૧૨માં કુલ ૩૦૧૧ ખેડૂતોને નવા વીજ જોડાણ માટે આગવા ટ્રાન્સફોર્મર ફાળવવામાં આવેલ છે.

## નર્મદા યોજનાની રાજપુરા શાખા નહેરના કામો

૨૪૮૧૬ **શ્રી ભાવસિંહભાઇ ડા. રાઠોડ(સમી): માનનીય મુખ્યમંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) નર્મદા યોજનાની રાજપુરા શાખા નહેરના કામો તા. ૩૧-૧૨-૨૦૧૧ ની સ્થિતિએ ક્યા તબક્કે છે, અને

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ નર્મદા યોજનાની રાજપુરા શાખા નહેરની કુલ લંબાઇ ૪૨.૪૫ કિ.મી.માં માટીકામ પૂર્ણ થયેલ છે અને ૨૦.૨૯૪ કિ.મી. લંબાઇમાં અસ્તરકામ પૂર્ણ થયેલ છે. બાકી કામ પ્રગતિમાં છે.

(૨) કેટલા વિસ્તારને સિંચાઇનો લાભ મળનાર છે ?

(૨) કુલ ૧૧૭૩૫૦ એકર પિયત વિસ્તારને સિંચાઇનો લાભ આપવાનું આયોજન છે.

---------

## ફોરેન્સીક સાયન્સ યુનિવર્સિટીમાં માળખાકીય સુવિધાઓ

૨૪૯૦૩ **ડૉ. માયાબેન સુ. કોડનાની(નરોડા): માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

ફોરેન્સીક સાયન્સ યુનિવર્સિટી પાસે તા. ૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ આંતર માળખાકીય સુવિધાઓ કઇ કઇ છે?

**જવાબ**

ગુજરાત ફોરેન્સીક સાયન્સીસ યુનિવર્સિટી ગાંધીનગર પાસે તા. ૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ નીચેની આંતર માળખાકીય સુવિધાઓ છે.

કલાસરૂમો, લેબોરેટરીઓ, કોમ્પ્યુટર લેબોરેટરી, ઇન્સ્ટ્રુમેન્ટ રૂમ, સેમીનાર રૂમ, કોન્ફરન્સ રૂમ, લાઇબ્રેરી, કેન્ટીન અને હોસ્ટેલ સુવિધા.

તા.૨જી માર્ચ, ૨૦૧૨

અતારાંકિત પ્રશ્નો

**નર્મદા યોજનામાં ખારાઘોડા શાખા નહેરના પેટા કેનાલના કામો**

૨૪૭૩૮ **શ્રીમતિ વર્ષાબેન ન. દોશી(વઢવાણ): માનનીય મુખ્યમંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) નર્મદા યોજના અન્વયે ખારાઘોડા શાખા નહેરની પેટા કેનાલના કામો તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ ક્યા તબક્કે છે, | (૧) ખેડૂતોને વહેલીતકે સિંચાઇનો લાભ મળે તે માટે નર્મદા નિગમ દ્વારા જમીન સંપાદનની કામગીરી ઝડપી બનાવી, પેટા કેનાલના કામો વહેલીતકે પૂર્ણ થાય તે માટે કામગીરી હાથ ધરેલ છે.<br>શાખા નહેરના ૪૩.૬૮ કી.મી.ની લંબાઇના કામો પૂર્ણ થયેલ છે. વિશાખાની કુલ ૬૪.૪૮ કી.મી. લંબાઇમાંથી ૩૮.૯૦ કી.મી.ની લંબાઇના કામો તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ પૂર્ણ થયેલ છે. બાકી રહેતી વિશાખા અને પ્રશાખાના ૩૨૪.૮૯ કી.મી. ના કામો પ્રગતિ હેઠળ છે. પ્રપ્રશાખાના કામો વહલીતકે હાથ ધરવાનું આયોજન છે. |
| (૨) આ કામો પૂર્ણ કરવાનું આયોજન શું છે, અને | (૨) આ કામો વહેલીતકે પૂર્ણ કરવાનું આયોજન છે. |
| (૩) આનાથી કેટલા વિસ્તારને સિંચાઇનો લાભ મળશે ? | (૩) ખારાઘોડા શાખા નહેર દ્વારા ૮૪,૧૧૯ એકર પિયત વિસ્તારને સિંચાઇનો લાભ મળશે. |

---------

**અમરેલી જિલ્લામાં ખેડૂતોને આપવામાં આવેલ વીજળી બીલમાં રાહત**

૨૪૭૮૧ **શ્રી કાળુભાઇ વિ. વિરાણી(કુંડલા): માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) કૃષિ વિષયક વીજ જોડાણ ધરાવતા ખેડૂતોને રાજ્ય સરકાર દ્વારા વીજ બીલમાં કોઇ રાહત આપવામાં આવે છે કે કેમ, અને | (૧) વીજ ઉત્પાદન માટે વપરાશમાં લેવાતા કોલસો, ગેસ, ઓઇલ, નેપ્થા જેવા વીજ બળતણમાં કેન્દ્ર સરકાર દ્વારા કરવામાં આવતા ભાવ વધારાને કારણે વીજ કંપનીઓને થતા ખર્ચને પહોંચી વળવા માટે ફ્યુઅલ સરચાર્જની વસુલાત તમામ વીજ ગ્રાહકો પાસેથી કરવાની થાય છે, તેમ છતાં, ખેડૂતોના હિતમાં કૃષિ વિષયક વીજ ગ્રાહકોના કિસ્સામાં રાહત આપીને આ ફ્યુઅલ સરચાર્જનો બોજો સરકાર દ્વારા સબસીડી રૂપે વહન કરવામાં આવે છે.<br>તદ્ઉપરાંત, નામદાર વીજ નિયમન આયોગ દ્વારા મંજૂર થયેલ કૃષિ વિષયક વીજદરનો પણ સંપૂર્ણ બોજો ખેડૂતો પર નાખવામાં નથી આવતો પરંતુ, નામદાર આયોગે નક્કી કરેલ વીજ દરો કરતાં ઘણા ઓછા દરે ખેડૂતોને વીજળી આપવામાં આવે છે, અને આ દરો વચ્ચેનો તફાવત સરકાર દ્વારા સબસીડી રૂપે વહન કરવામાં આવે છે. |
| (૨) જો હા, તો અમરેલી જિલ્લામાં તા.૩૧મી માર્ચ–૨૦૧૧ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કેટલી સબસીડી આપવામાં આવી ? | (૨) તદ્દનુસાર, રાજ્યના માત્ર અમરેલી જિલ્લામાં છેલ્લા ત્રણ વર્ષમાં ` ૩૦૪.૭૧ કરોડ જેટલી માતબર રકમનો બોજ ખેડૂતો પર ન નાખતાં સરકારે વહન કરેલ છે. |

---------

**વડોદરા જિલ્લામાં રેતીની લીઝમાં થયેલ ચોરી/ગેરરીતિના કિસ્સાઓ**

૨૬૦૭૯ **શ્રી ચંદુભાઇ મો. ડાભી( કરજણ): માનનીય મુખ્યમંત્રીશ્રી** (ખાણ અને ખનિજ) જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૧ ની સ્થિતિએ વડોદરા જિલ્લામાં રેતીની કુલ કેટલી લીઝ આવેલી છે, | (૧) કુલ ૩૪૬ લીઝ. |

(૨) તા.૩૧-૧૨-૨૦૧૧ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રેતીની લીઝમાં થયેલ ચોરી/ગેરરીતિના કુલ કેટલા કિસ્સાઓ પકડાયા છે, અને

(૨) કુલ ૧૧૮ કિસ્સાઓ પકડાયા છે.

(૩) આ ગુનાઓ અંગે કેટલા ગુનેગારો સામે શાં પગલા લેવામાં આવ્યા ?

(૩) ૧૧૭ ગુનેગારો પાસેથી દંડ વસુલવામાં આવેલ છે અને એક કિસ્સામાં દંડ વસુલવા માટે હુકમ કરેલ છે.

**નર્મદા યોજના અંતર્ગત ઘોડાસર શાખા કેનાલના બાકી કામો**

૨૪૭૮૯ **શ્રી કાંતિલાલ રા. લકુમ(બાવળા): માનનીય મુખ્યમંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) નર્મદા યોજના અંતર્ગત ઘોડાસર શાખા નહેરમાંથી કેટલી પેટા શાખાઓ નિકળી છે,

(૧) નર્મદા યોજનાની ઘોડાસર શાખા નહેરમાંથી કુલ ૫-વિશાખાઓ, ૨૫-પ્રશાખાઓ અને ૨૭૨-પ્રપ્રશાખાઓ નીકળે છે.

(૨) તેમાંથી તા.૩૧-૧૨-૨૦૧૧ સુધીમાં કેટલા કિ.મી. લંબાઇમાં કામો પૂર્ણ થયેલ છે અને કેટલી લંબાઇમાં કામો બાકી છે, અને

(૨) તા.૩૧-૧૨-૨૦૧૧ ની સ્થિતિએ ઘોડાસર શાખાની કુલ લંબાઇ ૨૧.૫૪ કિ.મી.ની, ૫-વિશાખાઓની કુલ લંબાઇ ૧૩.૨૪૭ કિ.મી.ની અને ૨૫-પ્રશાખાની કુલ લંબાઇ ૧૧૭.૮૩૫ કિ.મી.ની પૂરેપુરી લંબાઇમાં કામ પૂર્ણ થયેલ છે. તેમજ ૨૭૨-પ્રપ્રશાખાઓની કુલ લંબાઈ ૩૪૭.૧૭ કિ.મી. પૈકી ૨૭૭.૦૯ કિ.મી.ના કામો પૂર્ણ થયેલ છે.

તા.૩૧-૧૨-૨૦૧૧ સ્થિતિએ પ્રપ્રશાખાના ૭૦.૦૮કિ.મી. લંબાઇના કામો બાકી છે.

(૩) આ કામો ક્યારે પૂર્ણ કરવામાં આવશે ?

(૩) બાકી રહેલ કામો વહેલીતકે પૂર્ણ કરવાનું આયોજન છે.

**મોટી સંખ્યામાં વિજ કનેકશનો પડતર હોવા છતાં અન્ય રાજ્યોને વિજળી વેચવાના કારણો**

૨૬૦૫૧ **શ્રી મોહનસિંહ છો. રાઠવા( જેતપુર-પાવી):** બારમી ગુજરાત વિધાનસભાના નવમા સત્રમાં તા.૨૬-૯-૧૧ના રોજ ગૃહમાં રજૂ થયેલ બીજી અતારાંકિત યાદીના અતારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ ૪૪૮૬ના અનુસંધાને **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

રાજ્યમાં જીલ્લાવાર ખેતી માટેના વીજ કનેકશનોની પડતર અરજીઓની સંખ્યા ૪.૫ લાખ કરતાં વધુ હોવા છતાં તા.૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ રાજ્યના ખેડૂતોને વીજ કનેકશનો નહિ આપીને રાજ્ય સરકાર અન્ય રાજયોમાં વીજળી વેચે છે તેના કારણો શું છે ?

રાજયમાં કૃષિ વિષયક વિજ કનેકશનો ન ફાળવવાની વાત સાચી નથી. કૃષિ વિષયક વિજ જોડાણની નોંધણી અને ફાળવણી તે સતત ચાલતી પ્રક્રિયા છે ચાલુ વર્ષમાં તા.૩૧-૧-૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા દસ (૧૦) માસમાં જ ૫૦૭૦૪ નવા કૃષિ વિજ કનેકશનો ફાળવવામાં આવ્યાં છે કોઈ પણ એક વર્ષમાં ફાળવાયેલ વિજ કનેકશનનો આ એક રેકોર્ડ છે.

વિજ ઉત્પાદનનો સંગ્રહ શકય નથી. આથી વિજ ઉત્પાદનનો શ્રેષ્ઠ ઉપયોગ કરવા માટે રાજયના તમામ પ્રકારના વિજ ગ્રાહકોની મહત્તમ જરૂરીયાત સંતોષાયા બાદ વધારાનો વિજ પુરવઠો, દેશમાં તીવ્ર અછત અનુભવતા કોંગ્રેસ શાસિત રાજ્યો સહિત અન્ય જરૂરીયાતોવાળા રાજ્યોને પણ રાષ્ટ્રિય હિતમાં વેચવામાં આવે છે.

---------

## આણંદ જિલ્લામાં પૂર્ણ કરાયેલ પોલીસ ખાતાના બિન-રહેણાંકના મકાનોના કામો

૨૪૮૬૮ **શ્રીમતિ જ્યોત્સનાબેન રા. પટેલ( આણંદ): માનનીય મુખ્યમંત્રીશ્રી** (પોલીસ આવાસો) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) આણંદ જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં પોલીસ ખાતાના કેટલા બિન-રહેણાંકના કામો પૂર્ણ કરવામાં આવેલ છે, અને | (૧) કુલ ૦૩ કામો. |
| (૨) આ કામો પાછળ તા. ૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ કુલ કેટલી રકમનો ખર્ચ થયેલ છે ? | (૨) કુલ ` ૧૨૨.૬૦ લાખ. |

---------

## બનાસકાઠા જિલ્લામાં ખેડૂતોને અપાયેલ વીજ બીલમાં રાહત

૨૪૮૨૪ **શ્રી વસંતકુમાર પ. ભટોળ( દાંતા): માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કૃષિ વિષયક વીજ જોડાણ ધરાવતા ખેડૂતોને રાજ્ય સરકાર દ્વારા વીજ બીલમાં કોઇ રાહત આપવામાં આવે છે કે કેમ, અને | (૧) વીજ ઉત્પાદન માટે વપરાશમાં લેવાતા કોલસો, ગેસ, ઓઇલ નેપ્થા જેવા વીજ બળતણમાં કેન્દ્ર સરકાર દ્વારા કરવામાં આવતા ભાવ વધારાને કારણે વીજ કંપનીઓને થતા ખર્ચને પહોંચી વળવા માટે ફ્યુઅલ સરચાર્જની વસુલાત તમામ વીજ ગ્રાહકો પાસેથી કરવાની થાય છે, તેમ છતાં, ખેડૂતોના હિતમાં કૃષિ વિષયક વીજ ગ્રાહકોના કિસ્સામાં રાહત આપીને આ ફ્યુઅલ સરચાર્જનો બોજો સરકાર દ્વારા સબસીડી રૂપે વહન કરવામાં આવે છે.<br>તદ્ઉપરાંત, નામદાર વીજ નિયમન આયોગ દ્વારા મંજૂર થયેલ કૃષિ વિષયક વીજદરનો પણ સંપૂર્ણ બોજો ખેડૂતો પર નાખવામાં નથી આવતો પરંતુ, નામદાર આયોગે નક્કી કરેલ વીજ દરો કરતાં ઘણા ઓછા દરે ખેડૂતોને વીજળી આપવામાં આવે છે, અને આ દરો વચ્ચેનો તફાવત સરકાર દ્વારા સબસીડી રૂપે વહન કરવામાં આવે છે. |
| (૨) જો હા, તો બનાસકાંઠા જિલ્લામાં તા.૩૧મી માર્ચ-૨૦૧૧ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કેટલી સબસીડી આપવામાં આવી ? | (૨) તદ્નુસાર, રાજ્યના માત્ર બનાસકાંઠાજિલ્લામાં છેલ્લા ત્રણ વર્ષમાં ` ૧૮૦૭.૬૯ કરોડ જેટલી માતબર રકમનો બોજ ખેડૂતો પર ન નાખતાં સરકારે વહન કરેલ છે. |

## બનાસકાંઠા જિલ્લામાં કૃષિ વિષયક વીજ જોડાણમાં ખેડૂતોને વીજ બીલમાં રાહત

૨૪૭૨૫ **શ્રી મફતલાલ મો. પુરોહિત(ધાનેરા): માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કૃષિ વિષયક વીજ જોડાણ ધરાવતા ખેડૂતોને રાજ્ય સરકાર દ્વારા વીજ બીલમાં કોઇ રાહત આપવામાં આવે છે કે કેમ, અને | (૧) વીજ ઉત્પાદન માટે વપરાશમાં લેવાતા કોલસો, ગેસ, ઓઇલ નેપ્થા જેવા વીજ બળતણમાં કેન્દ્ર સરકાર દ્વારા કરવામાં આવતા ભાવ વધારાને કારણે વીજ કંપનીઓને થતા ખર્ચને પહોંચી વળવા માટે ફ્યુઅલ સરચાર્જની વસુલાત તમામ વીજ ગ્રાહકો પાસેથી કરવાની થાય છે, તેમ છતાં, ખેડૂતોના હિતમાં કૃષિ વિષયક વીજ ગ્રાહકોના કિસ્સામાં રાહત આપીને આ ફ્યુઅલ સરચાર્જનો બોજો સરકાર દ્વારા સબસીડી રૂપે વહન કરવામાં આવે છે.<br>તદ્ઉપરાંત, નામદાર વીજ નિયમન આયોગ દ્વારા મંજૂર |

થયેલ કૃષિ વિષયક વીજદરનો પણ સંપૂર્ણ બોજો ખેડૂતો પર નાખવામાં નથી આવતો પરંતુ, નામદાર આયોગે નક્કી કરેલ વીજ દરો કરતાં ઘણા ઓછા દરે ખેડૂતોને વીજળી આપવામાં આવે છે, અને આ દરો વચ્ચેનો તફાવત સરકાર દ્વારા સબસીડી રૂપે વહન કરવામાં આવે છે.

(૨) જો હા, તો બનાસકાઠા જિલ્લામાં તા.૩૧મી માર્ચ-૨૦૧૧ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કેટલી સબસીડી આપવામાં આવી ?

(૨) તદ્નુસાર, રાજ્યના માત્ર બનાસકાંઠા જિલ્લામાં છેલ્લા ત્રણ વર્ષમાં ` ૧૮૦૭.૬૯ કરોડ જેટલી માતબર રકમનો બોજ ખેડૂતો પર ન નાખતાં સરકારે વહન કરેલ છે.

---------

## રાજકોટ જિલ્લામાં વાજપાઇ સ્વરોજગાર યોજના અન્વયે શિક્ષિત બેરોજગારોની અરજીઓ

૨૪૭૪૯ **શ્રી ભાનુબેન મ. બાબરીયા(રાજકોટ ગ્રામ્ય): માનનીય કુટીર ઉદ્યોગ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજકોટ જિલ્લામાં વાજપાઇ સ્વરોજગાર યોજના અન્વયે સને ૨૦૧૦-૧૧ માં અને ૨૦૧૧-૧૨માં તા. ૩૧-૧૨-૨૦૧૧ સુધીમાં કેટલા શિક્ષિત બેરોજગારોની અરજીઓ આવી,

**જવાબ**

(૧) અગાઉના વર્ષની પડતર અરજીઓ સહીત નીચે મુજબ વર્ષવાર અરજીઓ મળેલ છે.

સને ૨૦૧૦-૧૧ ૪૬૦૭
સને ૨૦૧૧-૧૨ ૩૩૭૦
(તા. ૩૧-૧૨-૧૧ સુધીમાં)

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી,

(૨) જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર કક્ષાએથી ભલામણ થયેલ અરજીઓ પૈકી બેંક કક્ષાએ નીચે મુજબ અરજીઓ મંજૂર કરવામાં આવેલ છે.

| વર્ષ | મંજૂર થયેલ અરજીઓ |
|---|---|
| ૨૦૧૦-૧૧ | ૧૩૫૫ |
| ૨૦૧૧-૧૨ | ૫૩૨ |

(તા. ૩૧-૧૨-૧૧ સુધીમાં)

(૩) કેટલી રકમની સહાય મંજૂર કવામાં આવી,

(૩) નીચે મુજબની સહાય મંજૂર કરવામાં આવી

| વર્ષ | કેસોની સંખ્યા | સહાય |
|---|---|---|
| ૨૦૧૦-૧૧ | ૯૭૫ | ` ૧૧૨.૮૧ લાખ |
| ૨૦૧૧-૧૨ | ૬૦૧ | ` ૭૪.૧૬ લાખ |

(તા. ૩૧-૧૨-૧૧ સુધીમાં)

(૪) કેટલી અરજીઓ નામંજૂર કરવામાં આવી, અને

(૪) નીચે મુજબ અરજીઓ ના મંજૂર કરવામાં આવેલ છે.

| વર્ષ | જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર કક્ષાએ | બેંક કક્ષાએ |
|---|---|---|
| ૨૦૧૦-૧૧ | ૧૬૪૧ | ૧૬૧૧ |
| ૨૦૧૧-૧૨ | ૬૩૫ | ૭૨૬ |

(તા. ૩૧-૧૨-૧૧ સુધીમાં)

(૫) આ અરજીઓ નામંજૂર થવાના કારણો શું છે ?

(૫) અરજીઓ નામંજૂર થવાના કારણો નીચે મુજબ છે.

**જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર કક્ષાએ**

૧. અરજદાર દ્વારા ખુટતી વિગત રજુ ન કરતા
૨. ઉંમર ૫૦ વર્ષથી વધુ હોવાથી
૩. અરજદાર સગીર હોવાથી
૪. અરજદારનો અભ્યાસ ચાલુ હોવાથી
૫. અરજદારે અગાઉ લાભ મેળેવેલ હોવાથી
૬. અરજદારે જણાવેલ ધંધાનો સમાવેશ યોજવામાં ન હોવાથી
૭. લક્ષ્યાંક પુરો થવાથી

**બેંક કક્ષાએ**

૧. ધંધો પોષણક્ષમ ન હોવાથી

૨. ધંધાનું સ્થળ બેંકના સર્વીસ એરીયામાં ન હોવાથી
૩. કુટુંબના સભ્યએ લોન લીધેલ હોવાથી
૪. અરજદારની લોન લેવાની ઇચ્છા ન હોવાથી
૫. અરજદાર બેંકના ડીફોલ્ટર હોવાથી
૬. અરજદારે અગાઉ બીજી યોજનાઓમાં સબસીડી મેળવેલ હોવાથી
૭. બેન્કનો લક્ષ્યાંક પૂર્ણ થવાથી

**અમરેલી જિલ્લામાં કૃષિ વિષયક વીજ જોડાણમાં ખેડૂતોને વીજ બીલમાં રાહત**

૨૪૭૩૦ **શ્રી હીરાભાઇ ઓ. સોલંકી(રાજુલા): માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કૃષિ વિષયક વીજ જોડાણ ધરાવતા ખેડૂતોને રાજ્ય સરકાર દ્વારા વીજ બીલમાં કોઇ રાહત આપવામાં આવે છે કે કેમ, અને | (૧) વીજ ઉત્પાદન માટે વપરાશમાં લેવાતા કોલસો, ગેસ, ઓઇલ, નેપ્થા જેવા વીજ બળતણમાં કેન્દ્ર સરકાર દ્વારા કરવામાં આવતા ભાવ વધારાને કારણે વીજ કંપનીઓને થતા ખર્ચને પહોંચી વળવા માટે ફ્યુઅલ સરચાર્જની વસુલાત તમામ વીજ ગ્રાહકો પાસેથી કરવાની થાય છે, તેમ છતાં, ખેડૂતોના હિતમાં કૃષિ વિષયક વીજ ગ્રાહકોના કિસ્સામાં રાહત આપીને આ ફ્યુઅલ સરચાર્જનો બોજો સરકાર દ્વારા સબસીડી રૂપે વહન કરવામાં આવે છે.<br>તદ્ઉપરાંત, નામદાર વીજ નિયમન આયોગ દ્વારા મંજૂર થયેલ કૃષિ વિષયક વીજદરનો પણ સંપૂર્ણ બોજો ખેડૂતો પર નાખવામાં નથી આવતો પરંતુ, નામદાર આયોગે નક્કી કરેલ વીજ દરો કરતાં ઘણા ઓછા દરે ખેડૂતોને વીજળી આપવામાં આવે છે, અને આ દરો વચ્ચેનો તફાવત સરકાર દ્વારા સબસીડી રૂપે વહન કરવામાં આવે છે. |
| (૨) જો હા, તો અમરેલી જિલ્લામાં તા.૩૧મી માર્ચ–૨૦૧૧ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કેટલી સબસીડી આપવામાં આવી ? | (૨) તદ્દનુસાર, રાજ્યના માત્ર અમરેલી જિલ્લામાં છેલ્લા ત્રણ વર્ષમાં ` ૩૦૪.૭૧ કરોડ જેટલી માતબર રકમનો બોજ ખેડૂતો પર ન નાખતાં સરકારે વહન કરેલ છે. |

---------

**અમરેલી જિલ્લામાં કૃષિ વિષયક વીજ જોડાણમાં ખેડૂતોને વીજ બીલમાં રાહત**

૨૪૭૨૯ **શ્રી મનસુખભાઇ પાં. ભુવા(ધારી): માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કૃષિ વિષયક વીજ જોડાણ ધરાવતા ખેડૂતોને રાજ્ય સરકાર દ્વારા વીજ બીલમાં કોઇ રાહત આપવામાં આવે છે કે કેમ, અને | (૧) વીજ ઉત્પાદન માટે વપરાશમાં લેવાતા કોલસો, ગેસ, ઓઇલ, નેપ્થા જેવા વીજ બળતણમાં કેન્દ્ર સરકાર દ્વારા કરવામાં આવતા ભાવ વધારાને કારણે વીજ કંપનીઓને થતા ખર્ચને પહોંચી વળવા માટે ફ્યુઅલ સરચાર્જની વસુલાત તમામ વીજ ગ્રાહકો પાસેથી કરવાની થાય છે, તેમ છતાં, ખેડૂતોના હિતમાં કૃષિ વિષયક વીજ ગ્રાહકોના કિસ્સામાં રાહત આપીને આ ફ્યુઅલ સરચાર્જનો બોજો સરકાર દ્વારા સબસીડી રૂપે વહન કરવામાં આવે છે.<br>તદ્ઉપરાંત, નામદાર વીજ નિયમન આયોગ દ્વારા મંજૂર થયેલ કૃષિ વિષયક વીજદરનો પણ સંપૂર્ણ બોજો ખેડૂતો પર નાખવામાં નથી આવતો પરંતુ, નામદાર આયોગે નક્કી કરેલ વીજ દરો કરતાં ઘણા ઓછા દરે ખેડૂતોને વીજળી આપવામાં આવે છે, અને આ દરો વચ્ચેનો તફાવત સરકાર દ્વારા સબસીડી રૂપે વહન કરવામાં આવે છે. |

(૨) જો હા, તો અમરેલી જિલ્લામાં તા.૩૧મી માર્ચ–૨૦૧૧ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કેટલી સબસીડી આપવામાં આવી ?

(૨) તદ્દનુસાર, રાજ્યના માત્ર અમરેલી જિલ્લામાં છેલ્લા ત્રણ વર્ષમાં ` ૩૦૪.૭૧ કરોડ જેટલી માતબર રકમનો બોજ ખેડૂતો પર ન નાખતાં સરકારે વહન કરેલ છે.

---------

**રાજકોટ જિલ્લામાં કૃષિ વિષયક વીજ જોડાણમાં ખેડૂતોને વીજ બીલમાં રાહત**

૨૪૭૨૭ **શ્રી ગોવિંદભાઇ ઉ. પટેલ(રાજકોટ-૧): માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) કૃષિ વિષયક વીજ જોડાણ ધરાવતા ખેડૂતોને રાજ્ય સરકાર દ્વારા વીજ બીલમાં કોઈ રાહત આપવામાં આવે છે કે કેમ, અને

**જવાબ**

(૧) વીજ ઉત્પાદન માટે વપરાશમાં લેવાતા કોલસો, ગેસ, ઓઈલ, નેપ્થા જેવા વીજ બળતણમાં કેન્દ્ર સરકાર દ્વારા કરવામાં આવતા ભાવ વધારાને કારણે વીજ કંપનીઓને થતા ખર્ચને પહોંચી વળવા માટે ફ્યુઅલ સરચાર્જની વસુલાત તમામ વીજ ગ્રાહકો પાસેથી કરવાની થાય છે, તેમ છતાં, ખેડૂતોના હિતમાં કૃષિ વિષયક વીજ ગ્રાહકોના કિસ્સામાં રાહત આપીને આ ફ્યુઅલ સરચાર્જનો બોજો સરકાર દ્વારા સબસીડી રૂપે વહન કરવામાં આવે છે.

તદ્ઉપરાંત, નામદાર વીજ નિયમન આયોગ દ્વારા મંજૂર થયેલ કૃષિ વિષયક વીજદરનો પણ સંપૂર્ણ બોજો ખેડૂતો પર નાખવામાં નથી આવતો પરંતુ, નામદાર આયોગે નક્કી કરેલ વીજ દરો કરતાં ઘણા ઓછા દરે ખેડૂતોને વીજળી આપવામાં આવે છે. અને આ દરો વચ્ચેનો તફાવત સરકાર દ્વારા સબસીડીરૂપે વહન કરવામાં આવે છે.

(૨) જો હા, તો રાજકોટ જિલ્લામાં તા. ૩૧, માર્ચ–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કેટલી સબસીડી આપવામાં આવી?

(૨) તદનુસાર, રાજ્યના માત્ર રાજકોટ જિલ્લામાં છેલ્લા ત્રણ વર્ષમાં રૂપિયા ૩૩૯.૯૨ કરોડ જેટલી માતબર રકમનો બોજ ખેડૂતો પર ન નાખતાં સરકારે વહન કરેલ છે.

**''ભરૂચ જિલ્લામાં યુવક–યુવતીઓ ભાગી જવાના બનાવો''**

૨૪૯૫૩ **શ્રી કિરણકુમાર લ. મકવાણા( જંબુસર): માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) ભરૂચ જિલ્લામાં તા. ૩૧–૧–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં યુવક–યુવતીઓ ભાગી જવાના કુલ કેટલા બનાવો બનેલ છે.

(૧) ૭૧.

(૨) આ ગુના પૈકી કુલ કેટલા ઈસમોની ધરપકડ કરવામાં આવેલ છે.

(૨) ૮૮.

(૩) ધરપકડ ન થયા હોય તેવા ઈસમો કુલ કેટલા છે, અને

(૩) ૧૭.

(૪) ધરપકડ ન થવા પાછળના કારણો કયા છે?

(૪) આરોપીઓનાં કોઈ ચોક્કસ ઠામ /ઠિકાણું નહી મળી આવવાના કારણે/આરોપીઓ ગામ છોડી કોઈ અજ્ઞાત સ્થળે જતા રહેવાથી ધરપકડ થયેલ નથી.

**ભાવનગર જિલ્લામાં માનવ કલ્યાણ યોજનાના લાભાર્થીઓને લાભ**

૨૪૭૮૦ **શ્રી કેશુભાઇ હી. નાકરાણી(શિહોર): માનનીય કુટિર ઉદ્યોગ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) ભાવનગર જિલ્લામાં માનવ કલ્યાણ યોજના અન્વયે સને ૨૦૧૦–૧૧માં અને ૨૦૧૧–૧૨માં તા. ૩૧–૧૨–૧૧ સુધીમાં કેટલાં લાભાર્થીઓને લાભ આપવામાં આવેલ છે, અને

**જવાબ**

(૧) અને (૨)

| વર્ષ | મંજૂર કરાયેલ અરજીઓ | વિતરણ કરાયેલ કીટ | ખર્ચ રકમ (` લાખમાં) |
|---|---|---|---|
| ૨૦૧૦–૧૧ | ૧૪૩૨ | ૧૩૮૮ | ૬૯.૪૦ |

(૨) આ સમયગાળા દરમ્યાન તે અન્વયે કેટલો ખર્ચ થયેલ છે?

| | | | |
|---|---|---|---|
| ૨૦૧૧-૧૨ (તા. ૩૧-૧૨-૨૦૧૧ સુધીમાં) | ૧૭૮૯ | ૧૭૫૦ | ૮૭.૫૦ |

---------

**દાહોદ જિલ્લાના પોલીસદળના આરોગ્યની ચકાસણી**

૨૪૭૯૮ **શ્રી રાકેશકુમાર જ. શાહ(એલિસબ્રિજ): માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્ય સરકારે પોલીસ ખાતામાં ફરજ બજાવતા તમામ કર્મચારી-અધિકારીઓના આરોગ્યની ચકાસણીની સૂચના આપી હોવાની હકીકત ખરી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો, તા. ૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા ૨ વર્ષમાં વર્ષવાર દાહોદ જિલ્લામાં કેટલા પોલીસ અધિકારી-કર્મચારીઓના આરોગ્યની ચકાસણી થઈ? | (૨) (૧) વર્ષ ૨૦૧૦માં-૩૨૨<br>(૨) વર્ષ ૨૦૧૧માં-૩૩૬ |

**નવસારી જિલ્લામાં પોલીસદળના આરોગ્યની ચકાસણી**

૨૪૮૫૫ **શ્રી આર. સી. પટેલ( જલાલપોર): માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્ય સરકારે પોલીસ ખાતામાં ફરજ બજાવતા તમામ કર્મચારી/અધિકારીઓના આરોગ્યની ચકાસણીની સૂચના આપી હોવાની હકીકત ખરી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો, તા. ૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા ૨ વર્ષમાં વર્ષવાર નવસારી જિલ્લામાં કેટલાં પોલીસ અધિકારી/કર્મચારીઓના આરોગ્યની ચકાસણી થઈ? | (૨) (૧) વર્ષ ૨૦૧૦માં-૩૦૬<br>(૨) વર્ષ ૨૦૧૧માં-૪૦૨ |

**વડોદરા જિલ્લામાં પૂર્ણ કરાયેલ પોલીસ ખાતાના રહેણાંકના મકાનોના કામો**

૨૪૮૪૫ **શ્રી ઉપેન્દ્રસિંહ પ્ર. ગોહિલ( વડોદરા ગ્રામ્ય): માનનીય મુખ્યમંત્રીશ્રી** (પોલીસ આવાસો) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વડોદરા જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં પોલીસ ખાતાના કેટલા રહેણાંકના મકાનો પૂર્ણ કરવામાં આવેલ છે, અને | (૧) કુલ ૨૯ કામો |
| (૨) આ કામો પાછળ કુલ કેટલી કેટલી રકમનો ખર્ચ થયેલ છે? | (૨) કુલ ` ૧૮૧.૪૯ લાખ |

**મહેસાણા જીલ્લામાં હાથ ધરાયેલ પોલીસ ખાતાના રહેણાંકના મકાનોનાં કામો**

૨૪૮૬૩ **શ્રી અનિલકુમાર ત્રિ. પટેલ(મહેસાણા): માનનીય મુખ્યમંત્રીશ્રી** (પોલીસ આવાસો) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) મહેસાણા જીલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં પોલીસ ખાતાના કેટલા રહેણાંકના મકાનોના કામો હાથ પર લેવામાં આવેલ, અને | (૧) કુલ ૩૮ કામો. |
| (૨) આ કામો પાછળ તા. ૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ કુલ કેટલી રકમનો ખર્ચ થયેલ છે? | (૨) કુલ ` ૨૧૩.૫૭ લાખ |

**નવસારી જિલ્લામાં પોલીસદળના આરોગ્યની ચકાસણી**

૨૪૮૯૮ **શ્રી લક્ષ્મણભાઇ પ. પટેલ( ગણદેવી): માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજ્ય સરકારે પોલીસ ખાતામાં ફરજ બજાવતા તમામ કર્મચારી/અધિકારીઓના આરોગ્યની ચકાસણીની સૂચના આપી હોવાની હકીકત ખરી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો, તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર નવસારી જિલ્લામાં કેટલા પોલીસ અધિકારી/કર્મચારીઓના આરોગ્યની ચકાસણી થઈ છે ? | (૨) (૧) વર્ષ ૨૦૧૦માં–૩૦૬<br>(૨) વર્ષ ૨૦૧૧માં–૪૦૨. |

---------

**ગાંધીનગર જિલ્લામાં ઝુંપડપટ્ટી વીજળીકરણ યોજના અન્વયે વીજ જોડાણો**

૨૪૮૦૬ **શ્રી શંભુજી ઠાકોર(ગાંધીનગર): માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) ગાંધીનગર જિલ્લામાં ઝુંપડપટ્ટી વીજળીકરણ યોજના હેઠળ વર્ષ ૨૦૦૯–૧૦ અને ૨૦૧૦–૧૧ અને ૨૦૧૧–૧૨માં તા. ૩૧–૧૨–૨૦૧૧ સુધીમાં કેટલા ગરીબ ઝુંપડાવાસીઓને નવીન વીજ જોડાણો આપવામાં આવ્યા, અને<br>(૨) તે માટે કેટલો ખર્ચ થયો ? | (૧) અને (૨) ઝુંપડા વીજળીકરણ યોજના અતંર્ગત ગાંધીનગર જિલ્લામાં વર્ષ ૨૦૦૯–૧૦માં રૂપિયા ૨૦૪.૧૬ લાખના ખર્ચે ૩૨૫૧, વર્ષ ૨૦૧૦–૧૧માં રૂપિયા ૧૨૧.૯૯ લાખના ખર્ચે ૧૮૮૫ અને વર્ષ ૨૦૧૧–૧૨માં તારીખ ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ રૂપિયા ૧૨૧.૮૫ લાખના ખર્ચે ૧૯૮૫ નવીન વીજ જોડાણ આપવામાં આવ્યા છે. |

---------

**દાહોદ જિલ્લામાં વાહન અકસ્માતના બનાવો**

૨૪૩૧૭ **શ્રી ચંદ્રિકાબેન છ. બારીયા( લીમખેડા): માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) વર્ષ ૨૦૧૧માં દાહોદ શહેર અને જિલ્લામાં તાલુકાવાર વાહન અકસ્માતના કેટલા બનાવો નોંધાયા,

(૧)

| ક્રમ | તાલુકા | અકસ્માતના બનાવો |
|---|---|---|
| ૧ | દાહોદ શહેર | ૧૮ |
| ૨ | દાહોદ | ૧૨૯ |
| ૩ | ગરબાડા | ૫૭ |
| ૪ | ધાનપુર | ૨૭ |
| ૫ | દે. બારીઆ | ૯૦ |
| ૬ | લીમખેડા | ૧૦૮ |
| ૭ | ઝાલોદ | ૧૧૩ |
| ૮ | ફતેપુરા | ૨૨ |
| | **કુલ** | **૫૬૪** |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૨) તે અન્વયે કેટલાના મૃત્યુ થયા, અને કેટલાને ઈજાઓ થઈ, અને | (૨) ૧૮૭ વ્યકિતઓના મૃત્યુ થયા.<br>૭૪૧ વ્યકિતઓને ઈજા થઈ. |
| (૩) વાહન અકસ્માતો ઘટાડવા સરકારે શાં પગલાં લીધા? | (૩) અકસ્માતો ઘટાડવા માટે અવારનવાર ચેકીંગ ડ્રાઈવ રાખવામાં આવે છે. નિયમોનો ભંગ કરનાર વાહન ચાલકો સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે છે. ટ્રાફીક |

જાગૃતિ શિબિરો યોજવામાં આવે છે.

---------

**કલોલ તાલુકામાં વસ્તી દીઠ પોલીસ કર્મચારી**

૨૫૧૨૧ **શ્રી સુરેશકુમાર ચ. પટેલ(કલોલ): માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ રાજયમાં વસ્તીના ધોરણ પ્રમાણે કેટલી વસ્તીએ એક પોલીસ કર્મચારી છે, અને

(૨) કલોલ તાલુકા અને શહેર માં સંવર્ગવાર કેટલા પોલીસ કર્મચારી છે તે વસ્તીના ધોરણ મુજબ બરાબર છે કે ઓછા કે વધુ છે ?

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૧ ની સ્થિતિએ રાજયમાં વસ્તીના ધોરણ પ્રમાણે ૮૬૦ની વસ્તીએ ૧ પોલીસ કર્મચારી છે.

(૨) કલોલ શહેર પોલીસ સ્ટેશનમાં સવર્ગવાર પોલીસ કર્મચારી.

| હોદ્દો | વર્ગ | મંજૂર | હાજર | ખાલી |
|---|---|---|---|---|
| પો.ઈ. | ૨ | ૧ | ૧ | ૦ |
| પો.સ.ઈ. | ૩ | ૬ | ૬ | ૦ |
| અહેકો | ૩ | ૩૯ | ૩૭ | ૨ |
| અપોકો | ૩ | ૭૦ | ૨૧ | ૪૯ |
| આહેકો | ૩ | ૧૦ | ૩ | ૭ |
| આપોકો | ૩ | ૩૩ | ૭ | ૨૬ |

કલોલ તાલુકા પોલીસ સ્ટેશનમાં સવર્ગવાર પોલીસ કર્મચારી.

| હોદ્દો | વર્ગ | મંજૂર | હાજર | ખાલી |
|---|---|---|---|---|
| પો.ઈ. | ૨ | ૧ | ૧ | ૦ |
| પો.સ.ઈ. | ૩ | ૪ | ૪ | ૦ |
| અહેકો | ૩ | ૨૪ | ૨૪ | ૦ |
| અપોકો | ૩ | ૬૩ | ૨૬ | ૩૭ |
| આહેકો | ૩ | ૧ | ૧ | ૦ |
| આપોકો | ૩ | ૪ | ૪ | ૦ |

હાલ જરૂરિયાત આધારિત પોલીસ દળ/મહેકમ ઉપલબ્ધ છે.

**પુર્વ સેનાનીઓના સંતાનોના પુર્નવસન માટે રાજ્ય સરકાર દ્વારા લેવામાં આવેલ પગલાં**

૨૪૯૦૭ **શ્રી ઉદેસિંહ પું. ઝાલા( બાયડ): માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૧૧ ની સ્થિતિએ પુર્વસેનાનીઓ, સ્વર્ગિય પુર્વ સેનાનીઓ અને મિલિટરી સેવાઓમાં અવસાન પામેલના સંતાનોના પુનઃ વસન માટે રાજય સરકારે કોઈ યોજના અમલમાં મુકી છે, અને

(૨) જો હા તો, તા. ૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ આ હેઠળ કેટલા વ્યકિતઓને લાભ આપવામાં આવ્યો છે ?

**જવાબ**

(૧) હા.

(૨) ૩૩.

**વડોદરા પોલીસ કમિશ્નરેટ વિસ્તારમાં હાથ ધરાયેલ ખાતાના રહેણાંક/બિન રહેણાંકના મકાનોના કામો**

૨૪૮૪૨ **શ્રી ભૂપેન્દ્રભાઇ ગ. લાખાવાળા( વડોદરા શહેર): માનનીય મુખ્યમંત્રીશ્રી** (પોલીસ આવાસો) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વડોદરા પોલીસ કમિશ્નરેટ વિસ્તારમાં તા. ૩૧-૧૨-૨૦૧૧ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં પોલીસ ખાતાના કેટલા બિન રહેણાંકના કામો હાથ પર લેવામાં આવેલ છે, અને

(૨) આ કામો પાછળ તા. ૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ કુલ કેટલી રકમનો ખર્ચ થયેલ છે?

**જવાબ**

(૧) કુલ ૦૪ કામો.

(૨) કુલ ` ૩૯૩.૭૯ લાખ.

## જૂનાગઢ જિલ્લામાં માનવ કલ્યાણ યોજનાના લાભાર્થીઓ

૨૪૭૭૬ **શ્રી મહેન્દ્રભાઇ લી. મશરૂ(જુનાગઢ): માનનીય કુટીર ઉદ્યોગ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) જૂનાગઢ જિલ્લામાં માનવ કલ્યાણ યોજના અન્વયે સને ૨૦૧૦–૧૧માં અને ૨૦૧૧–૧૨માં તા. ૩૧–૧૨–૨૦૧૧ સુધીમાં કેટલાં લાભાર્થીઓને લાભ આપવામાં આવેલ છે, અને

(૨) આ સમયગાળા દરમ્યાન તે અન્વયે કેટલો ખર્ચ થયેલ છે ?

**જવાબ**

(૧) અને (૨)

| વર્ષ | મંજૂર કરાયેલ અરજીઓ | વિતરણ કરાયેલ કીટ | ખર્ચ રકમ (` લાખમાં) |
|---|---|---|---|
| ૨૦૧૦–૧૧ | ૧૭૦૮ | ૮૯૦ | ૭૪.૩૦ |
| ૨૦૧૧–૧૨ | ૨૦૦૪ | ૨૨૨૬ | ૧૧૧.૩૦ |

(તા. ૩૧–૧૨–૨૦૧૧ સુધીમાં).

---------

## જૂનાગઢ જિલ્લામાં વાજપાઈ સ્વરોજગાર યોજનામાં શિક્ષિત બેરોજગારોની અરજીઓ

૨૪૭૦૭ **શ્રીમતિ વંદનાબેન મ. મકવાણા(કેશોદ): માનનીય કુટીર ઉદ્યોગ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) જૂનાગઢ જિલ્લામાં વાજપાઈ સ્વરોજગાર યોજના અન્વયે સને ૨૦૧૦–૧૧માં અને ૨૦૧૧–૧૨ માં તા. ૩૧–૧૨–૨૦૧૧ સુધીમાં કેટલા શિક્ષિત બેરોજગારોની અરજીઓ આવી,

(૧) અગાઉના વર્ષની પડતર અરજીઓ સહિત નીચે મુજબ વર્ષવાર અરજીઓ મળેલ છે.

| | |
|---|---|
| વર્ષ ૨૦૧૦–૧૧ | ૫૪૧૪ |
| વર્ષ ૨૦૧૧–૧૨ | ૨૬૬૯ |

(તા. ૩૧–૧૨–૧૧ સુધીમાં)

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી,

(૨) જીલ્લા ઉદ્યોગ કેન્દ્ર કક્ષાએથી ભલામણ થયેલ અરજીઓ પૈકી બેંક કક્ષાએ નીચે મુજબ અરજીઓ મંજૂર કરવામાં આવેલ છે.

| વર્ષ | મંજૂર થયેલ અરજીઓ |
|---|---|
| વર્ષ ૨૦૧૦–૧૧ | ૧૮૫૫ |
| વર્ષ ૨૦૧૧–૧૨ | ૯૮૦ |

(૩૧–૧૨–૨૦૧૧ સુધીમાં)

(૩) કેટલી રકમની સહાય મંજૂર કરવામાં આવી,

(૩)

| વર્ષ | કેસોની સંખ્યા | સહાયની રકમ ` લાખમાં |
|---|---|---|
| વર્ષ ૨૦૧૦–૧૧ | ૧૪૦૯ | ૧૬૯.૫૬ |
| વર્ષ ૨૦૧૧–૧૨ | ૧૨૦૬ | ૧૪૭.૨૦ |

(૩૧–૧૨–૨૦૧૧ સુધીમાં)

(૪) કેટલી અરજીઓ નામંજૂર કરવામાં આવી, અને

(૪) નીચે મુજબ અરજીઓ નામંજૂર કરવામાં આવેલ છે.

| વર્ષ | જીલ્લા ઉદ્યોગ કેન્દ્ર કક્ષાએ | બેંક કક્ષાએ |
|---|---|---|
| વર્ષ ૨૦૧૦–૧૧ | ૧૭૮૭ | ૧૫૮૮ |
| વર્ષ ૨૦૧૧–૧૨ | ૩૯૨ | ૫૦૯ |

(૩૧–૧૨–૧૧ સુધીમાં)

(૫) આ અરજીઓ નામંજૂર થવાના કારણો શાં છે ?

(૫) અરજીઓ નામંજૂર થવાના કારણો નીચે મુજબ છે.

**જીલ્લા ઉદ્યોગ કેન્દ્ર કક્ષાએ**

૧. અરજદાર દ્વારા ખુટતી વિગત રજુ ન કરતા
૨. ઉંમર ૫૦ વર્ષથી વધુ હોવાથી
૩. અરજદાર સગીર હોવાથી
૪. અરજદારનો અભ્યાસ ચાલુ હોવાથી
૫. અરજદારે અગાઉ લાભ મેળવેલ હોવાથી

૬. અરજદારે જણાવેલ ધંધાનો સમાવેશ યોજનામાં ન હોવાથી

૭. લક્ષ્યાંક પુરો થવાથી

**બેંક કક્ષાએ**

૧. ધંધો પોષણક્ષમ ન હોવાથી

૨. ધંધાનું સ્થળ બેન્કના સર્વીસ એરીયામાં ન હોવાથી

૩. કુટુંબના સભ્યએ લોન લીધેલ હોવાથી

૪. અરજદારની લોન લેવાની ઈચ્છા ન હોવાથી

૫. અરજદાર બેન્કના ડીફોલ્ટર હોવાથી

૬. અરજદારે અગાઉ બીજી યોજનાઓમાં સબસીડી મેળવેલ હોવાથી

૭. બેન્કનો લક્ષ્યાંક પૂર્ણ થવાથી.

---------

### સૌરાષ્ટ્રની નહેરમાં સાયફન તથા સીલ્ટીંગને કારણે પાણીની વહન ક્ષમતામાં ઘટાડો

૨૪૭૫૫ **શ્રી પ્રવિણભાઇ મો. માકડિયા(ઉપલેટા): માનનીય મુખ્યમંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૧ ની સ્થિતિએ સરદાર સરોવર યોજનાની સૌરાષ્ટ્ર નહેરમાં સાયફનમાં તથા સીલ્ટીંગ થવાને કારણે તેની વહન ક્ષમતામાં ઘટાડો થાય છે જેને કારણે સૌરાષ્ટ્ર વિસ્તારમાં પીવાના પાણીના પુરવઠામાં અસર પડે છે, તે હકીકત સાચી છે, અને | (૧) ના, જી. |
| (૨) જો હા, તો તે માટે સરકારે શા પગલાં લીધા છે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

### કચ્છ જિલ્લામાં એક્રિડેશન કાર્ડ ધરાવતા પત્રકારો

૨૪૨૦૮ **શ્રી જયંતિલાલ પ. ભાનુશાળી(અબડાસા): માનનીય મુખ્યમંત્રીશ્રી** (માહિતી અને પ્રસારણ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૧ ની સ્થિતિએ કચ્છમાં રાજય સરકારનું એક્રિડેશન કાર્ડ ધરાવતા પત્રકારોની સંખ્યા કેટલી છે, | (૧) તા. ૩૧–૧૨–૨૦૧૧ ની સ્થિતિએ કચ્છમાં રાજય સરકારનું એક્રેડીટેશન કાર્ડ ધરાવતાં ૩૧ (એકત્રીસ) પત્રકારો છે. |
| (૨) આ પૈકી તા. ૩૧–૧૨–૧૧ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા પત્રકારોની સામે પીળા પત્રકારત્વ કે અન્ય પ્રકારની કોઈ ફરિયાદો નોંધાયેલી છે, અને | (૨) આ પૈકી તા. ૩૧–૧૨–૧૧ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પત્રકારોની સામે પીળા પત્રકારત્વ કે અન્ય પ્રકારની નોંધાયેલી ફરિયાદોની વિગતો શૂન્ય છે. |
| (૩) જો હા, તો તેની વિગતો શી છે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

### નર્મદા યોજનાની રાજપુરા શાખા નહેરના કામો

૨૪૮૧૪ **શ્રી રજનીકાન્ત સો. પટેલ(ચાણસ્મા): માનનીય મુખ્યમંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નર્મદા યોજનાની રાજપુરા શાખા નહેરના કામો તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ કયા તબક્કે છે, અને | (૧) તા. ૩૧–૧૨–૨૦૧૧ ની સ્થિતિએ નર્મદા યોજનાની રાજપુરા શાખા નહેરની કુલ લંબાઈ ૪૨.૪૫ કિ.મી.માં માટીકામ પૂર્ણ થયેલ છે અને ૨૦.૨૯૪ કિ.મી. લંબાઈમાં અસ્તરકામ પૂર્ણ થયેલ છે. બાકી કામ પ્રગતિમાં છે. |

(૨) કેટલા વિસ્તારોને સિંચાઈનો લાભ મળનાર છે ?

(૨) કુલ ૧૧૭૩૫૦ એકર પિયત વિસ્તારને સિંચાઈનો લાભ આપવાનું આયોજન છે.

**ફૉરેન્સીક સાયન્સ લેબૉરેટરીને કેન્દ્ર સરકાર દ્વારા નેશનલ રીસૉર્સ સેન્ટર તરીકે જાહેરાત**

૨૪૮૧૨ **શ્રી ભરતસિંહજી શં. ડાભી(ખેરાલુ): માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) રાજયની ફૉરેન્સીક લેબૉરેટરીને કેન્દ્ર સરકારે તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ નેશનલ સીસોર્સ સેન્ટર તરીકે જાહેર કરેલ હોવાની વિગત સાચી છે, અને

(૨) જો હા, તો તેની વિગતો શું છે ?

**જવાબ**

(૧) અને (૨) હા જી,

કેન્દ્ર સરકારના ગૃહ મંત્રાલયએ રાજયની ફૉરેન્સિક સાયન્સ લેબૉરેટરીના ફૉરેન્સીક સાયકોલોજી વિભાગને વર્ષ ૨૦૦૪માં નેશનલ રીસોર્સ સેન્ટર તરીકે જાહેર કરેલ છે.

આ અંતર્ગત સાયકોલોજીકલ ઈન્ટ્રોગેશન, લાયડિટેક્શન, નારકોએનાલીસ, બ્રેઈન ફીંગર પ્રીન્ટીંગના વિષયો ઉપર રાષ્ટ્રીય કક્ષાના તાલીમ કાર્યક્રમો યોજવામાં આવેલ તેમજ સંશોધન અને વિકાસની કામગીરી કરવામાં આવેલ. દેશના ૯૭ ન્યાયાધીશો, ૫૨ પોલીસ અધિકારીઓ તથા ૨૩ ફૉરેન્સીક નિષ્ણાંતોને આ સંદર્ભે તાલીમ આપવામાં આવેલ. ઉપરાંત મહારાષ્ટ્ર જેવા રાજ્યોને આ પ્રકારની સવલતો ઉભી કરવા એમ.ઓ.યુ. કરી જરૂરી મદદ પૂરી પાડવામાં આવેલ છે.

---------

**જામનગર જિલ્લામાં યોજવામાં આવેલ લોક દરબાર**

૨૪૭૬૪ **શ્રી મેઘજીભાઇ ડા. કણઝારીયા(ખંભાલીઆ): માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) પ્રજા અને પોલીસ વચ્ચે વિશ્વાસ વધે તે માટે સમયાંતરે સ્થાનિક કક્ષાએ લોક દરબાર યોજવા માટે રાજય સરકારે સૂચના આપેલ હોવાની હકીકત ખરી છે, અને

(૨) જો હા, તો જામનગર જિલ્લામાં કેલેન્ડર વર્ષ ૨૦૧૦ અને ૨૦૧૧માં કેટલા લોક દરબાર યોજવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) વર્ષ ૨૦૧૦માં ૨૧૧ અને વર્ષ ૨૦૧૧ માં ૨૧૧ લોકદરબાર યોજવામાં આવેલ છે.

---------

**કચ્છ જિલ્લામાં સાગરખેડૂ સર્વાંગી વિકાસ યોજનામાં જર્જરિત વીજ વાયરો બદલવા**

૨૪૭૩૧ **શ્રી ધનજીભાઇ ગો. સેંધાણી (માંડવી): માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) કચ્છ જિલ્લામાં નાણાંકીય વર્ષ–૨૦૧૧–૧૨માં તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ સાગરખેડૂ સર્વાંગી વિકાસ યોજના હેઠળ કુલ કેટલા કિલોમીટર જર્જરિત વીજ વાયરો બદલવામાં આવ્યા, અને

(૨) તે માટે કેટલો ખર્ચ થયો ?

**જવાબ**

(૧) અને (૨)

કચ્છ જિલ્લામાં વર્ષ ૨૦૧૧–૧૨માં તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ સાગરખેડૂ સર્વાંગી વિકાસ યોજના હેઠળ રૂપિયા ૬૦૦ લાખના ખર્ચે કુલ ૫૯૨ કિલોમીટર જર્જરિત વીજ વાયરો બદલવામાં આવ્યા.

---------

**નર્મદા યોજના અંતર્ગત મહેમદાવાદ શાખાનો પિયત વિસ્તાર**

૨૪૮૩૨ **શ્રી કનુભાઇ ભુ. ડાભી( કઠલાલ): માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ નર્મદા યોજના અંતર્ગત મહેમદાવાદ શાખાનો કુલ પિયત વિસ્તાર કેટલો છે,

(૨) તેમ કયા કયા તાલુકાઓને આવરી લેવામાં આવ્યા, અને

**જવાબ**

(૧) નર્મદા યોજનાની મહેમદાવાદ શાખા નહેરનો કુલ પિયત વિસ્તાર ૨૮૭૭૨ એકર છે.

(૨) મહેમદાવાદ શાખા નહેર દ્વારા ૪(ચાર) તાલુકાના વિસ્તારને સિંચાઈ માટે આવરી લેવામાં આવેલ છે જેમાં કઠલાલ તાલુકાના ૨૩૯૮૦ એકર, કપડવંજ

તાલુકાના ૪૧૪૯ એકર, મહુધા તાલુકાના ૪૬૦ એકર અને મહેમદાવાદ તાલુકાના ૧૮૩ એકર પિયત વિસ્તારનો સમાવેશ થાય છે.

(૩) ઉક્ત સ્થિતિએ કેટલા પિયત વિસ્તારમાં નહેરોની કામગીરી પૂર્ણ થયેલ છે ?

(૩) તા. ૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ કઠલાલ તાલુકાના ૨૩૯૮૦ એકરમાંથી ૧૯૫૧૬ એકર, કપડવંજ તાલુકાના ૪૧૪૯ એકરમાંથી ૪૧૪૯ એકર, મહુધા તાલુકાના ૪૬૦ એકરમાંથી ૪૬૦ એકર અને મહેમદાવાદ તાલુકાના ૧૮૩ એકરમાંથી ૧૮૦ એકર પિયત વિસ્તારમાં નહેરોની કામગીરી પૂર્ણ થયેલ છે.

---------

## જામનગર જિલ્લાના પોલીસ દળના આરોગ્યની ચકાસણી

૨૪૭૬૦ **શ્રી લાલજીભાઇ પ્રે. સોલંકી(જામનગર ગ્રામ્ય): માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્ય સરકારે પોલીસ ખાતામાં ફરજ બજાવતા તમામ કર્મચારી-અધિકારીઓના આરોગ્યની ચકાસણીની સૂચના આપી હોવાની હકીકત ખરી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તા. ૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જામનગર જિલ્લામાં કેટલા પોલીસ અધિકારી-કર્મચારીઓના આરોગ્યની ચકાસણી થઈ છે ? | (૨) (૧) વર્ષ ૨૦૧૦માં - ૧૧૩૧.<br>(૨) વર્ષ ૨૦૧૧માં - ૬૨૭. |

---------

## મોટી સંખ્યામાં વિજ કનેકશનો પડતર હોવા છતાં અન્ય રાજ્યોને વિજળી વેચવાના કારણો

૨૬૦૬૦ **શ્રી નટવરસિંહ કુ. ઠાકોર( મહુધા):** ૧૨મી ગુજરાત વિધાનસભાના નવમાં સત્રમાં તા. ૨૬-૯-૨૦૧૧ના રોજ ગૃહમાં રજૂ થયેલ બીજી અતારાંકિત યાદીના આતારાંકિત પ્રશ્ન ક્રમાંક : ૪૪૮૬ ના અનુસંધાને માનનીય મુખ્યમંત્રીશ્રી (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| રાજ્યમાં જિલ્લાવાર ખેતી માટેના વીજ કનેકશનોની પડતર અરજીઓની સંખ્યા ૪.૫ લાખ કરતાં વધુ હોવા છતાં તા. ૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ રાજ્યના ખેડૂતોને વીજ કનેકશનો નહિ આપીને રાજ્ય સરકાર અન્ય રાજ્યોમાં વીજળી વેચે છે તેના કારણો શું છે ? | રાજ્યમાં કૃષિ વિષયક વિજ કનેકશનો ન ફાળવવાની વાત સાચી નથી. કૃષિ વિષયક વિજ જોડાણની નોંધણી અને ફાળવણી તે સતત ચાલતી પ્રક્રિયા છે. ચાલુ વર્ષમાં તા. ૩૧-૧-૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા દસ (૧૦) માસમાં જ ૫૦૭૦૪ નવા વિજ કનેકશન ફાળવવામાં આવ્યાં છે. કોઈ પણ એક વર્ષમાં ફાળવાયેલ વિજ કનેકશનનો આ એક રકોર્ડ છે.<br>વિજ ઉત્પાદનનો સંગ્રહ શક્ય નથી. આથી વિજ ઉત્પાદનનો શ્રેષ્ઠ ઉપયોગ કરવા માટે રાજ્યના તમામ પ્રકારના વિજ ગ્રાહકોની મહત્તમ જરૂરિયાત સંતોષાયા બાદ, વધારાનો વિજ પુરવઠો, દેશમાં તીવ્ર અછત અનુભવતા કોંગ્રેસ શાસિત રાજ્યો સહિત અન્ય જરૂરિયાતવાળા રાજ્યોને પણ રાષ્ટ્રિય હિતમાં વેચવામાં આવે છે. |

---------

## સુરત જિલ્લામાં કમિશ્નરેટ વિસ્તારમાં હાથ ધરાયેલ પોલીસ ખાતાના બિનરહેણાંકના મકાનોના કામો

**<#M /૨૪૮૭૬ શ્રી કિશોરભાઇ વાંકાવાલા( સુરત શહેર પશ્ચિમ): માનનીય મુખ્યમંત્રીશ્રી** (પોલીસ આવાસો) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરત પોલિસ કમિશ્નરેટ વિસ્તારમાં તા. ૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં પોલીસ ખાતાના કેટલા બિનરહેણાંકના કામો હાથ પર | (૧) કુલ ૦૨ કામો. |

લેવામાં આવેલ છે, અને

| | |
|---|---|
| (૨) આ કામો પાછળ તા. ૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ કુલ કેટલી રકમનો ખર્ચ થયેલ છે ? | (૨) કુલ ` ૧૮૯.૪૪ લાખ. |

---------

## અમદાવાદ જિલ્લાના વિરમગામ, દેત્રોજ અને માંડલ તાલુકાના નહેરની કામગીરી

૨૪૭૯૧ **શ્રી પ્રાગજીભાઇ ના. પટેલ(માંડલ): માનનીય મુખ્યમંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
(૨) જો હા, તો નર્મદા જિલ્લામાં કેલેન્ડર વર્ષ ૨૦૧૦ અને ૨૦૧૧ માં કેટલા લોકદરબાર યોજવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) વર્ષ ૨૦૧૦ માં ૧૦૨ અને વર્ષ ૨૦૧૧માં ૮૫ લોકદરબાર યોજવામાં આવેલ છે.

**ફોરેન્સીક સાયન્સ લેબોરેટરીને કેન્દ્ર સરકાર ધ્વારા નેશનલ રીસોર્સ સેન્ટર તરીકે જાહેરાત**

૨૪૯૦૧ **શ્રી મહેન્દ્રભાઇ લી. મશરૂ(જુનાગઢ): માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) અને (૨)

રાજ્યની ફોરેન્સીક લેબોરેટરીને કેન્દ્ર સરકારે તા.૩૧–૧૨–૨૦૧૧ ની સ્થિતિએ નેશનલ રીસોર્સ સેન્ટર તરીકે જાહેર કરેલ હોવાની વિગત સાચી છે, અને જો હા, તો તેની વિગતો શું છે ?

**જવાબ**

(૧) અને (૨) : હા, જી.

કેન્દ્ર સરકારના ગૃહ મંત્રાલયએ રાજ્યની ફોરેન્સિક સાયન્સ લેબોરેટરીના ફોરેન્સીક સાયકોલોજી વિભાગને વર્ષ ૨૦૦૪માં નેશનલ રીસોર્સ સેન્ટર તરીકે જાહેર કરેલ છે.

આ અંતર્ગત સાયકોલોજીકલ ઈન્ટ્રોગેશન, લાયડિટેકશન, નારકોએનાલીસ, બ્રેઈન ફીંગર પ્રીન્ટીંગના વિષયો ઉપર રાષ્ટ્રીય કક્ષાના તાલીમ કાર્યક્રમો યોજવામાં આવેલ તેમજ સંશોધન અને વિકાસની કામગીરી કરવામાં આવેલ. દેશના ૯૭ ન્યાયાધીશો, ૫૨ પોલીસ અધિકારીઓ તથા ૨૩ ફોરેન્સિક નિષ્ણાંતોને આ સંદર્ભે તાલીમ આપવામાં આવેલ. ઉપરાંત મહારાષ્ટ્ર જેવા રાજ્યોને આ પ્રકારની સવલતો ઉભી કરવા એમ.ઓ.યુ. કરી જરૂરી મદદ પૂરી પાડવામાં આવેલ છે.

---------

**જૂનાગઢ જિલ્લામાં ખૂશી યોજનાના લાભાર્થી ખેડૂતો**

૨૪૭૭૦ **શ્રીમતિ વંદનાબેન મ. મકવાણા(કેશોદ): માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) જૂનાગઢ જિલ્લામાં ખેડૂતોને ભારે દબાણની લાઈન ઉભી કરી આગવું ટ્રાન્સફોર્મર ફાળવવાની ખુશી યોજના હેઠળ વર્ષ ૨૦૧૦–૧૧ અને ૨૦૧૧–૧૨ દરમ્યાન તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ કુલ કેટલા ખેડૂતોને લાભ આપવામાં આવ્યો, અને

(૨) તે માટે કેટલો ખર્ચ થયો ?

**જવાબ**

(૧) અને (૨)

ભારે દબાણની લાઈન ઉભી કરી આગવું ટ્રાન્સફોર્મર ફાળવણીની **''ખુશી''** (કિસાન હિત ઉર્જા શક્તિ યોજના) અંતર્ગત જૂનાગઢ જિલ્લામાં વર્ષ ૨૦૧૦–૧૧ માં રૂપિયા ૪૭૩૨ લાખના ખર્ચે ૪૪૨૩ ખેડૂતોને લાભ આપવામાં આવ્યો છે. જ્યારે વર્ષ ૨૦૧૧–૧૨માં તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ રૂપિયા ૨૪૨૮ લાખના ખર્ચે ૨૬૭૭ ખેડૂતોને લાભ આપવામાં આવ્યો છે.

આ ઉપરાંત વર્ષ ૨૦૧૧–૧૨માં કુલ ૪૫૧૭ ખેડૂતોને નવા વીજ જોડાણ માટે આગવા ટ્રાન્સફોર્મર ફાળવવામાં આવેલ છે.

---------

**રાજકોટ જિલ્લામાં ખુશી યોજનાના લાભાર્થી ખેડૂતો**

૨૪૭૫૭ **શ્રી પ્રવિણભાઇ મો. માકડિયા(ઉપલેટા): માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) રાજકોટ જિલ્લામાં ખેડૂતોને ભારે દબાણની લાઇન ઉભી કરી આગવું ટ્રાન્સફોર્મર ફાળવવાની ખુશી યોજના હેઠળ વર્ષ ૨૦૧૦–૧૧ અને ૨૦૧૧–૧૨ દરમ્યાન તા.૩૧–૧૨–૨૦૧૧ ની સ્થિતિએ કુલ કેટલા ખેડૂતોને લાભ આપવામાં આવ્યો, અને

(૨) તે માટે કેટલો ખર્ચ થયો?

**જવાબ**

(૧) અને (૨) ભારે દબાણની લાઇન ઉભી કરી આગવું ટ્રાન્સફોર્મર ફાળવવાની ‘‘ખુશી’’ (કિસાન હિત ઉર્જા શક્તિ યોજના) અંતગર્ત રાજકોટ જિલ્લામાં વર્ષ ૨૦૧૦–૧૧ માં ` ૧૯૧૮ લાખના ખર્ચે ૧૮૯૪ ખેડૂતોને લાભ આપવામાં આવ્યો છે. જ્યારે વર્ષ ૨૦૧૧–૧૨માં તા.૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ ` ૧૦૦ લાખના ખર્ચે ૧૪૯ ખેડૂતોને લાભ આપવામાં આવ્યો છે.

આ ઉપરાંત વર્ષ ૨૦૧૧–૧૨માં કુલ ૬૦૭૪ ખેડૂતોને નવા વીજ જોડાણ માટે આગવા ટ્રાન્સફોર્મર ફાળવવામાં આવેલ છે.

---------

**૨૮૨**

* **૨૪૨૦૯ સભ્યશ્રીએ પ્રશ્ન પાછો ખેંચ્યો છે.**

---------

**કરાઈ પોલીસ તાલીમ સંસ્થામાં આપવામાં આવતી તાલીમ**

૨૪૮૯૯ **શ્રી રજનીકાન્ત સો. પટેલ(ચાણસ્મા): માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) ગાંધીનગર જિલ્લાના કરાઈ ખાતે અદ્યતન પોલીસ તાલીમ સંસ્થા સ્થાપવામાં આવેલ છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો આ તાલીમી આ સંસ્થામાં ૨૦૧૦–૧૧ના વર્ષમાં કઈ કક્ષાના અધિકારી–કર્મચારીઓને કયા કયા પ્રકારની તાલીમ આપવામાં આવે છે?

**જવાબ**

(૧) પોલીસ તાલીમની માળખાકીય સુવિધાઓને સુદ્રઢ કરવા માટે વર્ષ ૨૦૦૧ ની સાલમાં કરાઈ ખાતે રાજ્યકક્ષાની પોલીસ તાલીમ એકેડેમી કાર્યરત કરવામાં આવેલ છે. જેમાં અદ્યતન પ્રકારની તાલીમ અપાય છે.

(૨) ગુજરાત પોલીસ એકેડેમી, કરાઈ ખાતે ૨૦૧૦–૧૧ના વર્ષમાં નીચે દર્શાવેલ કક્ષાના અધિકારી–કર્મચારીઓને નીચે દર્શાવેલ પ્રકારની તાલીમ આપવામાં આવેલ છે.

| અ.નં. | સંવર્ગ | આપવામાં આવેલ તાલીમનો પ્રકાર |
|---|---|---|
| **૧** | **૨** | **૩** |
| ૧ | પ્રોબેશનર આઈ.પી.એસ | પ્રત્યક્ષ તાલીમ |
| ૨ | બિન હથિયારી ડી.વાય.એસ.પી. | પાયાની તાલીમ |
| ૩ | હથિયારી / બિન હથિયારી સીધી ભરતીના પી.એસ.આઈ., બઢતીથી નિમણૂંક પામેલા પી.એસ.આઈ., ખાસ સ્પર્ધાત્મક પરીક્ષાના આધારે નિમણૂંક પામેલા પી.એસ.આઈ. | પાયાની તાલીમ |
| ૪ | હથિયારી / બિન હથિયારી લોકરક્ષક | પાયાની તાલીમ |
| ૫ | પોલીસ કોન્સ્ટેબલ કક્ષાના કેટલાક કર્મચારીઓ | બેન્ડ, બ્યુગલર, કમાન્ડોની તાલીમ/ રીફ્રેશરની તાલીમ |
| આ ઉપરાંત પોલીસ દળના ક્યુ.આર.ટી. અને બોમ્બ ડીસ્પોસલ એન્ડ ડીટેકશન | | |

તા.૨જી માર્ચ, ૨૦૧૨

અતારાંકિત પ્રશ્નો

સ્કોડમાં મૂકવામાં આવેલ જવાનોને જે તે સંબંધકર્તા તાલીમ આપવામાં આવેલ છે.

**મહેસાણા જિલ્લામાં પોલીસદળના આરોગ્યની ચકાસણી**

૨૪૮૯૬ **શ્રી ભરતસિંહજી શં. ડાભી(ખેરાલુ): માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) રાજ્ય સરકારે પોલીસ ખાતામાં ફરજ બજાવતા તમામ કર્મચારી/અધિકારીઓના આરોગ્યની ચકાસણીની સૂચના આપી હોવાની હકીકત ખરી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર મહેસાણા જિલ્લામાં કેટલાં પોલીસ અધિકારી/કર્મચારીઓના આરોગ્યની ચકાસણી થઈ? | (૨) (૧) વર્ષ ૨૦૧૦માં–૧૨૪૮<br>(૨) વર્ષ ૨૦૧૧માં–૮૧૨ |

---------

**જામનગર જિલ્લામાં ખુશી યોજનાના લાભાર્થી ખેડૂતો**

૨૪૭૬૫ **શ્રી મેઘજીભાઇ ડા. કણઝારીયા(ખંભાલીઆ): માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) જામનગર જિલ્લામાં ખેડૂતોને ભારે દબાણની લાઈન ઉભી કરી આગવું ટ્રાન્સફોર્મર ફાળવવાની ખુશી યોજના હેઠળ વર્ષ ૨૦૧૦–૧૧ અને ૨૦૧૧–૧૨ દરમ્યાન તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ કુલ કેટલા ખેડૂતોને લાભ આપવામાં આવ્યો, અને<br>(૨) તે માટે કેટલો ખર્ચ થયો? | (૧) અને (૨) ભારે દબાણની લાઇન ઉભી કરી આગવું ટ્રાન્સફોર્મર ફાળવવાની ‘‘**ખુશી**’’ (કિસાન હિત ઉર્જા શક્તિ યોજના) અંતગર્ત જામનગર જિલ્લામાં વર્ષ ૨૦૧૦–૧૧માં ` ૧૦૭૨ લાખના ખર્ચે ૧૫૬૦ ખેડૂતોને તથા વર્ષ ૨૦૧૧–૧૨માં તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ ` ૪૬૦ લાખના ખર્ચે ૫૮૩ ખેડૂતોને લાભ આપવામાં આવ્યો છે.<br>આ ઉપરાંત વર્ષ ૨૦૧૧–૧૨માં કુલ ૪૨૩૮ ખેડૂતોને નવા વિજ જોડાણ માટે આગવા ટ્રાન્સફોર્મર ફાળવવામાં આવેલ છે. |

**કચ્છ જીલ્લામાં હાથ ધરાયેલ પોલીસ ખાતાના બિન રહેણાંકના મકાનોના કામો**

૨૪૮૭૧ **શ્રી ધનજીભાઇ ગો. સેંધાણી (માંડવી): માનનીય મુખ્યમંત્રીશ્રી** (પોલીસ આવાસો) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) કચ્છ જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં પોલીસ ખાતાના કેટલા બિન રહેણાંકના કામો હાથ પર લેવામાં આવેલ, અને | (૧) કુલ ૦૫ કામો. |
| (૨) આ કામો પાછળ તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ કુલ કેટલી રકમનો ખર્ચ થયેલ છે? | (૨) કુલ ` ૪૩૯.૨૭ લાખ. |

---------

**ખેડા જીલ્લામાં પૂર્ણ કરાયેલ પોલીસ ખાતાનાં રહેણાંકના મકાનોના કામ**

૨૪૮૮૧ **શ્રી કનુભાઇ ભુ. ડાભી( કઠલાલ): માનનીય મુખ્યમંત્રીશ્રી** (પોલીસ આવાસો) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) ખેડા જીલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં પોલીસ ખાતાના કેટલા રહેણાંકના મકાનો પૂર્ણ કરવામાં આવેલ છે, અને | (૧) કુલ ૪૨૩ કામો. |
| (૨) આ કામો પાછળ કુલ કેટલી રકમનો ખર્ચ થયેલ છે? | (૨) કુલ ` ૧૮૭૪.૧૨ લાખ. |

---------

**નર્મદા યોજનાની સાણંદ શાખા નહેરના બાકી કામો**

૨૪૭૯૨ **શ્રી પ્રાગજીભાઇ ના. પટેલ(માંડલ): માનનીય મુખ્યમંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નર્મદા યોજના અંતર્ગત સાણંદ શાખા નહેરના કામો તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ કયા તબકકે છે, અને | (૧) તા.૩૧–૧૨–૨૦૧૧ ની સ્થિતિએ સાણંદ શાખા નહેરની કામગીરી પૂરી થયેલ છે. |
| (૨) બાકી રહેતા કામો ક્યારે પૂરા કરવામાં આવશે? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

**અમદાવાદ જીલ્લામાં પૂર્ણ કરાયેલ પોલીસ ખાતાના બિન રહેણાંકના મકાનો**

૨૪૮૬૬ **શ્રી બાબુભાઇ જ. પટેલ(દસક્રોઇ): માનનીય મુખ્યમંત્રીશ્રી** (પોલીસ આવાસો) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમદાવાદ જીલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૧ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં પોલીસ ખાતાના કેટલા બિન રહેણાંકના કામો પુર્ણ કરવામાં આવેલ, અને | (૧) કુલ ૨૩ કામો. |
| (૨) આ કામગીરી પાછળ તા.૩૧–૧૨–૨૦૧૧ ની સ્થિતિએ કુલ કેટલી રકમનો ખર્ચ થયેલ છે? | (૨) કુલ ` ૧૮૭૨.૪૯ લાખ. |

---------

**ફોરેન્સીક સાયન્સ યુનિવર્સિટીમાં માળખાકીય સુવિધાઓ**

૨૪૯૦૨ **શ્રી ભરતકુમાર ચી. બારોટ(દરિયાપુર-કાઝીપુર): માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| ફોરેન્સીક સાયન્સીસ યુનિવર્સિટી પાસે તા.૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ આંતર માળખાકીય સુવિધાઓ કઈ કઈ છે? | ગુજરાત ફોરેન્સીક સાયન્સીસ યુનિવર્સિટી ગાંધીનગર પાસે તા. ૩૧–૧૨–૨૦૧૧ ની સ્થિતિએ નીચેની આંતર માળખાકિય સુવિધાઓ છે.<br>કલાસરૂમો, લેબોરેટરીઓ, કોમ્પ્યુટર લેબોરેટરી, ઈન્સ્ટ્રુમેન્ટ રૂમ, સેમીનારરૂમ, કોન્ફરન્સ રૂમ, લાઈબ્રેરી, કેન્ટીન અને હોસ્ટેલ સુવિધા. |

**ગાંધીનગર જિલ્લામાં પોલીસદળના આરોગ્યની ચકાસણી**

૨૪૮૯૪ **શ્રી કલ્યાણસિંહ દે. ચૌહાણ(દહેગામ): માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્ય સરકારે પોલીસ ખાતામાં ફરજ બજાવતા તમામ કર્મચારી/અધિકારીઓના આરોગ્યની ચકાસણીની સૂચના આપી હોવાની હકીકત ખરી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ગાંધીનગર જિલ્લામાં કેટલાં પોલીસ અધિકારી/કર્મચારીઓના આરોગ્યની ચકાસણી થઈ? | (૨) (૧) વર્ષ ૨૦૧૦માં–૬૬૫<br>(૨) વર્ષ ૨૦૧૧માં – ૪૭૦ |

---------

**જામનગર જિલ્લામાં તત્કાલ વીજ જોડાણની અરજીઓ**

૨૫૧૬૦ **શ્રી રાઘવજીભાઇ હં. પટેલ(જોડીયા): માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તત્કાલ વીજ જોડાણ આપવાની યોજના અન્વયે જામનગર જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૧ની કેટલી અરજીઓ મળી, | (૧) તત્કાલ વીજ જોડાણ અન્વયે જામનગર જિલ્લામાં ૧૬૬૬૮ અરજીઓ મળી. |
| (૨) મળેલ અરજીઓ પૈકી કેટલી અરજીઓ મંજૂર કરી વીજ જોડાણ અપાયા, અને | (૨) ૩૨૮૫ અરજીઓ મંજૂર કરવામાં આવી છે. તે પૈકી ૨૨૭૭ અરજદારોને વીજ જોડાણ આપવામાં આવેલ છે. બાકીના ૧૦૦૮ અરજદારોને ટેસ્ટ રીપોર્ટ રજુ થયેથી વીજ જોડાણ આપવામાં આવશે. |

(૩) આ વીજ જોડાણ માટે ખેડૂતોને કેટલા વધારાના રૂપિયા ભરવા પડ્યા?

(૩) તત્કાલ વીજ જોડાણ યોજના એ સ્વૈચ્છિક યોજના છે. આ યોજનામાં વિજ જોડાણ મેળવવા ઈચ્છતા અરજદારે તત્કાલ યોજનામાં નક્કી કરવામાં આવેલ ધારા ધોરણ મુજબ જ રકમ ભરવાની થાય છે. વધારાની કોઈ રકમ ભરવાની થયેલ નથી.

## આણંદ જિલ્લાની આયોજન કચેરીનું સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ

૨૫૦૩૩ **શ્રી અમિતકુમાર અ. ચાવડા( બોરસદ): માનનીય મુખ્યમંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧–૧૨ની સ્થિતિએ આણંદમાં જિલ્લા આયોજન અધિકારીની કચેરીનું સંવર્ગવાર મંજૂર મહેકમ કેટલું છે,

(૨) સંવર્ગવાર કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે,

(૩) ખાલી જગ્યાઓના કારણે વિકાસ કામોની મંજૂરી પ્રક્રિયામાં વિલંબ થાય છે તે હકીકત સાચી છે, અને

(૪) ખાલી જગ્યાઓ કેટલા સમયમાં ભરવાનું આયોજન છે?

**જવાબ**

(૧) અને (૨) તા. ૩૧–૧–૧૨ની સ્થિતિએ આણંદમાં જિલ્લા આયોજન અધિકારીની કચેરીના સંવર્ગવાર મંજૂર મહેકમની તથા સંવર્ગવાર કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે તે અંગેની વિગતો સામેલ **પત્રક** મુજબ છે.

(૩) ના, જી.

(૪) શક્ય તેટલી જલ્દીથી.

**પત્રક**

| સંવર્ગ/જગ્યાનું નામ | વર્ગ | મંજૂર થયેલ જગ્યા | ભરેલી જગ્યા | ખાલી જગ્યા | જગ્યા ક્યારથી ખાલી છે |
|---|---|---|---|---|---|
| જિલ્લા આયોજન અધિકારી | વર્ગ–૧ | ૧ | ૦ | ૧ | તા. ૧૮–૮–૨૦૧૦ |
| સંશોધન મદદનીશ | વર્ગ–૩ | ૧ | ૦ | ૧ | તા. ૩૧–૧૦–૨૦૧૧ |
| નાયબ મામલતદાર | વર્ગ–૩ | ૨ | ૧ | ૧ | તા. ૩૧–૮–૨૦૧૦ |
| આંકડા મદદનીશ | વર્ગ–૩ | ૧ | ૧ | ૦ | |
| નાયબ હિસાબનીશ | વર્ગ–૩ | ૧ | ૧ | ૦ | |
| કારકુન | વર્ગ–૩ | ૧ | ૧ | ૦ | |
| ડ્રાઈવર | વર્ગ–૩ | ૧ | ૧ | ૦ | |
| પટાવાળા | વર્ગ–૪ | ૧ | ૧ | ૦ | |
| | **કુલ** | **૯** | **૬** | **૩** | |

## નર્મદા જિલ્લામાં પોલીસદળના આરોગ્યની ચકાસણી

૨૪૮૯૭ **શ્રી દુષ્યંતભાઇ ર. પટેલ( ભરૂચ): માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) રાજ્ય સરકારે પોલીસ ખાતામાં ફરજ બજાવતા તમામ કર્મચારી/અધિકારીઓના આરોગ્યની ચકાસણીની સૂચના આપી હોવાની હકીકત ખરી છે, અને

(૨) જો હા, તો તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર નર્મદા જિલ્લામાં કેટલાં પોલીસ અધિકારી/કર્મચારીઓના આરોગ્યની ચકાસણી થઈ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) (૧) વર્ષ ૨૦૧૦માં–૪૧૫

(૨) વર્ષ ૨૦૧૧માં – ૯૬૫

---------

## ભાવનગર જિલ્લામાં પૂર્ણ કરાયેલ પોલીસ ખાતાના બિનરહેણાંકના મકાનોના કામ

૨૪૭૦૧ **શ્રી ભાવનાબેન રા. મકવાણા(તળાજા): માનનીય મુખ્યમંત્રીશ્રી** (પોલીસ આવાસો) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) ભાવનગર જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં, પોલીસ ખાતાના કેટલા બિનરહેણાંકના કામો પૂર્ણ કરવામાં આવેલ, અને

(૨) આ કામો પાછળ કુલ કેટલી રકમનો ખર્ચ થયેલ છે?

**જવાબ**

(૧) કુલ ૦૨ કામો.

(૨) કુલ રૂ. ૧૧૨.૮૭ લાખ.

**રક્ષા શક્તિ યુનિવર્સિટીમાં ચલાવવામા આવતા અભ્યાસક્રમો**

૨૪૯૦૫ **શ્રી ગોવિંદભાઇ મા. પ્રજાપતિ( પાલનપુર): માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં સ્થાપવામાં આવેલ રક્ષા શક્તિ યુનિવર્સિટી દ્વારા ૨૦૧૧–૧૨ના શૈક્ષણિક વર્ષ માટે કયા–કયા કોર્ષ ચલાવવામાં આવે છે, અને | (૧) રાજ્યમાં સ્થાપવામાં આવેલ રક્ષા શક્તિ યુનિવર્સિટી દ્વારા ૨૦૧૧–૧૨ના શૈક્ષણિક વર્ષ માટે નીચે મુજબના કોર્ષ ચલાવવામાં આવે છે.<br>૧. પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપ્લોમા ઈન પોલીસ સાયન્સ.<br>૨. ડિપ્લોમા ઈન પોલીસ સાયન્સ. |
| (૨) આ યુનિવર્સિટીથી શો ફાયદો થશે? | (૨) રાજ્ય અને દેશના નાગરિકો અને યુવાનોને સુરક્ષાને લગતી શૈક્ષણિક લાયકાત મળશે. સુરક્ષાદળોમાં ભરતી થવા, આ યુનિવર્સિટીમાં અભ્યાસ કર્યો હોય તેવા યુવા ઉમેદવારોને વધુ સારી તકો ઉભી થશે, સુરક્ષાદળોને પણ પોલીસ સાયન્સનો અભ્યાસ કરેલા ઉમેદવારો મળવાની તકો વધશે. આમ આંતરિક સુરક્ષા વ્યવસ્થાને સુદ્રઢ કરવામાં પરોક્ષપણે આ યુનિવર્સિટી સહાયરૂપ બનશે. |

**જૂનાગઢ જિલ્લામાં પૂર્ણ કરાયેલ પોલીસ ખાતાનાં રહેણાંકના મકાનો**

૨૪૭૭૪ **શ્રી કાળુભાઇ ચ. રાઠોડ(ઉના): માનનીય મુખ્યમંત્રીશ્રી** (પોલીસ આવાસો) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| • (૧) જૂનાગઢ જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં પોલીસ ખાતાના કેટલા રહેણાંકના મકાનો પૂર્ણ કરવામાં આવેલ છે, અને | (૧) કુલ ૩૪૮ કામો. |
| (૨) આ કામો પાછળ કુલ કેટલી રકમનો ખર્ચ થયેલ છે? | (૨) કુલ ` ૧૯૨૨.૭૩ લાખ. |

# તાકીદની જાહેર અગત્યની બાબતપર ધ્યાન દોરવા બાબત (નિયમ – ૧૧૬)

**શ્રી અશ્વિન કોટવાલ(ખેડબ્રહ્મા) :** માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ–૧૧૬ હેઠળ તાકીદની જાહેર અગત્યની બાબત પર વન અને પર્યાવરણ મંત્રીશ્રીનું ધ્યાન દોરું છું અને તે સબંધે તેઓને નિવેદન કરવાની વિનંતી કરું છું

" તાજેતરમાં સાબરકાંઠા જિલ્લાના વિજયનગરના જંગલોમાં વાઘ અને દિપડાનો ત્રાસ તેમજ દિપડા દ્વારા એક યુવાનને મારી નાંખવાનો બનાવ બનેલ છે. ઇટાવડી ગામે આ દિપડા અને વાઘના કારણે આમ જનતામાં ફેલાયેલ ભયની લાગણી દૂર કરવા રાજય સરકારે લીધેલાં કે લેવા ધારેલાં પગલાં."

**શ્રી મંગુભાઇ છ. પટેલ (વન મંત્રીશ્રી)**: માનનીય અધ્યક્ષશ્રી, સાબરકાંઠા જિલ્લાના વિજયનગરના જંગલોમાં કે રાજયમાં કયાંય વાઘની વસ્તી નથી, પરંતુ દિપડાની વસ્તી છે. તા. ૪–૨–૨૦૧૨ના રોજ શ્રી વિક્રમભાઇ ગોગાજી લીંબાત, ઉંમર વરસ–૩૮, પોતાના ખેતરમાં પાણી વાળવા ગયા હતા અને ઘરે પરત આવતા હતા તે સમયે દિપડા દ્વારા સાબરકાંઠા જિલ્લાના ઉત્તર વન વિભાગના તાબાની વિજયનગર રેન્જના ઇટાવડી ગામે સરવે નંબર ૧૫૬/૧ ના પી.ર ના જંગલ વિસ્તારમાં હુમલો કરી મોત નિપજાવેલ છે. શ્રી સુરજભાઇ કમજીભાઇ નિનામા, રહે ઇટાવડીએ કે જેઓ રાત્રે નજીકમાં સત્સંગ માટે ગયેલ અને

રાત્રે પરત ફરતાં હતાં ત્યારે તેઓને ગાડા ચીલા ઉપર કોઇ વ્યકિત નીચે પડેલ જોવા મળેલ. જેને હાથ બેટરીથી જોતાં તે વિક્રમભાઇ ગોગાજી લીંબાત હોવાનું માલુમ પડેલ. બેટરીના પ્રકાશથી વન્યપ્રાણી સ્થળ ઉપરથી ભાગી ગયેલ . ત્યારબાદ બનાવ અંગે તેઓએ પહેલા ટેલીફોન દ્વારા મૃતકના સગા તેમજ ગામમાં જાણ કરેલ. તેઓ બધાં તાત્કાલિક સ્થળ ઉપર આવેલ. બાદમાં સવારે વન વિભાગ તથા પોલીસને જાણ કરતાં અધિકારીઓ તથા સ્ટાફ સ્થળ ઉપર પહોંચી ગયેલ. સ્થળ ઉપર શ્રી વિક્રમભાઇ ગોગાજી લીંબાત મૃત હાલતમાં જોવા મળેલ હતાં. સ્ટાફ દ્વારા સ્થળ પંચનામુ કરી પોલીસની હાજરીમાં મૃતદેહને સામૂહિક આરોગ્ય કેન્દ્ર, વિજયનગર ખાતે પોસ્ટ મોર્ટમ માટે લઇ જવામાં આવેલ. પોસ્ટમોર્ટમ બાદ સગા સબંધીઓની સંમતિથી મૃતદેહને ઇટાવડી ખાતે અગ્નિ સંસ્કાર કરવામાં આવેલ તથા મૃતકના પરિવારને રૂ. ૧.૫૦ લાખની સહાય ચૂકવવામાં આવેલ છે.

ઝીણવટપૂર્વક તપાસ કરતાં દિપડાના તથા તેના બચ્ચાના સગડ જોવા મળેલ હતા. જેને ટ્રેકીંગ કરી સ્ટાફ દ્વારા પ્લાસ્ટર ઓફ પેરીસથી પગમાર્કના નિશાનો લેવામાં આવેલ છે. આ દિપડાને પકડવા માટે બે પાંજરાઓ ગોઠવવામાં આવેલ છે તથા સ્ટાફ સ્થળ ઉપર સતત હાજર રહે છે. આ બનાવ અન્વયે તકેદારીના પગલા રૂપે આજુબાજુના ગામ લોકોને સજાગ રહેવા માટે સ્ટાફ દ્વારા સમજણ આપવામાં આવેલ છે. ત્યારબાદ આ વિસ્તારમાં દિપડો જોવા મળેલ નથી. કોઇ બીજો બનાવ બનેલ નથી. જેથી સ્થાનિક લોકોમાં ભય અને ગભરાટની સ્થિતિ રહેલ નથી.

શ્રી અશ્વિન કોટવાલ : માનનીય અધ્યક્ષશ્રી, મારે તાકીદની નોટિસ એટલા માટે આપવી પડી કે વિજયનગર તાલુકામાં મોટા પ્રમાણમાં જંગલો આવેલા છે. એમ કહેવાય છે કે આ વિજયનગરના જંગલોમાં રીંછ, દિપડા, જરખ જેવા વન્ય પ્રાણીઓની વસ્તી વધારે પ્રમાણમાં છે. વિજયનગર તાલુકાનો જંગલ વિસ્તાર હવે પાંખો થતો જાય છે. આદિવાસી વિસ્તાર અને લોકો આ જંગલ વિસ્તારની નજીક છૂટાછવાયા રહેણાંકોમાં રહીને પોતાની થોડી જમીન આવેલી છે એના ઉપર ગુજરાન ચલાવે છે. આ જંગલમાં રહેતા રીંછ, દિપડા, જંગલી ભૂંડ, ઝરખ તથા અન્ય જંગલી પ્રાણીઓની વસ્તી વધારે પ્રમાણમાં હોવાને લીધે પોતાના ખોરાકની ભૂખ અને પાણીની તરસ છીપાવવા માટે આ ગરીબ આદિવાસી લોકો વસે છે ત્યાં અવારનવાર આવી જાય છે તથા માણસોને નુકસાન પહોંચાડે છે. તાજેતરમાં ઇટાવડી ગામે એક યુવાનનું મૃત્યુ થયું છે. અને અવારનવાર અનેક માણસો ઉપર હુમલા પણ થયા છે જેમાં ઘણા માણસોએ પોતાના અંગો પણ ગુમાવ્યા છે છે જેના લીધે ત્યાંના લોકો ભયભીત હાલતમાં જીવી રહ્યા છે. આવા હુમલાઓથી ત્યાં રહેતા લોકો ડરી ગયા છે. ત્યારે મંત્રીશ્રીને પ્રશ્ન પૂછવા માગું છું અને અહીંયા માનનીય મંત્રીશ્રીએ જવાબ આપ્યો છે કે જે વિક્રમભાઇ ગોગાજી લીંબાત મૃત્યુ પામેલા છે તે સત્સંગમાં ગયા હતા, ભજન કિર્તનમાં ગયા હતા ત્યાંથી આવતા દિપડો કરડવાથી મૃત્યુ પામ્યા તેવું જણાવ્યું છે. મારે માનનીય મંત્રીશ્રીને જણાવવું છે કે રાત્રીના સમયે વીજળી હોવાથી, રાત્રે વીજળી ગામમાં મળતી હતી તેથી તેઓ રાત્રે પિયત કરવા ગયા હતા ત્યાંથી આવતા હતા ત્યારે મૃત્યુ પામ્યા છે. એટલે આપે જે જવાબ આપ્યો એ બરાબર નથી. આજે અહીંના લોકો ભયભીત બન્યા છે. જંગલ વિસ્તારમાં રહેતા લોકો ભયભીત બન્યા છે તો એના સંરક્ષણ માટે કોઇ વ્યવસ્થા કરવાના છો કે કેમ? મારો બીજો પ્રશ્ન એ છે કે આ પ્રાણીઓ ખોરાક તેમજ પાણી માટે વસ્તીમાં આવી જાય છે. તો એમના માટે ખોરાક અને પાણીની વ્યવસ્થા કરવા માગો છો કે કેમ? મારો ત્રીજો પ્રશ્ન છે કે આ કહેવાતું જંગલ થોડું પાખું થઇ ગયું છે તેથી આ જંગલ જે કપાઇ રહ્યું છે એ કપાત અટકાવવા માગે છે કે કેમ? ત્યાં ભય ફેલાયો છે, જંગલ કપાવાનું ચાલુ છે ત્યારે અદાણી જેવા ઉદ્યોગપતિને વેચી દેવા તો નથી માગતાને?

ડો. અનિલ જોષીયારા : માનનીય અધ્યક્ષશ્રી, જે વિક્રમભાઇ મૃત્યુ પામ્યા એનું મૂળ કારણ જોઇએ તો આ વીજળી ૧૫ દિવસ સુધી રાત્રે મળે છે. સાંજે છ વાગ્યાથી રાત્રીના બે વાગ્યા સુધી, બીજી પાળી રાત્રીના બે વાગ્યાથી બીજા દિવસ સુધી. એટલે રાત્રે ૧૫ દિવસ વીજળી મળતી હોવાથી ખેડૂતોને પોતાના ખેતરમાં પિયત કરવા જવું પડે છે ત્યાં આ જંગલ વિસ્તારમાં હુમલો કર્યો છે, આ એના

ઘરની જોડે જ હુમલો કરવામાં આવ્યો છે. અહીંયા એમ કહેવામાં આવે છે કે હવે કોઇ ભય નથી કારણ કે એ દેખાતો નથી, આ દિપડો ત્યાંથી જતો રહ્યો છે આ જંગલ વિસ્તાર છે બાજુમાં ઇદ્રાસ ડેમ આવેલો છે ત્યાં પાણી પીવા આવે છે. બીજા એક બનાવમાં પતિ પત્ની ભજનમાં જઇને પાછા આવતા હતા ત્યારે પરિસ્થિતિ એ થઇ કે દિપડો આવી ગયો. બન્નેને નાસવું પડ્યું અને બહેન ઝાડ ઉપર ચડી ગયા એટલે બચી ગયા, હો–હા થઇ એટલે દિપડો નાશી ગયો. ગાય, ભેંસ વગેરેને દિપડો વારેઘડીએ લઇ જાય છે અને ગામમાં તેના કારણે ભય અને ગભરાટની લાગણી થઇ છે. માનનીય મંત્રીશ્રીની વાત બિલકુલ સાચી નથી. જંગલો પાંખા થઇ ગયા છે, ભૂંડ, ડુક્કર જેવા પ્રાણીઓ ઘરની આજુબાજુમાં વસતા હોય છે. આ સરકાર દિપડાને પકડવા માગે છે કે કેમ?

શ્રી મંગુભાઇ છ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, નિવેદનમાં જે હકીકત લખી છે એ પ્રમાણે વિક્રમભાઇ જોધાજી પોતાના ખેતરમાં પાણી વાળ્યા પછી મોડી રાત્રે ઘેર આવતા હતા ત્યારે રસ્તામાં એમના ઘરની નજીકમાં જ એમનું મૃત્યુ નિપજાવેલ છે. ફોરેસ્ટના કર્મચારીઓને સમાચાર મળતાં તરત જ ત્યાં પહોંચ્યા હતા અને અત્યારે ગામની સાથે મિટિંગ કરી પાંજરાં ગોઠવવાનું આયોજન કરેલ છે અને એ પ્રમાણે ત્યાં પાંજરાં પણ ગોઠવ્યા છે, સતત કર્મચારીઓની ત્યાં હાજરી છે અને લોકોમાં ત્યાં ભય નથી અને લોકોએ એને સમર્થન આપેલ છે અને તકેદારીના પગલાં લીધાં છે અને આવા બનાવો ન બને તેના માટે વ્યવસ્થા કરવામાં આવી છે. હાલ કોઇની ભયની લાગણી નથી. વધારે પાંજરાં મૂકવાની સૂચના આપેલ છે.

# સંસદીય બાબતોના મંત્રીશ્રીનો પ્રસ્તાવ

## વિરોધપક્ષના નેતાશ્રીને સત્ર સમાપ્તિ સુધી સસ્પેન્ડ કરવા અંગે

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા (રાજય કક્ષાના સંસદીય બાબતોના મંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, તા.૨૯–૨–૧૨ના રોજ આપે વિરોધપક્ષના નેતાશ્રી શક્તિસિંહ ગોહિલ ગૃહની માફી માગે તેવો નિર્ણય કર્યો હતો. પરંતુ તેઓએ હજુ સુધી ગૃહની માફી નહીં માગી એવું જણાવ્યું હતું કે, માફી માગવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. માનનીય વિરોધપક્ષના નેતાશ્રીએ આ પ્રકારની વર્તણૂંક કરી આપે કરેલ નિર્ણયનો અનાદર એ ગૃહના અવમાન બરાબર છે. તેથી હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, માનનીય વિરોધપક્ષના નેતાશ્રી ગૃહની માફી માગે નહીં ત્યાં સુધી અથવા ચાલુ સત્રની સમાપ્તિ સુધી સભાગૃહની કાર્યવાહીમાંથી સસ્પેન્ડ કરવામાં આવે.

**શ્રી મંગુભાઇ છ. પટેલ (વન અને પર્યાવરણ મંત્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રી જે પ્રસ્તાવ લઇને આવ્યા છે તેને હું અનુમોદન આપું છું.

**અધ્યક્ષશ્રી :** માનનીય સંસદીય મંત્રીશ્રીએ વિરોધપક્ષના નેતાશ્રીને ગૃહની માફી માગે નહીં ત્યાં સુધી અથવા ચાલુ સત્રની સમાપ્તિ સુધી ગૃહની કાર્યવાહીમાંથી સસ્પેન્ડ કરવાનો જે પ્રસ્તાવ રજૂ કર્યો છે તેને હું મત માટે મૂકું છું.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**અધ્યક્ષશ્રી :** પ્રસ્તાવનો સ્વીકાર કરવામાં આવે છે અને માનનીય વિરોધપક્ષના નેતાશ્રીને ગૃહની માફી માગે નહીં ત્યાં સુધી અથવા ચાલુ સત્રની સમાપ્તિ સુધી ગૃહની કાર્યવાહીમાંથી સસ્પેન્ડ કરવામાં આવે છે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ :** માનીય અધ્યક્ષશ્રી, મને બોલવા પણ નથી દેવાનો?..

**અધ્યક્ષશ્રી :** નહીં.. નેકસ્ટ..

**વિરોધપક્ષના સભ્યો દ્વારા ચમચાગીરી બંધ કરો, લોકશાહીનું ખૂન બંધ કરો સતત સૂત્રોચ્ચાર**

**અધ્યક્ષશ્રી :** વિરોધપક્ષના નેતાશ્રીને વિનંતી કરું છું કે...

**(આ તબક્કે વિરોધપક્ષના નેતાશ્રી સભાગૃહ છોડી ગયા)**

આ તબકકે વિરોધપક્ષના સભ્યશ્રીઓ દ્વારા સતત સૂત્રોચ્ચાર લોકશાહીનું ખૂન બંધ કરો. (સતત સુત્રોચ્ચાર.) લોકશાહીનું ખૂન બંધ કરો. (સતત અંતરાય) . વિરોધ પક્ષના સભ્યશ્રીઓએ સતત પાટલી થપથપાવી.

# વિધાનસભાની સમિતિના અહેવાલની રજૂઆત

**ગુજરાત રાજય બીજ નિગમ લિમિટેડનો સન ૨૦૧૦-૧૧નો વાર્ષિક**

**શ્રી દિલીપભાઇ ન. સંઘાણી ( કૃષિ મંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રાજય બીજ નિગમ લિમિટેડનો સન ૨૦૧૦-૧૧નો વાર્ષિક અહેવાલ, હિસાબો અને ઓડિટ અહેવાલ ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા વિધાનસભાના મેજ ઉપર મૂકવાની રજા લઉ છું.

**અહેવાલ તેમજ હિસાબો સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

**ગુજરાત ખનિજ વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૧૦-૨૦૧૧નો**
**વાર્ષિક અહેવાલ**

**શ્રી સૌરભભાઇ પટેલ ( રાજયકક્ષાના ઉદ્યોગ મંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત ખનિજ વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૧૦-૨૦૧૧નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા આપની પરવાનગીથી સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉ છું.

**અહેવાલ તેમજ હિસાબો સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

**આ તબકકે વિરોધપક્ષના સભ્યશ્રીઓ દ્વારા સતત સૂત્રોચ્ચાર લોકશાહીનું ખૂન બંધ કરો. સતત સુત્રોચ્ચાર. .. .વિરોધ પક્ષના માનનીય સભ્યશ્રીઓ સતત પાટલીઓ થપથપાવતા રહયા**

**ઇન્ડીયન ઓઇલ કોર્પોરેશન લિમિટેડનો સન ૨૦૧૦-૨૦૧૧નો**
**વાર્ષિક અહેવાલ**

**શ્રી સૌરભભાઇ પટેલ ( રાજયકક્ષાના ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ મંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ઇન્ડીયન ઓઇલ કોર્પોરેશન લિમિટેડનો સન ૨૦૧૦-૧૧નો વાર્ષિક અહેવાલ, હિસાબો અને ઓડિટ અહેવાલ ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉ છું.

**અહેવાલ, હિસાબો સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

**અમદાવાદ કાપડ બજાર અને દુકાન કામદાર બોર્ડનો સન ૨૦૧૦-૨૦૧૧નો વાર્ષિક વહીવટી અહેવાલ**

**શ્રી વજુભાઇ વાળા ( શ્રમ અને રોજગાર મંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું અમદાવાદ કાપડ બજાર અને દુકાન કામદાર બોર્ડનો સન ૨૦૧૦-૧૧નો વાર્ષિક વહીવટી અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉ છું.

**અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યો.**

વિરોધ પક્ષના માનનીય સભ્યશ્રીઓ સતત પાટલીઓ થપથપાવતા રહયા. સતત સૂત્રોચ્ચાર લોકશાહીનું ખૂન બંધ કરો. સતત અંતરાય .

**ગુજરાત હાઉસીંગ બોર્ડનો સન ૨૦૧૦-૨૦૧૧નો વાર્ષિક વહીવટી અહેવાલ**

**શ્રી નીતિનભાઇ ર. પટેલ ( શહેરી વિકાસ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી,** હું ગુજરાત હાઉસીંગ બોર્ડનો સન ૨૦૧૦-૨૦૧૧નો વાર્ષિક વહીવટી અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉ છું.

**અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યો.**

**ગુજરાત આદિજાતિ વિકાસ કોર્પોરેશનનો સન ૨૦૧૦-૨૦૧૧નો**
**વાર્ષિક અહેવાલ**

**શ્રી મંગુભાઇ છ. પટેલ (આદિજાતિ કલ્યાણ વિકાસ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત આદિજાતિ વિકાસ કોર્પોરેશનનો સન ૨૦૧૦-૨૦૧૧નો** વાર્ષિક અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉ છું.

**અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યો.**
**ગુજરાત ઈન્ફ્રાસ્ટ્રકચર વિકાસ બોર્ડનો સન ૨૦૧૦-૨૦૧૧નો**
**વાર્ષિક અહેવાલ**

**શ્રી સૌરભભાઇ પટેલ ( રાજ્યકક્ષાના ઉદ્યોગ અને ખાણ મંત્રીશ્રી)ઃ** માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત ઈન્ફ્રાસ્ટ્રકચર વિકાસ બોર્ડનો સન ૨૦૧૦-૧૧નો વાર્ષિક અહેવાલ અને હિસાબો સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉ છું.

અહેવાલ અને હિસાબો સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.

**પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગની સન ૨૦૦૫ની**
**અધિસૂચના**

**શ્રી નરોત્તમભાઇ ત્રિ. પટેલ (પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ મંત્રીશ્રી):** માનનીય અધ્યક્ષશ્રી, પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગની સન ૨૦૦૫ના રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર અધિનિયમ અન્વયેની તાઃ૧-૨-૨૦૧૨ની અધિસૂચના ક્રમાંકઃ કેપી-૬-જીવીકે-એનઆરઈજીએ-૦૬-એસએફએસ-૧૭-ખ.૨ આપની અનુમતિથી સભાગૃહના સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉ છું.

**અધિસૂચના સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી.**

# પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ)

**શ્રી વજુભાઇ વાળા ( નાણામંત્રી) :** પ્રથમ હું સને ૨૦૧૧-૨૦૧૨ના વર્ષ માટેના ખર્ચના પૂરક પત્રકોમાં સમાવિષ્ટ અનુદાનો માટેની માગણીઓની ગુજરાત વિધાનસભાએ વિચારણા કરવા બાબતની નામદાર રાજ્યપાલશ્રીની સિફારીશ વાંચી સંભળાવીશ.

ભારતના બંધારણની કલમ ૨૦૩(૩) સાથે વાંચતા એની કલમ ૨૦૫ મુજબ પોતાને અપાયેલી સત્તાની રુએ ગુજરાતના રાજ્યપાલશ્રી આ સાથે સામેલ અનુસુચિમાં દર્શાવેલ અને સન ૨૦૧૧-૧૨ ના વર્ષ માટેની ગ્રાન્ટ અંગેની પૂરક માગણીઓની વિચારણા કરવા ગુજરાત વિધાનસભાને ભલામણ કરે છે.

**પૂરક માગણી ક્રમાંક : ૧૩**
**ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ**

**શ્રી વજુભાઇ વાળા ( નાણા મંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું વીજળી શક્તિ પરિયોજના સેવાને લગતી ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ. ૩,૯૪,૦૦,૦૦,૦૦૦/-ની પૂરક માગણી ક્રમાંક-૧૩ રજૂ કરું છું.

**પૂરક માગણી ક્રમાંક-૧૩ રજૂ કરવામાં આવી.**

**શ્રી ધીરસિંહ ક. બારડ :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક–૧ રજૂ કરવામાં આવી.**

**શ્રી ખુમાનસિંહ રા. ચૌહાણ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક–૨ રજૂ કરવામાં આવી.**

**પૂરક માગણી નં. ૪૩**

**ગૃહ વિભાગ**

**શ્રી વજુભાઇ વાળા ( નાણા મંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું પોલીસ સેવાને લગતી ગૃહ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ. ૭૩,૪૫,૧૪,૦૦૦/–ની પૂરક માગણી ક્રમાંક–૪૩ રજૂ કરું છું.

**પૂરક માગણી ક્રમાંક–૪૩ રજૂ કરવામાં આવી.**

**શ્રી બાવકુભાઇ ના. ઉંધાડ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૩ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક–૩ રજૂ કરવામાં આવી.**

**શ્રી અમરસિંહ રા. વસાવા :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૪ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક–૪ રજૂ કરવામાં આવી.**

**પૂરક માગણી નં. ૪૯**

**ઉદ્યોગ અને ખાણ વિભાગ**

**શ્રી વજુભાઇ વાળા ( નાણા મંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ઉદ્યોગ સેવાને લગતી ઉદ્યોગ અને ખાણ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ. ૧૦૦૦/– તથા મૂડી ખર્ચ માટેની રૂ. ૧૬,૬૧,૭૦,૦૦૦/–ની પૂરક માગણી ક્રમાંક–૪૯ રજૂ કરું છું.

**પૂરક માગણી ક્રમાંક–૪૯ રજૂ કરવામાં આવી.**

**શ્રી ઇકબાલ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૫ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક–૫ રજૂ કરવામાં આવી.**

**પૂરક માગણી નં. ૫**

**કૃષિ અને સહકાર વિભાગ**

**શ્રી વજુભાઇ વાળા ( નાણા મંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું સહકાર સેવાને લગતી કૃષિ અને સહકાર વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ. ૧,૩૩,૮૦,૦૦૦/– ની પૂરક માગણી ક્રમાંક–૫ રજૂ કરું છું.

**પૂરક માગણી ક્રમાંક–૫ રજૂ કરવામાં આવી.**

**શ્રી મોહનસિંહ છો. રાઠવા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૬ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક–૬ રજૂ કરવામાં આવી.**

**શ્રી અમિતકુમાર અ. ચાવડા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૭ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક–૭ રજૂ કરવામાં આવી.**

**શ્રી ગ્યાસુદીન હ. શેખ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૮ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક–૮ રજૂ કરવામાં આવી.**

**શ્રી મહંમદ જાવેદ અ. પીરઝાદા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૯ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક–૯ રજૂ કરવામાં આવી.**

**પૂરક માગણી નં. ૮**

**શિક્ષણ વિભાગ**

**શ્રી વજુભાઇ વાળા ( નાણા મંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું શિક્ષણ સેવાને લગતી શિક્ષણ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ. ૪,૪૦,૦૦૦/– ની પૂરક માગણી ક્રમાંક–૮ રજૂ કરું છું.

**પૂરક માગણી ક્રમાંક–૮ રજૂ કરવામાં આવી.**

**શ્રી અશ્વિન કોટવાલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૦ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક–૧૦ રજૂ કરવામાં આવી.**

**શ્રી મહેન્દ્રસિંહ શં. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૧ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક–૧૧ રજૂ કરવામાં આવી.**

**શ્રી રામસિંહ પ્ર. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૨ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક–૧૨ રજૂ કરવામાં આવી.**

**શ્રી મોહંમદ ફારૂક હુ. શેખ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૩ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક–૧૩ રજૂ કરવામાં આવી.**

**શ્રી મણીભાઇ દે. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૪ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક–૧૪ રજૂ કરવામાં આવી.**

**શ્રી અમિતકુમાર અ. ચાવડા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૫ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક–૧૫ રજૂ કરવામાં આવી.**

**શ્રી છનાભાઇ કો. ચૌધરી** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૬ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક–૧૬ રજૂ કરવામાં આવી.**

**સન ૨૦૧૧–૨૦૧૨ના વર્ષ માટેની પૂરક માગણીઓ પૈકી શુક્રવાર, તા. ૨જી માર્ચ, ૨૦૧૨ (પહેલો દિવસ)ના રોજ ચર્ચા અને મતદાન માટે લેવાનાર માગણીઓ ઉપરની કાપદરખાસ્તોની એકત્રિત યાદી.**

| અ.નં | મુખ્ય સદર અને સંદર્ભ | કાપ દરખાસ્ત | વિષય | પ્રભારી સભ્યશ્રી |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| | | | **ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ** | |
| ૧. | ૨૮૦૧–વીજળી શકિત<br>૮૦–સામાન્ય<br>૧૦૧–વિદ્યુત......સહાય<br>૦૪–ગ્રામ ..... સહાયકી<br>રકમ રૂ. ૨૪,૦૦,૦૦,૦૦૦<br>પૂરક પત્રક પા.નં. ૩૪ | ૧૦૦ | સેવાભાવી સંસ્થાઓના વારીગૃહોને સત્વરે વીજ જોડાણ આપવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ધીરસિંહભાઇ બારડ |
| ૨. | — ‘‘ — | ૧૦૦ | ગ્રામ પંચાયતોના વારીગૃહો માટે સમયસર વીજળી પૂરી પાડવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ખુમાનસિંહ ચૌહાણ |
| | | | **ગૃહ વિભાગ**<br>**માગણી નં. ૪૩** | |
| ૩. | ૨૦૫૫–પોલીસ<br>૧૦૯–જિલ્લા પોલીસ<br>૦૨–એમ.ઇ.પી–૭રાજ્ય..દળ<br>રકમ રૂ. ૭૩,૪૫,૧૪,૦૦૦<br>પૂરક પત્રક પા.નં. ૮૯ | ૧૦૦ | રાજ્ય પોલીસ અનામત દળનો બંદોબસ્ત જાળવણીમાં સમયસર અને પૂરતો ઉપયોગ કરવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી બાવકુભાઇ ઉંઘાડ |
| ૪. | — ‘‘ — | ૧૦૦ | અન્ય રાજ્યોને પૂરી પાડવામાં આવતી રાજ્ય અનામત દળની સેવા પેટે લેણી નીકળતી રકમ સત્વરે વસૂલ કરવામાં | શ્રી અમરસિંહ વસાવા |

| | | | | |
|---|---|---|---|---|
| | | | તંત્રની ઉદાસીનતા. | |
| **ઉદ્યોગ અને ખાણ વિભાગ**<br>**માગણી નં. ૪૯** | | | | |
| ૫. | ૪૮૫૨–ઉદ્યોગો<br>૮૦૦–અન્ય ખર્ચ<br>૦૧–ઓઆઇએન–૫<br>ઔદ્યોગિક..પ્રયત્નો (મહાત્મા મંદિર)<br>રકમ રૂ. ૧૬,૬૧,૭૦,૦૦૦<br>પૂરક પત્રક પા.નં. ૯૭–૯૮ | ૧૦૦ | ઔદ્યોગિક વિકાસ માટે પ્રોત્સાહિત પ્રયત્ન માટે મહાત્મા મંદિર પાછળ કરોડોના ખર્ચ થયા પછી પણ ઉદ્યોગોમાં અપેક્ષિત મૂડી રોકાણ થતું નથી તેના કારણો જાહેર કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ઇકબાલ પટેલ |
| **કૃષિ અને સહકાર વિભાગ**<br>**માગણી નં. ૫** | | | | |
| ૬. | ૨૪૨૫–સહકાર<br>૦૦૧–નિદેશ અને વહીવટ<br>૦૨–સીઓપી–૨૨ જિલ્લા કચેરીઓ<br>રકમ રૂ. ૧,૨૮,૩૦,૦૦૦પૂરક પત્રક પા.નં. ૧૩ | ૧૦૦ | જિલ્લા કચેરીઓમાં અપૂરતા સ્ટાફને કારણે આમ જનતાને પડતી હાડમારીઓ નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી મોહનસિંહ રાઠવા |
| ૭. | ૨૪૨૫–સહકાર<br>૦૦૧–નિદેશ અને વહીવટ<br>૦૨–સીઓપી–૨૨ જિલ્લા કચેરીઓ<br>રકમ રૂ. ૧,૨૮,૩૦,૦૦૦પૂરક પૂરક પત્રક પા.નં. ૧૩ | ૧૦૦ | જિલ્લા કચેરીઓમાં વહીવટી તંત્રને સંગીન બનાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી અમીતકુમાર ચાવડા |
| ૮. | — ॥ — | ૧૦૦ | જિલ્લા કચેરીઓમાં એક જ જગ્યાએ લાંબા સમયથી ફરજ બજાવતા અધિકારીઓ / કર્મચારીઓને અન્યત્ર બદલવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી ગ્યાસુદીન શેખ |
| ૯. | — ॥ — | ૧૦૦ | જિલ્લા કક્ષાએ ઓડીટ કામગીરીમાં થતો વિલંબ નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી મહંમદ જાવીદ પીરઝાદા |
| **શિક્ષણ વિભાગ**<br>**માગણી નં. ૮** | | | | |
| ૧૦. | ૨૨૫૧–સચિવાલય..... સેવાઓ<br>૦૯૦–સચિવાલય<br>રકમ રૂ. ૪,૪૦,૦૦૦<br>પૂરક પત્રક પા.નં. ૨૦. | ૧૦૦ | પ્રાથમિક શાળાઓમાં કથળતા શિક્ષણ સ્તરને સુદ્રઢ કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી અશ્વિન કોટવાલ |
| ૧૧. | — ॥ — | ૧૦૦ | શિક્ષકો પાસેથી શિક્ષણ સિવાય વધારાની કામગીરીઓ લેવાય છે જેથી બાળકોના અભ્યાસમાં નડતી સમસ્યાઓ નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી મહેન્દ્રસિંહ વાઘેલા |
| ૧૨. | — ॥ — | ૧૦૦ | શિક્ષકોની ઘટ પૂરવામાં થતો વિલંબ અટકાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી રામસિંહ પરમાર |
| ૧૩. | — ॥ — | ૧૦૦ | સરકારી માધ્યમિક, ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં શિક્ષણના કથળતા સ્તરને અટકાવવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી ફારૂક શેખ |
| ૧૪. | — ॥ — | ૧૦૦ | શિક્ષકોના પડતર પ્રશ્નોનો ઝડપથી ઉકેલ લાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી મણીભાઇ પટેલ |
| ૧૫. | — ॥ — | ૧૦૦ | ખાનગી શાળાઓ દ્વારા થતા અસહ્ય ફી વધારાને અટકાવવામાં તંત્રની | શ્રી અમિતકુમાર ચાવડા |

| | | | | |
|---|---|---|---|---|
| | | | નિષ્ફળતા. | |
| ૧૬. | — ૬ — | ૧૦૦ | શિક્ષણ વિભાગમાં એક જ જગ્યાએ લાંબા સમયથી ફરજ બજાવતા અધિકારીઓ /કર્મચારીઓને અન્ય વિભાગમાં બદલવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી શૈલેષ પરમાર |

**અધ્યક્ષશ્રી** : પૂરક માગણીઓ પર સભાગૃહમાં ચર્ચા કરવા માટે બે દિવસ ફાળવવામાં આવ્યા છે. આ ચર્ચા દરમ્યાન માનનીય સભ્યશ્રીઓએ ચર્ચાની મર્યાદાઓનો ખ્યાલ રાખવો જરૂરી છે. આ વિશે ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૨૩૪(૩) તરફ માનનીય સભ્યશ્રીઓનું હું ધ્યાન દોરીશ કે આ જોગવાઇઓ મુજબ પૂરક માગણીઓ ઉપર ચર્ચા કરતી વખતે મૂળ ગ્રાન્ટ કે તે ગ્રાન્ટને લગતી નીતિ પર ચર્ચા ન કરતાં, જે બાબતોને લગતી પૂરક માગણીઓ હોય તે બાબતો પુરતી જ ચર્ચા મર્યાદિત રાખવી જોઇએ અને નવી સેવાઓ બાબતે ધ્યાન દોરવાનું કે તે અંગેની અનુસૂચી માનનીય સભ્યશ્રીઓને પૂરી પાડવામાં આવી છે. નવી સેવાઓને લગતી માગણીઓના સંદર્ભમાં નીતિનો પ્રશ્ન ઉપસ્થિત કરી શકાય. પરંતુ આ પ્રશ્ન બાબતે જે સભાગૃહનો મત લેવાનો છે તે બાબત પુરતો મર્યાદિત રાખવો જોઇએ. માનનીય સભ્યશ્રીઓ તેમના મંતવ્યો રજૂ કરતી વખતે આ મુદા ખાસ ધ્યાનમાં રાખશે એવી હું આશા રાખું છું.

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા(પોરબંદર) :** માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી ૫૦૪૯ કરોડની લગભગ ૧૯ જેટલી પૂરક માગણીઓ લઇને આવ્યા છે. આ પૂરક માગણીઓનો હું અભ્યાસ કરતો હતો કે કયા કયા ક્ષેત્રની અંદર તેઓ પૂરક માગણીઓ લઇ આવ્યા છે. કેન્દ્રીય યોજનાઓ હેઠળ જે સહાય મળવાની છે તેના માટે પૂરક માગણીઓ ૫૦૦ કરોડ રૂપિયા ઉપરની છે પણ એ સિવાય ગુજરાત ઊર્જા વિકાસ નિગમ, મહાત્મા મંદિર, વર્તમાનપત્રોમાં જાહેરાત, ગુજરાત સાપ્તાહિક માટેની સહાય, ગ્રામ્ય રેડિયો અને દૂરદર્શન કેન્દ્ર માટે, પંચાયતી રાજ અને બીજા જે કર્મચારીઓ છે એના પગાર–ભથ્થામાં વધારો થવાના કારણે, મહેકમ ખર્ચમાં વધારો થવાના કારણે, અનેક ગ્રાન્ટ ઇન એઇડ સંસ્થાઓના કર્મચારીઓ બાબત જે હાઇકોર્ટનો ચુકાદો આવ્યો એના કારણે માનનીય મંત્રીશ્રીએ આ પૂરક માગણીઓ પત્રકમાં બતાવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, આપણે ગાંધીનગરમાં મહાત્મા મંદિર બનાવ્યું અને એ મહાત્મા મંદિરની અંદર હજુ પણ કામ પુરું થયું નથી. અકસ્માત થયો, અમુક લોકો મરી ગયા એટલી ઝડપથી કામ કરવામાં આવ્યું. માનીતી કંપનીને કામ અપાયું અને એના પછી પણ માનનીય મુખ્યમંત્રીશ્રીને એમાં વાયબ્રન્ટ મહોત્સવ કરવો હતો એના કારણે એમાં અકસ્માત થતા મજૂરો ગુજરી ગયા અને છતાં પણ હજુ એ કામ પૂરું થયું નથી એના માટે આ પૂરક માગણી લઇ આવવામાં આવી છે. માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી હમણાં વાત કરતા હતા કે અમે બીજા રાજ્યોમાં વીજળી વેચીએ છીએ અને છતાં ગુજરાત ઊર્જા વિકાસ નિગમને સહાય આપવા માટે રાજ્ય સરકારની તિજોરીમાંથી પેલા ઉદ્યોગપતિઓને મદદ કરવા માટે નાણાની જોગવાઇ કરવામાં આવેલ છે. આ નાણા મેં કહ્યું એમ જો ખેડૂતોને વીજ કનેકશનો માટે વાપરવામાં આવ્યા હોત તો જરૂરથી ખેડૂતોને વીજળી મળી શકી હોત અને એના કનેકશનોનો બેકલોગ છે એ જરૂરથી દૂર થઇ શક્યો હોત. ગુજરાત ઊર્જા વિકાસ નિગમ છે એમ કહેવાય છે કે સ્વાયત છે. પરંતુ એ વધારે ભાવ આપીને વીજળી ખરીદે અને એના કારણે એનો બોજો ગુજરાતની પ્રજા ઉપર નાંખવો અને વધારે ભાવો છે, એના જે વીજ ઉત્પાદકોને આપવો એ બાબત ચલાવી લઇ શકાય નહિ અને આજે વીજ ઉત્પાદકો એવા છે કે જે ઉત્પાદકો ઊંચા ભાવથી વીજળીના કરારો આપણી સાથે થયા હોય એ કરારો ચલાવાય અને જેને એમ લાગે કે હવે અમને બીજા રાજ્યની અંદર વીજળીના ભાવો વધારે મળે છે. એટલે આપણી સાથેના જે કરારો થયા હોય એ કરારો રદ કરાવી નાખવાના અને છતાં આવા ઉત્પાદકો સામે કોઇ પગલાં લેવાના નહીં? માનનીય મંત્રીશ્રીએ વાત કરી હમણાં કે, અમે ૨૦૦ કરોડ રૂપિયાની રાહતો આપી છે. શેની અંદર ? વીજ કર ઘટાડવા માટે. વીજ કર ઘટાડ્યો માનનીય અધ્યક્ષશ્રી ગુજરાતની અંદર તેના ૬ કરોડ લોકો માટે ૨૦૦ કરોડ રૂપિયા અને એક જ એસ્સાર કંપનીએ

પાવર ચોરી કરી હજીરા પ્લાન્ટની અંદર (અંતરાય)

શ્રી વજુભાઇ વાળા : માનનીય અધ્યક્ષશ્રી, આપે સ્પષ્ટ કહ્યું છે (અંતરાય)

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા : આ ઉર્જા વિકાસ નિગમને નુકસાન શું કરવા જાય છે એની વાત કરું છું. આપે શું કરવા માગણી લઇ આવવી પડી એની વાત કરું છું. મને ખ્યાલ છે, હું મર્યાદાની અંદર જ બોલું છું.

શ્રી વજુભાઇ વાળા : માનનીય અધ્યક્ષશ્રી, આની અંદર સ્પષ્ટ છે કે, જર્કને ૩૦૦ કરોડ આપ્યા છે (અંતરાય) ગ્રામ પંચાયતો એના માટેના છે. બીજાની માગણી નથી. ઉર્જા માટેની ૩૭૪ કરોડ રૂપિયાની જે માગણી છે અને ૨૦ કરોડ રૂપિયા છે એ ઝૂંપડપટ્ટી માટેના છે. આમાં કોઇ બીજી બાબત આવે વ જ નહીં. આપે સ્પષ્ટ કહ્યું છે કે, જનરલ ચર્ચા કરવાની નથી, આમાં જે માગણીઓ છે એના વિષે કહેવાની જ વાત થાય.

અધ્યક્ષશ્રી : અર્જુનભાઇ, આપ પૂરક માગણીઓ ઉપર જ બોલો.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા : સાહેબ, એ આવી છે જે વિભાગની એની જ વાત કરું છું. એ શું કરવા લઇ આવવી પડી?

શ્રી વજુભાઇ રૂ. વાળા : એ વિવાદની વાત ન થાય. જો વિવાદની વાત કરવી હોય તો આખા ઉર્જા વિભાગની વાત થાય. (અંતરાય) બજેટમાં હોઇ શકે પણ આપે સૂચના આપી છે, પૂરક માગણી જેના માટે છે એની જ વાત થઇ શકે. આખી જનરલ વાત ન થઇ શકે. એમાં ૨૦૦ કરોડ તો આવતા બજેટમાં મેં આપી છે. એમાં ગયા બજેટમાં પૂરકમાં છે જ નહીં. કોઇને મેં આમાં પૈસા આપ્યા નથી. કોઇ કંપનીને હું સો રૂપિયા આપું અને એ ગેરકાયદેસર હોય તો એ કહી શકે. મેં કોઇને આપ્યા નથી, મોટાભાગના મારા પગાર ચૂકવણાના જ છે.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા : માનનીય અધ્યક્ષશ્રી, વાત એ હતી કે, આ પ્રકારે ગુજરાત ઉર્જા વિકાસ નિગમને શું કરવા રાજય સરકારે એને ટેકો આપવો પડે છે ? એ જો વાજબી રીતે મોટા ગ્રાહકો, એને છૂટછાટ જોઇએ એટલી, હજ્જાર કરોડ ૧૫૦૦ કરોડ રૂપિયાની ચોરી કરો કાંઇ વાંધો નહીં અને સામાન્ય ખેડૂત કરે તો એને હાથકડીઓ બતાવવાની ? હું આપના મારફતે એ જ કહેવા જતો હતી.

માનનીય અધ્યક્ષશ્રી, બીજી જે માગણીઓ લઇને આવ્યા છે એમાં જે વર્તમાન પત્રો, ટી.વી. માધ્યમો એને વધારાનું ચૂકવણું કરવાનું થાય તેના માટે અને ગુજરાત સાપ્તાહિકને ટેકો આપવા માટે. માનનીય અધ્યક્ષશ્રી, વર્તમાન પત્રોની અંદર સામાન્ય રીતે લોક શિક્ષણની જાહેરાતો હોય એ સમજી શકાય છે અને રાજયની પ્રજા માટે આપવાનું જરૂરી છે ત્યારે હું પણ માનું છું પરંતુ બીજા રાજયોની અંદર ત્યાં ફૂલ પેઇજની મુખ્યમંત્રીશ્રીના ફોટા સાથેની જાહેરાતો આપે અને એમાં પણ ઉર્દુ પેપરોમાં તો ખાસ કે માનનીય મુખ્યમંત્રીશ્રી ગુજરાતની અંદર સદભાવનાનો કાર્યક્રમ રાખે છે. આખા હિન્દુસ્તાનનન ન્યૂઝ પેપરોમાં આપ્યું (અંતરાય)

અધ્યક્ષશ્રી : માનનીય અર્જુનભાઇ આપને વિનંતી છે (અંતરાય)

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા : સાહેબ, એના માટેની માગણી આવેલી છે, એના માટેની માગણીઓ આવેલ છે. તો માગણીઓ નહતી લઇને આવવું તમારે. સાહેબ જે બાબતમાં નાણાં ખર્ચાય છે એમાં મને રોકવામાં આવે છે. (અંતરાય) માગણીઓ આવે છે, માગણી ઉપર બોલવાનું નહી મારે ? (અંતરાય, સતત સૂત્રોચ્ચાર)

અધ્યક્ષશ્રી : પૂરક માગણીઓ ઉપર જ વાત કરો, પ્લીઝ.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા : માનનીય અધ્યક્ષશ્રી, જે માગણી લઇ આવે એના ઉપર ચર્ચા થાય જ. હું માંગણી ઉપર જ ચર્ચા કરવા માટે ઉભો થયો છું. (અંતરાય) જે માગણી મૂકાઇ છે એના ઉપર જ ચર્ચા કરું છું. (અંતરાય)

શ્રી વજુભાઇ રૂ. વાળા :(અંતરાય) આજે ઉર્જા વિભાગ છે આમાં માગણી ન આવે, ગૃહ વિભાગ છે, ઉદ્યોગ અને ખાણ વિભાગ છે, કૃષિ અને સહકાર વિભાગ છે એમાં માગણી ન આવે, શિક્ષણ વિભાગમાં ન આવે. આ જનરલ જે માગણીઓ છે કાલે ભલેને કરે, આજે નથી આવતી. (અંતરાય)

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા : માનનીય અધ્યક્ષશ્રી, મને એમ લાગે છે કે તમામ નિયમો ત્યાંથી નકકી કરવાના છો. અમારે શું બોલવું, શું ન બોલવું એના નિયમો આપે નકકી કર્યા છે એ પ્રમાણે થાય. ત્યાંથી ન થાય. (અંતરાય)

શ્રી વજુભાઇ રૂ. વાળા : ત્યાંથી નકકી નથી કર્યુ. આપે જાહેરાત કરી કે આની અંદર જે છે એના સિવાય જનરલ ચર્ચા કરવી નહીં. સાહેબ, આજે આ વિષય જ નથી. જે વિષય નથી એની ચર્ચા કેવી રીતે થાય? જે વિષય નથી (અંતરાય)

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા : આપે તો હમણાં નકકી કર્યું કે અમે ઠરાવ કરીએ એટલે બધા બહાર, ૨૦૧૨ આવવા દો પરિણામ શું આવશે એની ખબર પડશે. (અંતરાય)

શ્રી વજુભાઇ રૂ. વાળા : આજની મારી માગણીમાં જે વિષય નથી એની ચર્ચા કેવી રીતે કરાય? (અંતરાય)

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા : અમે વખાણ કરવા નથી આવ્યા અહીંયા વજુભાઇ, (અંતરાય)

અધ્યક્ષશ્રી : આપ જનરલ ચર્ચામાં આપના બધા વિષયો મુકજો અર્જુનભાઇ, એના માટે દિવસો છે આપણી પાસે.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી બીજી માગણીઓ લઇને આવ્યા છે એમાં મહેકમ ખર્ચમાં વધારો થયો એને કારણે પૂરક માગણીઓ લઇને આવવું પડયું. આપણે એક એક ઉદ્યોગપતિને ૩૩૦૦૦ કરોડ રૂપિયાનો ફાયદો કરાવીએ પણ આપણે ત્યાં સરકારી કર્મચારી તરીકે પટાવાળાની નિમણૂક કરીએ તો ૨૫૦૦ રૂપિયા, આપણે કારકુન રાખીએ તો ૩૫૦૦ રૂપિયા અને એ પણ વધારો કર્યા પછી. લઘુતમ વેતન કરતાં પણ ઓછા પગારથી આપણે કર્મચારીઓને કામ કરાવ્યું. વર્ષો નીકળી ગયા. આની પાછળ કુલ ખર્ચો જો રાજયનો ગણીએ તો એકદમ નહિંવત હતો. એકાદ ઉદ્યોગપતિને જો ૧૦ ટકા લાભ અપાતા હતા એમાં કાપ મુકીને આ કર્મચારીઓને અપાયું હોત તો એની રોજીરોટી જેટલા પૈસા એની પાસેથી નીકળી શકત. આપણે એમ કહીએ કે જે પોલીસ છે એ પોલીસોને ત્યાં કાયદો અને વ્યવસ્થા જાળવવાની છે. બાળકો ઉપાડી ન જાય એની સુરક્ષાની જવાબદારી એની છે. ગમે તેટલી ઠંડી હોય કે ગમે તેટલો તાપ હોય તો પણ ટ્રાફીકમાં ઉભા રહેવાની જવાબદારી એની છે. મુખ્યમંત્રીશ્રીના જેટલા કાર્યક્રમો થાય એમાં ત્રણ ચાર જિલ્લાની પોલીસ ત્યાં પહોંચી જાય અને સવારથી સાંજ સુધી રાહ જોઇને બેઠા હોય કે આ રોડ ઉપરથી મુખ્યમંત્રી નીકળી જાય તો અમે છૂટીએ. આપણે પૂછીએ કે ભાઇ તારો પગાર કેટલો છે તો કહે મને ૨૫૦૦ રૂપિયા આપે છે અને મહિનાનો ખર્ચ કેટલો થાય છે તો કહે ૬૦૦૦ રૂપિયા થાય. કેટલીયે રજૂઆતો કરી કોઇએ સાંભળ્યું નહીં. આભાર માનવો જોઇએ
* (xxxxx) .

# પોઇન્ટ ઓફ ઓર્ડર

## વિષય બહાર ચર્ચા કરવા અંગે

**શ્રી દિલીપભાઇ ન. સંઘાણી (સંસદીય બાબતોના મંત્રીશ્રી) :** મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે. ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૨૩૪ ના (૩) પૂરક અનુદાનની ચર્ચા માગણીમાં આવી જતી બાબતો પૂરતી જ મર્યાદિત રહેશે. અને અસલ અનુદાન કે તેની પછળની નીતિ ઉપર કોઇપણ ચર્ચા કરવા દેવામાં આવશે નહિ . કેટલો પગાર આપવો, નીતિ આ અંગે કોઇ ચર્ચા કરવા દેવામાં આવશે નહિ. આ વિધાનસભાના નિયમોના નિયમ ૨૩૪(૩) માં સ્પષ્ટપણે લખ્યું છે. મને લાગે છે કે આ પુરતી મર્યાદા સિવાય બહારની ચર્ચા થાય છે. આવી ચર્ચા કાં તો રોકવી જોઇએ અથવા રેકર્ડ ઉપરથી દૂર કરવી જોઇએ.

અધ્યક્ષશ્રી : આ બાબત સંપૂર્ણ સબજ્યુડીશ છે, એટલે સબજ્યુડીશ બાબતની ચર્ચા આપણે ન કરીએ.

---

* (xxxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવલામાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા : ચુકાદો ઓલ રેડી આવી ગયેલ છે.

શ્રી વજુભાઇ વાળા : એના માટે થશે. કોર્ટમાં અરજી આજે પેન્ડિંગ છે. આપણે જે રીતે ૨૫૦૦ કે ૩૫૦૦ આપતા હતા, પછી સુપ્રીમ કોર્ટના જજમેન્ટથી પણ વધુ પગાર આપણે આપ્યો. પછી એમણે કહ્યું કે પે, અને ગ્રેડ પે બેચ વધાર્યા પછી કુલ આપવો કે પે પ્લસ કે ગ્રેડ પે આપવો શું છે? તેના ઇન્ટરપ્રિટેશન માટે થઇને આપણે હાઇકોર્ટમાં એપ્લીકેશન કરી છે, અત્યારે આ મેટર સબજ્યુડીશ છે.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા : વાત એટલી હતી કે આપણે આપણા રાજ્યના કર્મચારીઓ પાસે રાજ્યનું કામ કરાવીએ, રાજકીય કાર્યક્રમોમાં એનો ઉપયોગ કરીએ, છતા પણ પૂરો પગાર ન આપીએ અને પછી કોઇ કોર્ટનો હુકમ આવે, એના કારણે આપવો પડે, પરંતુ આ રાજયની અંદર કર્મચારીઓ હોય, ખેડૂતો હોય, નાના લોકો હોય એણે આટલો સંઘર્ષ કરવો પડે અને ઉદ્યોગપતિઓને આમંત્રણ આપે. જાહેર સમારંભની અંદર અબજો રૂપિયા અપાઇ જાય એ ચલાવી લઇ શકાય નહિ. (અંતરાય)

શ્રી વજુભાઇ રૂ. વાળા : કર્મચારીઓને નહિ ખેડૂતોને આમ, કર્મચારીઓને નહિ ઉદ્યોગપતિઓને આમ, કર્મચારીઓને નહિ, પણ બીજાને આમ કમ્પેરિઝન તો વાઇડ છે. આ મારું પુરવણી પત્રક રજૂ કર્યુ છે તેના વિષે કાઇ કહેવું હોય તો કહે.(અંતરાય)

અધ્યક્ષશ્રી : પૂરક માગણી વિષે વાત કરવી હોય તો કરો.

શ્રી વજુભાઇ રૂ. વાળા : મેં આપ્યું છે.(અંતરાય)

અધ્યક્ષશ્રી : અર્જુનભાઇ આપનું પ્રવચન ચાલુ રાખો.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા : અને આવા ઉદ્યોગપતિઓ છે ને એ જ આ સરકારને દબાણ કરાવી અને અમારા નેતા વિરુદ્ધ ઠરાવો લઇ આવે છે. આવા લોકો જ લઇ આવે છે.

અધ્યક્ષશ્રી : અર્જુનભાઇ પ્લીઝ, આજની પૂરક માગણીમાં નથી, એવા વિષયો અંદર દાખલ ન કરીએ, પ્લીઝ.(અંતરાય) નીતિનભાઇ આપ બેઠા બેઠા કોમેન્ટ ન કરો.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા : ૨૦૧૨ માં ખબર પડશે કે ઉદ્યોગપતિઓ જીતે છે કે ગુજરાતની પ્રજા જીતે છે. ૨૦૧૨ માં ખબર પડશે. અત્યારે ઉદ્યોગપતિનો ઠરાવ કરાવો. ૨૦૧૨ આવવા દો. ખબર પડી જશે.

શ્રી વજુભાઇ રૂ. વાળા : ચાર દિવસ પછી આપણા બજેટમાં આવવાનું છે, પછી બોલી શકશો.

અધ્યક્ષશ્રી : જનરલ ચર્ચા માટે પૂરા ૪ દિવસ છે.(અંતરાય) આપના સભ્યશ્રી બોલી રહ્યા છે. બેસી જાવ. નીતિનભાઇ આપણે હવે કોમેન્ટ ન કરીએ. પ્લીઝ.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા : કોથળા ભરાવે એટલે કાઢી ન મૂકાય. ૨૦૧૨ સુધી કોથળા ભરી લેજો. કોથળા ભરી લેજો અને કાઢી મુકજો. ૨૦૧૨ આવવા દો. ઉદ્યોગપતિઓ જીતે છે કે અમે જીતીએ છીએ. ૨૦૧૨ આવવા દો. કોથળો લઇને ઉઘરાવવા નીકળી પડો છો?(અંતરાય)

અધ્યક્ષશ્રી : પ્લીઝ, આપ બેસી જાઓ. આપના સભ્યશ્રી બોલે છે. નીતિનભાઇ મહેરબાની કરીને આપ કોમેન્ટ ન કરતા. પ્લીઝ આપ બેસી જાઓ.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા : કોથળાથી ગુજરાતની પ્રજા નથી ચાલતી.

અધ્યક્ષશ્રી : ઓર્ડર ઓર્ડર પ્લીઝ.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા : કોથળાથી ગુજરાતની પ્રજા નથી ચાલતી નીતિનભાઇ. કોથળાથી ગુજરાતની પ્રજા નથી ચાલતી. તમારી સરકાર ચાલતી હશે. સાહેબ તે બોલવાનું બંધ કરે તેમ કહો. બોલવાનું બંધ કરે.

અધ્યક્ષશ્રી : ઓર્ડર ઓર્ડર પ્લીઝ. બંને પક્ષે મારી વિનંતી છે કે સભ્યશ્રીઓ અને મંત્રીશ્રીઓને પણ કે આપણે બેઠા બેઠા એકબીજાની વચ્ચે કોમેન્ટ ન કરીએ. પ્લીઝ.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા : માનનીય અધ્યક્ષશ્રી,

શ્રી બાવકુભાઇ ના. ઉંધાડ : નીરા રાડીયાની દલાલી કરે છે.

અધ્યક્ષશ્રી : બાવકુભાઇ પ્લીઝ. આત્મારામભાઇ પ્લીઝ.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા : વજુભાઇ એને તો ઠપકો આપવો જોઇએ. અહીં કહો આપ.

અધ્યક્ષશ્રી : આત્મારામભાઇ બેસી જાઓ. પ્લીઝ.

# પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ) (ક્રમશઃ)

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા** : આ જે પૂરક માગણીઓ લઇને આવ્યા છે તે રાજયના ગેરવહીવટને કારણે લઇને આવેલા છે. રાજયની જે સાચી નીતિ નહોતી તેને જુદી જુદી કોર્ટોએ ઉલટાવી, કયાંક પ્રજાનું દબાણ ઉભું થયું તેને કારણે લઇ આવવી પડી છે. એટલે રાજય સરકારની આ જે પૂરક માગણીઓ છે તેની સાથે હું સંમત થઇ શકતો નથી.

**શ્રી અનિલકુમાર ત્રિ. પટેલ(મહેસાણા) :** માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણાં મંત્રીશ્રી જે પૂરક માગણીઓ લઇને આવ્યા છે તેમાં માગણી નં.૪૯ ઉદ્યોગ વિભાગની માગણીના સંદર્ભમાં અને તેના સમર્થનમાં હું મારા વિચારો રજૂ કરીશ.

માનનીય અધ્યક્ષશ્રી, જે બે પૂરક માગણીઓ છે જેમાં એક માગણી જે કુટિર અને ગ્રામોદ્યોગ વિભાગને લગતી છે. તેમાં ૧ હજાર રૂપિયાની માગણી છે. કારણકે ૭ લાખ રૂપિયાનું કમિશ્નર કચેરી માટેનું વાહન ખરીદવા માટે નાણાંકીય જોગવાઇ ઇન્ટરનલી ઉપલબ્ધ હોવાથી ૧ હજાર રૂપિયાની ટોકન પૂરક માગણી લઇને માનનીય નાણાં મંત્રીશ્રી આવ્યા છે. બીજી માગણી છે તે મહાત્મા મંદિરના વધારાના કામ માટેની જે જરૂરિયાત છે તે જરૂરિયાત ૬૦ કરોડ રૂપિયા ઉપરની છે. પણ બીજી જોગવાઇ ઉપલબ્ધ હોવાને કારણે ૧૬ કરોડ ૬૧ લાખ ૭૦ હજાર રૂપિયાની પૂરક માગણી લઇને માનનીય નાણા મંત્રીશ્રી આ સન્નમાનનીય સભાગૃહ સમક્ષ આવ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું મહાત્મા મંદિરની જો વાત કરું તો આપણા રાજયની અંદર, જેમ દિલ્હીની અંદર વિજ્ઞાન ભવન છે બીજા કોઇ પણ મોટા કાર્યક્રમોનું આયોજન જયારે કરવું હોય ત્યારે પાંચ હજાર કરતાં વધારે ડેલીગેટસની બેઠકની સુવિધા અમદાવાદ કે ગાંધીનગરમાં ઉપલબ્ધ ન હતી ત્યારે મહાત્મા મંદિર બનાવવા માટેનું આ રાજય સરકારે વિચાર્યુ. આ સ્થળને મહાત્મા મંદિર જે નામ આપવાનું રાજય સરકારે વિચાર્યુ તે આ રાજયના સપૂત અને દેશના રાષ્ટ્રપિતાના સન્માનમાં આ નામ નકકી કરવામાં આવ્યું. આ સમગ્ર કાર્યક્રમને મંદિરનું સ્વરૂપ આપવા માટે ગામેગામથી જળકુંભ લઇને હજારો,લાખોની સંખ્યામાં ગ્રામજનો ગાંધીનગરમાં ઉમટી પડયા અને તે જળકુંભ વડે તેનું શુભ ખાતમૂર્હુત કરીને મહાત્મા મંદિરની એક સુંદર શરૂઆત કરવામાં આવી. આ મહાત્મા મંદિર વિશે હું વાત કરું છું. આ સમગ્ર મહાત્મા મંદિરના વિકાસ માટે રાજય સરકારે જે આયોજન કર્યું છે વિધાનસભાની આપણી જગ્યાથી માંડીને સમગ્ર મહાત્મા મંદિર સુધીનો જે કોરીડોર છે, જે વિસ્તાર છે એ વિસ્તારને પણ અલગ રીતે વિકસાવવા માટેનું એક કેપિટલને, રાજયની રાજધાનીને શોભે એવા પ્રકારનું આયોજન રાજય સરકારે આ મહાત્મા મંદિરના વિકાસ માટે કર્યું છે. આ દ્વારા સમગ્ર મહાત્મા મંદિરમાં જે પ્રકારના કાર્યક્રમો થાય છે એ પણ આ માનનીય સભાગૃહને જણાવું તો સમગ્ર રાજયના સરપંચો અહીંયા ભેગા થઇને એમનું સરપંચ સંમેલન થાય અને સરપંચ સંમેલનમાં જે ગ્રામ પંચાયતોએ વિશિષ્ઠ કામગીરી કરી હોય એમને ઇનામ વિતરણ આપવા વગેરેની કામગીરી પણ આ મહાત્મા મંદિરમાં થાય છે. મહિલા સશક્તિકરણના વિશિષ્ટ કાર્યક્રમો આ મહાત્મા મંદિરમાં કરવામાં આવે છે જેના કારણે સમગ્ર રાજયની મહિલાઓ એક જ સ્થળે એકઠી થઇને પોતાના સશક્તિકરણની દિશામાં એ આગળ વધી શકે છે. યુવા સંમેલન સ્વામી વિવેકાનંદજીના ૧૫૦મી જન્મજયંતિ ઉજવણી પ્રસંગે યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ આ મહાત્મા મંદિરમાં હાજર રહીને આપણા ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ ડોકટર અબ્દુલ કલામ એવાની

ઉપસ્થિતિમાં આ મહાત્મા મંદિરમાંથી પ્રેરણા મેળવવાનું કામ આ રાજયના હજારો યુવાનો આ મહાત્મા મંદિરના ઉપક્રમે કરી રહ્યા છે. આ મહાત્મા મંદિર એ ૨૦૧૧ના વાયબ્રન્ટ ગુજરાત સમિટની એ શરૂઆતની જે આપણી જગ્યા અને માનનીય અધ્યક્ષશ્રી મને કહેવા દો કે ૨૦૧૧ના વાયબ્રન્ટ ગુજરાત સમિટમાં કુલ ૨૦ લાખ કરોડના મૂડી રોકાણ સાથે ૮૩૮૦ એમઓયુ આ મહાત્મા મંદિરના આંગણમાં – પ્રાંગણમાં થયા અને એમાંથી ૪૦૫૨૧ કરોડના મૂડીરોકાણ સાથે માત્ર એક જ વર્ષના ટૂંકાગાળમાં ૧૮૮૭ પ્રોજેક્ટોમાં ઉત્પાદન શરૂ થઇ ગયેલ છે અને ૧૩૧૩ પ્રોજેક્ટમાં ૨૭૭૭૧૭ કરોડના મૂડી રોકાણ સાથે એ પ્રગતિમાં છે. આ રીતે વાયબ્રન્ટ ગુજરાત સમીટ જે મહાત્મા મંદિરમાં થઇ જેની અંદર દેશના ઉદ્યોગપતિઓ અને દુનિયાના વિવિધ દેશોમાંથી ઉદ્યોગપતિઓ આ મહાત્મા મંદિરમાં હાજર રહી અને વાયબ્રન્ટ ગુજરાત મારફતે ગુજરાતની શક્તિની પિછાણ કરી ગુજરાતમાં ઉદ્યોગો સ્થાપવા માટે એ ઉમટી પડ્યા અને એ ગુજરાતને દેશના એકમાત્ર નકશામાં નહીં પણ વિશ્વના નકશામાં એક વિકસીત અર્થકારણ અને વિકસીત અર્થતંત્ર તરીકે આ રાજયને બિરદાવવાનું કામ થયું છે અને એને લઇને અત્યારે પણ જુદા જુદા દેશોમાંથી જુદા જુદા ઔદ્યોગિક ડેલીગેશનો રાજયમાં આવી અને રાજયનું જે ઔદ્યોગિક, અર્થતંત્રનું અને ઇન્ફ્રાસ્ટ્રક્ચરના વાતાવરણને ધ્યાનમાં લઇને લાખો કરોડો રૂપિયાના મૂડીરોકાણો આપણા રાજયમાં આવી રહયા છે જેના માધ્યમ મારફતે રાજયના જે યુવાનો છે, એની બેરોજગારીની સમસ્યા શિક્ષિત અને અશિક્ષિત બેરોજગારોને નોકરી મળવા માટેની ખૂબ જ મોટી ઉમદા તકો આ વાયબ્રન્ટ ગુજરાતના માધ્યમ દ્વારા ઉભી થઇ છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું કુટિર ઉદ્યોગની જો વાત કરું તો એ વિષય પણ આ પૂરક માગણીઓમાં સમાવિષ્ટ છે ત્યારે એમાં ગરીબ યુવાનોને રોજગારી મળી શકે, બહેનોને– મહિલાઓને રોજગારી મળી શકે, એના માટે, એમની આર્થિક આવકમાં વધારો કરવા માટે આ વિભાગ દ્વારા જરૂરી સાધનો, ઓજાર સહાય યોજના પણ ચલાવવામાં આવે છે અને એમાં પાંચ હજાર રૂપિયા સુધીની રકમના સાધનો આપવામાં આવે છે, માનનીય અધ્યક્ષશ્રી, હું ૨૦૧૧–૨૦૧૨ની જ વાત કરૂં તો ૩૨.૪૫ લાખની જોગવાઇની અંદર સિત્તેર હજાર લાભાર્થીનો લક્ષ્યાંક રાખી અને આ તમામ લાભાર્થીઓને લાભ આપવામાં આવ્યો છે. બાજપાઇ બેન્કેબલ યોજના નીચે પણ આ વિભાગ દ્વારા ૨૦૧૧–૧૨માં ૪૦ કરોડ રૂપિયાની જોગવાઇથી ૩૬૦૦૦ લાભાર્થીઓને લાભ આપવામાં આવ્યો છે. આ રીતે કુટિર અને ગ્રામોદ્યોગ વિભાગ દ્વારા જે કામગીરી થઇ રહી છે એ જોતાં આ બન્ને વિભાગોની પૂરક માગણીઓ લઇને નાણાંમંત્રીશ્રી આવ્યાં છે એના સમર્થનમાં હું મારી આ રજૂઆત કરું છું.

**ડૉ. માયાબેન સુ. કોડનાની(નરોડા) :** માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણાંમંત્રીશ્રી જે પૂરક માગણીઓ લઇને આવ્યા છે એમાં માગણી ક્રમાંક –૮ જે શિક્ષણ વિભાગની લઇને આવ્યા છે એમાં મારા વિચારો વ્યક્ત કરું છું. કુલ ૭,૧૩,૯૦,૦૦૦–૦૦ ની મંજૂર જોગવાઇ સામે આઠ મહિનાના આંકડાનો સુધારેલ અંદાજ જોતાં એનું પુનઃવિલોકન કરતાં મોંઘવારી ભથ્થાંના દરની સુધારણા અને છઠ્ઠા પગારપંચના અમલીકરણના કારણે ભથ્થાંમાં જે તફાવતની રકમ આપવાની થાય છે એના કારણે આ પૂરક માંગણી માનનીય મંત્રીશ્રી લઇને આવ્યા છે. દરેક શાળાની કરોડરજ્જુ શિક્ષકો હોય છે આપણે સ્વામી વિવેકાનંદની ૧૫૦મી જન્મજયંતિ ઉજવી રહ્યા છીએ. અને એમના શબ્દોમાં કહું તો એમણે એક બ્રિટિશરને કહ્યું હતું, જ્યારે બ્રિટિશરે વિવેકાનંદના કપડાંની ટીકા કરતા કહ્યું કે ** ત્યારે વિવેકાનંદે જવાબ આપ્યો હતો કે ** " અમારી સંસ્કૃતિમાં ચરિત્રનું નિર્માણ એ માણસાઇ બતાવતું હોય છે કપડાઓ નહિ " અને આ ચરિત્ર નિર્માણ શાળામાં શિક્ષકો દ્વારા થાય છે. આવા શિક્ષકો જે નિડરતા પેદા કરી શકે વિવેકાનંદ જેવી. આ શિક્ષકો જે બાળકોમાં સ્વાભિમાનની લાગણી પેદા કરી શકે. એમના માટે આ પૂરક માગણી લાવવી પડે તો એને આપણે સૌએ બિરદાવવા જોઇએ. ચાણક્યે પણ કહ્યું છે કે – **શિક્ષક કભી સાધારણ નહિ હોતા. પ્રલય ઔર નિર્માણ દોનો ઉસકી ગોદમેં ખેલતે હૈ.** ત્યારે આ માગણી માનનીય નાણાંમંત્રીશ્રી લઇને આવ્યા છે એ આવકારદાયક છે. પ્રાથમિક શિક્ષણમાં ૨૦૧૧ સુધીમાં કુલ ૧૩૨૯૮૬ વિદ્યા સહાયકોની નિમણૂંક કરવામાં આવી છે અને એમાં ગયા વરસે એકજ વર્ષમાં ૨૧૬૨૫ શિક્ષકોની નિમણૂંક કરવામાં આવી. હમણાં માનનીય સભ્યશ્રી કહેતા હતા પણ મને જણાવતાં આનંદ થાય છે કે આ વિદ્યાસહાયકો એક લાખ બત્રીસ હજાર નિમણૂંક પામ્યા છે

એમાં ૮૫૧૮૪ વિદ્યાસહાયકોનો પૂરા પગારમાં સમાવેશ કરી લેવામાં આવ્યો છે. શાળા પ્રવેશોત્સવ હોય, ગુણોત્સવ હોય આના માધ્યમોથી બાળકોમાં શિક્ષણનું સ્તર સુધરે, શિક્ષણની ગુણવત્તા સુધરે એના પણ સંપૂર્ણ પ્રયાસ થઇ રહ્યા છે શિક્ષણ વગર જીવન અધૂરું છે એ આપણે બધા માનીએ છીએ અને આ ગુજરાત સરકાર એમાં રાજયના મુખ્યમંત્રીથી લઇને બધાજ મંત્રીશ્રીઓ, ધારાસભ્યશ્રીઓ, આઇ.એ.એસ. ઓફિસરો, ઉચ્ચ અધિકારીઓ, ધોમધખતા તાપમાં ઉનાળાની ગરમીમાં, વરસાદમાં ગામડે ગામડે જઇને ભીખ માગતા હોય કે તમારા બાળકોને શાળામાં ભણવા મોકલો. ૧૦૦ ટકા નામાંકન માટે પ્રયત્ન થતાં હોય અને લિટરસી રેટ વધારવા માટે સૌ પ્રયત્ન કરતા હોય, માત્ર નામાંકન નહિ પણ હવે મૂલ્યાંકન દ્વારા ગુણોત્સવ દ્વારા આ પ્રકાશ જ્યારે ચારેયબાજુ ફેલાઇ રહ્યો હોય ત્યારે શિક્ષણની ભૂખ ગામડે ગામડે જાગી રહી છે ત્યારે આપણે સૌએ સાથે મળીને આ શિક્ષકોને બિરદાવવા જોઇએ. કારણકે શિક્ષણ એ માત્ર અર્થ ઉપાર્જનનું સાધન નથી. શિક્ષણ એટલા માટે નથી આપવાનું કે માત્ર પૈસા કમાઇ શકે પણ સાચા અર્થમાં શિક્ષણ એ વ્યકિતત્વ નિર્માણનું એ દરેકના જીવનમાં સ્વાભિમાન પેદા કરે એના માટેનું સાધન હોવું જોઇએ. દરેક શિક્ષકદીઠ એક વર્ગ ખંડ હોવો જોઇએ આવી નેમ સાથે સરકાર કામ કરી રહી છે. મને જણાવતા આનંદ થાય છે કે આ એક લાખ બત્રીસ હજાર કરતાં પણ વધારે વિદ્યા સહાયકો જ્યારે પ્રાથમિક શિક્ષણ આપી રહ્યા છે ત્યારે ૨૦૦૧માં માત્ર એકસઠ હજાર વર્ગખંડો હતા જ્યારે ૨૦૧૧માં ૨,૪૧,૦૦૦ વર્ગખંડો નિર્માણ પામી શક્યા છે. પીવાના પાણીની સુવિધા એ ૨૦૦૧માં માત્ર ૧૦૦૦૦ શાળાઓમાં હતી આજે બધીજ શાળાઓમાં એટલે કે ૩૨૨૪૨ શાળાઓમાં પીવાના પાણીની સુવિધાઓ આપણે ઉપલબ્ધ કરાવી શક્યા છીએ. પહેલા શૌચાલયો નહોતા. અત્યારે દરેક શાળાઓમાં શૌચાલયો છે. ૨૦૦૧માં ૧૦૪૦૧ શાળાઓમાં શૌચાલયો હતા અને આજે બધી જ શાળાઓમાં શૌચાલયો બનાવી શક્યા છીએ. વીજળીકરણ દરેક શાળાઓમાં થઇ ગયું છે અને વીજળીનું બિલ પણ સરકાર દ્વારા જ ચૂકવવામાં આવે છે ત્યારે, દરેક શાળામાં કમ્પ્યુટરો પહોંચી ગયા છે ૧૭૦૦૦ કરતાં પણ વધુ શાળામાં કમ્પ્યુટરો ટેકનોલોજીના સાથે કદમ મિલાવીને ચાલવા લાગ્યા છે ત્યારે આ પૂરક માગણીને હું સમર્થન આપું છું.

## પોઇન્ટ ઓફ ઓર્ડર

શ્રી ઇકબાલ પટેલ (વાગરા) : માનનીય મંત્રીશ્રી દિલીપભાઇ સંઘાણીએ વાત કરી કે પૂરક અનુદાનની ચર્ચા સમયે જે બાબત પૂરતી માગણી હોય તે બાબત પૂરતી મર્યાદિત ચર્ચા કરી શકાય. અસલ અનુદાન અથવા તે અનુદાનો પાછળની અંતર્ગત નીતિ ઉપર કોઇ ચર્ચા કરી ન શકાય. તેમ છતાં માનનીય માયાબહેને જે રીતે ચર્ચાનો વ્યાપ વધારીને વાત કરેલી છે એ જોતાં (અંતરાય) આત્મારામભાઇ અમને કોઇ વાંધો નથી પરંતુ અમારા સભ્યો બોલે ત્યારે એમને ચર્ચા માટેનો અવકાશ આપજો માનનીય અધ્યક્ષશ્રી.

શ્રી વજુભાઇ રૂ. વાળા : માયાબહેને શિક્ષણ માટેની વાત કરી હતી અને આમાં શિક્ષણ માટેની પૂરક માગણી છે જ. વિષય છે જ કર્મચારીઓના પગાર માટેની વાત હતી અને કર્મચારીના કૅરેક્ટર માટે અને એના માટે થઇને સ્વામી વિવેકાનંદજીના ક્વૉટેશન કર્યા હતા. કોઇ ટીકાત્મક નથી પોઝીટીવ વાત કરી છે અને માગણી મુજબ જ ચર્ચા કરી છે.

અધ્યક્ષશ્રી : બન્ને પક્ષના માનનીય સભ્યશ્રીઓને વિનંતી છે કે આપ સૌ પૂરક માગણીઓ પર જ વાત કરો અને આવી વાત વારંવાર મારે રિપિટ ના કરવી પડે એનું ધ્યાન રાખો અને હવે મારે એક જાહેરાત કરવાની છેઃ

## અધ્યક્ષશ્રીની જાહેરાત

અધ્યક્ષશ્રી : ગૃહની કાર્યવાહીનું જીવંત પ્રસારણ સને ૨૦૦૧ થી સી.સી.ટીવી કેમેરા મારફત વિધાનસભાના બિલ્ડીંગમાં કરવામાં આવે છે. વિધાનસભા બિલ્ડીંગ બહાર ગૃહની કાર્યવાહીનું પ્રસારણ કોઇપણ ચેનલ દ્ધારા અધ્યક્ષશ્રીની પૂર્વ મંજૂરી વગર કરી શકાતું નથી તેમ છતાં મારા ધ્યાન પર આવ્યું છે કે કેટલીક ચેનલો દ્ધારા ગૃહની કાર્યવાહીનું રેકોર્ડીંગ કરી અને તેનું પોતાની ચેનલ પરથી પ્રસારણ મારી પૂર્વ મંજૂરી વગર અનઅધિકૃત રીતે કરવામાં આવી રહ્યું છે. જેનાથી ગૃહના વિશેષાધિકારનો ભંગ અને અવમાન થાય છે. વિધાનસભા ગૃહની કાર્યવાહીને ગૃહ બહાર કોઇપણ સ્થળે પ્રસારિત કરવા માટે અધ્યક્ષશ્રીની પૂર્વ મંજૂરી લીધા વગર આ ચેનલોએ ગૃહના વિશેષાધિકારનો ભંગ અને અવમાન કરેલ છે. હું આ ચેનલો સામે વિશેષાધિકારના ભંગ અને અવમાનની કાર્યવાહી કરીશ. જેથી સંબંધિતોને આવું અનઅધિકૃત રેકોર્ડીંગ અને પ્રસારણ તાત્કાલિક અસરથી બંધ કરવા જણાવું છું અને જો આવું પ્રસારણ ચાલુ રાખવામાં આવશે તો તેમની સામે કાયદેસર ગંભીર પગલાં ભરવામાં આવશે.

**વિરામ ૧૦-૩૦ થી ૧૧-૦૦**

**અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

## પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ) (ક્રમશઃ)

**શ્રી સિદ્ધાર્થ ચી. પટેલ(ડભોઇ) :** માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી આ સભાગૃહ સમક્ષ લગભગ ૫ હજાર ૪૯ કરોડની પૂરક માગણીઓ લઇને આવ્યાં છે. ૮૦-૮૨ હજાર કરોડનું રાજયનું બજેટ અને તેમાં ૫ હજારથી વધારે કરોડ રૂપિયાની પૂરક માગણીઓ નાણામંત્રશ્રી લઇને આવ્યાં અને લગભગ સવા છ સાડા છ ટકા જેટલી પૂરક માગણીઓની રકમ થાય છે. અને આ જે પાંચ હજાર કરોડની પૂરક માગણીઓ આવી છે તેમાં ૧૮૧૫ કરોડ રૂપિયાની માગણીઓ એક આયોજન હેઠઇળના ખર્ચની છે અને જયારે ૩૨૩૪ કરોડની માગણીઓ તે બિન આયોજન હેઠળના ખર્ચની છે. અને દસથી વધારે વિભાગ એવા છે કે જે વિભાગમાં ૧૦૦ કરોડથી વધારે રકમની પૂરક માગણીઓ લઇને આ સભાગૃહ સમક્ષ આ માગણીઓ મંજૂર કરવા માટેનો પ્રસ્તાવ લાવવામાં આવ્યો છે. હું બે-ત્રણ બાબતો આપના થકી આ સભાગૃહના ધ્યાન ઉપર મૂકવા માંગુ છું. સાહેબ, એક માગણી પોલીસ દળ માટેના વાહનોની ખરીદી માટેની છે. સવાલ એ ઉભો થાય છે તેની પશ્ચાદ્ ભૂમિકા, તેનું ઇવેલ્યુએશન કરવું પડે. કેન્દ્ર સરકારે ગુજરાત રાજયના પોલીસ દળને આધુનિકરણ કરવા માટે તેની ગ્રાન્ટ પ્રોવાઇડ કરી અને કેન્દ્ર સરકારે આ ગ્રાન્ટ આપી ત્યારે તેની અંદર સ્પષ્ટ જોગવાઇ હતી કે ટવેરા કે ઇન્ડિગો જેવા વાહનો તે પોલીસ દળના આધુનિકરણ માટે .. અંતરાય... હું બિલકુલ મારા મુદ્ધા ઉપર બોલું છું અને સમજાવવા માંગુ છું કે આ માગણીઓ જેઓ તમે લાવ્યાં છો તે શા માટે વાજબી નથી હું બિલકુલ સમજાવવા માંગુ છું.

શ્રી વજુભાઇ રૂ. વાળા : માનનીય અધ્યક્ષશ્રી, ગૃહ વિભાગની જે માગણીઓ છે પાંચ હજાર કરોડમાંથી હું આજે જે માગણીઓ લઇને આવ્યો છું તે ૪૮૫ કરોડ રૂપિયાની છે અને જે હું ગૃહ વિભાગની માગણીઓ લઇને આવ્યો છું તેની અંદર ૭૩.૪૫ કરોડ છે તેમાંથી ૨૭.૩૯ કરોડ નવી પોસ્ટ માટેના પગાર-ભથ્થાના છે અને ૪૬.૦૬ કરોડ છે તે મુખ્યત્વે પગાર ભથ્થા માટેની છે તેના માટેની જ ગૃહ વિભાગની મારી માગણીઓ છે એટલે આપે કહ્યું માગણી વિશે બોલે જનરલ ના બોલે એટલા માટે હું આપને વિનંતી કરું છું.

શ્રી સિદ્ધાર્થ ચી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, જે માગણી છે તેમાં પગાર ભથ્થા, છઠ્ઠા પગાર પંચના કારણે વધારે થતી જોગવાઇઓ અને વાહનોની ખરીદી માટેની માગણીઓ છે. માગણીની વિગતમાં મેં આ પુસ્તક વાંચ્યુ છે અને હું વાંચીને આ જોગવાઇના જે ક્રાઇટેરિયા છે તેના સંદર્ભમાં વાત કરી રહ્યો છું

શ્રી વજુભાઇ રૂ. વાળા : માનનીય અધ્યક્ષશ્રી, એક હેડની અંદર ચાર વસ્તુ હોય પણ આજે જે માગણી છે નવો પગાર અને જૂનો પગાર તેની અંદર વધારાની વાત છે.

શ્રી સિદ્ધાર્થ ચી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, વાસ્તવિકતા એ છે કે, કેન્દ્ર સરકારની સ્પષ્ટ સૂચના છતાં પણ રાજય સરકાર દ્વારા પપ જેટલી ટવેરા ગાડીઓ ખરીદવામાં આવી તે ગાડીઓ પોલીસ દળના આધુનિકરણ માટે બિન ઉપયોગી સાબિત થઇ અને પરિણામ એ આવ્યું કે આજે આપણે નવી ગાડીઓ ખરીદવાની જરૂર પડી રહી છે. માનનીય અમીનભાઇ વાત કરતા હતા અને આ પૂરક માગણીઓની અંદર ૧૬ કરોડ ૬૧ લાખ રૂપિયા તે મહાત્મા મંદિરના વિકાસ માટેની જોગવાઇ આમાં કરવામાં આવી છે. અને
માનનીય અનિલભાઇએ મહાત્માજીના વિચારો અને એના સંદર્ભમાં પણ ઘણા ઉલ્લેખ કરીને વાત કરી અને એમના ચોકકસ શબ્દો કે રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીની સ્મૃતિમાં આ મંદિરને નામ આપવામાં આવ્યું છે. માનનીય અધ્યક્ષશ્રી, મહાત્માજીની લાગણી તો દિલમાં હોવી જોઇએ. એની વિચારધારાનો અમલ થવો જોઇએ. મહાત્માજીની વિચારધારા કઇ? મહાત્માજી તો થર્ડ કલાસમાં મુસાફરી કરતા હતા. દેશની પરિસ્થિતિને જોઇને ઉપવસ્ત્રનો પણ એમણે ત્યાગ કરી દીધો હતો. આપણે કઇ વિચારધારામાં ચાલીએ? પ્રાઇવેટ જેટ સિવાય અહીંયા ફરતા નથી. ડિઝાઇનર સિવાયના કપડા પહેરતા નથી. એમ છતાંયે મહાત્મા ગાંધીના નામે વાત કરવાની? માનનીય અધ્યક્ષશ્રી, • (xxxx)

# પોઇન્ટ ઓફ ઓર્ડર

## વિષય સિવાયની ચર્ચા કરવા અંગે

**શ્રી દિલીપભાઇ ન. સંઘાણી ( વૈધાનિક અને સંસદીય બાબતોના મંત્રી) :** આપે સૂચના આપી છે એ સૂચનાનું વારંવાર ઉલ્લંઘન થાય છે. તેઓ કઇ ડિઝાઇનના કપડા પહેરે છે, કેવી દાઢી રાખે છે, નકલ કરે છે, આ બધી વાતો આ કાર્યવાહીથી અલિપ્ત છે. એમણે જે વાતો કરી તેમાં માગણીઓ સંબંધમાં સુસંગત વાત ના હોય એ તપાસીને રેકર્ડ પરથી દૂર થવી જોઇએ.

**અધ્યક્ષશ્રી :** અગાઉ આ શબ્દો અસંસદીય શબ્દોની યાદીમાં પણ જાહેર થઇ ચૂકયા છે. એટલે એ શબ્દોને રેકર્ડ પરથી દૂર કરીએ છીએ.

**શ્રી સિદ્ધાર્થ ચી. પટેલ :** વાયબ્રન્ટ ગુજરાતમાં મહાત્મા ગાંધી મંદિરમાં થયેલા એમ.ઓ.યુ. સંબંધમાં પણ અનિલભાઇએ ઉલ્લેખ કર્યો. મારે આ સભાગૃહનું ઘ્યાન દોરવું છે. હમણા આર.ટી.આઇ.માં આ જ સરકાર પાસેથી જે વિગતો મળી. ૩૯ લાખ કરોડ રૂપિયાના એમ.ઓ.યુ. અત્યાર સુધીના વાયબ્રન્ટ સમ્મિટમાં થયા અને ઇમ્પ્લીમેન્ટેશન રેઇટ શું ? માત્ર ૬ ટકા. એમ છતાંયે પછી આપણે આ એમ.ઓ.યુ. અને એના નામે ગુજરાતની પ્રજાને ગેરમાર્ગે દોરવાનો પ્રયત્ન કરીએ.

**શ્રી વજુભાઇ વાળા ( નાણામંત્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, મહાત્મા ગાંધી મંદિર છે એની અંદર જે કાર્યવાહી થાય એ કાર્યવાહી યોગ્ય છે કે કેમ એના માટે આ વાત નથી. મેં આ જે પૈસા મૂકયા છે એ મંદિરના કન્સ્ટ્રકશન માટે મૂકયા છે. એના માટે કહી શકે યા તો. ત્યાં તો અનેક કોન્ફરન્સ થાય, એની વાત અને એમાં શું પરિણામ આવ્યું એની ચર્ચા અહીંયા ના થાય.

**અધ્યક્ષશ્રી :** આપ પૂરક માગણી પૂરતી વાત કરો.

• (xxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

શ્રી સિદ્ધાર્થ ચી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય અનિલભાઇ પ્રવચન કરી રહ્યાં હતા ત્યારે એમ.ઓ.યુ.ની સંખ્યા સાથે એમણે ઉલ્લેખ કર્યો. એમણે ઉલ્લેખ કર્યો ત્યારે માનનીય નાણામંત્રીને કંઇ કહેવાનું નહોતું. વિરોધપક્ષ વાસ્તવિકતા રજૂ કરે ત્યારે એમને રોકવાના?

શ્રી અનિલકુમાર ત્રિ. પટેલ :માનનીય વિપક્ષના નેતાશ્રી જે વાત કરે છે મારા નામના સંદર્ભમાં એમાં મારે એટલું જ કહેવાનું છે કે મહાત્મા મંદિરમાં માત્ર એક વાયબ્રન્ટ સમિટ થઇ હતી. ૨૦૧૧માં જે સમિટ થઇ હતી તેના આંકડા જ મેં આ સન્માનનીય સભાગૃહ સમક્ષ આપ્યા છે. માનનીય સભ્યશ્રી ગુજરાતની પાંચ સમિટના આંકડા ભેગા કરી અને મારી જે રજૂઆત હતી એના સંદર્ભમાં વાત કરે છે.

અધ્યક્ષશ્રી : માનનીય સિદ્ધાર્થભાઇ, આપનો સમય ના બગાડો. (અંતરાય) હું રેકર્ડ જોઇ લઇશ.

શ્રી સિદ્ધાર્થ ચી. પટેલ : પાંચ આંકડા ભેગા કરીને હું સરકારને છઠ્ઠાની પણ ક્રેડિટ આપું છું. છેલ્લી સમ્મિટના આંકડા કહીશ તો અમલીકરણ રેઇટ ઝીરો આવી જશે.

અધ્યક્ષશ્રી : અનિલભાઇ, આપ બેસો. હું રેકર્ડ જોઇ લઇશ.

## પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ) (ક્રમશઃ)

**શ્રી સિદ્ધાર્થ ચી. પટેલ** : મહાત્મા મંદિરના નિર્માણ માટે ૪૭ કરોડ રૂપિયાની જોગવાઇ ઓલ રેડી અગાઉ કરી દેવામાં આવી હતી. એ જોગવાઇ ઉપરાંત વધારાની ૧૬ કરોડ રૂપિયાની જોગવાઇ સરકારે આ વખતે કરી છે. ઉદ્દેશ વાયબ્રન્ટ સમિટ હોય કે બીજા ઉત્સવો કરવાનો હોય, પણ આ વાયબ્રન્ટ સમિટ, જેમાં પરિણામ પ્રમાણમાં ખૂબ ઓછું મળ્યું છે. બીજા ઉત્સવો જેની પાછળ વ્યર્થ ખર્ચ કરવામાં આવે. આ ૪૭ કરોડ ખર્ચાયા પછી ગુજરાતના લોકોની મહેનત અને પરસેવાની કમાણીના બીજા ૧૬ કરોડ રૂપિયા વેડફવામાં આવી રહ્યા છે ત્યારે દુઃખ સાથે આ સરકારને પૂછવા માગું છું કે શા માટે પ્રજાના પૈસાનો આવો દુર્વ્યય ? ૩૯ કરોડ રૂપિયા ખર્ચીને ફિલ્મ બનાવવા માટે.....

શ્રી વજુભાઇ વાળા : માનનીય અધ્યક્ષશ્રી, આમાં ફિલ્મની કોઇ વાત નથી. એમને જનરલ ચર્ચા કરવાની હોય તો જ દિવસની ચર્ચા આવવાની જ છે. આજે પૂરક માગણી પર ચર્ચા ચાલી રહી છે.

શ્રી સિદ્ધાર્થ ચી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, પૂરક માગણીઓની દરખાસ્ત માનનીય નાણા મંત્રીશ્રી લઇને આવ્યા છે તે પૂરક માગણીઓની દરખાસ્ત સ્વીકારી શકાય એવી નથી. અને હું અને મારા પક્ષ તરફથી અમે તેનો વિરોધ કરીએ છીએ.

**શ્રી આત્મારામ મ. પરમાર(ગઢડા) :** માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણા મંત્રીશ્રી આ સભાગૃહ સમક્ષ જે પૂરક માગણી લઇને આવ્યા છે ત્યારે મહેસૂલી સદરની જે મૂળ જોગવાઇ છે તેની સામે આયોજન બહાર મહેસૂલી સદરે જે ખર્ચ થયો છે વધારાનો તેની જરૂરિયાત માટે તેમજ આયોજન હેઠળ જે ખર્ચ થયો છે તેની કુલ રકમ મળીને ૪૩ કરોડ ૪૫ લાખની રકમની પૂરક માગણી લઇને આવ્યા છે એમાં મારો સૂર પૂરાવું છું. એમની આ જે પણ માગણીઓ છે આયોજન બહાર અને મત પાત્ર માગણીઓ છે તે માગણીઓ ઉપર હું મારા વિચારો વ્યકત કરું છું.

આ જે વધારાનો ખર્ચ થયો છે એમાં પહેલી અસર જે થાય છે તે મોંઘવારી ભથ્થાના દરમાં થયેલ વધારાની છે. આ દેશમાં મોંઘવારી જેને કાબૂમાં રાખવાની જવાબદારી છે એ *(xxxx)
અને તેને કારણે....

અધ્યક્ષશ્રી : કેન્દ્ર સરકારની ટીકાના જે શબ્દો છે તે હું રેકોર્ડ પરથી દૂર કરું છું.

શ્રી આત્મારામ મ. પરમાર : એટલા પૂરતા શબ્દો હું પાછા ખેંચી લઉં છું એમાં મને વાંધો નથી.

* (xxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી, બેસો, એમણે શબ્દો પાછા ખેંચી લીધા છે.

શ્રી આત્મારામ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, મારી જે વાત છે એમાં આ મોંઘવારીમાં થયેલ વધારો અને તે વધારાના પરિણામે (અંતરાય) આમાં બીજો કોઇ શબ્દ આ પૂરક માગણીની બહારનો આવશે નહીં અમારા માટે તો આને કઇ રીતે લોકો સમક્ષ મુકવું તે વિષય પણ અમારી પાસે છે. હું ફકત અને ફકત માનનીય નાણા મંત્રીશ્રીએ જે પૂરક માગણીઓ રજૂ કરી છે તે અંગે જ મારા વિચારો વ્યકત કરું છું. અને એટલા માટે કહું છું. એમાં અમારે આ વધારાની રકમો ખર્ચવી પડે છે એમાં રોકડ ભથ્થાંના દરમાં થયેલો વધારો, ભથ્થાં વગેરેના ખર્ચમાં થયેલો વધારો, છઠ્ઠું પગાર પંચ આવ્યું એના લીધે પગાર ધોરણમાં સુધારો થયો છે. એ જ રીતે પેટ્રોલ વગેરેના ભાવમાં વધારો થવાથી આખા દેશમાં જે પેટ્રોલ અને ડીઝલમાં ભાવ વધારો થયો છે એના અસરને પરિણામે અહીંયા વધારાની રકમ ખર્ચવી પડે છે.

મારે બીજી વાત કરવી છે પોલીસ બેડામાં વધારાની ભરતી કરવામાં આવી છે (અંતરાય) જે ભાવ વધારો થયો એની વાત પણ નહિ કરવાની ? મારે કયા વિષય ઉપર બોલવાનું આમાં સ્પષ્ટ લખ્યું છે. (અંતરાય) હું વિષય બહાર જતો નથી, ગુજરાતમાં આ બધા સનિષ્ઠ પ્રયત્નોને લીધે આ સરકાર ગુજરાતની સલામતી માટે ચિંતિત છે. દેશ આખામાં મારે જે વાત કરવી છે દેશ આખામાં ગુનાખોરીનો સૌથી ઓછામાં ઓછો ક્રાઇમ રેઇટ ગુજરાતમાં છે.

# પોઇન્ટ ઓફ ઓર્ડર

## પૂરક માગણીના સંદર્ભમાં બોલવા અંગે

શ્રી ઇકબાલ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે. ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૨૩૪ હેઠળ પૂરક માગણીના સંદર્ભમાં ગૃહના સિનિયર ધારાસભ્યશ્રી આત્મારામભાઇ જે રીતે વાત કરી રહ્યા છે એમાં ૨૩૪ના સેકશન ત્રણમાં પૂરક અનુદાનની ચર્ચા તે અનુદાનમાં આવી જતી બાબતો પૂરતી મર્યાદિત રહેશે અને અસલ અનુદાનો તથા તે અનુદાનો પાછળની અંતર્ગત નીતિ ઉપર કોઇપણ ચર્ચા કરવા દેવામાં આવશે નહિ. ગૃહનું કામકાજ જે રીતે વિરોધપક્ષ અમે સભ્યો રજૂ કરીએ છીએ, અમને પાઇન્ટ ઓફ ઓર્ડર ઉપર વાત કરવા દેવામાં આવતી નથી. ટ્રેઝરી બેંચે ગૃહને બાનમાં લીધેલું છે. અમારા અધિકારો ઉપર તરાપ મારે છે, માનનીય અધ્યક્ષરશ્રીની ખુરશીનું અવમાન થઇ રહેલ છે. It is an insult of the Speaker Chair. આ ન ચલાવી લેવાય. એના ઉપર ચર્ચા ન કરવા દે એ કેવી રીતે ચલાવી લેવાય, અમારી માગણીઓ છે, પેટ્રોલ અને ડીઝલના ભાવ એના ઉપર વેટ , રાજયમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ, માનનીય વજુભાઇ વાળા સાહેબે સરસ વાત કરેલી જે માગણીઓ હોય એના ઉપર તમે વાત કરો. મારે મંત્રીશ્રીને વિનંતી છે કે આ તો ટ્રેઝરી બેંચને અમલ કરાવવાની જરૂર છે. અહીંયા કયાં લો એન્ડ ઓર્ડર આવ્યો, પેટ્રોલ અને ડીઝલની વાત કયાં આવે, ત્રાજવા બે ના હોય , ત્રાજવા એકજ હોય. અહીંયા જો કોઇ ઉલ્લંઘ કરે તો રોકવામાં આવે છે. જયારે ટ્રેઝરી બેન્ચના સિનિયર સભ્યશ્રીઓ બોલે એને અટકાવવામાં આવતા નથી. એને ગમે તે બોલવાની છૂટ આપવામાં આવે, અમારો પોઇન્ટ ઓફ ઓર્ડર સાંભળવામાં ન આવે, આ વાત યોગ્ય નથી.તેથી અમારી આપને વિનંતી છે કે આપ બંને પક્ષે ન્યાયપૂર્ણ નિર્ણય લો એ રીત લાગુ પડે.

શ્રી દિલીપભાઇ સંઘાણી : માનનીય અધ્યક્ષશ્રી, વિરોધપક્ષના દંડક તરફથી નિયમોના નિયમ ૨૩૪ ઉપર પોઇન્ટ ઓફ ઓર્ડર ઉઠાવવામાં આવ્યો છે એને હું સમર્થન કરુ છું. હાઉસમાં અધ્યક્ષશ્રીએ લીધેલા નિર્ણય ઉપર પૂરુ માન જાળવવું જોઇએ. આપ એવા વિસ્તારમાંથી સુશિક્ષિત, સિનિયર, આપે અગાઉ વિધાનસભામાં સભ્ય તરીકે કામ કર્યુ છે આજે અધ્યક્ષ તરીકે કામ કરી રહ્યા છો, અને નિયમોનું ચૂસ્ત પાલન કરાવી રહ્યા છો ત્યારે અધ્યક્ષે લીધેલા નિર્ણયોનું અવમાન ન થાય. એ જોવાની જવાબદારી હાઉસના તમામ સભ્યશ્રીઓની છે. આપે એક વખત નહીં અનેક વખત સૂચનાઓ

આપવી પડી છે. એટલે માનનીય સૌ સભ્યશ્રીઓ નિયમોનું પાલન કરે. કોણે પાલન નથી કર્યું અને સત્તાધારી પક્ષે ત્રણ ત્રણ દિવસ સુધી રાહ જોયા પછી અધ્યક્ષશ્રીના નિર્ણયનું પાલન કરાવવા માટે અહીંથી પ્રસ્તાવ લાવવો પડયો છે. એ સ્થિતિનું નિર્માણ ન સર્જાય..(અંતરાય)

અધ્યક્ષશ્રી : પ્લીઝ, આપ બેસી જાઓ. શ્રી ઇકબાલભાઇ પટેલે પોઇન્ટ ઓફ ઓર્ડર ઉભો કર્યો છે અને એનું સમર્થન પણ શ્રી દિલીપભાઇએ કર્યું છે. ગૃહ ચલાવવાની જવાબદારી બન્ને પક્ષના સભ્યશ્રીઓની પણ છે. પૂરક માગણીઓ ઉપર જ્યારે ચર્ચા શરૂ થઇ ત્યારે મેં જાહેરાતના ભાગરૂપે તમામ ચર્ચાઓ કરી છે કે આપણે કેટલીક મર્યાદામાં રહીને ચર્ચા કરવી અને જ્યારે જ્યારે વિપક્ષ હોય કે શાસકપક્ષ હોય, કોઇપણ સભ્યએ કોમેન્ટ કરવાનો પ્રયત્ન કર્યો છે અથવા તો અન્ય ભાવાર્થે કહેવાયું છે ત્યારે મેં એમને અટકાવવાનો પ્રયત્ન કર્યો છે. હજુ પણ બન્ને પક્ષના સભ્યોને વિનંતી કરવાની કે, આ ગૃહનું સંચાલન કરવામાં સહકાર આપો.. માનનીય આત્મારામભાઇ..

શ્રી પરેશભાઇ ગો. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, આપના મંત્રીશ્રીએ અહીંયાં વાત કરી કે, કોણે અવમાન કર્યું છે કે નથી કર્યું. આપ પણ ગૃહના અધ્યક્ષ છો અને મને તો આનંદ છે, અધ્યક્ષ તરીકે અમારા સમાજમાંથી આવો છો અને આદિવાસી સમાજમાંથી આવો છો, વસાવા સમાજમાંથી આવો છો, એમનું કહેવાનું એમ હતું કે, ગૃહના અધ્યક્ષશ્રીનું માન ન જાળવવાથી એમને ગૃહની બહાર મોકલવામાં આવ્યા છે. આપશ્રી ઉપર અમારો કોઇ આક્ષેપ નથી અને હજુય કહું છું કે, સરકાર પોતે પોતાનો ઠરાવ લાવીને મંત્રીશ્રીએ એને ટેકો આપ્યો અને સરકારે અમારા નેતાને બહાર કાઢ્યા છે અધ્યક્ષશ્રીએ નથી કાઢ્યા...

અધ્યક્ષશ્રી : રુલીંગ થઇ ગયું છે, એના ઉપર આપણે ચર્ચા કરી શકતા નથી, અધ્યક્ષશ્રીના નિર્ણય ઉપર ચર્ચા ન થઇ શકે.

શ્રી પરેશભાઇ ગો. વસાવા : સરકારશ્રીએ અમારા નેતાને કાઢ્યા છે..(અંતરાય)

અધ્યક્ષશ્રી : અધ્યક્ષશ્રીના નિર્ણય ઉપર ચર્ચા ન થઇ શકે.

શ્રી દિલીપભાઇ ન. સંઘાણી : અધ્યક્ષશ્રીના નિર્ણય પછી મેં શ્રી ઇકબાલભાઇએ નિયમોના નિયમ–૨૩૪ ઉપર ઉઠાવેલ મુદ્દા ઉપર સમર્થન આપ્યુ અને આ સમર્થનમાં પક્ષ કે પ્રતિ પક્ષનું ચાલતું હતું ત્યારે એટલો જ મેં ઉલ્લેખ કર્યો કે આ કોઇ આરોપ નથી, સરકાર ઉપર કોઇ આરોપ નથી. અધ્યક્ષશ્રીનું માન કયારે જળવાય જ્યારે અધ્યક્ષશ્રીના નિયમોનું હાઉસ પાલન કરે ત્યારે. ૩–૩ દિવસ સુધી પાલન ન થયું ત્યારે ટ્રેઝરી બેંચને ફરજ પડી. અધ્યક્ષશ્રીનું માન જળવાય તે માટે. આદિવાસી વિસ્તારમાંથી આવે છે એટલે માન નથી જાળવવાનું એવી માનસિકતા નહીં ચલાવી લઇએ. અધ્યક્ષશ્રીનું અવમાન થાય એ ગૃહની ગરીમાનું અવમાન છે, એ સ્થિતિનું નિર્માણ થયું છે. એટલે ફરીથી આ સ્થિતિનું નિર્માણ ન થાય એ માટે આ પ્રસ્તાવ લાવવો પડ્યો છે. એટલે માન–મર્યાદા જાળવીએ એટલી મારી વિનંતી છે.

અધ્યક્ષશ્રી : શ્રી આત્મારામભાઇ આપનો સમય પૂરો થઇ ગયો છે.. શ્રી રાકેશભાઇ શાહ..

## પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ) (ક્રમશઃ)

**શ્રી રાકેશ જ. શાહ(એલિસબ્રિજ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પૂરક માગણીઓ લઇને આવ્યા છે એમાં મારો મત વ્યકત કરું છું. ગુજરાતનો વિકાસ આજે દેશ માટે દિશાસૂચક બની રહ્યો છે અને તેને સાર્થક કરવા આદરણીય નરેન્દ્રભાઇ મોદીએ વિકાસ માટેની પંચામૃત શકિતઓ છે એમાં ઉર્જા શકિતને આગવું મહત્વ આપ્યું છે. હું એ જ ઉર્જાશકિતની પૂરક માગણીઓ લઇને માનનીય મંત્રીશ્રી આવ્યા છે એની ચર્ચામાં મારો સૂર પૂરાવુ છું. છેલ્લા દસ વર્ષમાં ગુજરાતમાં એક સબળ નેતૃત્વ હેઠળ ઉર્જા ક્ષેત્રે રાજયએ અનેક સિદ્ધિઓ હાંસલ કરી છે. સાથેસાથે ગ્રાહકલક્ષી સેવાઓમાં પણ ગુજરાત અવ્વલ નંબર–વન રહયું છે. .. સતત અંતરાય .. આ ઉર્જાક્ષેત્રની તમને સમજ નહીં પડે. આ પાવરવાળી વસ્તુ છે પાવર જોઇએ આમાં. આ બાજુ ઘ્યાન રાખજો .. .. સતત અંતરાય .. આજે સવારથી જ આ ઉર્જા વિભાગની ખૂબ જ ગંભીર રીતે ચર્ચા થાય છે (સતત અંતરાય ) માનનીય મંત્રીશ્રીએ પૂરક માગણી માટેના ગુજરાત સરકાર દ્વારા રાજયના ગામડાઓ અને શહેરો તથા નગરોના પરાઓને ગરીબ કુટૂંબો માટે સીંગલ પોઇન્ટ વપરાશના વીજ જોડાણ

માટે અને ઝુંપડપટ્ટીની યોજના અમલીકરણ બનાવવા માટે જેમની વાર્ષિક આવક ૧૧હજાર રુપીયાથી ઓછી છે એવા કુટૂંબો માટેની આ યોજના અને એના માટેની એક પૂરક માગણી લઇને માનનીય મંત્રીશ્રી આપની સમક્ષ લઇને આવ્યા છે. આજે સવારે પણ માનનીય મંત્રીશ્રીએ કીધું હતું કે જે રીતે ગુજરાત રાજયે ઉર્જાક્ષેત્રે સિદ્ધિઓ હાંસલ કરી છે ૧-૧-૨૦૧૨ની સ્થિતિએ ૧૩૯૧૪ મેગાવોટની વીજ સ્થાપિત ક્ષમતામાં એક જ વર્ષમાં ૩૩ ટકા, ૧/૩નો આશરે વધારો કરી ..

## પોઇન્ટ ઓફ ઓર્ડર

શ્રી સિદ્ધાર્થ ચી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી દ્વારા વીજ ક્ષમતા અને વર્ષ દરમ્યાન થયેલા વધારાને લઇ છેલ્લા ૧૦ વર્ષની રાજયની પ્રગતિનો ઉલ્લેખ પૂરક માગણીઓમાં થઇ રહયો છે. અમારા પક્ષના સભ્યો બોલે તે વખતે એમને અટકાવવામાં આવી રહયા છે. માનનીય અધ્યક્ષશ્રી, અમે તમારું રક્ષણ માગીએ છીએ.

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી આપ માગણી ઉપર જ વાત કરો.

શ્રી રાકેશ જ. શાહ : જો મારી વાત સભ્યશ્રીઓ સાંભળશેને અને જો એ સમજશે તો હું પૂરક માગણીઓ પર જ ચર્ચા કરુ છું. હું જયારે બોલુ છું ત્યારે અંદર અવાજ કરે છે અને હું શું બોલું છું એ સમજતા નથી. ઉર્જા ક્ષેત્રની બહાર હું ગયો નથી. હું ઝૂંપડપટ્ટી અમલીકરણની યોજના માનનીય મંત્રીશ્રી લઇને આવ્યા છે જેના માટે ૨૦ કરોડ એમણે ફાળવ્યા છે એના પર હું ચર્ચા કરુ છું. ઝુંપડપટ્ટી વિસ્તારની ચર્ચા કરું છું.

અધ્યક્ષશ્રી : આપની પાસે સમય નથી. આપ એ બાજુ ધ્યાન ના આપો. મારી બાજુ જોઇને વાત કરો.

શ્રી રાકેશ જ. શાહ : હું એમની માનસિકતા બતાવવા માગુ છું કે જો એ ઝુંપડપટ્ટી યોજનાઓની વાત કરતા હોય છે. હું ઝુંપડાવાસીઓની વાત કરુ છું. ત્યારે આ ગૃહના સભ્યો મારી વિરોધમાં આવે છે. આખી ઉર્જાને સમજવામાં ઘણી વાર લાગે એવું છે એટલે જ મેં કીધું હતું કે હજુ થોડીક તમને વાર લાગશે. ગઇ કાલે પણ આ સન્માનનીય સભાગૃહમાં ચર્ચા થઇ હતી કે વર્તમાન સમયમાં એક ગ્લોબલ વોર્મીંગને કારણે વિશ્વને ચિંતા થઇ છે ત્યારે આ ગૃહના માનનીય નેતા અને માનનીય મુખ્યમંત્રીશ્રી જે બિનપરંપરાગત ઉર્જાઓ છે, શૈર ઉર્જા, આ ગાંધીનગર શહેર પણ સૌર ઉર્જાથી પ્રચલિત થઇ જવાનું છે. આપણે જાણીએ છીએ કે પાટણ પાસે આવેલું રાંચરકા પણ સોલર સીટીનું એક મોટું હબ બની રહયું છે ત્યારે આવનારા દિવસોમાં એક પ્રાયોગિક ધોરણે તેના અભ્યાસ માટે સંશોધનનું આયોજન પણ કરવામાં આવ્યું છે. (અંતરાય) હું જે બોલું છું એ સમજવા માટે તમારા જ આકડા આપુ છું મિત્રો, કે વીજ ક્ષેત્રે નોંધપાત્ર સિદ્ધિઓ માટે રાજય સરકારશ્રીને તથા વીજ વીતરણ કંપનીઓને કેન્દ્ર સરકાર તથા અન્ય ખાનગી સંસ્થાઓ પાસેથી રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય ૩૬થી વધારે એવોર્ડો પ્રાપ્ત થયા છે. આ શું બતાવે છે ગુજરાતની ઉર્જાશકિતમાં કેટલું પ્રાપ્ત કર્યુ છે. પૂરક માગણી અને વિભાગની ચર્ચામાં હું ચોકકસ માનુ છું કે જે રીતે કદાચ મારા પહેલાના સભ્ય આત્મારામભાઇ બોલ્યા હતા ત્યારે પેટ્રોલના ભાવ વધારા અને મોંઘવારી વિશે ચર્ચા થઇ, પણ મને ચોકકસ વિશ્વાસ છે કે જે વિભાગની હું ચર્ચા કરું છું એમાં મોંઘવારી, પેટ્રોલ અને ડીઝલનો ભાવ વધારો જરૂરી હોવાથી આ વિભાગના માનનીય મંત્રીશ્રી પૂરક માગણી લઇને આવ્યા છે.. અંતરાય ...

અધ્યક્ષશ્રી : રાકેશભાઇ આપ એમને જવાબ આપશો તો આપનો સમય પૂરો થઇ જશે. આપ અધ્યક્ષ તરફ જોઇને આપનું પ્રવચન કરો.

શ્રી રાકેશ જ. શાહ : એક જ મિનિટમાં હું પૂરું કરી દઇશ. માનનીય અધ્યક્ષ મહોદય, સતત અંતરાય .. હું જે સભ્યો ચિંતા કરે છે એમને માત્ર એટલું કહુ છું કે તમે જરા તપાસ કરી લો કે મુંબઇ અને દિલ્હીમાં શું ભાવે સી.એન.જી. મળે છે અને અમદાવાદને કેન્દ્રની સરકાર શું ભાવે સી.એન.જી. આપે છે.બહુ ચિંતા થતી હોય તો અમદાવાદ અને ગુજરાત માટે સી.એન.જી.ના કેન્દ્રો માટે કેન્દ્ર સરકાર પાસે જાઓ. ખાલી મોંઘવારી અને ભાવ વધારાની વાતો કરું છું હજી રોયલ્ટીની વાત તો ઉઠાવતો નથી. છતાં પણ આ વિભાગના મંત્રીશ્રી

જે પૂરક માગણીઓ લઇને આવ્યા છે એના સમર્થનમાં મારો સૂર પુરાવું છું.

**શ્રી બાબુભાઇ મે. શાહ(રાપર) :** માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી ૪૮૪૦ કરોડની પૂરક માગણીઓ લઇને આ સન્માનનીય સભાગૃહમાં આવ્યા છે. એમાં કેટલીક માગણીઓ નવી સેવાઓને લગતી આપી છે. અહીંયા ઉર્જા વિભાગમાં વધારાના ૨૪ કરોડનો ખર્ચ વારિગૃહોને વીજ બિલ માફ કરવા માટે આપવા માટે પણ પૂરક માગણી લઇને આવ્યા છે. ગામડામાં પીવાના પાણી મળી રહે એટલા માટે આ વારિગૃહોને વીજ બિલની માફી પણ મર્યાદિત હતી ત્યારે ૧૯૯૭માં માનનીય આત્મારામભાઇ પટેલ જે હંમેશા ખેડૂતોના અને ગ્રામ્ય પ્રજાના હામી હતા એમણે આ વારિગૃહ ગમે તેટલી વીજળી વાપરે એમને વીજળી આપવાની આપણને બાંહેધરી આપી હતી. નર્મદાનું નેટવર્ક ગામે ગામ પહોંચ્યું હોય પણ એ પાણી વાપરવાનું નહીં અને તળમાંથી પાણી લેવા માટે અત્યારે ફરજ પાડવામાં આવે છે. એના કારણે વીજ બિલો વધુ આવે છે. નાણા વિભાગ અને નાણા મંત્રીશ્રી શા માટે તપાસ કરતા નથી કે નર્મદાના પાણી પહોંચ્યા હોય તો વારિગૃહો ચલાવવાની શા માટે જરૂર પડે છે? કચ્છમાં ૮૮૪ ગામો છે એમાંથી માત્ર ૧૫૧ ગામોને નર્મદાનું પાણી મળે છે. બાકીના બધા જ ગામો વૈકલ્પિક વ્યવસ્થા અધર સોર્સ એટલે કે ભૂગર્ભના પાણી લઇને વીજળી વાપરે એનો બોજો આપણા રાજ્યની તિજોરીમાંથી સરભર કરવાનો અને નર્મદાનું પાણી વેચી ખવાતું હોય એ આપણે ચલાવી લઇએ. કમ સે કમ આ બાબતમાં તપાસ કરે. માનનીય નાણામંત્રીશ્રીના સમયકાળ દરમિયાન રાજ્યનું કરજ અધ ધ ધ થઇ ગયું છે. એનું કારણ બેદરકારી છે એ જ કારણભૂત છે એટલું જ મારે નાણામંત્રીશ્રીને કહેવાનું છે. રાજ્યનું કરજ ૧૯૯૮ સુધીમાં ૧૪ હજાર કરોડ હોય અને અત્યારે દર વર્ષે ૧૦ હજાર કરોડનું વધતું જાય અને ૧ લાખ ૪૦ હજાર કરોડે પહોંચ્યુ અને પૂરક માગણીઓ લઇને સભાગૃહ સમક્ષ આવતા હોય ત્યારે અમારી ફરજ બની જાય છે. (અંતરાય)

**શ્રી વજુભાઇ વાળા :** માનનીય અધ્યક્ષશ્રી, વારિગૃહોની વાત હતી ત્યાં સુધી બરાબર છે. નર્મદાના પાણી આપો અને આ વારિગૃહોના બિલ ન મળે એ બરાબર છે. પણ દર વર્ષે આટલું કરજ વધ્યું એ આજે જનરલ ચર્ચા નથી. હું કહું છું કે આમાં મેં લખ્યું છે એ મારી પૂરક માગણીઓ ઉપર ચર્ચા કરે એનો વાંધો નથી.

**અધ્યક્ષશ્રી :** આજની પૂરક માગણી પૂરતી વાત કરો, પ્લીઝ.

**શ્રી બાબુભાઇ મે. શાહ :** આ સન્માનનીય ગૃહ સમક્ષ માગણીઓ લઇને આવ્યા છે એટલે આ વાત કહેવાનો અમારો અધિકાર છે. અમારા અધિકારોનું રક્ષણ કરો. આ ૨૪ કરોડનો બોજો, ટીપે ટીપે સરોવર ભરાય એમ થોડું થોડું કરીને અને ખર્ચ વધતો જતો હોય એ રોકવા નાણામંત્રીશ્રી પ્રયત્ન કરે એ વાત મારે કહેવાની હોય પણ એમની સાંભળવાની તૈયારી ન હોય પણ એમના સમયગાળા દરમ્યાન રેકોર્ડ બોજો મૂકી જવાના હોય તો આ રાજ્યની પ્રજા ઉપર બોજો વધી રહ્યો છે.

**શ્રી વજુભાઇ રૂ. વાળા :** એની એ જ વાત આવે છે. પૂરક માગણીઓ ઉપર બોલે. રાજ્યનું કરજ કે દેવું એ પૂરક માગણીમાં નથી.

**શ્રી બાબુભાઇ મે. શાહ :** આ સમયગાળા દરમિયાન ભા.જ.પ.ની સરકારના સમયમાં આ કરજનો બોજો વધીને દર વર્ષે ૧૦ હજાર કરોડનું નુકશાન કરતી પેઢી તમે ચલાવો છો.

**શ્રી વજુભાઇ રૂ. વાળા :** અત્યારે પૂરક માગણીઓ ઉપર વાત કરો.તમારે જે કહેવાનું હોય એ કહો.

શ્રી બાબુભાઇ મે. શાહ : માનનીય અધ્યક્ષશ્રી, એટલા માટે મારે કહેવાનું કે શિક્ષણ માટે એ નાનકડી માગણી લઇને આવ્યાં છે પણ મને હમણાં જ આ ગાંધીનગરમાં એક હોસ્ટેલ ચાલે છે. શિક્ષણ વિભાગ તરફથી ગ્રાન્ટ નથી મળી એના કારણે ૩ મહિનાથી પગાર મળી શક્યો નથી અને આ ગ્રાન્ટ છે એ સામાજિક અધિકારીતા અને શિક્ષણ વિભાગ આપવાની હોય છે એને ગ્રાન્ટ મળી શકી નથી. આ પરિસ્થિતિ છે એટલા માટે શિક્ષણની માગણીઓ આવી છે. એજ રીતે (અંતરાય)

અધ્યક્ષશ્રી : બાબુભાઇ, આપ પ્લીઝ જે બતાવી છે એના ઉપર જ બોલો.

શ્રી બાબુભાઇ મે. શાહ : માનનીય અધ્યક્ષશ્રી, આ જે બતાવી છે એના ઉપર જ ૨૪ કરોડની માગણી ઉપર બોલ્યો હતો. મને રોકવામાં આવે. માનનીય અધ્યક્ષશ્રી, મારું રક્ષણ કરો.

અધ્યક્ષશ્રી : કોઇ રોકવામાં નથી આવતા. આપ પ્લીઝ માગણી ઉપર જ વાત કરો.

શ્રી બાબુભાઇ મે. શાહ : માનનીય અધ્યક્ષશ્રી, આ રાજ્યના પૈસા ક્યાં જાય છે એના તરફ હું એમનું ધ્યાન દોરવા માગુ છું અને આ જો અટકાવેને તો રાજ્યના હીતની વાત થાય અને અમારી ફરજ છે કે રાજ્યના હીતની વાતઆ સન્માનનીય સભાગૃહ પાસે લાવવા માટેની આપણા બધા જ સભ્યોની ફરજ છે. કર્જની રૂ એ મારે આ કડવી દવાનો ડોઝ આપવો પડે છે. માત્ર ખુશામતખોરી નહિ. ખુશમાતખોરીના કારણે આ ખર્ચ અટકવાનો નથી. (અંતરાય)

શ્રી વજુભાઇ રૂ. વાળા : એમાં ના પાડી હોય તો વિરોધ કરે. (અંતરાય)

શ્રી બાબુભાઇ મે. શાહ : માનનીય અધ્યક્ષશ્રી, નાણામંત્રીશ્રી કાયમ માટે મેણા મારે છે. થઇને મેં તો એક બજેટ રજૂ કર્યુ છે એમણે તો ૧૮ બજેટ રજૂ કર્યા છે. એમના અઢારેય વાંકા છે. અઢારેય બજેટની અંદર એમણે રાજ્યને નૂકશાની જ કરાવી છે. અમારા એક બજેટમાં રાજ્યના ઉપર એક રૂપિયાનો પણ બોજો અમે વધારવા નહોતો દીધો. એમણે અઢારેય બજેટની અંદર બોજો વધાર્યો છે. એના માટેની સિદ્ધિઓ જોઇતી હોય તો અમને વાંધો નથી.

શ્રી વજુભાઇ રૂ. વાળા : આ ઉપર બેસીને બીજે વહી ગયા એટલે તમને બજેટનો ચાન્સ નથી મળ્યો. (અંતરાય) અહીંયા બેસોને તો તમને ચાન્સ મળે. (અંતરાય)

શ્રી બાબુભાઇ મે. શાહ : માનનીય અધ્યક્ષશ્રી, અને મેં કહેલું કે આ વધારાની માગણી શાના માટે લાવવી પડેલી તમારા સમયની અંદર જે બોજો વધેલો એને રેગ્યુલાઇઝ કરવા માટે સાહેબ લાવવો પડે. આ સન્માનીય સભાગૃહ આગલી સરકાર કોઇ ખર્ચ કરી જાય તો એને રેગ્યુલાઇઝ કરવા માટે સન્માનનીય સભાગૃહ સમક્ષ માગણી લઇને આપણે આવવું પડે છે અને આ માગણીઓને સન્માનીય સભાગૃહ હંમેશા ગુણદોષની ચર્ચા કરીને એને ગુણવત્તાના આધારે એને મંજૂર કરે છે. એ આ માગણી મંજૂર કરાવતા પહેલા જે આવ્યા હોય એમાં આ સન્માનીય સભાગૃહના તમામ સભ્યોને બોલવાનો અધિકાર છે અને એની મેં રજૂઆત કરી છે. માનનીય અધ્યક્ષશ્રી, મહાત્મા ગાંધી મંદિર અને એની અંદર એમ કહ્યું કે આ એના માટેનું જે ખર્ચ હતું એ પણ વધારાનું ખર્ચ લઇને ૧૬ કરોડ ૬૧ લાખ ૭૦ હજારની એમણે માગણી રજૂ કરી છે. મૂળ બજેટની અંદર એમણે જે ૪૬ કરોડ રૂપિયાની જોગવાઇ કરી હતી એના માટે પ્રોત્સાહક પ્રયત્નો વિકસાવવાના લીધે એટલા માટે મે કહ્યું માત્ર એનો સરકારી સમારંભોમાં ઉપયોગ થતો હોય. આ ઓડિટોરિયમ છે એ કોઇ સામાન્ય સંસ્થા વાપરી શકે એટલા ભાડામાં તમે આપવાના છો ખરા? ભૂતકાળની અંદર પૂરક માગણીઓમાં મેં રાજકોટનું હેમુગઢવી ઓડિટોરિયમ પૂરું કર્યુને એના માટે પણ આપણે આકસ્મિક ખર્ચમાંથી પૈસા ચૂકવેલા હતા અને માનનીય નાણામંત્રી એ સંસ્થાની સાથે સંકળાયેલા છે. આજે હેમુગઢવી ઓડિટોરિયમની અંદર ખૂબ સંસ્થાઓ પોતાની કળા અને કાર્યક્રમો રજૂ કરી શકે છે. મહાત્મા ગાંધી ઓડિટોરિયમની અંદર ગુજરાતનો સામાન્ય જણ માણી શકે. માનનીય અધ્યક્ષશ્રી, દિવાને ખાસની જે ઇમારત બનાવી છે એ ઇમારતને આમમાં પલટાવીને કિફાયતી દરે એને વાપરવા મળે (અંતરાય) એ રીતે આ રાજ્યના પૈસામાંથી બનેલું છે. રાજ્યની પ્રજાના પરસેવાના પૈસામાંથી બનેલું છે. રાજ્યની પ્રજાએ એ ટેક્સ ચૂકવેલો છે એમાંથી બનેલું છે અને એને માટેની પૂરક માગણી લઇને આવ્યા છે ત્યારે નાણામંત્રી ખાતરી આપે કે આ ઓડિટોરિયમની અંદર અમે ખૂબ જ મર્યાદિત ભાડાની અંદર ખાલી હોય એ દિવસે સરકાર તરફથી રોકી લેવામાં આવ્યા હોય, એડવાન્સ બુકિંગ કરવામાં આવ્યાં હોય એવું નહિ. પણ એના સિવાય એ લોકોને આપવામાં આવતા હોય તો અમે ગાંધીનગર લોક સાહિત્ય પરિવાર તરફથી આ વખતે ત્યાં અમે ડાયરો રાખીએ. આજે ખાતરી આપે કે કિફાયતી કારણ કે, સાહેબ પરવડવું જોઇએ. દિવાને ખાસ જે છે ને એની અંદર આમપ્રજાને પરવડે એ પ્રકારનું જો લાવ્યા હોય તો એ વાત માનનીય નાણામંત્રીશ્રી ખાતરી આપે. કારણ કે આ તો એમણે માગણી લઇને આવ્યાં છે એની અંદર ઇનકાર નહિ કરી શકે અને એટલા માટે થઇ અને આજે ૪૮૪૦ કરોડ રૂપિયા જેવી મોટી પૂરક માગણી લઇને આવ્યા છે એ માગણી સાથે અમે સંમત થઇ શકતા નથી.

શ્રી વજુભાઇ વાળા : આજે ચાર હજાર ની માગણી નથી, આજે માગણી છે ૪૮૫ કરોડની છે. (અંતરાય)

અધ્યક્ષશ્રી : શ્રી નાનુભાઇ વાનાણી

**શ્રી નાનુભાઇ ભ. વાનાણી(સુરત શહેર(ઉત્તર) :** માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણા મંત્રીશ્રી જે પૂરક માગણીઓ લઇને આવ્યા છે એ તમામ માગણીઓને હું સમર્થન આપવા માટે અહીં ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, મારા વિચારો હું ઉદ્યોગ અને ખાણ વિભાગની જે પૂરક માગણીઓ છે એ માગણી ક્રમાંક-૪૯ ઉપર મારા વિચારો વ્યકત કરીશ. માગણી ક્રમાંક-૪૯માં મહેસૂલી સદરે એક હજાર રૂપિયાની જે પૂરક માગણી છે અને મૂડી ખર્ચમાં મહાત્મા મંદિરનું જે આયોજન થઇ રહ્યું છે એ માટે ૧૬ કરોડ, ૬૧ લાખ, ૭૧ હજારની પૂરક માગણી છે.

માનનીય અધ્યક્ષશ્રી, મહાત્મા ગાંધી માત્ર આ દેશનું જ નહીં પણ સમગ્ર માનવજાતિ માટે એક સન્નમાનીય નામ છે અને મહાત્મા ગાંધી ગુજરાતના હોવાથી એક ગુજરાતી તરીકે આપણને ગૌરવ હોય એ સ્વાભાવિક બાબત છે. આ દેશની કમનસીબી છે કે, દેશ આઝાદ થયો, મહાત્મા ગાંધીના વિચારોથી આકર્ષાઇ હજ્જારો લોકોએ એમના બલિદાનો આપ્યા અને દેશ સ્વતંત્ર થયો. કોઇ કમનસીબ પળે, કોઇ પાગલે એમને આ દુનિયામાંથી વિદાય કર્યા પરંતુ ત્યાર પછી આ દેશની અંદર જે શાસકો આવ્યા એ શાસકોએ મહાત્મા ગાંધીના વિચારોની રોજે રોજ હત્યાઓ કરી છે એનું આપણને દુઃખ છે. ત્યારે ગુજરાતની અંદર મહાત્મા ગાંધીના વિચારોને અમલમાં મૂકવા માટે આ રાજયના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી જે કામ કરી રહ્યા છે ( આ તકે સભ્યશ્રી ખુમાનસિંહ ભાઇ બેઠા બેઠા, માગણીઓ ઉપર બોલો તેમ બોલતાં) (અંતરાય) ખુમાનસિંહભાઇ, હું માગણીઓ ઉપર જ આવું છું. તમે સાંભળો હું માગણીઓ ઉપર જ આવું છું. મહાત્મા ગાંધીના વિચારોને સાર્થક કરવા માટે, મહાત્મા ગાંધીજીના વિચારોનો અમલ કરવા માટે ગુજરાતના વિકાસનું જે આ ઉર્જા કેન્દ્ર બનવાનું છે એ મહાત્મા ગાંધીના પરિસર માટે ૧૬ કરોડ, ૬૧ લાખની માગણી લઇને આવ્યા છે ત્યારે આ મહાત્મા મંદિરમાંથી જે કામગીરી થવાની છે એ મહાત્મા ગાંધીના વિચારો સાથે સુસંકલિત હતી. મહાત્મા ગાંધીના વિચારો હતા, મારો દેશ ગામડાઓનો બનેલો દેશ છે અને ગામડું સમૃદ્ધ હોવું જોઇએ, રોજગારી નીચેથી આવવી જોઇએ, ગ્રામ સ્વરોજગારી વધારે હોવી જોઇએ અને દરેક હાથને કામ આપવું જોઇએ. આ રાજયની અંદર જે શાસન શ્રી નરેન્દ્રભાઇ મોદી કરી રહ્યા છે એ ગામડાને સમૃદ્ધ કરવા માટે યોજનાઓ કરી રહ્યા છે. ગરીબોને ગરીબાઇમાંથી મુકત કરવા માટે આયોજન કરી રહ્યા છે. વંચિતોના વિકાસ માટે યોજનાઓ કરી રહ્યા છે અને આ યોજનાઓ અને જે કામગીરી છે એ આ ગુજરાતની અંદર મહાત્મા મંદિર જેવા એક સેન્ટરમાંથી જો થતી હોય તો એમાં આપણને મુશ્કેલી આવવી જોઇએ નહીં. મારા સાથી મિત્ર શ્રી અનિલભાઇએ મહાત્મા મંદિર વિશે વાત કરી. હું એમને ભૌતિક સુવિધાની થોડીક વાત કરવા માગુ છું. મહાત્મા મંદિર આખાય દેશમાં ઔદ્યોગિક કન્વેન્શન સેન્ટરો હોય એ પ્રમાણે દિલ્હી પછીનું આ બીજું સેન્ટર છે એનો એક ગુજરાતી તરીકે આપણને ગૌરવ હોવું જોઇએ. ગુજરાતને બદનામ કરવાનું, વારંવાર બદનામ કરવાની આપણે વાતો કરીએ છીએ. કોઇ કારણ વગર ગુજરાતીને બદનામ કરવાની વાતો કરી રહ્યા છીએ ત્યારે ગુજરાતીઓ મહાત્મા ગાંધીના નામ સાથે ગૌરવભેર વાત કરી શકે એવું આ મહાત્મા મંદિર છે.આ રાજયની અંદર દેશના અને વિદેશના કોઇપણ વ્યકિત જયારે પ્રવાસે આવે ત્યારે મહાત્મા ગાંધી મંદિર જોઇને ગૌરવાન્વિત થાય એવું મહાત્મા ગાંધી મંદિર છે એનું આપણને ગુજરાતી તરીકે ગૌરવ હોવું જોઇએ. આવું આ મંદિર જેમાં ૫૦૦૦ સીટની કેપેસીટીવાળું કન્વેન્સન સેન્ટર બનવાનું છે. એની અંદર સેમીનાર હોલો બનવાના છે. કોન્ફરન્સ રુમો બન્યા છે. બિઝનેસ મિટિંગ રુમો બન્યા છે અને વહીવટી રુમો બન્યા છે. ૪૦૦૦ ચોરસ મીટરના બે એકઝીબીશન હોલ છે અને એક નાનો હોલ ૧૭૦૦ ચોરસમીટરનો છે ત્યારે શું આપણે એવું માનીએ છીએ કે ગુજરાતનો જે વિકાસ થયો છે, છેલ્લે ગ્લોબલ સમીટ થઇ છે એ ગામડાંનો વિકાસ ન થાય? છેલ્લે માઇક્રોફાઇનાન્સ ક્ષેત્રે ગ્લોબલ સમીટ જે મહાત્મા ગાંધી મંદિરમાં થઇ હતી એમાં માઇક્રોફાઇનાન્સ ક્ષેત્રે હજારો કરોડો રૂપિયાના એમ.ઓ.યુ. થયા. મારે આ સભાગૃહના લોકોને પુછવું છે કે આ માઇક્રોફાઇનાન્સનો લાભ શું છેવાડાના લોકોને નથી મળવાનો? મારી જે પછાત બહેનો છે જે

સ્વરોજગારી, ગૃહઉદ્યોગ કે રોજગારી મેળવે છે એ સખી મંડળના માધ્યમો દ્વારા નથી મળવાનો? ત્યારે માનનીય નાણામંત્રીશ્રી પુરક માગણીઓ રૂ. ૧૬૬૧ લાખની લઇને આવ્યા છે એ ખૂબ વ્યાજબી છે અને ગુજરાતના વિકાસ માટે આ પ્રકારનું આયોજન થવું જોઇએ એટલા માટે હું માગણીઓને સમર્થન આપું છું.

**શ્રી ઇકબાલ પટેલ(વાગરા) :** માનનીય અધ્યક્ષશ્રી, ગ્રામ પંચાયતમાં વારિગૃહોને વિનામૂલ્યે વીજળી પૂરી પાડવા સહાય યોજના અને ઝુંપડપટ્ટીમાં સહાય યોજના હેઠળ ઔદ્યોગિક વિકાસ માટે પ્રોત્સાહિત પ્રયત્નો મહાત્મા મંદિરના ખર્ચ માટે અને સચિવાલય સામાજિક સેવાઓ એજ્યુકેશનની એના માટે પૂરક માગણીઓ માનનીય મંત્રીશ્રી લઇને આવેલા છે ત્યારે માનનીય સભ્યશ્રીએ હમણાં મહાત્મા ગાંધી અને આપણા દેશના રાષ્ટ્રપિતાની જે વાત કરી એ વાતમાં રાષ્ટ્રના રાષ્ટ્રપિતા અને ગુજરાતમાંથી સમગ્ર વિશ્વને અહિંસા, સત્ય અને સાદાઇનો સંદેશો આપનાર આ ભૂમિના ઉપરથી મહાત્મા મંદિરની આપણે અહીંયા લગભગ આપણા શાસનના ૧૭ વર્ષ પછી બાંધકામ કર્યુ અને માત્ર ને માત્ર એનો હેતુ કોઇ રોજગાર લક્ષી જેને કહેવાય, સામાન્ય માનવી માટેની રોજગારની નાની નાની યોજના જે કહેવાય એના માટે નહીં પરંતુ રાજય સરકાર દ્વારા ૨૦૦૩, ૨૦૦૫, ૨૦૦૭, ૨૦૦૯ અને ૨૦૧૧માં જે વિશ્વભરના ઉદ્યોગપતિઓને ભેગા કરી અને રાજયના મુખ્યમંત્રીશ્રીને પ્રસિદ્ધિ આપવા માટે સમગ્ર દેશમાં સંદેશો મોકલવા માટે વાત કરી ત્યારે મહાત્મા ગાંધીના આદર્શો જેને કહેવાય જયારે માનનીય ધારાસભ્યશ્રી ખૂબ સારી રીતે વાત કરી રહેલા હતા ત્યારે મહાત્મા ગાંધીજીએ કહ્યું હતું કે જયારે સામાન્ય માનવીને, છેવટના માનવીની ઉપર કોઇપણ નિર્ણય લેતાં પહેલાં કેવી અસર થશે એ રાજયની સુશાસનની વ્યવસ્થાના એક મહત્વના સિદ્ધાંત તરીકે કહેવાશે. જયારે નોઆખલીમાં હત્યાકાંડ થયો અને હજારો લોકો હત્યાકાંડમાં માર્યા ગયા ત્યારે મહાત્મા ગાંધીએ નોઆખલીમાં જઇ અને ત્યાં ઉપવાસ આદરી દીધા અને કહ્યું કે જયાં સુધી આ હત્યાકાંડ બંધ નહીં થાય ત્યાં સુધી હું આ ઉપવાસ છોડવાનો નથી. મહાત્મા ગાંધીની ભૂમિના ઉપરથી ૨૦૦૨થી લઇ અને આજ સુધીમાં મહાત્મા ગાંધી જયારે અંગ્રેજોની સામે લડત લડવા માટે ગયા ત્યારે તે લડત લડતી વખતે ગોળમેજી પરિષદમાં હાજરી આપવા ગયા ત્યારે એમણે એક બનિયાન અને એક ધોતી પહેરેલી હતી. બનિયાન અને ધોતી પહેરીને ગોળમેજી પરિષદમાં હાજરી આપી અને આજે જે ગુજરાતમાં મહાત્મા ગાંધીના મંદિર ઉપરથી કાર્યવાહી કરી રહેલ છે. એવી કઇ પરિસ્થિતિ નિર્માણ થઇ કે મહાત્મા ગાંધીજી ગોળમેજી પરિષદમાં ગયા અને એમણે ધોતી અને બનિયાન પહેરીને જવું પડ્યું એ પ્રમાણે અને એ જ પ્રમાણે રાજયની અત્યારની જે પરિસ્થિતિ છે તે પરિસ્થિતિની અંદર એવી કઈ પરિસ્થિતિ ઉભી થઇ કે બ્રિટને આપણને વીઝા ન આપ્યા, અમેરિકાએ વિઝા ન આપ્યા. મહાત્મા ગાંધીના આદર્શ અને એમના સિદ્ધાંતો જોઇએ તો અત્યારે જે રીતે.

શ્રી આત્મારામ મ. પરમાર : મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે. શરૂઆતના તબક્કાથી એવો પ્રયત્ન રહ્યો છે કે પૂરક માગણી ઉપર બોલીએ અમે નોંધ કરી છે કે સત્તાધારી પક્ષના જે ધારાસભ્યો બોલવા ઉભા થાય એટલે એમને પોઇન્ટ ઓફ ઓર્ડરના નામે ડિસ્ટર્બ કરવા, એનો સમય લઇ લેવો. મારે વાત કરવાની છે કે અહીયા ઇકબાલભાઇના પ્રવચનમાં જે ઉલ્લેખ છેલ્લા શબ્દો આવ્યા છે, કયાંય પૂરક માગણી સાથે સુસંગત નથી. એમને માર્ગદર્શન આપવું જોઇએ કે પૂરક માગણી ઉપર બોલે. ગામ આખાને સલાહ આપવા નીકળવું છે અને પોતે અમલવારી કરવી નથી.

શ્રી ઇકબાલ પટેલ : સભ્યશ્રીએ ઉલ્લેખ કરેલો એના સમર્થનમાં મેં વાત કરી અને જયાં સુધી સાહેબ મહાત્મા ગાંધી મંદિરનું બાંધકામ કરી એમાં ખર્ચનો અંદાજ જોઇએ તો જે ખર્ચ વધેલ છે, એના માટેની માગણીઓ લઇને માનનીય મંત્રીશ્રી આવેલા છે. એમાં માત્રને માત્ર જે ઔદ્યોગિક સમિટ કહે એના રોકાણ એમાં ઉદ્યોગપતિઓને બોલાવે તેમાં ગુજરાતના ઉદ્યોગોની વાત કરવા માટેનું અને આ રીતે ગુજરાતમાં ઉદ્યોગોની સ્થાપના કરવા માટેનું પ્લેટફોર્મ અહીંયાં મહાત્મા મંદિર દ્વારા રાજય સરકારની ચાલુ કરવાની નેમ છે. મારે કહેવું છે કે ૨૦૧૧ માં જે વાયબ્રન્ટ સમિટમાં ગુજરાતમાં રોકાણો માટેના એમ.ઓ.યુ. કરવામાં આવ્યા એના અમલીકરણ આજે પણ જોઇએ તો નહિવત છે.

અધ્યક્ષશ્રી : આપનો સમય પૂરો થાય છે.

**શ્રી પ્રાગજીભાઇ ના. પટેલ(માંડલ) :** માનનીય અધ્યક્ષશ્રી, આજે આ સભાગૃહમાં માનનીય નાણા

મંત્રીશ્રી જે પૂરક માગણીઓ લઇને આવ્યા છે એના સમર્થનમાં બોલવા ઉભો થયો છું. અને પૂરક માગણી નં. ૧૩ વીજળી શકિત પરિયોજના ઉપર મારા વિચારો વ્યક્ત કરું છું. આ માગણી નં.૧૩ માં જે મુખ્ય સદર ૨૮૦૧ અને એના પેટા સદરની જે મૂળ માગણી છે, એમાં જે બાબત છે. ગ્રામ પંચાયત સેવા સંસ્થાઓના વારિગૃહોને વિનામૂલ્યે વીજળીકરણ પૂરું પાડવું, ગ્રામ્ય વિસ્તારમાં ઝૂંપડપટ્ટીમાં વીજળીકરણ કરવું, કૃષિ વિષયક પ્રશુલ્કમાં વળતર આપવું આ ૩ બાબતોની મુખ્ય માગણીઓ આ વિભાગના નાણા મંત્રીશ્રી લઇને આવ્યા છે. મારે આ સભાગૃહને કહેવું છે કે ગુજરાતની અંદર જ્યોતિગ્રામ યોજના મારફતે ૧૮,૦૦૦ ગામડાઓને ૨૪ કલાક મફત વીજળી આપવામાં આવે છે, તેમ છતા દુઃખની બાબત એવી છે કે લાખો લોકો ઝૂંપડપટ્ટીમાં રહેનારા લોકોના ઘરોમાં આજે પણ કેરોસીનના દીવા બળે છે, એ દીવા વીજળીના બળે એના માટેનો સરકારનો પ્રયત્ન છે, કારણ કે ગરીબ ઝુંપડપટ્ટીમાં રહેતો માણસ છે, એની પાસે એસ્ટીમેટ ભરવાના પૈસા નથી. આ રાજય સરકારે આ ઝુંપડપટ્ટીમાં ૫૦ રૂપિયામાં વીજળીકરણ આપી એના ઘરમાં સીંગલ પોઇન્ટનું વીજળીકરણ કરી ખાસ અંગભૂત યોજનામાં તમામને મફત વીજળીકરણ આપી ૧.૫૦ પૈ. આ લોકોને ઝુંપડપટ્ટીમાં વીજળી પૂરી પાડી છે અને મારે કહેવું છે કે બીજા રાજયની અંદર રાજીવ ગાંધીએ વીજળીકરણ ઘણું કર્યુ છે. એમને એ રાજયમાં ૪ કલાક પણ ઝુંપડપટ્ટીમાં વીજળી મળતી નથી.

માનનીય અધ્યક્ષશ્રી, અને કેવા બીલો આપે છે. અમારી સરકાર ૧.૫૦ પૈસે યુનિટે આપે છે અને બીજા રાજ્યોની અંદર બંગલામાં રહેતા હોય તે રીતે ઝૂંપડાંની અંદર બીલો આપે છે. એટલા માટે આ રાજયના મુખ્યમંત્રીશ્રીએ કોડિયામાં દિવો પ્રગટાવ્યો છે તેમાં દિવેલ પૂરવાનું કામ આ રાજયના મુખ્યમંત્રીશ્રીએ કર્યુ છે. ઝૂંપડાંની અંદર અજવાળા કરવાનું કામ આ રાજયના મુખ્યમંત્રીશ્રીએ કર્યુ છે. ત્યારે હું આ પૂરક માગણીને આવકારું છું. બીજી વાત આવી પાણીના વારિગૃહો માટે મફત વીજળીકરણ. તેની સબસીડી માટેની વાત છે. આપણે સૌ જાણીએ છીએ કે પાણી તે પ્રભુનો પ્રસાદ છે. સમાજમાં લોકો પીવાના પાણીની પરબો બનાવે છે. જયારે પ્રજાને મફત પાણી આપવાની રાજય સરકારની જવાબદારી હોય છે ત્યારે ૧૯૯૫થી અમારી સરકારે આ વારિગૃહો દ્વારા મફત પાણી પૂરું પાડવા માટેનું આયોજન કરી અને છેલ્લા વર્ષમાં ૧૩૬ કરોડ રૂપિયાની સબસીડી આપી છે. આ સરકારે ૩૧ હજાર ૧૫ વારિગૃહોમાં આ સબસીડી પૂરી પાડી છે. ૧૯૯૫ પહેલાં કોની સરકાર હતી? તમને ખબર નહોતી પડતી કે પ્રજાને મફત પાણી પાવું જોઇએ એટલે તો તમે આ ફળ ભોગવો છો. પ્રજાને મફત પાણી નથી પૂરું પાડયું, ગરીબ લોકોને ઝુંપડામાં મફત કનેકશન નથી આપ્યા એટલે તમારી આ પરિસ્થિતિ છે. ગામડાનો ગરીબ ખેડૂત હોય તો તે એસ્ટીમેન્ટ ભરી શકે નહીં એટલા માટે રાજય સરકારે યોજના દાખલ કરી છે. નાના ખેડૂતને સસ્તા દરે વીજ કનેકશન મળે, ટ્રાન્સફર મળે, વીજળીની લાઇન મળે..

અધ્યક્ષશ્રી : આપ પૂરક માગણી ઉપર વાત કરો.

શ્રી પ્રાગજીભાઇ ના. પટેલ : આ માગણી છે. કૃષિ વિષયક માગણી છે તેના ઉપર બોલી રહ્યો છું. માગણીની બહાર સહેજે બોલતો નથી. નાના ખેડૂતોને વીજળી આપવા માટે રાજય સરકાર જે પૂરક માગણી લઇને આવેલ છે, વીજળી શકિત પરિયોજનાની ત્રણેય માગણીઓ ગરીબોના માટે, પીવાના પાણી માટે આ માગણીઓ ઉપર સભાગૃહના કોઇ સભ્યશ્રીએ વિરોધ કરવો જોઇએ નહીં. ગરીબોનું કામ છે માટે હું વિનંતી કરું છું કે આ માગણીઓ વિના વિરોધે પસાર થાય તે માટે આ માગણીઓને હું સમર્થન આપું છું.

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી જયંતિભાઇ ભાનુશાળી, માનનીય સભ્યશ્રી ભરતભાઇ બોઘરા.

**શ્રી ભરતભાઇ ખો. બોઘરા(જસદણ) :** માનનીય અધ્યક્ષશ્રી, આ રાજયના માનનીય મંત્રીશ્રી માગણી નં.૧૩ વીજળી શકિત પરિયોજનાની પૂરક માગણી ૩૯૪ કરોડની લઇને આવ્યા છે તેને સમર્થન આપવા માટે હું ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આમાં જળ કોમ્પેનશેસન માટે ૩૦૦ કરોડની વધારાની જરૂર પડી. શું કામ વધારાની જરૂર પડી? ગુજરાત વીજ નિયમન પંચે વીજળીના ભાવ નક્કી કર્યા. માનનીય અધ્યક્ષશ્રી, મને કહેતાં આનંદ થાય છે કે, ખેડૂતોની આ સરકારે એવું નક્કી કર્યુ કે વીજ નિયમન પંચ જે ભાવ નક્કી કરે તે ભાવ પ્રમાણે જો ખેડૂતો પાસેથી લઇએ તો વીજળીનો આ ભાવ વધારવો પડે. આ રાજયના મુખ્યમંત્રીએ એવી જાહેરાત કરી કે વીજ નિયમન પંચ જે ભાવ નકકી કરે તે પણ મારા ગુજરાતના ખેડૂતો ઉપર વીજળીનો

વધારાનો બોજો હું નાંખવા માગતો નથી. એટલા માટે આ ૩૦૦ કરોડની પૂરક માગણી લઇને આવવું પડયું છે. અહીંથી વારંવાર વિરોધપક્ષના સભ્યશ્રીઓ વાત કરતા હતા, આ ૩૦૦ કરોડની પૂરક માગણી શું કામ લાવવી પડી? વીજ નિયમન પંચે જે ભાવ નક્કી કર્યો તે ભાવના આધારે જો પૈસા લઇએ તો ખેડૂતોને વધારાના પૈસા આપવા પડે. આ ભારતીય જનતા પાર્ટીની સરકારે છેલ્લા દસ વર્ષમાં એક કાણી પાઇ ખેડૂતોના વીજળીના ભાવમાં વધારી નથી. એના માટે આજે ૩૦૦ કરોડની પૂરક માગણીઓ લઇને આવ્યા છે.

અધ્યક્ષશ્રી : પોઇન્ટ ઓફ ઓર્ડર છે. પોઇન્ટ ઓફ ઓર્ડર શું છે?

# પોઇન્ટ ઓફ ઓર્ડર

**શ્રી ઇકબાલ પટેલ** : પોઇન્ટ ઓફ ઓર્ડરનો મારો મુદો એ છે કે... સાંભળવા દે તો કહું.

અધ્યક્ષશ્રી : આપ મારા તરફ ધ્યાન આપીને કહો.

શ્રી ઇકબાલ પટેલ : પૂરક માગણીઓમાં માનનીય મંત્રીશ્રી જે માગણી લઇને આવ્યા છે તે ગ્રામ પંચાયતોના વારિગૃહની છે. એક મિનિટ. સભ્યશ્રીને બેસાડી દો પ્લીઝ.

અધ્યક્ષશ્રી : ભરતભાઇ આપ બેસી જાઓ. પ્લીઝ.

શ્રી ઇકબાલ પટેલ : પોઇન્ટ ઓફ ઓર્ડર ચાલતો હોય ત્યારે સભ્યએ પહેલાં તો બેસી જવું જોઇએ. શાંતિથી વાત સાંભળવી જોઇએ. મારો પોઇન્ટ ઓફ ઓર્ડર એ છે કે વારિગૃહોને અનુદાન આપવા માટેની માનનીય વજુભાઇ વાળા સાહેબ માગણી લઇને આવ્યા છે. વારિગૃહોને રકમ આપવા માટેની વાત છે. તેમાં ખેડૂત, ખેડૂતોના જોડાણ, વીજ નિયમન પંચ આ બધુ નથી. એટલા માટે મર્યાદામાં રહીને, તેના પરિઘમાં રહીને અને .. એટલા માટે એની મર્યાદામાં રહીને, એના પરીઘમાં રહીને આપે અને માનનીય શ્રી દિલીપભાઇએ અને અમે જે વાત કરેલી છે એમાં રહીને કોઇ વાત કરે, અમને કોઇ વાંધો નથી.

શ્રી વજુભાઇ વાળા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી જે કહે છે એ વિષય આની અંદર આવે છે, GERCએ જે ૩૦૦ કરોડ રૂપિયા નકકી કર્યા છે એ વધારાની સબસીડી ખેડૂતોને જે આપવાની વાત છે, ખેડૂતોને ભૂતકાળની અંદર પર હોર્સ પાવરે ૬૫૦ અપાતા હતા અને પછી એ ૮૦૭ રૂપિયા હતા અત્યારે GERCએ જે ૩૦૦ કરોડ રૂપિયા જે કહયાને આ ખેડૂતોની સબસીડી માટે જ ૩૦૦ કરોડ રૂપિયા છે પછી બીજી જે વાત છે એ ફ્યુઅલ પરચેજ માટે છે, ત્રીજી વાત છે એ ગ્રામ પંચાયતોને વીજળીની સબસિડી માટેની વાત છે અને ચોથી વાત છે એ ઝુંપડાંના વીજળીકરણ માટે છે આ ચાર બાબત ઉર્જા અને પેટ્રોકેમિકલ્સની વિભાગની અંદર આવે છે. એટલે ખેડૂતોએ જે વધારાની વીજળી વાપરી એની સબસિડી GERCના કહેવા પ્રમાણે આપવાની જ વાત છે એટલે આ પોઇન્ટ ઓફ ઓર્ડર ચાલે જ નહીં.

અધ્યક્ષશ્રી : પોઇન્ટ ઓફ ઓર્ડર નામંજૂર કરીએ છીએ.

# પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ) (ક્રમશઃ)

**શ્રી ભરતભાઇ ખો. બોઘરા** : માનનીય અધ્યક્ષશ્રી, મારી આપશ્રીને વિનંતી છે કે આ સમય મારા સમયમાંથી કપાય નહીં. સાહેબ, હું રાત્રે ત્રણ કલાક અભ્યાસ કરીને આવ્યો છું. (અંતરાય) હું માગણી ઉપર છું અને બરાબર વાત કરું છું. માનનીય અધ્યક્ષશ્રી, મારે બીજી વાત એ કરવી છે કે ફ્યુઅલ કોસ્ટ એડજસ્ટમેન્ટ માટેની ૫૦ કરોડ રૂપિયાની પૂરક માગણી આવી છે તો શું કામ આ ફ્યુઅલ કોસ્ટ માટેની માગણી આવી ? માનનીય અધ્યક્ષશ્રી, આ કેન્દ્રની સરકારે દિવસ ઉગે અને કોલસાનો ભાવ વધે, ગેસનો ભાવ વધે, રેલવેના નુર ભાડાનો ભાવ વધે, અને એટલા માટે દીકરા–દીકરીઓ, ભાણા– મામા બધા ભેગા થઇને ભાવ વધારો કરે? અને એના માટે આ ૫૦ કરોડ રૂપિયાની વધારાની જરૂર પડી છે અને એ ભાવ વધારો ખેડૂતો ઉપર ના આવે એના માટે આ પૂરક માગણી લાવવી પડી છે.

માનનીય અધ્યક્ષશ્રી, બીજી વાત એ છે કે, છ કરોડ ગુજરાતીઓ ઉપર વીજળીનો ભાવ વધારો ના આવે એના માટે આ ફ્યુઅલ કોસ્ટ એડજસ્ટમેન્ટ માટે ૫૦ કરોડ રૂપિયાની પૂરક માગણી લાવવી પડી છે. આ વિધાનસભાના સભ્ય તરીકે મને ખૂબ શરમ આવે છે કે જે પ્રકારે વીજળી ઉત્પન્ન કરવા માટે ગેસની જરૂર પડે, વીજળી ઉત્પન્ન કરવા માટે કોલસાની જરૂર પડે, વીજળી ઉત્પન્ન કરવા માટે રેલવે ભાડાની જરૂર પડે, આ દરેક બાબતમાં ગુજરાતને સતત અન્યાય થઇ રહ્યો છે આ દરેક બાબતમાં દિવસ ઉગે અને ભાવ વધારો કરી રહ્યા છે ત્યારે આ વિધાનસભા ગૃહમાં તમને બધાને જણાવતાં મને શરમ આવે છે અને હું ધારાસભ્ય તરીકે આપને વિનંતી કરૂં છું કે આપને કદાચ દિલ્હીવાળા કેમ સાંભળતા નથી, એમને તમે કહેજો કે ગુજરાત સરકારે શું ગુનો કે વાંક કર્યો છે કે બીજા રાજયોના પ્રમાણમાં આ રાજય ઉપર આટલો બધી ભાવ વધારો કેમ કરવામાં આવે છે? બીજી વાત એ છે કે, મામો–ભાણા–ભાણિયું  બધા ભેગા થઇને આ ભાવ વધારો કરે છે. એટલા માટે તકલીફ પડે છે.

માનનીય અધ્યક્ષશ્રી, વીસ કરોડ રૂપિયાની પૂરક માગણી આદિવાસી વિસ્તારમાં, પછાત વિસ્તારમાં અને ઝૂંપડાંમાં રહેતા આદિવાસીઓને વીજળીકરણ આપવા માટેની જરૂર પડી છે , આજે આઝાદીના પચાસ વર્ષ થયાં, આટલાં વર્ષોમાં તમે તો આદિવાસીઓને મરઘાં– બતકાંની લોનો જ  આપી છે  તમે આદિવાસીઓ માટે વીજળીની ચિંતા નથી કરી,  આ આદિવાસીઓની લાઇટની ચિંતા આ રાજયના માનનીય મુખ્યમંત્રીશ્રીએ કરી છે, ભાઇ, ચાલીસ વર્ષોમાં મરઘાં– બતકાંની લોનો આપી એટલે પતી ગયા, પતી ગયા હવે આવશો નહીં કયારેય, આટલા માટે અમે આ લાઇટ આપવા માટેનો પ્રયત્ન કર્યો છે. સાહેબ, અમે એવું વિચાર્યું કે આ આદિવાસીનો દીકરો ભણે, એના ઝૂંપડામાં લાઇટ આવે તો એનો દીકરો મરઘા–બતકાંમાંથી બહાર નીકળે અને એનો દીકરો ભણીને  આગળ વધે. એના માટેની  આ યોજના છે. હું આદિવાસી વિસ્તારના પ્રવાસમાં ગયો હતો ત્યારે એક વડીલને પૂછ્યું, કે કાકા તમારા ઝૂંપડામાં વીજળી  આવી તો કેવું લાગ્યું? તો એ કાકાએ મને કહ્યું કે ચાલીસ વર્ષો સુધી કોંગ્રેસના લોકોએ  અમને મરઘાં– બતકાંની  સલાહ  આપી. આ માનનીય મુખ્યમંત્રીશ્રીએ અમારા દીકરાઓને ભણાવવાની વાત કરી, એમણે અમને વિકાસ માટેની વાત કરી.

**શ્રીમતી ભાનુબેન મ. બાબરીયા(રાજકોટ(ગ્રામ્ય)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી જે પૂરક માગણીઓ લઇને આવ્યા છે તેમાં શિક્ષણ વિભાગની માગણી નંબર ૮માં હું મારું સમર્ગન આપી રહી છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજ્યના કર્મઠ, યુવાનોના પ્રેરણા સ્ત્રોત તેમજ પ્રગતિશીલ ગુજરાતના રાહબર અને સમગ્ર વિશ્વમાં જેમણે સદભાવનાની સુવાસ ફેલાવી છે એવા ગુજરાત રાજ્યના આદરણીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વમાં શિક્ષણ ક્ષેત્રે એક ભગીરથ યજ્ઞ થઇ રહ્યો છે. માનનીય અધ્યક્ષશ્રી, જેમાં કન્યા કેળવણી શાળા પ્રવેશત્સવ દ્વારા આજે સમગ્ર દેશનું ધ્યાન ગુજરાત તરફ કેન્દ્રિત કર્યું છે. પૂરક માગણીઓમાં જેમાં શિક્ષણ વિભાગ અંતર્ગત ચાલુ વર્ષમાં મોંઘવારી ભથ્થાના દરમાં થયેલો વધારો તેમજ છઠ્ઠા પગાર પંચના અમલને મંજૂરી અને અન્ય આનુષાંગિક ખર્ચને પહોંચી વળવા માટે રૂપિયા ૪,૪૦,૦૦૦ની જે વધારાની આવશ્યકતા છે એ અંગે વધુ થયેલ ખર્ચની પૂરક માગણી નંબર ૮ને હું મારું અનુમોદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આજે મને મહાત્મા જ્યોતિરામ ફૂલે, ડો.બાબાસાહેબ આંબેડકર અને અમારા રાજકોટ જિલ્લાના ગોંડલના મહારાજા સંગ્રામસિંહજીની યાદ આવે છે કે જેઓએ તેમના વખતમાં સ્ત્રીઓને માન સન્માન મળે અને શિક્ષણ માટે થઇને અથાગ પ્રયત્નો કર્યા હતા એ વાત આપણે ઇતિહાસના પાના ઉપર વાંચીએ છીએ. એજ રીતે અત્યારે ગુજરાત રાજ્યના આદરણીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીના માર્ગદર્શન દ્વારા અને શિક્ષણ વિભાગ દ્વારા આ એક ભગીરથ યજ્ઞ શિક્ષણ માટે થઇ રહ્યો છે એ વાત જે શિક્ષણ માટે થઇ રહી છે એ ઇતિહાસમાં સુવર્ણ અક્ષરે લખાશે. મારે આજે આ વાત અહીંયા એટલા માટે કરવી પડે છે કે જેમના હૈયે ગુજરાતનું હિત છે એવા પ્રજા વત્સલ મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી કે જેઓ કહે છે કે આ દેશની ભાવિ પેઢી આ દેશનું ભવિષ્ય આપણે જેમના હાથમાં સોંપવાનું છે એમનું શ્રેષ્ઠ ઘડતર શિક્ષણ

દ્વારા જ થઇ શકે છે. માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજયમાં શિક્ષણ માટે થઇને જ્યાં જ્યાં શાળાઓમાં ઓરડાની ઘટ પડતી હતી ત્યાં નવા ઓરડા બનાવવામાં આવ્યા, જ્યાં શાળામાં ભૌતિક સુવિધાની ઉણપ હતી ત્યાં ભૌતિક સુવિધાઓ ઉભી કરવામાં આવી અને જ્યાં શાળામાં શિક્ષકોની ઘટ હતી ત્યાં નવા શિક્ષકોની ભરતી કરવામાં આવી. કહેવાય છે કે ૨૧ મી સદી જ્ઞાન વિજ્ઞાન અને ટેકનોલોજીની સદી છે ત્યારે ગુજરાતનો કોઇ વિદ્યાર્થી અંગ્રેજી, ગણિત કે વિજ્ઞાનમાં પાછળ ન રહી જાય, નબળો ન રહી જાય તે માટે થઇને પારદર્શક વહીવટ દ્વારા મેરિટના લિસ્ટ પ્રમાણે અને શાળાઓમાં પસંદગી પ્રમાણે શિક્ષકોની ભરતી કરવામાં આવી એ ગુજરાત રાજ્યની ઐતિહાસિક કહી શકાય એવી ઘટના છે. માનનીય અધ્યક્ષશ્રી, એક સમય એવો પણ આપણે સૌ જોયો છે કે ક્યારે શિક્ષકોની ભરતી થતી એની કોઇને પણ ખબર ન પડતી પરંતુ આજે પારદર્શક વહીવટ દ્વારા શિક્ષકોની ભરતી થઇ રહી છે ત્યારે આદરણીય મુખ્યમંત્રીશ્રી અને શિક્ષણ વિભાગને હું ખૂબ ખૂબ અભિનંદન આપુ છું. માનનીય અધ્યક્ષશ્રી, અત્યાર સુધીમાં ૧,૩૩,૦૧૮ વિદ્યાસહાયકોની ભરતી કરવામાં આવી. ગણિત, વિજ્ઞાન અને અંગ્રેજીના શિક્ષકોની ભરતી કરવામાં આવી. ગુજરાત રાજ્યમાં કન્યા કેળવણી અને શાળા પ્રવેશોત્સવના માધ્યમથી બાળકોને શાળામાં પ્રવેશ કરાવવામાં આવે છે એ વખતે આપણે સૌ જાણીએ છીએ કે અત્યાર સુધીના ઇતિહાસમાં એવું ક્યારેય નહીં બન્યું હોય કે કોઇ રાજ્યના મુખ્યમંત્રી છેવાડાના ગામડામાં જઇ અને બાળકના માતા પિતાને બે હાથ જોડીને ભીખ માગે અને વિનંતી કરીને કહે કે હું તમારી ભીખ માગવા આવ્યો છું ભીખમાં બીજું કઇ નહીં પરંતુ તમે તમારા બાળકને શાળામાં પ્રવેશ કરાવો અને એને પૂરેપૂરું શિક્ષણ અપાવો આવું અત્યાર સુધીના ઇતિહાસમાં ક્યારેય નથી બન્યું અને આ ભગીરથ કાર્યમાં મુખ્યમંત્રીશ્રીની સાથે તેમના મંત્રીશ્રીઓ, ધારાસભ્યશ્રીઓ, અધિકારીઓ સૌ સાથે મળીને ઉનાળાના ધખધખતા તાપમાં જાય છે અને આ ભગીરથ કાર્યને સફળ બનાવવા માટે થઇને શિક્ષણ માટે થઇને સૌ સાથે મળીને સૌનો સાથ સૌનો વિકાસ એ સુત્રને સાર્થક કરી રહ્યા છે. શિક્ષણ માટે

થઇને ગુજરાતમાં સોએ સો ટકા શિક્ષણનો દર ઉંચો આવે, શાળામાં સોએ સો ટકા નામાંકન થાય એ માટે થઇને આ પ્રયાસો થઇ રહ્યા છે. ૨૦૦૦-૦૧માં ધોરણ ૧ થી ૫ માં ૨૦.૯૩ ટકા હતો તે આજે ૨૦૧૦-૧૧માં ઘટીને ૨.૦૯ ટકા થયો છે. ૨૦૧૦-૧૧માં ધોરણ ૧ થી ૭માં ૩૮.૯૨ ટકા હતો તે આજે ૨૦૧૦-૧૧માં ઘટીને આશરે ૭ ટકા થયો છે અને એ રીતે આજની પૂરક માગણીઓને સમર્થન આપીને મારી વાત પૂરી કરું છું.

**શ્રી અભેસિંહ મો. તડવી(સંખેડા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી વજુભાઇ વાળા સાહેબ માગણી નંબર -૧૩ રૂપિયા ૩૯૪ કરોડની જે લઇને આવ્યા છે એના સમર્થનમાં મારા વિચારો રજૂ કરવા ઉભો થયો છું.

૨૦૧૧-૧૨માં આયોજન બહાર ૩૭૪ કરોડ રૂપિયાની પૂરક માગણીઓ અલગ અલગ હેતુઓ માટે આવેલ છે જેમાં જીઆરસીસી કોમ્પેન્સેશન, એફ.પી.એ. પચાસ કરોડ, વોટર વર્કસ માટે ૨૪ કરોડ. ૨૦૧૧-૧૨ના આયોજનમાં ઝુંપડપટ્ટી માટેની લાઇટ અંગે ૨૦ કરોડ રૂપિયાની જે માગણી છે એમાં ગામડાંના ઝુંપડપટ્ટીના લોકોને લાઇટ મળી શકે એ માટે છે. આ ગુજરાતમાં જ્યારથી આ માનનીય મુખ્યમંત્રી આવ્યા છે ત્યારથી આ લાઇટો મળી છે ૧૯૯૫ પહેલાંની વાત કરું છું પહેલાં ગામડામાં લાઇટની કોઇ વ્યવસ્થા નહોતી એ લોકો જાણે જ છે એમના પેટમાં જે આગ બળે છે એનું કારણ એ છે કે મુખ્યમંત્રીશ્રીએ આદિવાસીઓમાં દીવો પ્રગટાવ્યો છે, તમે ખોટી જે રજૂઆત કરો છો એ સદંતર ખોટી છે. ગુજરાતના મુખ્યમંત્રીશ્રીએ કુવાઓ માટે પણ લોન આપી છે, એને માટેની પણ વીજળીની યોજના દાખલ કરી છે. પેટા પરાંની જે યોજના છે, ગામે ગામ પેટા પરાંમાં ડુંગર ઉપર રહેતો હોય, ખેતરમાં રહેતો હોય ત્યાં એનું ઘર આવેલું હોય એમાં પણ મુખ્યમંત્રીશ્રીએ પેટા પરાંની યોજના બહાર પાડીને આ વીજળી ગામેગામ આપી છે. તમે બધા જાણો છો પણ તમને બધાને સદભાવના આવડતી નથી. સદભાવના મિશન હેઠળ મુખ્યમંત્રીશ્રીએ કામ કર્યું છે, વરસોથી તેમણે સેવા કરી છે, પણ કોંગ્રેસના લોકોને ગમતું નથી કારકણ કે હવે એમને એમ થાય છે કે અમારી જોડે સત્તા આવવાની નથી એક દાખલો આપું છું. આ ગૃહમાં જ્યારે આદિવાસી સમાજના ધારાસભ્ય અને સ્પીકર

સાહેબ પણ બેસતા હોય ત્યારે આદિવાસી સભ્યશ્રીઓ અત્યારે એમની સામે જે આક્ષેપબાજી કરે છે એને પણ હું આદિવાસી સભ્ય તરીકે ધિક્કારું છું. અમે પણ અભ્યાસુ છીએ, તમે પણ અભ્યાસુ છો. આ ગૃહની સભ્યતા કેવી રીતે જાળવવી જોઇએ એનો પોતે વિચાર કરવો જોઇએ. અમે ડોબા માણસ નથી અમે પણ અભ્યાસુ જ છીએ. અમે પણ વહીવટમાંથી આવ્યા છીએ આ ગુજરાતના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી આ લોકોની સેવા માટે ગામે ગામ કામ ફરે છે. લોકોને પાણી આપે છે.

અધ્યક્ષશ્રીઃ આપ પ્લીઝ પૂરક માગણી પર જ વાત કરો.

શ્રી અભેસિંહ મો. તડવી : હું માગણી પર જ વાત કરું છું. આ લોકોને ગમતું નથી. અમારી સરકાર કામ કરી રહી છે એ માટે *(xxxx) એ હકીકત છે.

## પોઇન્ટ ઓફ ઓર્ડર

### શબ્દો દૂર કરવા અંગે

**શ્રી પરેશભાઇ ગો. વસાવા** : માનનીય અધ્યક્ષશ્રી, સમગ્ર આદિવાસી ધારાસભ્ય તો અમે છીએ જ, તેમનું પણ અમને માન છે. પરંતુ તેઓ જે બોલ્યા કે અમે આદિવાસીઓ છીએ, અમે (xxxx)નથી. અમે *(xxxx) (xxxx)તે શબ્દો રેકોર્ડ જોઇને દૂર કરવા વિનંતી.

અધ્યક્ષશ્રી : હું રેકર્ડ જોઇને શબ્દો દૂર કરીશ, આપ બેસી જાવ પ્લીઝ.

શ્રી અભેસિંહ મો. તડવી : માનનીય અધ્યક્ષશ્રી, આ લોકો મરઘા-બતકાની લોનમાં બધા પતી જવાના છે. હજુ આજે પણ કહું છું આ વિસ્તારની અંદર હું આંકડા લઇને આવ્યો છું હું ખોટી વાત કરતો નથી આ સરકારે કામ કર્યુ છે વડોદરા જિલ્લાની વાત કરું છું ૫૫૮ ગામોની અંદર પેટાપરામાં વીજળીકરણ આપ્યું છે. અત્યાર સુધીનો પચાસ વર્ષનો ઇતિહાસ જોઇ જુઓ તો એક પણ ગામમાં વીજળી નહોતી અને શકય હોય તો ચાલો મારી સાથે આપણે ગામે ગામ જઇએ અને લોકોને પૂછીએ કે આ યોજના કયારે આવી છે ? અને કયારે આપ્યું છે ? સત્ય એ સત્ય જ હોય છે સત્યની સામે અસત્ય ચાલતું નથી. ગાંધીજીની વાત કરનારા લોકોએ શીખવું જોઇએ કે આદિવાસી વિભાગ માટે આટલા બધા પૈસા આપ્યાં છે ત્યારે પેટાપરાની વીજળીકરણની વાત હોય, એના કૂવાઓના વીજળીકરણની વાત હોય, મારા વિસ્તારની વાત કરું તો ત્યાં કાટકૂવા નામનું ગામ છે અને તેની અંદર ૨૮ મકાનો આવેલાં છે. આ ગામ ત્રણ કિલોમીટરની ઉંચાઇએ આવેલું છે જે હનુમાનદાદાના મંદિરની બાજુમાં એને લગભગ ૩૫ લાખ રૂપિયાના ખર્ચે ૫૦૦ થાંભલા ત્રણ કિલોમીટરે નાંખ્યા છે. આ સરકારને અભિનંદન એટલા માટે આપવા જોઇએ, સૌરભભાઇને કે આ સરકારે આદિવાસીઓ માટે કામ કર્યુ છે ગુજરાતના મુખ્યમંત્રીએ પણ કામ કર્યુ છે. આ સત્ય પૂરાવાઓ છે. નસવાડી તાલુકાના ગામોમાં જઇએ, છોટા ઉદેપુર તાલુકાના ગામડાંમાં આજે લગભગ ચાર ગામોની અંદર સંપૂર્ણ વીજળીકરણ થયું છે. આવા ગામોની અંદર જયારે આ યોજનાનો ખર્ચ થાય અને તેના માટે માગણી લઇને આવે તેમાં કંઇ વાંધો ખરો ? (અંતરાય) આ ગૃહને મારે વાત કરવી છે કે આપણે વિકાસની વાતો કરવા આવ્યાં છીએ, આપણને પ્રજાએ ચૂંટયા છે તો સાચી દિશામાં આગળ આવો અને સાચી વાત કરો. જૂઠ્ઠું હંમેશા ચાલવાનું નથી, લોકો સમજી જવાના છે કે આવનારા દિવસોની અંદર અહીંયા પચ્ચીસ પણ થઇ જાય એનો પણ ખ્યાલ રાખવો પડશે. પહેલાં ખૂબ કામ થતું હતું અને આજે પણ ગામે ગામ તમે જાવ હા, કદાચ કામની અંદર કોઇ ડીલે થશે પણ ડીલે થયું નથી તેનું કામ થયું છે. મારા તાલુકાની અંદર ૨૫૮ લોકોને વીજળીકરણનું સંપૂર્ણ કામ થયું છે. અમે ગામે ગામ જઇને પૂછીએ છીએ કે ભાઇ તમે મીટરના પૈસા ભરેલા હતા ? તો કહે હા. તો કહે તમને લાઇન મળી ગઇ, મીટર મળી ગયું ? તો કહે હા. અમે જાતે જઇને આ કામ

* (xxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

કરીએ છીએ તો આપણને લોકોની સેવા કરવાનું એક માધ્યમ મળ્યું હોય તો અને માનનીય મંત્રીશ્રી કોલસાનો જે ભાવ વધે છે તેને કેન્દ્રની સરકારમાં તમે કહો કે આ સદભાગ્ય ત્યાં આપો અને તેના લીધે આ ભાવ વધારો થાય છે. ગરીબી દૂર કરવાનું કામ આ દિલ્હીવાળા જ કરે છે અને આ બધા પતી જવાના છે ભાઇ. માનનીય અધ્યક્ષશ્રી, આ જે માગણી લઇને આવ્યાં છે તેને સમર્થન આપી અને મારી વાત પૂરી કરૂં છું.

**શ્રી વસંતકુમાર પ. ભટોળ(દાંતા) :** માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી માગણી ક્રમાંક પાંચ જે લઇને આવ્યાં છે તેમાં મારા વિચારો રજૂ કરૂં છું.

માનનીય અધ્યક્ષશ્રી, મહેસૂલી સદર ક્ષેત્રે ૧૫૮ કરોડ ૬૫ લાખ, ૬૧ હજાર સામે આયોજન બહાર મહેસૂલી સદરે ૧ કરોડ ૨૮ લાખ ૩૦ હજાર, વધારાની જરૂરિયાત અને ૫ લાખ,૫૦ હજારની જરૂરિયાત જણાતાં ટોટલ ૧ કરોડ ૩૩ લાખ ૮૦ હજારની વધારાની જરૂરિયાત જે લઇને આવ્યાં છે તેમાં મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, મારે આ ગૃહનું ધ્યાન દોરવું છે કે, સહકારની જે પ્રવૃત્તિ હતી તે સમગ્ર ભારત દેશની અંદર ૧૯૦૪થી ચાલતી આવેલી પ્રવૃત્તિ છે. ૨૫–૩–૧૯૦૪ના રોજ હિન્દના ગવર્નર જનરલે આ સહકારી પ્રવૃત્તિની સ્થાપના કરી હતી. દુનિયામાં ૧૮૪૪થી આ સહકારી પ્રવૃત્તિ ચાલતી હતી. ભારત કૃષિપ્રધાન દેશ છે. કૃષિમાં જે સહકારી પ્રવૃત્તિ ચાલે છે અને ખાસ કરીને ગુજરાતમાં જે સહકારી પ્રવૃત્તિ ચાલે છે એના તરફ ધ્યાન આપીએ તો દેશમાં ૫ લાખ ૫૦ હજાર સહકારી મંડળીની સ્થાપના થઇ છે. ૨૩ કરોડ સભ્ય સંખ્યા આ મંડળીઓમાં છે. ખેતી વિકાસ માટે ૪૬.૧૫ ટકા ખેત ઉત્પાદન માટે કૃષિ ધિરાણ પણ આ મંડળીઓ દ્વારા કરવામાં આવે છે. અત્યારે ગુજરાતની અંદર સહકારી મંડળીઓ ૬૪ હજાર કરતા પણ વધારે કાર્યરત છે. ગુજરાતના ૧૮ હજાર ગામો પૈકી ૧૬૭૫૧ ગામડામાં આ સહકારી પ્રવૃત્તિ ચાલે છે. દેશના કુલ મહિલા સભાસદો પૈકી ૭.૮૪ ટકા સહકારી પ્રવૃત્તિમાં જોડાયેલા છે અને સમગ્ર ભારતમાં ૨૦.૨ ટકા હિસ્સો ધરાવી સમગ્ર દેશમાં વધારેમાં વધારે મહિલા સભાસદો ગુજરાતમાં છે. જે આપણા સૌના માટે ગૌરવની વાત છે. દેશની અંદર રૂરલ કમિશનની સ્થાપના કરવામાં આવી હતી. એણે કહેલું કે જો સહકારી પ્રવૃત્તિ નિષ્ફળ જાય તો ગ્રામીણ ભારતની આશા અને આસ્થા નિષ્ફળ જશે એવો ઉલ્લેખ કર્યો હતો. જે એમણે ભારત સરકારમાં પણ રજૂ કર્યો હતો. સરકારની મુખ્ય ભૂમિકા સહકારી પ્રવૃત્તિને વેગ આપી આર્થિક અને સામાજિક પ્રવૃત્તિને વેગ આપવો અને સમરસતાનો ભાવ કરવો.

માનનીય અધ્યક્ષશ્રી, જો આપણે ભારતના તમામ રાજયોની વાત કરીએ તો સહકારી પ્રવૃત્તિ દિન પ્રતિદિન ઘટતી જાય છે અને બંધ થતી જાય છે. જયારે ગુજરાત દેશ અને દુનિયામાં નામના પ્રાપ્ત કરીને આ બાબતમાં મોખરે છે. આપણા સૌના માટે આ બાબત આનંદ અને ગૌરવ અપાવનારી છે. છેલ્લા એક દાયકામાં આજે જે સહકારી પ્રવૃત્તિ દેશ અને દુનિયામાં વિકસી છે એમાં ગુજરાત રાજયએ પ્રગતિશીલ અને કુશળ નેતૃત્વ પૂરું પાડ્યું છે. તે માટે અમારા આદરણીય નેતા અને મારા જેવા અનેક યુવાનોના આદર્શ અને વૈચારિક મૂલ્યોને જીવનશૈલી બનાવનાર ગુજરાત રાજયના મુખ્યમંત્રીશ્રીને હું લાખ લાખ અભિનંદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, સહકારી પ્રવૃત્તિને જે વેગ મળ્યો છે, એમાં સરકારે જે મહત્વનું કાર્ય કર્યું છે તે પ્રશંસનીય છે. આજે આપણે જાણીએ છીએ કે દેશ અને દુનિયામાં ભારતે દૂધ ક્ષેત્રે સૌથી વધારે નામના પ્રાપ્ત કરી છે. તે માટે સૌથી મોટું પરિબળ જો કોઇ ભાગ ભજવતું હોય તો તે આપણું ગુજરાત રાજય છે.

માનનીય અધ્યક્ષશ્રી, બજેટમાં કૃષિ વિકાસ ક્ષેત્ર મહત્વનું પરિબળ રહ્યું છે. અલગ અલગ યોજનાઓ અંતર્ગત ૬ હજાર કરોડ કરતા પણ વધારે રકમ બજેટમાં ફાળવેલ છે. આના ઉપરથી ફલિત થાય છે કે સરકાર કૃષિ અને કૃષિના ઋષિઓ માટે છે. ગુજરાતમાં ડેરી ઉદ્યોગનો ખૂબ સારો વિકાસ થયો છે. પશુપાલનને પણ ખૂબ સારું પ્રોત્સાહન મળ્યુ છે. ગામડામાં રહેતા નાનામાં નાના અનુસૂચિત જાતિ, જનજાતિ કે આદિજાતિના લોકો અને મહિલાઓ પણ પોષણક્ષમ રીતે પગભર થયા છે અને આ પ્રવૃત્તિમાં જોડાયેલા છે. ગ્રામીણ નાગરિક બેંકો આર્થિક સ્થિતિની સમીક્ષા અને રાજય સરકારની જે પ્રવૃત્તિ ચાલે છે એમાં પણ આ સરકારે ખૂબ મહત્વના પ્રયત્નો અને અભિગમ હાથ ધરેલ છે. તેના લીધે આ સહકારી પ્રવૃત્તિને વેગ મળેલો છે. ગુજરાત રાજયની આ સરકારે ૭ ટકાના વ્યાજમાં ધિરાણ આપવાની યોજના અમલમાં મૂકી છે. કિસાન ક્રેડિટ કાર્ડ

મૂકયા છે. મંડળીઓમાં કોમ્પ્યુટરાઇઝેશન માટે પણ સહાય આપવાના પગલાં લીધાં છે. રાજયમાં દૂધના એકત્રિકરણ માટે ૧૧ જિલ્લામાં ૨૩.૩૯ કરોડ એટલે કે ૧૪ હજાર કરતાં પણ વધારે મંડળીઓને કોમ્પ્યુટરાઈઝેશન માટે ફીલીંગ યુનિટ મળે એવા પગલાં આ સરકારે ભર્યા છે. (અંતરાય) ભારત સરકારની વાત આપ કરો છો, પણ ભારત સરકારે શું આપ્યું છે અને શું નથી આપ્યું એ તમે જાણો છો. આ તો ગુજરાતની સરકારે કર્યુ છે. એમાં ભારત સરકારનો કોઇ હિસ્સો નથી. ગ્રામ્ય કક્ષાએ કૃષિ ધિરાણ મેળવવા માટે અને વૈદ્યનાથ પેકેજનુ; અમલીકરણ કરી અને ૨૫૩.૧૪ કરોડનું કૃષિ વિષયક ધિરાણ પૂરૂં પાડવા માટેની પુનઃસંગઠન યોજના અમલમાં મૂકેલ છે. રાજ્યમાં અસ્તિત્વ ધરાવતી ૨૦૭ એ.પી.એમ.સી. મારફતે આશરે ૧૬ હજાર કરોડ કરતાં પણ વધારે ખેત પેદાશોનું વાર્ષિક ધોરણે વેંચાણ કરી ખેડૂતો દ્વારા ઉત્પન થતા ખેત પેદાશોમાં વધુ સારા ભાવો મળે તે માટેનાં પ્રયાસો આ સરકારે કર્યા છે. રાજયની તમામ એ.પી.એમ.સી.માં ખેડૂતોને સારી સુવિધા પૂરી પાડવા માટે આધુનિકીકરણના પ્રયત્નો ચાલુ છે. વળી સોઇલ ટેસ્ટીંગ લેબૉરેટરીની સુવિધા ઉપલબ્ધ કરાવવાની કાર્યવાહી તેના આખરી તબક્કામાં છે. સહકારી ક્ષેત્રમાં પરંપરાગત ક્ષેત્ર સિવાયના ક્ષેત્રોમાં પ્રસાર થાય અને તેની ઈનોવેટીવ કામગીરી થાય તેના માટે તાલીમ શિબીરો યોજી જિલ્લામાંથી પાંચ પાંચ પ્રોજેકટ મેળવી ઘણા ખરા જિલ્લામાં નવતર ક્ષેત્રમાં મંડળીઓની નોંધણીની કાર્યવાહી પૂર્ણ કરવી, વગેરે મહત્વના પરિબળો હાથ ઉપર લીધા છે. ઉત્પાદકતા અને ખેડૂતોની આર્થિક સ્થિતિમાં સુધારો કરવાના હેતુસર કૃષિ વિષયક ધિરાણના સઘન પ્રયત્ન સ્વરૂપે ૨૦૦૬ થી અત્યાર સુધીમાં અમલમાં છે. અને લગભગ ૧,૧૫,૫૧૮ કરોડ રૂપિયાનું ધિરાણ ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે. માનનીય અધ્યક્ષશ્રી, કૃષિ વિષયક ધિરાણની પ્રગતિની પ્રક્રિયા ઝડપી બનાવવા માટે ખેડૂતોને સહકારી ધિરાણ માળખા દ્વારા કિસાન ક્રેડીટ કાર્ડ મળે તે માટે પણ આ સરકારે આયોજન કરેલ છે. નાશવંત ચીજ વસ્તુઓને લાંબા ગાળા સુધી જાળવી રાખી શકાય તે હેતુસર એ.પી.એમ.સી.માં કોલ્ડ સ્ટૉરેજ તથા ગોડાઉન રચવાની કામગીરી પણ મહત્વના ભાગ તરીકે સમાવેશ કરવામાં આવી છે. ૫૮૪ સમિતિઓ અને આદિવાસી વિસ્તારની ૧૫ હજાર સમિતિઓને આવરી લઇ ૨૦૭ એ.પી.એમ.સી. પૈકી ૩૪ બજાર સમિતિઓને સોઇલ ટેસ્ટીંગ....

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી, માનનીય ઇકબાલભાઇનો પોઇન્ટ ઓફ ઓર્ડર છે. અને આપનું પ્રવચન પૂરું થાય છે.

શ્રી ઇકબાલ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રવચનમાં તેઓ જે ઉલ્લેખ કરતા હતા એ વંચાણ કરીને કરતા હતા તે સંદર્ભમાં જ મારે પ્રશ્ન રેઇઝ કરવાનો હતો. એટલે હવે એ સવાલ રહેતો નથી.

**શ્રી કાંતિલાલ રા. લકુમ(બાવળા) :** માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણા મંત્રીશ્રી આ સભાગૃહ સમક્ષ જે માગણી ક્રમાંક ૧૩ લઇને આવ્યા છે તેને મારું સમર્થન આપું છું. આ માગણીઓની અંદર ઝૂંપડ પટ્ટીમાં વીજળીકરણ કરવા માટે જે માગણી કરી છે તેને સમર્થન આપું છું. શહેરી વિસ્તારો અને ગ્રામ્ય વિસ્તારોમાં જે ઝૂંપડપટ્ટી હોય તે ઝૂંપડપટ્ટીમાં વીજળીના મીટરો હોય નહીં અને તેના કારણે કોંગ્રેસના વખતમાં ત્યાં કેરોસીનના દીવાથી વિદ્યાર્થીઓ વાંચતા હતાં. અને તેના ધૂમાડાને કારણે રાત્રે આંખો બળતી એટલે તેઓ વાંચી શકતા નહીં અને સૂઇ જતા હતા. આજે વીજળી આવવાથી ગરીબનો છોકરો કે છોકરી અભ્યાસ કરી શકશે અને આગળ આવી અને અત્યારે એમના નંબરો પણ આવવા લાગ્યા છે અને કેટલાંક તો પહેલા નંબરે પાસ પણ થયા છે. આ ઝૂંપડપટ્ટી વાળા સારા માણસોને ત્યાંથી વાયરો ખેંચી અને વીજળી વાપરતા હતા અને જેટલી વીજળી વાપરી હોય તેના કરતા વધારે પૈસા ભરવા પડતા હતા. એમાંથી તેમને મુકિત અપાવી અને મફત મીટરો આપવામાં આવ્યા અને ગરીબી રેખાની નીચે જીવતા લોકોને તો દસ પંદર થાંભલા નાખવાના હોય તો પણ સરદાર આવાસ યોજનાના મકાનો હોય તે ગામથી દૂર હોય ત્યાં પણ સરકારે થાંભલાઓ નાખી અને મીટર આપી અને ગરીબોના ઘરમાં પંડિત દીનદયાળ ઉપાધ્યાયનું જે સ્વપ્ન હતું કે ગરીબોના ઘરમાં દીવો જલે, અને અજવાળા થાય તે સ્વપ્ન સાકાર કરવાનું માનનીય ઉર્જા મંત્રી અને માનનીય મુખ્ય મંત્રીશ્રીના અથાગ પ્રયત્નો થકી શકય બન્યું છે. અને ગરીબોના ઘર સુધી વીજળી પહોંચાડી છે. પીવાના પાણીની માનવી માટે અત્યંત જરૂરિયાત હોય છે. પહેલાના વખતમાં ગામડાંના સરપંચ આવે અને

કહે કે મારા ગામનું પાણીનું વીજળી કનેકશન કપાઇ ગયું છે. બોરનું કનેકશન કપાઇ ગયું છે. લોકો પાણી ભરવા માટે ખેતરોમાં અને બીજા લોકોના બોર ઉપર જઇ રહ્યા છે. અને પંચાયત પાસે આ બિલ ભરવાના પૈસા નહોતા. કારણ કે ગ્રામ પંચાયતની આવક ઓછી હોય છે. તેના કારણે તેઓ વીજળીના બિલના પૈસા ભરી શકતા નહોતા. આ સરકારે તમામ વારિગૃહોના બિલ સરકાર પોતે ભરે છે અને શહેરોમાં જે રીતે પાણી મળે છે તે રીતે ગામડાંઓને પણ સ્વચ્છ અને સારું પીવાનું પાણી મળતું થયું છે. આ વીજળી મોંઘી એટલા માટે થઇ છે કે *(xxxx) (xxxx)
એના કારણે આ વીજળી આપણને મોંઘી પડે છે.

અધ્યક્ષશ્રી : પૂરક માગણીઓમાં જેનો ઉલ્લેખ નથી એનો ઉલ્લેખ ન કરો. એ શબ્દો હું કાઢી નાખું છું.

શ્રી કાંતિલાલ રા. લકુમ : વીજળી મોંઘી પડે છે એના કારણે પૂરક માગણીઓ લઇને આવવું પડયું છે. ખેડૂતોને ખેતરોમાં વીજળી આપવામાં આવે છે એની અંદર ખેતરમાં પિયત કર્યા પછી રાત્રે ત્યાં રોકાવું પડતું હોય છે. આ રાત્રી રોકાણ દરમિયાન એને વીજળી જોઇતી હોય છે એના માટે સીંગલ ફેઇઝ વીજળી ખેડૂતોને ખેતરમાં મળી રહે એના માટે અલગ લાઇન કરીને આપવામાં આવે છે. ખેડૂતોને રાત્રે પણ વીજળી પૂરતા પ્રમાણમાં આવે છે, ૨૪ કલાક વીજળી ખેતરમાં કૂવા ઉપર મળે છે ત્યારે ૨૪ કલાક વીજળી એ લોકો વાપરે છે. એ જ રીતે ગામડાંની અંદર પણ ૨૪ કલાક વીજળી મળી રહે છે એના લીધે નાના મોટા ઉદ્યોગ ધંધા ચાલે છે એનો ફાયદો નાના કારીગરોને થાય છે એ ગામડાંમાંથી શહેર તરફ આવતો અટકયો છે. એ ગામડાંમાંથી જ રોજગારી મેળવી લે છે.

અનુસૂચિત જાતિના લોકો ઝૂંપડપટ્ટીમાં રહે છે એવા લોકોને સન ૨૦૦૭ થી ૨૦૧૨ સુધીમાં ૮૭ હજાર જેટલા કનેકશનો આ સરકારે આપ્યા છે, નવા વીજ જોડાણો આપ્યા છે. સાત થી બારની અંદર ગરીબી રેખા નીચે જીવતા કુટુંબો છે એને મફત વીજજોડાણ આપીને ૭ લાખ ૪૮ હજાર ૧૫ જેટલા કનેકશનો મફત આપ્યા છે. ૪૮ હજાર ઝૂંપડામાં વીજ કનેકશનો આપવાનું આયોજન છે. અમે એ અંગે મિટિંગ કરીએ છીએ ત્યારે કહીએ છીએ કે કોના ઘરમાં વીજળી નથી એની યાદી લેવા બેસીએ તો શોધવા પડે છે એવા ગરીબોના ઘરમાં દીવો પ્રગટાવનારી આ સરકારે એના ઉદ્ધાર કરવા માટે એને રોજગારી આપવા માટે એના બાળકોને ભણાવવા માટે એના ઘરમાં માંદગી હોય તો એને પંખો મળી રહે તેવી સગવડ ઉભી કરી છે ત્યારે આ રાજય સરકારમાં ટેન્કરો ચાલતા નથી, અગાઉ એમાં મોટી ખાયકી ચાલતી હતી એ ટેન્કર પ્રથા દૂર કરીને આજે ગામડાંની અંદર બોરથી પાણી મળી રહે તેવી વ્યવસ્થા આ સરકારે ગોઠવી છે. એકબાજુ વિનામૂલ્યે વીજકનેકશન મળે છે. અનુસૂચિત જાતિના લોકો હોય તો અંગભૂત યોજનામાંથી મફત મીટર આપવામાં આવે છે એટલું જ નહિ એનું મકાન દૂર હોય પાચ સાત થાંભલા નાખવાના હોય એનો ખર્ચ પણ સરકાર ભોગવે છે અને એ રીતે એના ઘરમાં વીજ કનેકશન આપવામાં આવે છે. માનનીય મંત્રીશ્રી જે પૂરક માગણીઓ લઇને આવ્યા છે એને હું મારું સમર્થન આપું છું.

અધ્યક્ષશ્રી : માનનીય વજુભાઇ.....

શ્રી ઇકબાલ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી પગારનું મહેકમ લઇને એસ્ટાબ્લીસમેન્ટ આવ્યા છે ત્યારે બધા સભ્યશ્રીઓમાં મૂંઝવણ છે ત્યારે હોઇકોર્ટે જે ડિકટેશન પગાર વધારવા માટે આપેલ છે ફિકસ પગારને બદલે પગાર વધારવા માટેના અને ત્યાર પછી સરકારે ઉપલી કોર્ટમાં અપીલ કરેલ છે એટલે રાજયની અંદર કર્મચારીઓની અંદર એક લાગણી ઉભી થઇ છે. આપણે કોર્ટના ચૂકાદા મુજબ આપવા માગીએ છીએ કે કેમ?

* (xxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

અધ્યક્ષશ્રી : માનનીય ઇકબાલભાઇ, એ કોર્ટ મેટર છે. ચૂકાદો આવ્યા બાદ એની ચર્ચા કરજો.

**શ્રી વજુભાઇ વાળા ( નાણામંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, કોર્ટ પાસે કલેરિફિકેશન માગ્યું છે એ આવ્યા પછી આપણે વિચાર કરી શકાય. જજમેન્ટમાં એમની ડયૂટી રહી છે. આપણે એની સ્પષ્ટતા માગી છે. આપણે માનનીય ઇકબાલભાઇ, એટલું કહી શકાય જે પહેલા ૨૫૦૦, ૩૫૦૦ હતા એના બદલે ઘણો પગાર વધારી દીધો છે. પગાર પંચ છે એનો બૈઝિક પે હોય એ પ્રમાણે સુપ્રિમ કોર્ટનું જૂનુ જજમેન્ટ આવ્યું હતું એ પ્રમાણે આપવાનું આપણે ફિકસ પે વધારી દીધો છે. એ ફિકસ પે, પે ગ્રેડ કે છઠ્ઠુ પગાર પંચ એના માટે જજમેન્ટમાં સ્પષ્ટતા નહોતી, આ મેટર સબજયુડીશ છે આપણે કોઇપણ કર્મચારીનું શોષણ કરવા નથી માગતા એટલી ખાતરી રાખજો. માનનીય અધ્યક્ષશ્રી, આજે હું જે જુદી જુદી પાંચ પૂરક માગણીઓ લઇને આવ્યો છું એમાં કુલ પૂરક માગણીઓ ૫૦૪૯ કરોડ રૂપિયાની છે. એમાંથી આજે પાંચ માગણીઓ છે એ રૂ.૪૮૫.૪૫ કરોડની છે અને અને એ પૂરક માગણીઓની અંદર આયોજન હેઠળની માગણીઓ રૂ.૬૪.૦૦ કરોડની છે અને આયોજન બહારની માગણીઓ રૂ.૪૨૧.૦૦ કરોડની છે. એટલે કે, ૪૮૫ કરોડમાંથી ૪૨૧ કરોડ એ આયોજન બહારની છે અને ૬૪.૬ કરોડ એ આયોજન હેઠળની છે અને એ કયાંક કન્સ્ટ્રકશન માટેની હોય અથવા નવી પોસ્ટ ઉભી કરી હોય, એને પગાર આપવાનો હોય એ શરૂઆતમાં આયોજનમાં આવે અને પછી એ આયોજનની અંદર આવી જાય. ૪૬૮.૮૩ કરો છે એ મૂડી માટેની માગણી છે એ ફક્ત ૧૬.૬૨ કરોડની માગણી છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું પહેલાં ઉર્જા અને પેટ્રોલિયમ વિભાગ માટેની માગણીની વાત કરીશ. જે ૩૯૪ કરોડની છે. આ માગણીની અંદર ૩૦૦ કરોડ રૂપિયા એ જર્કને કોમ્પનસેશન આપવાનું છે એના છે. આ જે ખેડૂતો વીજ વપરાશ કરે છે એ વીજ વપરાશ પાણીના જે ભાવ પડે છે એના કારણે એનો અનેકમો ભાગ ખેડૂતો પાસેથી લઇએ છીએ અને વધારાનો ભાગ છે એ જીઇબીને ચૂકવવાનો છે જે જર્કે કહ્યું છે કે આપણે ખેડૂતોને આઠ કલાક વીજળી આપીએ છીએ. પણ જ્યારે ખેડૂતો પાસેથી ખરેખર ૭.૫ હોર્સપાવર સુધી એક હોર્સપાવર માટે ૬૫૦ રૂપિયા લઇએ છીએ એટલે કે આપણે ૬૫૦ રૂપિયા આપણે વસૂલ કરીએ છીએ અને ખરેખર ખર્ચ ૨૧૦૦ રૂપિયા આવે છે. એટલે ૧૪૫૦ રૂપિયા પર હોર્સ પાવર આપણે ખેડૂતોને સબસીડી આપીએ છીએ અને ૭.૫ હોર્સપાવર કરતાં વધુ પાવર વાપરે તો એના પાસેથી આપણે ૮૦૭.૫૦ રૂપિયા લઇએ છીએ. એટલે કે ૮૦૭.૫૦ રૂપિયા પર હોર્સ પાવર લેતાં એના પર અંદાજે ૧૩૦૦ કરોડ રૂપિયા ઘટ આવે છે. એ પૈસા રાજય સરકાર વિદ્યુત બોર્ડને આપે છે. એટલે આ પ્રમાણે કોમ્પેન્સેશન જર્કે કર્યું છે. ખરેખર પડતર ભાવ અને વસૂલ કરતા ભાવનો તફાવત છે એ ખેડૂતોને સબસીડિ તરીકે આપવાની વાત છે. એમાં ૩૦૦ કરોડ રૂપિયા જર્કને આપવા માટેની માગણી છે. આ ખર્ચ ફ્યુઅલ પરચેઝ એન્ડ પાવર પરચેઝ એડજેસ્ટમેન્ટની અંદર વધારો થયો છે, એ ભાવમાં વધારો થતાં હોય કે બીજી વસ્તુમાં વધારો થતાં હોય. આ વધારો આપણે પ્રજા ઉપર નથી નાખ્યો. એટલા માટે એડજેસ્ટમેન્ટ માટેના રૂપિયા રાજય સરકાર ભોગવે છે. બીજું ગ્રામ પંચાયતો છે એ ગ્રામ પંચાયતોના વીજળી માટેના બિલ છે એ ભરવા માટેની વાત છે. એની ચૂકવણી માટે થઇને પાવરના ભાવ વધ્યા હોય કે વધુ વપરાશ થયો હોય એ રાજય સરકારે ચૂકવવો પડે છે. ૨૪ કરોડ રૂપિયા પંચાયતોએ જે પાવર વાપર્યો છે એને સબસીડિ આપી છે, એ સબસીડિ માટેના પૈસા છે અને રાજ્ય સરકારની યોજના છે કે, દરેક ઝૂંપડાની અંદર ૧.૫ પોઇન્ટ અને ઇલેકટ્રીક કનેકશન આપ્યા છે. એમાં ૨૦ કરોડ રૂપિયા ઝૂંપડાના વીજળીકરણની વાત છે. એ રીતે ૩૯૪ કરોડ રુપીયા છે એ ઉર્જા અને પેટ્રોકેમિકલ વિભાગ માટેની મારી પૂરક માગણી છે. બીજી વાત છે એ ગૃહ વિભાગ ની છે ૭૩.૪૫ કરોડની, એમાં આયોજન હેઠળ માગણી ૨૭.૩૯ કરોડ છે. અને આયોજન બહાર ૪૬.૦૬ કરોડ છે. ૨૭ કરોડ છે એ નવી પોસ્ટો જે ઉભી થઇ એના પગાર અને ભથ્થા માટેની વાત છે. અને ૪૬ કરોડ છે એ મુખ્યત્વે પગાર ભથ્થા માટેની વાત છે. એજ રીતે જે કૃષિ અને સહકાર વિભાગ છે એની માગણી ફક્ત ૧.૩૩ કરોડ રુપીયા જ છે. એ નવા પગાર ભથ્થા માટે થઇને ૫.૫૫ લાખની જ માગણી છે. અને જે જૂના પગાર માટે ૧.૨૮કરોડ છે એટલે એ પ્રમાણે ૧.૩૩ કરોડ છે એ કૃષિ અને સહકાર વિભાગની છે. જે શિક્ષણ વિભાગની માગણી છે

એ પગારભથ્થા માટેની છે અને એ ફકત ૪ લાખ અને ૪૦ હજારની માગણી છે. બહુ નાની માગણી છે. જે ઉદ્યોગ અને ખાણ વિભાગની માગણી છે અને જેમાં ખાસ કરીને ૧૬.૬૧કરોડ રૂપિયા એ મહાત્મા મંદિર માટે ત્યાં નવા ચણતર માટેની વાત છે. અને આયોજન બહાર એક હજાર રુપિયા છે. કુલ ૧૬.૬૧ કરોડ રુપીયા થાય છે. આ જે માગણી છે એ વધારાના પૂરક માટેની માગણી છે. માનનીય સભ્યશ્રી અર્જુનભાઇએ ઘણી વાત કરી કે મહાત્મા મંદિર એ શું કોઇની માનીતી કંપની છે કે એના માટે જ આપે છે એ? બીજી વાત કરી કે આ ઉદ્યોગપતિઓને મદદ કરવા માટે મહાત્મા મંદિરનો ઉપયોગ થાય છે. મહાત્મા મંદિરની ઉપયોગિતા એટલે પૂજ્ય મહાત્મા ગાંધીજીએ આ દેશને જે વિચારો આપ્યા છે એ નહીં એમણે જે જીવન જીવીને બતાવ્યું છે, પોતાના વિચારો પ્રમાણે એમણે કર્મો કર્યા છે. અને એમના કર્મો જેને આપણે કહીએ કે અહિંસા અને અપરિગ્રહની વાત કરનાર મહાત્મા ગાંધીજીએ ગરીબમાં ગરીબ માણસને નજર સમક્ષ રાખી જે કાર્ય કરેલું અને એમના ઉમદા વિચારો છે એ ગુજરાત રાજયમાં જ નહીં આખા રાષ્ટ્રમાં પ્રસ્થાપિત થાય એ આશયથી મહાત્મા મંદિરનું નિર્માણ કરવામાં આવ્યું છે. અને આજે એ રીતે કહેવામાં આવે છે કે મહાત્મા મંદિરનો ઉપયોગ ઉદ્યોગપતિઓ માટે સેમિનાર કરવા માટે થાય છે એવું નથી. એ મહાત્મા મંદિરનો ઉપયોગ હમણા જ આપણા પૂર્વ રાષ્ટ્રપતિશ્રી અબ્દુલ કલામજી આવ્યા હતા અને આપણે ૧૫૦મી સ્વામી વિવેકાનંદ જયંતિ ઉજવી છે ત્યારે જે સ્વામી વિવેકાનંદજીના વિચારો છે એ યુવાનો ગ્રહણ કરે એટલા માટે આખા રાજયમાંથી યુવાનોને ભેગા કરી અને ત્યાં એમને આપણા પૂર્વ રાષ્ટ્રપતિનું પ્રવચન પણ કરાવ્યું હતું એટલે સ્વામી વિવેકાનંદના વિચારોને વધુ મજબૂત કરવા માટે થઇ એક એક યુવાન એમના જીવનમાંથી પ્રેરણા લઇ જીવન જીવે અને રાષ્ટ્રને સમર્પિત થાય એવા ભાવથી આનો ઉપયોગ કર્યો હતો. બીજું આખા હિન્દુસ્તાનની અંદર અને શ્રમ રોજગારી ક્ષેત્રે વધુમાં વધુ રોજગારી આપનાર જો કોઇ રાજય હોય તો એ ગુજરાત રાજય છે. અને આવા ગુજરાત રાજયની અંદર આખા હિન્દુસ્તાનની અંદર કૌશલ્યવર્ધન કેન્દ્રો કરનાર આપણે છીએ અને એના કારણે લાખો યુવાનો અને યુવતિઓને આજે તાલીમ મળે છે અને તાલીમ મળ્યા પછી રોજગારી પણ મેળવે છે પરંતુ આ જે આપણે આટલા બધા મોટા માસને શિક્ષણ આપવા માટેની તાલીમ આપવા માટે થઇને આપણે જે તાલીમ સ્ટાફ જોઇએ એવા સ્ટાફની આશરે ૨૫હજારની ભરતી કરી હતી ત્યારે આવા લોકોને ઓર્ડર આપવા અને તમારી જે ભરતી કરી છે એ આખા રાષ્ટ્રના વિકાસ માટે થઇને અને આપણા રાજયની અંદર યુવાનોને કૌશલ્ય વધે એવી સદભાવનાથી એ લોકોને એક જાતનો વિચાર આપવા માટે થઇને કે તમે ફકત કર્મચારી નથી તમે હવે અનેક લોકોને શિક્ષણ આપી અને એમના જીવનની અંદરથી બેકારી દૂર કરશો એટલા માટે થઇને પણ ઓર્ડર આપવા માટે જ અહીંયા મહાત્મા મંદિરનો ઉપયોગ કર્યો હતો.

એ જ રીતે આ મહાત્મા મંદિરનો ઉપયોગ આપણે જે સરપંચો હતા એ આખા ગુજરાતના સરપંચોને બોલાવીને કહ્યું કે ગ્રામ્ય વિસ્તારની જે વિટંબણાઓ છે, જે મુસીબત છે એ દૂર કરવા માટે તમારે સહભાગી થવાનું છે. એટલા માટે થઇને આપણે એ રીતે કર્યું હતું. આપણે ફક્ત જે ઉદ્યોગો છે એના માટે જ આ મંદિરની વાત કરીએ છીએ એવું નથી. એના માટે થઇને આ માગણી હતી અને મહાત્મા મંદિરની વાત કરીને માનનીય સિદ્ધાર્થભાઇએ કહ્યું કે મહાત્માજી છે એ ત્યાં નહીં દિલમાં હોવા જોઇએ. વાત સાચી છે કે દિલમાં હોવા જોઇએ પરંતુ આખા હિન્દુસ્તાનના દિલમાં હોવા જોઇએ. અહીંયાના દિલમાં હોય અને ત્યાંના લોકોના દિલમાં ન હોય એવું ન હોય. મહાત્મા ગાંધીજી રેલવેમાં થર્ડ ક્લાસમાં મુસાફરી કરતા હતા. હું એટલું જ કહીશ કે મહાત્માજીએ કોંગ્રેસની સ્થાપના કર્યા પછી કોંગ્રેસ સત્તા પર આવી અને સત્તા પર આવ્યા પછી તે દિવસે પણ રેલવેનો થર્ડ ક્લાસનો ડબ્બો હયાત હતો પણ આ દેશના કયા વડાપ્રધાન કે કયા મંત્રીએ થર્ડ ક્લાસમાં મુસાફરી કરી એ કહો. મહાત્મા ગાંધીજીની વાત કરવી અને (અંતરાય) થર્ડ કલાસનો ડબ્બો જતો રહ્યો પણ થર્ડ ક્લાસ એવી કોંગ્રેસ હિન્દુસ્તાનમાં રહી. એનો કોઇ ક્લાસ જ નથી. મહાત્મા ગાંધીજી માટે થઇને એમ કહ્યું કે અમે જ એના અનુયાયી છીએ અને જો આપ અનુયાયી હોય તો મહાત્મા ગાંધીજી કહેતા હતા કે જ્યાં સુધી મારા દેશના ગરીબ માનવીના શરીર ઉપર પૂરતા પ્રમાણમાં કપડાં નહીં હોય ત્યાં સુધી હું એક ધોતી પહેરીને રહીશ. ઇકબાલભાઇએ કહ્યું કે ગાંધીજી ગોળમેજી પરિષદમાં એક ધોતી પહેરીને ગયા હતા અને કોંગ્રેસે આટલા વર્ષના શાસન બાદ આખા દેશને એક ધોતીભેર રાખ્યો છે, બીજું લુગડું રહેવા દીધું નથી. આજે ગરીબી અને

મોંઘવારીના ખપ્પરની પરિસ્થિતિમાં મહાત્માજીની વાત કરવી, વિચાર કરવો અને એ પચાવવો અને કોઇને બીજાને ઉપદેશ આપવાની જરૂર નથી. (અંતરાય) મહાત્મા ગાંધીજી એ રાષ્ટ્રપિતા તરીકે ઓળખાતા હતા અને એક પિતાને બે–ચાર સંતાનો હોય એમાં કાંઇ બધા સારા હોવા જોઇએ એવું નથી. એમાંથી એકાદો ૧ લાખ ૭૬ હજાર કરોડના ભ્રષ્ટાચારવાળો પણ ક્યાંક નીકળે, એને કાંઇ આપણે રોકી ન શકીએ. આ દેશમાં જ્યાં ઘઉંની ગુણી  હોય ત્યાં કાંકરા નીકળવાના છે. પણ આપને બહુ સ્પષ્ટ કહું કે કોઇપણ બાબતની ખરાબીને એક તરફ મૂકીને સારા ગુણો ગ્રાહ્ય કરવા માટે થઇને અને હજી હું પણ (અંતરાય) અહીંયા આ હાઉસમાં તમામ સભ્યોને કહું છું કે મહાત્મા ગાંધી મંદિરનો ઉપયોગ એ કોઇ ફંકશન કે મેળાવડો કરવા માટે નથી. વૈચારિક રીતે માણસ સદ્ધર થાય એ માટે ધારો કે સરપંચોને બોલાવીએ છીએ તો સરપંચનું કામ છે ગ્રામ્ય પ્રજાને ઉપયોગી થવાનું. અબ્દુલ કલામજીને બોલાવીને અમે કહ્યું કે તમે સ્વામી વિવેકાનંદજીના વિચારોની યુવાનોને પ્રેરણા આપો. રોજગારી માટે અમારા ઇન્સ્ટ્રકટરોને અમે કહેવા આવ્યા હતા કે તમે ફક્ત કર્મચારી નથી. તમે અનેક લોકોના જીવનને રોજગારી આપી શકો એવું શિક્ષણ આપનારા છો એ રીતે કાર્ય કરો. શ્રી બાબુભાઇએ વાત કરી કે અહીંયા  કલાકારોનું ને આ રીતે કરવાનું પણ જે રીતે હશે તે રીતે થશે.  આ મહાત્મા મંદિર છે એમાં કાલે સવારે કોઇ કહેશે કે લગ્નના રિશેપ્શન માટે આપો પણ એના માટે આ નથી. સારી વસ્તુ હશે એના માટે ચોક્કસ થશે. મહાત્મા મંદિર કોઇ આ તરફની પાર્ટીનું નથી. સામેવાળાનું અમે કાંઇ છીનવીને લઇ લીધું નથી. આપણા સૌનું સહિયારું છે, ગુજરાતની પ્રજાનું છે. ગુજરાતની પ્રજામાંથી કોઇ વ્યક્તિ  જે સૂચન કરશે એ સૂચન આવકાર્ય હશે એને સ્વીકારવા અમે આગળ ચાલીશું. બોલો બાપુ, નટવરસિંહ. એટલે માનનીય અધ્યક્ષશ્રી, આ જે મહેરબાની કરીને હું કહું કે મહાત્મા મંદિરને વિવાદમાં રાખ્યા સિવાય અમે એના વધુ ચણતરના વિકાસ માટે થઇને વાત કરીએ છીએ. બાકીના લોકો જે બોલ્યાં એનો પોલિટિકલ ઘણો જવાબ આપી શકાય એમ છે પણ એનો ચાર દિવસ પછી આપણે નિરાંતે રાખો. જ્યારે બજેટની જનરલ ચર્ચા થશે ત્યારે ચોક્કસ હું સાંભળીશ.

માનનીય અધ્યક્ષશ્રી, હું અહીંયા રહેલા તમામ માનનીય સભ્યશ્રીઓને કહું છું કે તેમની કાપ દરખાસ્ત છે એ પાછી ખેંચી લે. હજી કાંઇ ગેરસમજ થાતી હોય તો હું દૂર કરવા તૈયાર છું. આમાં એવી કાંઇ સૈદ્ધાંતિક બાબત નથી કે જેના માટે આપને કાપ દરખાસ્ત લાવવી પડે. આ જે કર્મચારીના પગારના ખર્ચ માટેની વાત છે અને મહાત્મા મંદિર માટે જો કાપ લાવતા હોય તો મારે કાંઇ કહેવાનું નથી. મહાત્મા મંદિર માટે જે કાપ દરખાસ્ત લાવશે એ આવતી ચૂંટણીમાં કપાઇ જવાના છે એ નિશ્ચિત વાત છે માટે માનનીય અધ્યક્ષશ્રી, મારી માગણીઓ પરની કાપ દરખાસ્ત સૌ પાછી ખેંચી લે અને માગણીને સમર્થન આપે એટલી વિનંતી કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૧ થી ૧૬ મત માટે મૂકવામાં આવી અને નામંજૂર કરવામાં આવી.**
**માગણી ક્રમાંક: ૧૩, ૪૩, ૪૯, ૫ અને ૮ મત માટે મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.**

**સભાગૃહનું કામકાજ બપોરના ૧૨.૫૨ વાગ્યે પૂરું થતાં સભાગૃહ અધ્યક્ષશ્રીના આદેશાનુસાર સોમવાર, તા.૫મી માર્ચ ૨૦૧૨ ના રોજ બપોરના ૧૨–૦૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.**

**ગુજરાત વિધાનસભા**
**સોમવાર, તા.૫ મી માર્ચ, ૨૦૧૨**
**ફાલ્ગુન ૧૫, ૧૯૩૩ શાકે**
**સભાગૃહ બપોરના ૧૨-૦૦ વાગ્યે મળ્યું**
**અધ્યક્ષશ્રી ગણપતભાઈ વસાવા અધ્યક્ષસ્થાને**

**અધ્યક્ષશ્રી** : ધોરણ ૧૦ અને ૧૨ ની પરીક્ષા આજથી શરૂ થઇ રહી છે ત્યારે પરીક્ષામાં બેસનાર તમામ વિદ્યાર્થીઓને ગુજરાત વિધાનસભા વતી હું ખૂબ ખૂબ શુભેચ્છા પાઠવું છું.

# તારાંકિત પ્રશ્નો

## આણંદ જિલ્લામાં જિલ્લા કક્ષાનું રમત સંકુલ બનાવવાના આયોજન

* **૨૬૦૩૮ શ્રી અમીતકુમાર ચાવડા (બોરસદ)** : **માનનીય રમત ગમત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૧-૧૨ની સ્થિતિએ આણંદ જિલ્લામાં જિલ્લા કક્ષાનું રમત સંકુલ નથી. તે હકીકત સાચી છે,

(૨)જો હા, તો જિલ્લા કક્ષાનું રમત સંકુલ બનાવવા કોઈ આયોજન થયેલ છે,

(૩)આ સંકુલમાં ક્યા પ્રકારની સુવિધા અને કઈ પ્રકારની રમતો માટે સગવડો હશે,

(૪)આ સંકુલ માટે ક્યાં કેટલી જમીન ફાળવવામાં આવેલ છે, અને

(૫)તે અન્વયે કેટલી ગ્રાન્ટ ક્યારે ફાળવવામાં આવેલ છે?

**રમત ગમત મંત્રીશ્રીઃ**

(૧) હા, જી.

(૨)હા, જી.

(૩)આ રમત સંકુલમાં વહીવટી બ્લોક, ૪૦૦મી. એથ્લેટીક્સ ટ્રેક, વોલીબોલ મેદાન-૨, હેન્ડ બોલ મેદાન-૧, કબડ્ડી મેદાન-૨, ખો-ખો મેદાન-૨, બાસ્કેટ બોલ મેદાન-૨, સ્વીમીંગ પુલ અને મલ્ટી પર્પઝ ઈન્ડોર હોલ જેવી રમત સુવિધાઓ ઉભી કરવામાં આવનાર છે.

(૪)મોજે બાકરોલમાં ૧૫ એકર જમીન ફાળવવામાં આવેલ છે.

(૫)વર્ષ ૨૦૧૧-૧૨ માં ૧૩૦.૦૦ લાખની માર્ગ અને મકાન વિભાગના બજેટ સદરે જોગવાઈ કરેલ છે.

શ્રી અમિતકુમાર અ. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રશ્ન હું છેલ્લા પાંચ વર્ષથી પૂછી રહ્યો છું. દર વર્ષે બજેટમાં એના માટે રકમની જોગવાઇ કરવામાં આવે. પહેલાના ત્રણેક વર્ષ એવો જવાબ મળતો હતો કે જમીન ઉપલબ્ધ નથી. આજે જવાબ એવો મળ્યો છે કે જમીન ઉપલબ્ધ કરાવવામાં આવી છે. મારી જાણ મુજબ બાકરોલમાં જે જગ્યાએ જમીન ઉપલબ્ધ કરાવવામાં આવી છે ત્યાં મારી જાણ મુજબ વરસાદ અને અતિવૃષ્ટિની પરિસ્થિતિમાં ૫ થી ૭ ફૂટ પાણી ભરાય એવી જમીન આ સંકુલ બનાવવા માટે ફાળવવામાં આવી છે ત્યારે માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને પૂછવા માગુ છું કે આપણે પ્લાન-એસ્ટીમેટ બનાવતા પહેલા આ બાબતનો કોઇ સરવે કરાવવામાં આવેલ છે કે કેમ? અને જો સરવે કરાવ્યો હોય અને એમાં પાણી ભરાવાનું જો બહાર આવ્યું હોય તો એના માટે શું જોગવાઇ કરવામાં આવી છે અને

આપણે કેટલા સમયમાં આ કામ પૂર્ણ કરવા માગીએ છીએ?

શ્રી ફકીરભાઇ ર. વાઘેલા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે પ્રશ્ન પૂછ્યો છે કે આણંદ જિલ્લામાં રમત ગમત સંકુલમાં એમની વાત સાચી છે કે જે જમીન માટેનો આપણે વિચાર કરતા હતા. અનેક જગ્યાએ જમીનો જોઇ અને આણંદ જિલ્લાની નજીકમાં આ એક જ એવી જમીન છે કે જે આપણને ઉપલબ્ધ થઇ અને એને કારણે એમણે જે પ્રશ્ન કર્યો કે વરસાદના પાણી ભરાય જાય છે તો એ માટેનું આયોજન આપણે જે વહીવટી મંજૂરી લીધી એની અંદર એને પુરાણ કરાવવાનું અને ત્યાં પાણી ના ભરાય તેનું પણ આયોજન કર્યુ છે. જે આ જગ્યા બાકરોલની અંદર આવેલી જગ્યા છે અને એની અંદર ૪ કરોડ ૬૮ લાખના ખર્ચે આ માટેનું આયોજન કરવામાં આવ્યું છે.

શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, બાકરોલ ગામ જે છે એનાથી વડતાલ એટલે ખેડા જિલ્લો લાગે ફકત ૩ કિ.મી. દૂર છે. કોઇ એવું સંકુલ આપણે જિલ્લાનું શોધીએ કે અમારા ભાદરણમાં લગભગ ૧૨૦૦ એકરનો ચરો છે ત્યાં સમથળ જગ્યા છે, ખર્ચ પણ ઓછો થશે ત્યાં નવોદય વિદ્યાલયનું સંકુલ પણ છે તો ત્યાં બનાવવા માગો છો કે નહિ અને એ ક્યારે પૂર્ણ કરવામાં આવશે?

શ્રી ફકીરભાઇ ર. વાઘેલા : માનનીય અધ્યક્ષશ્રી, સૂચન છે.

શ્રીમતી જ્યોત્સનાબેન રા. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ખેલ મહાકૂંભમાં આણંદ જિલ્લામાં બાળકો, યુવાનો અને વૃદ્ધોએ ભાગ લીધેલો અને એ અંતર્ગત ૪૦–૮૨ વર્ષની બેડમીન્ટનમાં એક વડીલનો જિલ્લા કક્ષાએ બીજો નંબર મેળવેલ ત્યારે માનનીય મંત્રીશ્રી પાસે જાણવા માગુ છું કે આ સંકુલની જગ્યા બાકરોલમાં કયાં ફાળવેલ છે? તેની વહીવટી મંજૂરી મળેલ છે અને જે ૨૦૧૧–૧૨ માં ૧૩૦ લાખની જોગવાઇ કરેલી છતાં કામ શરૂ નથી થઇ શક્યું તેનું કારણ શું છે?

શ્રી ફકીરભાઇ ર. વાઘેલા : માનનીય અધ્યક્ષશ્રી, તેનું કારણ તો મેં અગાઉ માનનીય સભ્યશ્રીના જવાબમાં આપ્યું પણ એમની વાત સાચી છે કે વહીવટી મંજૂરી માટેની જોગવાઇ વિભાગ તરફથી કરવામાં આવી છે અને માનનીય સભ્યશ્રીને હું કહીશ કે માર્ચ મહિનાની ત્રીજી તારીખે એની તાંત્રિક મંજૂરી પણ મળી ગઇ છે અને ટૂંક સમયમાં આપણે કામ કરવાનું શરૂ કરીશું.

શ્રી લાલસિંહ ઉ. વડોદીયા : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી હું પૂછવા માગુ છું કે આપણે જિલ્લા કક્ષાના આ જે મેદાનની વાત કરી પણ 'રમશે ગુજરાત, જીતશે ગુજરાત' માટે જો સફળતા વધારે મેળવવી હોય તો તાલુકા કક્ષાએ પણ એક એક આવું રમત ગમતનું મેદાન બનાવવું જોઇએ. તે માટે સરકારે કોઇ યોજના બનાવી છે, અને બનાવી હોય તો કેટલા સમયમાં એ પૂરી કરવા માગો છો?

શ્રી ફકીરભાઇ ર. વાઘેલા : માનનીય અધ્યક્ષશ્રી, એમનું સૂચન છે.

શ્રી નિરંજન પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને પૂછવા માગુ છું કે, આ ખાડો શોધવામાં દસ વર્ષ આ સરકારને થયા, એના પુરાણમાં જ બજેટ જતું રહેવાનું છે, તો બનશે ક્યારે અને બાળકો રમશે ક્યારે, અને કઇ તારીખે એ નક્કી કરી અને જવાબ આપે?

શ્રી ફકીરભાઇ ર. વાઘેલા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ આવ્યા પછી આ યોજના શરૂ થઇ છે. ૪૦–૪૫ વર્ષો સુધી જેમણે ખાડાઓ જ કર્યા છે, એ હવે ખાડાઓ પૂરવાની વાતો કરે છે ત્યારે ખરેખર આશ્ચર્ય થાય છે.

શ્રી અમિતકુમાર અ. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, મેં પહેલાં પણ માનનીય મંત્રીશ્રીને પૂછ્યું કે, આપણે છેલ્લા ત્રણ વર્ષથી બજેટમાં જોગવાઇ કરીએ છીએ પણ આજ દિન સુધી ત્યાં કામ શરૂ થઇ શક્યું નથી એટલે આપણે કોઇ ચોક્કસ સમયમર્યાદા નક્કી કરેલ છે કે, આટલા સમયમાં કામ પૂર્ણ કરવામાં આવશે?

શ્રી ફકીરભાઇ ર. વાઘેલા : માનનીય અધ્યક્ષશ્રી, મેં હમણાં જ કહ્યું કે, માર્ચ મહિનાની ત્રીજી તારીખે તાંત્રિક મંજૂરી આપણને મળી ગઇ છે અને તાંત્રિક મંજૂરી પછી એના ટેન્ડરની પ્રક્રિયા શરૂ થશે અને જલદીમાં જલદી આ કામ શરૂ કરવામાં આવશે.

શ્રી શિરીષકુમાર મ. શુક્લ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી હું જાણવા માગુ છું કે, આ બાબતમાં કઇ કઇ બાબતની વહીવટી મંજૂરી મળી છે ?

શ્રી ફકીરભાઇ ર. વાઘેલા : માનનીય અધ્યક્ષશ્રી, મેં કહ્યું એમ, ૪ કરોડ અને ૬૮ લાખના ખર્ચનું જે આયોજન છે એમાં મલ્ટી પરપઝ હોલ, લેડીઝ એન્ડ બોયઝ ડ્રેસ ચેન્જ રૂમ, સિનિયર કોચની ઓફિસ, ડોરમેટરી, કમ્પાઉન્ડ વોલ, ૪૦૦ મીટર રનીંગ ટ્રેક, ગ્રાઉન્ડ લેવલની કામગીરી અને સાથે સાથે એના જુનિયર કોચની ઓફિસ એમ મળીને કુલ્લે ૪ કરોડ, ૬૮ લાખની વહીવટી મંજૂરી આપવામાં આવી છે.

**ગાંધીધામ ખાતે સ્પોર્ટસ સંકુલ માટે મંજૂર થયેલ રકમ**

*** ૨૫૯૪૩ ડો નીમાબેન ભા. આચાર્ય(અંજાર) : માનનીય રમત-ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧)ગાંધીધામ તાલુકામાં બની રહેલ સ્પોર્ટસ સંકુલ માટે કેટલી રકમ મંજૂર કરવામાં આવેલ છે,

(૨)તા.૩૧-૧-૧૨ની સ્થિતિએ કેટલો ખર્ચ થયેલ છે, અને

(૩)કામ કયા તબક્કે છે અને ક્યારે પુરું થશે ?

**રમત-ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ મંત્રીશ્રીઃ**

(૧) ગાંધીધામ તાલુકામાં બની રહેલ સ્પોર્ટસ સંકુલ માટે રૂા. ૩,૨૨,૯૯,૫૦૦/-ની રકમ મંજુર થયેલ છે.

(૨)રૂા. ૩૧૩.૬૩ લાખ.

(૩)આ કામગીરી આખરી તબક્કામાં છે જે ટૂંક સમયમાં પૂર્ણ થશે.

ડો. નીમાબેન ભા. આચાર્ય : માનનીય અધ્યક્ષશ્રી, જે ક્ષખેલે તે ખીલેખ, તેવી વાત સાથે માનનીય મુખ્યમંત્રીશ્રીએ યુવાનોને માટે સ્વામી વિવેકાનંદ જયંતીમાં આ યુવા વર્ષ તરીકે જાહેર કર્યુ છે. માનનીય અધ્યક્ષશ્રી, એમણે ખૂબ સરસ સ્લોગન આપ્યું છે. સ્કીલ, વિલ અને ઝીલ= વિજય. કૌશલ્ય, દ્દઢ-ઇચ્છાશક્તિ અને ઉત્સાહના સુમેળથી માણસ વિજય પ્રાપ્ત કરે છે. આવી ફોર્મ્યુલા સાથે જયારે યુવાનોને પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે ત્યારે સૌ પ્રથમ તો હું રાજય સરકારનો ખૂબ ખૂબ અભાર માનું છું. મારો મત વિસ્તાર ભચાઉની અંદર રમત-ગમત સંકુલ, ગાંધીધામમાં રમત-ગમત સંકુલ અને અંજારમાં પણ પાંચ કરોડના ખર્ચે સ્ટેડિયમ અને રમત-ગમત સંકુલ કર્યું છે ત્યારે હું ખૂબ ખૂબ અભિનંદન આપું છું, આપણા માનનીય મુખ્યમંત્રીશ્રીને અને આભાર આભાર માનું છું.

માનનીય અધ્યક્ષશ્રી, મારા પ્રશ્નનનો જવાબ મને ખૂબ સારો મળ્યો છે. મને ખૂબ જ આનંદ થયો છે કે, આટલા ટૂંકા સમયમાં સ્પોર્ટસ કોમ્પ્લેક્ષ શરૂ થયું છે. મારે માત્ર એટલું જ જાણવું છે કે, આ સ્પોર્ટસ કોમ્પ્લેક્ષમાં રમતવીરો માટે શું શું વ્યવસ્થા કરવામાં આવી છે ?

શ્રી ફકીરભાઇ ર. વાઘેલા : માનનીય અધ્યક્ષશ્રી, આ રમત-ગમત સંકુલમાં ઇન્ડોર સ્ટેડિયમ, સ્વીમીંગ પુલ, ફૂટબોલ ગ્રાઉન્ડ, કબડ્ડી, ખો-ખો, વોલીબોલ એના માટેના ગ્રાઉન્ડ અને ૪૦૦ મીટરની એથ્લેટીક્સ ટ્રેક વગેરેની વ્યવસ્થા રમતવીરો માટે કરવામાં આવી છે.

શ્રી જયંતિલાલ પ. ભાનુશાળી : માનનીય અધ્યક્ષશ્રી, કચ્છ જિલ્લામાં રમત-ગમત માટેની જે જોગવાઇઓ ગુજરાત સરકાર તરફથી થઇ રહી છે અને આ ગાંધીધામ વિસ્તારમાં રમત-ગમત સંકુલ માટે જે જગ્યા ફાળવાઇ છે એ જગ્યામાં કુલ કેટલી જમીન છે? મારો બીજો પ્રશ્ન એ છે કે, કચ્છ જિલ્લામાં બીજા રમત-ગમત સંકુલો બનાવવા માગો છો કે નહીં?

શ્રી ફકીરભાઇ ર. વાઘેલા : માનનીય અધ્યક્ષશ્રી, ગાંધીધામમાં રમત-ગમત સંકુલ માટે કુલ ૨૫ એકર જમીન ફાળવવામાં આવેલ છે. રાજ્ય કક્ષાનું આ રમત-ગમત સંકુલ છે. એના સિવાય માનનીય સભ્યશ્રી ડો. નીમાબેને જે વાત કરી કે, તાલુકા કક્ષાએ અનેક રમતગમત સંકુલો બની રહયા છે.

શ્રી ધનજીભાઇ ગો. સેંધાણી : માનનીય અધ્યક્ષશ્રી, ગાંધીધામમાં રમતગમત સંકુલ બનાવવા માટેની વહીવટી મંજૂરી કયારે અપાઇ? ત્યારબાદ વર્ષવાર કેટલો ખર્ચ થયો?

શ્રી ફકીરભાઇ ર. વાઘેલા : માનનીય અધ્યક્ષશ્રી, તા.૨૨–૪–૨૦૧૦ થી ૩૨૨૯૯૦૦૦ની વહીવટી મંજૂરી મળી. આ અગાઉ ૨૦૦૬માં ૨૫૪ લાખની મંજૂરી મળી હતી. ૨૦૦૭માં ૧૬૯૦૦૦૦નું કામ થયું, ૨૦૦૭–૦૮માં ૬૫ લાખનું કામ થયું, ૨૦૦૮–૦૯માં ૬૨,૬૩,૦૦૦નું કામ થયું, ૨૦૦૯–૧૦ માં ૩૮,૯૫,૦૦,૦૦૦ના કામ થયા. ૨૦૧૦–૧૧માં ૧૩૦,૦૦,૦૦૦ના કામ થયું છે.

શ્રી રમેશભાઇ વ. મહેશ્વરી : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે ગાંધીધામ રમતગમતના મેદાન માટે સંકુલમાં કેટલું કામ બાકી છે અને કયાં સુધીમાં પુરું થશે?

શ્રી ફકીરભાઇ ર. વાઘેલા : માનનીય અધ્યક્ષશ્રી, જે સ્વીમીંગ પુલ છે એના માટે એકસ્ટ્રા રેલીંગ, બારી બારણાના હેન્ડલ, ફલોરીંગ ફીનીશીંગ, આવું પરચુરણ કામ જ બાકી છે. તા. ૩૧–૩–૨૦૧૨ પહેલા આ કામ પૂરા કરીશું.

## ખેડા જિલ્લામાં નોંધાયેલ બેરોજગારો

* **૨૪૬૪૧ શ્રી કનુભાઈ ડાભી (કઠલાલ)** : **માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

(૧)ખેડા જિલ્લા રોજગાર વિનિમય કચેરીમાં ૨૦૧૧ ના વર્ષ દરમ્યાન કેટલા બેરોજગારોની નોંધણી થયેલ હતી, અને

(૨)૨૦૧૧ના વર્ષ દરમ્યાન કેટલા ઉમેદવારોને રોજગારી મળી ?

**શ્રમ અને રોજગાર મંત્રીશ્રીઃ**

(૧) ૧૧૦૧૨.

(૨)૨૪૭૦.

શ્રી કનુભાઇ ભુ. ડાભી : માનનીય અધ્યક્ષશ્રી, ખેડા જિલ્લામાં બેરોજગારની ૧૧૦૧૨ ની જે નોંધણી થઇ છે તેમાંથી તાલુકાવાર શિક્ષિત અને અશિક્ષિત બેરોજગાર કેટલા નોંધાયા છે એ પૈકી કેટલાને રોજગારી મળી?

શ્રી લીલાધરભાઇ ખો. વાઘેલા : માનનીય અધ્યક્ષશ્રી, ખેડા જિલ્લામાં શૈક્ષણિક લાયકાત મુજબ તાલુકાવાર નીચે પ્રમાણે રોજગાર માટે નોંધણી કરવામાં આવી છે ત્યારબાદ એમને રોજગારી આપવામાં આવી. મહેમદાવાદમાં ૩૯૧ એસ.એસ.સી., ૯૭ એચ.એસ.સી., તાંત્રિક લાયકાત ૧૫, બી.એ. ૩૦, બી.એસ.સી.૬, બી.કો.મ.૧૭, અન્ય સ્નાતક ૧૭, અનુસ્નાતક ૨૨, એન્જીનીયરીંગ સ્નાતક ૧૦, એન્જીનીયર ઝીરો. કુલ શિક્ષિત ૬૦૫ અને અશિક્ષિત ૧૦, કુલ ૭૨૪ છે. ૧૦ તાલુકા છે એ ૧૦ તાલુકાની માહિતી આ રીતે ન આપતા એક એક તાલુકાથી સરવાળાની રીતે કહું તો ૧૦ તાલુકાના એ.એસ.સી. ૪૩૧૨, એચ.એસ.સી. ૨૭૨૧, તાંત્રિક ૨૭૬, બી.એ. ૭૨૩, બી.એસી.સી. ૧૯૯, બી.કોમ. ૨૬૩, અન્ય સ્નાતક ૪૨૮, અનુસ્નાતક ૪૦૭, એન્જીનીયરીંગ સ્નાતક ૧૧૫, એન્જીનીયર પાંચ, કુલ શિક્ષિત ૯૪૪૯ અને અશિક્ષિત ૧૫૬૩ એમ ૧૧૦૧૨માં આ નોંધણી કરવામાં આવી છે. એ પછી જે રોજગારી આપવામાં આવી છે એ શૈક્ષણિક રીતે જોઇએ તો તાલુકા ૧૦ છે એમાં એસ.એસ.સી. ૪૧૫, એચ.એસ.સી. ૨૯૮, ૧૪, બી.એ. ૧, બી.એસ.સી. નથી, અન્ય ૧, બી.કોમ. ૨, અનુસ્નાતક ૨૭, કુલ શિક્ષિત ૭૬૧ અને અશિક્ષિત ૧૭૦૯ કુલ ૨૪૭૦ને રોજગારી આપવામાં આવી.

શ્રી મણીભાઇ દે. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૧૧ ના વર્ષ દરમ્યાન ૨૪૭૦ ઉમેદવારોને રોજગારી આપવામાં આવી છે. આપના મારફતે મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, આમાં સરકારી ક્ષેત્રમાં

નોકરીઓ કેટલી અને ખાનગી ક્ષેત્રમાં કેટલાને નોકરીઓ આપવામાં આવી છે? બીજો પ્રશ્ન હંગામી કેટલી અને કાયમી કેટલી?

શ્રી વજુભાઇ રૂ. વાળા : માનનીય અધ્યક્ષશ્રી, જે ૨૪૭૦ નોકરીઓ આપવામાં આવી છે, તેમાંથી રાજ્ય સરકારની અંદર અનુસૂચિત જાતિના ૧૨ લોકો છે. અનુસૂચિત જન જાતિના ૪ લોકોને, બક્ષીપંચના ૨૩ અને ઓ.બી.સી. ના કોઇપણ નથી અને અન્ય ૧૮ લોકોને એમ કુલ મળી ૫૭ લોકોને રાજ્ય સરકારમાં નોકરીઓ મળી. કેન્દ્ર સરકારમાં અનુસૂચિત જાતિના લોકો ૫, અનુસૂચિત જાનજાતિના ૧, બક્ષીપંચના ૨ અને ઓ.બી.સી. ના ૨ અને અન્ય ૧ એમ કુલ ૧૧ લોકોને રોજગારી મળી. એ જ પ્રમાણે લોકલ બોડીમાં અનુસૂચિત જાતિના લોકો ૨૦, અનુસૂચિત જાનજાતિના ૧, બક્ષીપંચના ૧૧, ઓ.બી.સી. કોઇને ન મળી અને અન્યને ૩૫ એમ કુલ ૬૭ લોકો લોકલ બોડીમાં આવ્યા. એ જ પ્રમાણે ખાનગી ક્ષેત્રમાં અનુસૂચિત જાતિના ૩૪૮ લોકો, અનુસૂચિત જનજાતિના ૧૫, બક્ષીપંચના ૨૬૪ અને અન્ય લોકોને ૧૭૦૮ ને નોકરી મળી એમ કુલ ખાનગી ક્ષેત્રમાં ૨૩૩૫ ને નોકરીઓ મળી. આમ ૨૪૭૦ લોકોને રોજગારી મળી.

શ્રી દેવુસિંહ જે. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, મને મારો જવાબ મળી ગયો છે. આ કુલ ઉમેદવારોને રોજગારી મળી એમાં પુરુષો કેટલા અને સ્ત્રીઓ કેટલી છે?

શ્રી વજુભાઇ રૂ. વાળા : માનનીય અધ્યક્ષશ્રી, પુરુષો ૨૩૬૮ અને સ્ત્રીઓ ૧૦૨ છે. કુલ ૨૪૭૦. એમાં શિક્ષિત લોકો પુરુષોમાં ૬૯૦ અને અર્ધ શિક્ષિત ૧૬૭૮. સ્ત્રીઓમાં શિક્ષિત ૭૧ અને અર્ધ શિક્ષિત ૩૧ કુલ ૧૦૨. આ પ્રમાણે ૨૪૭૦ લોકોને રોજગારી મળી છે.

શ્રી માનસિંહ કો. ચૌહાણ : માનનીય અદક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે મણીભાઇ પટેલે પૂછ્યું કે સરકારી કેટલી અને ખાનગી કંપનીમાં કેટલાને નોકરીઓ મળી? અહીયા ૨૦૧૧ માં ૧૧૦૧૨ નોંધાયેલ ઉમેદવારો છે એમાંથી ફક્ત ૨૪૭૦ એટલે કે ૨૦ ટકાને ય નથી મળી તો બાકીના ૮,૦૦૦ જેટલાને ક્યાં સુધીમાં સરકારી નોકરીઓ મળશે?

શ્રી વજુભાઇ રૂ. વાળા : માનનીય અધ્યક્ષશ્રી, સરકારે ન આપવાની હોય. રાજ્યમાં ડિમાન્ડ ઉભી થાય તેમ મોકલવાના હોય. રાજ્ય સરકારની અંદર અમે જેટલી નોકરી આપી છે એમાં ૫૭ લોકોને આપી. એમાંથી છઠ્ઠા ભાગ, સાડા પાંચમાં ભાગના લોકોને કેન્દ્રમાં નોકરી નથી મળતી. આની અંદર નોકરી મળેલ તેમાં લોકલ બોડીમાં મળી. વધુમાં વધુ રોજગારી ખાનગી ક્ષેત્રમાં મળી. ૨૪૭૦ માંથી ૨૩૩૫ લોકો છે એ લોકોને ખાનગીમાં મળી. ફક્ત ૧૩૫ ને રાજ્ય સરકાર, કેન્દ્ર સરકાર અને લોકલ બોડીમાં મળી. ૨૩૩૫ ખાનગી ક્ષેત્રમાં મળી. એટલે રોજગાર ક્ષેત્રમાં ખાનગી ક્ષેત્રમાં વધુને લોકોને રોજગારી મળેલ છે.

## જામનગર જિલ્લામાં વિકસતી જાતિની કન્યાઓની સાયકલ મેળવવા મળેલ અરજીઓ

***૨૪૫૯૮ શ્રી લાલજીભાઇ પ્રે. સોલંકી(જામનગર-ગ્રામ્ય) :માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧)જામનગર જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૧ ની સ્થિતિએ વર્ષ ૨૦૧૧-૨૦૧૨ માં વિકસતી જાતિની કન્યાઓની સાયકલો મેળવવા માટે કેટલી અરજીઓ મળી,

(૨)તે પૈકી કેટલી કન્યાઓને કુલ કેટલી રકમની સાયકલો આપી, અને

(૩)સાયકલો આપવાની હજુ બાકી હોય તો ક્યારે આપવામાં આવશે ?

**સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રીઃ**

(૧) ૧૨૨

(૨)૭૮ કન્યાઓનેરૂ ા. ૧,૮૩,૮૬૬/-ની રકમની સાયકલો આપી.

(૩)૪ સાયકલ આપવાની બાકી છે. જે સત્વરે આપવામાં આવશે.

શ્રી લાલજીભાઇ પ્રે. સોલંકી : માનનીય અધ્યક્ષશ્રી, મારા પ્રશ્નના જવાબમાં વિકસતી જાતિની કેટલી કન્યાઓને જામનગર જિલ્લામાં સાઇકલો આપવામાં આવી,તેવી બાબત હતી. મને જવાબ આપવામાં આવ્યો છે તે પ્રમાણે ૧૨૨ માંથી ૭૮ કન્યાઓને સાઇકલો આપવામાં આવી છે?

માનનીય અધ્યક્ષશ્રી, ૧ લાખ ૮૩ હજાર ૮૬૬ રૂપિયાનો ખર્ચ કર્યો. જવાબમાં કહેલ છે કે ચાર સાઇકલો આપવાની બાકી છે. માનનીય અધ્યક્ષશ્રી, મારે આપના માધ્યમથી એ જાણવું છે કે, આ યોજનાનો ખરેખર મુખ્ય હેતુ શું છે? જામનગર જિલ્લામાં તાલુકાવાર કેટલી અરજીઓ મળી, તાલુકાવાર કેટલી નામંજૂર કરી અને કેટલી બાકી છે. જે ચાર સાઇકલો આપવાની બાકી છે તે કયારે આપવામાં આવશે?

શ્રી વાસણભાઇ ગો. આહીર : માનનીય અધ્યક્ષશ્રી, આ યોજનાનો મુખ્ય હેતુ છે કે જામનગર જિલ્લામાં રાજયના ૯૨ ટકા કરતાં વધુ વિકસતિ જાતિના પછાતવર્ગના લોકોનો સમુદાય છે. તેના માટે આ રાજયના પ્રજાવત્સલ મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીની સરકારે પછાતવર્ગોના વિકાસ માટે વિવિધ કલ્યાણકારી યોજનાઓ અમલમાં મૂકી છે. આ સરસ્વતી સાધના યોજના તે પૈકીની એક યોજના છે. આ યોજના હેઠળ પછાતવર્ગની વિદ્યાર્થીનીઓને શિક્ષણમાં પ્રોત્સાહન મળે  અને ગરીબી રેખા નીચે જીવતા કુટુંબોને માધ્યમિક શાળામાં ધોરણ આઠમાં અભ્યાસ કરતી દીકરીઓને પોતાના રહેઠાણથી અવરજવર કરી શકે તેવી સ્થાનિક સિવાયની એટલે કે પોતાના ગામ કે અન્ય શહેરમાં ભણવા માટે પોતાના ગામ કે શહેરમાં અવરજવર કરતી હોય છે. તેને સાયકલ આપવાનું ઠરાવેલછે. માનનીય અધ્યક્ષશ્રી, બીજો તેમણે પ્રશ્ન પૂછયો કે કેટલી મંજૂર કરી અને કેટલી નામંજૂર કરી. તો માનનીય અધ્યક્ષશ્રી, કુલ ૧૨૨ અરજીઓ મળી હતી તેમાંથી ૮૨ અરજીઓ મંજૂર કરેલ છે અને ૪૦ અરજીઓ નામંજૂર કરેલ છે. જે બાકીની ચાર સાઇકલોની વાત છે તેમાં ૭૮ મંજૂર કરેલ હતી તે  ચાર સાઇકલો બાકી હતી તે તા.૨-૩-૨૦૧૨ના રોજ તે ચાર સાઇકલોનું દિકરીઓને વિતરણ કરવામાં આવેલ છે. આજની તારીખે એકપણ સાઇકલ આપવાની બાકી રહેતી નથી.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ જવાબ આપ્યો કે રાજયના પ્રજાવત્સલ મુખ્યમંત્રીશ્રીએ જે નીતિ બનાવી છે તેના કારણે આ સાઇકલની યોજના આવી છે. વિકસતિ જાતિની કન્યાઓ માટે. બહુ જ ખુશ છું.

અધ્યક્ષશ્રી : ભરતભાઇ પ્લીઝ.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા :માનનીય અધ્યક્ષશ્રી,  દુઃખી તમારે થવું જોઇએ. આ આંકડા જોઇને દુઃખી તમારે થવું જોઇએ. ૧૦ તાલુકાની અંદર ૧૨૨ અરજીઓ આવી અને તેમાં ૭૮ અરજીઓ મંજૂર કરી અને તેમાંથી ચાર સાઇકલો આપવાની હજી બાકી છે. સવાલ એટલો આવે છે કે આટલી ઓછી અરજીઓ શું કરવા આવી?* (xxxx) (અંતરાય)

અધ્યક્ષશ્રી : પ્લીઝ પૂરક પ્રશ્નમાંથી આ ઉપસ્થિત થતું નથી. આપનો પૂરક પ્રશ્ન હું નામંજૂર કરું છું. પ્લીઝ.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા : સાહેબ પ્રજાવત્સલ એમણે શબ્દ વાપર્યો છે. પ્રજાવત્સલ મુખ્યમંત્રીશ્રી આ બી.પી.એલ.નું ધોરણ રદ કરવા માગે છે કે કેમ?

શ્રી વજુભાઇ રૂ. વાળા : ડેફીનેશન કરવાની આ જગ્યા નથી. પ્રશ્ન પૂછવો હોય તો પૂછી શકે છે.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા : હું પ્રશ્ન ઉપર આવું છું.

શ્રી વજુભાઇ રૂ. વાળા : મુખ્યમંત્રીશ્રી પ્રજાવત્સલ તેને લાગ્યા તમને ન લાગ્યા હોય તો નહીં બોલવું.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા : આ પ્રજાવત્સલ મુખ્યમંત્રીશ્રી આ બી.પી.એલ.નું ધોરણ નાબૂદ કરવા માગે છે કે કેમ? મારો પ્રશ્ન આટલો જ છે. તો બધા લોકોને તેનાથી લાભ મળે. પ્રજાવત્સલ બનાવવા હોય તો લાભ આપવા જોઇએ. લાભ ઉદ્યોગોને આપો છો.

* (xxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

શ્રી ફકીરભાઇ ર. વાઘેલા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ જવાબ આપ્યો તેમાં કહ્યું કે જે ચાર સાઇકલો બાકી હતી તે બીજી તારીખે અપાઇ ગઇ છે. એટલે બાકી રહેવાનો કોઇ પ્રશ્ન થતો નથી. બીજું એમણે વારંવાર જે ઉલ્લેખ કરેલ છે કે પ્રજાવત્સલ મુખ્યમંત્રીશ્રીએ બી.પી.એલ. યાદી દાખલ કરી, આ યોજનાની અંદર બી.પી.એલ. યાદીનું ધોરણ નથી. આવક મર્યાદા છે.

શ્રી મેઘજીભાઇ ડા. કણઝારીયા : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે આ યોજના હેઠળ જામનગર જિલ્લામાં મળેલ અરજીઓ પૈકી નામંજૂર થયેલ અરજીઓના કારણો શાં છે?

શ્રી વાસણભાઇ ગો. આહીર : માનનીય અધ્યક્ષશ્રી, મેં અગાઉ કહ્યું તેમ ચાલીસ અરજીઓ જે નામંજૂર કરવામાં આવી છે એ ૪૦માંથી ૩૬ અરજીઓ એવી છે કે જે અંતર ઓછું હોવાથી, ૩ અરજીઓ એવી છે કે આવક વધુ હોવાથી અને એક અરજી અનુસૂચિત જાતિના હોવાથી, એટલે આ ચાલીસ અરજીઓ નામંજૂર કરવાના આ કારણો છે.

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફતે માનનીય મંત્રીશ્રી પાસેથી હું જાણવા માગું છું કે, મંત્રીશ્રીના જવાબમાં જણાવ્યું કે, જામનગર જિલ્લામાં પર ટકા જેટલી વસતિ પછાત વર્ગની વિકસતી જાતિની છે તો સાહેબ, આવડી મોટી વસતિ ધરાવતા જામનગર જિલ્લામાં વિકસતી જાતિની કન્યાઓને સાયકલ માટેની સહાય આપવા માટે જે આવકનું ધોરણ નકકી કર્યું છે કારણ કે વિકસતી જાતિની આવક શું હોય સાહેબ? એટલા માટે વિકસતી જાતિની કન્યાઓ માટે સાયકલ સહાય માટે આવકનું ધોરણ સરકાર નાબૂદ કરવા માગે છે કે કેમ?

શ્રી વાસણભાઇ ગો. આહીર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ધારાસભ્યશ્રીનું આ સૂચન છે.

## પંચમહાલ જિલ્લામાં પંડિત દીનદયાળ ઉપધ્યાય આવાસ યોજના હેઠળ મળેલ અરજીઓ

*** ૨૪૬૦૦ શ્રી અરવિંદસિંહ દા. રાઠોડ(કાલોલ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે–

(૧) પંચમહાલ જિલ્લામાં વર્ષ ૨૦૧૧–૧૨માં તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ પંડિત દીનદયાળ ઉપાધ્યાય આવાસ યોજના હેઠળ કેટલી અરજીઓ મળી,

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી,

(૩) કેટલી અરજીઓ નામંજૂર કરવામાં આવી, અને

(૪) કેટલી સહાય ચૂકવવામાં આવી.

**સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રીઃ**

(૧) ૩૩૪.

(૨) ૩૩૪.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) રૂપિયા ૭૦.૧૪ લાખ.

શ્રી અરવિંદસિંહ દા. રાઠોડ : માનનીય અધ્યક્ષશ્રી, મારા પંચમહાલ જિલ્લામાં વર્ષ ૨૦૧૧માં તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ પંડિત દીનદયાળ ઉપાધ્યાય આવાસ યોજનામાં ૩૩૪ અરજીઓ આવી અને એ ૩૪૪ અરજીઓ મંજૂર કરવામાં આવી તે બદલ માનનીય મુખ્ય મંત્રીશ્રી અને માનનીય મંત્રીશ્રીને અભિનંદન આપું છું. પણ માનનીય અધ્યક્ષશ્રી, આ યોજનાનો હેતુ શું છે અને આ યોજનામાં વર્ષ ૨૦૦૦થી મકાન સહાયમાં કયારે અને કેટલો વધારો કરવામાં આવ્યો છે તે હું જાણવા માગું છું.

શ્રી વાસણભાઇ ગો. આહીર : માનનીય અધ્યક્ષશ્રી, ફરી પાછું માનનીય અર્જુનભાઇને એવું લાગશે કે આ રાજ્ય સરકાર અને રાજયના લાડીલા માનનીય મુખ્ય મંત્રીશ્રી આવ્યા પછી પહેલો એવો બનાવ હશે કે જિલ્લામાંથી ૩૩૪ અરજીઓ કરવામાં આવે મકાન વિહોણાઓની અને ૩૩૪ એ ૩૩૪ અરજીઓ મંજૂર

કરવામાં આવે, અગાઉ શું હતું એ તો અમે અને હું જાણીએ છીએ, માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રજાવત્સલની નિશાની છે માનનીય અર્જુનભાઇ, માનનીય અધ્યક્ષશ્રી, એમણે બીજો પ્રશ્ન એ પૂછયો કે મકાન સહાયમાં કયારે અને કેટલો વધારો કરવામાં આવેલ છે? તો આ આવાસ યોજના તા. ૯-૨-૨૦૦૨થી મકાન સહાયમાં રૂપિયા ૨૦૦૦૦થી વધારીને ૩૦૦૦૦ રૂપિયાની કરવામાં આવેલ છે ત્યાર બાદ તા. ૬-૩-૨૦૦૨થી આ સહાયમાં રૂપિયા ૧૦૦૦૦નો વધારો કરી ૪૦૦૦૦ રૂપિયા કરવામાં આવી હતી ત્યાર પછી તા. ૨-૩-૨૦૦૯થી આ સહાયમાં વધારો કરી ૪૩૫૦૦ કરવામાં આવી હતી અને છેલ્લે આ રાજયના પ્રજાવત્સલ માનનીય મુખ્ય મંત્રીશ્રીએ આ ગરીબોની પીડા સમજીને તા. ૧૧-૮-૨૦૧૦ના ઠરાવથી વધુ એક વાર સહાયની રકમ વધારીને ૪૫૦૦૦ રૂપિયા કરવામાં આવી છે, આ વિગતો જોતાં જણાય છે કે આ સહાયની રકમમાં ઉત્તરોત્તર વધારો કરવામાં આ રાજયના લાડીલા માનનીય મુખ્ય મંત્રીશ્રીએ પછાત વર્ગનો એક પણ ઇસમ ઘરવિહોણો ના રહે એના માટે આ સરકાર કટિબધ્ધ છે.

શ્રી સી. કે. રાઉલજી : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી હું જાણવા માગું છું કે, પંડિત દીનદયાળ ઉપાધ્યાય આવાસ યોજના પંચમહાલ જિલ્લામાં કયારે દાખલ કરવામાં આવી અને એમાં ઝીરો સોળથી બીપીએલનું ધોરણ સચવાયું છે કે કેમ? માનનીય અધ્યક્ષશ્રી, મારો સવાલ એટલા માટે છે કે, કેન્દ્ર સરકારે ૨૦૧૨ સુધી ઇન્દિરા આવાસના તમામ ઝીરો સોળથી નાના લાભાર્થીઓને પૂરેપૂરા આવાસ આપવાની જાહેરાત કરી છે. તો આ સરકારને હું એ પૂછવા માગું છું કે આ પંડિત દીનદયાળ ઉપાધ્યાય આવાસ યોજનામાં ઝીરો સોળ સુધીના લાભાર્થીઓનો સમાવેશ કર્યો છે તો ઝીરો સોળ પછીના જે લાભાર્થીઓ છે એમનો સમાવેશ કરવા માગો છો કે કેમ? બીજું કે આ યોજનાનો વાર્ષિક લક્ષ્યાંક કેટલો હતો અને એક પંડિત દીનદયાળ ઉપાધ્યાય આવાસની કિંમત કેટલી હતી?

શ્રી ફકીરભાઇ ર. વાઘેલા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ પ્રશ્ન કર્યો કે પંચમહાલ જિલ્લામાં આ યોજના કયારથી શરૂ થઇ, તો પંચમહાલમાં જ નહીં પણ સમગ્ર ગુજરાતમાં પંડિત દીનદયાળ ઉપાધ્યાય આવાસ યોજના શરૂ કરવામાં આવી છે. બીજું, એમની માહિતી માટે કહું કે, આ રાજય સરકારે ઝીરોથી સોળના એક પણ યોજના, દશ યોજનાઓ છે ફકત પંડિત દીનદયાળ ઉપાધ્યાય આવાસ યોજના જ નહીં પણ એમણે જે વાત કરી એ યોજનાઆંબેડકર આવાસ યોજના એના સિવાયની સરદાર આવાસ યોજના આ બધા આવાસ યોજના ૦ થી ૧૬ ના લગભગ સો ટકા આવાસો અપાય ગયા છે અને બીજું એમણે જે ૧૭ થી ૨૦ ની વાત કરી આજ વખતે માનનીય મુખ્યમંત્રીશ્રીના માર્ગદર્શન નીચે જે રજૂઆત થઇ અને એને કારણે માનનીય નાણામંત્રીશ્રીએ જાહેરાત કરી છે કે, ૧લી એપ્રિલથી ૧૭ થી ૨૦ ના પણ મકાનો આપવા માટેની શરૂઆત થઇ જશે.

શ્રી અમિતકુમાર અ. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, આ યોજના ખાસ કરીને બક્ષીપંચ સમાજના લોકો માટે ખાસ શરૂ કરવામાં આવી હતી. આ યોજના જ્યારે શરૂ કરવામાં આવી ત્યારે બી.પી.એલ.નું ધોરણ ન હતું ખાલી આવકનું ધોરણ હતું ત્યાર પછી આપણે ૦ થી ૧૬નું ધોરણ અને બી.પી.એલ. યાદીમાં નામ હોય એમને જ આપવાનું નક્કી કર્યું અને હવે કદાચ આપણે ૧૭ થી ૨૦ ની વાત કરીએ છીએ પણ સમગ્ર ગુજરાતમાં બી.પી.એલ. યાદીમાં અનેક છબરડા છે, બી.પી.એલ. યાદીમાં ખરેખર ગરીબ હોય એવા લોકોનો સમાવેશ આગળ સ્કોરમાં નથી કરવામાં આવ્યો એના કારણે જે બક્ષીપંચ સમાજના લોકો છે જેનો બી.પી.એલ. યાદીમાં પાછળ નંબર છે એને આ યોજનાનો લાભ મળી શક્તો નથી. એટલે આ યોજનામાં બક્ષીપંચ સમાજના લોકોને જો આપ લાભ આપવા માગતા હોવ તો બી.પી.એલ. યાદીનું ધોરણ એમાંથી કાઢી નાંખવા માગો છો કે કેમ?

શ્રી ફકીરભાઇ ર. વાઘેલા : માનનીય અધ્યક્ષશ્રી, બી.પી.એલ. યાદીનું ધોરણ એ રાજ્ય સરકાર નક્કી નથી કરતી કેન્દ્ર સરકાર નક્કી કરે છે. અને જે પ્રમાણે ધોરણ નક્કી કર્યું છેને એમાં જો રાજ્ય સરકાર ઉદાર ન રહે તો એક પણ આપણે કોઇને પણ મકાન આપી શકીએ નહીં. આ રાજ્ય સરકારની જ ઉદાર નીતિ છે કે જેને કારણે આપણે આ બધાને મકાનો આપી શક્યા છીએ.

**ભાવનગર જિલ્લામાં મંજૂર થયેલ મફત તબીબી સહાય**

*__૨૬૨૫૯ શ્રી કેશુભાઇ હી.નાકરાણી(શિહોર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી__ જણાવવા કૃપા કરશે કે, –

(૧) ભાવનગર જિલ્લામાં મફત તબીબી સહાય યોજના હેઠળ ક્યા દર્દો માટે વર્ષ ૨૦૧૧–૧૨માં તા. ૩૧–૧૨–૨૦૧૧ સુધીમાં કેટલા લાભાર્થીઓને સહાય મંજૂર કરવામાં આવી, અને

(૨) તેમાં કુલ કેટલી રકમ ચૂકવવામાં આવી?

**સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રીઃ**

(૧)

| **રોગ** | **લાભાર્થી** |
|---|---|
| ટી.બી. | ૪૮૦ |
| કેન્સર | ૧૫૫ |
| રક્તપિત | ૧૫ |
| એઇડસ | ૬૪૬ |
| **કુલ** | **૧૨૯૬** |

(૨) રૂપિયા ૫૨,૪૯,૪૫૦/–

શ્રી કેશુભાઇ હી. નાકરાણી : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી હું એ જાણવા માગુ છું કે ભાવનગર જિલ્લામાં વર્ષ ૨૦૧૦ અને ૨૦૧૨માં ૧૨૯૬ દર્દીઓને જે સહાય ચૂકવવામાં આવી છે એમાં વર્ષ વાઇસ કેટલી છે? આ ૧૨૯૬માંથી અનુસૂચિત જાતિના અને વિકસતી જાતિના લાભાર્થીઓ કેટલા છે?

શ્રી ફકીરભાઇ ૨. વાઘેલા : માનનીય અધ્યક્ષશ્રી, ભાવનગર જિલ્લામાં જે મફત તબીબી સહાયની યોજનાના લાભાર્થીઓ છે એમાં અનુસૂચિત જાતિના ૨૦૧૦માં ૧૦૮ અને વિક્સતી જાતિના ૬૬૬ એમ કુલ ૭૭૪, ૨૦૧૧–૨૦૧૨માં અનુસૂચિત જાતિના ૭૩ અને વિકસતીના જાતિના ૪૪૯ એમ ૫૨૨ અને કુલ ૧૨૯૬ લાભાર્થીઓને સહાય ચૂકવવામાં આવેલ છે.

શ્રી આત્મારામ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, ભાવનગર જિલ્લામાં મફત તબીબી સહાય યોજનાનો પ્રશ્ન છે એટલે એમાં આવક મર્યાદા હશે જ. આ યોજનામાં હાલમાં કેટલી આવક મર્યાદાવાળા લાભાર્થીને લાભ મળે છે? હું એટલા માટે કહું છું કે મોંઘવારી વધી છે આવક જાવકના બે છેડા ભેગા થતા નથી એવા સંજોગોમાં આ સરકારના સનિષ્ઠ પ્રયત્નો છે ત્યારે વંચિતોના વિકાસની અનેક યોજનાઓ લઇને આ સરકાર આવી છે ત્યારે અમને એક આશાનું કિરણ દેખાય છે આ ગુજરાતના મુખ્યમંત્રીશ્રી પ્રજાવત્સલ તો છે જ. પ્રશ્ન મારો એ છે કે આ આવકની મર્યાદા છે એમાં કોઇ સુધારો કરવાનું સરકાર વિચારે છે કે કેમ? અને ભાવનગર જિલ્લામાં તળાજા અને ગઢડા ઉમરાળા તાલુકામાં જુદા જુદા રોગો માટે કેટલી સહાય કરવામાં આવી એની મારે જાણકારી જોઇએ છે. આ સરકારની યોજનાઓ કોંગ્રેસીઓને સારું લાગે એટલા માટે નથી પ્રજાને શું સારું લાગે છે એના માટે છે.

શ્રી ફકીરભાઇ ૨. વાઘેલા : માનનીય અધ્યક્ષશ્રી, એમણે જે આવક મર્યાદાની વાત કરી એમાં જે આવક મર્યાદા છે એ ગ્રામ્ય વિસ્તાર માટે ૧૫,૯૭૬ અને શહેરી વિસ્તાર માટે ૨૧,૨૦૬ છે તેમાં આ વખતે આવકમાં વધારો કરીને ગ્રામ્ય વિસ્તાર માટે ૨૭ હજાર અને શહેરી વિસ્તાર માટે ૩૬ હજાર નકકી કરવામાં આવ્યાં છે. તેમણે બીજો પ્રશ્ન કર્યો હતો કે તળાજા તાલુકામાં કુલ અરજીઓ માટે પૂછયું છે તેમાં જુદા જુદા જે રોગો છે તેમાં ટી.બી.માં ૧૩ અરજીઓ આવી અને બધી મંજૂર થઇ, કેન્સર માટેની ૧૧ અરજીઓ આવી અને બધી મંજૂર થઇ અને એઇડસ માટેની ૫૮ અરજીઓ આવી અને તે બધી મંજૂર કરવામાં આવી છે.

શ્રી મહેન્દ્રસિંહ પ. સરવૈયા : માનનીય અધ્યક્ષશ્રી, આ યોજનાનું નવું નામ શું રાખવામાં આવ્યું છે ? અને બીજું કે આ સહાય કયા કયા રોગોમાં અને કયાં સુધી કરવામાં આવે છે ?

શ્રી ફકીરભાઇ ર. વાઘેલા : માનનીય અધ્યક્ષશ્રી, હું આભાર માનીશ  માનનીય સભ્યશ્રીનો એટલા માટે કે આ રાજય સરકાર માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇના નેતૃત્વમાં ડો.બાબાસાહેબ આંબેડકરના વિચારોને વરેલી સરકાર છે. અને એટલા માટે અનેક યોજનાના નામાકરણ આપણે તેમની સાથે કર્યા છે. કદાચ ઈતિહાસમાં પહેલો દાખલો હશે કે કોઈપણ એક ઉચ્ચ રાજકારણી જેણે બંધારણની રચના કરી હોય એવા ડ્રાફટીંગ કમિટીના ચેરમેનના બે બે સંતાનો તે તબીબી સહાયના અભાવે મૃત્યુ પામ્યાં હતા અને એટલા માટે આ યોજનાને ડો.બાબાસાહેબ આંબેડકરના પુત્ર કુમાર રાજરતન આંબેડકર સાથે જોડી અને નવું નામાંકરણ આપવામાં આવ્યું છે.

તેમણે બીજો પ્રશ્ન જે કર્યો કે કેટલી સહાય કયાં સુધી આપવામાં આવે છે ?  તો તેમાં ટી.બી.ની અંદર માસિક રૂપિયા ૨૫૦/– બાર માસ સુધી, કેન્સરની અંદર માસિક ૫૦૦/– રૂપિયા રોગ મટે નહીં ત્યાં સુધી, એઇડસની અંદર માસિક ૫૦૦/– રૂપિયા રોગ માટે નહીં ત્યાં સુધી, રકતપિતમાં માસિક ૪૦૦/– રૂપિયા રોગ મટે નહીં ત્યાં સુધી, મહિલાઓમાં થતો પાંડુરોગ તેમાં ૧૫૦/– રૂપિયા કેસ દીઠ અને પ્રસૂતિમાં થતી ગંભીર બિમારીમાં ૫૦૦/–રૂપિયા કેસ દીઠ આપવામાં આવે છે.

ડો. અનિલ  જોષીયારા : માનનીય અધ્યક્ષશ્રી, આજે આપણે આવા દર્દીઓને સહાય આપીએ તે બાબત સારી વાત છે. પણ આ આંકડા ચિંતાપ્રેરક છે. ટી.બી., કેન્સર અને રકતપિતના જે આંકડા છે અને એઇડસના આંકડા છે આ બધાના આંકડા ભેગાં કરીએ વધુ એઇડસના રોગના છે. ત્યારે મારે મંત્રીશ્રી પાસેથી એટલું જાણવું છે કે આવા રોગો છે એઇડસ જેવા રોગો,  તેની સામે જાગૃતતા લાવવા માટે અને આ રોગ ના થાય તેના માટેના કોઇ પ્રયત્નો કરવામાં આવે છે ?

શ્રી ફકીરભાઇ ર. વાઘેલા : માનનીય અધ્યક્ષશ્રી, આ સહાય પૂરતો મારો વિભાગ કરે છે બાકીનો આરોગ્ય વિભાગ જાગૃતિના કાર્યક્રમો કરી રહ્યું છે. મારે ચોક્કસ આરોગ્ય મંત્રીશ્રી અને માનનીય મુખ્યમંત્રીશ્રીને અભિનંદન આપવા પડે કે આ બધા માટેની એક ઝૂંબેશ ચલાવવામાં આવી રહી છે.

**અમદાવાદ રોજગાર કચેરી તરફથી રોજગારી માટે ભલામણ**

* **૨૬૩૪૨ શ્રી મોહંમદ ફારૂક  હુ. શેખ(કાલુપુર) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે, (૧) તા.૩૧–૧–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લાં ત્રણ વર્ષમાં અમદાવાદ રોજગાર કચેરી તરફથી કેટલા લઘુમતી સમાજના યુવાનોને નોકરી માટેની ભલામણો કરવામાં આવી, અને (૨) કેટલા યુવાનોને નોકરી આપવામાં આવી ?

**શ્રમ અને રોજગાર મંત્રીશ્રીઃ**

(૧) ૫૯૩૯

(૨) ૮૫૧

શ્રી મોહંમદ ફારૂક  હુ. શેખ :  માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફતે પૂછવા માંગુ છું કે, ત્રણ વર્ષમાં ૫૯૩૯ ભલામણો આવી તેમાં ફકત ૮૫૧ વર્ષ દરમિયાન ગણીએ તો ૨૫૦ જ થાય છે. હવે  * (xxxx) (અંતરાય)

અધ્યક્ષશ્રી :  આપ પ્રશ્ન પૂછો, આ વાકય હું રેકર્ડમાંથી દૂર કરૂં છું. આપ પ્રશ્ન પૂછો પ્લીઝ,

શ્રી મોહંમદ ફારૂક  હુ. શેખ :  માનનીય અધ્યક્ષશ્રી, હું મંત્રીશ્રીને પૂછવા માંગુ છું કે, એક વર્ષમાં ૨૫૦ આપી તો તે  ખાનગી ક્ષેત્રે આપી છે કે સરકારી ક્ષેત્રે આપી છે ?         ..અંતરાય..

અધ્યક્ષશ્રી :  વાકયો મેં દૂર કર્યા છે પ્લીઝ.

શ્રી મોહંમદ ફારૂક  હુ. શેખ :  માનનીય અધ્યક્ષશ્રી, (xxxx) અંતરાય..

શ્રી વજુભાઇ રૂ. વાળા : માનનીય અધ્યક્ષશ્રી, આ શબ્દો પાછા ખેંચવા જોઇએ કાં તેનો જવાબ બંધ કરવો જોઇએ.

* (xxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

અધ્યક્ષશ્રી : આપ પ્રશ્ન જ પૂછો, પ્લીઝ. માનનીય મંત્રીશ્રી આપ જવાબ આપો પ્લીઝ.

(સતત અંતરાય) આપનો જવાબ આપે છે, પ્લીઝ.

શ્રી મોહંમદ ફારૂક હુ. શેખ : બાકીની નોકરી રહે છે, એ કેટલા સમયમાં પૂરી કરવા માગો છો?

શ્રી વજુભાઇ રૂ. વાળા: માનનીય અધ્યક્ષશ્રી, એમણે જે સવાલ પૂછ્યો છે એમાં ૫૯૩૯ લોકો છે, એના માટે થઇને.. (અંતરાય) હું જવાબ આપું છું. (સતત અંતરાય)

અધ્યક્ષશ્રી : એમનો જવાબ સાંભળીએ, પ્લીઝ. નીતિનભાઇ, પ્લીઝ. (અંતરાય)આપ કોમેન્ટ ના કરો. આ પ્રશ્નોત્તરીનો સમય છે, પ્લીઝ. આપ બેસી જાઓ, પ્લીઝ.

શ્રી વજુભાઇ રૂ. વાળા : માનનીય મોહંમદભાઇએ જે પ્રશ્ન પૂછયો છે એ પ્રમાણે..(અંતરાય) ૫૯૩૯..

અધ્યક્ષશ્રીઃ નીતિનભાઇ, આપને વિનંતી કરું છું, આપ બેઠા બેઠા કોમેન્ટ ના કરતા, પ્લીઝ. પ્લીઝ. (અંતરાય) પ્લીઝ. પ્લીઝ.

શ્રી વજુભાઇ રૂ. વાળા: માનનીય અધ્યક્ષશ્રી, (અંતરાય) મારો જવાબ તો મને આપવા દો.. પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય પછી એમને જે પોઇન્ટ ઓફ ઓર્ડર ઉઠાવવો હોય તે ઉઠાવી શકે.

અધ્યક્ષશ્રીઃ પ્રશ્નોત્તરી બાદ આપને જે પોઇન્ટ ઓફ ઓર્ડર લેવો હોય તે લેજો પ્લીઝ, પ્લીઝ. આ પ્રશ્નોત્તરીનો સમય છે, ઓર્ડર, ઓર્ડર પ્લીઝ. (સતત અંતરાય અને સૂત્રોચ્ચાર) પ્લીઝ, આપ બેસી જાઓ પ્લીઝ. બધા સભ્યોને વિનંતી છે કે આ પ્રશ્નોત્તરીનો કાળ છે. આપ બેસી જાઓ. પ્લીઝ. (સતત અંતરાય)

શ્રી વજુભાઇ રૂ. વાળા :જે શબ્દો રેકર્ડ ઉપર ન હોય એની ઉપર ચર્ચા જ ન હોય. બેઠા બેઠા બોલે એમાં કાંઇ ના કહેવાનું હોય. રેકર્ડ ઉપર શબ્દો હોય એમાં માફી માગવાની કે એવી કોઇ વાત આવે. હવે, તમેય બેઠા બેઠા એટલું જ બોલો છો. તમે પણ બેઠા બેઠા બોલવામાં કાંઇ બાકી નથી રાખતા. (અંતરાય) અમે વાંધો નથી લેતા. (અંતરાય) અરે, ભાઇ. એક મિનિટ. જે કાંઇ વાંધો લેવો હોય. પ્રશ્નોત્તરી પૂરી થાય પછી કહેજો ને. પ્રશ્નોત્તરી પછી.

અધ્યક્ષશ્રી : પ્લીઝ. આપ બધા બેસી જાઓ. પ્લીઝ. પ્લીઝ.

શ્રી વજુભાઇ રૂ. વાળા:માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે પૂછયુ કે કયા કયા ક્ષેત્રમાં કેટલી કેટલી નોકરી મળી? હવે મારે કહેવાનું કે આપે જે કહ્યું કે ૫૯૩૯માંથી ફકત ૮૫૧ લોકોને જે નોકરી મળી એમને કયા કયા ક્ષેત્રમાં નોકરી મળી? તો એમાં ખાનગી ક્ષેત્રમાં ૭૮૧ લોકોને નોકરી મળી. લોકલ બોડીમાં ૫ર લોકોને નોકરી મળી અને રાજય સરકારમાં ૧૭ લોકોને નોકરી મળી. અને કેન્દ્રમાં ફકત ૧ જ વ્યકિતને નોકરી મળી. કેટલી? કેન્દ્રમાં. અને માનનીય અધ્યક્ષશ્રી કેન્દ્ર સરકારમાં ૨૦૦૯–૧૦માં કોઇને નોકરી ન મળી. ૨૦૧૦–૧૧માં પણ કોઇને નોકરી ન મળી. ૨૦૧૧–૧૨માં એક વિરલ વ્યકિતને નોકરી કેન્દ્ર સરકારમાં મળી. કેન્દ્ર સરકારે એકને પસંદ કર્યા. હવે આપને ડિટેઇલ જોઇતી હોય તો ડિટેઇલ પણ આપું. ૨૦૦૯–૧૦માં જે નોકરી મળી એમાં શિક્ષિત પુરુષો ૨૨૭ હતા. સ્ત્રીઓ હતી ૫૩. કુલ ૩૮૦ શિક્ષિત લોકોને નોકરી મળી. અર્ધ શિક્ષિત લોકોમાં ૨૨ પુરુષો અને ૪ સ્ત્રી અને કુલ ૨૬ લોકોને નોકરી મળી. આ જ પ્રમાણે ૨૦૦૯–૧૦માં ૩૪૯ પુરુષોને નોકરી મળી, ૫૭ સ્ત્રીઓને નોકરી મળી અને ૪૦૬ કુલ લોકોને નોકરી મળી. ત્યારપછી ૨૦૧૧–૧૨માં જોઇએ તો ૨૧૦ પુરુષોને નોકરી મળી. ૨૯ સ્ત્રીઓને નોકરી મળી. કુલ ૨૩૯ શિક્ષિત લોકોને નોકરી મળી. આ જ રીતે અર્ધ શિક્ષિતમાં પુરુષો ૩૭ અને સ્ત્રીઓ ૯ મળી કુલ ૪૬ ને નોકરી મળી. આ પ્રમાણે કુલ ૨૮૫ ને નોકરી મળી. એટલે ૨૦૦૯–૧૦માં ૪૦૬ લોકોને નોકરી મળી અને ૨૦૧૦–૧૧માં ૧૬૦ લોકોને નોકરી મળી. અને ૧૧–૧૨માં ૨૮૫ લોકોને નોકરી મળી. કુલ ૮૫૧ લોકોને નોકરી મળી છે, એમાંથી કેન્દ્ર સરકારમાં એક જ વ્યકિતને નોકરી મળી છે.

શ્રી રાકેશ જ. શાહ : માનનીય અધ્યક્ષશ્રી, આપણે સૌ જાણીએ છીએ કે રોજગારીનો ગંભીર પ્રશ્ન હતો અને છેલ્લા એક દસકાથી ગુજરાત અને અમદાવાદમાં શાંતિ અને સલામતી છે તેના કારણે ધંધા રોજગાર વધ્યા છે અને તેના કારણે રોજગારીની નવી તકો પણ ઉપલબ્ધ થઇ છે. માનનીય મંત્રીશ્રીએ જવાબ આપ્યો છે કે છેલ્લા ચાર વર્ષમાં લઘુમતી સમાજને કઇ કઇ રીતે રોજગારી આપી છે. (અંતરાય) હું લઘુમતી સમાજના મિત્રો માટેની વાત કરું છું કે છેલ્લા ચાર વર્ષમાં ગુજરાતે આટલી નોકરીઓ આપી છે કારણ કે એ

શકય ત્યારે બન્યું છે કે કેન્દ્રમાં પણ સૌથી વધારે નોકરી આપનાર રાજય કોઇ બન્યું હોય તો એ ગુજરાત માં સૌથી વધારે રોજગારીની તકો ઉભી થયેલી છે. લઘુમતી સમાજના લોકોને આટલી બધી જવાબદારી આપી છે ત્યારે તેને વર્ષવાઇઝ અને કયા કયા સેકટરમાં આ પ્રમાણેની તકો પ્રાપ્ત થઇ છે તે મારે જાણવું છે.

શ્રી વજુભાઇ રૂ. વાળા : માનનીય અધ્યક્ષશ્રી, સેકટરવાઇઝ બે રીતે વાત કરી શકાય, પણ તેમ છતાં મારી પાસે આખું લીસ્ટ છે તેમાં કુલ ૫૯૩૯ લોકો છે તેને તક મળી. કુલ લઘુમતીઓને ૩૧–૧–૧૨ની સ્થિતિએ ૭૩૯૨ લોકો રજિસ્ટર્ડ થયેલા છે એમાંથી પુરુષ ૬૮૮૦ અને સ્ત્રીઓ ૫૧૨ છે. અને નોંધાયેલા પુરુષો છે એમાં શિક્ષિત ૬૪૨૪ અને અર્ધ શિક્ષિત ૪૫૬ લોકો છે. એ જ રીતે સ્ત્રીઓમાં ૫૧૨ નોંધાયેલા છે એમાંથી ૨૯૪ શિક્ષિત અને ૨૧૮ અર્ધ શિક્ષિત છે. સેકટરવાઇઝ મેં વાત કરી તે પ્રમાણે રાજયમાં ૧૭ લોકોને અને કેન્દ્ર સરકારમાં એક ને નોકરી મળેલ છે. લોકલ બોડીમાં ૫૨ અને ખાનગી ક્ષેત્રમાં ૭૮૧ લોકોને રોજગારી મળેલી છે. એટલે ૮૫૧ લોકોને મળેલી છે. ટોટલ એગ્રીગેટ કરીએ તો ૩૧–૧–૧૨ ની ની સ્થિતિએ ૭૩૯૨ નોંધાયેલા છે એમાંથી ૫૯૩૪ ની ભલામણ કરેલી છે અને એમાંથી મળેલ નોકરીઓ ૮૫૧ છે.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ જે માહિતી આપી છે એમાં કુલ ૫૯૩૯ પૈકી ૮૫૧ લોકોને રોજગારી આપી, મારો પ્રશ્ન એટલો જ છે કે એમાં રાજય સરકારની પોતાની લગભગ ૩૩ ટકા જગ્યાઓ ખાલી છે, આ જગ્યાઓ ભરવા માટેનું કોઇ આયોજન કર્યુ છે ? જો એ ભરવા માટેનું આયોજન કરે તો જ લઘુમતી સમાજને નોકરી મળે. આ ૮૫૧ પૈકી (અંતરાય)

અધ્યક્ષશ્રી : પ્લીઝ ભરતભાઇ, બેસી જાઓ.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા : એ અટલબિહારી બાજપઇને સલાહ આપવી હતી, એમણે કહ્યું હતું કે રાજધર્મ નથી બજાવ્યો. એ સુપ્રિમ કોર્ટને કહેવું હતું, એમણે કહ્યું હતું કે જયારે ગુજરાત સળગતું હતું ત્યારે નીરો ફીડલ ગવાડતો હતો. સાહેબ, એમને સલાહ આપવી જોઇએ. (અંતરાય)

અધ્યક્ષશ્રી : પ્રશ્નોત્તરી પછી આપ પોઇન્ટ ઓફ ઓર્ડર લેજો. (અંતરાય) હું જોઇ લઇશ અને રેકોર્ડ ઉપરથી પણ દૂર કરીશ.

અર્જુનભાઇ દે. મોઢવાડીયા : મારો સવાલ સિમ્પલ છે કે આ ૮૫૧ માંથી જૈન, બૌધ, ક્રિશ્ચિયન અને મુસ્લિમ એ પૈકી કેટ કેટલાને નોકરી મળી છે?

શ્રી વજુભાઇ રૂ. વાળા : આમાં સવાલ લઘુમતીઓનો છે. આની અંદર બીજાનો નથી આ રીતે કોમ્યુનિટી છે એ જેટલી કોમ્યુનિટી આવતી હોય તે બધી આવી જાય છે. દા.ત. સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ છે એટલે બક્ષી પંચની જાતિઓ હોય તો બક્ષી પંચનું સર્ટિફિકેટ હોય તેને ઇન્ટર્વ્યુમાં મોકલીએ, એમાંથી નોકરી આપે પછી એમાં સુથાર કેટલા છે, લુહાર કેટલા છે રાજપુત કેટલા છે વાણંદ કેટલા છે એવું ન હોય. એટલે આ બધા લઘુમતીના જ આંકડા છે. અને જે વસ્તુ ફારૂકભાઇ સમજી શકતા હોય એટલે આખું હાઉસ સમજી ગયું એમ સમજી લેવાનું. એટલે આ બધા લઘુમતીના જ છે.

શ્રી ગ્યાસુદીન હ. શેખ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી, નીતિનભાઇ પટેલે *(xxxx) કર્યુ છે. (અંતરાય)

અધ્યક્ષશ્રી : હું માનનીય સભ્યશ્રીનો પ્રશ્ન નામંજૂર કરું છું. (અંતરાય)

શ્રી ગ્યાસુદીન હ. શેખ : માનનીય અધ્યક્ષશ્રી, અમદાવાદ શહેરમાં કેટલા લઘુમતી સમાજના બેરોજગાર લોકોને રોજગારી આપવામાં આવી છે એ પૈકી કેટલાને સરકારી નોકરી આપવામાં આવી છે, કેટલાકને ખાનગી નોકરી આપવામાં આવી છે. એમાં કાયમી નોકરી કેટલાને આપવામાં આવી છે?

શ્રી વજુભાઇ રૂ. વાળા : જે લોકોને ઇન્ટરવ્યુમાં મોકલ્યા અને પસંદ કર્યા હોય એ કાયમી નાકરી માટે જ હોય, સરકારમાં જે કંઇ કર્મચારી હોય એ શરૂઆતમાં પ્રોબેશન ઉપર આવે ત્યારબાદ સારી વર્તણૂક વ્યવહાર હોય એને કન્ફર્મ કરવામાં આવે. કેન્દ્રમાં પણ આ જ પરિસ્થિતિ છે. ખાનગી ક્ષેત્રે

* (xxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

૭૮૧ લોકોને, લોકલ બોડીમાં પર વ્યકિતઓને, જયારે રાજય સરકારમાં ૧૭ લોકોને જયારે કેન્દ્રમાં એક વ્યકિતને નોકરી મળી છે.

## જામનગર જિલ્લામાં સંકટમોચન યોજના હેઠળ મળેલ અરજીઓ

*** ૨૪૬૧૯ શ્રી મુળુભાઇ હ. બેરા(ભાણવડ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે–

(૧) જામનગર જિલ્લામાં સંકટમોચન યોજના અંતર્ગત સન ૨૦૧૧માં કેટલી અરજીઓ મળેલ છે,

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવેલ છે, અને

(૩) કેટલી અરજીઓ નામંજૂર કરવામાં આવી?

**સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રીઃ**

(૧) ૩૭૦.

(૨) ૩૦૭.

(૫) ૫૦.

શ્રી મુળુભાઇ હ. બેરા : મારા પ્રશ્નના જવાબમાં ૩૭૦ માંથી ૫૦ અરજીઓ નામંજૂર કરી છે. બાકી ૧૩ અરજીઓ પડતર છે કે કેમ? જે ૫૦ નામંજૂર કરી છે એના કારણો શું છે? મારો બીજો પ્રશ્ન છે સંકચ મોચન યોજના જામનગર જિલ્લાની ૩૦૭ પૈકી ભાણવડ, જામજોધપુર અને લાલપુર તાલુકામાંથી કુલ કેટલી અરજીઓ મળી એમાંથી કેટલી મંજૂર થઇ અને કેટલી નામંજૂર થઇ અને કેટલી પડતર છે?

શ્રી ફકીરભાઇ ર. વાઘેલા : જે બાકી ૧૩ અરજીઓ પડતર બતાવી હતી એ ૧૩ અરજીઓનો આજની તારીખે નિકાલ થઇ ગયો છે એટલે એક પણ અરજી આજની તારીખે પડતર નથી. બીજી વિગતો માગી એમાં ૧૩ અરજીઓ પૈકી નામંજૂરી માટેની ૫૦ અરજીઓ છે એ નામંજૂર માટેના કારણોમાં એક તો બી.પી.એલ. યાદીમાં સમાવેશ ન હોવાથી, મૃત્યુ પામનારની ઉંમર ૧૮ થી ૬૫ વયની વચ્ચે ન હોવાથી , સમય મર્યાદામાં અરજી ન કરેલ હોવાથી નામંજૂર કરવામાં આવેલ છે. ભાણવડ તાલુકા માટે માહિતી માગી છે તો ૧–૧–૧૧ થી ૩૧–૧૨– સુધીમાં એક પણ અરજી મળેલ નથી એટલે મંજૂર કે નામંજૂરનો પ્રશ્ન ઉભો થતો નથી. બીજો પ્રશ્ન લાલપુર તાલુકામાંથી ચાર અરજીઓ આવી છે જે પડતર અરજીઓ હતી એમાંથી આજની તારીખે બે મંજૂર કરી અને બે અરજીઓ નામંજૂર થઇ છે.

શ્રી મેઘજીભાઇ ડા. કણઝારીયા : આપના માધ્યમ દ્ધારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે નામંજૂરીના કિસ્સામાં એપેલેટ ઓથોરિટી કઇ છે એમાં કોઇ ફેરફાર કરવામાં આવ્યો છે કે કેમ, કેટલા દિવસમાં અપીલ કરવાની જોગવાઇ છે?

શ્રી ફકીરભાઇ ર. વાઘેલા : સંકટ મોચન યોજના છે એમાં અગાઉ કલેકટર કક્ષાએ એપેલેટ ઓથોરિટી હતી પરંતુ માનનીય મુખ્યમંત્રીશ્રીના સીધા માર્ગદર્શન નીચે જે એટીવીટી કેન્દ્રો છે એમાં શરૂઆત થઇ છે. અરજદારોને જિલ્લા કેન્દ્ર ઉપર ન જવું પડે અને તાલુકા કક્ષાએ એનો નિકાલ થાય એના માટેની વ્યવસ્થા થાય એના ભાગરૂપે એમાં ફેરફાર કરવામાં આવ્યો છે. અને હવે એપેલેટ ઓથોરીટી તરીકે પ્રાંત અધિકારીને નિમવામાં આવે છે. અપીલ કરવા માટેની જોગવાઇ છે અને તેમાં ૬૦ દિવસનો સમય નક્કી કરવામાં આવ્યો છે.

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે, આ સંકટમોચન યોજના શું છે અને તેની સહાય માટેના લાભાર્થીઓના ધોરણો શું છે?

શ્રી ફકીરભાઇ ર. વાઘેલા : માનનીય અધ્યક્ષશ્રી, ઘણી વખત જયારે યોજનાની માહિતી આપતા હોઇએ છીએ ત્યારે મારા મિત્રો વિરોધ કરતા હોય છે. કુટુંબની કમાનાર મુખ્ય વ્યકિત એનું મૃત્યુ થાય ત્યારે એને ૧૦૦૦૦ રૂપિયાની સહાય આપવા માટેની આ યોજના છે એને આપણે સંકટમોચન યોજના તરીકે

આપણે કહીએ છીએ. સાથોસાથ આ યોજના તહત જે લોકો બીપીએલ યાદી હેઠળ આવતા હોય એને લાભ મળે છે. મૃત્યુ પામનાર વ્યક્તિ ૧૮થી ૬૫ વર્ષની વય વચ્ચેની હોવી જોઇએ. કુટુંબની અંદર એકજ વ્યક્તિ એના માટે અરજી કરે છે. સાથે એણે મૃત્યુ પામનારનું પ્રમાણપત્ર આપવાનું હોય છે. આ પછી જે એપેલેટ ઓથોરીટીની વાત કરી, આ અપીલ કરવાની સત્તા પણ આપણે પ્રાંત અધિકારીને આપી છે અને આ મૃત્યુ થયા પછી બે વર્ષના સમય ગાળામાં એણે અરજી કરવાની હોય છે.

**સુરેન્દ્રગર જિલ્લામાં સંત સુરદાસ યોજના હેઠળ મળેલ અરજીઓ**

***૨૪૬૨૨ શ્રી શંભુપ્રસાદ બ. ટુંડિયા(દસાડા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કેઃ–

(૧) સુરેન્દ્રનગર જિલ્લામાં સંત સુરદાસ યોજના અન્વયે સન ૨૦૧૧માં કેટલા લાભાર્થીઓને લાભ આપવામાં આવેલ છે,

(૨) તે પૈકી કેટલી મંજૂર કરવામાં આવી, અને

(૩) કુલ કેટલી સહાય ચૂકવવામાં આવી?

**સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રીઃ**

(૧) ૧૨૫

(૨) ૮૦

(૩) રૂ. ૨,૧૨,૦૦૦/– ( અંકે રૂપિયા બે લાખ બાર હજાર પૂરા.)

શ્રી શંભુપ્રસાદ બ. ટુંડિયા : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી હું જાણવા માગું છું કે, વર્ષ ૨૦૧૧માં સંત સુરદાસ યોજના હેઠળ સુરેન્દ્રગર જિલ્લામાં ૧૨૫ અરજીઓ આવી હતી, જેમાંથી ૮૦ જેટલી મંજૂર કરવામાં આવી છે અને ૪૫ જેટલી અરજીઓ બાકી છે. એમાં નામંજૂર છે એ કેટલી છે અને પડતર કેટલી છે, નામંજૂર કરી છે એના કારણો શું છે? બીજો પ્રશ્ન મારા પાટડી અને લખતર તાલુકામાંથી કેટલી અરજીઓ આવી છે અને એમાંથી કેટલી નામંજૂર કરવામાં આવી છે અને કેટલી પેન્ડીંગ છે અને કેટલી નામંજૂર કરવામાં આવી છે?

શ્રી ફકીરભાઇ ર. વાઘેલા : માનનીય અધ્યક્ષશ્રી, સંત સુરદાસ પેન્શન યોજના હેઠળ સુરેન્દ્રગર જિલ્લામાં કુલ ૧૨૫ અરજીઓમાંથી ૮૦ મંજૂર કરવામાં આવી છે અને ૪૫ અરજીઓ નામંજૂર કરવામાં આવી છે અને એકપણ અરજી પડતર નથી. જે નામંજૂર કરવામાં આવી છે એમાં ૧ અરજી ઉંમર વધુ હોવાથી, ૨૫ અરજીઓ આવક વધુ હોવાથી અને ૧૯ અરજીઓમાં વિકલાંગતા રેટ ઓછો હોવાથી નામંજૂર કરવામાં આવી છે. બીજો પ્રશ્ન એ હતો કે, પાટડી અને લખતર તાલુકામાં આ યોજના તહત પાટડીમાં ૧૮ અને લખતર તાલુકામાં ૨ અરજીઓ મળી હતી. એમાંથી પાટડી તાલુકામાં સાત મંજૂર કરવામાં આવી અને ૧૧ નામંજૂર થઇ અને લખતર તાલુકામાં ૧ મંજૂર થઇ અને ૧ નામંજૂર થઇ.

શ્રીમતી વર્ષાબેન ન. દોશી : માનનીય અધ્યક્ષશ્રી, આ સંત સુરદાસ પેન્શન યોજના હેઠળ પેન્શન આપવાના ધોરણો શું છે અને કેટલી સહાય આપવામાં આવે છે અને તેમાં મારા વઢવાણ તાલુકામાં કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી છે?

શ્રી ફકીરભાઇ ર. વાઘેલા : માનનીય અધ્યક્ષશ્રી, વઢવાણ તાલુકામાં આ યોજના હેઠળ ૨૮ અરજીઓ આવી હતી એમાંથી ૧૯ અરજીઓ મંજૂર થઇ અને ૯ અરજીઓ નામંજૂર કરવામાં આવી છે અને એકપણ પડતર નથી. એમણે જે સહાયની વાત કરી એમાં ૮૦ ટકા વિકલાંગતા હોય અને ૦થી ૧૭ વર્ષની ઉંમર ધરાવતા વ્યક્તિને રૂ.૨૦૦/– અને પછી ૧૮થી ૬૪ વર્ષની વય ધરાવતા વ્યક્તિને રૂ.૪૦૦/– આપવામાં આવે છે.

શ્રી ભરતભાઇ વ. ખોરાણી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે, ૨૦૧૧ના વર્ષમાં સંત સુરદાસ પેન્શન યોજના હેઠળ ચોટીલા અને સાયલા તાલુકામાં કેટલી અરજીઓ મળી?

અધ્યક્ષશ્રી : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે.

# અતારાંકિત પ્રશ્નો

## (તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ)

## સી.એન.જી. પર વેટનો દર

૨૬૧૭૭ **શ્રી ઇકબાલભાઇ પટેલ( વાગરા): માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| તા.૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ રાજ્યમાં સી.એન.જી. ઉપર રાજ્ય સરકારના વેટ તથા અન્ય કર કેટલા ટકા છે ? | વેટનો દર – ૧૫ % (વધારાના વેરા સહિત)<br>અન્ય કર – નથી. |

---------

## G દાહોદ જિલ્લામાં વૃધ્ધાવસ્થા પેન્શન યોજના હેઠળ મળેલ અરજીઓ

૨૫૦૭૦ **શ્રી બચુભાઇ ના. કિશોરી( લીમડી): માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧)રાષ્ટ્રીય વૃધ્ધાવસ્થા પેન્શન યોજના અંતર્ગત તા.૩૧–૧૨–૧૧ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં તાલુકાવાર છેલ્લા બે વર્ષમાં કુલ કેટલી અરજીઓ આવેલ છે, અને

(૧)

મળેલ અરજીઓ

| **ક્રમ** | **તાલુકાનું નામ** | **વર્ષ ૨૦૧૦** | **વર્ષ ૨૦૧૧** | **કુલ** |
| --- | --- | --- | --- | --- |
| ૧ | દાહોદ | ૩૬૮૧ | ૧૪૬૨ | ૫૧૪૩ |
| ૨ | ઝાલોદ | ૩૮૩૮ | ૫૧૨ | ૪૩૫૦ |
| ૩ | ગરબાડા | ૩૭૪૬ | ૧૫૫૧ | ૫૨૯૭ |
| ૪ | ફતેપુરા | ૩૨૭૧ | ૬૧૫ | ૩૮૮૬ |
| ૫ | દે. બારીયા | ૧૧૬૫ | ૩૦૧ | ૧૪૬૬ |
| ૬ | લીમખેડા | ૧૭૮૬ | ૬૩૪ | ૨૪૨૦ |
| ૭ | ધાનપુર | ૩૨૭ | ૭૧૪ | ૧૦૪૧ |
|  | **કુલ** | **૧૭૮૧૪** | **૫૭૮૯** | **૨૩૬૦૩** |

(૨)ઉપરોકત અરજીઓ પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવેલ છે ?

(૨) મંજૂર કરવામાં આવેલ

| **ક્રમ** | **તાલુકાનું નામ** | **વર્ષ ૨૦૧૦** | **વર્ષ ૨૦૧૧** | **કુલ** |
| --- | --- | --- | --- | --- |
| ૧ | દાહોદ | ૨૧૧૪ | ૬૧૨ | ૨૭૨૬ |
| ૨ | ઝાલોદ | ૨૨૧૫ | ૩૧૨ | ૨૫૨૭ |
| ૩ | ગરબાડા | ૨૨૬૪ | ૫૭૯ | ૨૮૪૩ |
| ૪ | ફતેપુરા | ૧૮૬૪ | ૫૮૧ | ૨૪૪૫ |
| ૫ | દે. બારીયા | ૬૫૩ | ૧૮૬ | ૮૩૯ |
| ૬ | લીમખેડા | ૧૦૩૩ | ૨૪૪ | ૧૨૭૭ |
| ૭ | ધાનપુર | ૨૬૩ | ૫૬૬ | ૮૨૯ |
|  | **કુલ** | **૧૦૪૦૬** | **૩૦૮૦** | **૧૩૪૮૬** |

---------

## ભરૂચ એ.આર.ટી.ઓ. કચેરીની આવક

૨૪૬૩૯ **શ્રી દુષ્યંતભાઇ ર. પટેલ( ભરૂચ): માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૧)એ.આર.ટી.ઓ ભરૂચ કચેરીને ૨૦૧૧ના | (૧) રૂપિયા ૫૪.૫૧ કરોડ |

| | |
|---|---|
| વર્ષમાં કુલ કેટલી રકમની આવક થઈ, | |
| (૨)વર્ષ–૨૦૧૦ના સંદર્ભમાં આવકમાં વધારો થયો કે ઘટાડો, | (૨)વર્ષ–૨૦૧૦ના સંદર્ભમાં આવકમાં વધારો થયો. |
| (૩)જો આવકમાં વધારો થયો હોય તો કેટલી રકમનો, અને | (૩)આવકમાં રૂપિયા ૮.૧૦ કરોડનો વધારો થયો. |
| (૪)ઘટાડો થયો હોય તો તેના કારણો શું છે ? | (૪)પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**વડોદરા જિલ્લામાં વૃધ્ધાવસ્થા પેન્શન યોજના હેઠળ મળેલ અરજીઓ**

૨૬૦૮૧ **શ્રી ચંદુભાઇ મો. ડાભી( કરજણ): માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧)તા.૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વૃધ્ધાવસ્થા પેન્શન યોજના અન્વયે વડોદરા જિલ્લામાંથી કુલ કેટલી અરજીઓ આવી, | (૧) ૧૮૯૨૦. |
| (૨)તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, | (૨)૧૬૩૭૫. |
| (૩)કેટલી અરજીઓ નામંજૂર કરવામાં આવી, અને | (૩)૧૯૮૯. |
| (૪)અરજીઓ નામંજૂર કરવાના કારણો ક્યા છે ? | (૪)૧. નિયત આવક કરતાં આવક વધુ હોવાથી,<br>૨. પુખ્તવયનો પુત્ર હોવાથી,<br>૩. ઉંમર ઓછી હોવાથી,<br>૪. સ્થળે રહેતા ન હોવાથી,<br>૫. બી.પી.એલ. યાદીમાં સમાવેશ ન હોવાથી,<br>૬. બી.પી.એલ. યાદીમાં ૦ થી ૧૬ નો સ્કોર ધરાવતા ન હોવાથી |

---------

**મહેસાણા જિલ્લામાં વિદેશ અભ્યાસ લોન યોજના હેઠળ મળેલ અરજીઓ**

૨૪૬૦૧ **શ્રી કાંતિભાઇ રા. પટેલ(વિજાપુર): માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧)વિદેશ અભ્યાસ લોન યોજના હેઠળ મહેસાણા જિલ્લામાં વર્ષ ૨૦૧૧–૨૦૧૨ માં તા.૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગના વિદ્યાર્થીઓની કેટલી | (૧) ૬. |

અરજીઓ મળી,

| | |
|---|---|
| (૨)તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, | (૨)૫. |
| (૩)કેટલી અરજીઓ નામંજૂર કરવામાં આવી, અને | (૩)શૂન્ય. |
| (૪)કુલ કેટલી સહાય ચૂકવવામાં આવી ? | (૪)રૂ. ૨૦.૦૦ લાખ. |

---------

## રાજકોટ જિલ્લામાં એપ્રેન્ટીસશીપ એકટ હેઠળ આવરી લેવાયેલ એકમો

૨૪૬૪૯ **શ્રી પ્રવિણભાઇ મો. માકડિયા(ઉપલેટા): માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧)રાજકોટ જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ એપ્રેન્ટીસશીપ એકટ હેઠળ આવરી લેવાયેલ એકમોની સંખ્યા કેટલી, અને | (૧) ૪૯૦. |
| (૨)આવરી લેવાયેલ એકમોમાં કુલ કેટલી બેઠકોની ફાળવણી થયેલ હતી, | (૨)૨૨૦૧. |
| (૩)ફાળવણી થયેલ બેઠકો પૈકી કેટલી જગ્યાઓ ભરાયેલ હતી, અને | (૩)૧૩૦૩. |
| (૪)જો જગ્યાઓ ખાલી રહેતી હોય તો ખાલી રહેવાના સામાન્યતઃ કારણો શાં છે ? | (૪)આકર્ષક રોજગારીની તકો ન હોય તેવા વ્યવસાયોમાં ઉમેદવારો એપ્રેન્ટીસ તરીકે જોડાતા નથી. |

## દાહોદ જિલ્લામાં અનુસૂચિત જાતિના ટી.બી.ના દર્દીઓને ચૂકવાયેલ સહાય

૨૬૦૦૯ **શ્રી વજેસિંહભાઇ પા. પણદા( દાહોદ): માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧)દાહોદ જિલ્લામાં સન ૨૦૧૦ અને ૨૦૧૧ માં અનુસૂચિત જાતિના ટી.બી. ના કેટલા દર્દીઓને તાલુકાવાર કેટલી રકમની સહાય ચૂકવવામાં આવી, અને | (૧) |

| ક્રમ | તાલુકો | દર્દી | સહાયની રકમ રૂ. |
|---|---|---|---|
| ૧ | ઝાલોદ | ૧૨ | ૧૩,૦૦૦ |
| ૨ | દેવગઢ બારીયા | ૦૭ | ૧૦,૫૦૦ |
| ૩ | લીમખેડા | ૦૮ | ૧૧,૦૦૦ |
| ૪ | ફતેપુરા | ૦૯ | ૧૦,૨૫૦ |
| ૫ | ગરબાડા | ૦૪ | ૬,૫૦૦ |
| ૬ | દાહોદ | ૦૫ | ૭,૨૫૦ |
| | **કુલ** | **૪૫** | **૫૮,૫૦૦** |

| | |
|---|---|
| (૨)તે પૈકી કેટલા દર્દીઓને ઉકત સ્થિતિએ આવી સહાય ચાલુ છે ? | (૨)૫. |

## જૂનાગઢ જિલ્લામાં નોંધાયેલ બેરોજગારો

૨૪૬૪૨ **શ્રી રાજસીભાઇ વિ. જોટવા(સોમનાથ): માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧)જૂનાગઢ જિલ્લા રોજગાર વિનિમય કચેરીમાં | (૧) ૧૩૩૬૭. |

૨૦૧૧ ના વર્ષ દરમ્યાન કેટલા બેરોજગારોની નોંધણી થયેલ હતી, અને

(૨)૨૦૧૧ના વર્ષ દરમ્યાન કેટલા ઉમેદવારોને રોજગારી મળી ? | (૨)૪૬૬૨.

---------

**સી.એન.જી. પર વેટનો દર**

૨૬૧૬૦ **શ્રી શૈલેષકુમાર મ. પરમાર(શહેરકોટડા): માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તા.૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ રાજ્યમાં સી.એન.જી. ઉપર રાજ્ય સરકારના વેટ તથા અન્ય કર કેટલા ટકા છે? | વેટનો દર–૧૫ % (વધારાના વેરા સહિત)<br>અન્ય કર–નથી |

---------

**સુરેન્દ્રનગર જિલ્લામાં કુંવરબાઈનું મામેરૂં યોજના હેઠળ મળેલ અરજીઓ**

૨૪૬૫૬ **શ્રીમતિ વર્ષાબેન ન. દોશી(વઢવાણ): માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧)સુરેન્દ્રનગર જિલ્લામાં કુંવરબાઈનું મામેરૂં યોજના હેઠળ વર્ષ ૨૦૧૦–૧૧ અને વર્ષ ૨૦૧૧–૧૨ માં તા.૩૧–૧૨–૨૦૧૧ સુધીમાં કેટલી અરજીઓ મળી, | (૧)૭૫૧ . |
| (૨)તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨)૬૪૭. |
| (૩)કેટલી અરજીઓમાં સહાય ચૂકવવામાં આવી ? | (૩)૬૩૩. |

---------

**સાબરકાંઠા જિલ્લામાં આવેલ સરકારી આઈ.ટી.આઈ.**

૨૪૬૪૫ **શ્રી દિલીપસિંહજી વ. પરમાર( મોડાસા): માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧)તા.૩૧–૧–૨૦૧૨ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લાના દરેક તાલુકામાં સરકારી આઈ.ટી.આઈ. છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨)જે તાલુકાના ક્યા સ્થળે આઈ.ટી.આઈ. મંજૂર થયેલ છે તથા તાલીમાર્થીઓ માટે મંજૂર થયેલ બેઠકોની સંખ્યા કેટલી છે, અને | (૨) |

| | તાલુકાનું નામ | આઈ.ટી.આઈ.નું નામ | તાલીમાર્થીઓ માટે મંજુર થયેલ બેઠકો |
|---|---|---|---|
| ૧ | બાયડ | બાયડ | ૨૭૨ |
| ૨ | ભિલોડા | ભિલોડા | ૬૪૮ |
| ૩ | ધનસુરા | વડાગામ | ૧૨૮ |
| ૪ | હિંમતનગર | હિંમતનગર | ૭૮૦ |
| ૫ | ઈડર | ઈડર | ૩૪૮ |
| ૬ | ખેડબ્રહ્મા | ખેડબ્રહ્મા | ૩૮૮ |
| ૭ | માલપુર | માલપુર | ૧૨૪ |

| | | | |
|---|---|---|---|
| ૮ | મેઘરજ | મેઘરજ | ૨૩૨ |
| ૯ | મોડાસા | મોડાસા | ૧૮૫૬ |
| ૧૦ | પ્રાંતિજ | પ્રાંતિજ | ૧૨૪ |
| ૧૧ | તલોદ | તલોદ | ૧૨૮ |
| ૧૨ | વડાલી | વડાલી | ૧૨૮ |
| ૧૩ | વિજયનગર | વિજયનગર | ૧૫૨ |

(૩)જે તાલુકામાં સરકારી આઈ.ટી.આઈ. ન હોય ત્યાં ગ્રાન્ટ ઈન એઈડ/સ્વનિર્ભર ઔદ્યોગિક તાલીમ સંસ્થા ઉપલબ્ધ છે કે કેમ ?

(૩)પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

## દાહોદ જિલ્લામાં વેટની ચોરીના કેસો

૨૬૩૫૫ **શ્રી ચંદ્રિકાબેન છ. બારીયા( લીમખેડા): માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧)સન ૨૦૧૧ માં દાહોદ જિલ્લામાં કેટલી રકમની વેટની ચોરી પકડવામાં આવી, અને

(૧) ` ૧૬.૩૧ લાખ.

(૨)તે અન્વયે કેટલા ઈસમોની સામે કાનુની કાર્યવાહી કરવામાં આવી ?

(૨)૩ (ત્રણ).

---------

## પેટ્રોલ–ડીઝલ પર વેટની આવક

૨૬૯૪૮ **શ્રી બાવકુભાઇ ના. ઉંધાડ(બાબરા): માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧)તા.૩૧–૧૨–૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં પેટ્રોલ–ડીઝલ ઉપર કેટલો વેટ અને સેસ વર્ષ પ્રમાણે લેવામાં આવેલ છે, અને

(૧)

| વિગત | વેટનો દર | સેસનો દર |
|---|---|---|
| પેટ્રોલ | ૨૩% | ૨% |
| ડીઝલ | ૨૧% | ૩% |

(૨)તે અન્વયે વર્ષવાર સરકારને કેટલી આવક થઈ ?

(૨) (રૂ. કરોડમાં)

| વર્ષ | વેટ | સેસ |
|---|---|---|
| તા.૧–૧–૦૯ થી તા. ૩૧–૧૨–૦૯ | ૨૧૦૩.૪૯ | ૪૯૪.૫૮ |
| તા.૧–૧–૧૦ થી તા. ૩૧–૧૨–૧૦ | ૨૬૫૧.૭૪ | ૬૦૦.૨૯ |
| તા.૧–૧–૧૧ થી તા. ૩૧–૧૨–૧૧ | ૩૪૯૬.૨૨ | ૭૬૮.૨૫ |

---------

## કચ્છ અને જામનગર જિલ્લામાં ગરીબ કલ્યાણ મેળાઓમાં ચૂકવાયેલ સહાય

૨૫૧૬૫ **શ્રી રાઘવજીભાઇ હં. પટેલ(જોડીયા): માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧)તા.૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર જામનગર અને કચ્છ જિલ્લામાં

(૧) હા.

તા.૫ મી માર્ચ, ૨૦૧૨

અતારાંકિત પ્રશ્નો

| | |
|---|---|
| તાલુકાવાર યોજાયેલ ગરીબ કલ્યાણ મેળાઓમાં શ્રમ અને રોજગાર વિભાગ કે તાબા હેઠળની કચેરીઓ દ્વારા કોઈ સહાય/વળતર/રાહત ચૂકવવામાં આવી છે કે કેમ, | |
| (૨)જો હા, તો વર્ષવાર અને તાલુકાવાર વિભાગ હસ્તકની કઈ યોજનાઓ હેઠળ કેટલી રકમની સહાય ચૂકવવામાં આવી, અને | (૨)પત્રક – (૧) મુજબ. |
| (૩)ઉક્ત ખર્ચ બજેટના કયા હેડ હેઠળ ઉધારવામાં આવેલ છે? | (૩)પત્રક – (૧) મુજબ. |

## પત્રક–(૧)

| ક્રમ | વર્ષ | જિલ્લા તથા તાલુકાનું નામ | 'સ્કોપ' અંગ્રેજી ભાષાની તાલીમ યોજના રૂા. | નેવી તાલીમવર્ગના તાલીમાર્થીઓને ચુકવાયેલ સહાય રૂા. | કન્સ્ટ્રકશન સ્કીલ તાલીમ યોજના રૂા. | ગુજરાત સામૂહિક જૂથ (જનતા) અકસ્માત વીમા યોજના રૂા. | શહેરી વિસ્તારના અસંગઠિત મજુરોને સામાજિક સુરક્ષા હેઠળ ડ્રીલ કીટ/સાધન સહાય કીટ (રૂા.) | શિક્ષણ સહાય યોજના (રૂા.) |
|---|---|---|---|---|---|---|---|---|
| (૧) | ૨૦૧૦ | જામનગર જિલ્લા | | | | | | |
| | | જામનગર | ૩૦૦૦ | ૨૦૮૦૦ | ૩૩૬૦૦ | ૨૦૦૦૦૦ | ૧૭૭૦૦૦૦ | ૭૧૭૫૦ |
| | | ઓખા | ૪૫૦૦ | | | | | |
| | | લાલપુર | | | ૧૮૦૦ | | | ૨૦૦૦ |
| | | જામખંભાલીયા | ૯૩૫૦૦ | | | ૧૦૦૦૦૦ | | |
| | | કલ્યાણપુર | ૨૫૦૦ | | | | | |
| | | ભાણવડ | ૧૦૦૦ | | | | | |
| | | કાલાવાડ | ૩૦૦૦ | | | | | |
| | | જોડીયા | | ૫૨૦૦ | | | | |
| | | **કુલ** | **૧૦૭૫૦૦** | **૨૬૦૦૦** | **૩૫૪૦૦** | **૩૦૦૦૦૦** | **૧૭૭૦૦૦૦** | **૭૩૭૫૦** |
| | | કચ્છ જિલ્લા | | | | | | |
| | | ભૂજ | ૩૫૫૦૦ | | | ૧૦૦૦૦૦ | | |
| | | નખત્રાણા | | | | ૧૦૦૦૦૦ | | |
| | | માંડવી | ૨૦૦૦ | | | | | |
| | | અંજાર | ૧૦૦૦ | | | | | |
| | | **કુલ** | **૩૮૫૦૦** | | | **૨૦૦૦૦૦** | | |
| (૨) | | જામનગર જિલ્લા | | | | | | |
| | | જામનગર | | | | | ૪૨૧૮૮૯ | |
| | | **કુલ** | | | | | **૪૨૧૮૮૯** | |
| | | કચ્છ જિલ્લા | | | | | | |
| | | ભૂજ | ૩૦૦૦ | | | | | |
| | | માંડવી | | | | ૧૦૦૦૦૦ | | |
| | | રાપર | | | | ૧૦૦૦૦૦ | | |
| | | ભચાઉ | | | | ૧૦૦૦૦૦ | | |
| | | **કુલ** | **૩૦૦૦** | | | **૩૦૦૦૦૦** | | |
| (૩) | ઉક્ત ખર્ચ ઉધારવામાં આવેલ બજેટ હેડ | | ૧) ૨૨૩૦– શ્રમ અને રોજગાર, ઈ.એમ.પી–૬–(પ્લાન), માંગણી નં.–૫૭, ૯૫, ૯૬<br>૨) કન્સ્ટ્રકશન સ્કીમ તાલીમ યોજના અન્વયે ચૂકવેલ સ્ટાઈપેન્ડનો ખર્ચ ઉધોગ ખાતા તરફથી મળેલ ગ્રાન્ટ જી.સી.વી.ટી. ખાતે જમા કરેલ તે પૈકી ગ્રાન્ટમાંથી ચુકવવામાં આવેલ છે. | | | માંગણી ક્રમાંક–૫૭, ૯૫,૯૬ એલબીઆર–૧૬ હેઠળ ગુજરાત સામૂહિક જુથ (જનતા) અકસ્માત વીમા યોજના અંતર્ગત જે તે વર્ષ માટે વીમા નિયામકશ્રીને ભરવામાં આવેલ પ્રીમીયમમાંથી વીમા નિયામકશ્રી દ્વારા ચૂકવવામાં આવેલ છે. | માંગણી ક્રમાંક–૫૭ (આયોજન), ૨૨૩૦–શ્રમ અને રોજગાર, ૧૦૩–સામાન્ય શ્રમ કલ્યાણ, ૦૧ શ્રમ (૦૪) એલબીઆર–૨૬, શહેરી વિસ્તારના અસંગઠિત મજુરોને સામાજિક સુરક્ષા (ગુજરાત અસંગઠિત કામદાર કલ્યાણ બોર્ડને સહાયક અનુદાન) | ૨૨૩૦–શ્રમ અને રોજગાર, ૦૧–શ્રમ, ૧૧૧–મજૂરોની સામાજીક સુરક્ષા, ૦૫–એલબીઆર–૨૫, ગુજરાત મકાનો અને અન્ય બાંધકામ મજૂરોના કલ્યાણ બોર્ડની પ્રવૃત્તિઓ (પ્લાન) |

---------

## બનાસકાંઠા જિલ્લામાં ગણવેશ સહાય યોજના હેઠળ થયેલ અરજીઓ

૨૪૫૯૬ **શ્રી મફતલાલ મો. પુરોહિત(ધાનેરા): માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧)બનાસકાંઠા જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ વર્ષ ૨૦૧૧–૨૦૧૨ માં વિકસતી જાતિના બાળકોની ગણવેશ સહાય મેળવવા માટે કેટલી અરજીઓ મળી, અને | (૧) ૩,૦૧,૧૦૯. |
| (૨)તે પૈકી કેટલા બાળકોને કુલ કેટલી રકમની સહાય ચૂકવી ? | (૨)૨,૯૯,૩૨૮ બાળકોને રૂા. ૫,૯૮,૬૫,૬૦૦/–ની સહાય ચૂકવવામાં આવી છે. |

---------

## સાબરકાંઠા જિલ્લામાં મરણોત્તર સહાય યોજના હેઠળ ચૂકવાયેલ સહાય

૨૪૬૭૦ **શ્રી ઉદેસિંહ પું. ઝાલા( બાયડ): માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| સાબરકાંઠા જિલ્લામાં મરણોત્તર સહાયની યોજના હેઠળ વર્ષ ૨૦૧૦–૧૧ અને ૨૦૧૧–૧૨ માં તા.૩૧–૧૨–૨૦૧૧ સુધીમાં કેટલી સહાય ચૂકવવામાં આવી ? | રૂા. ૧૩.૨૦ લાખ . |

---------

## અમદાવાદ જિલ્લામાં નોંધાયેલ બેરોજગારો

૨૬૯૬૧ **શ્રી રણછોડભાઇ ક. મેર(ધંધુકા): માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧)અમદાવાદ જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૧ ની સ્થિતિએ તાલુકાવાર કેટલા બેરોજગારોની નોંધણી જિલ્લા રોજગાર વિનિમય કચેરીમાં કરવામાં આવી છે,

**જવાબ**

(૧)

| ક્રમ | તાલુકાનું નામ | નોંધાયેલ બેરોજગારોની સંખ્યા |
|---|---|---|
| ૧ | દશક્રોઈ | ૧૫૯૦૧ |
| ૨ | ધોળકા | ૨૯૪૪ |
| ૩ | બાવળા | ૧૨૯૯ |
| ૪ | ધંધુકા | ૨૨૬૯ |
| ૫ | રાણપુર | ૪૧૯ |
| ૬ | બરવાળા | ૫૭૮ |
| ૭ | સાણંદ | ૩૫૧૪ |
| ૮ | વિરમગામ | ૨૨૩૯ |
| ૯ | માંડલ | ૧૦૦૬ |
| ૧૦ | દેત્રોજ | ૮૧૯ |
| ૧૧ | સીટી | ૭૮૨૦૨ |
| | કુલ | ૧૦૯૧૯૦ |

(૨)ઉક્ત સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કયા તાલુકાના કેટલા બેરોજગારોના નામો રોજગારી માટે મોકલવામાં આવ્યા, અને

(૨)ઉક્ત સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં રોજગારી માટે મોકલવામાં આવેલ બેરોજગારોની સંખ્યા

| ક્રમ | તાલુકાનું નામ | વર્ષ: ૨૦૦૯ | વર્ષ: ૨૦૧૦ | વર્ષ: ૨૦૧૧ |
|---|---|---|---|---|
| ૧ | દશક્રોઈ | ૨૮૯૩ | ૩૦૫૮ | ૪૨૫૭ |
| ૨ | ધોળકા | ૯૮૫ | ૧૧૬૨ | ૧૩૧૪ |
| ૩ | બાવળા | ૩૩૭ | ૩૬૮ | ૪૫૪ |
| ૪ | ધંધુકા | ૪૬૨ | ૮૨૨ | ૧૦૩૪ |
| ૫ | રાણપુર | ૧૮૫ | ૧૫૦ | ૧૮૩ |
| ૬ | બરવાળા | ૧૭૬ | ૧૮૪ | ૨૨૮ |
| ૭ | સાણંદ | ૧૫૩૫ | ૧૭૪૯ | ૨૦૨૧ |
| ૮ | વિરમગામ | ૮૬૦ | ૪૪૮ | ૧૧૩૫ |
| ૯ | માંડલ | ૧૮૯ | ૨૨૧ | ૨૮૦ |
| ૧૦ | દેત્રોજ | ૨૧૧ | ૨૨૪ | ૨૬૪ |
| ૧૧ | સીટી | ૪૦૭૮૯ | ૪૨૭૩૨ | ૫૬૨૮૪ |
| | કુલ | ૪૮૬૨૨ | ૫૧૧૧૮ | ૬૭૪૫૪ |

(૩)તે પૈકી કેટલા બેરોજગારોને રોજગારી પૂરી પાડવામાં આવી?

(૩)ઉક્ત ક્રમ (૨) પૈકી રોજગારી પૂરી પાડવામાં આવેલ બેરોજગારોની સંખ્યા

| ક્રમ | તાલુકાનું નામ | વર્ષ: ૨૦૦૯ | વર્ષ: ૨૦૧૦ | વર્ષ: ૨૦૧૧ |
|---|---|---|---|---|
| ૧ | દશક્રોઈ | ૨૪૯ | ૩૪૨ | ૩૭૫ |
| ૨ | ધોળકા | ૫૩ | ૨૫૧ | ૨૭૭ |
| ૩ | બાવળા | ૨૧ | ૧૩૦ | ૧૪૩ |
| ૪ | ધંધુકા | ૨૬૩ | ૨૭૪ | ૨૧ |
| ૫ | રાણપુર | ૬ | ૫૧ | ૪૭ |
| ૬ | બરવાળા | ૯૧ | ૪૯ | ૫૩ |
| ૭ | સાણંદ | ૪૨૧ | ૬૧૯ | ૮૪૪ |
| ૮ | વિરમગામ | ૩૬ | ૧૯૯ | ૨૩૩ |
| ૯ | માંડલ | ૧૦ | ૪૨ | ૬૩ |
| ૧૦ | દેત્રોજ | ૩ | ૩૬ | ૪૨ |

| | | | | |
|---|---|---|---|---|
| ૧૧ | સીટી | ૨૨૪૩૫ | ૨૨૧૨૬ | ૩૩૨૯૮ |
| | કુલ | ૨૩૫૮૮ | ૨૪૧૧૯ | ૩૫૩૯૬ |

---------

## નવસારી જિલ્લામાં સંત સુરદાસ યોજના હેઠળ મળેલ અરજીઓ

૨૪૬૧૩ **શ્રી નરેશભાઇ મ. પટેલ( ચીખલી): માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧)નવસારી જિલ્લામાં સંત સુરદાસ યોજના અન્વયે સન ૨૦૧૧માં કેટલા લાભાર્થીઓને લાભ આપવામાં આવેલ છે, અને | (૧) ૬૭૮. |
| (૨) તે અન્વયે કુલ કેટલી સહાય ચુકવવામાં આવી? | (૨)રૂા. ૧૮,૫૫,૭૭૦/– (અંકે રૂપિયા અઢાર લાખ પંચાવન હજાર સાતસો સીત્તેર પુરા). |

---------

## અમરેલી એ.આર.ટી.ઓ. કચેરીની આવક

૨૪૬૮૬ **શ્રી હીરાભાઇ ઓ. સોલંકી(રાજુલા): માનનીય વાહનવ્યવહાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧)એ.આર.ટી.ઓ. અમરેલીની કચેરીને ૨૦૧૧ના વર્ષમાં કુલ કેટલી રકમની આવક થઈ, | (૧) રૂપિયા ૩૨.૬૬ કરોડ. |
| (૨)વર્ષ–૨૦૧૦ના સંદર્ભમાં આવકમાં વધારો થયો કે ઘટાડો, | (૨)વધારો. |
| (૩)જો આવકમાં વધારો થયો હોય તો કેટલી રકમનો, અને | (૩)રૂપિયા ૬.૪૮ કરોડનો વધારો થયો. |
| (૪)ઘટાડો થયો હોય તો તેના કારણો શાં છે? | (૪)પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

## મહેસાણા જિલ્લામાં સંત સુરદાસ યોજના હેઠળના લાભાર્થીઓ

૨૪૬૨૩ **શ્રી ભરતસિંહજી શં. ડાભી(ખેરાલુ): માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧)મહેસાણા જિલ્લામાં સંત સુરદાસ યોજના હેઠળ સન ૨૦૧૧માં કુલ કેટલી લાભાર્થીઓને લાભ આપવામાં આવેલ છે, અને | (૧) ૩,૦૭૨. |
| (૨) તે અન્વયે કુલ કેટલી સહાય ચુકવવામાં આવી? | (૨)રૂા. ૧,૧૦,૫૮,૦૦૦/– (અંકે રૂપિયા એક કરોડ દસ લાખ અઠાવન હજાર પુરા). |

## સી.એન.જી. પર વેટનો દર

૨૬૧૭૧ **શ્રી નટવરસિંહ કુ. ઠાકોર( મહુધા): માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ રાજ્યમાં સી.એન.જી. ઉપર રાજ્ય સરકારના વેટ તથા અન્ય | વેટનો દર – ૧૫ % (વધારાના વેરા સહિત) અન્ય કર – નથી. |

કર કેટલા ટકા છે ?

## જુનાગઢ જિલ્લામાં સાતફેરા સમૂહલગ્ન યોજના હેઠળ મળેલ અરજીઓ

૨૪૬૦૪ **શ્રી કાળુભાઇ ચ. રાઠોડ(ઉના): માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧)જુનાગઢ જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ વર્ષ ૨૦૧૧–૨૦૧૨માં સાતફેરા સમૂહલગ્ન યોજના હેઠળ વિકસતી જાતિના અરજદારોને લાભ આપવા માટે કેટલી સંસ્થાઓની અરજીઓ મળી, | (૧)સંસ્થા ૦૭.<br>લાભાર્થી૧૭૮. |
| (૨)તે પૈકી કેટલા લાભાર્થીઓને લાભ આપવામાં આવ્યો, | (૨)સંસ્થા ૦૭.<br>લાભાર્થી૧૭૮. |
| (૩)કુલ કેટલી સહાય ચૂકવવામાં આવી, અને | (૩)સંસ્થા રૂ।. ૭૦,૦૦૦/–.<br>લાભાર્થી રૂ।. ૮,૯૦,૦૦૦/–.<br>**કુલ રૂ।. ૯,૬૦,૦૦૦/–.** |
| (૪)લાભાર્થીઓની અરજીઓ નામંજૂર કરેલ હોય તો તેના સામાન્ય કારણો શાં છે ? | (૪)પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

## અમદાવાદ જિલ્લામાં નોંધાયેલ બેરોજગારો

૨૬૪૫૦ **શ્રી ગ્યાસુદીન હ. શેખ(શાહપુર): માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧)તા.૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ અમદાવાદ શહેર અને જિલ્લાની રોજગાર વિનિમય કચેરીમાં કેટલા બેરોજગારો નોંધાયા, અને | (૧)૧૦૯૧૯૦ . |
| (૨)તે અન્વયે ઉકત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલાને રોજગારીની તકો અપાઈ ? | (૨)૬૭૪૫૪. |

## વિવિધ વિભાગોની આવક વધવા છતાં દેવા અને વ્યાજ વધવા બાબત

૨૫૪૭૭ **શ્રી બાબુભાઇ મે. શાહ(રાપર): માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧)છેલ્લા વર્ષોમાં રાજયના વિવિધ વિભાગોની આવક વધવા છતાં દેવા અને વ્યાજનું પ્રમાણ વધતું રહ્યું છે તે હકીકત સાચી છે, અને | (૧) હા, પરંતુ નિયમની મર્યાદામાં. |
| (૨)તા.૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર વ્યાજની ચૂકવણી કેટલી થઈ અને આ વ્યાજની ચૂકવણી કેટલા દેવા સામે કરવામાં આવી ? | (૨) (` કરોડમાં) |

| નાણાકીય વર્ષ | ચૂકવાયેલ વ્યાજ | દેવું (ઉઘડતી સિલક) |
|---|---|---|
| ૨૦૦૮–૦૯ | ૭૦૬૫ | ૭૯૩૦૮ |
| ૨૦૦૯–૧૦ | ૭૭૦૩ | ૮૭૦૧૦ |
| ૨૦૧૦–૧૧ | ૮૫૬૩ | ૯૮૦૦૯ |

| | | |
|---|---|---|
| ૨૦૧૧-૧૨<br>(તા. ૩૧-૧૨-૨૦૧૧ સુધી અંદાજીત) | ૭૧૨૦ | ૧૧૦૮૭૩ |

----------

## સુરેન્દ્રનગર જિલ્લામાં મંજૂર થયેલ ગ્રાન્ટ ઈન એઈડ છાત્રાલયો

૨૪૬૬૯ **શ્રી ભરતભાઇ વ. ખોરાણી(ચોટીલા): માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧)વર્ષ ૨૦૧૧-૧૨માં સુરેન્દ્રનગર જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૧ સુધીમાં અનુસૂચિત જાતિના કેટલા ગ્રાન્ટ ઈન એઈડ છાત્રાલયો મંજૂર કરવામાં આવ્યા, અને | (૧) શૂન્ય. |
| (૨)તે પૈકી કેટલા કુમાર અને કેટલા કન્યા છાત્રાલયો મંજૂર કરવામાં આવ્યા ? | (૨)પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

## વડોદરા જિલ્લામાં નિરાધાર વૃધ્ધ સહાય યોજના હેઠળ મળેલ અરજીઓ

૨૪૬૦૭ **શ્રી અભેસિંહ મો. તડવી( સંખેડા): માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧)વડોદરા જિલ્લામાં નિરાધાર વૃધ્ધ સહાય યોજના અન્વયે તા.૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી અરજીઓ મળેલ છે. | (૧)૬૭૬ . |
| (૨)તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવેલ છે, | (૨)૫૩૩. |
| (૩)કેટલી અરજીઓ નામંજૂર કરવામાં આવેલ છે, અને | (૩)૭૨. |
| (૪)કુલ કેટલી સહાય ચૂકવવામાં આવી ? | (૪)` ૧૦.૮૦ લાખ. |

## સી.એન.જી. પર વેટનો દર

૨૬૧૭૮ **શ્રી જયેશભાઇ વિ. રાદડીયા(ધોરાજી): માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તા.૩૧-૧૨-૨૦૧૧ ની સ્થિતિએ રાજ્યમાં સી.એન.જી. ઉપર રાજ્ય સરકારના વેટ તથા અન્ય કર કેટલા ટકા છે ? | વેટનો દર -૧૫ ટકા (વધારાના વેરા સહિત)<br>અન્ય કર-નથી. |

## રાજ્ય બહાર સાંસ્કૃતિક કાર્યક્રમ કરવા કલાકારોને અપાતી સુવિધા

૨૪૬૫૩ **શ્રી અનિલકુમાર ત્રિ. પટેલ(મહેસાણા): માનનીય રમત-ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧)સાંસ્કૃતિક વારસાની જાળવણી હેઠળ તા.૩૧-૧૨-૨૦૧૧ સુધીમાં છેલ્લા ત્રણ વર્ષમાં કેટલા કલાવૃંદોને રાજ્ય બહાર અને વિદેશ ખાતે | (૧) રાજ્ય બહાર ૧૪૪ કલાવૃંદોને કુલ ૧૯૨ સાંસ્કૃતિક કાર્યક્રમો માટે તથા વિદેશ ખાતે ૦૫ કલાવૃંદોને સાંસ્કૃતિક કાર્યક્રમો કરવા માટે મંજૂરી |

| | |
|---|---|
| સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કરવા માટે મંજૂરી આપવામાં આવી છે, | આપવામાં આવી છે. |
| (૨) રાજ્ય બહાર સાંસ્કૃતિક કાર્યક્રમ કરવા જતા કલાકારોને રાજ્ય સરકાર તરફથી શી સુવિધા આપવામાં આવે છે, અને | (૨) રાજ્ય બહાર સાંસ્કૃતિક કાર્યક્રમ કરવા જતાં કલાકારોને રાજ્ય સરકાર તરફથી પ્રવાસ ખર્ચ, દૈનીક ભથ્થું, કાર્યક્રમ પુરસ્કાર, ડ્રેસ ભાડું, જેવી સુવિધાઓ આપવામાં આવે છે. |
| (૩) યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરીને આ યોજના હેઠળ તા.૩૧-૧૨-૧૧ સુધીમાં છેલ્લા ત્રણ વર્ષમાં કેટલી અરજીઓ મળી ? | (૩) ૩૦૭ અરજીઓ મળેલ છે. |

---------

## સુરત આર.ટી.ઓ. કચેરીની આવક

૨૪૬૩૬ **શ્રી કિશોરભાઇ વાંકાવાલા( સુરત શહેર પશ્ચિમ): માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) આર.ટી.ઓ. સુરતની કચેરીને ૨૦૧૧ ના વર્ષમાં કુલ કેટલી રકમની આવક થઇ, | (૧) રૂપિયા ૨૨૯.૧૨ કરોડ. |
| (૨) વર્ષ-૨૦૧૦ ના સંદર્ભમાં આવકમાં વધારો થયો કે ઘટાડો, | (૨) વધારો. |
| (૩) જો આવકમાં વધારો થયો હોય તો કેટલી રકમનો, અને | (૩) રૂપિયા ૪૫.૯૮ કરોડનો વધારો થયો. |
| (૪) ઘટાડો થયો હોય તો તેના કારણો શા છે ? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

## પાટણ જિલ્લામાં કુંવરબાઇનું મામેરું યોજના હેઠળ મળેલ અરજીઓ

૨૬૨૬૨ **શ્રી શંકરભાઇ લ. ચૌધરી(રાધનપુર): માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પાટણ જિલ્લામાં કુંવરબાઇનું મામેરું યોજના હેઠળ વર્ષ ૨૦૧૦-૧૧ અને ૨૦૧૧-૧૨ માં તા.૩૧-૧૨-૨૦૧૧ સુધીમાં કેટલી અરજીઓ મળી, | (૧) ૩૯૯. |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૩૬૪. |
| (૩) કેટલી અરજીઓમાં સહાય ચૂકવવામાં આવી ? | (૩) ૩૬૪. |

---------

## પંચમહાલ જિલ્લામાં વેટની આવક

૨૪૬૩૪ **શ્રી જેઠાભાઇ ઘે. ભરવાડ( શહેરા): માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧)૨૦૧૧ ના વર્ષમાં પંચમહાલ જિલ્લાની વેટની આવક કેટલી થઇ, | (૧) ` ૨૧૨.૪૪ કરોડ. |
| (૨)કેટલી રકમ વસૂલ કરવાની બાકી છે, અને | (૨)` ૧૩.૮૩ કરોડ. |
| (૩)બાકી રકમ વસૂલ કરવા માટે શું પગલાં લેવામાં આવ્યા ? | (૩)શક્ય વસુલાતવાળા કેસોમાં ગુજરાત વેચાણવેરા કાયદા, ગુજરાત મૂલ્યવર્ધિત વેરા કાયદા તથા જમીન મહેસૂલ કાયદા અન્વયે પગલાં લેવામાં આવેલ છે. |

---------

## કચ્છ જિલ્લામાં વિકલાંગ સાધન સહાય યોજના હેઠળ મળેલ અરજીઓ

૨૬૨૧૮ **શ્રી જયંતિલાલ પ. ભાનુશાળી(અબડાસા): માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧)કચ્છ જિલ્લામાં વિકલાંગ સાધન સહાય યોજના હેઠળ તા.૩૧–૧૨–૧૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી અરજીઓ આવી, | (૧) ૨૮૩. |
| (૨)તે પૈકી કેટલી મંજૂર કરવામાં આવી, | (૨) ૨૫૩. |
| (૩)કેટલી નામંજૂર કરવામાં આવી, અને | (૩) ૩૦. |
| (૪)કુલ કેટલી રકમ ચૂકવવામાં આવી ? | (૪) રૂ. ૭,૫૨,૭૦૧/–. |

## સોનગઢ આર.ટી.ઓ. ચેકપોસ્ટની આવક

૨૪૬૨૬ **શ્રીમતી ભારતીબેન અ. રાઠોડ( કામરેજ): માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧)સુરત જિલ્લાના સોનગઢ આર.ટી.ઓ. ચેકપોસ્ટની કચેરીને ૨૦૧૧ના વર્ષમાં કેટલી રકમની આવક થઇ, | (૧)રૂપિયા ૫૧.૪૫ કરોડ. |
| (૨)વર્ષ ૨૦૧૦માં કેટલી આવક થઇ હતી, અને | (૨)રૂપિયા ૬૨.૦૪ કરોડ |
| (૩)જો આવકમાં ઘટાડો થયો હોય તો તેના કારણો શાં છે ? | (૩)વર્ષ–૨૦૧૦ના સંદર્ભમાં આવકમાં રૂપિયા ૧૦.૫૯ કરોડનો ઘટાડો થયેલ છે કારણ કે ઓવરલોડ વહન કરતા વાહનો સામે કડક પગલા લેવાતા ઓવરલોડ વાહનોનું પ્રમાણ ઘટવાને પરિણામે ઓવરલોડ અંગેની માંડવાળ ફીમાં |

ઘટાડો થવાને કારણે આવકમાં ઘટાડો થયેલ છે.

## યોગ પ્રચાર અને પ્રસાર માટે અમલમાં મૂકાયેલ યોજના

૨૪૬૫૧ **શ્રી રાકેશકુમાર જ. શાહ(એલિસબ્રિજ): માનનીય રમત-ગમત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧)તા.૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન રાજ્યમાં યોગના પ્રચાર અને પ્રસાર માટે સરકારે કોઇ યોજના અમલમાં મૂકી છે, તે હકીકત સાચી છે, અને

(૨)જો હા, તો આ યોજનાની વિગતો શી છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨)અનુસૂચિત જાતિની વધુ વસ્તી ધરાવતાં ૧૬ જિલ્લાઓમાં અનુસૂચિત જાતિના યુવક યુવતિઓ માટે યોગાસન અને વ્યક્તિત્વ વિકાસ શિબિરની યોજના અમલમાં હતી ત્યારબાદ નાણાકીય વર્ષ ૨૦૧૧-૧૨ થી તમામ જિલ્લાઓમાં સદર શિબિરના આયોજન કરવા અંગેની યોજના અમલમાં મૂકી છે.

---------

## સી.એન.જી. પર વેટનો દર

૨૬૧૮૨ **શ્રી સી. કે. રાઉલજી( ગોધરા): માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧)તા.૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ રાજ્યમાં સી.એન.જી. ઉપર રાજ્ય સરકારના વેટ તથા અન્ય કર કેટલા ટકા છે ?

**જવાબ**

(૧) વેટનો દર - ૧૫ % (વધારાના વેરા સહિત)

અન્ય કર - નથી.

---------

## આણંદ જિલ્લામાં વૃધ્ધાવસ્થા પેન્શન યોજના હેઠળ મળેલ અરજીઓ

૨૫૭૩૩ **શ્રી લાલસિંહ ઉ. વડોદીયા( ઉમરેઠ): માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧)તા.૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આણંદ જિલ્લામાં તાલુકાવાર, વર્ષવાર રાષ્ટ્રીય વૃધ્ધાવસ્થા પેન્શન યોજના અંતર્ગત કેટલી અરજીઓ આવી,

**જવાબ**

(૧) મળેલ અરજીઓ

| ક્રમ | તાલુકાનું નામ | વર્ષ ૨૦૧૦ | વર્ષ ૨૦૧૧ | કુલ |
|---|---|---|---|---|
| ૧ | આણંદ શહેર | ૨૯૧ | ૨૦૭ | ૪૯૮ |
| ૨ | આણંદ ગ્રામ્ય | ૧૬૧૫ | ૬૦૨ | ૨૨૧૭ |
| ૩ | આંકલાવ | ૨૦૯૫ | ૨૦૦ | ૨૨૯૫ |
| ૪ | ઉમરેઠ | ૭૩૨ | ૪૦૬ | ૧૧૩૮ |
| ૫ | બોરસદ | ૬૨૪ | ૭૧૨ | ૧૩૩૬ |
| ૬ | પેટલાદ | ૬૨૫ | ૮૧૨ | ૧૪૩૭ |
| ૭ | સોજીત્રા | ૯૫ | ૨૦૩ | ૨૯૮ |
| ૮ | ખંભાત | ૬૨૫ | ૪૭૬ | ૧૧૦૧ |
| ૯ | તારાપુર | ૨૬ | ૩૪ | ૬૦ |
| | **કુલ** | **૬૭૨૮** | **૩૬૫૨** | **૧૦૩૮૦** |

(૨)આવેલ અરજીઓ પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી અને કેટલી અરજી નામંજૂર કરવામાં આવી, અને

(૨) મળેલ અરજીઓ પૈકી મંજૂર અને નામંજૂર અરજીઓ

| ક્રમ | તાલુકાનું નામ | વર્ષ–૨૦૧૦ | | વર્ષ–૨૦૧૧ | |
|---|---|---|---|---|---|
| | | મંજૂર | નામંજૂર | મંજૂર | નામંજૂર |
| ૧ | આણંદ શહેર | ૨૩૮ | ૫૩ | ૧૨૯ | ૩૮ |
| ૨ | આણંદ ગ્રામ્ય | ૧૦૭૦ | ૫૪૫ | ૩૫૭ | ૨૪૫ |
| ૩ | આંકલાવ | ૧૪૯૩ | ૬૦૨ | ૭૭ | ૫૪ |
| ૪ | ઉમરેઠ | ૬૦૮ | ૧૨૪ | ૨૯૮ | ૮૯ |
| ૫ | બોરસદ | ૪૯૩ | ૧૩૧ | ૩૬૯ | ૧૨૭ |
| ૬ | પેટલાદ | ૫૨૯ | ૯૬ | ૬૯૭ | ૧૧૫ |
| ૭ | સોજીત્રા | ૭૩ | ૨૨ | ૧૪૪ | ૫૯ |
| ૮ | ખંભાત | ૪૧૮ | ૨૦૭ | ૨૬૪ | ૨૦૧ |
| ૯ | તારાપુર | ૨૦ | ૦૬ | ૨૧ | ૦૯ |
| | **કુલ** | **૪૯૪૨** | **૧૭૮૬** | **૨૩૫૬** | **૯૩૭** |

(૩)મંજૂર થયેલ અરજદારોને વર્ષવાર અને તાલુકાવાર પેન્શન આપવામાં કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

(૩) મંજૂર અરજીનો ખર્ચ

| ક્રમ | તાલુકાનું નામ | વર્ષ–૨૦૧૦ રૂ. લાખમાં | વર્ષ–૨૦૧૧ રૂ. લાખમાં |
|---|---|---|---|
| ૧ | આણંદ શહેર | ૧૧.૪૨ | ૨.૦૫ |
| ૨ | આણંદ ગ્રામ્ય | ૫૧.૩૬ | ૫.૮૭ |
| ૩ | આંકલાવ | ૭૧.૬૬ | ૨.૨૦ |
| ૪ | ઉમરેઠ | ૨૯.૧૮ | ૧૦.૨૨ |
| ૫ | બોરસદ | ૨૩.૬૬ | ૭.૦૮ |
| ૬ | પેટલાદ | ૨૫.૩૯ | ૨૩.૫૮ |
| ૭ | સોજીત્રા | ૩.૫૦ | ૩.૪૯ |
| ૮ | ખંભાત | ૨૦.૦૬ | ૩.૯૬ |
| ૯ | તારાપુર | ૦.૯૬ | ૦.૨૮ |
| | **કુલ** | **૨૩૭.૧૯** | **૫૮.૭૪** |

---------

## ગાંધીનગર જિલ્લામાં વેટની આવક

૨૪૬૩૩ **શ્રી કલ્યાણસિંહ દે. ચૌહાણ(દહેગામ): માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧)૨૦૧૧ના વર્ષમાં ગાંધીનગર જિલ્લાની વેટની આવક કેટલી થઇ, | (૧) ` ૯૦૬.૪૧ કરોડ. |
| (૨)કેટલી રકમ વસુલ કરવાની બાકી છે, અને | (૨)` ૬૨.૦૫ કરોડ |
| (૩)બાકી રકમ વસુલ કરવા માટે શું પગલાં લેવામાં આવ્યા ? | (૩)શક્ય વસુલાતવાળા કેસોમાં ગુજરાત વેચાણવેરા કાયદા, ગુજરાત મૂલ્યવર્ધિત વેરા કાયદા તથા જમીન મહેસૂલ કાયદા અન્વયે પગલાં લેવામાં આવેલ છે. |

---------

## રાજકોટ જિલ્લામાં નિરાધાર વૃધ્ધ સહાય યોજના હેઠળ મળેલ અરજીઓ

૨૪૬૧૨ **શ્રીમતિ જશુબેન સ. કોરાટ(જેતપુર): માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧)રાજકોટ જિલ્લામાં નિરાધાર વૃધ્ધ સહાય યોજના અન્વયે સન ૨૦૧૧માં કેટલી અરજીઓ મળી, | (૧) ૧૧૦૮. |

| | |
|---|---|
| (૨)તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવેલ છે, | (૨)૩૫૪. |
| (૩)કેટલી અરજીઓ નામંજૂર કરવામાં આવેલ છે, અને | (૩)૩૯૯. |
| (૪)કુલ કેટલી સહાય ચૂકવવામાં આવી ? | (૪)રૂ. ૨,૩૪,૪૦૦ |

---------

## રાજકોટ જિલ્લામાં વેટની આવક

૨૪૬૩૫ **શ્રી કાંતિલાલ શી. અમૃતિયા(મોરબી): માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧)૨૦૧૧ના વર્ષમાં રાજકોટ જિલ્લાની વેટની આવક કેટલી થઇ, | (૧)` ૧૦૪૬.૫૪કરોડ. |
| (૨)કેટલી રકમ વસુલ કરવાની બાકી છે, અને | (૨)` ૧૦૩.૬૩ કરોડ. |
| (૩)બાકી રકમ વસુલ કરવા માટે શું પગલાં લેવામાં આવ્યા ? | (૩)શક્ય વસુલાતવાળા કેસોમાં ગુજરાત વેચાણવેરા કાયદા, ગુજરાત મૂલ્યવર્ધિત વેરા કાયદા તથા જમીન મહેસૂલ કાયદા અન્વયે પગલાં લેવામાં આવેલ છે. |

---------

## બનાસકાંઠા જિલ્લામાં મરણોત્તર સહાય યોજના હેઠળ ચૂકવાયેલ સહાય

૨૪૬૭૧ **શ્રી ગોવિંદભાઇ મા. પ્રજાપતિ( પાલનપુર): માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| બનાસકાંઠા જિલ્લામાં મરણોત્તર સહાય યોજના હેઠળ વર્ષ ૨૦૧૦–૧૧ અને ૨૦૧૧–૧૨ માં તા.૩૧–૧૨–૨૦૧૧ સુધીમાં કેટલી સહાય ચૂકવવામાં આવી ? | રૂ. ૧૮.૬૦ લાખ. |

---------

## સી.એન.જી. પર વેટનો દર

૨૬૧૮૧ **શ્રી પરેશભાઇ ગો. વસાવા( નીઝર): માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧)તા.૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ રાજ્યમાં સી.એન.જી. ઉપર રાજ્ય સરકારના વેટ તથા અન્ય કર કેટલા ટકા છે ? | (૧) વેટનો દર – ૧૫ % (વધારાના વેરા સહિત)<br>અન્ય કર – નથી. |

---------

## રાજકોટ જિલ્લામાં સ્વરોજગાર શિબિરોનું આયોજન

૨૪૬૪૪ **શ્રી ગોવિંદભાઇ ઉ. પટેલ(રાજકોટ-૧): માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧)રાજકોટમાં ૨૦૧૧ના વર્ષમાં કેટલી સ્વરોજગાર શિબિરોનું આયોજન કરવામાં આવ્યુ હતું, | (૧)૩૪. |
| (૨) આ શિબિરોનું કયા કયા સ્થળે આયોજન કરવામાં આવ્યું અને કેટલા ઉમેદવારો હાજર રહયા, અને | (૨) |

| ક્રમ | શિબિરનું સ્થળ | હાજર રહેલ ઉમેદવારોની સંખ્યા |
|---|---|---|
| ૧ | વિરાણી બહેરા મુંગા શાળા, રાજકોટ | ૧૬૪ |
| ૨ | ગ્રામ પંચાયત હાઇસ્કુલ કુવાડવા | ૯૦ |
| ૩ | મદદનીશ નિયામક (રોજગાર)ની કચેરી, રાજકોટ | ૪૨ |
| ૪ | અમુલ ઈન્ડસ્ટ્રીઝ, રાજકોટ | ૬૩ |
| ૫ | પેટ્રો. આઈ. ટી., રાજકોટ | ૪૯ |
| ૬ | ભવાની ઈન્ડસ્ટ્રીઝ, રાજકોટ | ૭૨ |
| ૭ | એચ. જે. ઈન્ડસ્ટ્રીઝ, રાજકોટ | ૬૭ |
| ૮ | આઈ.ટી.આઈ., રાજકોટ | ૬૮ |
| ક્રમ | શિબિરનું સ્થળ | હાજર રહેલ ઉમેદવારોની સંખ્યા |
| ૯ | મદદનીશ નિયામક (રોજગાર)ની કચેરી, રાજકોટ | ૬૯ |
| ૧૦ | મદદનીશ નિયામક (રોજગાર)ની કચેરી, રાજકોટ | ૮૨ |
| ૧૧ | આઈ.ટી.આઈ., રાજકોટ | ૫૧ |
| ૧૨ | મદદનીશ નિયામક રોજગાર કચેરી, રાજકોટ | ૮૧ |
| ૧૩ | તાલુકા પંચાયત કચેરી, જામ કંડોરણા | ૭૩ |
| ૧૪ | આઈ.ટી.આઈ., જામ કંડોરણા | ૬૦ |
| ૧૫ | તાલુકા પંચાયત કચેરી, લોધીકા | ૨૪ |
| ૧૬ | ખીમાણી હાઇસ્કુલ, લોધીકા | ૨૭ |
| ૧૭ | આઈ.ટી.આઈ., ધોરાજી | ૩૭ |
| ૧૮ | આઈ.ટી.આઈ., ધોરાજી | ૬૨ |
| ૧૯ | આઈ.ટી.આઈ., વાંકાનેર | ૪૦ |
| ૨૦ | આઈ.ટી.આઈ., વાંકાનેર | ૬૫ |
| ૨૧ | આઈ.ટી.આઈ., ટંકારા | ૫૨ |
| ૨૨ | કૌશલ્ય વર્ધન કેન્દ્ર, ટંકારા | ૫૫ |
| ૨૩ | તાલુકા પંચાયત કચેરી, માળીયા મિયાણા | ૩૬ |
| ૨૪ | સરવડ હાઇસ્કુલ, સરવડ | ૭૦ |
| ૨૫ | આઈ.ટી.આઈ., જેતપુર | ૪૮ |
| ૨૬ | તીર્થ એગ્રો, ભુણાવા, તા. ગોંડલ | ૩૩ |
| ૨૭ | આઈ.ટી.આઈ., ગોંડલ | ૪૦ |
| ૨૮ | કૌશલ્ય વર્ધન કેન્દ્ર, મોવિયા, તા. ગોંડલ | ૯૮ |
| ૨૯ | ડી.એસ.વી.કે. હાઇસ્કુલ, જસદણ | ૬૫ |
| ૩૦ | કૌશલ્ય વર્ધન કેન્દ્ર, વિંછીયા, તા. જસદણ | ૮૧ |
| ૩૧ | કૌશલ્ય વર્ધન કેન્દ્ર, પાનેલી, તા. ઉપલેટા | ૪૮ |
| ૩૨ | આઈ.ટી.આઈ., પડધરી | ૫૬ |
| ૩૩ | આઈ.ટી.આઈ.,મોરબી | ૭૩ |
| ૩૪ | કૌશલ્ય વર્ધન કેન્દ્ર, શાપર | ૫૮ |
| | **કુલ – ૩૪ શિબિરો** | **૨૦૯૯** |

| | |
|---|---|
| (૩)આ શિબિરોમાં કેટલા ઉમેદવારોને માર્ગદર્શન આપવામાં આવ્યું? | (૩)૨૦૯૯. |

તા.૫ મી માર્ચ, ૨૦૧૨
અતારાંકિત પ્રશ્નો

---------

**બનાસકાંઠા જિલ્લામાં સંકટમોચન યોજના હેઠળ મળેલ અરજીઓ**

૨૪૬૧૭ **શ્રી વસંતકુમાર પ. ભટોળ( દાંતા): માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧)બનાસકાંઠા જિલ્લામાં સંકટમોચન યોજના અંતર્ગત સન ૨૦૧૧માં કેટલી અરજીઓ મળેલ છે, | (૧)૩૭૯ . |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવેલ છે, અને | (૨)૨૮૧. |
| (૩)કેટલી અરજીઓ નામંજૂર કરવામાં આવી? | (૩)૫૯. |

---------

**જામનગર સ્થિત એસ્સાર રીફાઈનરી પાસેથી બાકી સેલ્સટેકસની વસુલાત**

૨૪૩૬૫ **શ્રી ખુમાનસિંહ રા. ચૌહાણ( સાવલી): માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧)રાજ્ય સરકારે જામનગર સ્થિત એસ્સાર રીફાઈનરીને જે તે સમયે સેલ્સ ટેક્ષમાં છૂટછાટના લાભો અપાયા હતા તે અન્વયે નામદાર સુપ્રીમના તાજેતરના ચુકાદા અન્વયે એસ્સાર કંપની પાસે તા. ૩૧–૧–૨૦૧૨ની સ્થિતિએ કુલ કેટલી રકમ વસુલ કરવાની થાય છે, અને | (૧) ` ૮૨૮૯.૭૨ કરોડ (વ્યાજ સહિત). |
| (૨) તે અન્વયે ઉક્ત રીફાઈનરી દ્ધારા કેટલી રકમ તા. ૨૫–૧–૧૨ સુધીમાં જમા કરાવવામાં આવી? | (૨)તે અન્વયે કોઈ રકમ જમા કરાવાયેલ નથી. |

---------

**પેન્શનરો માટે ઓનલાઈન સેવા**

૨૬૨૮૩ **શ્રી નાનુભાઇ ભ. વાનાણી( સુરત શહેર ઉત્તર): માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧)તા. ૩૧–૧–૨૦૧૨ની સ્થિતએ પેન્શનરો તેમના પેન્શનને લગતી માહિતી ઓનલાઈન મેળવી શકે તે માટે કોઈ વ્યવસ્થા ગોઠવવામાં આવી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો શી વ્યવસ્થા ગોઠવવામાં આવી છે, અને | (૨)તા. ૦૨–૧૦–૨૦૧૧થી સંકલિત નાણાકિય વ્યવસ્થાપન પધ્ધતિ અંતર્ગત તૈયાર કરેલ 'સાયબર ટ્રેઝરી' સાઈટ હેઠળ 'પેન્શન પોર્ટલ' કાર્યરત કરેલ છે. |
| (૩)આ વ્યવસ્થાના કારણે પેન્શનરોને કઈ વિગતો ઓનલાઈન ઉપલબ્ધ થાય છે? | (૩)પેન્શનરોને પોતાને ચૂકવાયેલ પેન્શનની સ્લીપ, ત્રિમાસિક, અર્ધ વાર્ષિક તથા વાર્ષિક |

ચુકવણાની રકમના પત્રક, પેન્શન અંગેની વિગતો, તબીબી સારવારના બીલોની સ્થિતિ, વાર્ષિક હયાતીના પ્રમાણપત્રની પ્રિન્ટ તથા નોકરી કાળ દરમ્યાન લીધેલ મકાન/વાહન પેશગીના હિસાબની વિગતો ઉપલબ્ધ થાય છે.

---------

## વલસાડ જિલ્લામાં આવેલ સરકારી આઈ.ટી.આઈ.

૨૪૬૪૭ **શ્રી રમણલાલ ના. પાટકર( ઉમરગામ): માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧)તા. ૩૧–૧–૨૦૧૨ની સ્થિતિએ વલસાડ જિલ્લાના દરેક તાલુકામાં સરકારી આઈ.ટી.આઈ. છે કે કેમ, | (૧)હા, જી. |
| (૨) જે તે તાલુકાના કયા સ્થળે સરકારી આઈ.ટી.આઈ. મંજૂર થયેલ છે તથા તાલીમાર્થીઓ માટે મંજૂર થયેલ બેઠકોની સંખ્યા કેટલી છે, અને | (૨) (કોષ્ટક નીચે) |
| (૩)જે તાલુકામાં સરકારી આઈ.ટી.આઈ. ન હોય ત્યાં ગ્રાન્ટ ઈન એઈડ/સ્વનિર્ભર ઔદ્યોગિક તાલીમ સંસ્થા ઉપલબ્ધ છે કે કેમ? | (૩)પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

(૨)

| | તાલુકાનું નામ | આઈ.ટી.આઈ.નું નામ | તાલીમાર્થીઓ માટે મંજૂર થયેલ બેઠકો |
|---|---|---|---|
| ૧ | ધરમપુર | ધરમપુર | ૫૧૨ |
| ૨ | કપરાડા | કપરાડા | ૨૬૮ |
| ૩ | પારડી | પારડી | ૮૯૨ |
| ૪ | ઉમરગામ | ભિલાડ | ૪૬૪ |
| ૫ | વલસાડ | વલસાડ | ૨૨૪ |

---------

## સી.એન.જી. પર વેટનો દર

૨૬૧૨૭ **શ્રી અશ્વિનકુમાર કોટવાલ( ખેડબ્રહ્મા): માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ રાજ્યમાં સી.એન.જી. ઉપર રાજ્ય સરકારના વેટ તથા અન્ય કર કેટલા ટકા છે ? | વેટનો દર – ૧૫% (વધારાના વેરા સહિત)<br>અન્ય કર – નથી. |

---------

## દલિત સમાજની મહિલાઓને વિશિષ્ટ યોગદાન માટે એવોર્ડ

૨૪૬૬૧ **શ્રી વિજયભાઇ ર. પટેલ( ડાંગ-વાંસદા): માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧)દલિત સમાજની મહિલાઓને તેમના | (૧) હા, જી. |

| | |
|---|---|
| વિશિષ્ટ યોગદાન માટે એવોર્ડ આપવાની કોઈ યોજના સરકારે અમલમાં મૂકી છે તે વાત સાચી છે, | |
| (૨) જો હા, તો કયારથી અમલમાં મૂકી છે, અને | (૨)તા. ૨૦-૮-૨૦૦૯ થી. |
| (૩)આ યોજના અંતર્ગત એવોર્ડમાં કેટલી રકમ આપવામાં આવે છે? | (૩)રૂા. ૫૦,૦૦૦/-. |

---------

## સી.એન.જી. પર વેટનો દર

૨૬૧૮૩ **શ્રી સુરેશકુમાર ચ. પટેલ(કલોલ): માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧)તા. ૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ રાજ્યમાં સી.એન.જી. ઉપર રાજ્ય સરકારના વેટ તથા અન્ય કર કેટલા ટકા છે ? | વેટનો દર – ૧૫% (વધારાના વેરા સહિત) અન્ય કર – નથી. |

---------

## સી.એન.જી. પર વેટનો દર

૨૬૧૫૯ **શ્રી નિરંજન પટેલ( પેટલાદ): માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧)તા. ૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ રાજ્યમાં સી.એન.જી. ઉપર રાજ્ય સરકારના વેટ તથા અન્ય કર કેટલા ટકા છે ? | વેટનો દર – ૧૫% (વધારાના વેરા સહિત) અન્ય કર – નથી. |

---------

## અમરેલી જિલ્લામાં સંકટમોચન યોજના હેઠળ મળેલ અરજીઓ

૨૪૬૧૦ **શ્રી કાળુભાઇ વિ. વિરાણી(કુંડલા): માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧)અમરેલી જિલ્લામાં સંકટમોચન યોજના અંતર્ગત સન ૨૦૧૧માં કેટલી અરજીઓ મળેલ છે, | (૧)૧૭૭ . |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવેલ છે, અને | (૨)૮૭. |
| (૩)કેટલી અરજીઓ નામંજૂર કરવામાં આવી? | (૩)૫૫. |

## સી.એન.જી. પર વેટનો દર

૨૬૧૮૦ **શ્રી પ્રભુભાઇ ના. વસાવા( સોનગઢ): માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તા. ૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ રાજ્યમાં સી.એન.જી. ઉપર રાજ્ય સરકારના વેટ તથા અન્ય કર કેટલા ટકા છે ? | વેટનો દર – ૧૫ % (વધારાના વેરા સહિત) અન્ય કર – નથી. |

## જૂનાગઢ જિલ્લામાં આવેલ સરકારી આઈ.ટી.આઈ.

૨૬૯૬૯ **શ્રી ધીરસિંહ ક. બારડ(કોડીનાર): માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧)તા. ૩૧–૧–૨૦૧૨ની સ્થિતિએ જૂનાગઢ જિલ્લામાં તાલુકાવાર કેટલી સરકારી આઈ.ટી.આઈ. છે,

(૧)

| | તાલુકાનું નામ | આઈ.ટી.આઈનું નામ |
|---|---|---|
| ૧ | ભેંસાણ | ભેંસાણ |
| ૨ | જૂનાગઢ | જૂનાગઢ |
| ૩ | કેશોદ | કેશોદ |
| ૪ | કોડીનાર | કોડીનાર |
| ૫ | માળીયા(જૂ) | માળીયા(જૂ) |
| ૬ | માણાવદર | માણાવદર |
| ૭ | માંગરોળ(જૂ) | માંગરોળ(જૂ) |
| ૮ | મેંદરડા | મેંદરડા |
| ૯ | સુત્રાપાડા | સુત્રાપાડા |
| ૧૦ | તલાલા | ઘુસીયા (ગીર) |
| ૧૧ | ઉના | ઉના |
| ૧૨ | વંથલી | વંથલી |
| ૧૩ | વેરાવળ | વેરાવળ |
| ૧૪ | વિસાવદર | વિસાવદર |

(૨)જે તાલુકામાં સરકારી આઈ.ટી.આઈ. નથી ત્યાં સરકારી નવી આઈ.ટી.આઈ. શરૂ કરવા સરકાર માંગે છે કે કેમ, અને

(૨)તમામ તાલુકામાં સરકારી આઈ.ટી.આઈ. છે.

(૩)ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કયા તાલુકામાં નવી આઈ.ટી.આઈ. શરૂ કરવામાં આવેલ, અને

(૩)

| | શરૂ કર્યા વર્ષ | તાલુકાનું નામ | નવી શરૂ કરવામાં આવેલ આઈ.ટી.આઈ.નું નામ |
|---|---|---|---|
| ૧ | ૨૦૧૦–૧૧ | ભેંસાણ | ભેંસાણ |
| ૨ | ૨૦૧૦–૧૧ | માણાવદર | માણાવદર |
| ૩ | ૨૦૧૦–૧૧ | સૂત્રાપાડા | સૂત્રાપાડા |
| ૪ | ૨૦૧૦–૧૧ | વિસાવદર | વિસાવદર |
| ૫ | ૨૦૧૧–૧૨ | વંથલી | વંથલી |
| ૬ | ૨૦૧૧–૧૨ | વેરાવળ | વેરાવળ |
| ૭ | ૨૦૧૧–૧૨ | માંગરોળ (જૂ) | માંગરોળ (જૂ) |

(૪)વર્ષ ૨૦૧૧–૧૨માં કયા તાલુકામાં કયા ટ્રેડની સરકારી આઈ.ટી.આઈ. શરૂ કરવાનું આયોજન છે ?

(૪)પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

## વડોદરા જિલ્લામાં વિકલાંગો માટેની સંસ્થાઓ

૨૪૬૧૮ **શ્રી મધુભાઇ બા. શ્રીવાસ્તવ( વાઘોડીયા): માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧)વડોદરા જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ વિકલાંગો માટેની કેટલી સંસ્થાઓ આવેલી છે, અને | (૧) ૧૩. |
| (૨)તેમાં કુલ કેટલા વિકલાંગો આશ્રય લઈ રહ્યા છે ? | (૨)૫૮૭. |

---------

## વડોદરા જિલ્લામાં આવેલ સરકારી આઈ.ટી.આઈ.

૨૪૬૪૬ **શ્રી ઉપેન્દ્રસિંહ પ્ર. ગોહિલ( વડોદરા ગ્રામ્ય): માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧)તા. ૩૧–૧–૨૦૧૨ની સ્થિતિએ વડોદરા જિલ્લાના દરેક તાલુકામાં સરકારી આઈ.ટી.આઈ. છે કે કેમ,

(૨)જે તે તાલુકાના કયા સ્થળે આઈ.ટી.આઈ. મંજૂર થયેલ છે તથા તાલીમાર્થીઓ માટે મંજૂર થયેલ બેઠકોની સંખ્યા કેટલી છે, અને

(૩)જે તાલુકામાં સરકારી આઈ.ટી.આઈ. ન હોય ત્યાં ગ્રાન્ટ ઈન એઈડ/સ્વનિર્ભર ઔદ્યોગિક તાલીમ સંસ્થા ઉપલબ્ધ છે કે કેમ ?

**જવાબ**

(૧) હા, જી.

(૨)

| | તાલુકાનું નામ | આઈ.ટી.આઈ.નું નામ | તાલીમાર્થીઓ માટે મંજૂર થયેલ બેઠકો |
|---|---|---|---|
| ૧ | છોટા ઉદેપુર | છોટા ઉદેપુર | ૧૯૬ |
| ૨ | ડભોઈ | ડભોઈ | ૧૨૮ |
| ૩ | કરજણ | કરજણ | ૧૩૬ |
| ૪ | ક્વાંટ | ક્વાંટ | ૧૨૦ |
| ૫ | નસવાડી | નસવાડી | ૨૦૮ |
| ૬ | પાદરા | પાદરા | ૨૦૮ |
| ૭ | પાવી જેતપુર | જબુગામ | ૨૨૪ |
| ૮ | સંખેડા | સંખેડા | ૨૭૨ |
| ૯ | સાવલી | સાવલી | ૪૪૪ |
| ૧૦ | સિનોર | સિનોર | ૧૨૦ |
| ૧૧ | વડોદરા | તરસાલી | ૨૦૪૮ |
| | | ગોરવા | ૮૨૦ |
| | | ગોરવા (મહિલા) | ૧૨૮ |
| | | દશરથ | ૭૫૨ |
| | | વડોદરા (ડીસેબલ) | ૬૮ |
| ૧૨ | વાઘોડિયા | વાઘોડિયા | ૨૬૮ |

(૩)પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

## અમરેલી જિલ્લામાં એ.આર.ટી.ઓ. કચેરીની આવક

૨૪૬૩૮ **શ્રી મનસુખભાઈ પાં. ભુવા(ધારી): માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧)એ.આર.ટી.ઓ. અમરેલીની કચેરીને ૨૦૧૧ના વર્ષમાં કુલ કેટલી રકમની આવક થઈ,

(૨)વર્ષ–૨૦૧૦ના સંદર્ભમાં આવકમાં વધારો થયો કે ઘટાડો,

(૩)જો આવકમાં વધારો થયો હોય તો કેટલી રકમનો, અને

(૪)ઘટાડો થયો હોય તો તેના કારણો શું છે ?

**જવાબ**

(૧) રૂપિયા ૩૨.૬૬ કરોડ.

(૨)વધારો.

(૩)રૂપિયા ૬.૪૮ કરોડનો વધારો થયો.

(૪)પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

## જૂનાગઢ જિલ્લામાં કુંવરબાઈનું મામેરૂં યોજના હેઠળ મળેલ અરજીઓ

૨૪૬૦૩ **શ્રીમતી વંદનાબેન મ. મકવાણા(કેશોદ): માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧)જૂનાગઢ જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ વર્ષ ૨૦૧૧-૨૦૧૨માં કુંવરબાઈનું મામેરૂં યોજના હેઠળ વિકસતી જાતિના કેટલા અરજદારોની અરજીઓ મળી, | (૧) ૪૭૭. |
| (૨)તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, | (૨)૪૬૧. |
| (૩)કેટલી અરજીઓ નામંજૂર કરવામાં આવી, અને અરજીઓ નામંજૂર કરવાના કારણો શાં છે, અને | (૩) ૧૬ અરજીઓ<br>નામંજૂરીના કારણો –<br>(૧) ૫ અરજીમાં આવક વધુ હોવાથી<br>(૨) ૧ અરજીમાં અગાઉ એક કન્યાને લાભ મળેલ હોવાથી<br>(૩) ૧૦ અરજી સમય મર્યાદા પછી મળેલ હોવાથી |
| (૪)કુલ કેટલી સહાય ચૂકવવામાં આવી ? | (૪)રૂા. ૨૩.૦૫ લાખ. |

---------

## જામનગર જિલ્લામાં મરણોત્તર સહાય યોજના હેઠળ ચૂકવાયેલ સહાય

૨૪૬૬૭ **શ્રી મેઘજીભાઇ ડા. કણઝારીયા(ખંભાલીઆ): માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| જામનગર જિલ્લામાં મરણોત્તર સહાય યોજના હેઠળ વર્ષ ૨૦૧૦-૧૧ અને ૨૦૧૧-૧૨ માં તા. ૩૧-૧૨-૨૦૧૧ સુધીમાં કેટલી સહાય ચૂકવવામાં આવી ? | રૂા. ૬,૪૨,૫૦૦/- . |

---------

## અમદાવાદ જિલ્લામાં વિકલાંગ શિષ્યવૃત્તિની યોજના હેઠળ મળેલ અરજીઓ

૨૪૬૨૫ **શ્રી પ્રાગજીભાઇ ના. પટેલ(માંડલ): માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧)અમદાવાદ જિલ્લામાં વિકલાંગ શિષ્યવૃત્તિની યોજના અન્વયે સન ૨૦૧૧માં કેટલી અરજીઓ આવી, | (૧) ૧૭૧૯. |
| (૨)તે પૈકી કેટલી મંજૂર કરવામાં આવી અને કેટલી નામંજૂર કરવામાં આવી, અને | (૨)તે પૈકી ૧૬૭૦ અરજીઓ મંજૂર અને ૪૯ અરજીઓ નામંજૂર કરવામાં આવી, |
| (૩)કુલ કેટલી રકમ ચૂકવવામાં આવી ? | (૩)રૂા. ૨૩,૯૫,૦૦૦/-(અંકે રૂપિયા ત્રેવીસ લાખ પંચાણું હજાર પૂરા) |

---------

## સુરત જિલ્લામાં નોંધાયેલ બેરોજગારો

૨૪૬૪૩ **શ્રી કિરીટભાઇ ગં. પટેલ( ઓલપાડ): માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧)સુરત જિલ્લા રોજગાર કચેરીમાં ૨૦૧૧ના વર્ષ દરમ્યાન કેટલા બેરોજગારોની નોંધણી થયેલ હતી, અને | (૧) ૩૪૯૮૧. |
| (૨)૨૦૧૧ના વર્ષ દરમ્યાન કેટલા ઉમેદવારોને રોજગારી મળી ? | (૨)૨૬૧૪૮. |

---------

## પાટણ જિલ્લામાં કુંવરબાઈનું મામેરૂં યોજના હેઠળ મળેલ અરજીઓ

૨૪૬૬૮ **શ્રી રજનીકાન્ત સો. પટેલ(ચાણસ્મા): માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧)પાટણ જિલ્લામાં કુંવરબાઈનું મામેરૂં યોજના હેઠળ વર્ષ ૨૦૧૦-૧૧ અને ૨૦૧૧-૧૨માં તા. ૩૧-૧૨-૨૦૧૧ સુધીમાં કેટલી અરજીઓ મળી, | (૧) ૩૯૯. |
| (૨)તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨)૩૬૪. |
| (૩)કેટલી અરજીઓમાં સહાય ચૂકવવામાં આવી ? | (૩)૩૬૪. |

## ભાવનગર જિલ્લામાં કુંવરબાઈનું મામેરૂં યોજના હેઠળ મળેલ અરજીઓ

૨૪૬૦૨ **શ્રી આત્મારામ મ. પરમાર(ગઢડા): માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧)ભાવનગર જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ વર્ષ ૨૦૧૧-૧૨માં કુંવરબાઈનું મામેરૂં યોજના હેઠળ વિકસતી જાતિના કેટલા અરજદારોની અરજીઓ મળી, | (૧) ૨૧૨. |
| (૨)તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, | (૨)૧૯૮. |
| (૩)કેટલી અરજીઓ નામંજૂર કરવામાં આવી, અને | (૩)૧૪. |
| (૪)કુલ કેટલી સહાય ચૂકવવામાં આવી ? | (૪)રૂા. ૯.૯૦ લાખ. |

---------

## ગ્રંથાલયોને પૂરું પડાયેલ વાંચન સાહિત્ય

૨૪૬૫૪ **શ્રી મહેન્દ્રભાઇ લી. મશરૂ(જુનાગઢ): માનનીય રમત-ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તા. ૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજ્યના કેટલા ગ્રંથાલયોને કેટલી રકમનું વાંચન સાહિત્ય સહાયરૂપે પુરુ પાડવામાં આવ્યું ? | તા. ૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજ્યના કુલ ૪૪૭૬ સાર્વજનીક ગ્રંથાલયોને રૂ઼ા. ૪૯૮.૦૪ લાખનું સાહિત્ય સહાયરૂપે પુરૂ પાડવામાં આવેલ છે. |

## ખેડા જિલ્લામાં સરસ્વતી સાધના યોજના હેઠળ મળેલ અરજીઓ

૨૪૬૬૩ **શ્રી દેવુસિંહ જે. ચૌહાણ( માતર): માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧)ખેડા જિલ્લામાં સરસ્વતી સાધના યોજના હેઠળ વર્ષ ૨૦૧૦-૧૧ અને ૨૦૧૧-૧૨માં તા. ૩૧-૧૨-૧૧ સુધીમાં કેટલી અરજીઓ મળી ? | (૧) ૮૯૪૬. |
| (૨) તે પૈકી કેટલી મંજૂર કરવામાં આવી છે, અને | (૨)૮૬૦૮. |
| (૩)જેમાં કેટલી સહાય ચૂકવવામાં આવી છે ? | (૩)કુલ રૂ઼ા. ૧,૯૧,૭૧,૫૮૦/- ની કીંમતની સાયકલો આપવામાં આવી. |

---------

## વડોદરા જિલ્લામાં વૃધ્ધાવસ્થા પેન્શનના લાભાર્થીઓ

૨૫૯૮૬ **શ્રી સિદ્ધાર્થભાઇ ચી. પટેલ( ડભોઇ): માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧)તા. ૩૧-૧૨-૧૧ની સ્થિતિએ વડોદરા જિલ્લામાં તાલુકાવાર વૃધ્ધાવસ્થા પેન્શનની રકમ કેટલા લાભાર્થીઓને ચૂકવવાની બાકી છે, અને

(૨)કેટલા સમયથી ચૂકવવાની બાકી છે ?

**જવાબ**

(૧)અને (૨)

| ક્રમ | તાલુકાનું નામ | ચૂકવવાની બાકી રકમના લાભાર્થીઓ | કેટલા સમયથી ચૂકવવાની બાકી |
|---|---|---|---|
| ૧ | વડોદરા શહેર | ૯૫ | ઓક્ટોબર ૨૦૧૧ |
| ૨ | વડોદરા ગ્રામ્ય | ૬૯ | નવેમ્બર ૨૦૧૧ |
| ૩ | પાદરા | ૧૦૩ | નવેમ્બર ૨૦૧૧ |
| ૪ | સાવલી | ૮૯ | નવેમ્બર ૨૦૧૧ |
| ૫ | કરજણ | ૬૯ | ઓક્ટોબર ૨૦૧૧ |
| ૬ | ડભોઈ | - | - |
| ૭ | વાઘોડીયા | - | - |
| ક્રમ | તાલુકાનું નામ | ચૂકવવાની બાકી રકમના લાભાર્થીઓ | કેટલા સમયથી ચૂકવવાની બાકી |
(૨)વર્ષ ૨૦૧૦માં કેટલી આવક થઇ હતી, અને

(૨)રૂપિયા ૬૨.૦૪ કરોડ.

(૩)જો આવકમાં ઘટાડો થયો હોય તો તેના

(૩)વર્ષ–૨૦૧૦ના સંદર્ભમાં આવકમાં રૂપિયા

| | |
|---|---|
| કારણો શાં છે? | ૧૦.૫૯ કરોડનો ઘટાડો થયેલ છે કારણ કે ઓવરલોડ વહન કરતા વાહનો સામે કડક પગલા લેવાતા ઓવરલોડ વાહનોનું પ્રમાણ ઘટવાને પરિણામે ઓવરલોડ અંગેની માંડવાળ ફીમાં ઘટાડો થવાને કારણે આવકમાં ઘટાડો થયેલ છે. |

## પંચમહાલ જિલ્લામાં સંકટમોચન યોજના હેઠળ મળેલ અરજીઓ

૨૬૨૨૮ **શ્રી જેઠાભાઈ ઘે. ભરવાડ** (શહેરા) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧)પંચમહાલ જિલ્લામાં સંકટમોચન યોજના અંતર્ગત સન ૨૦૧૧માં કેટલી અરજીઓ મળેલ છે, | (૧) ૭૭૩. |
| (૨)તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવેલ છે, અને | (૨)૪૩૦. |
| (૩)કેટલી અરજીઓ નામંજૂર કરવામાં આવી ? | (૩)૬૩. |

---------

## કચ્છ જિલ્લામાં ભારવાહક વાહનો સામે પગલાં

૨૬૫૩૩ **શ્રી જયંતીલાલ પ.ભાનુશાળી** (અબડાસા) : **માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧)કચ્છ જિલ્લામાં ભારવાહક વાહનોમાં ઓવર લોડિંગનું દૂષણ વકરી રહ્યું છે તે હકીકત સાચી છે, | (૧) ના, જી. |
| (૨)આ માટે કયા કારણો જવાબદાર છે, અને | (૨)પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩)આ દૂષણ નાથવા માટે સરકાર કોઈ સખ્ત પગલાં લેવા માંગે છે કે કેમ ? | (૩)માલવહનમાં વધુ લોડ ભરતા વાહનો સામે નામ. સુપ્રિમ કોર્ટના ચુકાદા અન્વયે મોટર વાહન કાયદો, ૧૯૮૮ની કલમ–૧૧૩ અને ૧૧૪ તથા ૧૯૯ હેઠળ વધારાનો માલ ખાલી કરાવવા, જરૂરી દંડનીય કાર્યવાહી કરવી, સખ્તાઈના પગલા તરીકે વાહનની નોંધણી મોકુફ રાખવી અને વાહન ચાલકનું લાયસન્સ રદ કરવા વગેરે પગલા લેવામાં આવે જ છેં |

## સુરત જિલ્લામાં વિદેશ અભ્યાસ લોન યોજના હેઠળ મળેલ અરજીઓ

૨૬૨૫૦ **શ્રીમતી ભારતીબેન રાઠોડ** (કામરેજ) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧)સુરત જિલ્લામાં વિદેશ અભ્યાસ માટે લોન યોજનામાં વર્ષ ૨૦૧૦–૧૧ અને ૨૦૧૧–૧૨ માં તા.૩૧–૧૨–૧૧ સુધીમાં કેટલી અરજીઓ મળી, | (૧) ૨૦. |

| | |
|---|---|
| (૨)તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨)૧૪. |
| (૩)કેટલી અરજીઓમાં લોન ચૂકવવામાં આવી ? | (૩)૧૩. |

## સંગ્રહાલયોની સલામતી અને સુરક્ષા માટે લીધેલ પગલાં

૨૬૨૪૪ **શ્રી રાકેશભાઈ શાહ** (એલીસબ્રીજ) : **માનનીય રમત-ગમત યુવા અને સાંસ્કૃતિક મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| સન ૨૦૧૦ તથા ૨૦૧૧માં રાજ્યના સંગ્રહાલયોની સલામતી અને સુરક્ષા માટે રાજ્ય સરકાર દ્વારા શાં પગલાં લેવામાં આવ્યા ? | સન ૨૦૧૦ તથા ૨૦૧૧માં રાજ્યના સંગ્રહાલયોની સલામતી અને સુરક્ષા માટે આધુનિક ટેકનોલોજી સાથેની સિક્યુરિટી સિસ્ટમ વડોદરા સંગ્રહાલય અને તાજમંઝિલ સંગ્રહાલય, જૂનાગઢમાં લગાડવામાં આવેલ છે તથા સંગ્રહાલયના નમૂનાઓની સુરક્ષા માટે જે તે સંગ્રહાલયમાં ખાતાના પોતાના આર્મ્ડગાર્ડ/ચોકીદાર અથવા પોલીસ આર્મ્ડગાર્ડ અથવા જી.આઈ.એસ.એફ.ના આર્મ્ડગાર્ડની વ્યવસ્થા ગોઠવવામાં આવેલ છે. |

---------

## આણંદ જિલ્લામાં વેટની વસૂલાત

૨૫૭૩૫ **શ્રી લાલસિંહ વડોદિયા** (ઉમરેઠ) : **માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧)તા. ૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આણંદ જિલ્લામાં કઈ કંપનીઓ પાસેથી વર્ષવાર કેટલી રકમ વેટ પેટે વસુલ કરવાની બાકી છે, અને | (૧) પત્રક મુજબ. |
| (૨)વેટ વસુલ કરવા માટે આ કંપનીઓ સામે સરકાર દ્વારા શાં પગલાં ભરવામાં આવ્યા ? | (૨)શક્ય વસુલાતવાળા કેસોમાં ગુજરાત વેચાણવેરા કાયદા, ગુજરાત મુલ્યવર્ધિત વેરા કાયદા તથા જમીન મહેસુલ કાયદા અન્વયે પગલાં લેવામાં આવેલ છે. |

**પત્રક**

**(રકમ ` લાખમાં)**

| અનુ. | કંપનીનું નામ | તા. ૧-૦૧-૨૦૧૦ થી તા. ૩૧-૧૨-૨૦૧૦ની બાકી | તા. ૧-૦૧-૨૦૧૧ થી તા. ૩૧-૧૨-૨૦૧૧ની બાકી |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧ | રોટેક્ષ ઓટોમેશન | ૧.૫૧૦૧૩ | ૦.૦૦૦૦૦ |
| ૨ | યુનીક વેલ્ડીંગ પ્રો. | ૧.૫૨૩૮૪ | ૦.૦૦૦૦૦ |
| ૩ | એલીકોન એંજી. | ૦.૦૦૦૦૦ | ૫.૬૫૬૫૫ |
| ૪ | ઓમટેકનો સીરામીકસ | ૦.૦૦૦૦૦ | ૧.૫૭૦૭૯ |
| ૫ | મેરીગોલ્ડ પેઈંટર્સ | ૦.૦૦૦૦૦ | ૪,૬૬૪૦૫ |
| ૬ | બર્જર પેઈનટસ | ૦.૦૦૦૦૦ | ૧૨,૯૩૧૯૧ |
| ૭ | જી એમ એમ ફોડલર | ૦.૦૦૦૦૦ | ૧૭,૮૮૬૦૦ |
| ૮ | કનક ઓઈલ મીલ | ૦.૦૨૦૦૭ | ૦.૦૦૦૦૦ |
| ૯ | ટેક્નીકેમ ઓર્ગેનીકસ | ૨.૬૧૮૭૬ | ૦.૦૦૦૦૦ |
| ૧૦ | ડકટાઈલ આર્યન ફાઉન્ડ્રી લી. | ૦.૦૦૦૦૦ | ૫,૭૬,૭૮૭ |

| | | | |
|---|---|---|---|
| ૧૧ | આરતી ફ્લો. કંટ્રોલ પ્રા.લી. | ૦.૦૦૦૦૦ | ૦.૮૨૭૯૦ |
| ૧૨ | સ્વીસ ગ્લાસકોટ | ૦.૦૦૦૦૦ | ૪.૦૬૫૦૦ |
| ૧૩ | વિધ્યા વાયર્સ | ૦.૦૦૦૦૦ | ૦.૧૩૫૧૦ |

---------

**રાજકોટ જિલ્લામાં એપ્રેન્ટીશીપ એકટ હેઠળ આવરી લેવાયેલ એકમો**

૨૬૩૦૨ **શ્રી કાંતિલાલ શી. અમૃતીયા** (મોરબી) : **માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧)રાજકોટ જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ એપ્રેન્ટીશીપ એકટ હેઠળ આવરી લેવાયેલ એકમોની સંખ્યા કેટલી, | (૧) ૪૯૦. |
| (૨)આવરી લેવાયેલ એકમોમાં કુલ કેટલી બેઠકોની ફાળવણી થયેલ હતી, | (૨)૨૨૦૧. |
| (૩)ફાળવણી થયેલ બેઠકો પૈકી કેટલી જગ્યાઓ ભરાયેલ હતી, અને | (૩)૧૩૦૩. |
| (૪)જો જગ્યાઓ ખાલી રહેતી હોય તો ખાલી રહેવાના સામાન્યતઃ કારણો શાં છે ? | (૪)આકર્ષક રોજગારીની તકો ન હોય તેવા વ્યવસાયોમાં ઉમેદવારો એપ્રેન્ટીસ તરીકે જોડાતા નથી. |

---------

**બાનસકાંઠા જિલ્લામાં નોંધાયેલ બેરોજગારો**

૨૬૨૯૫ **શ્રી વસંતભાઈ પ. ભટોળ** (દાંતા) : **માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧)બનાસકાંઠા જિલ્લા રોજગાર વિનિમય કચેરીમાં ૨૦૧૧ ના વર્ષ દરમ્યાન કેટલા બેરોજગારોની નોંધણી થયેલ હતી, અને | (૧) ૧૪૦૬૮. |
| (૨)વર્ષ દરમ્યાન કેટલા ઉમેદવારોને રોજગારી મળી ? | (૨)૬૬૩૫. |

---------

**રાજયમાં ખેલાડીઓએ રાષ્ટ્રકક્ષાની રમતોમાં મેળવેલ ચંદ્રકો**

૨૬૩૦૮ **શ્રી વિજયભાઈ ર. પટેલ** (ડાંગ–વાંસદા) : **માનનીય રમત–ગમત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| સન ૨૦૧૦ અને ૨૦૧૧ માં રાજયના ખેલાડીઓ દ્વારા રાષ્ટ્રકક્ષાએ યોજાતી વિવિધ રમતોની સ્પર્ધાઓમાં કેટલા ચંદ્રકો પ્રાપ્ત કર્યા ? | સન ૨૦૧૦ અને ૨૦૧૧ માં રાષ્ટ્રકક્ષાએ યોજાતી વિવિધ રમતોની સ્પર્ધાઓમાં ૨૦૩ ચંદ્રકો પ્રાપ્ત કરેલ છે. |

---------

**અમરેલી એ.આર.ટી.ઓ. કચેરીની આવક**

૨૬૨૯૧ **શ્રી કાળુભાઈ વી. વિરાણી** (કુંડલા) : **માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧)એ.આર.ટી.ઓ અમરેલીની કચેરીને ૨૦૧૧ના વર્ષમાં કુલ કેટલી રકમની આવક થઈ, | (૧) ` ૩૨.૬૬ કરોડ. |
| (૨)વર્ષ–૨૦૧૦ના સંદર્ભમાં આવકામાં વધારો થયો કે ઘટાડો, | (૨)વધારો. |
| (૩)જો આવકમાં વધારો થયો હોય તો કેટલી રકમનો, અને | (૩)` ૬.૪૮ કરોડ નો વધારો થયો. |
| (૪)ઘટાડો થયો હોય તો તેના કારણો શાં છે ? | (૪)પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

## જૂનાગઢ જિલ્લામાં નિરાધાર વૃધ્ધ સહાય યોજના હેઠળ મળેલ અરજીઓ

૨૬૯૭૧ **શ્રી ધીરસિંહભાઈ ક. બારડ** (કોડીનાર) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧)જૂનાગઢ જિલ્લામાં તા. ૩૧–૧–૧૨ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં નિરાધાર વૃધ્ધ સહાય યોજના હેઠળ તાલુકાવાર અને વર્ષવાર કુલ કેટલી અરજીઓ આવી,

(૨)તે પૈકી તાલુકાવાર અને વર્ષવાર કેટલી અરજીઓ મંજૂર કરી અને કેટલી નામંજૂર કરી.

**જવાબ**

(૧) આવેલ અરજીઓ

| ક્રમ | તાલુકાનું નામ | ફેબ્રુ.–૦૯ થી જાન્યુ.–૧૦ | ફેબ્રુ.–૧૦ થી જાન્યુ.–૧૧ | ફેબ્રુ.–૧૧ થી જાન્યુ.–૧૨ | કુલ |
|---|---|---|---|---|---|
| ૧ | જૂનાગઢ | ૧૫૦ | ૧૨૮ | ૧૩૦ | ૪૦૮ |
| ૨ | વંથલી | ૦૩૦ | ૦૨૭ | ૦૧૦ | ૦૬૭ |
| ૩ | માણાવદર | ૦૨૭ | ૦૪૨ | ૦૧૨ | ૦૮૧ |
| ૪ | વિસાવદર | ૦૨૧ | ૦૨૭ | ૦૨૦ | ૦૬૮ |
| ૫ | ભેંસાણ | ૦૧૧ | ૦૭ | ૦૦૪ | ૦૨૨ |
| ક્રમ | તાલુકાનું નામ | ફેબ્રુ.–૦૯ થી જાન્યુ.–૧૦ | ફેબ્રુ.–૧૦ થી જાન્યુ.–૧૧ | ફેબ્રુ.–૧૧ થી જાન્યુ.–૧૨ | કુલ |
| ૬ | કેશોદ | ૦૪૪ | ૦૨૭ | ૦૩૯ | ૧૧૦ |
| ૭ | માંગરોળ | ૦૫૪ | ૦૭૬ | ૦૧૬ | ૧૪૬ |
| ૮ | માળિયા | ૦૨૫ | ૦૩૦ | ૦૦૭ | ૦૬૨ |
| ૯ | મેંદરડા | ૦૨૦ | ૦૩૪ | ૦૨૨ | ૦૭૬ |
| ૧૦ | ઉના | ૦૩૦ | ૦૩૧ | ૦૫૪ | ૧૧૫ |
| ૧૧ | કોડિનાર | ૦૧૮ | ૦૨૧ | ૦૨૩ | ૦૬૨ |
| ૧૨ | વેરાવળ | ૦૧૮ | ૦૩૭ | ૦૩૭ | ૦૯૨ |
| ૧૩ | તાલાલા | ૦૧૧ | ૦૧૨ | ૦૦૮ | ૦૩૧ |
| ૧૪ | સુત્રાપાડા | ૦૦૩ | ૦૦૪ | ૦૦૧ | ૦૦૮ |
| | **કુલ** | **૪૬૨** | **૫૦૩** | **૩૮૩** | **૧૩૪૮** |

(૨)મંજૂર/નામંજૂર અરજીઓ

| ક્રમ | તાલુકાનું નામ | ફેબ્રુ– ૦૯થી જાન્યુ.–૧૦ | | ફેબ્રુ–૧૦ થી જાન્યુ.–૧૧ | | ફેબ્રુ– ૧૧થી જાન્યુ.–૧૨ | |
|---|---|---|---|---|---|---|---|
| | | મંજૂર | નામંજૂર | મંજૂર | નામંજૂર | મંજૂર | નામંજૂર |
| ૧ | જૂનાગઢ | ૦૭૬ | ૦૫૯ | ૦૫૯ | ૦૩૭ | ૦૮૩ | ૦૪૭ |
| ૨ | વંથલી | ૦૧૬ | ૦૧૪ | ૦૧૬ | ૦૦૮ | ૦૦૫ | ૦૦૫ |
| ૩ | માણાવદર | ૦૦૮ | ૦૧૬ | ૦૧૨ | ૦૨૪ | ૦૧૧ | ૦૦૧ |
| ૪ | વિસાવદર | ૦૧૧ | ૦૦૯ | ૦૧૫ | ૦૧૦ | ૦૧૧ | ૦૦૯ |
| ૫ | ભેંસાણ | ૦૧૧ | ૦૦૦ | ૦૦૫ | ૦૦૨ | ૦૦૪ | ૦૦૦ |
| ૬ | કેશોદ | ૦૩૧ | ૦૧૩ | ૦૨૩ | ૦૦૪ | ૦૨૩ | ૦૧૬ |
| ૭ | માંગરોળ | ૦૧૮ | ૦૩૬ | ૦૨૦ | ૦૫૬ | ૦૦૬ | ૦૦૯ |
| ૮ | માળિયા | ૦૧૬ | ૦૦૯ | ૦૧૪ | ૦૧૬ | ૦૦૪ | ૦૦૩ |
| ૯ | મેંદરડા | ૦૧૪ | ૦૦૬ | ૦૧૭ | ૦૧૭ | ૦૦૯ | ૦૧૦ |
| ૧૦ | ઉના | ૦૨૭ | ૦૦૩ | ૦૨૦ | ૦૧૧ | ૦૩૨ | ૦૧૪ |
| ૧૧ | કોડિનાર | ૦૦૮ | ૦૧૦ | ૦૧૫ | ૦૦૬ | ૦૦૯ | ૦૦૬ |
| ૧૨ | વેરાવળ | ૦૦૯ | ૦૦૯ | ૦૨૭ | ૦૧૦ | ૦૨૩ | ૦૦૮ |
| ૧૩ | તાલાલા | ૦૦૨ | ૦૦૯ | ૦૧૦ | ૦૦૨ | ૦૦૫ | ૦૦૦ |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧૪ | સુત્રાપાડા | ૦૦૧ | ૦૦૨ | ૦૦૨ | ૦૦૨ | ૦૦૧ | ૦૦૦ |
| | **કુલ** | ૨૪૮ | ૧૯૫ | ૨૫૫ | ૨૦૫ | ૨૨૬ | ૧૨૮ |

(૩)તે પૈકી તાલુકાવાર અને વર્ષવાર કેટલી વૃધ્ધ સહાય ચૂકવાયેલ, અને

(૩)વર્ષવાર ચૂકવાયેલ સહાય (` લાખમાં)

| **ક્રમ** | **તાલુકાનું નામ** | **ફેબ્રુ- ૦૯ થી જાન્યુ.-૧૦** | **ફેબ્રુ-૧૦થી જાન્યુ.-૧૧** | **ફેબ્રુ- ૧૧થી જાન્યુ.-૧૨** |
|---|---|---|---|---|
| ૧ | જૂનાગઢ | ૧.૦૯ | ૦.૭૭ | ૨.૫૬ |
| ૨ | વંથલી | ૦.૩૦ | ૦.૨૬ | ૧.૭૭ |
| ૩ | માણાવદર | ૦.૧૧ | ૦.૧૩ | ૦.૭૦ |
| ૪ | વિસાવદર | ૦.૧૫ | ૦.૨૧ | ૦.૬૩ |
| ૫ | ભેંસાણ | ૦.૨૫ | ૦.૦૯ | ૦.૩૯ |
| ૬ | કેશોદ | ૦.૭૪ | ૦.૫૫ | ૦.૩૦ |
| ૭ | માંગરોળ | ૦.૪૩ | ૦.૪૮ | ૦.૦૩ |
| ૮ | માળિયા | ૦.૩૮ | ૦.૩૪ | ૦.૦૨ |
| ૯ | મેંદરડા | ૦.૩૪ | ૦.૪૧ | ૦.૦૧ |
| ૧૦ | ઉના | ૦.૬૪ | ૦.૪૮ | ૦.૬૦ |
| ૧૧ | કોડિનાર | ૦.૧૯ | ૦.૩૬ | ૦.૪૦ |
| ૧૨ | વેરાવળ | ૦.૨૧ | ૦.૬૪ | ૦.૨૪ |
| ૧૩ | તાલાલા | ૦.૪૦ | ૦.૨૪ | ૦.૬૦ |
| ૧૪ | સુત્રાપાડા | ૦.૨૦ | ૦.૪૦ | ૦.૧૦ |
| | **કુલ** | **૫.૪૩** | **૫.૩૬** | **૮.૩૫** |

(૪)અરજીઓ ના મંજૂર કરવાના કારણો શાં છે ?

(૪)(૧) નિયત આવક કરતાં વધુ આવક હોવાથી
(૨) પુખ્તવયનો પુત્ર હોવાથી
(૩) ઉંમર ઓછી હોવાથી
(૪) સ્થળે રહેતા ન હોવાથી
(૫) અવસાન થવાથી

---------

## વડોદરા જિલ્લામાં સંતસુરદાસ યોજના હેઠળ મળેલ અરજીઓ

૨૬૨૨૪ **શ્રી ઉપેન્દ્રસિંહ પ્ર. ગોહિલ** (વડોદરા ગ્રામ્ય) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.—

**પ્રશ્ન** | **જવાબ**

(૧)વડોદરા જિલ્લામાં સંત સુરદાસ યોજના અન્વયે સન ૨૦૧૧ માં કેટલા લાભાર્થીઓને લાભ આપવામાં આવેલ છે, અને

(૧) ૨,૧૯૯.

(૨)તે અન્વયે કૂલ કેટલી સહાય ચૂકવવામાં આવી ?

(૨)` ૬૨,૭૬,૬૦૦/-(અંકે રૂપિયા બાસઠ લાખ છોંતેર હજાર છસ્સો પુરા).

---------

## અમરેલી જિલ્લામાં વિકસતી જાતિની કન્યાઓએ સાયકલ મેળવવા કરેલ અરજીઓ

૨૬૧૯૫ **શ્રી મનસુખભાઈ પાં. ભુવા** (ધારી) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.—

**પ્રશ્ન** | **જવાબ**

(૧)અમરેલી જિલ્લામાં વર્ષ ૨૦૧૧-૧૨માં તા.૩૧-૧૨-૨૦૧૧ ની સ્થિતિએ વિકસતી જાતિની કન્યાઓની સાયકલો મેળવવા માટે કેટલી અરજીઓ આવી, અને

(૧) ૧૪૩.

(૨)તે પૈકી કેટલી કન્યાઓને કુલ કેટલી રકમની સહાય ચૂકવી ?

(૨)૧૪૩ કન્યાઓને.
` ૩,૩૭,૦૮૬/–ની સહાય ચુકવવામાં આવી.

---------

**જામનગર જિલ્લામાં સંકટમોચન યોજના હેઠળ મળેલ અરજીઓ**

૨૬૨૧૪ **શ્રી મેઘજીભાઈ કણઝારીયા** (ખંભાળીયા) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧)જામનગર જિલ્લામાં સંકટમોચન યોજના અંતર્ગત તા. ૩૧–૧૨–૨૦૧૧ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી અરજીઓ મળેલ છે, | (૧)૩૭૦. |
| (૨)તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવેલ છે, અને | (૨)૩૦૭. |
| (૩)કેટલી અરજીઓ નામંજૂર કરવામાં આવી ? | (૩)૫૦. |

---------

**અમદાવાદ જિલ્લામાં મંજુર થયેલ મફત તબીબી સહાય**

૨૬૨૬૩ **શ્રી પ્રાગજીભાઈ ના. પટેલ** (માંડલ) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** | **જવાબ**

(૧)અમદાવાદ જિલ્લામાં મફત તબીબી સહાય યોજના હેઠળ કયા દર્દો માટે વર્ષ ૨૦૧૦–૧૧ અને ૨૦૧૧–૧૨માં તા. ૩૧–૧૨–૨૦૧૧ સુધીમાં કેટલા લાભાર્થીઓને સહાય મંજૂર કરવામાં આવી, અને

(૧)

| રોગ | લાભાર્થી |
|---|---|
| ટી.બી. | ૧૪૧૩ |
| કેન્સર | ૩૯૯ |
| રક્તપિત | ૦૮ |
| એઈડઝ | ૪૩૯ |
| **કુલ** | **૨૨૫૯** |

(૨)તેમાં કુલ કેટલી રકમ ચૂકવવામાં આવી ?

(૨)` ૬૫.૭૫ લાખ.

---------

**સોનગઢ આર.ટી.ઓ. ચેકપોસ્ટની આવક**

૨૬૨૯૩ **શ્રી કિરિટભાઈ ગ.પટેલ** (ઓલપાડ) : **માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** | **જવાબ**

| | |
|---|---|
| (૧)સોનગઢ આર.ટી.ઓ. ચેકપોસ્ટની કચેરીને ૨૦૧૧ ના વર્ષમાં કેટલી રકમની આવક થઈ, | (૧) ` ૫૧.૪૫ કરોડ. |
| (૨)વર્ષ–૨૦૧૦માં કેટલી આવક થઈ હતી, અને | (૨)` ૬૨.૦૪ કરોડ. |
| (૩)જો આવકમાં ઘટાડો થયો હોય તો તેના કારણો શા છે ? | (૩)વર્ષ–૨૦૧૦ના સંદર્ભમાં આવકમાં ` ૧૦.૫૯ કરોડનો ઘટાડો થયેલ છે કારણ કે ઓવરલોડ વહન કરતા વાહનો સામે કડક પગલા લેવાતા ઓવરલોડ વાહનોનું પ્રમાણ ઘટવાને પરિણામે ઓવરલોડ અંગેની માંડવાળ ફીમાં ઘટાડો થવાને કરાણે આવકમાં ઘટાડો થયેલ છે. |

---------

## પાટણ જિલ્લામાં નિરાધાર વૃધ્ધ સહાય યોજના હેઠળ મળેલ અરજીઓ

૨૬૨૩૦ **શ્રી રજનીકાન્તભાઈ પટેલ** (ચાણસ્મા) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧)પાટણ જિલ્લામાં નિરાધાર વૃધ્ધ સહાય યોજના અન્વયે તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી અરજીઓ મળેલ છે, | (૧) ૧૩૬. |
| (૨)તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવેલ છે, અને | (૨)૮૭. |
| (૩)કેટલી અરજીઓ નામંજૂર કરવામાં આવેલ છે, અને | (૩)૩૬. |
| (૪)કુલ કેટલી રકમની સહાય ચૂકવવામાં આવી ? | (૪)` ૧૧,૦૩,૭૬૦/–. |

---------

## રાજ્ય બહાર સાંસ્કૃતિક કાર્યક્રમ કરવા કલાકારોને અપાતી સુવિધા

૨૬૩૧૨ **શ્રી મહેન્દ્રભાઈ લી.મશરૂ** (જુનાગઢ) : **માનનીય રમત–ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧)સાંસ્કૃતિક વારસાની જાળવણી હેઠળ સન ૨૦૧૧માં કેટલા કલાવૃંદોને રાજ્ય બહાર અને વિદેશ ખાતે સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કરવા માટે મંજૂરી આપવામાં આવી છે, | (૧) રાજ્ય બહાર ૫૨ કલાવૃંદોને કુલ ૬૫ સાંસ્કૃતિક કાર્યક્રમો કરવા માટે તથા વિદેશ ખાતે ૦૨ કલાવૃંદોને સાંસ્કૃતિક કાર્યક્રમો કરવા માટે મંજૂરી આપવામાં આવી છે. |
| (૨)રાજ્ય બહાર સાંસ્કૃતિક કાર્યક્રમો કરવા જતાં કલાકારોને રાજ્ય સરકાર તરફથી શી સુવિધા આપવામાં આવે છે, અને | (૨)રાજ્ય બહાર સાંસ્કૃતિક કાર્યક્રમો કરવા જતાં કલાકારોને રાજ્ય સરકાર તરફથી પ્રવાસ ખર્ચ, દૈનીક ભથ્થું, કાર્યક્રમ પુરસ્કાર, ડ્રેસ ભાડું, જેવી સુવિધાઓ આપવામાં આવે છે. |

| | |
|---|---|
| (૩) યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરીને આ યોજના હેઠળ તા.૩૧-૧૨-૧૧ સુધીમાં કેટલી અરજીઓ મળી ? | (૩) ૧૨૩ અરજીઓ મળેલ છે. |

---------

**ખેડા જિલ્લામાં મરણોત્તર સહાય યોજના હેઠળ ચૂકવાયેલ સહાય**

૨૬૨૭૬ **શ્રી દેવુસિંહ જે. ચૌહાણ** (માતર) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| ખેડા જિલ્લામાં મરણોત્તર સહાય યોજના હેઠળ વર્ષ<br>૨૦૧૦-૧૧ અને ૨૦૧૧-૧૨ માં તા.૩૧-૧૨-૨૦૧૧ સુધીમાં કેટલી રકમની સહાય ચૂકવવામાં આવી ? | ` ૯,૦૭,૫૦૦/-. |

---------

**કચ્છ જિલ્લામાં સંકટમોચન યોજના હેઠળ મળેલ અરજીઓ**

૨૬૨૧૯ **શ્રી ધનજીભાઈ ગો. સેંઘાણી** (માંડવી) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કચ્છ જિલ્લામાં સંકટમોચન યોજના અંતર્ગત સન ૨૦૧૧માં કેટલી અરજીઓ મળેલ છે, | (૧) ૧૪૦. |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવેલ છે, અને | (૨) ૮૪. |
| (૩) કેટલી અરજીઓ નામંજૂર કરવામાં આવી ? | (૩) ૫૬. |

---------

**જુનાગઢ જિલ્લામાં નોંધાયેલ બેરોજગારો**

૨૬૨૯૭ **શ્રી ભગવાનજીભાઈ લા. કરગટીયા** (માંગરોળ) : **માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જુનાગઢ જિલ્લામાં રોજગાર વિનિમય કચેરીમાં ૨૦૧૧ના વર્ષ દરમ્યાન કેટલા બેરોજગારોની નોંધણી થયેલ હતી, અને | (૧) ૧૩૩૬૭. |
| (૨) વર્ષ દરમ્યાન કેટલા ઉમેદવારોને રોજગારી મળી ? | (૨) ૪૬૬૨. |

---------

**કચ્છ જિલ્લામાં વિકસતી જાતિના વિદ્યાર્થીઓની પ્રિમેટ્રીક શિષ્યવૃત્તિ માટે મળેલ અરજીઓ**

૨૬૨૧૦ **શ્રી રમેશભાઈ વ.મહેશ્વરી** (મુંદ્રા) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧)કચ્છ જિલ્લામાં વર્ષ ૨૦૧૧–૧૨માં તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ વિકસતી જાતિના કેટલા વિદ્યાર્થીઓની પ્રિમેટ્રીક શિષ્યવૃત્તિ મેળવવા માટેની અરજીઓ આવી, અને | (૧) ૧,૩૩,૪૭૭. |
| (૨)તે પૈકી કેટલા વિદ્યાર્થીઓને કુલ કેટલી રકમની શિષ્યવૃત્તિ ચૂકવી ? | (૨)૧,૨૪,૫૪૭ વિદ્યાર્થીઓને ` ૨,૨૫,૨૬,૮૪૦/– ની શિષ્યવૃત્તિ ચુકવવામાં આવી. |

**સી.એન.જી. પર વેટનો દર**

૨૬૧૭૫ **શ્રી મહંમદ જાવેદ પીરઝાદા** (વાંકાનેર) : **માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ રાજ્યમાં સી.એન.જી. ઉપર રાજય સરકારના વેટ તથા અન્ય કર કેટલા ટકા છે ? | વેટનો દર – ૧૫% (વધારાના વેરા સહિત)<br>અન્ય કર – નથી. |

---------

**પોરબંદર જિલ્લામાં સંકટમોચન યોજના હેઠળ મળેલ અરજીઓ**

૨૬૨૧૧ **શ્રી કરશનભાઈ ઓડેદરા** (કુતીયાણા) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧)પોરબંદર જિલ્લામાં સંકટમોચન યોજના અંતર્ગત તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી અરજીઓ મળેલ છે, | (૧) ૮૪. |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવેલ છે, અને | (૨) ૩૩. |
| (૩)કેટલી અરજીઓ નામંજૂર કરવામાં આવી ? | (૩) ૩૩. |

---------

**નવસારી જિલ્લામાં નિરાધાર વૃધ્ધ સહાય યોજના હેઠળ મળેલ અરજીઓ**

૨૬૨૨૭ **શ્રી લક્ષ્મણભાઈ પટેલ** (ગણદેવી) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧)નવસારી જિલ્લામા નિરાધાર વૃધ્ધ સહાય યોજના અન્વયે સન ૨૦૧૧માં કેટલી અરજીઓ મળેલ છે, | (૧) ૨૬૩. |
| (૨)તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવેલ છે, | (૨)૧૪૮. |
| (૩)કેટલી અરજીઓ નામંજૂર કરવામાં આવેલ છે, અને | (૩)૭૪. |
| (૪)કેટલી સહાય ચૂકવવામાં આવી ? | (૪)` ૧,૦૧,૮૦૦/-. |

---

## ગાંધીનગર જિલ્લામાં મંજૂર થયેલ મફત તબીબી સહાય

૨૬૨૫૧ **શ્રી શંભુજી ઠાકોર** (ગાંધીનગર) : **માનનીય સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧)ગાંધીનગર જિલ્લામાં મફત તબીબી સહાય યોજના હેઠળ કયા દર્દો માટે વર્ષ ૨૦૧૦–૧૧ અને વર્ષ ૨૦૧૧–૧૨માં તા. ૩૧–૧૨–૧૧ સુધીમાં કેટલા લાભાર્થીઓને સહાય મંજૂર કરવામાં આવી, અને

(૨)તેમાં કુલ કેટલી રકમ ચૂકવવામાં આવી ?

**જવાબ**

(૧)

| રોગ | લાભાર્થી |
|---|---|
| ટી. બી. | ૨૪૦ |
| કેન્સર | ૫૧ |
| રકતપિત | ૧૮ |
| એઈડઝ | ૮૦ |
| **કુલ** | **૩૮૯** |

(૨)` ૭,૩૮,૫૦૦/-.

---

## અમરેલી એ.આર.ટી.ઓ. કચેરીની આવક

૨૬૨૯૨ **શ્રી હનુભાઈ ધોરાજીયા** (લાઠી) : **માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧)એ.આર.ટી.ઓ. અમરેલીની કચેરીને ૨૦૧૧ના વર્ષમાં કુલ કેટલી રકમની આવક થઈ, | (૧) રૂપિયા ૩૨.૬૬ કરોડ. |
| (૨)વર્ષ–૨૦૧૦ના સંદર્ભમાં આવકમાં વધારો થયો કે ઘટાડો, | (૨)વધારો. |
| (૩)જો આવકમાં વધારો થયો હોય તો કેટલી રકમનો, અને | (૩)રૂપિયા ૬.૪૮ કરોડનો વધારો થયો. |
| (૪)ઘટાડો થયો હોય તો તેના કારણો શાં છે? | (૪)પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---

## ભાવનગર જિલ્લામાં કુંવરબાઈનું મામેરૂં યોજના હેઠળ મળેલ અરજીઓ

૨૬૨૦૫ **શ્રી મહેન્દ્રસિંહ સરવૈયા** (પાલીતાણા) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧)૨૦૧૧–૧૨ના નાણાકીય વર્ષમાં તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ ભાવનગર જિલ્લામાં કુંવરબાઈનું મામેરૂં યોજના હેઠળ વિકસતી જાતિના કેટલા અરજદારોની અરજીઓ મળી, | (૧) ૨૧૨.. |
| (૨)તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, | (૨)૧૯૮. |
| (૩)તે પૈકી કેટલી અરજી નામંજૂર કરવામાં આવી, | (૩)૧૪. |
| (૪)અરજી નામંજૂર કરવાના કારણો શાં છે, | (૪)(૧) ૭ અરજી આવક વધુ હોવાથી. |

અને (૨) ૩ સમયમર્યાદા બાદ મળેલ હોવાથી.
(૩) ૩ અરજી લગ્ન નોંધણી ન થવાથી.
(૪) ૧ અરજી કુટુંબની અન્ય વ્યક્તિને લાભ મળેલ હોવાથી.

(૪)કુલ કેટલી સહાય ચૂકવવામાં આવી ? (૪)` ૯.૯૦ લાખ.

## બનાસકાંઠા જિલ્લામાં નોંધાયેલ બેરોજગારો

૨૬૨૯૬ **શ્રી અનિલભાઈ માળી** (દિયોદર) : **માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧)બનાસકાંઠા જિલ્લા રોજગાર વિનિમય કચેરીમાં ૨૦૧૧ના વર્ષ દરમ્યાન કેટલા બેરોજગારોની નોંધણી થયેલ હતી, અને | (૧) ૧૪૦૬૮. |
| (૨)વર્ષ દરમ્યાન કેટલા ઉમેદવારોને રોજગારી મળી ? | (૨)૬૬૩૫. |

---------

## રાજકોટ જિલ્લામાં સ્વરોજગાર શિબિરોનું આયોજન

૨૬૨૯૯ **શ્રીમતી ભાનુબેન બાબરીયા** (રાજકોટ ગ્રામ્ય) : **માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧)રાજકોટ જિલ્લામાં ૨૦૧૧ના વર્ષમાં કેટલી સ્વરોજગાર શિબિરોનું આયોજન કરવામાં આવ્યુ હતું, | (૧)૩૪. |
| (૨) આ શિબિરોનું કયા કયા સ્થળે આયોજન કરવામાં આવ્યું અને કેટલા ઉમેદવારો હાજર રહયા, અને | (૨) |

| ક્રમ | શિબિરનું સ્થળ | હાજર રહેલ ઉમેદવારોની સંખ્યા |
|---|---|---|
| ૧ | વિરાણી બહેરા મુંગા શાળા, રાજકોટ | ૧૬૪ |
| ૨ | ગ્રામ પંચાયત હાઈસ્કુલ કુવાડવા | ૯૦ |
| ૩ | મદદનીશ નિયામક (રોજગાર)ની કચેરી, રાજકોટ | ૪૨ |
| ૪ | અમુલ ઈન્ડસ્ટ્રીઝ, રાજકોટ | ૬૩ |
| ૫ | પેટ્રો. આઈ. ટી., રાજકોટ | ૪૯ |
| ૬ | ભવાની ઈન્ડસ્ટ્રીઝ, રાજકોટ | ૭૨ |
| ૭ | એચ. જે. ઈન્ડસ્ટ્રીઝ, રાજકોટ | ૬૭ |
| ૮ | આઈ.ટી.આઈ., રાજકોટ | ૬૮ |
| ૯ | મદદનીશ નિયામક (રોજગાર)ની કચેરી, રાજકોટ | ૬૯ |
| ૧૦ | મદદનીશ નિયામક (રોજગાર)ની કચેરી, રાજકોટ | ૮૨ |
| ૧૧ | આઈ.ટી.આઈ., રાજકોટ | ૫૧ |
| ૧૨ | મદદનીશ નિયામક રોજગાર કચેરી, રાજકોટ | ૮૧ |
| ૧૩ | તાલુકા પંચાયત કચેરી, જામ કંડોરણા | ૭૩ |
| ૧૪ | આઈ.ટી.આઈ., જામ કંડોરણા | ૬૦ |
| ૧૫ | તાલુકા પંચાયત કચેરી, લોધીકા | ૨૪ |
| ૧૬ | ખીમાણી હાઈસ્કુલ, લોધીકા | ૨૭ |
| ૧૭ | આઈ.ટી.આઈ., ધોરાજી | ૩૭ |
| ૧૮ | આઈ.ટી.આઈ., ધોરાજી | ૬૨ |
| ૧૯ | આઈ.ટી.આઈ., વાંકાનેર | ૪૦ |

| | | |
|---|---|---|
| ૨૦ | આઈ.ટી.આઈ., વાંકાનેર | ૬૫ |
| ૨૧ | આઈ.ટી.આઈ., ટંકારા | ૫૨ |
| ૨૨ | કૌશલ્ય વર્ધન કેન્દ્ર, ટંકારા | ૫૫ |
| ૨૩ | તાલુકા પંચાયત કચેરી, માળીયા મિયાણા | ૩૬ |
| ૨૪ | સરવડ હાઈસ્કુલ, સરવડ | ૭૦ |
| ૨૫ | આઈ.ટી.આઈ., જેતપુર | ૪૮ |
| ૨૬ | તીર્થ એગ્રો, ભુણાવા, તા. ગોંડલ | ૩૩ |
| ૨૭ | આઈ.ટી.આઈ., ગોંડલ | ૪૦ |
| ૨૮ | કૌશલ્ય વર્ધન કેન્દ્ર, મોવિયા, તા. ગોંડલ | ૯૮ |
| ૨૯ | ડી.એસ.વી.કે. હાઈસ્કુલ, જસદણ | ૬૫ |
| ૩૦ | કૌશલ્ય વર્ધન કેન્દ્ર, વિંછીયા, તા. જસદણ | ૮૧ |
| ૩૧ | કૌશલ્ય વર્ધન કેન્દ્ર, પાનેલી, તા. ઉપલેટા | ૪૮ |
| ૩૨ | આઈ.ટી.આઈ., પડધરી | ૫૬ |
| ૩૩ | આઈ.ટી.આઈ.,મોરબી | ૭૩ |
| ૩૪ | કૌશલ્ય વર્ધન કેન્દ્ર, શાપર | ૫૮ |
| | **કુલ – ૩૪ શિબિરો** | **૨૦૯૯** |

(૩)આ શિબિરોમાં કેટલા ઉમેદવારોને માર્ગદર્શન આપવામાં આવ્યું?

(૩)૨૦૯૯.

---------

## સ્થળાંતરીત મજૂરો માટે કામ કરતી સંસ્થાઓ

૨૬૯૭૪ **શ્રી અમરસિંહ વસાવા** (દેડીયાપાડા) : **માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧)તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ સ્થળાંતરીત મજૂરો માટે કામ કરતી રાજ્યમાં કઈ સંસ્થા છે, અને

(૨)તે અન્વયે વેલફેર બોર્ડમાં સભ્યપદ કઈ સંસ્થા ધરાવે છે ?

**જવાબ**

(૧) સ્થળાંતરીત મજૂરો માટે કામ કરતી રાજ્યની કોઈપણ સંસ્થાની નોંધણી આ વિભાગ હસ્તકના શ્રમતંત્રમાં કરવામાં આવતી નથી.

(૨)પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

## આણંદ જિલ્લામાં વિકસતી જાતિના બાળકોને ગણવેશ સહાય માટે મળેલ અરજીઓ

૨૬૨૦૯ **શ્રીમતી જ્યોત્સનાબેન પટેલ** (આણંદ) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧)આણંદ જિલ્લામાં વર્ષ ૨૦૧૧–૧૨માં તા. ૩૧–૧૨–૧૧ની સ્થિતિએ વિકસતી જાતિના બાળકોની ગણવેશ સહાય મેળવવા માટેની કેટલી અરજીઓ મળી, અને

(૨)તે પૈકી કેટલા બાળકોને કુલ કેટલી રકમની સહાય ચૂકવવામાં આવી ?

**જવાબ**

(૧) ૨,૦૭,૨૩૬.

(૨)૨,૦૩,૩૧૯ બાળકોને ` ૪,૦૬,૬૩,૮૦૦/–ની સહાય ચૂકવવામાં આવી.

## રાજકોટ જિલ્લામાં વેટની આવક

૨૬૨૮૯ **શ્રી ભરતભાઈ બોઘરા** (જસદણ) : **માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧)૨૦૧૧ના વર્ષમાં રાજકોટ જિલ્લાની વેટની

**જવાબ**

(૧)` ૧૦૪૬.૫૪ કરોડ.

| | |
|---|---|
| આવક કેટલી થઇ, | |
| (૨)કેટલી રકમ વસૂલ કરવાની બાકી છે, અને | (૨) ` ૧૦૩.૬૩ કરોડ. |
| (૩)બાકી રકમ વસૂલ કરવા માટે શી કાર્યવાહી કરવામાં આવી ? | (૩)શક્ય વસુલાતવાળા કેસોમાં ગુજરાત વેચાણવેરા કાયદા, ગુજરાત મૂલ્યવર્ધિત વેરા કાયદા તથા જમીન મહેસૂલ કાયદા અન્વયે પગલાં લેવામાં આવેલ છે. |

## અમદાવાદ જિલ્લામાં સાત ફેરા સમૂહ લગ્ન યોજના હેઠળ મળેલ અરજીઓ

૨૬૨૭૨ **શ્રી કાંતિલાલ રા. લકુમ** (બાવળા) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧)અમદાવાદ જિલ્લામાં સાત ફેરા સમૂહ લગ્ન યોજના હેઠળ વર્ષ ૨૦૧૦–૧૧ અને ૨૦૧૧–૧૨માં તા.૩૧–૧૨–૨૦૧૧ સુધીમાં કેટલી અરજીઓ મળી, | (૧) ૨૫૦. |
| (૨)તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨)૨૩૬. |
| (૩)કેટલી અરજીઓમાં સહાય ચૂકવવામાં આવી ? | (૩)૨૩૬. |

---------

## નવસારી જિલ્લામાં ગણવેશ સહાય યોજના હેઠળ મળેલ અરજીઓ

૨૬૨૪૭ **શ્રી આર. સી. પટેલ** (જલાલપોર) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧)નવસારી જિલ્લામાં ગણવેશ સહાય યોજના યોજનામાં વર્ષ ૨૦૧૦–૧૧ અને ૨૦૧૧–૧૨માં તા. ૩૧–૧૨–૨૦૧૧ સુધીમાં કેટલા વિદ્યાર્થીઓને સહાય આપવામાં આવેલ છે, અને | (૧) ૬૦૬૩૦ |
| (૨)તે પૈકી કુલ કેટલી રકમ ચૂકવવામાં આવેલ છે ? | (૨)` ૧,૦૪,૮૧,૦૦૦/–. |

---------

## ગ્રંથાલયોને પુરુ પડાયેલ વાંચન સાહિત્ય

૨૬૩૧૩ **શ્રી ભરત બારોટ** (દરિયાપુર–કાઝીપુર) : **માનનીય રમત–ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| સન ૨૦૧૧માં રાજ્યના કેટલા ગ્રંથાલયોને કેટલી રકમનું વાંચન સાહિત્ય સહાયરૂપે પુરૂં પાડવામાં આવ્યું ? | સન ૨૦૧૧માં રાજ્યના કુલ ૪૪૭૬ સાર્વજનીક ગ્રંથાલયોને ` ૪૯૮.૦૪ લાખનું સાહિત્ય સહાયરૂપે પુરુ પાડવામાં આવેલ છે. |

---------

## મહેસાણા જિલ્લામાં વિદેશ અભ્યાસ લોન યોજના હેઠળ મળેલ અરજીઓ

૨૬૨૦૭ **શ્રી ઋષિકેશ પટેલ** (વિસનગર) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વિદેશ અભ્યાસ લોન યોજના હેઠળ મહેસાણા જિલ્લામાં વર્ષ ૨૦૧૧–૨૦૧૨ માં તા.૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગના વિદ્યાર્થીઓની કેટલી અરજીઓ મળી, | (૧) ૬. |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, | (૨) ૫. |
| (૩) કેટલી અરજીઓ નામંજૂર કરવામાં આવી, અને | (૩) શૂન્ય. |
| (૪) કુલ કેટલી સહાય ચૂકવવામાં આવી ? | (૪) ` ૨૦ લાખની લોન. |

---------

## અમદાવાદ જિલ્લામાં મરણોત્તર સહાય યોજના હેઠળ ચૂકવાયેલ સહાય

૨૬૨૬૮ **શ્રી કમાભાઈ ગ. રાઠોડ** (વિરમગામ) : **માનનીય સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| અમદાવાદ જિલ્લામાં મરણોત્તર સહાય યોજના હેઠળ વર્ષ : ૨૦૧૦–૧૧ અને ૨૦૧૧–૧૨માં તા.૩૧–૧૨–૧૧ સુધીમાં કેટલી રકમની સહાય ચૂકવવામાં આવી ? | ` ૫૨.૬૫ લાખ. |

---------

## મહેસાણા જિલ્લામાં સંત સુરદાસ યોજનાના લાભાર્થીઓ

૨૬૨૧૩ **શ્રીમતી જશોદાબેન ચ. પરમાર** (જોટાણા) : **માનનીય સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) મહેસાણા જિલ્લામાં સંત સુરદાસ યોજના હેઠળ તા.૩૧–૧૨–૧૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા લાભાર્થીઓને લાભ આપવામાં આવેલ છે, અને | (૧) ૩,૦૭૨. |
| (૨) તે અન્વયે કૂલ કેટલી સહાય ચૂકવવામાં આવી ? | (૨) ` ૧,૧૦.૫૮.૦૦૦/- (અંકે રૂપિયા એક કરોડ દસ લાખ અઠાવન હજાર પુરા). |

---------

## વડોદરા જીલ્લામાં આવેલ સરકારી આઇ.ટી.આઇ.

૨૬૨૩૩ **શ્રી ગુલસીંગભાઈ ર. રાઠવા** (છોટાઉદેપુર) : **માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તારીખ : ૩૧–૧–૨૦૧૨ની સ્થિતિએ | (૧) વડોદરા જીલ્લાના તમામ તાલુકામાં સરકારી |

વડોદરા જીલ્લાના કયા તાલુકામાં સરકારી આઇ.ટી.આઇ. છે.

આઇ.ટી.આઇ. છે.

(૨)જે તે તાલુકામાં સરકારી આઇ.ટી.આઇ. છે તે તાલીમાર્થીઓ માટે મંજુર થયેલ બેઠકોની સંખ્યા કેટલી, અને

(૨)

| તાલુકાનું નામ | | આઇ.ટી.આઇનું નામ | તાલીમાર્થીઓ માટે મંજુર થયેલ બેઠકો |
|---|---|---|---|
| ૧ | છોટાઉદેપુર | છોટાઉદેપુર | ૧૯૬ |
| ૨ | ડભોઇ | ડભોઇ | ૧૨૮ |
| ૩ | કરજણ | કરજણ | ૧૩૬ |
| ૪ | કવાંટ | કવાંટ | ૧૨૦ |
| ૫ | નસવાડી | નસવાડી | ૨૦૮ |
| ૬ | પાદરા | પાદરા | ૨૦૮ |
| ૭ | પાવી જેતપુર | જબુગામ | ૨૨૪ |
| ૮ | સંખેડા | સંખેડા | ૨૭૨ |
| ૯ | સાવલી | સાવલી | ૪૪૪ |
| ૧૦ | સિનોર | સિનોર | ૧૨૦ |
| ૧૧ | વડોદરા | તરસાલી | ૨૦૪૮ |
| | | ગોરવા | ૮૨૦ |
| | | ગોરવા(મહિલા) | ૧૨૮ |
| | | દશરથ | ૭૫૨ |
| | | વડોદરા(ડીસેબલ) | ૬૮ |
| ૧૨ | વાઘોડિયા | વાઘોડિયા | ૨૬૮ |

(૩)જે તાલુકામાં સરકારી આઇ.ટી.આઇ. ન હોય ત્યાં ગ્રાન્ટ ઇન એઇડ/સ્વનિર્ભર ઔદ્યોગિક તાલીમ સંસ્થા ઉપલબ્ધ છે કે કેમ ?

(૩)પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

## અમદાવાદ જિલ્લામાં સાતફેરા સમૂહ લગ્ન યોજના હેઠળ મળેલ અરજીઓ

૨૬૨૭૩ **શ્રી બાબુભાઈ જ. પટેલ** (દસક્રોઇ) : **માનનીય સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧)અમદાવાદ જિલ્લામાં સાતફેરા સમૂહ લગ્ન યોજના હેઠળ વર્ષ ૨૦૧૦-૧૧ અને ૨૦૧૧-૧૨ માં તા.૩૧-૧૨-૨૦૧૧ સુધીમાં કેટલી અરજીઓ મળી, | (૧)૨૫૦. |
| (૨)તે પૈકી કેટલી અરજીઓ મંજુર કરવામાં આવી, અને | (૨)૨૩૬. |
| (૩)કેટલી અરજીઓમાં સહાય ચૂકવવામાં આવી ? | (૩)૨૩૬. |

---------

## રાજ્યના ખેલાડીઓએ રાષ્ટ્રકક્ષાની રમતોમા મેળવેલ ચંદ્રકો

૨૬૩૦૯ **શ્રી વલ્લભભાઈ કાકડીયા** (રખિયાલ) : **માનનીય રમતગમત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

સન ૨૦૧૦ અને ૨૦૧૧ માં રાજ્યના ખેલાડીઓ દ્વારા રાષ્ટ્રકક્ષાએ યોજાતી વિવિધ રમતોની સ્પર્ધાઓમાં કેટલા ચંદ્રકો પ્રાપ્ત કર્યા ?

સન ૨૦૧૦ અને ૨૦૧૧ માં રાષ્ટ્રકક્ષાએ યોજાતી વિવિધ રમતોની સ્પર્ધાઓમાં ૨૦૩ ચંદ્રકો પ્રાપ્ત કર્યા.

---------

# પોઇન્ટ ઓફ ઓર્ડર

**શ્રી દિલીપભાઇ ન. સંઘાણી (સંસદીય બાબતોના મંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર .. સતત અંતરાય .. વિરોધ પક્ષના સભ્યશ્રીઓ તરફથી ..સતત અંતરાય .. માનનીય અધ્યક્ષશ્રી, પ્રશ્નોત્તરી દરમિયાન .. સતત અંતરાય ..

અધ્યક્ષશ્રી : આપને પણ પોઇન્ટ ઓર ઓર્ડર ઉપર બોલવું હશે તો હું આપને પણ તક આપીશ. સતત અંતરાય .. .. પ્લીઝ પ્લીઝ

અધ્યક્ષશ્રી : આપને પણ પોઇન્ટ ઓફ ઓર્ડરની તક લેવી હોય તો હું આપીશ.

આ તબકકે વિરોધ પક્ષના સભ્યશ્રીઓ દ્વારા આદિવાસીઓનું અપમાન બંધ કરો સુત્રોચ્ચાર ..

અધ્યક્ષશ્રી : પ્લીઝ પ્લીઝ .. ઓર્ડર ઓર્ડર સતત સુત્રોચ્ચર .. ઓર્ડર ઓર્ડર
ઇકબાલભાઇ બધાને બેસી જવા વિનંતી છે. પ્લીઝ પ્લીઝ આપને પણ પોઇન્ટ ઓફ ઓર્ડરની તક આપીશ. બંન્ને પક્ષે આપીશ. પ્લીઝ..એમનો પોઇન્ટ ઓફ ઓર્ડર પૂરો થવા દો, આપને પણ તક આપીશ. સતત અંતરાય .. પ્લીઝ પ્લીઝ .. ..ઓર્ડર ઓર્ડર

આદિવાસીઓનું અપમાન બંધ કરો. સૂત્રોચ્ચાર. આદિવાસીઓની માફી માંગો.

અધ્યક્ષશ્રી : એમનો પોઇન્ટ ઓફ ઓર્ડર શરૂ થઇ ગયો છે. આપને હું તક આપીશ. પ્લીઝ પ્લીઝ આપ બેસી જાવ, ગૃહ ચલાવવામાં આપની મદદની જરૂર છે. પ્લીઝ .. હું આપને તક આપું છું પણ માનનીય મંત્રીશ્રી દિલીપભાઇ ઉભા થઇ ગયા છે. પ્લીઝ પ્લીઝ... .. પ્લીઝ પ્લીઝ

સતત સૂત્રોચ્ચાર આદિવાસીઓની માફી માગો. આદિવાસીઓનું અપમાન બંધ કરો.

અધ્યક્ષશ્રી : આપને પણ હું પૂરેપૂરી તક આપું જ છું. આપ કદાચ પોઇન્ટ ઓફ ઓર્ડર પહેલા ઉભા થઇ ગયા હોત તો હું આપને તક આપેત.. .. પ્લીઝ પ્લીઝ હું આપું જ છું આપને તક કોઇને ના નથી. આપુ જ છું તક, કોઇને ના નથી. પ્લીઝ પ્લીઝ .. .

આ તબકકે વિરોધ પક્ષના સભ્યશ્રીઓ દ્વારા સતત સૂત્રોચ્ચાર

અધ્યક્ષશ્રી : માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રીનો પોઇન્ટ ઓફ ઓર્ડર શું છે એ તો સાંભળી લઇએ પ્લીઝ .. ..આ રીતે ગૃહનો આપણે સમય ના બગાડીએ, આપને મારી વિનંતી છે. પ્લીઝ પ્લીઝ.

આ તબકકે સતત સુત્રોચ્ચાર આદિવાસીઓનું અપમાન બંધ કરો.

અધ્યક્ષશ્રી : માનનીય ઇકબાલભાઇ, આપને પોઇન્ટ ઓફ ઓર્ડર ઉપર જે કહેવું હશે એ કહેવા દઇશ. અંતરાય .. હું આપને તક આપીશ, પ્લીઝ આપના સભ્યોને બેસાડો. ઇકબાલભાઇ, એમનો પોઇન્ટ ઓફ ઓર્ડર પૂરો થઇ જવા દો શું વાંધો છે? એમનો પોઇન્ટ ઓફ ઓર્ડર પૂરો થાય પછી આપને જેટલી પણ વાત કરવી હશે હું આપને છૂટ આપીશ. ચોકકસ પોઇન્ટ ઓફ ઓર્ડર ઉભો કરવાની છૂટ આપીશ. .. ઓર્ડર ઓર્ડર.. .. પ્લીઝ પ્લીઝ

આ તબકકે સતત સુત્રોચ્ચાર.

શ્રી દિલીપભાઇ ન. સંઘાણી : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફર ઓર્ડર એ છે, આ હાઉસની ગરીમા કાયમ જળવાઇ રહે એના માટે આપના તરફથી, વિપક્ષ તરફથી, ટ્રેઝરી બેન્ચ તરફથી વારંવાર ચિંતા વ્યકત થઇ છે. (આ તબકકે સતત સુત્રોચ્ચાર ).. અંતરાય ..

અધ્યક્ષશ્રી : પ્લીઝ પ્લીઝ બધા બેસી જાવ.

શ્રી દિલીપભાઈ ન. સંઘાણી : આ સભાગૃહના સન્માનનીય સભ્ય માનનીય ફારુકભાઈએ જયારે *(xxxx) એ શબ્દો આપે દૂર કર્યા, પુનઃ એ જ શબ્દોનો ઉલ્લેખ કરીશ એમ કરીને અધ્યક્ષશ્રીની વાતનું અવમાન કરવાનો જે પ્રયત્ન કર્યો છે એમાં હાઉસની ગરીમા નથી. આપે એમને પુનઃઠપકો દેવો જોઇએ. એમણે અધ્યક્ષશ્રીની માફી માગવી જોઇએ. બીજો મુદ્દો મારો એ છે હાઉસમાં જયારે, પ્રશ્નોત્તરી દરમિયાન કે પોતાના વકતવ્યો દરમિયાન કોઈ આક્ષેપાત્મક વાત કરીએ ત્યારે એની સાબિતી આધાર પૂરાવા આપવા જોઇએ. કોંગ્રેસ પક્ષના પ્રમુખ માનનીય અર્જુનભાઇ મોઢવાડીયાએ જયારે ગુજરાતમાં અશાંતિ હતી ત્યારે સુપ્રીમ કોર્ટે નીરો બ્યુગલ વગાડે છે એ શબ્દ વાપરીને જો સુપ્રિમ કોર્ટે આવા શબ્દો વાપર્યા હોય તો એના આધાર સાથે આ રેકર્ડ સાથે એમણે વાત કરવી જોઇએ, આ રેકર્ડ એમણે આપને રજૂ કરવું જોઇએ. અધરવાઇઝ આ ગૃહની માફી માગવી જોઇએ.

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા :** માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સંસદીય મંત્રીશ્રીનો આભાર માનીશ કે એમણે આ મુદ્દો ઉઠાવ્યો. એમણે જે વાત કરી કે ફારુકભાઇએ (xxxx) એ શબ્દપ્રયોગ કર્યો એ આપે દૂર કરેલ અને પછી પણ વાપર્યો. આપ જ્યારે નિર્ણય આપો, આપે વારંવાર આ ગૃહમાં નિર્ણયો આપ્યા છે કે ગૃહમાં અભિનંદન અને આભાર હોઇ શકે નહીં. આપે કહ્યા પછી એ જ શબ્દો સભ્ય એક વખત નહીં પણ પાંચ વખત બોલેલા છે. એટલું જ નહીં એના પછી પણ દરેક સભ્યોએ આ જ શબ્દપ્રયોગ કર્યો છે. જેમાં અભિનંદન આપી શકાય, કોઇ એમ કહે કે આ પગલું બરાબર છે એમ કહી શકાય તો એના સામે આ પગલું બરાબર નથી એમ એના માટેનો એપ્રોપ્રિએટ શબ્દ પણ વાપરી શકાય. છતાં જ્યારે અમારા સભ્યની વાત કરી હોય ત્યારે અમે એ બીજી વખત ઉપયોગ નથી કરતાં. આપે રદ કર્યા છે, બીજી વખત રદ કરવા હોય તો અમને કોઇ ઓબ્જેક્શન નથી. વાત એ હતી કે સરકાર માટે તો આવો પ્રયોગ કરી શકાય કે લઘુમતી વિરોધી છે, સરકાર પ્રજા વિરોધી છે કે પ્રજાવત્સલ છે. આપના મુખ્યમંત્રી પ્રજાવત્સલ છે. હું કહીશ કે આપના મુખ્યમંત્રી ઉદ્યોગ વત્સલ છે તો એમાં ખરાબ ન લગાડવાનું થાય. પણ વ્યક્તિગત આક્ષેપની વાત આવતી હોય ત્યારે વ્યક્તિગત પુરાવાઓ રજૂ કરવા જોઇએ. બીજી વાત મારા વિશે કરી છે. મેં કોઇનું નામ લીધું નથી પણ હું માનનીય મંત્રીશ્રીની જે માગણી છે એ સ્વીકારું છું અને સુપ્રિમ કોર્ટે જે શબ્દો ચોક્કસ સત્તાધીશને અનુલક્ષીને જજમેન્ટમાં બોલાયેલા છે, લખાયેલા છે એ ગૃહમાં પુરાવા તરીકે મૂકીશ. હું એમનો આભાર માનું કે એમણે આ તક મને આપી. હું મૂકીશ એટલે ગૃહ જાણશે અને ગુજરાતની પ્રજા પણ જાણશે કે નીરો શબ્દ કોના માટે વપરાયેલો અને એ ઉપરાંત સુપ્રીમ કોર્ટે એ જ જજમેન્ટમાં રાજધર્મ બજાવો અથવા ક્વીટ એ શબ્દ વાપર્યો છે. બધા જ શબ્દો આપની પરવાનગીથી આ ગૃહમાં મૂકીશ.

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા :** માનનીય અધ્યક્ષશ્રી, પ્રશ્ન ક્રમાંક : ૮ દરિમયાન માનનીય ફારુકભાઇએ જે શબ્દો ઉચ્ચારેલા અને માનનીય દિલીપભાઇએ જે પોઇન્ટ ઓફ ઓર્ડર ઊઠાવ્યો એના સંદર્ભમાં મારે એટલું જ કહેવું છે કે આપણે પ્રશ્નો દરમ્યાન પૂરક પ્રશ્નો કેવી રીતે પૂછવા એની એક મર્યાદા બંધાયેલી હોય છે. (અંતરાય) અર્જુનભાઇ, નિયમ ૭૮(૪) પ્રમાણે આ પ્રમાણેના ઉલ્લેખો આપણે કરી શકતા નથી. હું એનાથી વિશેષ વાત કરવા માગું છું કે સમાજ જીવનનો પડઘો આપણી આ વિધાનસભામાં પડે છે. પરંતુ અહીં ઉશ્કેરણીજનક વાતો કરીને ગુજરાતમાં છેલ્લા ૧૦ વર્ષથી જે સદભાવનાપૂર્ણ વાતાવરણ છે એના માટે આ સભાગૃહનો ઉપયોગ કરવો જોઇએ નહીં. જ્યારે માનનીય મુખ્યમંત્રીશ્રી ''સૌનો સાથ અને સૌનો વિકાસ'' ની સદભાવના સાથે આગળ વધી રહ્યા હોય અને આ સદભાવના મિશનથી એમની તૃષ્ટિકરણની રાજનીતિનો જ્યારે મૃત્યુઘંટ વાગ્યો હોય એવા સંજોગોમાં અને ગુજરાતમાં ગુજરાતના લઘુમતીઓ આખા દેશમાં વધારે સમૃદ્ધ છે. ૧૦ વર્ષમાં ગુજરાતમાં કરફ્યુ નથી, કોઇ તોફાનો થયા નથી એવા સંજોગોમાં માનનીય સભ્યશ્રી દ્વારા આ શબ્દો ઉચ્ચારીને આ સભાગૃહની અંદર નહીં પરંતુ ગુજરાતની અંદર

* (xxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

એ જ પ્રમાણે અશાંતિનું વાતાવરણ સર્જવાનો એમણે પ્રયાસ કર્યો છે. આ સભાગૃહનો ઉશ્કેરણીજનક વકતવ્ય માટે એનો ક્યારેય ઉપયોગ ન કરી શકે. એટલે આપે ઠપકો આપીને ભવિષ્યમાં આ પ્રમાણેના ઉચ્ચારણો ના કરે અને હાઉસની ગરીમાનું જતન કરે એવું માનનીય અધ્યક્ષશ્રી હું આપના માધ્યમથી એમને જણાવવા માગુ છું.

**શ્રી ઇકબાલ પટેલ (વિરોધપક્ષના દંડકશ્રી** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય દિલીપભાઇ સંઘાણીના અમે આભારી છીએ કે ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ-૮૯ હેઠળ પૂરક પ્રશ્નો પૂછવા બાબતમાં જે નિયમો બનાવેલા છે એના સંદર્ભમાં માનનીય વિદ્વાન મંત્રીશ્રીએ વાત કરેલી છે. મૂળ પ્રશ્ન એ છે કે વિધાનસભામાં ફારૂકભાઇ શેખના એક લઘુમતીઓને રોજગારી આપવાના પ્રશ્નના ઉપર ફારૂકભાઇએ કહ્યું અને લઘુમતીને અન્યાયની વાત કરી અને *(xxxx) એવી વાત એમણે પ્રશ્નોત્તરીમાં કરી અને આપે એને રેકર્ડ ઉપરથી દૂર પણ કરી દીધી અને માનનીય સભ્યશ્રી અર્જુનભાઇ મોઢવાડિયા સાહેબે બાજપાયજી આપણા આદરણીય પ્રધાનમંત્રીજીએ જે રાજધર્મ નીભાવવાની વાત કરેલી. જે રેકર્ડના ઉપર છે. એ વાતનો ઉલ્લેખ કરીને મુખ્યમંત્રીશ્રીએ રાજધર્મ નીભાવવો જોઇએ. (અંતરાય) એ વાત ઓન જે રેકર્ડવાળી વાત ગૃહ સમક્ષ રજૂ કરી એટલું જ નહિ સાહેબ, ૨૦૦૨ના (અંતરાય) ૯-૯-૨૦૦૨ નાં રોજ (અંતરાય) સાહેબ, આપે રોકવા જોઇએ.

અધ્યક્ષશ્રી : આપના પક્ષના માનનીય દંડકશ્રી બોલી રહ્યાં છે. પ્લીઝ, (અંતરાય)

શ્રી ઇકબાલ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મફતભાઇ જે રીતે વાત કરે છે. (અંતરાય) મફતભાઇ સાહેબ ગૃહને ખલેલ પહોંચાડે છે. (અંતરાય)

અધ્યક્ષશ્રી : ઓર્ડર.. ઓર્ડર મફતભાઇ અને કુંવરજીભાઇ પ્લીઝ. બંને લોકો બેસી જાવ પ્લીઝ. આપ અંદર અંદર ચર્ચા ના કરો. પ્લીઝ.

શ્રી ઇકબાલ પટેલ : અને તે દરમ્યાનમાં સાહેબ માનનીય મંત્રીશ્રી જેમ અગાઉ આદરણીય શક્તિસિંહ ગોહિલ સાહેબ વખતે પણ આજ પ્રશ્ન ઉપસ્થિત થયેલો. મંત્રીશ્રી વાત કરી રહેલા હતા, નીતિનભાઇ પટેલ બાજુમાં ટીપ્પણી કરી રહેલા હતા અને એ ટીપ્પણીમાં લઘુમતિ લોકોએ બાળકો પેદા કરવામાં સંયમ રાખવો જોઇએ જે વાત કરેલી એ(અંતરાય) એક મિનિટ.. પોઇન્ટ ઓફ ઓર્ડર છે. એ સાહેબ, મારો પ્રશ્ન એટલો છે કે ૯-૯-૨૦૦૨ નાં રોજ (અંતરાય)

અધ્યક્ષશ્રી : પ્લીઝ, એમને.. ઇકબાલભાઇને સાંભળી લઇએ.

શ્રી ઇકબાલ પટેલ : હું સાહેબ, સંસદીય બાબતોની વિરુદ્ધમાં કાંઇ વાત નહિ કરું સાહેબ આમાં એવું છે કે જૈન, બૌદ્ધ, ક્રિશ્ચન, મુસ્લીમ લોકોનો પણ પ્રશ્ન છે, તમામ લઘુમતી સમુદાયોનો પ્રશ્ન છે. આ પ્રશ્ન ત્યાંથી ઊભો થાય છે ૯-૯-૨૦૦૨ નાં રોજ બહુચરાજીના અંદર માનનીય મુખ્યમંત્રીશ્રીએ જે વાત કરેલી તે જ વાત નીતિનભાઇએ આજે કરેલી હતી. એમાં મારો પોઇન્ટ ઓર્ડરનો પ્રશ્ન એ છે કે આમાં જ્યારે અર્જુનભાઇએ વાત કરી (અંતરાય) સાહેબ, તમારે વિરોધ પક્ષને સાંભળવા પડશે. આ લોકશાહી છે. આ ડેમોક્રશી છે તમે જે રીતે ચલાવો તે રીતે ના ચાલે. This is a democracy country. Why you are violating Assembly rules? This is my point of order. સાહેબ, એમાં સવાલ એટલો છે કે (અંતરાય) મંત્રીશ્રી મારો પોઇન્ટ ઓફ ઓર્ડર ચાલે છે. સિનિયર મંત્રી ઊભા થઇ જાય છે. એમને બોલવા દેવા તૈયાર નથી. તમારે વિરોધ પક્ષ ના જોઇતો હોય તો અને તમે કહેતા હોય તો અમે બધા સામુહિક નીકળી જઇએ. તમે ચલાવી લો. સાહેબ, અમને સાંભળવાના પણ નહિ. પોઇન્ટ ઓફ ઓર્ડર પર અમને સાંભળવાના પણ નહિ. પોઇન્ટ ઓફ ઓર્ડર પર હું મારી વાત કરી રહેલો છું અને મૂળ મુદ્ધા ઉપર આવું સાહેબ. સિનિયર મંત્રી અમને રોકી રહેલા છે. એક સાહેબ, પોઇન્ટ ઓફ ઓર્ડરના ઉપર ચર્ચા થતી હોય જ્યારે પ્રદિપસિંહે જે

---

* (xxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

વાત કરી. પ્રદિપસિંહે વિસ્તારથી વાત કરી. અમે એના મુદ્દામાં વાત કરવા માગીએ છીએ. સુપ્રિમકોર્ટના (અંતરાય) સાહેબ મને રક્ષણ આપવું જોઇએ. (અંતરાય)

અધ્યક્ષશ્રી : ભરતભાઇ આપ બેસી જાવ. પ્લીઝ, બેસી જાવ.

શ્રી ઇકબાલ પટેલ : સુપ્રિમકોર્ટના વાક્યોને કવોટ કરીને જે વાત કરવામાં આવી છે ત્યારે મારે તો પોઇન્ટ ઓફ ઓર્ડર પર એટલું જ કહેવું છે.કે, આ પૂરક પ્રશ્નોમાં કેટલો વ્યાપ રાખવો જોઇએ, કેટલી વાત કરવા દેવી, એ માનનીય અધ્યક્ષશ્રીના ઉપર અવલંબિત છે. એ ટ્રેઝરી બેન્ચે નક્કી નથી કરવાનું. **They are not the deciding factor. Deciding factor is the Speaker. Speaker is the deciding factor.** અને આ નિયમોની ચોપડી હેઠળ, આપણે જ બનાવેલા નિયમો છે. જો વારંવાર શ્રી શકિતસિંહ ગોહિલ સાહેબને રોકવામાં આવ્યા, શ્રી અર્જુભાઇને રોકવામાં આવશે, આખરે તમે ડેમોક્રેશીમાં કરવા શું માગો ? મારો પ્રશ્ન એટલો જ છે માનનીય અધ્યક્ષશ્રી,

અધ્યક્ષશ્રી : આપના પોઇન્ટ ઓફ ઓર્ડર ઉપર જ વાત કરો.

શ્રી ઇકબાલ પટેલ : હું મારા પોઇન્ટ ઓફ ઓર્ડર ઉપર સ્પષ્ટ તમારી પાસેથી માર્ગદર્શન માગુ છું કે, માનનીય દિલીપભાઇએ જે પ્રશ્ન ઉપસ્થિત કરેલો છે એમાંથી વિરોધપક્ષને બોલવા દેવા કે નહીં? પહેલાં તો આપે નક્કી કરવાની છે મર્યાદા. વિધાનસભાના નિયમોનું પાલન કરવું કે કેમ ? એ આપે નક્કી કરવાનું છે અને દર વખતે માફી માગે, માફી માગે ,કેમ ગુજરાતની માફી માગતા નથી સાહેબ ?

અધ્યક્ષશ્રી : સીધા જ પોઇન્ટ ઓફ ઓર્ડર ઉપર વાત કરો. આપ પ્રવચન ના કરો, પ્લીઝ.

શ્રી ઇકબાલ પટેલ : કેમ ગુજરાતની માફી નથી માગતા? પ્રવચનનો સવાલ નથી સાહેબ. (અંતરાય)

અધ્યક્ષશ્રી : આપનો સ્પષ્ટ વિધાનસભાના નિયમો અનુસાર બંધારણની કઇ કલમોનો ભંગ થાય છે એના લગતો પોઇન્ટ ઓફ ઓર્ડર હોઇ શકે.

શ્રી ઇકબાલ પટેલ : ૮૯ હેઠળ કોઇ પણ તારાંકિત પ્રશ્નનનો જવાબ આપ્યા પછી જયારે આપ નામ પોકારો ત્યારે તે પરત્વે સ્પષ્ટતા મેળવાના સારું પૂરક પ્રશ્ન પૂછી શકાશે એનું વાયોલેશન છે અને વાયોલેશન થઇ રહ્યું છે એટલે બંધારણને બચાવવા, એસેમ્બ્લીને બચાવવા આપને હું વિનંતી કરું છું.

શ્રી દિલીપભાઇ સંઘાણી : ઇકબાલભાઇએ પોઇન્ટ ઓફ ઓર્ડરમાં ખૂબ લંબાણપૂર્વક, જે નિયમોથી પણ ઉપર જઇને એમની વાતો કરી છે. મારે માત્ર એમણે જે પોઇન્ટ ઓફ ઓર્ડર નિયમ-૮૯ ઉપર પૂરક પ્રશ્નો પૂછવાની રીત ઉપર જે લખ્યું છે. એમાં બીજી લીટીમાં, ક્ષઅપાઇ ચૂકેલા જવાબમાંની કોઇપણ હકીકત પરત્વે વધુ સ્પષ્ટતા મેળવવા સારું પૂરક પ્રશ્ન પૂછી શકાશે. જવાબ જે અપાયો હોય એમાંથી પૂરક પ્રશ્ન પૂછી શકાશે પરંતુ અધ્યક્ષને એમ લાગે કે કોઇપણ પૂરક પ્રશ્નનું સ્વરૂપ ઉલટ તપાસ જેવું છે અથવા પ્રશ્નોને લગતા નિયમોનું, પ્રશ્નને પૂછતા નિયમોનું ઉલ્લંઘન કરે છે તો અધ્યક્ષ નામંજૂર કરી શકશેક્ષ. માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રશ્નમાં તો ટ્રેઝરી બેન્ચ તરફથી ઉઠાવાય એવું નથી. નિયમોનો ભંગ થાય તો હાઉસના કોઇપણ સભ્ય પોઇન્ટ ઓફ ઓર્ડર ઉઠાવી શકે અને એ આપનું ધ્યાન દોરી શકે. એટલે માત્ર ટ્રેઝરી બેન્ચ તરફથી જ નહીં, હાઉસના તમામ સભ્યોને આ નિયમોનો ભંગ થતો હોય ત્યારે કોઇપણ સભ્ય ઉઠાવી શકે. જયારે આપે એક વખત સુચના આપી ફારૂકભાઇની પુનઃ હું રદ નહીં કરું એવો ઉલ્લેખ કર્યો એટલે મેં ફરી વખત આ સભાગૃહમાં અધ્યક્ષનું અવમાન ટ્રેઝરી બેન્ચ નહીં એ સન્નમાન કરવા માટે. વિપક્ષ વારંવાર અધ્યક્ષનું અવમાન કરવાના જે રીતે પ્રયત્નો કરી રહ્યા છે, જે એમની માનસિકતા છે, (અંતરાય) આ માનસિકતાને બળ ન મળે એટલા માટે આ પ્રશ્ન મેં ઉઠાવ્યો છે. નાની મોટી વાતના આક્ષેપ-પ્રતિઆક્ષેપ થાય એમાં ઉઠાવત નહીં પરંતુ અંદર અને બહાર, અધ્યક્ષ એક એવા સમાજમાંથી આવે છે એનું અવમાન કરીને ઉતારી પાડવાની કોંગ્રેસ પાર્ટીની જે માનસિકતા છે એ માનસિકતા ન ચલાવી લેવાય એટલા માટે આ ઉઠાવવો પડે છે. શા માટે અધ્યક્ષશ્રીનું અવમાન કરી રહ્યા છે એ સમજાતું નથી એટલા માટે ઉઠાવવો પડે છે. મહેરબાની કરીને અધ્યક્ષનું માન આપણે સૌ જાળવીએ એ હાઉસની ગરિમા જળવાશે.(અંતરાય)

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારા નામનો ઉલ્લેખ કરી અહીંયા વાત કરી છે

એટલા માટે હું સ્પષ્ટતા કરું કે, માનનીય અધ્યક્ષશ્રી મેં એમ કહ્યું છે અને હજુ હું એમ માનું છું, અંગત રીતે કે દેશમાંથી ગરીબી, બેરોજગારી અને નિરક્ષરતાને દૂર કરવી હોય,દેશના તમામ નાગિરકો, ૧૨૧ કરોડને સુખી કરવા હોય તો કુટુંબ નિયોજન અપનાવવું તમામ માટે જરૂરી છે. ભારત સરકાર તેમજ રાજય સરકારો દાયકાઓથી કુટુંબ નિયોજન, નસબંધીનો પ્રચાર અને પ્રસાર કરે છે, દરેકને વિનંતી કરે છે કે, આપણે વસ્તી વધારો નિયંત્રીત કરીએ અને એના માટે મેં જનરલ કહ્યું છે. મેં કોઇ ધર્મ માટે, કોઇ વર્ગ માટે, કોઇ સમાજ માટે કે કોઇ જ્ઞાતિ માટે નથી કહ્યું. હજુ પણ મારું અંગત રીતે (અંતરાય)અંતરાય .. અર્જુનભાઇ સાંભળો હજી ફરી કહુ છું. અંતરાય.

અધ્યક્ષશ્રી : અર્જુનભાઇ પ્લીઝ આપને હું તક આપુ છું.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : સાહેબ મારા અંગત વિચારો છે, હું હજી કહુ છું કે દેશને સુખી કરવો હોય, ગરીબી કાઢવી હોય, નિરક્ષરતા કાઢવી હોય, બેરોજગારી કાઢવી હોય તો દેશની વસ્તીને નિયંત્રણમાં રાખવી પડશે. વસ્તી વધારો અટકાવવો પડશે અને કટોકટીમાં તમારી સરકારોએ મુસલમાનોના ફરજીયાત ઓપરેશન કર્યા હતા, તમે ભૂલી ગયા? તમે શેના ઉપર અમારા ઉપર આક્ષેપ કરો છો? ..અંતરાય ..

અધ્યક્ષશ્રી : હવે ખૂબ ચર્ચાઓ થઇ ગઇ છે, હવે ચર્ચા ના કરીએ. પ્લીઝ.. અર્જુનભાઇ આપ લાસ્ટ.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા : માનનીય અધ્યક્ષશ્રી, ફરીથી હું દિલીપભાઇનો આભાર માનીશ કે ફરી પાછો એ મુદ્દો લઇ આવ્યા. કે પેટા પ્રશ્ન કેવી રીતે પૂછી શકાય અને આ *(xxxx) એવો શબ્દ પ્રયોગ ભાઇ ફારુકભાઇએ કરેલો અને આ શબ્દપ્રયોગ અસંસદીય નથી. આપણે વારંવાર કરી શકીએ. આ સરકાર પ્રજા વિરોધી છે એ શબ્દ પ્રયોગ પણ વારંવાર કરી શકીએ. વાત એટલી જ છે કે જયારે પણ પ્રશ્નોત્તરી કાળ હોય એ દરમ્યાન અભિનંદન આપી શકાય નહીં, આભાર માની શકાય નહીં.

અધ્યક્ષશ્રી : આપે અગાઉ આ જ ચર્ચા કરી હતી રીપીટ કરો છો.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા : હું રીપીટ કરું છું સાહેબ.

અધ્યક્ષશ્રી : નહીં નહીં પણ ..

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા : હું રીપીટ કરુ છું.

અધ્યક્ષશ્રી : આપ બધી વાત અત્યારે જ કહી ચૂકયા છો. પણ આપની પાસે કોઇ નવો વિષય હોય તો કહો.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા : સાહેબ પણ મારી વાત તો હજી સાંભળો. મેં એમ પણ કીધું છે કે રીપીટ કરું છું. આખું ભાષણ પ્રદિપસિંહ ભાઇએ કર્યુ એમાં વાંધો નહીં. હું તો માત્ર આ મુદ્દા ઉપર બોલું છું.

અધ્યક્ષશ્રી : એમાં કયાંય કોઇ શબ્દો રીપીટ નથી થયા.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા : એ તો ભાષણ કર્યુ સાહેબ આખું. અંતરાય..

અધ્યક્ષશ્રી : આપને હું રોકતો નથી મારું એટલું જ કહેવું છે કે આપ અગાઉ બોલી ચૂકયા એ શબ્દો ફરીથી ના બોલો.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા : એટલે એ નહીં કરવું જોઇએ આપે અગાઉ સૂચના આપી છે. આપે ફરી પાછી સૂચના આપવી જોઇએ કે આભાર, અભિનંદન ક્રીટીસીઝમ નહીં થવું જોઇએ નંબર-વન અને માનનીય નીતિનભાઇ, માનનીય લઘુમતીના સંદર્ભમાં જ, લઘુમતી એટલે જૈન, શીખ, બૌદ્ધ, ક્રીશ્ચિયન અને મુસ્લિમ, એના માટે ફારુકભાઇને એમણે સ્પષ્ટ કહ્યું કે તમે વસ્તી વધારો બંધ કરો. ચોકકસ સમૂદાયને સંબોધીને એમણે વાત કરેલી હતી. (અંતરાય) અને છતાં આપ દેશની વસ્તીની ચિંતા કરો છો તો ગુજરાતમાં વસ્તી વધારો રોકવાની અંદર આપની સરકાર નિષ્ફળ ગઇ છે, આપ છેવાડાના રાજયમાં આવો છો. મારી વાત એટલી જ છે કે આ સરકારની માનસિકતા આ પ્રશ્નમાં ખુલ્લી કરવા માંગતા હતા એ થઇ છે એમાં કોઇ નવી વસ્તુ નથી. હા આપ ચોકકસપણે દરેક વખતે બધા સભ્યોને જયારે ક્રીટીસીઝમ કરતા હોય અથવા તો

* (xxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

જયારે આભાર, અભિનંદન આપતા હોય ત્યારે આપ રોકો એવી મારી પણ આપને વિનંતી છે કે જેથી ગૃહ ઓર્ડરમાં ચાલે.

શ્રી વજુભાઇ રૂ. વાળા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય અર્જુનભાઇએ જે વાત કરી એમાં મારે એટલું જ કહેવાનું છે કે આ સરકાર છે એ ગરીબ વિરોધી છે, પ્રજા વિરોધી છે એમ કહી શકે પણ કોઇ ધર્મ, કોઇ જ્ઞાતિ, કે કોઇ જાતિ છે એના વિરોધી છે એમ ન કહી શકે. લઘુમતી કોમ એ ધર્મ આધારિત છે પછી જૈન ધર્મ હોય, મુસ્લિમ ધર્મ હોય, શીખ ધર્મ હોય એટલે ધર્મની બાકી ટીકા ના થઇ શકે. સરકાર ગરીબ વિરોધી છે .. અંતરાય ..

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા : આદિવાસી વિરોધી છે એમ કહી શકાય.

શ્રી વજુભાઇ રૂ. વાળા : એમ તો તમે પણ બધા અમારા વિરોધી છો જ ને? પણ અમે કયાં બોલીએ છીએ? અમે કયાં ના પાડીએ છીએ એમાં. એ હકીકત છે પણ માનનીય અધ્યક્ષશ્રી, આવી રીતે એ વાત છે એ ના થઇ શકે. જે પોઇન્ટ ઓફ ઓર્ડર ઉઠાવ્યો છે દિલીપભાઇએ અને એમણે કહયા પછી આપે કીધું જે શબ્દો તમારા પાછા ખેંચો તો કહે કે ના ના હું તો બોલીશજ. હું કહુ છું એ સાચું છે એમ કહીને એમણે કહયું છે એટલા માટે આ બધો પ્રશ્ન ઉભો થયો છે. આ શબ્દો આપ રેકોર્ડ ઉપરથી જોઇ લેજો. અને જોયા પછી કરજો. અત્યારે માનનીય અધ્યક્ષશ્રી, આમને આમ ચર્ચા લંબાવવાને બદલે આગળની કાર્યવાહી શરુ થાય એવી હું આપને વિનંતી કરુ છું.

અધ્યક્ષશ્રી : માનનીય સંસદીય મંત્રીશ્રી દિલીપભાઇએ જે પોઇન્ટ ઓફ ઓર્ડર ઉભો કર્યો છે. એના મૂળમાં જઇએ તો પ્રશ્ન ક્રમાંક ૭ ફારૂકભાઇના પ્રશ્નમાંથી આ સમગ્ર પોઇન્ટ ઓફ ઓર્ડર ઉભો થયો છે. તેમાં ૩-૪ વિષયના આપણે બધાએ પોતપોતાના વિચારો ખૂબ જ ગંભીરતાથી રજૂ કર્યા છે. કોઇએ જ્ઞાતિનું અપમાન, સુપ્રિમ કોર્ટે શું કહ્યું, મૂળ પ્રશ્નમાંથી પૂરક પ્રશ્ન કેવો હોવો જોઇએ. આ તમામ બાબતોની ચર્ચા અર્જુનભાઇએ, ઇકબાલભાઇએ, નીતિનભાઇએ, વજુભાઇ આ તમામ લોકોએ કરી છે. હું એનો નિર્ણય સંપૂર્ણ રેકોર્ડ આધારિત જોઇને હવે પછી ગૃહને જણાવીશ. નેકસ્ટ.

# પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન
# ( બીજો અને છેલ્લો દિવસ )

### પૂરક માગણી ક્રમાંક : ૩૯
### આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ

**શ્રી વજુભાઇ રૂ. વાળા (નાણા મંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું તબીબી અને જાહેર આરોગ્ય સેવાને લગતી આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની મહેસૂલ ખર્ચ માટેની રૂ. ૭૮,૯૨,૪૧,૦૦૦/- તથા મૂડી ખર્ચ માટેની રૂ. ૨૪,૮૭,૯૬,૦૦૦/-ની પૂરક માગણી ક્રમાંક-૩૯ રજૂ કરું છું.

**પૂરક માગણી ક્રમાંક-૩૯ રજૂ કરવામાં આવી.**

**શ્રી અમરસિંહ રા. વસાવા :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૧ રજૂ કરવામાં આવી.**

**શ્રી લાલસિંહ ઉ. વડોદીયા :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૨ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૨ રજૂ કરવામાં આવી.**

**શ્રી બાબુભાઇ મે. શાહ :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૩ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૩ રજૂ કરવામાં આવી.**

**શ્રી બાવકુભાઇ ના. ઉંધાડ :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૪ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૪ રજૂ કરવામાં આવી.**

**શ્રી શૈલેષ મ. પરમાર :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૫ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક–૫ રજૂ કરવામાં આવી.**

**પૂરક માગણી ક્રમાંક : ૫૭**

**શ્રમ અને રોજગાર વિભાગ**

**શ્રી વજુભાઇ રૂ. વાળા (નાણા મંત્રીશ્રી):** માનનીય અધ્યક્ષશ્રી, હું શ્રમ અને રોજગાર સેવાને લગતી શ્રમ અને રોજગાર વિભાગની મહેસૂલ ખર્ચ માટેની રૂ. ૧૯,૩૦,૬૬,૦૦૦/– ની પૂરક માગણી ક્રમાંક–૫૭ રજૂ કરું છું.

**પૂરક માગણી ક્રમાંક–૫૭ રજૂ કરવામાં આવી.**

**શ્રી મણીભાઇ દે. પટેલ :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૬ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક–૬ રજૂ કરવામાં આવી.**

**શ્રી જીતુભાઇ હ. ચૌધરી :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૭ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક–૭ રજૂ કરવામાં આવી.**

**શ્રી જોધાજી ગુ. ઠાકોર :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૮ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક–૮ રજૂ કરવામાં આવી.**

**પૂરક માગણી ક્રમાંક : ૭૦**

**પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ**

**શ્રી વજુભાઇ રૂ. વાળા (નાણા મંત્રીશ્રી):** માનનીય અધ્યક્ષશ્રી, હું સમૂહ વિકાસ સેવાને લગતી પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગની મહેસૂલ ખર્ચ માટેની રૂ. ૭૪,૨૭,૦૨,૦૦૦/– ની પૂરક માગણી ક્રમાંક–૭૦ રજૂ કરું છું.

**પૂરક માગણી ક્રમાંક–૭૦ રજૂ કરવામાં આવી.**

**ડૉ. અનિલ જોષીયારા :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૯ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક–૯ રજૂ કરવામાં આવી.**

**શ્રી બચુભાઇ ના.કિશોરી :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૦ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક–૧૦ રજૂ કરવામાં આવી.**

**શ્રી કિરણકુમાર લ. મકવાણા :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૧ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક–૧૧ રજૂ કરવામાં આવી.**

**શ્રી મહેન્દ્રસિંહ શં. વાઘેલા :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૨ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક–૧૨ રજૂ કરવામાં આવી.**

**શ્રી છનાભાઇ કો. ચૌધરી :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૩ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક–૧૩ રજૂ કરવામાં આવી.**

**શ્રી કુંવરજીભાઇ ન. હળપતિ :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૪ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક–૧૪ રજૂ કરવામાં આવી.**

**પૂરક માગણી ક્રમાંક : ૮૭**

**માર્ગ અને મકાન વિભાગ**

**શ્રી વજુભાઇ રૂ. વાળા (નાણા મંત્રીશ્રી):** માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત પાટનગર બાંધકામ યોજના સેવાને લગતી માર્ગ અને મકાન વિભાગની મહેસૂલ ખર્ચ માટેની રૂ. ૨,૨૯,૧૭,૦૦૦/– તથા મૂડી ખર્ચ માટેની રૂ. ૬,૧૮,૦૦,૦૦૦/–ની પૂરક માગણી ક્રમાંક–૮૭ રજૂ કરું છું.

**પૂરક માગણી ક્રમાંક–૮૭ રજૂ કરવામાં આવી.**

**શ્રી ખુમાનસિંહ રા. ચૌહાણ :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૫ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક–૧૫ રજૂ કરવામાં આવી.**

**ડૉ. અનિલ જોષીયારા :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૬ રજૂ કરું છું.

તા.૫ મી માર્ચ, ૨૦૧૨
પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન ( બીજો અને છેલ્લો દિવસ )

**કાપ દરખાસ્ત ક્રમાંક-૧૬ રજૂ કરવામાં આવી.**

**પૂરક માગણી ક્રમાંક : ૯૨**

**સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ**

**શ્રી વજુભાઇ રૂ. વાળા (નાણા મંત્રીશ્રી)**: માનનીય અધ્યક્ષશ્રી, હું સામાજિક સુરક્ષા અને કલ્યાણ સેવાને લગતી સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગની મહેસૂલ ખર્ચ માટેની રૂ. ૧૫,૪૫,૨૧,૦૦૦/- ની પૂરક માગણી ક્રમાંક-૯૨ રજૂ કરું છું.

**પૂરક માગણી ક્રમાંક-૯૨ રજૂ કરવામાં આવી.**

**શ્રી ગ્યાસુદીન હ. શેખ :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૭ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૧૭ રજૂ કરવામાં આવી.**

**શ્રી ઇકબાલ પટેલ :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૮ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૧૮ રજૂ કરવામાં આવી.**

**શ્રી અમિતકુમાર અ. ચાવડા :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૯ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૧૯ રજૂ કરવામાં આવી.**

**શ્રી અશ્વિન કોટવાલ :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૨૦ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૨૦ રજૂ કરવામાં આવી.**

**સન ૨૦૧૧-૨૦૧૨ના વર્ષના અનુદાનો માટેની માગણીઓમાંની મંગળવાર, તા. ૫ માર્ચ, ૨૦૧૨ (બીજો અને છેલ્લો દિવસ)ના રોજ ચર્ચા અને મતદાન માટે લેવાનાર માગણીઓ ઉપરની કાપદરખાસ્તોની એકત્રિતત યાદી.**

| અ.નં | મુખ્ય સદર અને સંદર્ભ | કાપ દરખાસ્ત | વિષય | પ્રભારી સભ્યશ્રી |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| | | | **સામાન્ય વહીવટ વિભાગ** | |
| ૧. | ૨૨૧૦-તબીબી... આરોગ્ય<br>૦૧-શહેરી<br>૦૦૧-નિદેશ અને વહીવટ<br>૦૧ આરોગ્ય... કચેરી<br>રૂ. ૪૩,૬૫,૦૦૦<br>અં.પ્ર.નં. ૯<br>પૂરક પત્રક પા.નં.૭૪ | ૧૦૦ | રાજયના શહેરી વિસ્તારમાં આવેલા સરકારી દવાખાનાઓમાં દવાઓના અપૂરતા જથ્થાને કારણે દર્દીઓને પડતી હાડમારીઓ નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી અમરસિંહ વસાવા |
| ૨. | — " — | ૧૦૦ | આરોગ્ય સેવાઓની કચેરીઓમાં સંવર્ગવાર ખાલી પડેલી જગ્યાઓ ન ભરાવાથી આમજનતાને પડતી હાડમારીઓ નિવારવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી લાલસિંહ વડોદિયા) |
| ૩. | — " — | ૧૦૦ | શહેરી વિસ્તારોમાં આવેલા સરકારી દવાખાનાઓમાં ડૉકટરોની ઘટના કારણે દર્દીઓને પડતી હાડમારીઓ નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી બાબુભાઇ શાહ |
| ૪. | ૨૨૧૦-તબીબી... આરોગ્ય<br>૦૧-શહેરી... એલોપથી<br>૧૦૨-કામદાર... યોજના<br>૦૧-કામદાર... કચેરી<br>રૂ. ૧૨,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૯<br>પા.નં.૭૪ | ૧૦૦ | કામદાર રાજય વીમા યોજનાના દવાખાનાઓમાં જરૂરી સ્ટાફ અને લગવડ પૂરાં પાડવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી બાવકુભાઇ ઉંઘાડ |
| ૫. | — " — | ૧૦૦ | કામદાર રાજય વીમા યોજના હેઠળ કામદારોને સારવારની અદ્યતન સુવિધાઓ પુરી પાડવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી શૈલેષ પરમાર |

| | | | | |
|---|---|---|---|---|
| **શ્રમ અને રોજગાર વિભાગ**<br><br>**માગણી નં. ૫૭** | | | | |
| ૬. | ૨૨૩૦–શ્રમ અને રોજગાર<br>૦૧–શ્રમ<br>૦૦૧–નિદેશ અને વહીવટ<br>૦૧–એલબીઆર–૧ શ્રમ આયુકત<br>રૂ. ૩૯,૧૪,૦૦૦<br>પૂરક પત્રક પા.નં.૧૦૫ | ૧૦૦ | શ્રમ આયુકતની કચેરીમાં અપૂરતા સ્ટાફના કારણે શ્રમિકોના પ્રશ્નો હલ કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી મણીભાઇ પટેલ |
| ૭. | ૨૨૩૦–શ્રમ અને રોજગાર<br>૦૧–રોજગાર<br>૦૦૧–નિદેશ અને વહીવટ<br>(૦૧)–રોજગાર સેવા અને વિસ્તરણ<br>રૂ. ૬૮,૦૯,૦૦૦<br>પૂરક પત્રક પા.નં.૧૦૫–૧૦૬ | ૧૦૦ | રોજગાર વિનિમય કચેરીઓમાં લાંબા સમયથી નોંધાયેલા બેરોજગારોને નોકરીઓમાં આપવવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી જીતુભાઇ ચૌધરી |
| ૮. | — " — | ૧૦૦ | રોજગાર વિનિમય કચેરીઓ પાછળ થતા વ્યાપક ખર્ચાઓના પ્રમાણમાં રોજગારીની તકો પૂરી પાડવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી જોઘાજી ઠાકોર |
| **પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ**<br><br>**માગણી નં. ૭૦** | | | | |
| ૯. | ૨૫૧૫–અન્ય... કાર્યક્રમો<br>૦૦૩–તાલીમ<br>૦૧–સીડીપી ૨–સમુહ... તાલીમ<br>રૂ. ૧૩,૭૬,૦૦૦<br>પૂરક પત્રક પા.નં.૧૭૫ | ૧૦૦ | સમૂહ વિકાસ કાર્યક્રમ હેઠળ તાલીમબદ્ઘ કર્મચારીઓ હોવા છતાં વિકાસના કામોમાં થતો અસહ્ય વિલંબ નિવારવામાં તંત્રની ઉદાસીનતા | ર્ડા.અનિલભાઇ જોષીયારા |
| ૧૦. | — " — | ૧૦૦ | સમૂહ વિકાસ કાર્યક્રમના કર્મચારીઓને સમયસર તાલીમ આપવામાં અને યોગ્ય માર્ગદર્શન આપવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી બચુભાઇ કિશોરી |
| ૧૧. | ૨૫૧૫– અન્ય... કાર્યક્રમો<br>૧૦૧–પંચાયતી<br>૦૧–રાષ્ટ્રીય.... સહાય<br>રૂ. ૯,૭૫,૦૦,૦૦૦<br>પૂરક પત્રક પા.નં.૧૭૫ | ૧૦૦ | ગ્રામ પંચાયતોની કચેરીમાં પંચાયત મંત્રીઓની સમયસરની હાજરી નિયમિત કરવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી કિરણકુમાર મકવાણા |
| ૧૨. | — " — | ૧૦૦ | પંચાયતોને મળતી સહાયની રકમનો પૂરતો ખર્ચ કરવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી મહેન્દ્રસિંહ વાઘેલા |
| ૧૩. | ૨૫૧૫– અન્ય... કાર્યક્રમો<br>૮૦૦– અન્ય ખર્ચ<br>૦૨– ગ્રામ... વર્ગ<br>રૂ. ૨,૦૦,૦૦૦<br>પૂરક પત્રક પા.નં.૧૭૫–૧૭૬ | ૧૦૦ | અરજદારોના કામના નિકાલમાં ગ્રામ પંચાયતો ધ્વારા થતો વિલંબ નિવારવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી છનાભાઇ ચૌધરી |
| ૧૪. | ૨૫૧૫– અન્ય... કાર્યક્રમો<br>૮૦૦– અન્ય ખર્ચ<br>૦૨– ગ્રામ... વર્ગ<br>રૂ. ૨,૦૦,૦૦૦<br>પૂરક પત્રક પા.નં.૧૭૫–૧૭૬ | ૧૦૦ | ગ્રામ પંચાયતોના ચૂંટાયેલા પ્રતિનિધિઓને વહીવટ સોંપવામાં થતી સરકારી દખલગીરી નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી કુંવરજીભાઇ હળપતિ |
| **માર્ગ અને મકાન વિભાગ**<br>**માગણી નં. ૮૭** | | | | |
| ૧૫. | ૪૨૧૭–શહેરી વિકાસ<br>૦૧–રાજય... વિકાસ<br>૮૦૦–અન્ય ખર્ચ<br>૦૨–યુડીપી ૩૧, શહેરી... વિભાગ<br>રૂ. ૬,૧૮,૦૦,૦૦૦<br>પા. નં. ૨૨૩ | ૧૦૦ | પાટનગરમાં પીવાના પાણીની કાયમી સમસ્યા દૂર કરી એક જ સરખા સમયે તમામ સેકટરોમાં પાણી મળે તેવું આયોજન કરવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી ખુમાનસિંહ ચૌહાણ |
| ૧૬. | — " — | ૧૦૦ | પાટનગરના વિકાસમાં નડતરરૂપ સમસ્યાઓનો ઉકેલ લાવવામાં થતો વિલંબ નિવારવામાં તંત્રની | ર્ડા. અનિલભાઇ જોષીયારા |

| | | | | |
|---|---|---|---|---|
| | | | ઉદાસીનતા | |
| **સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ**<br>**માગણી નં. ૯૨** | | | | |
| ૧૭. | ૨૨૨૫–અનુસૂચિત... કલ્યાણ<br>૨૭૭–શિક્ષણ<br>૨૯–બીસીકે.૮૧(એ)લઘુમતી... શિષ્યવૃત્તિ<br>રૂ.૩,૯૯,૪૭,૦૦૦<br>પૂરક પત્રક પા.નં. ૨૩૮ | ૧૦૦ | લઘુમતીના વિદ્યાર્થીઓને ભારત સરકારની શિષ્યવૃત્તિની રકમની ચૂ(વણીમાં રાખવામાં આવતું પક્ષપાતી વલણ નિવારવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી ગ્યાસુદ્દીન શેખ |
| ૧૮. | — “ — | ૧૦૦ | લઘુમતીના વિદ્યાર્થીઓને એસ.એસ.સી. પછીની શિષ્યવૃત્તિ સહાય ચૂકવવામાં થતો વિલંબ નિવારવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી ઇકબાલભાઇ પટેલ |
| ૧૯. | ૨૨૩૫–સામાજિક... કલ્યાણ<br>૦૨–સમાજ કલ્યાણ<br>૦૦૧–નિદેશ અને વહીવટ<br>૦૧–એસસીડબ્લયુ(૧)સમાજ. કચેરી<br>રૂ. ૮૨,૭૧,૦૦૦<br>અં.પ્ર.નં.૧૪<br>પાના નં. ૨૩૯ | ૧૦૦ | સમાજ સુરક્ષા નિયામકની કચેરીના કથળેલા વહીવટને સંગીન બનાવવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી અમીતકુમાર ચાવડા |
| ૨૦. | — “ — | ૧૦૦ | કચેરીમાં લાંબા સમયથી એક જ જગ્યાએ ફરજ બજાવતા અધિકારી/કર્મચારીને અન્યત્ર ન બદલતા તેમજ પૂરતા સ્ટાફના અભાવે વહીવટી કામગીરી ઉપર થતી વિપરીત અસર નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી શ્રી અશ્વિન કોટવાલ |

# અધ્યક્ષશ્રીની જાહેરાત

## પૂરક માગણીઓની ચર્ચા અને મતદાન પરની ચર્ચાની મર્યાદા અંગે

**અધ્યક્ષશ્રી :** પૂરક માગણીઓ પરની ચર્ચા અને મતદાન માટે આજે બીજો અને છેલ્લો દિવસ છે. સભાગૃહની આજની આ બેઠકનો સમય બપોરના ૧૨.૦૦ થી સાંજના ૫.૧૫ વાગ્યા સુધીનો છે. ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ–૨૩૪(૪) મુજબ પૂરક માગણીઓની ચર્ચાના છેલ્લા દિવસે સભાગૃહની બેઠક મુલતવી રાખવાના એક કલાક પહેલાં પૂરક માગણીઓ પરની સઘળી ચર્ચાઓ પૂરી કરવાની થાય. તદઅનુસાર જે પૂરક માગણીઓ પર ચર્ચા ચાલતી હોય તે અને બાકીની બધી પૂરક માગણીઓ સભાગૃહના મત માટે રજૂ કરવામાં આવશે. ડો.નીમાબેન.

**ડો. નીમાબેન ભા. આચાર્ય(અંજાર) :** માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણાંમંત્રીશ્રી જે માગણી ક્રમાંક.૩૯ લઇને આવ્યા છે તેના વિશે થોડોક પ્રકાશ પાડવા માગું છું. માનનીય અધ્યક્ષશ્રી, આ પૂરક માગણી પૈકી આયોજન ૨૪.૮૮ કરોડ અને આયોજન બહાર ૭૮.૮૯ કરોડ. આ પૂરક માગણીઓ લાવવા માટેની જરૂરિયાત જે પડી છે તે બાબતે હું ખાસ પ્રકાશ પાડવા માગું છું આપણા આરોગ્ય અને જાહેર આરોગ્યમાં તબીબી સેવા માટેનો વિભાગ છે તે વિભાગ દ્વારા ઘણા બધા કાર્યો કરવામાં આવી રહ્યા છે. રાજ્ય સરકારે એક સંકલ્પ લીધો કે છેવાડાના માનવી સુધી, જરૂરતમંદ લોકો સુધી પૂરેપૂરી સારવાર તે લોકોને પ્રાપ્ત થવી જોઇએ. તે સંકલ્પ સાથે છેલ્લા દસ વર્ષમાં ઘણા બધા અપગ્રેડેશન આરોગ્ય વિભાગમાં કરવામાં આવ્યા. સૌથી પહેલું ઉત્તમમાં ઉત્તમ કાર્ય જો કર્યુ હોય તો મારી દૃષ્ટિએ એન.એ.બી.એચ. હેઠળ જે બધી હોસ્પિટલોનું અપગ્રેડેશન કરવામાં આવ્યું અને તેના પરિણામે તમામ હોસ્પિટલોમાં પૂરતા સાધનો, સુવિધાઓ, મકાનની સવલતો, પૂરતો મેડિકલ સ્ટાફ, પેરામેડિકલ સ્ટાફ આ બધા જ ફેક્ટરોને તેની અંદર ધ્યાને લેવામાં આવ્યા અને તે પ્રમાણે બધી હોસ્પિટલોનું અપગ્રેડેશન કરવામાં આવ્યું.જેના લીધે

ગુણવત્તાસભર સારવાર તે હોસ્પિટલોમાં ઉપલબ્ધ થઇ. જેને પરિણામે સાડાત્રણ કરોડ લોકોએ આ હોસ્પિટલોમાં સારવાર લીધી.

માનનીય અધ્યક્ષશ્રી, આપણા ૨૬૭ તાલુકા છે. ૧૮ હજાર ગામડાંઓ છે. આ બધા જ માણસોને, બધા જ લોકોને સારામાં સારી સારવાર પ્રાપ્ત થાય તે બાબતની તબીબી સારવારનો વ્યાપ વધારવામાં આવ્યો છે. સૌથી પહેલાં તો ખૂબ સારું જે કામ થયું, આશીર્વાદરૂપ જે કામ થયું તે ચિરંજીવી યોજના અને બાલસખા યોજના અમલમાં મૂકવામાં આવી. આ ચિરંજીવી યોજના દ્વારા ૧૦ લાખથી પણ વધારે મહિલાઓએ ઇન્સ્ટીટયુશનલ ડીલીવરી કરાવી. આ ઇન્સ્ટીટયુશનલ ડીલીવરીના પરિણામે આ મહિલાઓમાં જે માતૃ મૃત્યુદર હતો તેમાં ઘણોબધો ઘટાડો થયો. એ જ પ્રમાણે તેની સાથેસાથે બાલસખા યોજના મૂકવામાં આવી. જેનાથી નીયોનેટલ ડેથનું પ્રમાણ હતું એમાં પણ ઘણો બધો ઘટાડો થયો અને આશરે બે લાખ દશ હજાર બાળકોએ આ બાળસખા યોજના હેઠળ સારવાર લીધી એટલે બાળકો અને માતાઓના પૂરતી સારવાર માટેના તમામ આયાનો આ રાજય સરકારે પૂરા પાડ્યાં છે તે ઉપરાંત શાળા આરોગ્ય પરીક્ષણ જેવી સુંદર યોજના મૂકવામાં આવી, બાળકોને શું બિમારી છે એની ઘણી વખત એનાં માબાપને પણ ખબર ના હોય પણ રેગ્યુલર શાળા આરોગ્ય પરીક્ષણ કરીને એક કરોડને ચાલીસ લાખ બાળકોની તપાસ કરવામાં આવી અને એમાંથી એક લાખ ચાલીસ હજાર બાળકો એવાં હતાં કે એમને ચશ્માની જરૂર હતી અને વિના મૂલ્યે આ બાળકોને ચશ્મા આપવામાં આવ્યાં અને આ બાળકો ખૂબ સારી રીતે અભ્યાસ કરતાં થયાં તે ઉપરાંત હૃદય, કિડની અને કેન્સર જેવી જીવલેણ બિમારીઓ, ખર્ચાળ બિમારીઓ, ગરીબ માણસ આરોગ્યની સારવાર કરાવી ન શકે એવાં દર્દોની અંદર પણ ૪૪૩ જેટલાં બાળકોને વિનામૂલ્યે સારવાર આપવામાં આવી. રાજય સરકારે બાળકોની પણ ખૂબ ખેવના કરી છે અને ગરીબ દર્દીઓ કે જે લોકો આ બધી મોંઘી સારવાર માટે તેઓની પાસે પૈસા ન હોય ત્યારે મુખ્ય મંત્રીશ્રી ફંડની અંદરથી પણ આવા દર્દીઓને રાહતરૂપે એ ફંડ ફાળવવામાં આવ્યું અને એની ખરેખર વાત કરું તો એ દર્દીઓને એમની હોસ્પિટલમાં અરજી કર્યા પછી તાત્કાલિક મુખ્ય મંત્રીશ્રીના ફંડમાંથી ચેક એ હોસ્પિટલની અંદર જમા થઇ જતો હોય છે અને દર્દીઓના સગાવહાલાઓને બિલકુલ ક્યાંય ધક્કા ખાવા નથી પડતા આવી સુવિધાઓ પણ કરવામાં આવી છે અને આપને હું કહીશ કે ૧૦૮ની જે સેવા કરવામાં આવી, એ એટલી સુંદર સેવા કરવામાં આવી કે જેને પરિણામે લાખ્ખો દર્દીઓના જીવ આપણે બચાવી શક્યા, સમયસર એ લોકોને સારવાર સારામાં સારી સારવાર આપી શક્યા. આજે અકસ્માતની અંદર એંસી હજારથી વધારે લોકોના જીવ જાય છે ત્યારે ૫ ટ્રોમા સેન્ટરો પણ રાજય સરકારે ઉભા કર્યા અને હોસ્પિટલોને સાધન-સહાયથી સજ્જ કરી, નિષ્ણાતોની સેવા પૂરી પાડવામાં આવી કે અકસ્માતના દર્દીને દૂર સુધી ખસેડવામાં જે સમય વ્યય થતો હોય છે એ ન થાય, સમયસર એને નજીકની હોસ્પિટલમાં સારવાર સારામાં સારી મળી શકે એ માટે પણ આ ૫ ટ્રોમા સેન્ટરો પણ ઉભાં કરવામાં આવ્યાં છે. આજે રાજયમાં આ ૧૦૮ એમ્બ્યુલન્સો ૫૦૬ છે અને તેની સફળતા બાદ જે સીરીયસ દર્દી હોય એના માટે રાજય સરકારે ૨૪ જિલ્લાઓમાં આઇસીયુ ઓન વ્હીલ એમ્બ્યુલન્સ મૂકવામાં આવી કે જેની અંદર સંપૂર્ણ ઇમરજન્સી સારવાર માટેની આઇસીયુ જેવી જ સુવિધા હોય કે જેથી દર્દીને શીફ્ટ કરવામાં કોઇ સમય બગડે નહીં અને પૂરેપૂરી સારવાર એને સમયસર એમ્બ્યુલન્સ મળી જાય એટલા માટે ૨૪ જિલ્લાઓમાં આ એમ્બ્યુલન્સો મૂકવામાં આવી અને મારા ગાંધીધામની અંદર પણ આવી એક આઇસીયુ ઓન વ્હીલ એમ્બ્યુલન્સ આપવામાં આવી છે એ માટે હું રાજય સરકારનો આભાર માનું છું અને હેલ્થ મિનિસ્ટરશ્રીને ખૂબ ખૂબ અભિનંદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, તે ઉપરાંત આ તબીબી સારવાર સારી મળે તેના માટે એક તબીબી સેવાઓ માટે ડોક્ટરોની જરૂર પડે, મેડીકલ સ્ટાફ, પેરામેડીકલ સ્ટાફ, અને અન્ય સુવિધાઓની જરૂર પડતી હોય છે અને એના માટે રાજય સરકારે એક હજાર મેડીકલ સીટો ડોક્ટરોની વધારી અને એની સુવિધાઓ કરાવી, તે ઉપરાંત નર્સીંગ કોલેજો કરી, લેબોરેટરી ટેકનીશીયનો, ડેન્ટલ ટેકનીશીયનો, નર્સીંગ આસીસ્ટન્ટો, ફીજીયોથેરાપી કોલેજો, ડેન્ટલ કોલેજો, આયુર્વેદિક કોલેજો આ બધી જ સુવિધાઓ વધારી, અને વધુમાં વધુ વ્યાપ વધે, પૂરેપૂરી સુવિધાઓ વધે એ પ્રમાણેનું આયોજન રાજય સરકારે ગોઠવ્યું છે ત્યારે હું કહીશ કે જે રીતે

આરોગ્યની સેવાઓ પૂરી પાડવામાં આવી રહી છે તે રીતે વર્લ્ડ બેંકે જૂન, ૨૦૦૪માં જયારે સર્વે કર્યો એ સર્વેની અંદર આરોગ્યની સેવાઓની ઉપલબ્ધતા , ઉપયોગીતા, વિશ્વસનીયતા અને લાભાર્થીઓને સંતોષ આ બધી બાબતોને ધ્યાને લઇને જે સરવે કર્યો તેમાં એમણે જણાવેલ છે કે, મોટા ભાગના રાજયોમાં ગુજરાત આરોગ્યની સેવામાં પ્રથમ ક્રમે આવે છે. આ જાતનું સરવે છે ત્યારે માનનીય અધ્યક્ષશ્રી, આપણે ૨૪ જિલ્લા કક્ષાની હોસ્પિટલો, ૨૮ તાલુકા કક્ષાની હોસ્પિટલો, ૪ મેન્ટલ હોસ્પિટલો, બે આંખની હોસ્પિટલો, અને ચેપી રોગની હોસ્પિટલો તથા અન્ય હોસ્પિટલો અને ૬૦ દવાખાના કાર્યરત છે અને આ બધી જગ્યાએ લગભગ ૮૦૦૦ જેટલી ઈનડોર ફેસેલિટી પણ કરવામાં આવી છે ત્યારે આ જે પૂરક માગણીઓ લઇને આવ્યા છે તેના માટે હું કહીશ કે આ પૂરક માગણીઓ તે હોસ્પિટલોની બિલ્ડીંગો માટે, તેને વાહનો પૂરાં પાડવા માટે, એમાં આરોગ્યની સેવાની કચેરીઓ હોય એને અદ્યતન બનાવવા માટે એ સિવાય જે કોઇ સાધન સામગ્રી આપવાની હોય હોસ્પિટલોમાં એને માટે અને તે ઉપરાંત એનું મહેકમ-માનવ બળ વધારવા માટે મહેકમમાં વધારો કરીને એમને મોંઘવારી ભથ્થું, પગાર ભથ્થા, એમના પેન્શનો અને એ લોકોનું છઠ્ઠા પગાર પંચનું વીસ ટકા એરિયર્સ આ બધી ચૂકવણી માટેના જે કાંઇ ફંડની જરૂર પડી એના માટે આ પૂરક માગણીઓ અહીંયા રજૂ કરવામાં આવી છે ત્યારે હું વિનંતી કરીશ કે આ પૂરક માગણીઓને આ ગૃહ મંજૂર કરે અને હું આ પૂરક માગણીઓને મારું અનુમોદન આપુ છું.

**કિશોર વાંકાવાલા(સુરત શહેર(પશ્ચિમ)** : માનનીય અધ્યક્ષશ્રી, નાણાં મંત્રીશ્રી સને ૨૦૧૧-૧૨ના વર્ષ માટેની સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગની અનુદાન માટેની પૂરક માગણી ક્રમાંક ૯૨, કુલ રૂપિયા ૧૫,૪૫,૨૧,૦૦૦ની આ સન્માનીય ગૃહ સમક્ષ લઇને આવ્યા છે ત્યારે એને અનુમોદન આપવા માટે હું ઉભો થયો છું. માનનીય અધ્યક્ષશ્રી, આ જે માગણીઓ છે એનું મુખ્ય સદર ૨૨૨૫ જોવામાં આવે જેની કુલ માગણી રૂપિયા ૪,૮૬,૧૪,૦૦૦ની છે. આ મુખ્ય સદર ૨૨૨૫ના પેટા સદર ૨૨૭ એ શિક્ષણ બાબતની છે. આ પેટા સદરના ભાગ ૨૨ બી.કે.સી. ૧૧૫ હેઠળ ઉત્પાદન કેન્દ્રના નિભાવ અને વિકાસ માટે જે સમાજિક અને શૈક્ષણિક રીતે પછાત લોકો છે તેઓને માટે આયોજન બહારની કુલ ૧૧,૭૩,૦૦૦ની માગણી લઇને આવ્યા છે. એવી જ રીતે પેટા સદરના ૨૨ બી.સી.કે.એ હેઠળ લઘુમતી માટેની સ્કોલરશીપ-શિષ્યવૃત્તિ એમાં આયોજન હેઠળની માગણી છે એ કુલ રૂપિયા ૩,૯૯,૪૭,૦૦૦ની માગણી લઇને આવ્યા છે. માનનીય અધ્યક્ષશ્રી, હું જે કહેવા માગુ છું તે એ કે રાજયપાલશ્રીએ પોતાના વક્તવ્યમાં આ ગૃહને સંબોધન કર્યું ત્યારે કહ્યું હતું અને જયારે લઘુમતિઓના કલ્યાણની વાત આવી ત્યારે કહ્યું હતું મુસ્લિમોના સમુદાયનો સાક્ષરતા દર રાષ્ટ્રીય કક્ષાએ ૫૯.૧ ટકા હતો જયારે ગુજરાતમાં તે ૭૩.૫ ટકા હતો. માનનીય અધ્યક્ષશ્રી, આ લઘુમતીની સ્કોલરશીપ માટે આયોજન હેઠળની કુલ ૩,૯૯,૪૭,૦૦૦ની આપણા નાણાં મંત્રીશ્રી આ ગૃહ સમક્ષ માગણી લઇને આવ્યા છે. આમ કુલે મુખ્ય સદર ૨૨૨૫ હેઠળ ૪,૭૪,૪૧૦૦૦ની માગણી લઇને આવ્યા છે. માનનીય અધ્યક્ષશ્રી, આ જે માગણીઓ છે એમાં મહેસુલી હિસાબ મુખ્ય સદર ૨૨૨૫ના પેટાસદર ૨૮૨ આરોગ્ય અને મફત તબીબી સહાય માટેનું છે. જેનો ભાગ ૦૧ એસ. ઈ.બી.સી. માટેનો છે એમાં આયોજન માટે ૩૫,૦૬,૦૦૦ ની માગણી અને ૦૨ ઈ.બી.સી. એટલે અન્ય પછાત વર્ગો માટે આયોજન હેઠળ કુલ ૩૯,૮૮,૦૦૦ની માગણી છે.આમ કુલ રૂપિયા ૪,૭૪,૪૧,૦૦૦ આયોજન હેઠળની અને ૧૧,૭૩,૦૦૦ની આયોજન બહારની મળીને કુલ ૪,૮૬,૧૪,૦૦૦ની માગણી લઇને માનનીય નાણાંમંત્રીશ્રી લઇને આવ્યાં છે.માનનીય અધ્યક્ષશ્રી, માગણી ક્રમાંકઃ ૯૨માં બીજુ મુખ્ય સદર ૨૨૩૫ છે. જે સામાજિક સુરક્ષા અને કલ્યાણ માટેનો છે. જેના પેટા સદર ૦૨ સમાજ કલ્યાણ હેઠળના ભાગ-૧ નિર્દેશ અને વહીવટ માટેના ૦૧- એસઇડબલ્યુ-૧, સમાજ સુરક્ષા નિયામકની કચેરી માટે આયોજન બહારની રૂપિયા ૮૨,૭૧,૦૦૦ની માગણી લઇને આવ્યાં છે. આ નિયામક કચેરીની માગણી છે, વહીવટ અંગેની માગણી છે અને તે મંજૂર થવાને પાત્ર છે. તેવી જ રીતે પેટા સદર ૧૦૧ ૦૩-એસસીડબલ્યુ-૮, જે વિકલાંગના કલ્યાણ માટેની યોજના છે અને તેમાં આયોજન હેઠળ કુલ ૮,૦૬,૫૭,૦૦૦ની માગણી લઇને આવ્યાં છે તે જ પ્રમાણે ૦૫-એસસીડબલ્યુ-૧૪ હેઠળ વૃધ્ધો અને અશકતો માટે આશ્રય ગૃહ બનાવવા માટે રૂપિયા ૫૬ લાખની

માગણી લઇને આવ્યાં છે. પેટા સદર ૧૦૪ હેઠળ આ મુખ્ય સદર ૨૨૩૫ના પેટા સદર ૧૦૪ હેઠળ જે વૃધ્ધો અને અશકત અને નિરાધાર વ્યકિતઓના કલ્યાણ માટેનું આ પેટા સદર છે. જેમાં ૦૨–એસસીડબલ્યુ–૩૯ હેઠળ ગરીબો અને નિરાધારોના કલ્યાણ માટે રૂપિયા ૪૧,૦૫,૦૦૦ની માગણી આ ગૃહ સમક્ષ લઇને આવ્યાં છે. ૦૨–એસસીડબલ્યુ–૧૮ હેઠળ આંતરરાષ્ટ્રીય બાળ વર્ષનો અમલ બાળકોના કલ્યાણ માટેના કાર્યક્રમનો હતો તેની કુલ ૨,૪૭,૦૦૦ની માગણી આ ગૃહ સમક્ષ લઇને આવ્યાં છે. તે જ પ્રમાણે મુખ્ય સદર ૨૨૩૫ના પેટા સદર ૮૦૦ હેઠળ જે અન્ય ખર્ચાઓમાં આવે છે જેની ૦–૧–એસસીડબલ્યુ–૨૨ હેઠળ ભિક્ષા નાબૂદી–ભિક્ષુકોના પુનઃસ્થાપન માટેના કાર્યક્રમ હેઠળ ૮૨,૦૦,૦૦૦ની આયોજન બહારની માગણી લઇને આવ્યાં છે.

માનનીય અધ્યક્ષશ્રી, આમ કુલ ૨૨૩૫ હેઠળ ૧૦,૫૯,૦૭,૦૦૦ની માગણી લઇને નાણામંત્રીશ્રી આ ગૃહ સમક્ષ આવ્યાં છે. મુખ્ય સદર ૨૨૨૫ હેઠળ ૪,૭૪,૪૧,૦૦૦ ની આયોજન હેઠળની અને ૧૧,૭૩,૦૦૦ની આયોજન બહારની તેમજ ૨૨૩૫ હેઠળની આયોજન બહારની ૧૦,૫૯,૦૭,૦૦૦ એમ કુલ આયોજન હેઠળની ૪,૭૪,૪૧,૦૦૦ અને આયોજન બહારની ૧૦,૭૦,૮૦,૦૦૦ મળી કુલ ૧૫,૪૫,૨૧,૦૦૦ ની માગણી નાણામંત્રીશ્રી આ ગૃહ સમક્ષ લઇને આવ્યાં છે. મારા ખ્યાલ પ્રમાણે આ જે માગણીઓ છે તે એટલા માટે વાજબી છે કે આ રાજયની અંદર આવેલી પછાત જ્ઞાતિઓ માટે આ જાગૃત સરકાર કામ કરી રહી છે. અપંગો માટે, નિરાધારો માટે, સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત જ્ઞાતિઓ છે તેઓના માટે નોટ ઓનલી ઘેટ લઘુમતી સમાજના કલ્યાણ માટે પણ કાર્ય કરી રહી છે. આ તમામ માગણી માનનીય નાણામંત્રીશ્રી લઇને આવ્યાં છે તે ઉચિત છે અને હું વ્યકિતગત એવું માનું છું ખાલી સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ માટેનું કલ્યાણ થતું નથી એમ કરીને અહીંયા વિરોધપક્ષ તરફથી કાપ મૂકવાનો પ્રશ્ન આવ્યો છે ત્યારે ખાલી એટલી જ વિનંતી કરીશ કે આ માગણી વાજબી છે અને તે સર્વાનુમત્તે પસાર કરવી જોઇએ.

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા(પોરબંદર) :** માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે પૂરક માગણીઓ લઇને આવ્યા છે, એમાં હું મારા વિચારો વ્યકત કરવા ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, જે પૂરક માગણીઓ છે, એમાં આરોગ્યને લગતી ૩૯ નંબરની માગણી છે. એના સંદર્ભે મારે એટલું જ કહેવું છે કે માનનીય નીમાબેન જયારે અહીંથી ગયા, અત્યારે તો છે નહીં. હતા ત્યારે બોલતા હતા કે ગુજરાતનું પર્ફોરમન્સ આરોગ્ય સેવાઓમાં ઉચ્ચત્તમ રહ્યું છે. મારે બીજી વધારે વાત કરવી નથી. એના સંદર્ભમાં જ કહેવું છે. અત્યારે હ્યુમન ડેવલપમેન્ટ ઇન્ડેકસમાં ગુજરાત કયાં છે, કઇ જગ્યાએ છે એની વાત તો પછી કયારેક બીજા વિષયમાં કરીશ, પણ માલ ન્યુટ્રીશ્યન છે, આપણા બાળકોના, અને એના કારણે ૪૫ ટકા બાળકોનો ગ્રોથ યોગ્ય રીતે થતો નથી. ઉંચાઇના પરિપ્રેક્ષ્યમાં ઉંમરના પ્રમાણમાં જે ઉંચાઇ હોવી જોઇએ એમાં ગુજરાત છેવાડાનું રાજય બન્યું છે. ઉંમરના પ્રમાણમાં ઉંચાઇની બાબતમાં બિહાર, ઝારખંડ, મધ્યપ્રદેશ, ઓરિસ્સા, આસામ, પશ્ચિમ બંગાળ અને રાજસ્થાન જે એકદમ બધા જ પછાત રાજયો છે એ આપણા કરતા આગળ છે. મહારાષ્ટ્ર, પંજાબ, કેરાલા, આંધ્રપ્રદેશ અને તામિલનાડુ જેવા રાજયો તો આગળ હોય જ. પણ ૧૭ જેટલા રાજયો કરતા આપણા બાળકો ઉંચાઇ ગ્રોથમાં પાછળ છે.

માનનીય અધ્યક્ષશ્રી, આરોગ્ય સેવાઓ સામાન્ય માણસ સુધી આપણે પહોંચાડવી હોય અને પહોંચવું હોય તો એમાં આપણે ગ્રામ્ય અને શહેરી કક્ષાની અંદર નિષ્ણાત ડોકટરોની નિમણૂક થવી જોઇએ. એ નથી થતી. એના કારણે જ આપણે હ્યુમન ડેવલપમેન્ટ ઇન્ડેકસના પેરામિટર્સ પ્રાપ્ત કરી શકતા નથી. મારે બીજા પેરામિટર્સ નથી કહેવા, પણ આજે જે બાબતોની ચર્ચા થઇ, એમાં હું થોડો પ્રકાશ પાડવા માગું છું. માનનીય નીતિનભાઇએ બેઠા બેઠા તો જુદી કોમેન્ટ કરી હતી અને પછી ઉભા થઇ બીક લાગી કે...

શ્રી વજુભાઇ રૂ. વાળા: મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે. હું છતાંયે માનનીય અર્જુનભાઇને કહું છું કે માગણી ઉપર બોલે..

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા : હું માગણીના સંદર્ભમાં જ કહું છું.

શ્રી વજુભાઇ રૂ. વાળા:આપે કહ્યું છે, જે બોલ્યા, એનો વાંધો ઉઠાવતો નથી. છતાંયે આપે જે કહ્યું છે એ મારા વિભાગમાં આવતું નથી. આરોગ્ય અને પરિવારમાં ૨૩.૮૫ હોસ્પિટલના સાધનો અને વાહનો માટે

છે. ૯૩ છે એ મકાનોના બાંધકામ માટેની વાત છે. બાકી તો પગારમાં વધારો આપ્યો એની વાત છે. ગુજરાતના કોઇ વ્યકિતની હાઇટ કેટલી છે કે કયાં સ્પેશ્યલ ડોકટરો મળતા નથી. એ વિષય માગણીમાં મૂકેલો જ નથી. આપે શરૂઆત કરી, શરૂ થયું ત્યારે કહ્યું હતું કે માગણીમાં જે વસ્તુ મૂકી છે એના ઉપર જ ચર્ચા થાય. આખા વિષય ઉપર ચર્ચા કરવી હોય તો બજેટ વખતે એના વિશેની ચર્ચા થાય. નીતિનભાઇએ આમ કીધું અને આ કીધું એ બધું મારી માગણીમાં આવતું નથી. મેં લખ્યું હોય તો વાત થઇ શકે.

અધ્યક્ષશ્રીઃ માનનીય સભ્યશ્રીને મારી વિનંતી છે કે રૂલિંગ પણ બાકી છે અને નીતિનભાઇ હાજર નથી.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા : હાજર નથી, સંદર્ભ જે આપ્યો, નામ બોલ્યા હોય, સંદર્ભ બોલ્યા હોય. તમામ સભ્યો કેટલા સભાગૃહની અંદર બોલી ગયા અને સભ્યશ્રીઓ શું શું બોલ્યા છે એની યાદ આપીને ગૃહનો સમય બરબાદ નથી કરવો. મેં તો કહ્યું કે માગણીના સંદર્ભમાં જ હું બોલું છું. વજુભાઇ, આપને સાંભળી લીધા, આપ હવે મને ડિસ્ટર્બ ન કરો.

શ્રી વજુભાઇ રૂ. વાળા : આપ બરાબર યોગ્ય રસ્તા પર ચર્ચા કરો એટલા માટે હું ધ્યાન દોરું છું. મારી માગણીમાં આ વસ્તુ આવતી જ નથી. હું ફરીથી આપ કહેતા હો તો કહી જાઉં, મેં બૂકમાં પણ આપ્યું છે કે ૨૪ કરોડ ૮૮ લાખની મૂડીને માગણી છે અને બાકીની માગણી પગાર ભથ્થાની છે. એમાં આપ કહો છો તે આવતું જ નથી.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા : આ પગાર ભથ્થામાં જ આવે છે. એટલા માટે આવે છે કે અહીં આ સરકાર છે તે રાજય સરકારે આ કર્મચારીઓ, નિષ્ણાંતો વગેરેને જે પૂરો પગાર આપવો જોઇએ અને રાજય સરકાર પાસે જે બજેટ અવેલેબલ છે તે બજેટના પ્રમાણમાં નિમણૂક આપવી જોઇએ તે ન થવાને કારણે ગુજરાતની પ્રજાનું હિત થતું નથી. આ જ વાત કરવાની છે મારે. અને તેના સંદર્ભમાં જે નુકસાન થયું છે તેનું એક જ પેરામીટર્સ મારે આપવું છે વધારે નથી આપવું. વસ્તી વધારાના દરની વાત કરવી છે. રાજય સરકારની જવાબદારી છે કે તેના માટેના જે કર્મચારીઓ છે તેની નિમણૂક થાય.....

શ્રી વજુભાઇ રૂ. વાળા : માનનીય અધ્યક્ષશ્રી, ફરીથી મારે કહેવાનું કે આ વસતિ વધારા માટેની મારી કોઇ માગણી જ નથી.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયાઃ આ પગાર ચૂકવવા માટેની માગણી છે અને પગાર ચુકવવાની માગણી છે તેના માટે જે ખર્ચ કર્યો છે તેની જ વાત હું કરું છું.

શ્રી વજુભાઇ રૂ. વાળાઃ મેં પગાર ભથ્થા ચૂકવવા માટેની નવી નિમણૂક માટેની કોઇ માગણી મૂકી જ નથી. આ તો ૨૦ ટકા લેખે એરિયર્સ ચુકવવાનું છે તેનો જે વધારો થયો છે તેના માટેની વાત છે. ચાલુ કર્મચારીઓને પગાર વધારો આપવા માટેની વાત છે. એના જે ડિફરન્સના પૈસા ચૂકવ્યા છે એ મારી આ માગણીમાં આવે છે. આપ કહો છો તે વસ્તુ નથી આવતી. મારી પાસે ડિટેઇલ્સ છે આખી બૂક મેં જોઇ છે.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયાઃ આ છઠ્ઠા પગારપંચનો વધારો છે એ આપે કેટલા વર્ષ સુધી રોકી રાખ્યો તેના કારણે કર્મચારીઓમાં હતાશા ફેલાઇ અને તેના કારણે હ્યુમન ડેવલપમેન્ટ ઈન્ડેકસમાં ગુજરાત છેવાડાનું રાજ્ય બન્યું છે એ મારે કહેવાનું છે. માત્ર એમ કહો કે આના કમ્પાસમાં જ બોલવાનું છે, પણ એ કમ્પાસનું રીફલેકસન પ્રજામાં શું થયું છે તે મારે વાત કરવી છે. મારી પાસે બધા ફીગર્સ છે, મારે માત્ર એક જ ફીગર્સ કહેવો છે. આ બધા આરોગ્ય વિભાગના તાબા હેઠળના કર્મચારીઓને પૂરો પગાર આપ્યો નહીં, નકકી થયું કે ટીકુ કમિશન આપવું , ટીકુ કમિશનની વાત તો ભૂલી જઇએ, પણ તેને છઠ્ઠું પગાર પંચ પણ માનનીય અધ્યક્ષશ્રી અપાયું નહીં. અને તેને કારણે વસ્તી વધારાના દરમાં આપણુ રાજય છેવાડાનું રાજય બન્યું. કેરળમાં એક હજારે વસિત વધારાનો દર કેટલો માનનીય અધ્યક્ષશ્રી, ૧૪.૬, ૫૦ ટકા લઘુમતિ સમુદાય ત્યાં છે. તામિલનાડુમાં ૧૬, ત્યાં ૫૦ ટકા લઘુમતી સમુદાય વસે છે. પંજાબમાં જોઇએ તો ૫૦ ટકા લઘુમતી સમુદાય છે ત્યાં ૧૭.૬, વેસ્ટ બેંગાલ ૪૫ ટકા લઘુમતી સમુદાય વસે છે ત્યાં વસ્તી વધારાનો દર ૧૭.૫, આંધ્રપ્રદેશ આપણા કરતા ૩ ગણો લઘુમતી સમુદાય, ત્યાં ૧૮.૪, કર્ણાટક આપણા કરતા બમણો લઘુમતી સમુદાય છતાં ૧૯.૮ વસ્તી વધારાનો દર, અને ઓરિસ્સા અને ગુજરાતમાં જોઇએ તો ઓરિસ્સામાં ૨૧.૪ અને

ગુજરાતમાં ૨૨.૬ વસ્તી વધારાનો દર છે. અને તેને કારણે ગુજરાત હ્યુમન ડેવલપમેન્ટ ઈન્ડેક્સ મેળવવામાં નિષ્ફળ ગયું છે. અને તેના માટે કોઇ સમુદાય નહીં પણ રાજય સરકારની નીતિ જવાબદાર છે. અને તેના કારણે આ પગાર નહીં આપવાને કારણે આરોગ્યના ક્ષેત્રે ગુજરાત છેવાડાનું રાજય બન્યું છે અને તેના મટે જો કોઇ જવાબદાર હોય તો આ રાજયની ઉધોગવત્સલ નીતિ જવાબદાર છે બીજું કોઇ નહીં.

**શ્રી બાબુભાઇ મે. શાહ(રાપર) :** માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી જે પૂરક માગણીઓ લઇને આ ગૃહ સમક્ષ આવ્યા છે એમાં તબીબી અને જાહેર આરોગ્ય ખર્ચ માટે મહેસૂલી ખર્ચ માટે ૭૮ કરોડ રૂપિયા અને મૂડી ખર્ચ માટે ૨૪ કરોડ રૂપિયાની માગણી લઇને આવ્યા છે. એવી રીતે શ્રમ અને રોજગાર માટે મહેસૂલી ખર્ચ માટે ૧૯ કરોડ રૂપિયા તથા સમૂહ વિકાસ માટે ૭૪ કરોડ રૂપિયા તથા ગુજરાત પાટનગર બાંધકામ યોજના માટે મહેસૂલી ખર્ચ માટે ૨ કરોડ ૨૯ લાખ અને મૂડી ખર્ચ માટે ૬ કરોડ ૧૮ લાખની માગણી લઇને આવ્યા છે.

આરોગ્ય વિભાગ માટેની ચર્ચા આગળ વધારીએ તો આ માગણીઓની અંદર કિડની હોસ્પિટલ માટે સાવ નામની બે કરોડ

**સભાપતિ ડો. નીમાબેન આચાર્ય અધ્યક્ષસ્થાને**

રૂપિયાની વધારાની માગણી લઇને આવે અને કેન્સર હોસ્પિટલ માટે ૨૪ કરોડ રૂપિયા લઇને આવે છે. એટલે કાંખમાં છે એનો ઘા કરીએ અને આપણે દત્તક લેવાની વાત કરતાં હોઇએ એવી વાત છે. કેન્સર હોસ્પિટલને ગુજરાત કેન્સર સોસાયટી સારી રીતે ચલાવે છે. નવી હોસ્પિટલ થાય એના માટે અમને કોઇ વાંધો નથી પરંતુ સિવિલ હોસ્પિટલ કમ્પાઉન્ડમાં યુ.એન. મહેતા કિડની અને કેન્સર હોસ્પિટલ આવેલ છે. એમાં કિડની હોસ્પિટલ માટે માનનીય નાણામંત્રીશ્રી આવું વર્તન શા માટે રાખે છે. અમે દરદીઓને મોકલતા હોઇએ, સારી સારવાર મળતી હોય અને અગાઉ પણ કહ્યું છે કે આ રાજયના દરદીઓને આપણે રાહત આપીએ અને અન્ય રાજયના દરદીઓ માટે કોઇ જોગવાઇ ન કરીએ. આ હોસ્પિટલ માનવતા સાથે સારવાર આપવાનું અગત્યનું કામ કરે છે. માનનીય આરોગ્ય મંત્રીશ્રીને પણ સદ્ભાવ છે પરંતુ આ હોસ્પિટલને વધારે ગ્રાન્ટ અપાવી શકતા નથી. યુ.એન. મહેતા કાર્ડીયાક કેન્સર હોસ્પિટલ અને કિડની હોસ્પિટલને રાજય સરકાર તરફથી અનુદાન આપવામાં આવે છે. એના આંકડા જોઇએ તો કિડની હોસ્પિટલને નહિવત રકમ આપવામાં આવે છે ત્યારે આપ વધુ માગણી લઇને આવ્યા હોત તો અમે ચોક્કસ ખુશ થાત અને આપને અભિનંદન આપત. કેપીટલ મૂડીની અંદર ૨૪ કરોડ રૂપિયા ખર્ચવાના છો એનો અમને કોઇ વાંધો નથી પરંતુ જયાં ચાલુ ખર્ચમાં વધારો થતો હોય ત્યાં માનવતાના ધોરણે અહીંયા સારી સારવાર મળે, હિન્દુસ્તાનભરમાંથી દરદીઓ અહીંયા સારવાર લેવા માટે આવે છે એનું માનનીય આરોગ્ય મંત્રીશ્રી ગૌરવ લે છે ત્યારે એને પૂરતા પ્રમાણમાં રકમ આપવી જોઇએ.

અહીંયા જે સમૂહ વિકાસ માટેની માગણી લઇને આવ્યા છે અને એની અંદર જિલ્લા પંચાયતોને દબાણ હટાવવા માટે વધારાની જરૂરિયાત માટે ૪૦ લાખ રૂપિયાની માગણી લઇને આવ્યા છીએ. જિલ્લા કક્ષાએ દબાણો હટાવવાની ખૂબ જ જરૂરી છે પરંતુ કચ્છ જિલ્લાની અંદર જિલ્લા પંચાયત કે પંચાયત તંત્ર દ્વારા કહીએ તેમ છતાં સરકારી જમીનો ઉપરના દબાણ હટાવવા માટેની કોઇ કાર્યવાહી થતી નથી. આ દબાણો હટાવવાની નક્કર કાર્યવાહી થઇ હોય તો માનનીય પંચાયત મંત્રીશ્રી અથવા તો માનનીય નાણામંત્રીશ્રી એના દાખલા રજૂ કરે કારણ કે અહીંયા ૪૦ લાખ રૂપિયા વધારે આપવા પડે છે.

એ જ રીતે શ્રમ અને રોજગાર વિભાગ માટેની વાત કરીએ તો શ્રમિકોનું આ રાજયમાં શોષણ થઇ રહ્યું છે. હું આ એટલા માટે કહું છું કે શ્રમિકોની સલામતી માટે એના વેલ્ફેર પોગ્રામ માટે કચ્છ જિલ્લાની અંદર મને અગાઉ જવાબ આપવામાં આવેલો કે કચ્છ જિલ્લામાં ઔધોગિકીકરણને કારણે શ્રમિકોની કોઇ સંખ્યા વધી નથી એના માટે કેન્દ્ર સરકારની એમ્પ્લોઇઝ ઇન્સ્યોરન્સ સ્કીમની અંદર આ જિલ્લાને દાખલ કરવા કહી શકાય નહિ કારણ કે ક્રાઇટએરિયામાં નથી પહોંચતા. અહીંયા કાયમી મજૂરો

ભરવાને બદલે લેબર કોન્ટ્રાકટરની સંખ્યા ૪૦૦ ગણી વધારે છે એના કારણે લેબર કોન્ટ્રાકટરોનું દૂષણ નાબૂદ કરવા માટેની માગણી લઇને આવ્યા હોત તો ધન્યવાદ આપત પરંતુ માત્ર વધુ ખર્ચ કરીને પણ એમાં કોઇ વેલ્ફેર પોગ્રામ માટે વાત કરી નથી.

એવી ત્રીજી બાબત પાટનગર બાંધકામ યોજના માટેના જે પૈસા માગેલા છે, એના માટેની જે વાત છે એમાં ગાંધીનગરમાં અનેક મકાનો બંધ પડેલા હોય અને નામદાર હાઇકોર્ટના હુકમના કારણે કબજો લીધો પરંતુ કોઇ મકાન વિહોણાને મકાન ન આપવામાં આવે. એનું ભાડુ કિફાયતી દરે રાખીને જરૂરિયાત મંદોને આપવામાં આવે. રોટી, કપડાં ઔર મકાન, ગાંધીનગરમાં હજારોની સંખ્યામાં મકાનો ખાલી હોય, ધૂળ ખાતા હોય, રીપેરીંગ માગતા હોય, એના માટેની માગણી લઇને આવતા હોય તો અમે જરૂર સહકાર આપીએ. સામાજિક સુરક્ષાની વાત કરી, સામાજિક સુરક્ષાની અંદર હું હંમેશાં મારા વિસ્તારની વાત કરું છું. કોળી આદિવાસીઓને એસ.ટી.ના અધિકારો હતા. એ લઇ લેવામાં આવ્યા છે. કેન્દ્ર સરકાર રાજય સરકારને જણાવે છે પરંતુ રાજય સરકાર નકારાત્મક પ્રતિભાવ આપે છે....(અંતરાય)

**શ્રી ભરતસિંહજી શં. ડાભી(ખેરાલુ)** : માનનીય અધ્યક્ષશ્રી, રાજયના નાણા મંત્રીશ્રી વજુભાઇ વાળા પૂરક માગણી નં.૭૦ રૂ.૭૪.૨૭ કરોડની સન્માનનીય સભાગૃહ સમક્ષ લઇને આવ્યા છે તેમને હું આવકારું છું અને તેને મારું અનુમોદન આપું છું. ભારતીય જનતા પાર્ટીની સરકારે રાજ્યમાં માનવ કલ્યાણના કામોનું એક આંદોલન ઉભું કર્યું છે અને એ આંદોલન દ્વારા રાજ્ય સરકારે રાજ્યમાં પ્રજાનો વિશ્વાસ મેળવ્યો છે. રાજ્યની અંદર ગરીબો માટે સરદાર આવાસ યોજના અમલમાં મૂકવામાં આવી છે. કોંગ્રેસના મિત્રો ક્ક્કહિસાબ દે, જવાબ દેક્ક ચલાવે છે. મારે કહેવું છે કે, મારા વિસ્તારમાં તાલુકા કોંગ્રેસ પ્રમુખે એક રોડ બનાવ્યો..

સભાપતિશ્રી : માત્ર માગણી ઉપર જ ચર્ચા કરો..

શ્રી ભરતસિંહજી શં. ડાભી : માનનીય અધ્યક્ષશ્રી, ૨૨ લાખનો રોડ જેમાં ૧૭ લાખની રીકવરી કરવાની થઇ, તપાસકર્તા અધિકારીએ એમ કહ્યું કે, ૮૦:૨૦ હોઇ શકે પણ આ તો ૨૦:૮૦ છે. રાજ્યના પંચાયતના તલાટી–કમ–મંત્રીઓ કે જેમને પંચાયત ઘરની અંદર આવાસની સુવિધા આપવામાં આવી છે. કે જેથી લોક કલ્યાણના કામો ઝડપથી થઇ શકે. આ પંચાયત ઘર માટે જોગવાઇ કરવામાં આવી છે. પગાર અને પેન્શન માટે ૧૬.૭૫ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. રાજ્યના નાણા મંત્રી રૂ.૭૪.૨૭ કરોડની માગણી લઇને આવ્યા છે એમાં રાજ્યના જે કર્મચારીઓ કર્મયોગી બન્યા છે અને છઠ્ઠા પગારપંચના અમલીકરણમાં ૨૦ ટકા એરીયર્સ, મોંઘવારી ભથ્થુ, નિવૃત્ત કર્મચારીઓને રોકડમાં રૂપાંતર, એના કારણે જે માનનીય નાણા મંત્રીશ્રી જે પૂરક માગણીઓ લઇને આવ્યા છે એને અનુમોદન આપુ છું. એ જ અભ્યર્થના.

**શ્રી શંભુજી ઠાકોર(ગાંધીનગર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી ક્રમાંક નં. ૮૭ માર્ગ અને મકાન વિભાગની પાટનગર વિશેની પૂરક માગણીઓ લઇને આવ્યા છે એના વિશે મારા વિચારો રજૂ કરવા અને તેને સમર્થન કરવા માટે ઉભો થયો છું. તેમાં ૬.૧૮ કરોડની આયોજનની માગણી છે અને ૨.૨૯ લાખની આયોજન બહારની માગણીઓ છે. ગાંધીનગર આપણું છે એ પાટનગર છે. પાટનગર એ આખા રાજયનું પ્રતિબિંબ પાડતું હોય છે. એનું પાટનગર કેવું છે એના ઉપરથી એ રાજયનો કેવો વિકાસ છે એ અનુમાન થાય છે ત્યારે આ રાજયના પાટનગર ગાંધીનગરના સર્વાંગી વિકાસ માટે અને અદ્યતન બનાવવા માટે માર્ગ અને મકાન વિભાગ અને પાટનગર યોજના વિભાગ દ્વારા મોટા પ્રમાણમાં ઈન્ફ્રાસ્ટ્રકચરના કામો હાથ પર લેવામાં આવ્યા છે. એમાં રસ્તા, પાણીનો નિકાલ, પાણી પુરવઠાની યોજના, ડ્રેનેજ, અન્ય લોકપયોગી કામો તેમજ રહેણાંક અને બિન રહેણાંકના મકાનોની સુધારણાના કામોનો સમાવેશ થાય છે. આ જે પૂરક માગણીઓ છે એ પૂરક માગણીઓ આ ગાંધીનગરમાં જે રીતે વિકાસ થઇ રહયો છે, દસ વર્ષ પહેલા કેવું ગાંધીનગર હતું અને આજે કેવું ગાંધીનગર છે એ આપણે સ્પષ્ટ જોઇ શકીએ છીએ. શહેરના તમામ મુખ્ય માર્ગો આજે ચાર થી છ લેનના બન્યા છે. ગાંધીનગરના મુખ્ય માર્ગો, ૫૧ કિલોમીટરના જે મુખ્ય માર્ગો છે એ માર્ગો પર ફૂટપાથ બની ગઇ છે. અને બાકીના જે ૪.૫ કિલોમીટરની ફૂટપાથ છે એનું કામ પ્રગતિમાં છે. ગાંધીનગરનો જે રીતે વિકાસ થયો, ગાંધીનગરની પહેલા વસ્તી ૧ લાખ ૨૫ હજારની વસ્તીને અનુલક્ષીને એની ડ્રેનેજ પાઇપલાઇન બનાવવામાં આવી હતી આજે આ ગાંધીનગરની વસ્તી સાડા ત્રણ લાખની થાય

ત્યાં સુધી એને આ ડ્રેનેજની પાઇપ લાઇન માટે ૭૬ એમએલટીનો પ્લાન્ટ જાસપુર મુકામે અદ્યતન રીતે તૈયાર થઇ ગયો છે અને એનું પાણી ડ્રેનેજ થઇને જાસપુરથી હાજીપુર ૧૫ કીલોમીટર થાય એનું પાઇપલાઇનનું કામ ૧૫ કિલોમીટરનું પૂર્ણ થયેલ છે. ગાંધીનગરના ૭૬ એમ.એલ.ટી.ના પ્લાન્ટ ઉપરાંત ગાંધીનગરમાં સમાવિષ્ટ જે ૫ ગામો હતા એમાં ધ્અત્યાર સુધી ગટરલાઇન હતી જ નહીં. માનનીય અધ્યક્ષશ્રી, મેં એની માગણી કરી અને માનનીય પાટનગર યોજના વિભાગના માનનીય મંત્રીશ્રી આનંદીબેને એ માંગણી સંતોષી અને એ ૫ ગામોમાં ગટરલાઇનનું કામ ચાલી રહયું છે. આ ગટરલાઇનના જે વધારાના ૨ એમએલટીનું શુદ્ધીકરણનું પ્લાન્ટનું કામ પ્રગતિમાં છે. ગાંધીનગર જયારે બન્યું હતું ત્યારે એના કર્મચારીઓના મકાનો ધૂળ ખાતા હતા. હમણા બાવકુભાઇ સાહેબ કહેતા હતા કે ધૂળ ખાતા હતા, એ કોંગ્રેસના વખતમાં ધૂળ ખાતા હતા. જયારે ૨ વર્ષ પહેલા માનનીય મંત્રીશ્રી આનંદીબેન સાથે સેકટર-૨૦માં એક ફલેટના ખાતમૂહુર્તમાં ગયેલા અને બહેને સામે કર્મચારીઓના મકાન જોયેલા અને એ વખતે બહેને મુખ્ય ઇજનેરને બોલાવીને કહયું કે આ મકાનો છે એને તાત્કાલીક રીનોવેશનમાં મૂકો. લગભગ ૫૮૬૪ મકાનોના સુધારણાનું કામ પૂર્ણ થયેલ છે. ગાંધીનગરના મકાનોની સાથેસાથે એના જે સરકારી મકાનો હતા એનૂં પણ સુધારણાનું કામ ચાલી રહયું છે. ગાંધીનગરમાં આખા રસ્તા ઉપર જે જૂની પાઇપલાઇન હતી એ પાઇપલાઇનનું કામ ૪૦૦ લાખના ખર્ચે પૂર્ણ થયેલ છે. મંત્રીશ્રી જે માગણી નં. ૮૭ લઇને આવ્યા છે, આ માંગણી ગાંધીનગર શહેરને સુંદર બનાવવા માટે, ગાંધીનગરમાં મહાત્મા મંદિર બની રહયું છે. અને મહાત્મા મંદિરને પૂર્ણ કરવા માટે અને મહાત્મા મંદિરથી સેન્ટલ વીસ્ટાથી જે ચ રોડ સુધીનું કામ ચાલી રહયું છે. આ સેન્ટ્રલ વીસ્ટાનું કામ પૂરું કરવા માટે અને જ્યારે ગાંધીનગરને આધુનિક બનાવવા જઇ રહ્યા છે ત્યારે આ માગણીઓ લઇને આવ્યા છે એ માગણીઓને સમર્થન કરીને મારી વાત પૂરી કરું છું.

**શ્રી ઇકબાલ પટેલ(વાગરા) :** માનનીય અધ્યક્ષશ્રી, આજે પૂરક માગણીઓ ઉપર ચર્ચા અને મતદાનમાં માનનીય મંત્રીશ્રી જે વિવિધ વિભાગોની માગણીઓ લઇને આવ્યા છે એમાં મહત્વના મુદ્દાઓ છે એના ઉપર હું વાત કરવા માગું છું.

માનનીય અધ્યક્ષશ્રી, સૌથી પહેલા જે સામૂહિક વિકાસ પંચાયતના અધિકાર ક્ષેત્ર હેઠળના વિસ્તારમાં, જે એમાં ગ્રાન્ટ ટુ ડિસ્ટ્રીક્ટ પંચાયત ફોર રીમુવલ ઓફ એન્ક્રોચમેન્ટ એટલે દબાણ ખસેડવા માટેની એક માગણી છે. જિલ્લા પંચાયતમાં દબાણ શાખામાં ૨૬ જિલ્લા પંચાયતોમાં મોટાભાગના દબાણ અધિકારીઓ નથી. એનો સરવે કરનાર સ્ટાફ ટ્રેસર, સુપરવાઇઝર, કલાર્ક એની સંખ્યા પણ ત્યાં નથી. આ આપણે મંજૂર કરીએ છીએ પણ દબાણ હટાવવાના મુદ્દા ઉપર એન્ક્રોચમેન્ટ નક્કી કરવાનું કામ આ દબાણ શાખા કરે છે. પગલાઓ ભલે ગ્રામ પંચાયત લે પણ દબાણ નક્કી કરીને આપવાની જવાબદારી દબાણ શાખાની છે. આના ઉપર આપણું તંત્ર સદંતર નિષ્ફળ ગયું છે. મને લાગે છે કે એને એકટીવ બનાવવા માટે પૈસા આપતા હોઇએ તો માત્ર અને માત્ર એને દેખાવ માટે આપવાની જરૂર નથી. રસ્તા ઉપરના દબાણો, જાહેર જગ્યાઓ ઉપરના દબાણો માટે આપણે વિશેષ વ્યવસ્થા કરવાની જરૂર છે. માનનીય મંત્રીશ્રી આદિજાતિની માગણીઓ લઇને આવેલ છે અને એ માગણીમાં ખાસ કરીને લઘુમતી વિદ્યાર્થીઓને એસ.એસ.સી. પછી ભારત સરકારની શિષ્યવૃતિ આપવાનો પણ એક મુદ્દો છે. ગર્વમેન્ટ ઓફ ઇન્ડિયાની પોસ્ટ મેટ્રિક સ્કોલરશીપ ટુ માઇનોરિટી સ્ટુડન્ટસ યોજના છે એમાં ૧૦૦૦થી લઇને ૧૫૦૦ સુધીની સહાય ચૂકવવામાં આવે છે. જયારે બીજી બાજુ કેન્દ્ર અને રાજયની જે સ્કીમો છે એને કલબ કરીને મૌલાના આઝાદ મેમોરિયલમાંથી એક તેજસ્વી વિદ્યાર્થીને ૬ હજારથી લઇને ૧૧ હજાર સુધી પૈસા આપવાનું પ્રોવિજન છે. એમાં રાજય સરકારે પોતાનો હિસ્સો આપવો જોઇએ તે હિસ્સો નહીં આપતા એનો લાભ મળવો જોઇએ એ ગુજરાતના લઘુમતી વિદ્યાર્થીઓને મળી શકતો નથી. વિધાનસભામાં પ્રશ્નોત્તરી દરિમયાન પણ આ પ્રશ્ન ઉપાડવાનો પ્રયત્ન કરવામાં આવ્યો પણ એમાં જયુડિશિયલ મેટર હોવાથી પ્રશ્નમાંથી રદ કરવામાં આવ્યો. ખરેખર જયુડિશિયલે એના ઉપર રીવ્યુ માગેલ છેએ તમે કેમ નથી આપતા? રાજય સરકાર કેમ ફાળો નથી આપતી અને શા માટે વિલંબિત કરો છો.

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા :** એમાં સ્પષ્ટતા થઇ ચૂકી છે. આ મુદ્દો હજી પેન્ડીંગ છે એટલે આ ચર્ચા

ન કરીએ તો વધારે સારું.

**શ્રી ઇકબાલ પટેલ :** માનનીય અધ્યક્ષશ્રી, બીજી માગણીઓ પૈકીની શ્રમ અને રોજગારની માગણી લઇને આવ્યા છે. શ્રમ અને રોજગારમાં સામાન્ય રીતે એમ્પ્લોયમેન્ટ સર્વિસ એન્ડ એક્સટેન્શન સ્કીમનો મુદ્દો છે. આજે આપણા એમ્પ્લોયમેન્ટ એક્સચેન્જો દરેક જિલ્લામાં કામ કરી રહેલા છે. ત્યાં સ્ટાફ નથી, ઇન્ફ્રાસ્ટ્રકચર નથી, કચેરીઓનું બાંધકામ નથી. અત્યારે જે લોકો ખાનગી ક્ષેત્રમાં નોકરી મેળવે છે તેવા અનેક હજારો યુવકો, ૧૦ લાખ જેટલા યુવકો નોંધણી થયેલા છે અને બેરોજગાર છે અને નોંધણી થયા વિનાના પણ ઘણા છે. ખાનગી ક્ષેત્રમાં સેવાઓ માગે છે ત્યારે ક્વોલિફાઇડ લોકો છે એની નોંધણી કરાવવી જોઇએ. જેથી કરીને જે કંપની ખાનગી ક્ષેત્રમાં આવી રહી છે એમને એમ્પ્લોયમેન્ટ એક્સચેન્જ મારફત યુવકોને મેળવી શકે. તજજ્ઞ યુવકોને મેળવી શકે. એ સિવાય પણ અત્યારે ઔદ્યોગિક તાલીમ કેન્દ્રની વાત થઇ. મારા વિસ્તારમાં સૌથી વધારે ઉદ્યોગો છે છતાં આ એમ્પ્લોયમેન્ટ ટ્રેનીંગ સેન્ટરોની પરિસ્થિતિ બહુ સારી નથી. આપણે પૈસા ફાળવતા હોય અને તાલીમ આપવાનો પ્રયત્ન કરતા હોય તો વર્ષમાં એકાદ એવી ટ્રેનીંગ આપી દઇએ એ પૂરતું નથી. એના માટેના ઉદ્યોગને જરૂરિયાત હોય તે મુજબની ટ્રેનીંગ સેન્ટરની વ્યવસ્થા આપણે કરવી જોઇએ.એ તજજ્ઞ યુવાનોને તૈયાર કરવાનું કામ આપણી સરકારનું કામ છે ત્યારે કેન્દ્રની વાત કરીએ છીએ કે કેન્દ્ર આ રોજગારી નથી આપતું અને પેલી નથી આપતું, રાજ્ય સરકાર ઉદ્યોગ લઇ આવે છે, આપણે સ્પોન્સર કરીએ છીએ. આપણે એને સુવિધા આપીએ છીએ. આપણે ૮૫ ટકા લેખેનો સરક્યુલર કરેલો છે. છતાં એ ઉદ્યોગો અમલીકરણ ના કરે તો આપણે એમ્પલોયમેન્ટ સર્વિસ સેન્ટર મારફત .ડાયરેકટોરેટ ઓફ એમ્પલોયમેન્ટ એન્ડ ટ્રેનિંગ મારફતે આ કાર્યવાહી કરાવવી જોઇએ.

શ્રમ અને રોજગારમાં બિનસંગઠીત ક્ષેત્રના લેબર્સ છે તેના ઉપર ખેડૂતો અને ખેતમજૂરો અંડરસ્ટેન્ડિંગથી ભલે ચલાવે પણ એના જે ઇન્સ્યુરન્સની સ્કીમ છે, આરોગ્યની સ્કીમ છે અને જે બીજી બધી એના બાળકોના એજ્યુકેશનની સ્કીમ છે એમાં આપણે વિશષ કાળજી રાખવાની જરૂર છે. પૈસાની ફાળવણી પછી પણ એ યોજનાઓ આગળ વધતી હોય એવું આપણને ગ્રામીણક્ષેત્રની લેન્ડલેસ લેબર્સમાં દેખાતું નથી. એજ પ્રમાણે માનનીય આરોગ્ય મંત્રીશ્રી માગણીઓ લઇને આવેલા છે. આરોગ્ય મંત્રીશ્રીએ જે માગણીઓમાં ઉલ્લેખ કરેલો છે. એ મુખ્યત્વે પ્રાથિમક આરોગ્ય કેન્દ્રો અને પેટાકેન્દ્રોના કર્મચારી વર્ગ વધારાનો એક મુદ્દો છે અને એના અંદર સામુહિક આરોગ્ય કેન્દ્ર આવી જાય છે અને તે સિવાય તબીબી રાહત ગ્રામીણ ક્ષેત્રમાં આર્યુવેદ દવાખાના પણ આવી જાય છે ત્યારે રૂરલ હેલ્થ ટ્રેનિંગ સેન્ટરો, બીજા રોગ પ્રતિકારક કાર્યક્રમો પણ આવી જાય છે. મારે દુ:ખ સાથે કહેવું પડશે કે રાજ્યમાં જે પરિસ્થિતિ છે એ પરિસ્થિતિના કેગે ર્નિદેશ કરેલો છે એનું પાલન કરવામાં આવતું નથી અને ટેન્ડર વગર જે પ્રક્રિયા કરવામાં આવે છે એ પણ આપણે અટકાવવાની જરૂર છે અમરેલીમાં જે નર્સિંગ ટ્રેનિંગ કોલેજની બાબતે આપણને માર્ગદર્શન ઇન્ડિયન મેડિકલ કાઉન્સિલે આપેલું છે. મકાન ભલે તૈયાર હોય પણ એમાં સાધનો નથી અને એના કારણે આટલું ૩૦૦ કરોડનો જે પ્રોજેકટ છે તે બાબતે કેગના અહેવાલમાં સ્પષ્ટ રીતે આપણને કહ્યું છે કે ઇન્ડિયન નર્સિંગ કાઉન્સિલના ધારા–ધોરણો જળવાયાં નથી.

**શ્રી રમણલાલ ના. પાટકર (ઉમરગામ) :** માનનીય અધ્યક્ષશ્રી, આજના કામકાજની પૂરક માગણીની ચર્ચામાં માનનીય મંત્રીશ્રી નાણા ૩૯, ૫૭, ૭૦, ૮૭ અને ૯૨ લઇને આવ્યા છે તેને અનુમોદન આપવા માટે અને ખાસ કરીને આ તમામ માગણીઓ ઉપર ૨૦૫ કરોડ ૨૫ લાખ અને ૨૨ હજાર પૂરક માગણી મૂકી છે એને અનુમોદન આપવા માટે હું ઉપસ્થિત થયો છું. હું માગણી નંબર ૫૭ શ્રમ અને રોજગાર ઉપર મારા વિચારો રજૂ કરું છું. આ માગણીની અંદર કુલ ૧૯ કરોડ ૩૦ લાખ ૬૬ હજારની માગણી મૂકી છે એનું વિવરણપત્રક પાના નંબર ૧૦૫ અને ૧૦૭ ઉપર હું જોઇ ગયેલો છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતની અંદર સ્વાભાવિક રીતે શ્રમ અને રોજગાર વિભાગ અને જે ગુજરાતની આર્થિક ઉન્નતિ થઇ છે એમાં આ વિભાગ દ્વારા ખૂબ મહત્વનો ભાગ ભજવાતો હોય છે ત્યારે આ માગણીની બાબતની અંદર મૂળ માગણી જે હતી એ ૩ કરોડ ૪૭ લાખ ૭૦૬૧ની હતી. સ્વાભાવિક રીતે આ વિભાગ મોટો છે અને એમાં બિનકુશળ કારીગરને તાલીમ આપવાની જોગવાઇ હોઇ શકે. જે તાલીમ શિક્ષકો

આપે છે એના પગારની જોગવાઇ હોઇ શકે, ઔદ્યોગિક તાલીમને સઘન બનાવવા માટે જે ખર્ચા કરવા પડે છે અને નિવૃત્ત થતા કર્મચારીઓને પેન્શન અને એના પગાર ભથ્થા આપવાની પણ જોગવાઇ હોઇ શકે છે અને આ માટે ટોટલ જે માગણીની અંદર વધારે પૈસાની જરૂરિયાત પડતા આ ૧૯ કરોડ ૩૦ લાખની જોગવાઇ મેં વાંચી છે અને એટલા માટે આ માગણીને હું સમર્થન ચોક્કસ આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, શ્રમ અને રોજગાર આપણા દેશની અંદર ગુજરાત એક નોંધપાત્ર ગ્રોથ એન્જીન તરીકે ઉપસી આવ્યું છે એટલા માટે કે આજે સમગ્ર આપણા દેશના બીજા રાજ્યો ઉપર નજર કરીએ તો ગુજરાતની અંદર છેલ્લા ૩ વાયબ્રન્ટ ગુજરાત સમિટ થયા. એમાં ખૂબ મોટા પ્રમાણમાં એન.આર.આઇ. દ્વારા અહીંયા રોકાણો માટે એમ.ઓ.યુ. થયા છે. ત્યારે ઉદ્યોગોને સારી રીતે ચલાવવા માટે કારીગરો જોઇએ, એને તાલીમ આપવાની પણ જરૂરિયાત પડે છે અને એ આજે કરી રહ્યા છે. મને કહેતાં આનંદ થાય છે કે , અમારા ઉંમરગામથી અંબાજી સુધીની જે આદિવાસી પટ્ટીનો વિસ્તાર છે, જયાં કેટલાક વિસ્તારોની અંદર ઉદ્યોગો નથી પરંતુ એ વિસ્તારના જે ગ્રામ્ય કારીગરો છે, જયાં ભણતરનું સ્તર ઉંચું આવ્યું છે એવા કારીગરોને સારી રીતે તાલીમ આપી શકાય એટલા માટે ગુજરાત સરકાર દ્વારા ૭૫૬ જેટલી આઇ.ટી.આઇ. સંસ્થાઓ મંજૂર કરેલી છે. એમાં જો જોઇશું તો એ આઇ.ટી.આઇ. સંસ્થાઓમાં ( સમય સૂચક ઘંટડી) ગ્રામ્ય કક્ષાની સરકારી જે છે એ ૨૫૩ છે, ૧૩૦ જેટલી ગ્રાન્ટ ઇન એઇડ છે અને ૩૭૩ સ્વનિર્ભર છે એટલે કુલ ૭૫૬ જે સંસ્થાઓ તાલીમ આપતી છે. એમાં ૧,૩૧,૫૧૬ જેટલા બેરોજગારોને તાલીમ આપી અને એમનું કૌશલ્ય વધારવામાં આવે છે. મારી જે ૫૭ નંબરની માગણી છે એને અનુમોદન આપી હું વિરમું છું.

શ્રી સભાપતિશ્રી : માનનીય સભ્યશ્રી વલ્લભભાઇ કાકડિયા.

**શ્રી વલ્લભભાઇ ગો. કાકડીયા(રખિયાલ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણા મંત્રીશ્રી માગણી નંબર ૩૯ તબીબી સેવાઓ અને જાહેર આરોગ્ય લઇને આવ્યા છે એને હું આવકારું છું અને સમર્થન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, તબીબી સેવા અને જાહેર આરોગ્ય બે બાબતો સાથે સંકળાયેલ છે. એક તબીબી સેવા અને પૌષ્ટિક આહાર. માનનીય અધ્યક્ષશ્રી, માનવ જીવન સાથે સંકળાયેલ આ આરોગ્ય વિભાગ અને એમાં પણ જયારે ગુજરાત મેડીકલ ક્ષેત્રે હબ બનવા જઇ રહ્યું છે ત્યારે સરકારી સેવાઓ ગુજરાતમાં શું મળી રહેલ છે અને એમાં સિવિલ હોસ્પિટલનો શું ફાળો છે એ અંગેની હું મારી વાત કહીશ.

માનનીય અધ્યક્ષશ્રી, દસ વર્ષ પહેલાંની સિવિલ હોસ્પિટલ અને આજની સિવિલ હોસ્પિટલ., આજની સિવિલ હોસ્પિટલ કહીએ તો એક માનવ આરોગ્ય મંદિર તરીકે ઓળખાય એવી કામગીરી માનનીય મુખ્યમંત્રી અને માનનીય આરોગ્ય મંત્રીની પ્રેરણાથી થયેલ છે. આ સિવિલ હોસ્પિટલની અંદર એકહજાર કરોડના ખર્ચે નવીનીકરણ થઇ રહેલ છે અને એમાં નવીનીકરણની અંદર આધુનિક યુ.એન.મહેતા. હોસ્પિટલમાં જે કાર્ડીયાક વિભાગ ચાલે છે એ કાર્ડીયાક વિભાગ ની અંદર ૪૦૦ પથારીઓ છે અને એમાં આ કાર્ડીયાક વિભાગની અંદર જે લેટેસ્ટ સારવાર છે એ કદાચ કોઇ સરકારી હોસ્પિટલોમાં હોય તો હિન્દુસ્તાનમાં કયાંય નથી અને ગુજરાતની અંદર જ છે. આ કાર્ડિયાક વિભાગ છે (અંતરાય) કોંગ્રેસવાળાએ જો બનાવી હોત તો (અંતરાય)

શ્રી સભાપતિશ્રી : ચાલો, વાતમાં આપનો સમય પૂરો થાય છે, આપનું પ્રવચન ચાલુ રાખો.

શ્રી વલ્લભભાઇ ગો. કાકડીયા : માનનીય અધ્યક્ષશ્રી, આ કાર્ડિયાક વિભાગમાં ચાર કેથલેબ છે અને એમાં એક કેથલેબ એવી છે કે, એ એશિયામાં બીજી જ છે. એક છે મલેશિયામાં...

શ્રી સભાપતિશ્રી : વિરામનો સમય થયો છે. સભાગૃહ વિરામબાદ બપોરના ૩.૧૫ કલાકે ફરી મળશે. સભ્યશ્રી વલ્લભભાઇનું પ્રવચન ચાલું રહેશે.

**વિરામ બપોરના ૨.૩૦ થી ૩.૧૫**

**અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

અધ્યક્ષશ્રી : ઓર્ડર.....ઓર્ડર

શ્રી વલ્લભભાઇ ગો. કાકડીયા : માનનીય અધ્યક્ષશ્રી, હું વાત કરતો હતો ગુજરાત રાજયની સિવિલ હોસ્પિટલની. સિવિલ હોસ્પિટલમાં કાર્ડીયાક વિભાગની અંદર જે સારવાર આપવામાં આવે છે. જે કેથલેબ હાઇબ્રીડ છે એ એશિયાભરમાં બે છે. એક મલેશિયામાં અને બીજી સિવિલ હોસ્પિટલમાં. એમાં શાળા આરોગ્ય કાર્યક્રમમાં ગામડાંમાંથી જે બાળકોને સારવાર માટે લાવવામાં આવે છે એ બાળકોની જો લેટેસ્ટ સારવાર થતી હોય તો આ સિવિલ હોસ્પિટલમાં. મારે કહેવું છે કે પહેલા બાળકોને હૃદયમાં દિવાલમાં કાણું હોય તો હૃદય બંધ કરીને ઓપરેશન કરવું પડતું હતું. આજે આવા લેટેસ્ટ મશીનને હિસાબે અત્યારે બાળકોને હૃદય બંધ કર્યા વગર એવી એક છત્રી ૬૫૦૦૦ થી એક લાખ સુધીની આવે છે એ મુકવામાં આવે છે અને પાંચ મિનિટમાં કાણું બંધ થઇ જાય છે. બીજા દિવસે બાળક હરતો ફરતો અને ખાતોપીતો થઇ જાય છે. બીજું જે હમણાં બે દિવસ પહેલા આપણા આરોગ્ય મંત્રીશ્રીએ ઉદ્‌ઘાટન કર્યુ. સિવિલમાં લેટેસ્ટ બે મશીનો લાવ્યા છે. ૧૭ કરોડના ખર્ચે એમાં એક એમ.આર.આઇ. છે અને એક સીટીસ્કેન છે. એની એક ખાસિયત એ છે કે હૃદયની કે ઘુંટણની કે આખા શરીરની કોઇપણ સારવાર કરવી હોય તો એને કોઇપણ જાતના ઓપરેશન વગર ખાલી હાથ ઉપર દવા મુકે એટલે આખા શરીરમાં જે તપાસ કરવી હોય એ થઇ શકે. આ તપાસ માટે બહાર આઠથી દસ હજાર રૂપિયાનો ખર્ચ થાય છે. એ આપણી સરકારી સિવિલ હોસ્પિટલમાં ફ્રી કરવામાં આવે છે. શાળા આરોગ્ય કાર્યક્રમની અંદર કોઇપણ બાળક હોય....

અધ્યક્ષશ્રી : આપનો સમય પૂરો થાય છે.

શ્રી વલ્લભભાઇ ગો. કાકડીયા : હું માનનીય નાણામંત્રીશ્રીને ટેકો આપીને મારી વાત પૂરી કરું છું.

**ડૉ. અનિલ જોષીયારા(ભિલોડા) :** માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી એમની પૂરક માગણીઓ આરોગ્ય અને તબીબી સેવાની અને જુદાજુદા વિભાગની માંગણીઓ લઇને આવ્યા છે એમાં મારા વિચારો રજૂ કરવા માટે ઉભો થયો છું.

આરોગ્યની સેવાઓ એ છેવાડાના માનવીને વ્યવસ્થિત મળે એ ખૂબ જરૂરી છે. ગામડાંમાં જે પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અને સબ સેન્ટર હોય છે એમાં સબસેન્ટરમાં મોટાભાગના કર્મચારીઓ જતા હોતા નથી. ત્યાંના દવાખાનાઓ છે એમાં બારી બારણા હોતા નથી. અગાઉ પણ મેં ચર્ચા કરી હતી અને ત્યાં જે ચેકીંગ થવું જોઇએ એ થતું નથી. એક સમય હતો કે રાજયના જે અધિકારીઓ હેલ્થ વિભાગના હોય એ જિલ્લા કક્ષાએ, તાલુકા કક્ષાએ જાય અને તબીબી અધિકારીઓ સાથે ચર્ચા કરતા કે તમારે શું જરૂરિયાત છે પણ આ સરકારમાં કોઇ અધિકારી તાલુકા કક્ષાની કોઇ હોસ્પિટલમાં ચર્ચા કરવા જતા નથી. એમની શું જરૂરિયાત છે, દર્દીઓને શું હાલાકી પડે છે, સ્ટાફનો કોઇ વધારો કરવાની જરૂરિયાત છે કે કેમ એ કોઇ જોતું નથી અને અહીંયા બેઠા બેઠા જે નિર્ણય કરવામાં આવે છે એના લીધે ગામડાંનો માણસ હેરાન થઇ જાય છે. દર્દી બિમાર પડે ત્યારે પહેલા એને બી.પી.એલ. કાર્ડ શોધવું પડે છે. આજે પરિસ્થિતિ એ છે કે બી.પી.એલ. કાર્ડ ન હોય તો બી.પી.એલ. ભલે હોય એને સારવાર મળી શકતી નથી આ પરિસ્થિતિ છે અને એને જો કોઇ ભારે રોગ થઇ ગયો હોય, કેન્સર કે એ રોગ થાય તો પણ બી.પી.એલ. કાર્ડ ન હોય તો આરોગ્ય મંત્રીશ્રીએ બે દિવસ પહેલા વાત કરતા હતા કે તમે અમને જાણ કરો.પણ સાહેબ મારો અનુભવ છે કે તમે ગમે તેટલા કાગળો લખો, પરંતુ જયાં સુધી બી.પી.એલ. કાર્ડ ન હોય, તમે ભલે ગરીબ હોય, પણ આ સરકાર એમને એમ છોડતી નથી. બીચારો માણસ કિડની, કેન્સરની બીમારીમાં નીચોવાય જાય છે. ઘણા દર્દીઓ પૈસા ન હોવાના કારણે મરણને શરણ થયા છે. આવી પરિસ્થિતિ થઇ છે. એનાથી આગળ વધીએ તો જે પૂરક માગણી લઇને નાણા મંત્રીશ્રી આવ્યા છે. પગાર વધારો બરાબર છે, છઠ્ઠા પગાર પંચના કારણે બરાબર છે. જે ટીકુ કમિશનનો અમલ થવો જોઇએ તે થતો નથી. એના લીધે અમારા ડોક્ટર એને પગાર ન મળવાના કારણે સરકારી હોસ્પિટલોમાં રહેતા નથી અને પ્રાઇવેટમાં ચાલ્યા જાય છે. ભલે એક હજારની સીટો વધારી દીધી પણ મેડીકલમાં છોકરાઓ દાખલ થાય છે, ત્યારે એને ભણાવવા માટે કોણ હોય છે? દર વર્ષે મેડીકલ કાઉન્સિલનું ઇન્સ્પેકશન થાય છે. ડોકટરો ન હોવાના કારણે મુશ્કેલી પડતી હોય છે. એનાથી વિશેષ કહું તો આરોગ્ય

વિભાગના કર્મચારીઓ છે. આમ તો પ્રવાસનો ખર્ચ એમાં હવે આવી જાય છે. પ્રવાસન એની અંદર ટી.એ.ડી.એ. શાના લીધે વધ્યું છે? કર્મચારીઓને એમના વિભાગનું કામ છોડીને મુખ્યમંત્રીશ્રીના પ્રોગ્રામમાં જવું પડતું હોય છે. એના લીધે ટી.એ.ડી.એ. વધુ થતું હોય છે. એના લીધે આ પ્રવાસનનો ખર્ચ વધી જાય છે. આરોગ્ય મંત્રીશ્રીને એમનું અત્યારે કાર્યભારણ વધારે છે. મુશ્કેલી હશે, પણ આ ચૂંટણીનું વર્ષ છે. કદાચ સિદ્ધપુર યાદ આવ્યું. પરિસ્થિતિ એ પેદા થઇ. લોકોએ માગણી કરી. ઘણાં વર્ષોથી છો. હોસ્પિટલ બનાવે, સી.એચ.સી. એમને ત્યાં, કેન્સર હોસ્પિટલ, નર્સિંગ સ્કૂલ બધું જ આ વધારાની માગણી સાથે લાવ્યા હોત તો વાંધો નથી, પણ એમની રેગ્યુલર માગણીમાં લાવ્યા હોત તો, પણ સારું થાત. આ વધારાની પૂરક માગણીઓમાં કેન્સર હોસ્પિટલના બાંધકામ માટેની સાધનસામગ્રી, નર્સિંગ શૈક્ષણિક સંકુલનું બાંધકામ માટે ૨૪ કરોડ ૮૭ લાખ ૯૬ હજાર એમાની બધી જ માગણીઓ સિદ્ધપુરની છે. ગુજરાતમાં બીજા વિભાગો ઘણા છે. ત્યાં લોકો વસે છે, ત્યાં લોકો બીમાર પડે છે. એટલે મંત્રીશ્રીને વિનંતી છે કે બીજા વિસ્તારોનો પણ ખ્યાલ રાખે. આદિવાસી વિસ્તારમાં ઘણી મુશ્કેલી પડે છે. ભિલોડામાં હોસ્પિટલ છે. આમાં ડોકટરોનો અભાવ છે. આમ તો કહેવાય છે કે તાલુકા વિસ્તારની હોસ્પિટલો ૧૦૦ પથારીની કરવી અને સ્ટાફનું સેટઅપ ઉભું કરવું. ઘણા સમયથી આ કામ કરવામાં આવતું નથી. પરિસ્થિતિ એ પેદા થાય છે કે ડોકટર ન હોવાના કારણે દર્દીઓને ખૂબ હાલાકી ભોગવવી પડતી હોય છે. એનાથી વિશેષ ગાંધીનગરની વાત કરું તો ગાંધીનગરમાં આટલી બધી અહીયા હોસ્પિટલો અને એમાં દર્દીઓની લાઇન લાગી હોય છે,પણ મંત્રીશ્રીનો કે વી.આઇ.પી. લોકોનો ફોન આવે અને ડોકટરને દોડવું પડે. દર્દી લાઇનમાં કણસતો હોય છે. આ દર્દીઓ હેરાન થાય અને વી.આઇ.પી.નો ફોન આવે, પણ પેલો મરણ પથારીએ હોય છે, એની ચિંતા કરવી જોઇએ. જે કઇ વી.આઇ.પી. હોય માપદંડ હોય એ મુજબ જરૂર સારવાર લે, વાંધો નથી, પરંતુ જે હોસ્પિટલો આવી ગાંધીનગરની છે, તેમાં તો કમસે કમ તો પુરતો સ્ટાફ હોય એવું કરો. દર્દીઓને હેરાન થવું પડે એ બરાબર લાગતું નથી.

માર્ગ મકાન ઉપર વાત કરવાની છે. શહેરી વિસ્તાર, જિલ્લાના રસ્તા, તાલુકાના રસ્તા અને મુખ્યમંત્રીશ્રી જાહેરાત કરે છે કે બારમાસી રસ્તાની વાત કરે છે. રસ્તામાં ખાડા પડે છે, એની મરામત થતી નથી. ટ્રાયબલ વિસ્તારમાં મરામત થવી જોઇએ. આદિવાસી વિસ્તારની બાબત આવે છે તો માટી પુરવામાં આવે છે, પણ માટી પુરવા માટેની કોઇ જોગવાઇ નથી, છતા આ લોકો માટી પૂરે અને થોડા સમય રજુઆત કરે. ખાડો પુરાય, પણ અઠવાડિયામાં હતી એની એ જ પરિસ્થિતિ. મુખ્યમંત્રી આટલી જાહેરાત કરવા છતા કોઇ આવા કામો થઇ શકતા નથી. રસ્તા થતા નથી એના લીધે આદિવાસી વિસ્તારના લોકોને ખૂબ હેરાન થવું પડે છે. આ બાબતે વિરોધ કરીને હું મારી વાત પૂરી કરું છું.

**શ્રી મફતલાલ મો. પુરોહિત(ધાનેરા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણા મંત્રી આદરણીય વજુભાઇ જે માગણીઓ ૭૪.૨૭ કરોડની લઇને આવ્યા છે તેમાં મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતના ૧૮ હજાર કરતાં વધુ ગામો છે અને તે ગામોની અંદર રહેતા ગ્રામજનો અને એમને સુખ સુવિધા મળી શકે તેના માટેનો વિચાર આ સરકારે કર્યો છે. મહાત્મા ગાંધીનું એક સપનું હતું કે સુરાજયના સારા ફળ ગામડાંઓ સુધી પહોંચે, સુરાજયના ફળ ગામડાના માનવી સુધી પહોંચે ત્યારે જ હું માનીશ કે આપણે આઝાદ થયા છીએ. કોને માર્યા હતા તે અમને ખબર છે. આ જે ગામડાંઓ છે તેની સુખ સુવિધા અને ગામડાની અંદર રહેતા માણસને શિક્ષણ, તેનું આરોગ્ય, તેને શુદ્ધ પીવાનું પાણી મળે અને તેના માટે જે કંઇ જોગવાઇઓ કરવાની છે તે આ સરકારે કરી છે. ગામડાના માણસો માટે આ સરકારે જે આયોજન કર્યા છે તેના સુફળ આજે આપણને દેખાઇ રહ્યા છે. આ રાજયની અંદર ૧૩૯૩૪ ગ્રામ પંચાયતો સક્રિય છે. તે ગ્રામ પંચાયતો પોતે પોતાની રીતે વહીવટ કરી શકે, રાજ્ય સરકારની યોજનાઓનું અમલીકરણ ખૂબ સારી રીતે કરી શકે તેના માટે થઇને તેમની જે કંઇ જરૂરિયાતો છે તે જરૂરિયાતો આ રાજ્ય સરકાર પૂરી પાડે છે. વહીવટમાં સરળતા રહે તે માટે ફાઉન્ડેશન કોર્સ, બેઝીક ફંકશન કોર્સ, સેક્રેટરીયલ તાલીમ, જેવા તાલીમના કાર્યક્રમોનું આયોજન ગ્રામ પંચાયત વિભાગ દ્વારા કરવામાં આવે છે. તેની પાછળ માતબર રકમનો

ખર્ચ થાય છે. પદાધિકારીઓ, તાલુકા વિકાસ અધિકારી, જિલ્લા વિકાસ અધિકારી અને ગ્રામ વિકાસ અધિકારી તરીકે તેમની જે જવાબદારીઓ છે તેના માટે રાજય સરકારે ગામડાંની અંદર જઇ ગ્રામસભા દ્વારા ગામના લોકોની જરૂરિયાત જાણીને તેમના માટે શું કરવું યોગ્ય છે તેમના માટે તેમની પાસેથી સજેશનો લઇને ગામના વિકાસ માટે જે કામ કરે છે તે કામ ખરેખર આંખે ઉડીને વળગે તેવું છે. ગુજરાતના ગામડાં આજે બદલાઇ રહ્યા છે. ગુજરાતના ગામડાં જોઇને બીજા પ્રાંતમાંથી લોકોને ઈર્ષા થાય તેવી રીતે ગુજરાત પ્રગતિ કરી રહ્યું છે ત્યારે આ વધારાની માગણીઓને હું સમર્થન આપું છું. આ મિત્રોને કહું છુ કે જાના હૈ, રહના નહીં, મરના વસવા વીસ ચાર દિનકી જિંદગી બોજ ન બઢાઓ ભાઇ.

**શ્રી ઋષિકેશ ગ. પટેલ(વિસનગર) :** માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણાં મંત્રીશ્રી જે માગણી ક્રમાંક ૮૭ લઇને, રાજય પાટનગર બાંધકામ યોજના માટે ૮.૪૭ કરોડની જે માગણી લઇને આવ્યા છે તેના સમર્થનમાં મારા વિચારો વ્યકત કરવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગાંધીનગર શહેર ગુજરાત રાજયનું પાટનગર એટલે સમગ્ર દેશ અને રાજ્યની દ્રષ્ટિ તેના ઉપર હોય છે. કોઇપણ શહેરની અંદર ત્રણ બાબતો મહત્વની છે. પાણી, રસ્તા અને ગંદા પાણીનો નિકાલ. ગાંધીનગર શહેરની અંદર પહેલાં જે રસ્તા હતા તે લગભગ ફોરલેન અને સીકસ લેનમાં તબદિલ કરવામાં આવ્યા છે. સાથે સાથે આ રસ્તાઓની બંને બાજુ સુંદર મજાની ફૂટપાથો બનાવી છે. ફોરલેન અને સીકસ લેન રસ્તા હોય એટલે સ્વાભાવિકપણે તેની ઉપર ખૂબ સ્પીડથી વાહન વ્યવહાર ચાલે એટલે બાજુમાં જવા માટે આ રસ્તાઓની બંને બાજુ સુંદર મજાની ફૂટપાથો છે અને અને માનનીય અધ્યક્ષશ્રી, એ પણ તમે જો સવારે ગાંધીનગરનું દ્રશ્ય જુઓ, સાંજે ગાંધીનગરનું દ્રશ્ય જુઓ તો સિનિયર સિટીજન્સ, આબાલ, વૃધ્ધો, બાળકો, યુવાનો એના ઉપર તમને વોકિંગ કરતા જોવા મળે, બીજી સુંદર મજાની ફૂટપાથોનું આયોજન રાજય સરકારે કરેલું છે. લગભગ ૫૧ કિલોમીટર ફૂટપાથનું કામ પૂર્ણ કરવામાં આવેલ છે જયારે ૨૦ કિલોમીટરનું કામ હાલમાં પ્રગતિમાં છે.માનનીય અધ્યક્ષશ્રી, રસ્તાઓ અને ફૂટપાથ સુંદર થયા પણ પાણીની સમસ્યા મોટા ભાગે ગાંધીનગરમાં જે કર્મચારીઓ અને બીજી જે પ્રજા વસે છે એ લગભગ ઘડિયાળના સમય પ્રમાણે ચાલવવાવાળી પ્રજા છે સવારે સાડા દશે ઓફિસે જવાનું અને એમાં પણ કર્મચારી હોય અને એના ઘરેથી એના ધર્મપત્નિ હોય એ પણ ક્યાંક નોકરી કરતાં હોય, ક્યાંક કામ ધંધો કરતાં હોય કારણકે હવે ગાંધીનગરની અંદર કેવળ કર્મચારીઓ નહીં પણ જીઆઇડીસી અને બીજા ધંધાઓએ પણ અહીયાં પ્રગતિ કરેલ છે અને વિકાસ પામેલ છે એના કારણે બંન્ને પતિ–પત્નિ જયારે કામ ઉપર જતા હોય માટે એને સમયસર એને વહેલા સવારે પાણી મળે, પાણી તો પહેલાં પણ પૂરૂં પહોંચાડતા હતા પરંતુ પાણી પુરવઠા યોજના સુધારણા કરી અને ઉચ્ચસ્તરીય બનાવવાનું કામ હાલમાં ચાલું છે. હાલમાં ૨૨.૭૧ કરોડ રૂપિયાના ખર્ચે પાણી પુરવઠાનું આધુનિકરણનું કામ પ્રગતિમાં છે જેમાં ૩૦ લાખ લિટરની ઓવરહેડ પાણીની ટાંકી, ૭૫ લાખ લિટરનો સંપ અને સાડાચાર કિલોમીટરની મેઇન પાઇપલાઇનનું કામ પ્રગતિમાં છે જે ટૂંક સમયમાં પૂર્ણ કરવાનું આયોજન હાથ ધરેલ છે. આનાથી હાલ જે પાણીનો પુરવઠો અપાય છે એ યોગ્ય સમયે અને પૂરતા પ્રેશરથી દરેકના ઘર સુધી પહોંચે એવું આયોજન રાજય સરકારે કરેલું છે. ગટર યોજનામાં ગાંધીનગર શહેરના જુદા જુદા વિસ્તારોમાં ડ્રેનેજની સુવિધા પૂરી પાડવાનું કામ હાથ ધરેલ છે. ગાંધીનગર શહેરમાં હાલ ૭૬ એમએલટી ક્ષમતાના ગંદા પાણીની શુધ્ધિકરણની યોજના છે સાથેસાથે આજુબાજુના જે સાત ગામો છે ત્યાં પણ રૂપિયા ૧૨.૯૩ કરોડ રૂપિયાના ખર્ચે ગંદા પાણીના નિકાલ માટે પાઇપલાઇનનું કામ પ્રગતિમાં છે અને જેના શુધ્ધિકરણ માટે ૨ એમ.એલ.ટી. ના આધુનિક ટેકનોલોજી આધારિત શુધ્ધિકરણ પ્લાન્ટનું કામ તાજેતરમાં હાથ ધરવામાં આવેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, સિંચાઇની સુવિધા પણ આનાથી પૂરી થનાર છે. ગંદુ પાણી ફિલ્ટર થાય અને શુદધ થાય અને એ પણ ફરીથી એને ખેતીના ઉપયોગમાં લઇ શકાય એ રીતની આ યોજના છે. અનેક કામો પૂર્ણ થયાં છે અને અનેક કામ નવાં હાથ ધરાયેલ છે. હાલમાં આદરણીય મંત્રીશ્રી જે પૂરક માગણીઓ લઇને આવ્યા છે તેને મારું સમર્થન કરું છું અને મારા વિચારો વ્યકત કરીને બેસું છું.

**શ્રી રાઘવજીભાઇ હં. પટેલ(જોડીયા) :** માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણાં મંત્રીશ્રી જે પૂરક માગણીઓ લઇને આવ્યા છે. એનો વિરોધ કરવા માટે હું ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, સન્માનનીય નીમાબેન વાત કરતા હતા કે અત્યારે હોસ્પિટલોમાં ખૂબ સારી સુવિધાઓ દર્દીઓને મળે છે કે જેના કારણે માનનીય મંત્રીશ્રીને જેટલા અભિનંદન આપીએ એટલા ઓછા, ત્યારે મારે માનનીય નીમાબેનને કહેવું છે કે, બેન તમે જામનગરની જી.જી. હોસ્પિટલમાં આવો તો તમને ખબર પડે. માનનીય વલ્લભભાઇ પણ સિવિલ હોસ્પિટલ, અમદાવાદની કામગીરીનાં વખાણ કરતા હતા. સાહેબ, અમારી જી.જી. હોસ્પિટલ, જામનગરમાં એક્સ-રે મશીન ઘણા સમયથી બંધ પડેલી હાલતમાં છે. એમ.આર.આઇ.ની તો કોઇ વ્યવસ્થા પણ નથી. ગુજરાતની બીજા નંબરની સૌથી મોટી જી. જી. હોસ્પિટલ જામનગરની છે અને એમાં પણ આવી પ્રાયમરી સુવિધા ન હોય અને એનાં સાધનો ના હોય, ઓપરેશન માટેનાં કોઇ સાધનો ના હોય અને દર્દીઓ પાસેથી જ જો તમામ સાધનો મંગાવવામાં આવતો હોય તો દર્દીઓને બધી સારવાર કેટલી મોંઘી પડે એનો અંદાજ લગાવવવો મુશ્કેલ પડે અને એનું પરિણામ એ આવ્યું કે, એક વખત એમ કહેવાતું હતું કે સારવાર લેવી હોય તો જી.જી. હોસ્પિટલમાં જાઓ, આખા ગુજરાતના દર્દીઓ જી.જી. હોસ્પિટલમાં સારવાર લેવા માટે આવતા હતા પણ આજે પરિસ્થિતિ એવી છે કે જી.જી. હોસ્પિટલમાં કોઇ જતું નથી. ખાનગી હોસ્પિટલમાં મોંઘીદાટ સારવાર ગરીબ માણસો ઉછીના-ઉધારા કરીને સારવાર લે છે પણ સરકારી હોસ્પિટલમાં કોઇ સારવાર લેવાનું નામ લેતું નથી કારણ કે એક્સ-રેના જરૂરી સાધનો નથી, એમઆરઆઇના મશીનો નથી, ન્યુરોસર્જન ડોકટરો નથી, દવાઓનો સ્ટોક પણ હોતો નથી, અને જયારે બધી વસ્તુઓ બહારથી ખરીદવાની વાત કરવામાં આવે છે. એના પરિણામે દર્દીઓને આ સારવાર એટલી બધી મોંઘી પડે છે કે જેના કારણે લોકો સરકારી દવાખાનામાં સારવાર લેતા અચકાય છે. એવી જ વાત બીજી મારે એ કરવી છે એ પંચાયત વિભાગની જે પૂરક માગણી છે એમાં ગૌચરના દબાણ હટાવવા માટેની વાત કરી છે. મારો દાવો છે કે મારા જિલ્લામાં એક પણ દબાણ ગૌચરનું છેલ્લા કેટલાય વર્ષોની માગણી પછી સરકાર હટાવી શકી નથી. અમારા જોડિયામાં તો ચાર મહિનાથી ગૌચરનું દબાણ હટાવવા માટે પશુપાલકો આંદોલન કરી રહ્યાં છે પણ આજ સુધી જ્યારે એક પણ ગૌચાર ઉપરનું દબાણ આ સરકાર હટાવી શકી ન હોય અને આવી પૂરક માગણીઓ લઇને આવે તો શરમજનક વાત છે. મારી તો સ્પષ્ટ વાત છે કે, દબાણો દૂર કરવા જોઇએ, હજુ ભલે વધારે પૈસા એના માટે ફાળવે એનો વાંધો નથી પણ એક બાજુ સરકાર ગૌચરો ખાનગી કંપનીઓને અને ઉદ્યોગપતિઓને આપી દે છે અને બીજી બાજુ ગૌચરોના દબાણ થઇ ગયા હોય ત્યારે પશુપાલકોની અને માલધારીઓની આ રાજ્યમાં હાલત કેવી છે? (અંતરાય)

શ્રી વજુભાઇ રૂ. વાળા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી ગૌચરની વાત કરતા હતા તો હું સૂચનના સ્વરૂપમાં એ સ્વીકારતો હતો એની વાત પણ મારી પૂરક માગણીમાં નથી. આ ઉદ્યોગપતિની સરકાર છે અને આવું છે એ આમાં મને બતાવે કે કઇ મારી પૂરક માગણીમાં આ વાત છે? (અંતરાય) પૂરક માગણી પૂરતી જ વાત કરે.

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ગૌચરો ઉપર દબાણ થઇ ગયું છે સાહેબ, એની વાત અહીંયા ન કરીએ તો ક્યાં કરવી? દબાણ દૂર કરવા માટેની વાત તો તમે આમાં લઇ આવ્યા છો.

